વાર્ષિક મૂલ્ય (પોસ્ટેજ સહ) રૂ. ૮–૦. Reg. No. B. 5[illegible]5.

શ્રી જૈન શ્વેતામ્ કૉન્ફરન્સ હેરૅલ્ડ.

પુસ્તક ૧૨. [illegible]ન્યુ. [illegible]રી. ૧૯૧૬. અંક ૧.

વિ[illegible] પુષ્પમણિકા.

તીર્થમાળાની વિનતિ–કાવ્ય (તંત્રી ... ૧

શું સાધુ સંઘ ઉપાશ્રયો ગેરહા[illegible]ઇંજ (તંત્રી) ૨

બને ધાર્મિક પરીક્ષાનાં સવાલ પર ૯

ઐક્ય ક્યારે કરીશું ? હમણાંજ ( ) ૨૫

મહમદ પાતશાહનું વર્ણન (પ્રાચી ૨૬

પાટણના જૈન ભંડારો. (તંત્રી. ૨૮

તંત્રી તથા પ્રકાશક,

મોહનલાલ દલીચંદ દેશાઇ.

બી. એ. ઓનરર્સ એલ્. એલ્. બી.

વકીલ હાઇકોર્ટ–પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઇ.

Printed, by–Dahyabhai Shak[illegible]ai Gandhi at his 'Satya Prakash' Printing Press, Ahmedabad. Published by–Lalchand Laxmichand Shah for Jaina Swetambar Conferen[illegible] its office at Pydhuni, Bombay, No. 3.

अभिधानराजे[illegible]

(प्राकृत (मागधी) भाषा [illegible] बृहत्कोश)

प्रथम द्वितीय, और तृतीय भाग छपकर तैयार है !

दीर्घदर्शी विद्वान लोग सर्वदर्शस्थ सदसद्व्य विषयके अन्वेषणमें दत्तचित्त होते हैं इस लिये हो क्या ? उसी जिज्ञासारूप [illegible]ता विरसनदी को आनन्दसुरसनदी बनाने के लिये और आर्यावर्तमें अज्ञात--अदृष्ट--अश्रुत--अर्द्ध मागधी(प्राकृत) भाषाका संस्कृतभाषाके समान प्रचार करने के [illegible]ये, तथा प्राकृत--भाषामय अपरिचित जैनधर्मके गूढ तत्त्वों को सरल रीतिसे प्रचार कर सर्व साधारणोंको उपकार पहुचानेके लिये परम कारुणिक कलिकालसर्वज्ञकल्प, श्री सौधर्मबृहत्तपागच्छीय, भट्टारक श्री श्री १००८ श्रीमद विजयराजेन्द्रसूरीश्वरजी महाराजने अपने जीवन महीरुहके अमर फलकी तरह अंदाजन चार लक्ष श्लोक प्रमाणका प्राकृतभाषा प्रवर्त्तक अपूर्वजन्मा अकारादि वर्णानुक्रमसे उत्तम कोश निर्माण किया है ॥

इस महाकोष सार्वज्ञीय पञ्चाङ्गीक तथा प्रमाणिक पूर्वाचार्योंके निर्मित प्रकीर्णादि ग्रन्थोंके सानुवाद प्राकृत मूल शब्द, तदनन्तर उनके लिङ्ग, धातु, प्रत्यय, समास, व्युत्पत्ति, अर्थ, आदि दिखाकर तत्[illegible]शब्द संबन्धि विशेष व्याख्याओंके पाठ जिन २ सूत्रो, प्रकीर्णो, और ऐतिहासिक ग्रन्थों में है, वे ग्रन्थ अध्ययन, उद्देश वर्ग आदिकों के साथ रक्खे गये हैं जिन को देखकर वाचकवर्ग एक विषयको अनेक शास्त्रों से सप्रमाण सिद्ध करने को अनिवार्य शक्तिमान होगा. इस चमत्कृतिकारक अपूर्वापूर्वशास्त्र संगृहीत उपमातीत शब्द संदर्भ कोषका विवेचन जितना लिखा जाय उतना ही कम है, इसका पूर्ण संक्षिप्त तत्त्व, भली भांतिसे लिखी गई सविस्तृत भुमिका के वांचनेसे ही ज्ञात होगा। कोश निर्माता महानुभावका जीवन परिचय भी बहुत सुन्दरतासे दिखलाया गया है। यह कोष चार भागोंमें पूर्ण होगा.

इस लिये जिन विद्वानों, श्रीमानों, वा राजा महाराजाओं को इस ग्रन्थ के मधुररस को लेने की इच्छा हो, अथवा गम्भीर जैनधर्म के तत्त्वोंको जानने की इच्छा हो, तो शीघ्र ही इसके प्रत्येक भाग को मंगावर अवलोकन करें। मूल्य प्रत्येक भाग का केवळ २५) रुपया रक्खा गया है जो कि--पुस्तक के कद में बहुत ही कम है। मिलनेका पत्ता—

मु० रतलाम (मालवा) अभिधानराजेन्द्र-कार्यालय.

श्री जैन श्वेताम्बर कॉन्फरन्स हेरॅल्ड.

Jaina Shvetambara Conference Herald.

All the Buddhas are wonderful and glorious.
There is not Their equal upon earth.
They reveal to us the path of life.
And we hail their appearance with pious reverence.

All the Buddhas teach the same truth.
The truth points out the way to those who have gone wrong.
The Truth is our home and comfort.
We gratefully accept its illimitable light.

All the Buddhas are one in essence,
Which is omnipresent in all modes of living,
Sanctifying the bonds that tie all souls together,
And we rest in its bliss our final refuge.

—*Gospel of Buddha.*

પુ. ૧૨ અંક ૧. વીરાત્ ૨૪૪૨. પોષ ૧૯૭૨. જાન્યુઆરી ૧૯૧૬.

*વીરબાળની વિનતિ.

[આજ શ્યામ મોહલીને બંસરી બજાયગે—એ લયમાં.]

વિનવે વીરબાળ આપ કંઈક તો દયા કરો
જ્ઞાન દાન એજ શ્રેષ્ઠ, કંઈક તો દયા કરો. વિનવે૦
છો પ્રસિદ્ધ જીવદયા પાળ હિંદમાં તમે,
અમે મનુષ્ય ને સ્વધર્મી, મદદે ધાઓ વીર નરો. વિનવે૦
જગત વધતું જાય છે, અમે રહ્યાં અજ્ઞાનમાં,
સૂઝ કંઇ પડે નહિ, જ્ઞાનનો દીવો ધરો. વિનવે૦
જ્ઞાન અર્થે યાચીએ આવી તમારે આંગણે,
હે શ્રીમંતો ! દાન દઇ, પુણ્ય-પુંજને ભરો. વિનવે૦

૧૪-૭-૧૫. —તંત્રી.

* મુંબઇમાં શ્રી મહાવીર જૈન વિદ્યાલય ખુલ્લું મૂકવાના નિમિત્તે થયેલા મેળાવડા અર્થે રચેલ છે. આ કાવ્ય અન્ય જૈન મેળાવડા વખતે વાપરી શકાય તેમ છે, તેથી અત્ર સ્થાન આપવામાં આવ્યું છે.

શું સાધુસંઘ ઉત્થાપવા યોગ્ય છે? નહિંજ.

નાતાલના સમયમાં તા. ૩૦ અને ૩૧ મી ડિસેંબરે ભારત જૈન મહામંડળનો વાર્ષિક ઉત્સવ ઉજવવામાં આવ્યો હતો, તે વખતે પ્રમુખ તરીકે સ્થાનકવાસી જૈન કુળમાં જન્મેલા એક વિદ્વાન્ અને અર્થશાસ્ત્રના પ્રોફેસર લાલ તલકશી શાહે બી. એ. બી એસ. સી. બાર ઍટ લૉ બિરાજ્યા હતા. પ્રમુખશ્રીએ જે ભાષણ આપ્યું હતું તે ઘણું ઉચ્ચ વિચારવાળું અને વિદ્વત્તાભરેલું હતું. તેમાં ઘણા અગત્યના મુદ્દાઓ વિચારની કસોટીમાં મૂકવા જેવા હતાઃ કેટલાક કાર્યમાં મૂકી શકાય તેવા હતા, જ્યારે કેટલાક કાર્યક્ષમ કેટલાકને નહિ લાગે. આમાં આપણા સાધુઓના સંબંધમાં જે શબ્દો તે ભાષણમાં જણાય છે નીચે પ્રમાણે છેઃ—

"**સાધુ વર્ગને ઉત્થાપો કે સુધારો**—(૧) આ સંબંધી મારે એક એવા વિષયપર બોલવું પડશે કે જે કદાચ આપણ સર્વને સરખી અગત્યનું નહિ જણાય; પણ મારા મત મુજબ **જૈન** સમાજને અત્યંત જરૂરનું છે. આપણ તત્ત્વજ્ઞાનનાં સત્યો જે આપણે પ્રગટ કરવા ઇચ્છતા હોઇએ, આપણો ઇતિહાસ પુરાણોના રૂપ શાસ્ત્રમાં ન ખપો એવી આપણી આકાંક્ષા હોય, આપણા સિદ્ધાંતો કે જે ખરી રીતે આધુનિક તત્ત્વજ્ઞાન અને વિજ્ઞાનને બહુજ મળતા આવે છે તેનું મળતાપણું પ્રદર્શિત કરવા ઇચ્છતા હોઇએ તો આપણને એક એવા ખાસ વર્ગની જરૂર છે કે જેમાંના લોક આપણા પોતાના તત્ત્વજ્ઞાન, સાહિત્ય અને ઇતિહાસમાં પારંગત હોય, જે અન્ય લોકના ધર્મ અને ઇતિહાસથી સારી રીતે વાકેફ હોય, જે અનેક આધુનિક ભાષામાં પ્રવીણતા ધરાવતા હોય. આવા વર્ગનો જ્યારે ખ્યાલ કરવા બેસીએ ત્યારે પ્રથમ નજર આપણા સાધુઓ તરફ વળે છે— આપણા સાધુ સંઘને શોધીએ છીએ, કારણ કે તેઓ આવી બાબતમાં આપણા નેતા હોવાનો દાવો કરે છે, પણ

(૨) "હું કહેવાને બહુ દિલગીર છું કે આપણા **આધુનિક સાધુવૃંદ** એ કામ માટે **તદ્દન નાલાયક છે.** તેને આપણા પોતાના ઇતિહાસ કે તત્ત્વજ્ઞાનનું ઉંડું જ્ઞાન નથી, તેને નિરીક્ષણ કે પરીક્ષક બુદ્ધિ **છેજ નહિ**, તેમના ભાષાજ્ઞાનની અવધિ સંસ્કૃત અને પ્રાકૃતમાં, ધર્મ અને તત્ત્વજ્ઞાનની અવધિ ભગવતી સૂત્રમાં આવી રહેલી છે જ્યારે તેના શિવાય અન્ય પંથો અન્ય ધર્મ સિદ્ધાન્તો કે સૂત્રો તેઓ બહુ જાણતા જ નથી. (તેમની પાસેથી) આપણે સત્ય મેળવ્યું છે એ કદાચ તેઓ જાણતા હશે પણ તે સત્ય તેમને અથવા બીજા કોઇ તેમની પાસે માગે ત્યારે તે બતાવવાની તેમની શક્તિ નથી અને સત્યના એકલા માલેક આપણે જ છીએ એવું માની, અજ્ઞાનવૃંદની ભક્તિ કે ખુશામતમાં જીવન સાર્થક સમજી અને સાધુ વર્ગના મહાવ્રતના ડોળથી મળેલ સન્માનપર આધાર રાખી જેઓ તેમની આ સ્થિતિ સામે વાંધો કહાડે તેમને શ્રાપ આપવા **ગોશાળા કરતાં પણ આજના સાધુઓ વધારે તૈયાર** છે અને મોટી દિલગીરી તો એ છે કે આપણું સાધુવૃંદ પેઢી દર પેઢીનું નહિ પણ બુદ્ધિબળ, માનસિકબળ અને વૈરાગ્ય બળની પરીક્ષામાં પસાર થયેલ નરોનું બનેલું છે એવો દાવો કરે છે.

(૩) "અત્યારે તો સાધુનું ધર અસમર્થ લોકનું કલ્પવૃક્ષ છે. ભીખ માગવા માટે એ બહુજ માનદાયક બહાનું છે અને બીજાઓને ભારરૂપ થવા માટે બહુ સહેલો માર્ગ છે. એ એક જ માર્ગ છે કે જ્યાં આળસુપણાને ગુણ માનવામાં આવે, અજ્ઞાનતાને પુણ્ય મનાય, અને અનીતિને પાપની શિક્ષાથી દૂર રખાય. જીવનની સર્વ ખુબી ચાખવી હોય અને તેની દરેક જોખમદારીથી દૂર રહેવું હોય તો આજ એક માર્ગ છે.....આપણને એક આખા વર્ગને આળસમાં, અહંકારમાં, અજ્ઞાનમાં મસ્ત રહેવા દઈ પાળવાની શી જરૂર છે?"

આ પ્રમાણેના ઉદ્‌ગારો છે કે જે અમે ત્રણ પારામાં મૂકેલા છે. તેમાં પહેલા પારામાનાં વિચારો સાથે અમે સહમત છીએ. બીજા અને ત્રીજા પારામાં ચિતરેલા વિચાર સાથે અમે તદ્દન સહમત થઈ શકતા નથી અને હાલના સાધુઓની રહેણી કરણીનું ચિત્ર આખા સાધુ-સમૂહને લાગુ પાડવામાં આવ્યું હોત તો તે ભયંકર છે-- અતિશયોક્તિથી ભરેલું છે અને તેમાંના ઉદ્‌ગારો સામે તો ઘણો ઘણો વાંધો લેવા જેવું છે. એક સુશિક્ષિત જૈન પોતાના ધર્માધિકારીઓ સંબંધે આવી બધી Sweeping remarks by way of wholesale denouncement સમગ્ર વર્ગની નિંદા—તિરસ્કારવાળી ટીકા કરે તે સાતંત્યની હદ ઓળંગી જવા જેવું જણાય છે.

સાધુઓ સંબંધમાં જે તીવ્ર શબ્દો ઉપરના ત્રીજા પારામાં લખાયા છે તેના જેવા શબ્દો સ્વામી વિવેકાનંદે પણ પોતાના ધાર્મિક પ્રવાસની શરૂઆતમાં લખેલા પત્રમાં આ રીતે જણાવ્યા છે:—

" સાધુઓ તમારા ઉપદેશકો—ભટકભિક્ષુઓ કે જે હમેશાં સુધારણાના કટ્ટા શત્રુઓ છે, તેમને લાત મારો; કારણ કે તેઓ કદી પણ સુધરવાના કે સુધારવાના નથી; તેઓનાં અંતઃકરણો કદી પણ મહાન્ થવાનાં નથી, તેઓ જમાનાઓના વહેમ અને જૂલમની ઓલાદ છે. આવા સાધુવર્ગને પ્રથમથી જ નિર્મૂળ કરો; પછી તમે ખરા મનુષ્ય થઈ શકશો. "—૩૦ મી જુલાઇ ૧૮૯૩. વળી જણાવે છે કે:—

" સાધુઓથી થતાં દુઃખોનો નાશ કરવાનો છે સાધુઓનાં પ્રપંચ માટે તો સર્વ સામાજિક જૂલમ મટે તેમ છે.

" સાધુઓને દરેક સંસારિક બાબતમાં માથું ઘાલવાનું શું પ્રયોજન હતું?—આથી કરોડો મનુષ્યની દુઃખદ સ્થિતિ આવી છે.

આમ છતાં પણ પ્રોફેસર ખુશાલભાઈ સ્વામી વિવેકાનંદના વાક્યો પોતાના સમર્થનમાં છે એમ જણાવી ગર્વ લઈ શકે તેમ નથી કારણકે અમારે કહેવું જોઈએ કે જે સાધુઓ માટે સ્વામી વિવેકાનંદે કહ્યું છે તે સાધુઓનો પ્રકાર આપણા જૈન સાધુઓના પ્રકારથી જૂદો જ છે. તે સાધુઓએ સમાજના અનેક બંધનો ઉત્પન્ન કરી તેથી પોતાની સત્તાનો દોર જમાવ્યો છે અને આજીવિકાનાં સાધન મેળવ્યાં છે. જ્યારે નિષ્કંચન—નિર્ગ્રંથ જૈન સાધુઓનાં જીવન વ્યવહાર સંસારવ્યવહારથી તદ્દન અલગ છે. તે સાધુઓએ સમાજના વિષયોમાં પોતાની લાકડી ચલાવી છે તેથી દુઃખમય સ્થિતિ પ્રાપ્ત થઇ છે. આ સંબંધે તેજ સ્વામી વિવેકાનંદના વિચારો જાણવા જેવા છે.

" સંસારિક કાયદાઓ ધર્મની સંમતિથી, આર્થિક સંજોગો આવવાથી નિર્મિત થાય છે. ધર્મની ભયંકર ભૂલ સામાજીક વ્યવહારમાં માથું ઘાલવાથી થઇ છે. આથી જુઓ તે ભૂલ કેવી કપટ જાળથી કહે છે. અને તેજ કથનથી પોતાની વિરૂદ્ધ પોતેજ જાય છે. " સામાજિક સુધારો તે ધર્મનું કર્ત્તવ્ય નથી.—ખરૂં. આપણે જેની જરૂર છે તે એજ છે કે ધર્મે સંસારસુધારક ન થવું જોઇએ, પણ તેની સાથે આપણે આગ્રહ રાખીએ છીએ કે ધર્મને સંસારિક કાયદા બાંધનાર બનવાનો કશો હક નથી. તેને દૂર રાખો ! તમે તમારા પોતાના સ્થાનને વળગી રહો એટલે સર્વે સુઘટિત થઇ રહેશે."

ધર્મને માત્ર આત્મા સાથે જ સંબંધ છે, અને તેને સંસારિક બાબતોમાં માથું ઘાલવાનું કંઇ પ્રયોજન નથી. આથી જ સ્વામી વિવેકાનંદે જણાવ્યું છે કે "સાધુઓને દરેક સંસારિક બાબતમાં માથું ઘાલવાનું શું પ્રયોજન હતું?—આથી કરોડો મનુષ્યોની દુઃખદ સ્થિતિ આવી છે."

વળી ઉક્ત પ્રો૦ ખુશાલભાઇ પાશ્ચાત્ય કેળવણીથી સંસ્કારિત હોઇ પાશ્ચાત્ય સંસ્કારો **જૈન** સાધુઓમાં લાવવા ઇચ્છે છે અને તેને લોકોનું બાળપણથી અજ્ઞાન દૂર કરવાનું, દરદીઓની સારવારમાં મદદરૂપ થવાનું અને ખરા ચોકીદારી તરીકે કાર્ય કરવાનું કાર્ય ઉપાડી લેવાનું કહેવામાં આવે છે. આવું પ્રવૃત્તિમય કાર્ય કરવા માટે શ્રમણોપાસક જેવો વર્ગ કે શ્રાવકોમાંથી એક વર્ગ ઉભો કરવામાં આવે તો યોગ્ય ગણાય, પણ નિવૃત્તિમય **જૈન** સાધુઓને આવી પ્રવૃત્તિમાં નાંખવાથી પોતાનું સંસારના બંધન રહિતનું નિરપેક્ષ કાર્ય ભૂલાડવામાં આવશે અને તેથી સંસારમાં વિશેષ બંધાયલા રહેવાથી અનિષ્ટ પરિણામ આવશે. દરદીને માનસિક ઉપચાર કરવાનું કાર્ય સાધુનું ગણાય પણ તેને દવા આપવાનું, માવજત કરવાનું કાર્ય સોંપવામાં આવે તો હાલના કેટલાક યતિઓ વૈદ્ય તરીકે ધંધો કરી કેવી માયામાં સપડાયા છે તે જોઇ તપાસવાનું અમે કહીએ છીએ.

" આપણા આચાર્યો—સંતો અને પાશ્ચિમાત્ય સંતોમાં અંતર છે તે દર્શાવીએ. આપણા સંતો જિન ભક્તિમાં સંપૂર્ણ રહી અન્યને તેમ રાખી જિન શાસનનો ઉદ્યોગ કરવા અહિંસા ધર્મને હૃદયમાં વજ્રલેપ સમાન સ્થાપી ઉપદેશ પીયૂષનું પાન કરાવે છે. આપણા પૂર્વાચાર્યો તત્ત્વજ્ઞાન, ન્યાય આદિ અદ્‌ભૂત ગ્રંથો રચી પરમઔષધદાતા થઇ મંગલ અને પરભવ અર્થે કલ્યાણકારી નિવડયા છે પરંતુ તે સર્વ જિન પ્રવચનવાણીને સંગત—એકમત રમીને જ. આપણી સતમાલિકામાં પાશ્ચિમાત્ય સંતોમાં દ્રષ્ટિગોચર થતું વિલક્ષણ વૈચિત્ર્ય નથી. પાશ્ચિમાત્ય ઉદારથી મહાન્ સંતોએ આત્માનું સમર્પણ કરી સ્વજનોનાં તેમજ ઇતર લોકોનાં દુઃખ વિદારવા માટે અનેક પ્રકારના પ્રયત્નો કર્યા છે.

" તુરંગમાંના કેદીઓની સ્થિતિ સુધારનાર, મહારોગ ગ્રસ્ત લોકોમાં વસી આશ્વાસન આપી ઔષધ આપનાર અને તેથી કદાચ પોતે પણ મહારોગી થનાર; પોપમહારાજાના ઢોંગનું પરિસ્ફોટન કરનાર, સમરભૂમિ પર જઈ જખમી સૈનિકોની સુશ્રૂષા કરનાર, અનાથ અર્ભકોને સહાય મેળવી આપનાર—આવા અનેક પ્રકારના સંતોની માલિકા પશ્ચિમમાં બનાવી શકીશું. **આપણા સાધુઓએ સંસાર કે વ્યવહારમાં કાંઇપણ અંશે પડવાનું નથી.** તેથી તેઓ ઉપદેશ ભક્તિ જ્ઞાન, અને સદાચારનો બોધ આપી હૃદયમાં સન્નિષ્ઠા, અને ધર્મ ધારી એકજ ચોલે ચાલ્યા જાય છે. વળી પાશ્ચિમાત્ય સંતોનો મુખ્ય

ઉદ્દેશ ઐહિક છે, જ્યારે આપણા સંતોનો ઉદ્દેશ પારગામી, પારલૌકિક છે કારણ કે પશ્ચિમ પ્રવૃત્તિમય છે, પૂર્વ નિવૃત્તિમય છે. પ્રવૃત્તિમાં રહી ઐહિક કલ્યાણ શોધવું તેના કરતાં નિવૃત્તિમાં રહી બીજાઓને પણ નિવૃત્તિ શીખવવી અને નિવૃત્તિમય બનાવી પારલૌકિક પરમ કલ્યાણ શોધવું એ કોટચાવધિ ઉચ્ચતર છે.

—જૈનપતાકા ફે. માર્ચ ૧૯૦૮.

આ સં. ૧૯૬૩ ના આષાઢ માસમાં શ્રીમન્ મોહનલાલજી મુનિમહારાજના સંબંધે લખેલા લેખમાંના અમારા વિચારો અત્યારે અહીં ટાંકવાની જરૂર પડે છે. આ પરથી આપણા સાધુઓનો વિશિષ્ટ પ્રકાર સમજી શકાશે હજારો વર્ષો થયાં, છતાં આપણા સાધુપૂર્વના આચાર વિચારને ઘણી ચીવટાઇથી જેટલા બની શકે તેટલા જાળવી શકયા છે, રેલ્વે સ્ટીમરાદિની સગવડો થઈ છતાં તેનો ઉપયોગ ન કરતાં પાદવિહાર કરી એક શહેરથી બીજે શહેર, એક ગામથી બીજે ગામ એમ નાનામાં નાના સ્થલમાં જઈ બોધનો લાભ લોકોને આપે છે, ધન કદી રાખતા નથી. સંસારમાં માથું ઘાલતા નથી અને જ્ઞાન લઈ આપી નવીન પુસ્તકો રચી જૂનાં પ્રગટ કરાવી ધર્મસેવા કરવા ઉદ્યુકત રહેતા આવે છે એ અન્ય ધર્મના અધિકારીઓ કેવા વૈભવમાં, મોજ શોખમાં રહે છે, પગે બૂટમોજાં રાખી રેલ્વે વિહાર કરી, ગૃહસ્થોને ત્યાં રહી કેવી મજા કરે છે તે સાથે તુલના કરી બાસ વિચારવા જેવું છે.

મનુષ્ય સ્વભાવ કેવો છે તે પર દ્રષ્ટિ ફેંકી વિચાર કરીએ તો આપણા સાધુ-સમૂહમાં નિર્બળતાઓ, દોષો નથી એવું કોઇનું કહેવું છે જ નહિ, કારણ કે તેઓ સર્વજ્ઞ નથી કે જેથી તેઓ સંપૂર્ણ દોષ રહિત હોઇ શકે, તેમજ બધા સાધુઓ નિષ્પરિગ્રહી, જ્ઞાની, સુશીલ અને ધર્મ સ્તંભ છે એમ પણ ન હોઇ શકે કારણ કે એક મોટા ટોળામાં કોઈ કોઇ એવા હોય કે જે દોષી જણાય, છતાં એકંદરે સાધુસંઘની સંસ્થા (Institution) ઉપયોગી-આવકાર દાયક, માર્ગદર્શક અને આવશ્યક છે. બીજી બાજુ હાલના સાધુઓએ, ઉપરના વિચારો દિવસે દિવસે બોલાવાનો સમય આવે છે તો તે પર સૂક્ષ્મતાથી વિચાર કરી પોતાના સમગ્રસમૂહની એક સંગતતા કરી સમયાનુસાર આચાર વિચાર--રહેણી કરણીમાં સુધારા પર આવવું ઘટે છે. પ્રો૦ ખુશાલભાઇના શબ્દોમાં કહીએ "તો ખરા સાધુ તરીકે, ખરા જૈન તરીકે, સત્પુરૂષ તરીકે તેઓ પોતાની ફરજ અદા કરે, તેઓનું વર્ત્તન નમુનારૂપ થાય, તેઓના જ્ઞાનભંડાર આગળ આપણને સ્વભાવતઃ નમવું પડે, અને અકિંચનતા, ત્યાગને બદલે (ની સાથે) ખરો ભોગ આપે, ધર્મ ખાતર, સમાજખાતર, દેશખાતર (ધર્મ દ્રષ્ટિએ) ભોગ આપે, તો તેઓ આપણા નાયક બનશે, અને આપણને શ્રદ્ધા બેસશે. '

—તંત્રી.

ઐકય કયારે કરીશું ? હમણાંજ.

"It is said that blood is thicker than water but far more subtle and strong are spiritual sympathies."

—"એમ કહેવામાં આવે છે કે જલ કરતાં રક્ત વિશેષ ઘટ્ટ છે, અર્થાત્ પરસ્પર ભોજનાદિ વ્યવહાર કરતાં સગપણનો સંબંધ વિશેષ બલવાન્ છે, પરંતુ તેના કરતાં પણ વિશેષ વિશેષ બલવાન્ અને સૂક્ષ્મ એવી એક ધર્મની સમાનતાઓ છે."

હમણાનું હિંદ જે સ્થિતિમાંથી પસાર થાય છે તે સ્થિતિ બારીકાઈથા તપાસતાં ઘણી સુખકર અને આવકારદાયક ભાસે છે. જુઓ ! મોસ્લેમ ભાઇઓ હિંદુ ભાઇઓ સાથે એક એકના હાથ જોડી સંયુક્ત રીતે વધવાનો પ્રેમ પૂર્વક પોકાર કરે છે. આના પ્રમાણમાં મોસ્લેમ લીગની મુંબઇની બેઠકના માન્યવર પ્રમુખ **મઝરૂલ હુક્કે** જે ઉત્તેજક, જોસદાર અને તનમનાટ ઉપજાવે તેવું ભાષણ આપ્યું હતું તેમાં નીચેના ભાવાર્થનાં ઉદ્‌ગાર ખાસ ધ્યાન ખેંચે છેઃ—

"આ ભૂલી જવાનું નથી કે શું **પારસી** કે **હિંદુ**, શું **મુસલમાન** કે **જૈન** સર્વેએ સાથે મળીને કાર્ય કરવાનું છે, અને ત્યારે જ એકત્રતા થશે. જ્યારે તેવી એકત્રતા થશે ત્યારે જ સાચી અને કાયમની પ્રજાકિય ઉન્નતિ કરી શકીશું. આથી કોમી અલગપણાનો વિચાર કાઢી નાંખવો આવશ્યક છે. આવા કોમી સવાલોને વચ્ચે લાવવાથી એકત્રપણાના વિચારો કરવા નષ્ટ પામે છે, અને તેથી અન્યોન્ય કુવિચારોના અંકુરો પ્રુટવા પામે છે. આ બધા કોમી અભિમાનોને તિલાંજલિ અર્પી સર્વેએ હાથમાં હાથ મેળવવાની જરૂર છે.

"આપણો ધર્મ ભ્રાતૃભાવ ફેલાવવાની આજ્ઞા કરે છે અને તે હાલની યુરોપીઅન બીરાદરી કરતાં ઉચ્ચ અને વિશાળ છે. આપણા લાંબા ઇતિહાસનું તાત્પર્ય માત્ર બે શબ્દોમાં સમાવી શકીએ તેમ છીએ. તે શબ્દો 'હિંદી મુસલમાનો' એ છે. એ બે સૂત્રરૂપ શબ્દ આપણો ધર્મ, આપણું જાતિયત્વ અને ઇતિહાસ દર્શાવે છે. અને તેમાંથી ઉત્પન્ન થતી આપણી ફરજો અને જોખમદારીઓ આપણી સમક્ષ ધ્યાનમાં રાખીશું તો આપણે અવળે માર્ગે નહિ જઇએ.

"ખુદાની દરબારમાં **શીખો, મરાઠાઓ, હિંદુઓ**, અથવા **એસલામીઓ**-બધા માટે જ્યારે એકજ સરખા કાયદા છે એમ આપણે જ્યારે માનીએ છીએ તો પછી શા માટે મતભેદ અને ભિન્ન વિચારો કરી અત્રે નાહકનો કલેશ ઉભો કરવો? તેને બદલે શા માટે કોમકોમો અન્યોન્ય વિશ્વાસ મેળવી મિત્રભાવથી પોતાનો નિવેડો ન લાવી શકે? આથી જ પહેલી ફરજ તે સ્વવિશ્વાસની લાગણી છે.

—ગુજરાતી.

આમાં અંતર્ગત વાકયો એવાં મજાનાં મુકયાં છે કે જે દરેક માનવી, પછી તે હિંદુ જૈન, શીખ કે પારસી હોય, તેને પ્રજાકીય અને જાતીય ઉન્નતિ માટે શીખ્યા વગર છુટકો નથી.

"When a question concerning the welfare of India and of justice to Indians arises, I am not only an Indian first, but an Indian next, and an Indian to the last, an Indian and Indian alone, favouring no community and no individual, but on the side of those who desire the advancement of India as a whole without prejudice to the rights and interests of any individual, much less of any community, whether my own or another.

"But whenever any question arose on which there was a clear and unmistakable Divine injunction conveyed to me by my God through my Prophet, I could not even consider, let alone accept as correct, any thing conflicting with that in-junction, no matter on what mundane authority it was based. With Divine authority as my only guide I will be not only a Muslim first, but a Muslim next, a Muslim to the last and a Muslim and nothing but a Muslim. People may scoff and laugh, but I hold firmly to these convictions."

—"જ્યારે હિંદના કલ્યાણનો અને હિંદીઓના ન્યાયનો પ્રશ્ન ઉપસ્થિત થાય છે ત્યારે હું પ્રથમ દરજ્જે એક હિંદી છું એટલું જ નહિ, પણ પછી પણ એક હિંદી છું અને છેવટ સુધી પણ હિંદી છું– હિંદી અને માત્ર હિંદી છું– ત્યાં કોઇ કોમનો અને કોઇ પણ વ્યક્તિનો પક્ષપાત નહિ કરું પરંતુ કોઇપણ વ્યક્તિના–પછી તે મારા કે બીજાના–હક અને લાભને ધક્કો પહોંચાડ્યા વગર (એટલે કોમના હકને ધક્કો પહોંચાડવાનો રહેતો જ નથી) સમગ્ર હિંદની ઉન્નતિ કરવાના જે ધ્યેયક છે તેમના પક્ષમાં જ રહીશ.

"પરંતુ જ્યારે જ્યારે એવો પ્રશ્ન ઉપસ્થિત થયો છે કે જેના ઉપર મારા પયગંબર દ્વારા ઈશ્વરનો દીવ્ય આદેશ સ્પષ્ટ અને અણિશુદ્ધ રીતે મને મળેલો હોય ત્યારે ત્યારે તે આદેશથી વિરૂદ્ધ એવું કંઇ પણ ધ્યાનમાં મેં ધર્યું નથી (તો પછી તેને સત્ય તરીકે સ્વીકારેલું તો ક્યાંથીજ હોય?)—એમ કરવામાં પછી તે ગમે તેટલી આ લોકમાં ઉચ્ચી સત્તા ઉપર આધાર રાખ્યું હોય તો પણ તેની મેં દરકાર કરી નથી. ઇશ્વરી સત્તાને મારી સર્વથા નિયામક માનને હું પ્રથમ દરજ્જે એક મુસ્લિમ રહીશ એટલું જ નહિ, પરન્તુ પછી પણ મુસ્લિમ, છેવટની ઘડી સુધી મુસ્લિમ અને મુસ્લિમજ રહીશને ભલે લોકો મારી નિંદા કરે કે મારા પર હસે પરંતુ આ પ્રતીતિઓને હું દૃઢતાથી વળગી રહું છું,"

આ રીતે દરેક જૈન સ્વતંત્ર રહી સ્વ સંપ્રદાયોને ભલી મહાવીરના આદેશનું ગ્રહણ કરવામાં પોતાનું જૈનત્વ અણિશુદ્ધ સાચવી હિંદના ખરા દેશજન ઉપરની ભાવના પ્રમાણે બનશે ત્યારે સ્વ અને પર કલ્યાણ સાધી શકશે.

દરભંગાના નરેશ સનાતન હિંદુ ધર્મનો ઝંડો લઇ હિંદુઓના જૂદા જૂદા મતો સંપ્રદાયો અરસપરસ આવકાર આપતા રહે તે માટે એકત્રિત થવા માટે જે વિચાર જણાવે છે તે પણ ભૂલી શકાય તેવા નથી.

" It is said that blood is thicker than water but far more subtle and strong are spiritual sympathies, and Hindus from whatever part of the country they may hail, to whatever sects or schools of thought they may belong, are bound by the ties of spiritual brotherhood. Intellect separates but the spirit unites, and though intellectually we may be *Advaitas* or *Vishistadvaitas* or *Dvaitas* we drink of the same spiritual fruit, partake of the same communions and sinking all the differences of intellect in this spiritual identity, let us unite with hearts chastened and purified in this national worship of the Supreme Lord. "

—એમ કહેવામાં આવે છે કે જલ કરતાં લોહી વિશેષ ઘટ્ટ છે એટલે કે સાથે ખાવા પીવા કરતાં લોહીનું સગપણ વધી જાય છે તો પણ તે સગપણ કરતાં અતિ વિશેષ સૂક્ષ્મ અને સબળ ધાર્મિક એકતાઓ–સહાનુભૂતિઓ છે અને હિંદુઓ દેશના ગમે તે પ્રદેશના હોય, યા કોઇ પણ મત કે દર્શનના અનુયાયી હોય છતાં તેઓ ધાર્મિક ભ્રાતૃસંબંધના બંધનથી બંધાયા છે, બુદ્ધિવાદ એકને બીજાથી જૂદો પાડે છે, પરંતુ આત્મા એકને બીજા સાથે એકત્રિત કરે છે, અને જોકે બુદ્ધિવાદથી આપણે અદ્વૈત કે વિશિષ્ટાદ્વૈત કે દ્વૈતના અનુયાયી હોઇએ છતાં આપણને ધર્મરૂપી જલ એકજ પ્રવાહમાંથી મળે છે, આપણે એકજ પ્રકારના ધાર્મિક સંવાદોમાં ભાગ લઇએ છીએ અને તેથી બુદ્ધિના બધા ઝગડાઓ દૂર કરીએ ધાર્મિક એકતા સ્વીકારી વધારે પવિત્ર અને નિર્મળ હૃદયોથી પરમાત્માની આ પ્રજાકીય પૂજામાં એકત્રિત થઇએ.

આ વાક્યો આપણને કેટલો બધો પાઠ આપે છે. પ્રજાની રાજકીય એકતામાં મુસલમાન અને હિંદુઓ એકત્રિત થઇ એકજ પ્લાટફોરમ ઉપર આવી એક સંપીના ઉદ્‌ગારો કાઢે છે એટલુંજ નહિ પણ એક સાથે કાર્ય કરે છે, એક પર બીજો પ્રેમ રાખે છે, આવકાર આપે છે અને ભેટે છે. આવું જ્યારે એક બીજાના ધાર્મિક મંતવ્યોમાં જમીન આસમાન જેટલો ફેરફ છે, જે એકબીજા વચ્ચે પરાપૂર્વથી અસમાન લાગણી ચાલી આવી છે તેઓ પણ ભાઇઓ માફક ભેટે છે, ત્યારે આપણે પછી સ્થાનકવાસી, દિગંબર, શ્વેતાંબર હોઇએ તે વીર પ્રભુના જ પુત્રો હોવા છતાં–તેવો દાવા કરતા હોવા છતાં એક બીજા વચ્ચે લડી મરીએ છીએ એ શોકજનક નથી ?

હિંદુઓના ધર્મભેદ દ્વૈત, અદ્વૈત કે વિશિષ્ટાદ્વૈત એટલા બધા બુદ્ધિવાદ પર રચાયેલા છે કે તેનો છેડો આવે તેમ નથી, છતાં તેઓ એકઠા થવાને પ્રયત્ન કરે છે અને એકત્રિત થાય છે, તો ઝાઝા બુદ્ધિના વાદ પર નહિ ચણાયેલા નાના નાના મંતવ્યો–ભેદોથી જૈનના સંપ્રદાયો લડી મરે, તે તેના અનુયાયીઓ કોર્ટે જઇ હજારો રૂપીઆનાં આંધણ મૂકી તીર્થરક્ષા કરવા જાય, મારા મારીના પ્રસંગો લાવે અને તેથી વિક્ષેપ, દ્વેષભાવ, અભિનિવેશ વીતરાગના અનુયાયીઓમાં રહ્યાં કરે એ ઓછું શોકજનક છે ?

તીર્થના ઝઘડા પતાવવા માટે લવાદ-મંડળ નીમવાની જરૂર છે, પણ દીલગીર

શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બૉર્ડ.

શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ ધાર્મિક ઇનામી પરીક્ષા.

સં. ૧૯૭૨ ના માગસર વદ ૫ ને રવિવારે દિવસના એક વાગ્યાથી ચાર વાગ્યા સુધી.

તા૦ ૨૬-૧૨-૧૯૧૫.

ધો. ૧ લું. (પંચ પ્રતિક્રમણ.) તપગચ્છ.

(પરીક્ષક--રા. રા. ન્યાલચંદ લક્ષ્મિચંદ સોની. B. A. LL. B. સાદરા.)

સવાલ.			માર્ક.
૧.	' નવકાર ' મંત્રના પહેલા પદના ત્રણ જુદા જુદા પાઠ છે તે અર્થ સાથે લખો.		૮
૨.	ગુરૂ મહારાજના છત્રીસ ગુણ વિવેચન સાથે સમજાવો.		૧૦
૩.	' ચતુર્વિંશતિ સ્તવ ' અને ' શક્રસ્તવ ' એ બંનેની છેલ્લી ગાથા અર્થ સાથે લખો.		૧૦
૪.	' કલ્યાણકંદં ', ' સંસારદાવા ' અને ' સ્નાતસ્યા ' ની સ્તુતિઓમાં શાસન દેવીઓના સંબંધમાં જે ગાથાઓ છે તે અર્થ સાથે લખો.		૧૨
૫.	નીચેનાં પદોના અર્થ લખો અને તે કયા કયા સૂત્રોનાં છે તે બતાવો		
	૧. અભયપ્રદાનનિરતે	૨. પરમકૃ નિટ્ઠિ અકૃા	
	૩. સાહંતિ મુખ મગ્ગં	૪. મિત્તી મે સવ્વ ભૂએસુ	
	૫. તીઆણા ગય સંપડ્ઢિ	૬. નિત્યં સ્વાધ્યાયસંયમરતાનાં	
	૭. રાજાધિપરાજ સન્નિવેશાનાં	૮. કૃતાપરાધે પિ જને	
	૯. યેષામભિષેકકર્મ કૃત્વા	૧૦. સોમ ગુણેહિં પાવઈ નતં નવ સરય્ય સસી.	૨૦
૬.	આવશ્યક કેટલાં અને કયાં કયાં તે બતાવો.		૬
૭.	અભ્યંતર તપના ભેદ બરાબર સમજાવો.		૬
૮.	દેવસિ પ્રતિક્રમણમાં ' અનથ ઉસસિએણં " સૂત્ર કુલ કેટલી વાર બોલવું પડે છે તે આંકડો ફક્ત લખો.		૧૦
૯.	ફક્ત સાધુઓને નમસ્કાર સંબંધનાં જે જે સૂત્રો પંચ પ્રતિક્રમણમાં આવતાં હોય તે લખો.		૧૦
૧૦.	શ્રાવકનાં બાર વ્રતનાં નામ ટુંકાણમાં અર્થ સાથે લખો.		૮
		કુલ માર્ક.	૧૦૦

ધો. ૧ લું. (પંચપ્રતિક્રમણ) વિધિપક્ષ.

(પરીક્ષક—રા. રા. જટાશંકર પરમાનંદ પંડ્યા. મુંબઇ.)

સવાલ.	માર્ક.
૧. શંકા, કંખા, વિતિગિચ્છા, પર પાસંડી સંથુઓ એટલે શું ? તે સ્પષ્ટ રીતે સમજાવો.	૧૫
૨. " છ કોટિએ સામાયિક કરું " તે છ કોટી કઇ તે લખો.	૧૦
૩. તૃતીય સ્મરણ લખો.	૧૫
૪. દેવસિય પ્રતિક્રમણ કરતાં પાક્ષિક પ્રતિક્રમણમાં કયા કયા સૂત્રો વધારે છે, તેનાં માત્ર નામ આપો.	૧૫
૫. બૃહન્નમસ્કારનો અર્થ લખો.	૧૦
૬. આવશ્યકનાં નામ તથા તેથી થતાં ફલ લખો.	૧૦
૭. કાયોત્સર્ગ (કાઉસગ્ગ) એટલે શું ? તેનો હેતુ તથા તે વખતની શારીરિક સ્થિતિ જણાવો.	૧૫
૮. **મિઉગ્ગહં, પથિપતિત, તેનાહડે, નિષ્પ્રેરણ, પરિગ્રહ, કારવેમિ, સાવજ્જ, અભિભવ, કિત્તિયં, સંદિસહ** એ શબ્દોના અર્થ આપો.	૧૦
કુલ માર્ક.	૧૦૦

ધો. ૨ જું અ. (જીવવિચાર, નવતત્ત્વ, શ્રાવક ધર્મ સંહિતા, ઉપદેશ પ્રાસાદ ભાગ ૧ લો.)

(પરીક્ષક—રા. રા. સુરચંદ પુરૂષોત્તમ બદામી. દહાણુ.)

સવાલ.	માર્ક.
૧. (ક.) **જીવ** ને ઓળખાવનારૂં લક્ષણ લખો.	
(ખ.) **જીવવિચાર** માં શિખેલા **જીવ** ના ભેદ તથા પેટાભેદ દર્શાવનારૂં એક વૃક્ષ આલેખો અને તે દરેક પેટાભેદ આગળ તેનું ઉત્કૃષ્ટ આયુમાન જણાવો, તેમજ તેમાંના કયા જીવોને **ચક્ષુઇન્દ્રિય** હોય છે તે પણ લખો.	
(ગ.) **સિદ્ધજીવ** નું આયુમાન હોય તો કેટલું ? અને ન હોય તો કેમ નહિ ?	૨૦
૨, **તત્ત્વ** કેટલાં અને કયાં કયાં છે ? તે દરેક **તત્ત્વ** નો અર્થ તમે સમજ્યા હો તે ટુંકમાં જણાવો.	૧૦
૩. નીચેના આઠ શબ્દો વિષે તમે જાણતા હો તે લખો. **વિગલ, પાણા, જદ્યધમ્મો, અંતરંગશત્રુ, સ્યાદ્વાદશૈલી, ભાવના, અસદાચાર, અનર્થદંડ**	૧૬
૪. **ગૃહસ્થધર્મ** ની યોગ્યતા માટે કેવાં આચરણોની જરૂર છે તે વિષે આશરે ૨૫ લીટીનો એક નિબંધ લખો.	૨૦

૫. **ધર્મબિન્દુ** ના કર્ત્તા કોણ છે ? તેમને વિષે **ઉપદેશ પ્રાસાદ** ગ્રંથમાં તમારા વાંચવામાં જે હકીકત આવી હોય તે જણાવો. ૧૨

૬. **ઉપદેશ પ્રાસાદ** નામ એ ગ્રંથનું કેમ રાખેલું છે ? એના કર્ત્તા કોણ છે ? એ ગ્રંથનો જે ભાગ તમે શિખ્યા છો તેમાં શી બાબતની વ્યાખ્યા છે ? ૧૨

શુદ્ધ અને સંતોષકારક લખાણને માટે. ૧૦

કુલ માર્ક. ૧૦૦

ધો. ૨ જું બ. (નવતત્ત્વ, નવસ્મરણ, ત્રણ ભાષ્ય.)

(**પરીક્ષક**--રા. રા. **સુરચંદ પુરુષોત્તમ બદામી. દહાણું.**)

સવાલ. **માર્ક.**

૧. **બાર ભાવના** નાં નામ દર્શાવનારી ગાથા અર્થ સાથે લખો. નવતત્ત્વ પૈકી કયા તત્ત્વમાં એનો સમાવેશ થાય છે ? ૧૬

૨. **કર્મ** કેટલા પ્રકારના છે ? **કર્મ** વિષે નવતત્ત્વમાં તમે જે શિખ્યા હો તે જણાવો. ૧૫

૩. **નવસ્મરણ** માં પાર્શ્વનાથ પ્રભુનાં કયાં કયાં સ્મરણો છે ? કયા કયા સ્મરણોમાં કર્ત્તાનાં નામ જણાવેલાં છે ? તે પૈકી બે સ્મરણોમાંની કર્ત્તાના નામ વાળી ગાથા કે શ્લોક અર્થ સહિત લખો. ૧૫

૪. **યુદ્ધમાં** વિજય મળવા સંબંધી ગાથા અને શ્લોક નવસ્મરણમાં તમારા વાંચવામાં હોય તે લખો. ૧૫

૫. **ચૈત્યવંદન** માં કેટલાં અને કયા કયા દંડક આવે છે ? તે **દંડકો** માં કેટલા અધિકાર છે ? તે દરેક અધિકારમાં કોને કોને વંદન થાય છે ? ૧૫

૬. **વંદનીય** કોણ ? **અવંદનીય** કોણ ? વંદન થી શું ગુણ પ્રાપ્ત થાય છે ? **આહાર** કોને કહેવો ? તેના કેટલા પ્રકાર છે ? અને તે વિષે તમે શું જાણો છો તે સવિસ્તર લખો. ૧૫

શુદ્ધ અને સંતોષકારક લખાણ માટે. ૧૦

કુલ માર્ક. ૧૦૦

ધોરણ ૩ જું (યોગશાસ્ત્ર. મહાવીર ચરિત્ર, આનંદઘનજીની ચોવીશી.)

(**પરીક્ષક**--રા. રા. **ચુનીલાલ છગનચંદ શરાફ. સુરત.**)

સવાલ. **માર્ક.**

(યોગશાસ્ત્ર)

૧. "યોગ" એટલે શું ? અને તે મોક્ષનું કારણ શી રીતે થઇ શકે તે સ્પષ્ટ રીતે સમજાવો. ૫

૨. ગૃહસ્થના બાર વ્રતરૂપ વિશેષ ધર્મના પાયારૂપ સમ્યક્ત્વનું સ્વરૂપ, મિથ્યાત્વના સ્વરૂપ સાથે મુકાબલો કરી સમજાવો: અને સમ્યક્ત્વનાં પાંચ ભૂષણો લખો. ૬

૩. નીચેની બાબતો પર ટુંક વિવેચન લખોઃ—

(અ) હિંસા ત્યાગ કરવાનું કારણ શું ?

(બ) હિંસાનો ત્યાગ ન કરવાથી દાનાદિ સર્વ નિષ્ફળ છે.

(ક) જીવ હિંસાથી પણ ચોરીનો દોષ અધિક છે.

(ડ) મદિરા, માંસ, માખણ, મધ અને રાત્રિ ભોજન સર્વથા વર્જ્ય છે, એ ગ્રંથકર્તા તેમજ અન્ય દર્શનકારોના અભિપ્રાય સહિત સમજાવો. ૧૦

૪. મહા શ્રાવકની દિનચર્યા સંક્ષેપમાં લખો. ૭

૫. (અ) પ્રાણાયામનું સ્વરૂપ તથા ફલ સમજાવો.

(બ) પિંડસ્થ, પદસ્થ, રૂપસ્થ અને રુપાતીત ધ્યાનનું સ્વરૂપ લખો. ૧૧

(શ્રી મહાવીર ચરિત્ર.

૧. ત્રિષષ્ટિ શલાકા પુરુષમાં ભગવાન મહાવીર સ્વામી ઇતિહાસના કાલક્રમ અનુસાર કેટલામા શલાકા પુરુષ ગણાય ? એમને શલાકા પુરૂષ ક્રમ કહેવામાં આવે છે ? ચોવીશ તીર્થંકરોમાં એમનું ચરિત્ર જનસમૂહને વિશેષ બોધદાયક તથા ઉપકારક શામાટે ગણવામાં આવે છે તેના ઉપર નિબંધ (૩૦ લીટીનો) લખો. ૭

૨. (અ) સિદ્ધાર્થ (વ્યંતર દેવ), શ્રેણિક, જમાલિ, એમના વીર ભગવાનના સંસારીપણાના શું સગા થતા હતા ? અને જમાલિની વીર ભગવંતથી શું વિપરીત પ્રરૂપણા હતી ?

(બ) શૂલપાણિના મહાવીર ભગવંત પ્રત્યેનાં કૃત્યો (સંક્ષિપ્તમાં) અને ભગવંતની તેની તરફની વર્તણુકનો ટુંકો ચિતાર તેમાંથી લેવા યોગ્ય સાર સહિત આપો. ૬

૩. નીચે જણાવેલા મનુષ્યોમાંથી ગમે તે ચારનાં ટુંક વૃતાંત લખોઃ—
૧ ઉત્પલ, ૨ સુદષ્ટ, ૩ ઉદાયિન, ૪ શ્રીદેવચંદ્ર, ૫ ચેલણા, ૬ સુલસા, ૭ રેવતી. ૮

૪. નીચેનાં વાક્યોનો પૂર્વાપર સંબંધ દર્શાવો (Give the context of):—

(અ) અર્હતો કદીપણ પર સહાયની અપેક્ષા રાખતા નથી.

(બ) પૂર્વ ભવના અભ્યાસથી તથા દુષ્ટ વાસનાના આવેશથી તે તીર્થંકર, ધર્મ, અને સાધુઓનો અત્યંત દ્વેષી થયો હતો. ૪

૫. વીર ભગવંતની છેલ્લી દેશનાનો સાર.

અથવા

અભય કુમારની દિક્ષાના સંયોગોનું વર્ણન લખો ૫

(આનંદઘનજીની ચોવીશી.)

૧. શ્રી આનંદઘનજી મહારાજનું સંક્ષિપ્ત ચરિત્ર લખો, અને તેમાંથી તેઓ કેવળ બાહ્ય અધ્યાત્મી ન હતા એવું તેમના વચન અને કૃત્યથી સિધ્ધ કરો. ૭

૨. નીચેનાં પદોનો અર્થ તમારી સ્વતંત્ર ટીકા સહિત લખોઃ-

(અ) ચિત્ત પ્રસન્ને રે પૂજન ફલ કહ્યું રે; પૂજ અખંડિત એહ;
કપટ રહિત થઈ આતમ અરપણા રે, આનંદઘનપદ રેહ.

(બ) ચરમાવર્ત હો ચરમ કરણથી રે, ભવ પરિણતિ પરિપાક.

(ક) તુરિય ભેદ પડિવત્તિ પૂજના, ઉપશમ ક્ષીણ સયોગી રે.

(ડ) નિરાકાર અભેદ સંગ્રાહક, ભેદ ગ્રાહક સાકારો રે;
દર્શન જ્ઞાન દુભેદ ચેતના વસ્તુગ્રહણ વ્યાપારો રે.

(ઇ) જીનવરમાં સઘળાં દરશન છે, દર્શન જીનવર ભજનારે;
સાગરમાં સઘળી તટની સહી, તટનીમાં સાગર ભજનારે. ૮

૩. નીચેનાં પદોમાંથી ગમે તે પાંચના પૂર્વાપર સંબંધ (Context) દર્શાવોઃ—

(અ) એ નિજમત ઉન્માદ. (બ) એ સબ લો વિષવાદ.

(ક) અનુભવ ગમ્ય વિચાર. (ડ) ગુરૂમુખ આગમ ભાખીરે.

(ઇ) ભાવ અધ્યાતમ નિજગુણ સાધે. (ફ) જેહની ભેટ થઇ તુઝરે.

(ગ) એક હી વાત છે મોટીરે. (હ) ક્રિયા અવંચક ભોગેરે. ૫

૪. (અ) સુમતિનાથજીના સ્તવનમાં આત્માના કેટલા ભેદ પાડયા છે અને તે સઘળાનું સ્વરૂપ તેમાં વર્ણવ્યું છે તે (લક્ષણ યુકત) લખો.

(બ) સૂક્ષ્મ નિગોદ અને બાદર નિગોદનું સ્વરુપ તમે સમજ્યા હો તે પ્રમાણે લખી લાવો.

(ક) નિદ્રા, સુપન, જાગર-ઉજાગર દશામાંથી (અવસ્થામાંથી) જીવને કયી કયી અવસ્થા કયે કયે ગુણ ઠાણે હોઇ શકે ? (કયા કયા ગુણઠાણા સુધી હોઈ શકે ?)

(ડ) નીચેના અર્થ વિવેચન સહિત લખોઃ—
આતમ અરપણા, અનંત ચતુષ્ક, નોકષાય શ્રેણી, શાંતિ સ્વરૂપ, નિગ્રંથતા. ૧૦

કુલ માર્ક. ૧૦૦

ધો. ૪ થું. (આગમસાર, તત્વાર્થાધિગમ સૂત્ર,)

(પરીક્ષકઃ–રા. રા. કેશવલાલ પ્રેમચંદ મોદી. B. A. LL B. અમદાવાદ.)

સવાલ.		માર્ક.
૧.	બાર વ્રતનું સ્વરૂપ વ્યવહારથી અને નિશ્ચયથી સંક્ષેપમાં સમજાવો અને બાર ભાવનાઓનો સમાવેશ ચાર ધ્યાનમાંથી કયા કયા ધ્યાનમાં થાય છે તે સમજાવો.	૧૧
૨.	છ દ્રવ્યમાં અસ્તિત્વાદિ (૬) ગુણ કેવી રીતે છે તે સમજાવો અને દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવનું સ્વરૂપ સમજાવો.	૧૪
૩.	જીવની સમ્યક્ત્વ પામ્યા પછીની અને પહેલાની સ્થિતિ કેવી હોય છે તે સમજાવો.	૧૦
૪.	આઠ વર્ગણાનું સ્વરૂપ સમજાવો.	૮
૫.	પ્રત્યક્ષ અને પરોક્ષ પ્રમાણનું સ્વરૂપ સમજાવો.	૭
૬.	બંધ કેટલા પ્રકારના છે ? અને બંધનું યથાર્થ સ્વરૂપ ભેદ સાથે સમજાવો	૧૦
૭.	વસ્તુ એકાન્ત નિત્ય અગર અનિત્ય માનવાથી શો દોષ આવે ? સાત નયનું ટુંક સ્વરૂપ સમજાવો.	૧૫
૮.	છ એ દ્રવ્યો જીવ અને પુદ્ગલને શો ઉપકાર કરે છે તેનું સ્વરૂપ સવિસ્તર યથાયોગ્ય સમજાવો.	૮
૯.	ચારે નિકાયના દેવોનું આયુષ્ય અને શરીર જઘન્યથી તથા ઉત્કૃષ્ટથી લખો.	૧૦
૧૦.	વ્યંજનાવગ્રહ અને અર્થાવગ્રહમાં તફાવત શો છે તે સમજાવો.	૭
	કુલ માર્ક.	૧૦૦

ધો. ૫ મું અ. (સ્યાદ્વાદ મંજરી તથા આઠ દૃષ્ટિની સઝાય.)

(પરીક્ષકઃ—પંડિત બહેચરદાસ. વાટકોપર.)

સવાલ.	(સ્યાદ્વાદ મંજરી.)	માર્ક
૧.	તમે જે ગ્રંથની પરીક્ષા આપો છો તેનું નામ શું ? અને તે ગ્રંથ કોના કયા ગ્રંથને અનુસારે લખાયો છે ? ' **न धर्महेतुर्विहिताऽपिहिंसा** '–ઇત્યાદિ અક્યારમા શ્લોકથી જે તમે સમજ્યા હો તે સવિસ્તર ટીકાને અનુસારે લખો. વેદોકત હિંસા કરવામાં પાપ બતાવાય છે અને જૈન શાસ્ત્રોકત મંદિરાદિ કરવામાં થતી હિંસા પાપરૂપ ન મનાય તેમાં શું હેતુ ?	૧૨
૨.	પરિણામ, સ્વતઃપ્રામાણ્ય, પરતઃપ્રામાણ્ય, અપૌરુષેય, પ્રપંચ, માયા, વાચ્ય વાચક, મંડૂકજટાભારાનુકાર, સર્વગત, સામાન્ય, વિશેષ, પ્રકૃતિ, પુરૂષ, તન્માત્રા, કાપિલ, ઉપચાર, કૂલહેતુભાવ, સૌગત અને વાસના એ શબ્દોનો અર્થ સ્પષ્ટ પ્રકારે લખો.	૮

૩. અનિત્ય અને ક્ષણિકમાં શું ભેદ ? 'વસ્તુ અસત્ છે' એ વાકયનો જૈન દૃષ્ટિએ શું અર્થ થાય અને વેદાંતની દૃષ્ટિએ શું અર્થ થાય ? 'આત્મા અનિત્ય છે' એ વાકયનો જૈન દૃષ્ટિએ અને ચાર્વાકની દૃષ્ટિએ શું અર્થ થાય ? સમવાયને સ્થાને જૈન દર્શન કયો સંબંધ માને છે ? અનુમાન માનવાનું શું કારણ ? ચાર્વાક લોકો અનુમાન સ્વીકારતા નથી તોપણ તેનો વ્યવહાર ચાલે છે કે નહીં ? ૧૫

૪. 'न तुल्यकालःफलहेतुभावः' ઇત્યાદિ શ્લોકની વ્યાખ્યા ભિન્ન ભિન્ન પ્રકારે ટીકાને અનુસારે લખો. ૧૨

૫. શબ્દ, ઇંદ્રિય, આત્મા, મન, બુધ્ધિ અને તમ એ છ પદાર્થ સંબંધે જૈન દર્શન તથા અન્ય દર્શનના મતભેદો સ્પષ્ટતાથી લખો. આજીવિકનય, ઔલુકયમત, વાચક મુખ્ય, સ્વયંભુવ, વૈશેષિક, બાણુ, શ્રીસિધ્ધસેન, હરિભદ્રાચાર્યપાદ, પ્રામાણિક પ્રકાંડ ઉદયન, નૈયાયિક, મીસાંસક, ભટ્ટ, શ્રીદેવસૂરિપાદ, ઇશ્વરકૃષ્ણ, વાદમહાર્ણવ, આસુરિ, વિંધ્યવાસી, ધર્મોત્તર, લૌકાયતિક, સ્માર્ત, સમંતભદ્ર અને પ્રાવચનિક; આટલાં નામો સંબંધે તમે જે કાંઈ જાણ્યું હોય તે લખો અને ટીકાકારે પોતાની ટીકામાં તેઓનું પ્રમાણ કયે કયે પ્રસંગે આપ્યું છે તે જણાવો. ૧૩

(આઠ દૃષ્ટિની સઝાય)

૬. 'આઠ દૃષ્ટિની સઝાય' એ સ્વાધ્યાય મૂળ કયા ગ્રંથ ઉપરથી ઉપજેલો છે ? આઠ દૃષ્ટિનાં નામ લખો. ૮

૭. દરેક દૃષ્ટિમાં વર્તતા જીવની અવસ્થા લખો. ૪

૮. 'સભા ત્રણ શ્રોતા ગુણ અવગુણ ન દીસૂત્રે દીસેજી.
એ જાણી એ ગ્રંથ યોગ્યને દેજો સુગુણ જગીશેજી' એ ગાથાનો અર્થ લખો. ૫

૯. 'બાહ્ય ભાવ રેચક ઇહાંજી; પૂરક અંતર ભાવ,
કુંભક ઉચરતા ગુણે કરીજી, પ્રાણાયામ સ્વભાવ.'
એનો અર્થ જણાવો. વેદ્યપદ અને અવેદ્યપદનો ભાવ જણાવો. ૭

૧૦. 'શબ્દ ભેદ ઝગડો કિસ્યોજી પરમારથ જો એક,
કહો ગંગા કહો સુરનદીજી વસ્તુ ફેર નહીં છેક' એનો અર્થ લખો.
'અંશે હોય ઇહાંઅવિનાશી પુદ્ગલ જાળ તમાસીરે,
ચિદાનંદઘન સુયશ વિલાસી કેમ હોય જગનો આશીરે.' એવો સ્વભાવ કઈ દૃષ્ટિમાં હોય છે ? ૧૩

૧૧. યમ, અભિગ્રહ, અવંચકયોગ, ચરમાવર્ત, દિઠ્ઠી; એ શબ્દનો અર્થ લખો અને આઠમી દૃષ્ટિની શરૂઆતની ત્રણ ગાથાનો અર્થ સ્પષ્ટતાપૂર્વક લખો. ૧૨

કુલ માર્ક. ૧૦૦

ધો. ૫ મું બ. (છ કર્મ ગ્રંથ.)

(પરીક્ષકઃ—શેઠ કુંવરજી આણંદજી. ભાવનગર.)

સવાલ.		માર્ક.
	(કર્મ ગ્રન્થ ૧ લો.)	
૧.	દર્શનાવરણીય કર્મની પછી ત્રીજું વેદનીય કર્મ શામાટે કહ્યું ? ને તેનો અર્થ શું ?	૨
૨.	મતિજ્ઞાનના અવગ્રહાદિ ચાર ભેદ છે તેના અર્થ સમજાવો.	૩
૩.	હીયમાન ને પ્રતિપાતી અવધિજ્ઞાનમાં ફેર શું ?	૨
૪.	વર્ણાદિ ચતુષ્કના ઉત્તર ભેદમાં શુભ અશુભ કયા કયા તે લખો.	૩
	(કર્મ ગ્રન્થ ૨ જો.)	
૧.	પાંચમે ગુણઠાણે ઉદયમાં કેટલી પ્રકૃતિ હોય અને તેમાં અંતે કેટલી પ્રકૃતિ ઉદયમાંથી ઘટે ?	૪
૨.	નવમે ગુણઠાણે વર્તતા સત્તામાં કેટલી કેટલી પ્રકૃતિ હોય ?	૩
૩.	શ્વાસોશ્વાસ નામ કર્મને આતપ નામ કર્મ સત્તામાંથી કયે ગુણઠાણે જાય ?	૩
	(કર્મ ગ્રન્થ ૩ જો.)	
૧.	જિન નામાદિ એકાદશક તે કઇ કઇ પ્રકૃતિનું બને છે ?	૩
૨.	ઔદારિક મિશ્રને વૈક્રિય મિશ્ર કાય યોગે બંધ કેટલી ને કઈ કઈ પ્રકૃતિનો હોય ?	૩
૩.	ઉપશમ સમકિતે વર્તતો કેટલી ને કઈ કઇ પ્રકૃતિઓ બાંધે ?	૪
	(કર્મ ગ્રન્થ ૪ થો.)	
૧.	અસંનિ મનુષ્યને અને અપર્યાપ્ત દેવતાને કેટલા ગુણઠાણા હોય ને કયા કયા હોય ?	૩
૨.	કેવલી સમુદ્‌ઘાતનું સ્વરૂપ લખો (વિસ્તારથી) તેમાં કયે કયે સમયે કયા કયા યોગ હોય ને તેનું કારણ શું ?	૭
૩.	ગુણઠાણા આશ્રી, સમકિત આશ્રી ને દર્શન આશ્રી ઔપશમિક ને કર્મગ્રંથિકનો મત કઈ કઈ બાબતમાં જુદો પડે છે ? તે કારણ સાથે જણાવો.	૫
૩.	નવ અનંતા શી રીતે થાય ?	૫
	(કર્મ ગ્રન્થ પમો.)	
૧.	અધ્રુવ બંધી પ્રકૃતિ કેટલી, કઈ કઈને શામાટે તે અધ્રુવબંધી છે ? તે જણાવો.	૫
૨.	વર્ણાદિ ચતુષ્કની ઉત્તર પ્રકતિ ૨૦ ની ઉત્કૃષ્ટ સ્થિતિ કેટલી ને નિષેક કાળ કેટલો ?	૫
૩.	સ્થિતિ બંધના ચાર પ્રકાર કયા કયા ? અનુત્કૃષ્ટ ને અજઘન્યમાં ફેર શું તે સમજાવો.	૩
૪.	પહેલે ને બીજે ગુણઠાણે વિચ્છેદ થતી ૪૧ પ્રકૃતિનો ઉત્કૃષ્ટ બંધાંતર કેટલો ને શા કારણથી ?	૭
	(કર્મ ગ્રંથ ૬ ઠો.)	
૧.	આયુ કર્મના સત્તાસ્થાન કેટલાં ને કયાં કયાં ?	૫
૨.	તિર્યંચગતિમાં નામ કર્મના બંધ સ્થાન, ઉદયસ્થાન ને સત્તાસ્થાન કેટલાં ને કયાં કયાં ?	૭
૩.	મનુષ્યગતિમાં નામ કર્મના ૨૩ ના બંધે ઉદયસ્થાન કેટલાં હોય ને તે કયારે કયારે હોય ?	૫
૪.	સ્થિતિઘાતાદિ પાંચ વાનાં ૮ મે ગુણઠાણે સમકાળે પ્રવર્તે છે તેનું સ્વરૂપ સમજાવો.	૫
૫.	ક્ષપકશ્રેણીમાં સંજ્વળન ચતુષ્ક શી રીતે ખપાવે. તે અશ્વકર્ણકરણાધ્ધા, કિટ્ટિકરણાધ્ધા ને કિટ્ટિવેદનાધ્ધાના સ્વરૂપ સાથે સમજાવો.	૮
	કુલ માર્ક.	૧૦૦

ધો. ૫ મું ક. (અધ્યાત્મ કલ્પદ્રુમ, દેવચંદ્રજીની ચોવીશી.)

(પરીક્ષકઃ—રા. રા. મોહનલાલ હેમચંદ વકીલ પાદરાકર. પાદરા.)

સવાલ.	(દેવચંદ્રજીની ચોવીશી)	માર્ક.
૧.	પ્રભુપણે પ્રભુ ઓળખીરે, નિર્મલ વિમલ ગુણ ગેહ જી. સાધ્ય દૃષ્ટિ સાધક પણેરે, વંદે ધન્ય નર તેહ જી. ॥ આ ગાથાનો અર્થ વિવેચન સાથે લખો.	૭
૨.	કાર્ય કારણ પણે પ્રણમે તહતી ધ્રુવ, કાર્ય ભેદે કરે પણ અભેદી, કર્તૃતા પરિણમે નવ્યતા નવ વિરમે, સકળ વેત્તા થકો પણ અવેદી, આ ગાથાનો અર્થ વિવેચન સાથે લખો.	૧૦
૩.	દરિશણ શબ્દ નયે કરે રે લાલ, સંગ્રહ એવંભૂતરે, વા૦ તુ૦ આમાં શબ્દ નયે દર્શન કેવી રીતે થાય ? તે સમજાવો.	૬
૪.	સંરક્ષણ વિણ નાથ છો, દ્રવ્યપણા ધનવન્ત હો જી. કર્ત્તાપદ કિરિયા વિના, સંત અજેય અનંત હો ॥ જી ॥ શ્રી૦ ॥ આ ગાથાનો અર્થ લખો.	૭
૫.	આઠમા શ્રીચંદ્રપ્રભુજીના સ્તવનમાં વર્ણવેલું તદ્વ્યતિરિક્ત દ્રવ્યનિક્ષેપ સેવનાનું સ્વરૂપ લખો.	૧૦
૬.	ચારિત્ર ગુણમાં કરણ, ક્રિયા અને કાર્ય એ ત્રિભંગી ઘટાવો.	૫
૭.	સામાન્ય સ્વભાવ તથા વિશેષ સ્વભાવનાં મુખ્ય લક્ષણ લખો.	૫
૮.	છ (૬) કારક સાધકપણે કેવી રીતે પરિણમે ? તે લખો.	૫

(અધ્યાત્મ કલ્પદ્રુમ.)

૯.	મૈત્र્યાદિ ચાર ભાવનાનું સ્વરૂપ લખો.	૭
૧૦.	આભિગ્રહિકાદી પાંચ પ્રકારના મિથ્યાત્વનું સ્વરૂપ લખો.	૮
૧૧.	નીચેના શ્લોકના અર્થ લખો ને તે દરેક શ્લોકના છંદ પણ જણાવો.	

(૧) **धत्से कृतिन् ! यद्यपकारिषु, क्रोधं ततो धेह्यरिषट्क एव ।**
अथोपकारिष्वपि तद्वदार्त्तिकृत्कर्महन्मित्र बहि र्द्विषत्सु ॥

(૨) **विना कषायान्न भवाब्धिराशिर्भवद्भवेदेव च तेषु सत्सु ।**
मूलं हि संसारतरोः कषाया स्तत्तान् विहायैव सुखी भवात्मन् ॥

(૩) **धिगागमैर्मार्गयसि रंजयन् जनान्, नोद्यच्छसि प्रेत्यहिताय संयमे ।**
दधासि कुक्षिंभरिमात्रतां मुने । क ते क तत् क्वे ष च ते भवांतरे ॥

(૪) स्वाध्याय योगैश्चरणक्रियासु । व्यापारणैर्द्वादश भावनाभिः ।
सुधिस्त्रियोगी सदसत्प्रवृत्ति फलोपयोगैश्च मनो निरुंध्यात् ॥

(૫) आराधितो वा गुणवान् स्वयं तरन्; भवाब्धिमस्मानपि तारयिष्यति ।
श्रयन्ति ये त्वामिति भूरिभक्तिभिः, फलं तवैषां च किमस्ति निर्गुण ॥ ૩૦

કુલ માર્ક. ૧૦૦

ધો. ૫ મું ડ. (ઉપદેશ પ્રાસાદ ભાગ પાંચ.)

(પરીક્ષકઃ—શેઠ કુંવરજી આણંદજી. ભાવનગર.)

સવાલ. માર્ક

૧. આભિરીને ઠગનાર વણિકનું ટુંકું વૃત્તાંત લખો. તેમાંથી સાર શું લેવા યોગ્ય છે તે જણાવો. ૫

૨. ચોથા વ્રતના પાંચ અતિચાર સમજાય તેવી રીતે લખો. ૫

૩. ચાર પ્રકારના અનર્થદંડ સમજાવો. ૫

૪. બાવીશ અભક્ષ્યનાં નામો લખો અને તેના અભક્ષ્યપણાના કારણ ટુંકામાં સાથેજ લખો. ૧૦

૫. ધનપાળ પંડિતને શોભનમુનિએ શી રીતે પ્રતિબોધ પમાડયો ? ૫

૬. સ્થંભવસૂરિને પ્રભવસ્વામીએ શી રીતે પ્રતિબોધ પમાડયો ? ૫

૭. સિંહ ગુફાવાસી મુનિને વેશ્યાએ શીરીતે પ્રતિબોધ પમાડયો ? ૫

૮. જ્ઞાન પંચમીની આરાધના કોણે કરી ? ક્યારે કરી ? ને શા કારણે કરી ? ૧૦

૯. હુતાશિનીનું પર્વ શાથી થયું ? તે કોનું પર્વ છે ? અને તે પર્વમાં જૈનોએ શું શું કરવા યોગ્ય નથી ? ૧૦

૧૦. શ્રાવકનાં વાર્ષિક કૃત્યો ક્યાં ક્યાં છે ? ૧૦

૧૧. દશ ચંદુઆ કયે કયે સ્થળે બાંધવાના છે ? તે પ્રસંગ ઉપર કોનું દૃષ્ટાંત છે ? ૫

૧૨. પ્રતિક્રમણના આઠ પર્યાય કયા કયા છે ? પ્રતિક્રમણ એટલે શું ? અને તે શામાટે કરવું ? ૧૦

૧૩. કંડરિક ને પુંડરિકના દૃષ્ટાંત પરથી સાર શું લેવા યોગ્ય છે ? ૫

૧૪. જીવની અને તેના નિત્યપણાની સિદ્ધિ તેના નાસ્તિપક્ષીના કથનને નિરાસ કરવા પૂર્વક કરી બતાવો. ૧૦

કુલ માર્ક. ૧૦૦

ધો. ૫ મું ઈ. (ત્રિષષ્ટિ શલાકા પુરૂષ ચરિત્ર પર્વ ૧ થી ૧૦)

સવાલ.	(પરીક્ષકઃ—શેઃ કુંવરજી આણંદજી. ભાવનગર.)	માર્ક.
૧.	શ્રી ઋષભદેવ ક્યારે થયા ? તેને ને પાર્શ્વનાથને અંતર કેટલું ?	૫
૨.	શ્રી ભરતચક્રી ક્યારે થયા ? તેને ને સગરચક્રીને અંતર કેટલું ?	૫
૩.	આઠમા ને નવમા વાસુદેવ ક્યારે થયા ? તેને આજે કેટલા વર્ષ થયાં ?	૧૦
૪.	કયા કયા પ્રભુએ રાજ્ય નથી કર્યું ? અને કયા કયા પ્રભુ પરણ્યા નથી ?	૫
૫.	સામાન્ય ચક્રીમાં ને તીર્થંકર ચક્રી થાય તેમાં શું ફેર ? દિગ્વિજય કરવાના પ્રસંગમાં બંનેની પ્રવૃત્તિમાં શું તફાવત છે ?	૧૦
૬.	ચોવિશે પ્રભુએ ખાસ કરીને શું શું વિષયને મુખ્ય કરીને દેશનાઓ આપી છે ? તે ચોવીશેના વિષય લખો.	૧૫
૭.	કયા કયા પ્રભુને દીક્ષા લીધા પછી ઉપસર્ગ થયા છે ? અને તેવું ફળ આપનાર કર્મ તેમણે કયારે ને શી રીતે બાંધ્યું હતું ?	૧૦
૮.	નારદો કયારે કયારે થાય છે ? ને તેની ગતિ શું થાય છે ?	૫
૯.	મહાવીર સ્વામીના વખતમાં કયા કયા રાજાઓ જૈની હતા ?	૧૦
૧૦.	અભયકુમાર ચંડપ્રદ્યોતથી શી રીતે છેતરાણો ? ત્યાંથી તે કઈ યુક્તિએ છુટયો અને પછી ચંડપ્રદ્યોતને તેણે શી યુક્તિએ છેતર્યો તેનુ ટુંકુ વૃત્તાંત લખો.	૧૫
૧૧.	તીર્થંકરના આખા જન્મની અંદર વધારે પુણ્ય પ્રકૃતિના ઉદયવાળો વિભાગ કયો છે ? અને બીજા વિભાગ કરતાં તેમાં વિશેષતા શા કારણથી ?	૧૦
	કુલ માર્ક.	૧૦૦

શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બૉર્ડ.

ભાઇ રતન–શેઃ ઉત્તમચંદ કેશરીચંદના પત્નિ

શ્રી–જૈન ધાર્મિક હરીફાઇની પરીક્ષા.

સં. ૧૯૭૨ ના માગશર વદ ૫ ને રવિવારે દિવસના એક વાગ્યા થી ચાર વાગ્યા સુધી.

તા. ૨૬–૧૨–૧૯૧૫.

અવિવાહિત કન્યાઓનું ધોરણ ૧ લું.

વિષયઃ—સામાયિક, દેવવંદનવિધિનાં સૂત્રો, નવ અંગ પૂજાના દોહા.

જીવ વિચારની પચ્ચીસ ગાથાના બોલ અને પુત્રી શિક્ષા.

(પરીક્ષકઃ—રા. રા. શંકરલાલ ડાહ્યાભાઈ. અમદાવાદ.)

સવાલ.	(પુત્રી શિક્ષા)	માર્ક.
૧.	પુત્રીએ જાણવાની શામાટે જરૂર છે. અને ના જાણે તો તેથી શું નુકસાન છે તે દાખલા સાથે સમજાવો.	૮
૨.	અત્રિ ઋષિની પત્ની અનસુયા અને સીતાજી વચ્ચે થએલી વાતચીત ઉપરથી શો બોધ મળે છે તે લખો.	૮

૩. સામાન્ય રીતે ગૃહવ્યવસ્થાનું વર્ણન લખો. ૮

(જીવ વિચાર)

૧. જીવના મુખ્ય બે ભેદ કયા અને તેની વ્યાખ્યા લખો. ૫

૨. નીચેના જીવો કઇ જાતના અને કેટલી ઇંદ્રિયવાળા છે તે લખો.
પલેવા, સોવીરંજણ, હરિતાણુ, પિપીલી, ઢિંકુણ, કુન્થ્વ, નાગકુમાર, નક્ષત્ર, કિન્નર, પુયરગા (પોરા.) ૧૦

૩. નીચેના શબ્દના અર્થ લખો.
મૂલગ, અલયતિય, મુમ્મુર, ઉબ્ભામગ, અણુંતાય, જાણુણુઠં. ૬

૪. સાધારણ વનસ્પતિકાય કઇ કઇ અને પ્રત્યેક વનસ્પતિકાય કરતાં તેમાં શાથી અધિક દોષ છે તે જણાવો. ૬

(પ્રતિક્રમણ.)

૧. સામાયિકનો અર્થ લખો. ૮

૨. કરેમીભંતે અને પચેંદ્રિય સૂત્ર શું સુચવે છે તે લખો. ૮

૩. નીચેની ગાથાનો અર્થ લખો.
ચંદેસુ નિમ્મલયરા, આઇચ્ચેસુ અહિયં પયાસયરા
સાગરવર ગંભિરા, સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ. ૮

(દેવવંદન વિગેરે.)

૧. પ્રભુનાં નવ અંગ શાથી પૂજાને પાત્ર છે ? ૫

૨. નીચેના શબ્દના અર્થ લખો.
વિવર, વરતુલ, સંપૂટ, દાયક, લોકાંતિક, રત્નત્રયી, અભિનંદ, વિશરામ, ભવિ, જાનુ. ૧૦

સ્વચ્છતા અને સ્વચ્છતા માટે. ૧૦

કુલ માર્ક. ૧૦૦

અવિવાહિત કન્યાઓનું ધોરણ બીજું.

વિષય:—જીવવિચાર, નવતત્વ, ઉપદેશ પ્રાસાદ ભાગ ૧ લો, હિત શિક્ષા છત્રીશી.

(**પરીક્ષક**—રા. રા. નંદલાલ લલ્લુભાઈ વકીલ. વડોદરા.)

સવાલ.	**માર્ક.**
૧. જીવો કેટલા પ્રકારના છે એ વિગતવાર જણાવો.	૮
૨. નીચે જણાવેલી વસ્તુનો શેમાં સમાવેશ થાય છે ? સોનું, અભ્રક, બરફ, મંકોડા.	૪
૩. સાધારણ વનસ્પતિને ઓળખવાને તેનાં કયાં કયાં લક્ષણ જીવવિચારમાં બતાવ્યાં છે !	૮
૪. જીવનું લક્ષણ નવતત્ત્વમાં કેવા પ્રકારનું બતાવ્યું છે ?	૧૦

૫. પુણ્ય કેટલા પ્રકારથી બંધાય છે તે વિગતવાર જણાવો. ૬

૬. સ્ત્રીલિંગે તથા ગૃહસ્થલિંગે કેવળજ્ઞાન ઉત્પન્ન કરી મોક્ષમાં જવાય કે નહીં? ને એ વર્ગ પૈકી કોઈ મોક્ષે ગયા હોય તો તેનાં નામ જણાવો. ૪

૭. સમકિત કોને કહેવાય ? તે કેટલા પ્રકારથી પ્રાપ્ત થાય ? ૮

૮. સમકિતના સડસઠ ભેદમાં શ્રધ્ધાના કેટલા પ્રકાર બતાવ્યા છે ? ને તે કયા કયા ? ૮

૯. કયાં કાર્ય કરવાથી, અને શું સેવવાથી જીવ નરકે જાય છે ? ૪

૧૦. નીચેના પ્રશ્નોના જવાબ અનુક્રમવાર લખવાના છે.

(૧) શીલનું પાલણ કરવામાં મુખ્ય કારણ કયું છે ?

(૨) કુલીન માણસોએ કંઠે પ્રાણ આવે તો પણ શું કરવું નહીં ?

(૩) સતી સ્ત્રી, પ્રાણનો નાશ થાય તો પણ શું (યુકતિ) મુકતી નથી ?

(૪) સત્ય પુરુષો કેટલાને ગુરૂ માને છે ? ૧૬

૧૧. નીચેના પ્રશ્નોના જવાબ અનુક્રમવાર લખો.

(૧) ગુહ્યની વાત કોને ન કહેવી ?

(૨) કોની જોડે પરગામ જવું નહીં ?

(૩) પારકે ઘેર કયારે ન જવું ?

(૪) સંસારનું કામ કયું કયું કામ કર્યા પછી કરવાની શરૂઆત કરવી ? ૮

૧૨. કુલવંતી સતીને શિખામણ આપવાને જે ટુંકો કહેલી છે તેમાંથી તમોને યાદ હોય તેવી બે ટુંકો તેના અર્થ અને ભાવાર્થ સાથે લખો. ૧૬

કુલ માર્ક. ૧૦૦

સ્ત્રીઓનું ધોરણ ૧ લું.

વિષય:—બે પ્રતિક્રમણ, જીવવિચાર પ્રકરણનો સાર, ચાર કષાયની સજ્ઝાય તથા બે ગહુંલીઓ.

(**પરીક્ષક**—શેઠ કૃતેચંદ ઝવેરભાઈ. **ભાવનગર.**)

સવાલ. **બે પ્રતિક્રમણ.** **માર્ક.**

૧. નીચેના શબ્દોના અર્થ લખો.

નવજલહર, મુસુમૂરણૂ, ચત્તારિ, પસીયંતુ, પિહિણે, પરદારગમણ વિરઇઓ, વાણી સંદોહદોહે, વિસ્તરો, ભગવઈ, ભત્તિ, રસા, ઉસ્સુત્તો, સંદિસહ, સદ્વહણા, સુપાટ, અણગાર, અપ્પોલ, અહયંપિ, તિદંડ અને ભારવહો. ૧૫

૨. નીચેની ગાથાઓ લખો અને સમજાવો.

(૧) ઇચ્છામિઠામિ કાઉસ્સગ્ગં

(૨) યશ્ચૈનં પઠતિ સદા,

(૩) સમ્મદ્દિઠ્ઠી જીવો,

(૪) ઇચ્ચાઇ મહાસઇઓ, ૨૦

૩. નીચેની હકીકત બરાબર સમજાવો.

ગર્વે ગુણ જાએ ગળી, લોભનો થોભ દીસે નહીંરે,
તો પામ્યા સ્ત્રી વેદરે, અને, ઉપર મણિધર થાયે તે મરીરે. ૧૦

૪. સામાયિક પારવાની વિધિ લખો. ૫

૫. કષાય શબ્દનો અર્થ લખો અને શું કરવાથી કષાય અટકે તે સમજણ પ્રમાણે લખો.

જીવ વિચાર.

૬. પાંચ સૂક્ષ્મ સ્થાવરને કેટલી અને કઈ ઇંદ્રિઓ હોય છે ? પૃથક્ત્વ એટલે શું ?

૭. વિજળી, અબરખ, યેળ, બગાઈ, ગલેા, રસેંદ્ર, મધા, ગાય, નક્ષત્ર, ઇશાન અને ગંધર્વ એ શાના શાના પ્રકાર છે તે લખો. પંચેંદ્રિયના કેટલા પ્રકાર છે તે દર્શાવો. આપણે તેમાંથી કયા પ્રકારમાં છીએ ? ૨૦

૮. મનુષ્યો કેટલાં ક્ષેત્રમાં રહે છે ? ખેચર, સર્પ, વાયુકાય, જૂ અને સર્વ જાતિના કંદનું આયુષ્ય વધારેમાં વધારે કેટલું ? ૧૫

સ્પષ્ટતા અને સ્વચ્છતા માટે. ૫

કુલ માર્ક. ૧૦૦

શ્રીઓનું ધોરણ ૨ જું.

વિષય (નવસ્મરણ, પંચ પ્રતિક્રમણ.)

(પરીક્ષક—રા. રા. ચંદુલાલ ગોકળદાસ ઝવેરી. B. A. નડીયાદ)

સવાલ. **માર્ક.**

૧. નીચેના શબ્દોના અર્થ લખો.

મિથ્યાત્વશલ્ય, અનર્થદંડ, સસિત્થેણ, મક્ખિયાએણં, મંગુલ, ગોક્ષિક, નિચય, આવશ્યક.

અથવા.

નીચેના છ માંથી ચાર વિષે જે જાણતા હો તે લખો.

આઠ મહાભય, ઉત્કૃષ્ટ કાલ, મુક્તાશુક્તિ મુદ્રા, પરંપરનિહાણું, અતિથિ સંવિભાગવ્રત, આઠ મહા પ્રાતિહાર્ય. ૮

૨. પાક્ષિક પ્રતિક્રમણ કરતી વખતે ત્રીજા આવશ્યકની મુહપતિ પડિલેહા પછીથી તે છઠ્ઠા આવશ્યકની મુહપતિ પડિલેહવા સુધીનો વિધિ લખો. ૧૦

૩. નીચેની ગાથાઓ અર્થ સાથે લખો.
સકલાર્હતમાં વર્ણવેલું દેવનું સ્વરુપ.
" થુઅવંદિ અસ્સા " થી શરૂ થતી ગાથા.
" ત્વામવ્યયં " થી શરૂ થતી ગાથા.
" સ્વામિન્નનલ્પગરિમાણમપિ " થી શરૂ થતી ગાથા.
"વિશ્વેશ્વરોઽપિ" થી શરૂ થતી ગાથા. ૧૫

૪. " અબ્ભિંતરઓ તવો હોઇ " તે પદવાળી ગાથા ટુંક વિવેચન સાથે લખો; તેમાં આચાર બતાવ્યા છે કે અતિચાર તે સમજાવો. ૧૦

૫. પચ્ચખાણ લેવાનો હેતુ તથા તેના ભેદ લખો. અપવાસને શાસ્ત્રમાં " ચઉત્થ ભત્તં " શા માટે કહે છે તે સમજાવો

અથવા

" વિષધર સ્ફુલિંગ" નામનો ચિંતામણી મંત્ર લખો અને તે વિષે જે કોઈ ગાથા કે ગાથાઓ તમે જાણતા હો તે અર્થ સાથે લખો. ૧૦

૬. નીચેનાં પદો કયાં સૂત્રોમાં આવ્યાં છે અને તે શું સંબંધમાં અને અર્થમાં વપરાયાં છે તે લખોઃ--

મુખ્ખ મગ્ગ સંસગ્ગ વિગ્ઘ ભૂયાઈં.
પ્રભુ સ્તુલ્ય મનોવૃત્તિઃ
અચિંત્ય માહાત્મ્ય નિધિઃ
સલિલાદિ ભય વિનાશી.
ઇચ્ચિ સત્તરી સયં જંતં. ૧૫

૭. સોળ "વિદ્યા દેવીઓ" ના **અથવા** "મરગય ઘણુ સન્નિહ" વર્ણવાલા જિનેસ્વરોનાં **અથવા** " શ્રાવકના ચૌદ નિયમોનાં નામ લખો. ૭

૮. બોહરા કુંટુમ્બમાં રહેતી સુશ્રાવિકા આ ભવને પરભવ સુધારવાને શી દિન કરણી કરે તે વીશ લીટીમાં લખો.

અથવા.

" સદ્ધાણુ કિચ્ચ મેઅં નિચ્ચં સુગુરૂ વએસણુ" તે પદ વાલી સઝાયમાં લખેલી શ્રાવકની કરણી લખો. ૧૫

સ્વચ્છતા તથા શુધ્ધતા વગેરેને માટે ૧૦

કુલ માર્ક. ૧૦૦

સ્ત્રીઓનું ધો. ૩ જું.

વિષયઃ-નવતત્ત્વ, ત્રણ ભાષ્યનો સાર, ઉપદેશ પ્રાસાદ ભાગ ૧ લો, સ્તવનો.
(**પરીક્ષક**-રા. રા. ઉમેદચંદ હાલતચંદ અરોડિયા. B. A. મુંબઇ.)

સવાલ. **માર્ક.**

૧. પર્યાપ્તિ એટલે શું ? તે કેટલી છે ? જુદી જુદી પર્યાપ્તિઓ જીવોમાં કેવી રીતે વહેંચાયેલી છે ? પ્રાણ અને પર્યાપ્તિમાં કેટલો તફાવત છે ? ૯

૨. (અ) અસ્તિકાય એટલે શું ? તે કેટલા છે ? કાળને શામાટે અસ્તિકાય ન કહેવો ?
(બ) પરમાણુ, પ્રદેશ, દેશસ્કંધ, એ સર્વની વ્યાખ્યાઓ આપો અને એક બીજા સાથે સરખાવો. ૭

૩. સંવર તત્ત્વનું સંપૂર્ણ સ્વરૂપ, તેના વિભાગો સાથે સમજાવો. ૧૦

૪. (અ) સમકિત એટલે શું ? તેના ત્રણ ભેદનાં નામ આપો અને તે બધાનું સ્વરુપ દેખાડો.
(બ) સમકિતના ત્રણ લિંગ ગણાવો ને તે દરેક ઉપર એક એક દૃષ્ટાંત ટુંકમાં આપો. ૧૦

૫. સ્થૈર્ય પ્રભાવના અને તીર્થ સેવા સાથે સમકિતનો સંબંધ જણાવો અને તેના ઉપર કોઇ પણ એક દૃષ્ટાંત સંપૂર્ણ રીતે વર્ણવો. ૧૦

૬. કાર્તિક શેઠ, સદ્દાલ પુત્ર, ને કુરગડુ મુનિ વિષે સમકિતના અંગે તમે જે જાણતા હો તે લખો. ૧૦

૭. વાંદણાં દેતી વખતે સાચવવાનાં આવશ્યક વર્ણવો. ૧૦

૮. સંપદાનો અર્થ લખો. તે કેટલી છે ? સાત સૂત્રોને વિષે કેટલી કેટલી છે તે ગણાવો. ૧૦

૯. ઉત્તરગુણ પચ્ચખાણ એટલે શું ? તેના દશ પ્રકારનું ટુંક વર્ણન કરો. ૧૦

૧૦. 'સ્વામી દર્શન સમો નિમિત્ત લહી નિર્મલો' ત્યાંથી શરૂ કરી માત્ર બે કડી લખો અને તેના અર્થ સમજાવો. ૧૫

કુલ માર્ક. ૧૦૦

સ્ત્રીઓનું ધોરણ ૪ થું.

વિષયઃ—આગમસાર, ગુણસ્થાનક્રમ, શિલોપદેશ માળા અને માને શિખામણ.

(પરીક્ષક—રા. રા. મનઃસુખલાલ કીરત્ચંદ મહેતા. બીરબી.)

સવાલ.	(આગમસાર તથા ગુણસ્થાન ક્રમ.)	માર્ક.
૧.	બાર ભાવના કઈ કઈ તે તથા તેનું ટુંક સ્વરુપ લખો, તથા નિગોદનું સ્વરુપ સમજાવો.	૨૦
૨. (અ)	નીચેનાના અર્થ સમજાવોઃ— ૧. સમકીત, ૨. મિથ્યાત્વ, ૩. અવિરતિ, ૪. સાદીકર્મ, ૫. નિર્લજ્જન કર્મ, ૬. ઇંગાલ કર્મ.	
(બ)	તથા નીચેનાનાં નામ લખોઃ— ૧. ૭ દ્રવ્ય, ૨. ચાર ધ્યાન, ૩. ધર્મ ધ્યાનના પાયા, ૪. ચાર નિક્ષેપા, ૫. ચાર પ્રમાણ, ૬. સાત નય, ૭. પાંચ અનુપ્રેક્ષા, ૮ પાંચ સમવાય.	૧૨
૩.	દેશ વિરતિ, ઉપશાંત મોહ અને અયોગિનું ટુંક સ્વરૂપ લખો; અને નિશ્ચય તથા વ્યવહાર એટલે શું ? અને ૭ દ્રવ્યમાં દરેકમાં શું ગુણ હોય ? તે જણાવો.	૨૨
	(શિલોપદેશમાળા તથા માને શિખામણ.)	
૪.	મદનરેખા, નર્મદા સુંદરી કે સુભદ્રા એ ત્રણમાંથી ગમે તે એકની ટુંક વાત લખો, અને રૂષિદત્તા, દમયંતિ તથા કળાવતીનાં ચરિત્રમાંથી શું બોધ મળે છે ? તથા શ્રી મલ્લિનાથજી સ્ત્રીપણે કેમ અવતર્યા અને તેણે છ રાજાને કેવી રીતે પ્રતિબોધ્યા તે જણાવો.	૨૦
૫.	બેથી દશ વરસ સુધીનાં છોકરાંને કેમ જાળવવાં તે બાબતમાં જાણતાં હો તે લખો.	૧૪
૬.	આપણા દેશમાં સુવાવડની રીતમાં શું સુધારાની જરુર છે ? બાળગોળીથી અને બાળલગ્નથી શું નુકસાન છે ? અને બાળકને હેડકી, આંચકી અને મરડાના વ્યાધિમાં શું ધરગતુ ઉપાય કરી શકાય ? તે લખો.	૧૨

કુલ માર્ક. ૧૦૦

ઐક્ય ક્યારે કરીશું ? હમણાંજ.

[અનુસંધાન આ અંકના પૃ. ૮ થી.]

છીએ કે નાતાલમાં મળેલા ભારત જૈન મહામંડલમાં તે જરૂર સ્વીકારવાનો ઠરાવ કરવામાં આવ્યો નથી.

હમણા હોમરૂલ—સ્વરાજ્યના બણગાં જ્યાં ત્યાં ફૂંકાય છે તેના પર જબરી ઝુંબેશ ચાલે છે, મોડરેટ અને એકસ્ટ્રીમિસ્ટ (વિનીત અને ઉદ્દામ) પક્ષવાળા પરિશ્રમ લેતા જાય છે, તેવા સમયમાં આપણા દુર્ભાગ્યે પ્રજાના અંગભૂત તરીકે જૈનો એક બીજા જોડી ના મરે એ શું પ્રજાકીય ઉન્નતિમાં મહાન અવરોધ પાડવા જેવું નથી ? એનેજ લક્ષને જૈનોના સામાન્ય તહેવારો પણ એકસરખા ન બનાવી શકીએ અને તેથી જાહેર તહેવારો તરીકે સરકાર પાસે મંજૂર કરાવી ન શકીએ એ આપણને ઓછું ઉતારી પાડનારૂં છે ?

આ સંબંધે પ્રોફે૦ ખુશાલ તલકશી શાહે મુંબઇમાં ભારત જૈન મહામંડળનો ગત નાતાલમાં વાર્ષિક ઉત્સવ થયો તે વખતે જે ઉચ્ચ આશયવાળા વિચારો કહ્યા હતા તે નીચે પ્રમાણે છેઃ—

" **ઐક્યની અગત્ય**- બાહ્ય દુનિયાના વિદ્વાનો જૈન તત્ત્વો ની આધુનિક વિજ્ઞાન સાથે અનન્ય સમાનતા જોઇ વિસ્મિત થયા છે અને ઘણા જૈનો પણ આપણા ધર્મનાં તત્વો અને આધુનિક વિદ્વાનોના વિચારો વચ્ચે સરખાપણું જોઇ અજાયબ થશે, પણ સામાજિક ઉન્નતિ અને ધર્મ પ્રચારનો બેવડો ઉદ્દેશ સિદ્ધ કરવાને છુટા છવાયા મનુષ્યોના પ્રયત્નો પ્રેરાતા નથી અને આપણા ભિન્ન ભિન્ન ફિરકાઓના પ્રયત્નો તો અનિષ્ટજ છે, કારણ કે તેઓ જૈન ધર્મનાં મૂળતત્ત્વોની અનુપમ સુંદરતા અને સત્યતાને બદલે જૈન ફિરકાઓના પરસ્પર તફાવત ઉપર વધારે ભાર મૂકે તે તદ્દન સંભવિત છે. બાહ્ય દુનિયા માટે તો જે કોમ જીવવા અને પોતાની સંખ્યા વધારવાનો હક્ક ચાહતી હોય તેણે એકતાજ દર્શાવવી જોઇએ. જૂદા જૂદા વિભાગોની છુટક મહેનત કાંઇ સાધી શકતી નથી; દાખલા તરીકે આગળની પૃથક કૉન્ફરન્સ ભરાતી અને તેના પરિણામે વિભાગોનું પરસ્પરનું વેર વધતું અને મૂળ વિભાગમાં પણ કાંઇ સારૂં પરિણામ નિપજતું નહિ. આ વિભાગોમાં એકતાની ખામી ઘણીવાર સરકારને પણ બહાનારૂપ થઈ પડતી; દાખલા તરીકે આપણાં મહાપર્વો જાહેર તહેવાર તરીકે પળાય એ માટે સરકારને અરજી કરવામાં આવી ત્યારે સરકારે એવું બહાનું આપ્યું કે આપણે પોતે કઇ તારીખે આપણાં મહાપર્વોને જાહેર તહેવાર મનાવવા તે માટે એકમત થઇ શકતા નહોતા. આ ફક્ત એકજ દૃષ્ટાંત છે કે જેથી બાહ્ય જગત પર આપણે કેવી અસર કરીએ છીએ તેનું અનુમાન થઇ શકે અને આવા વિષયમાં સંયુક્ત કોમ સત્વર સુધારો કરી શકે,"

" **ઐક્ય સમાજનું બંધારણ**—આપણી કોમની જરૂરો કેમ પૂરી પાડવી તેમાટે આપણા ઐક્ય, અને બંધારણની અને પછી દ્રવ્યની અગત્ય છે. બંધારણ સંબંધી એટલુંજ કે જેથી આપણા ત્રણ મુખ્ય ફિરકા મટી એક થાય અને તે એકજ નિશ્ચયથી, એકજ પદ્ધતિએ કામ કરે તે બંધારણ આવશ્યક છે, અને તેને માટે એક નાની પણ જૂદા જૂદા

પ્રાંતોના પ્રતિનિધિઓની બનેલી, સદા કાયમની અને અમુક સ્થળે ઠેરવેલી કારોબારી મંડળી, અને તેની સાથે એક મોટી અને સમાજે ચુંટેલી વિચારશીલ પુરૂષોની સમાજના ધારા ઘડનાર સભા ચાલુ કરીએ તો આપણું કર્તવ્ય સિદ્ધ થાય. આખી કોમની એક જ સ્થળે રહેલી કારોબારી મંડળી નીચે દરેક પ્રાંતમાં, દરેક મથકમાં, તેવીજ જાતની તે પ્રાંત માટે કારોબારી મંડળી કરવી કે જેથી કરી કોમનું દરેક ગામ, દરેક મથક, દરેક પ્રાંત પરસ્પર સંબંધમાં રહે. વિચારશીલ સભામાં આપણાં ધર્મવિરૂદ્ધ, સમાજ વિભાગને લગતા, આપણા આર્થિક અને શારીરિક જરૂરીઆતને લગતા, આપણા લગ્ન સંબંધી રિવાજોને લગતા, પરદેશગમન અને કેળવણીને લગતા, વિષયો ચર્ચાવા જોઇએ, અને તે માટે એક જ પ્રાપ્તિ, એકજ નિશ્ચય અને એકજ સિદ્ધાંતનું અનુસરણ કરવું જોઇએ. વિચારશીલ સભા જે ઠરાવ પસાર કરે તે કારોબારી મંડળી ગામેગામ પ્રાંતેપ્રાંત અમલમાં આણવાની કોશીષ કરે. તે ઉપરાંત કારોબારી મંડળે કોમને લગતા ઉપયોગી વિષયની ખબર અને તેના આંકડાંઓ દરવર્ષે અથવા દર પાંચ વર્ષે તૈયાર કરવા જોઇએ અને તે આંકડા પરથી કોમને દરવર્ષ કેવી જરૂરીઆત છે અને તે કેમ પૂરી પાડવી તે સંબંધી વિગતો અને સૂચનાઓ તૈયાર કરી વિચારશીલ સભામાં રજુ કરી પસાર કરાવવી અને છેવટે જે કોઇ વિષયમાં ખાસ કાયદાની અગત્ય જણાય તેની જરૂરીઆત અથવા તે સંબંધી વિચારો સરકાર સમક્ષ રજુ કરવા."

આમાં કેટલુંક કોઇ મગજને ખ્યાલી—શેખચલ્લી જેવું કે utopia જેવું લાગશે, પણ તેમાં સૂક્ષ્મતાથી ઉતરતાં જણાશે કે તે કલ્પના ભવ્ય છે–આકર્ષક છે. વાતનો સાર એ છે કે જે જે રસ્તો જે જે પદ્ધતિ યોગ્ય લાગે તે તે પ્રમાણે સંપ—ઐક્ય સાધવાની જરૂર છે. જરા ઉંડાણથી વિચાર કરો, મતભેદ નાનાનાના ભૂલી જાઓ અને મહાવીર શાસનના એકત્રિત સંઘ તરીકે બહાર પડો તો જોઇએ મજા કે કેવાં મહાભારત કામો કરી શકો છો ! આપણે પણ ભારત માતાનાં જ સંતાન છીએ, એ ઉપરાંત મહાન પિતા મહાવીરનાં બાલકો છીએ તો મહાવીરના વિશ્વવંદ્ય નામથી તે નામના માન ખાતર એકત્રિત થઇ ભારત માતાના ખરા, શૂરા અને સાચા સંતાન બની બહાર પડવા ચાલો આપણે સજ્જ થઇએ અને વિજય-ધ્વનિ કરી હિંદને ગજાવીએ !

—તંત્રી.

મહમદ પાતશાહનું વર્ણન.

(એક જૂની જૈન પ્રત પરથી અક્ષરશઃ નકલ ઉતારી છે તેમાં જ્ઞાતિ વગેરેના જૂદા જૂદા પ્રકાર ઐતિહાસિક દ્રષ્ટિએ ધ્યાન ખેંચે છે તેથી અત્ર પ્રસિદ્ધ કરેલ છે. તંત્રી.)

ગજે રથૈરશ્વ પદાતિવૃંદૈઃ
ષટ્ ત્રિંશતા રાજકુલૈશ્ચ સેવ્યઃ ।
પાતા પ્રજાનાં વિજયી વિભાતિ
ભૂપઃ સુરત્રાણ મહમ્મદાખ્યઃ ॥ ૧

આ સમુદ્રાંત પૃથ્વી તણુ સ્વામી, મર્યાદા મયરહર, શરણાંગત વજ્રપંજર, પરનારી સહોદર, રંઢ રાવણ, સત્યપ્રતિજ્ઞા હરિશ્ચંદ્ર, ન્યાય શ્રી રામ, દાની શ્રી વિક્રમાદિત્ય, કલિકાલ કર્ણ, ધનુર્વેદિ દ્રોણાચાર્ય, પ્રકટ પ્રતાપ, શ્રી મહમ્મદ પાતશાહ, ભદ્રજાતી, મૃગજાતી, મિશ્ર જાતી, મદકલ ગજેંદ્રઘટા, અનઈ જાત્ય ઘોડા, હરીડા, નીલડા, ગોરડા, કાલૂઆ, કીસોડા, રાતડા, સેરાહા, ખુરાસાણી સીંધવા, પારિસા, કંબોજ, કાબૂજ, કાઠેલા, તેજી તુખાર એવામાદિ તુરંગમ, અનઇ ખાનખોજા, મીર, મલિક, મલાં, મલાલિમ, ખતીબ સિદકાદી, હાબસી, બલોખી, બંગાલી, દક્ષિણી, તિલંગા, કાહડા, અનઈ, પ્રધાન પોતદાર, પરિવરિઉ, અનઇ, સૂર્યવંશ, સોમવંશ, યાદવ, કદંબ, ઇક્ષ્વાકુ, ચહુઆણ, સોલંકી, મોરિચ, સેલાર, છિંદક ચાઉડા, પડિહાર, લુબ્ધકાર, રાઠઉડ, શાક, કરકક, ગુહિલ, ધાન્યપાલ, રાજપાલ, કાલુંબક, દિલ્લ, ડાભી વાગડી, ધર્કટ, વંશ, રાજકુલી, અનઇ અનેરાઇ, વાઘેલા, ઝાલા, દેવડા, ઓડા, જાડે, ચાચૂડા, સમા, સોઢારા, રાઠી, કાઠી જેહની સદા નીપજાવઈ સેવા અનઇ જે શ્રી મહમ્મદ પાતસાહ તણી છત્ર છાયાઇ, વિવેક નારાયણ ગૂજરદેશા ભરણિ શ્રી અણહિલવાડઇ પાટણિ, અહમ્મદાવાદિ નગરિ, અનઇ ખંભાયતિ શ્રી ધર્મતણઇ આગરિ, અનેરઇ ગામિ નગરિ પાટણિઈ ચઉરાસી જ્ઞાતિ મહાજન તણી સાંભલિ પ્રતિ પત્ર પાલી શ્રી શ્રીમાલી, પ્રકટ પ્રતાપ પોરવાડ, અરડકમલ્લ ઓસવાલ, બલા દીસઇ ઠીસાવાલ, ડીડૂ, હરસુરા, વધેરવાલા, ભાભૂખંડા, અડમેડત્તવાલ, દાહિણુ સુરાણા, ખંડેરવાલ, કયરૂટિઆ, કોરંટાવાલ, જોધસોન, જાયલ્લવાલ, નાગર, નાણાવાલ, ખડાયતા, પલ્લીવાલ, જાલહરા, વાયડા, ચિત્રવાલ, છાંચા, કપોલ, પુષ્કરવાલ, જંબૂસરા, નાગદ્રહા, સુહડવાલ, મુદેરા. કરહિઆ, ઉપ્રવાલ, બાંભણ, અચ્છિત્તવાલ. શ્રી ગુડ, ગૂજર, શ્રીમાલ, પ્રૌઢ, અડાલિજ્જ, માંડલિઆ, ગાંભૂઆ મોઢ, લાડૂઆ શ્રીમાલીયા, લાડજ્જગર, સોરઠિઆ પોરવાડ નયસરૂસ્તકી, નરસિંધ ઉરા, હાલર પંચમકાયઉરા, વાલ્મીક કંબો, તિસુરા, તેલુગુટા, અષ્ટવગ્રી, બધરપુરા, સિરિખંડેરા, મેવાડા, લોડિઆડા, કાનજિણુડા, જેહરાણા, સોહરિઆ, ધાકડા, મુહવરયા, ભડિઆ ભૂંગડિઆ, હુંબડ, નીમા, મજહડા, બ્રાહ્મણા, વાગડ, ચીત્રઉડા વીધૂ, માધસુનાઉરા, પદ્માવતી, કાકલી, આણંદુરા, મંડોર, સાચુરા, ગોલાવાલ, રાજઉરા, ભાડીસખા, આઉસખા, ચઉસખા, એવમાદિ સાઢી બાર જ્ઞાતિ શાખા પ્રશાખા અનઇ વલી જેહ શ્રી મહમ્મદ પાતસાહ તણી, સોમ્ય દ્રષ્ટિ છઇ દર્શન, આપણા ૨ ધર્મ શાસ્ત્ર વાંચઇ, શ્રી દેવગુરૂ તત્ત્વ રાખઇ, વિદ્યા બલિમાચઇ, કિસિઆં કહીઇ તે છઇ દર્શન, સાંભલિ, જિમ સરોવર માહિ મનસસર, જિમ દાતાર માંહિ જલધર, જિમ સમુદ્ર માંહિ સ્વયંભૂ રમણ, જિમ ધનમાહિ વૈશ્રમણ, જિમ તેજવંતમાહિ સૂર, જિમ વાજિત્ર માહિ તૂર, જિમ સર્વ દર્શન માહિ ધર્મ વિદ્યા મહિમા કરી પ્રધાન શ્રી જૈન દર્શન જાણિવું, જિહાં નિરતીયાર ચારિત્રપાત્ર, મલમલિન ગાત્ર, તપોધન તપોધન, શ્રી વયર સ્વામિતણી શાખાઇ છઇ જીવનિકાય રાખઇ, દયા મૂલ ધર્મ ભાખઇ, સર્વ આરંભ પાખઇ મોક્ષમાર્ગ દાખઇ, જિહાં શ્રાવક શ્રાવિકા શ્રી વીતરાગ દેવ પૂજઇ, તિહાં હવડા, ગંગાજલનિર્મલ, જ્ઞાનક્રિયાનિધાન સર્વ ગચ્છ પ્રધાન, અતુચ્છ શ્રી તપા ગચ્છ વિસેષિઈ દીપઇ, અનેરાઇ ચહદસિઆ, પૂનિમિઆ, વડગચ્છ, ખરતર, મલધાર, આંચલિઆ, આગમિઆ, આગુરિઆ, પીપલીઆ, મડાહડા, દેહરાતી, બ્રાહ્મણા, વિદ્યાધર, થિરાદા, નાયલા, નાણાવાલ, ચિત્રાવાલ, કોરંટાવાલ, ઓસવાલ, એવમાદિક ઘણા ગચ્છ

મિથ્થાત્વ ઉથાપઈ, શ્રી જિનધર્મ થાપઈ, તથા બીજઈ દર્શનિ, નૈયાયક, કપાલી, ધંટાલા, પાહૂ, કેદાર પુત્ર, આયરિઅ, મડવી, પતીઆણા એવમાદિ, ત્રીજઇ દર્શનિ, સાંખ્ય ભરડા, ભગવંત, ત્રિદંડિઆ, મૂની, કવિ કૂડા, એવમાદિ ભેદ, ચઉથઇ દર્શનિ, બૌદ્ધ, સાતધડિઆ, દગડા, ડાંગુરા, ભાંડ, પાવયા, ગરોડા, વાસભેડિઆ, એવમાદિ ભેદ, પાંચમઈ દર્શનિ, વૈશેષિક, બ્રાહ્મણ, આવસ્તિઆ, આગ્નિહોત્રિઆ, દીક્ષિત, જાની, દુવે, ત્રિવાડી, વ્યાસ, જોસી, પંડિત, બહૂઆ, એવમાદિ ભેદ, છઇ દર્શનિ, નાસ્તિક, યોગી, હરમેખલિઆ, ઇંદ્રજાલિઆ, નાગમતિઆ, તોતલમતિઆ, ધનંતરિઆ, નોરસિઆ, ધાતુર્વાદિઆ, એવમાદિ ભેદ પ્રભેદ બહુલ, છઇ **દર્શન** કહિઈ, અનઇ વલી, શ્રી મહમ્મદ પાતસાહ તણઇ રાજિ, ચારિ વર્ણ, નવ નાદ, પાચ કાદ, એ અઢાર **પ્રકૃતિ** સદા સુખિત, મદમુદિત, વસઇ, તિસિઉ રાજાધિરાજ, સર્વવયરી જીપતુ, સૂર્યના પરિમં તેજિઈ દીપતુ, તુરષ્ક કુલ મંડન, સોમતણી પરિ, સોમ્યદર્શન, પ્રજાપીહર, સેવક સદારલ, સુત્રાણ, શ્રી મહમ્મદ પાતસાહ, તણ પુત્ર તૂર વીરાધિવીર, શ્રી મહમ્મદ પાતસાહ વર્ણવીતું શોભઇ ॥

પાટણના જૈન ભંડારો *

શ્રીમંત મહારાજા શ્રી **ગાયકવાડ** સરકારના હુકમથી પાટણના **જૈન**ભંડારોમાં ઇતિહાસ અને સાહિત્યના કયાં પુસ્તકો ઉપયોગી છે તે જોઇ તપાસી નક્કી કરવાનું કામ વડોદરાની સેંટ્રલ લાઇબ્રેરીના રા. રા. **ચીમનલાલ** ડાહ્યાભાઇ દલાલ એમ. એ. ને સને ૧૯૧૪ ના સપ્ટેમ્બરમાં સોંપવામાં આવ્યું હતું. તે કાર્ય તેમણે બાર અઠવાડીયા જેટલી નાની મુદતમાં દિનરાત પરીશ્રમ લઇ સમસ્ત ભંડારોનાં ૬૫૮ તાડપત્રો અને લગભગ ૧૩૦૦૦ કાગળની પ્રતો બારીકાઇથી તપાસી ઉત્તમ રીતે પૂર્ણ કર્યું છે એ માટે તેમને ધન્યવાદ ઘટે છે.

આ કાર્ય કરવામાં ઘણા સાનુકૂળ સંજોગો એકઠા થયા હતા. (૧) રા. દલાલ પોતે **જૈન** વિદ્વાન્ હોવાથી **જૈન** સાહિત્ય પ્રત્યે તેમનો પ્રેમ ઉપરાંત તેનો સારો અભ્યાસ, (૨) શ્વેતાંબર તપાગચ્છના વિદ્વાન્ મુનિમહારાજ પ્રવર્ત્તક શ્રી કાન્તિવિજય અને તેના શિષ્ય મુનિમહારાજશ્રી ચતુરવિજયની પ્રતો જોવા તપાસવામાં પૂરેપૂરી સહાય, (૩) રા. દલાલની સરાસરી ચૌદ કલાક ઉપરની મહેનત, (૪) અને તેમનો હસ્તલિખિત પ્રતોની જુની લીપિ તથા ભાષા વાંચી સમજવાનો લાંબો અનુભવ તેમજ (૫) ભંડારોના વ્યવસ્થાપકોની મદદ વગેરે સર્વ અનુકૂળતા એકઠી થવાથી આ મહાભારત કાર્ય ઝડપથી સુંદર રીતે પૂરૂ કરવામાં આવ્યું હતું. તેની મહત્તા તથા તેની વિશાળતા શ્રીમંત ગાયકવાડ સરકાર તરફથી તેમણે કરેલો આખો રીપોર્ટ છ મહીના પછી બહાર પડશે ત્યારે જણાશે. તે રીપોર્ટમાં ૬૬૦ તાડપત્રો તથા તેટલીજ કાગળની ઉપયોગી હસ્તપ્રતોનું કેટલૉગ આવશે.

* આ લેખ મુંબઈ સમાચારના ગત દિવાળી પ્રસંગના ખાસ અંક માટે લખ્યો હતો કે જે તેમાં તા. ૮ મી નવેંબર ૧૫ના અંકમાં પ્રગટ થયો છે. અહીં તે ઉપયોગી હોવાથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તંત્રી.

રા. દલાલ શ્રી કાન્તિવિજયજી પાસે પાટણના સાગરના ઉપાશ્રયમાં બેસીને પુસ્તકો જોઇ તપાસી તેનું નામ, ગ્રંથકાર, વસ્તુ, મંગલાચરણ અને છેલ્લી પ્રશસ્તિઓ વગેરેનું ઉપયોગી ટાંચણ કરી લેતા, અને આથી સર્વ ભંડારોની યાદીઓ પણ તેમણે સાથે સાથે તૈયાર કરી છે. વાડી પાર્શ્વનાથ ભંડારના માલેક શેઠ વાડીલાલ હીરાચંદે પોતાનાં સર્વ પુસ્તકોને સંપૂર્ણ રીતે હવાલે કરી તેનો પૂર્ણ છુટથી ઉપયોગ કરવાની વ્યવસ્થા કરી આપી હતી. આ ભંડારમાં અતી પ્રાચીન અને ઉપયોગી પુસ્તકો હોવાથી તે ઘણા મદદરૂપ થઈ પડયાં હતાં. વળી તે શેઠે સંઘવીના પાડાના ભંડારમાંના તાડપત્રો પણ મેળવી આપવામાં મદદ કરી હતી. પાટણના ડૉકટર એ. ડી. કોઠારીએ પણ ઘણી રીતે સહાય કરી હતી.

પાટણની ખ્યાતિ.

મધ્યકાલીન સમયના ૧૧-૧૨ અને ૧૩ મા સૈકામાં ઉદાર રાજ્યાશ્રયથી પાટણ ખરેખર જૈનોનું કેન્દ્રસ્થાન હતું. જૈન આચાર્યોએ ઇતિહાસ, ધર્મ, નીતિ, તત્ત્વજ્ઞાન, સાહિત્ય વગેરે સંબંધી અનેક ગ્રંથો લખી ગુજરાતમાં જે સાહિત્ય ઉત્પન્ન કર્યું છે તે અતિશય વિશાળ છે. જૈનેતર વિદ્વાનોને તેનો ખ્યાલ હજુસુધી આવ્યો નથી એટલુંજ નહી પરંતુ તેના પ્રત્યે સમભાવવાળી સત્ય રૂચિ પણ ઉત્પન્ન થઈ નથી. રા૦ દલાલના શબ્દોમાં કહીએ તો પાટણના ગૂર્જર રાજ્યની સ્થાપના જૈનોથી થયેલી છે, અને વનરાજના સમયથી પાટણ જૈનોના મધ્યબિંદુ તરીકે પ્રસિદ્ધ થયેલ છે. જૈન ધર્મ તથા તેના આચાર્યોને મળતા રાજ્યાશ્રયથી ૧૦ થી ૧૩ મા શતક સુધીમાં જૈન આચાર્યોએ ગુજરાતના પાટનગરમાં તથા અન્ય સ્થળોએ રહીને ઘણા અગત્યના ગ્રંથો રચીને ગુજરાતનું સાહિત્ય ઉત્પન્ન કરેલું છે. જૈન આચાર્યોએ રચેલું સાહિત્ય બાદ કરીએ તો ગુજરાતનું સાહિત્ય અત્યંત ક્ષુદ્ર દેખાશે. સાહિત્યની પ્રવૃત્તિ પુસ્તકોના સંગ્રહ વગર અશકય છે અને તેથી જૈનોએ પોતાના ધાર્મિક સાહિત્ય ઉપરાંત બૌદ્ધ તથા બ્રાહ્મણ ગ્રંથો પાટણ, ખંભાત વગેરેના સ્થળોના ભંડારોમાં સંગ્રહેલા હતા. અને આ ભંડારોના લીધેજ બૌદ્ધો તથા બ્રાહ્મણોના પ્રાચીન ગ્રંથો જે કોઇ પણ ઠેકાણેથી મળે નહી તેવા અહીંઆ ઉપલબ્ધ થયેલા છે.

પ્રાચીન ભંડારો.

ગુજરાતના મહારાજા કુમારપાલ કે સિદ્ધરાજના સમય પહેલાં જૈન ભંડારો હતા કે નહી, હતા તો કયાં હતા તેની માહીતી મળી શકતી નથી, છતાં જૈન ગ્રંથો તો વિક્રમની છઠ્ઠી સદીમાં લખાયા હતા એ નિર્વિવાદ છે અને તે હિંદપર અનેક વિદેશી હુમલાઓ થયા હતા તેથી, છઠ્ઠા સાતમા આઠમા સૈકામાં બૌદ્ધોનું જોર, કુમારીલ ભટ્ટ અને ત્યારપછી શંકરાચાર્યનો ઉદ્‌ભવ, આરબોનું સને ૭૧૨ માં સીંધ દેશનું જીતી લેવું વગેરે અનેક કારણોથી અગ્નિ, જલ અને જંતુઓને વશ થઇ ઘણે ભાગે નાશ પામ્યા હતા.

ત્યારપછી " કુમારપાલે ૨૧ ભંડારો અને રાજા વીરધવલના પ્રસિદ્ધ મંત્રી વસ્તુપાલે ૧૮ ક્રોડના ખર્ચે મોટા ત્રણ ભંડારો સ્થાપેલા હતા, પરંતુ અત્યંત દીલગીરીની વાત છે કે આ મહત્વના ભંડારોનું એક પણ પુસ્તક પાટણના ભંડારોમાં જોવામાં આવતું નથી. આના કારણમાં ઉતરતાં જણાય છે કે કુમારપાલની ગાદીએ આવનાર અજયપાલ જૈનો અને જૈન ધર્મનો એટલો બધો દ્વેષી બન્યો હતો, કે જૈન સાહિત્યનો નાશ કરવામાં તેણે

પોતાની બધી કોશેષ કરી હતી. આથી ઉદયન નામના જૈન મંત્રી તથા બીજાઓ તે સમયે પાટણથી ભંડાર ખસેડી જેસલમીર લઇ ગયા હતા. જેસલમીરમાં તાડપત્રોની નકલો મુખ્ય કરીને પાટણમાંની છે. વસ્તુપાલના રચાપેલા ભંડારોનો નાશ મુસલમાનોના હાથે થયો જણાય છે શેઠ હાલાભાઇના તાડપત્રના સંગ્રહમાં શ્રી ચંદ્રસૂરિની બનાવેલી જીત કલ્પ વૃત્તિ સંવત્ ૧૨૮૪ માં ઉતારેલી પ્રત મળી આવે છે તેને છેવટે વસ્તુપાલની સ્તુતિમાં બનાવેલા શ્લોકો મળી આવે છે. આ વસ્તુપાલના ભંડારમાંની એક પ્રત હોય એમ ધારી શકાય છે.

હાલના ભંડારો.

(૧) સંઘવીના પાડામાં આવેલો ભંડાર–આ પ્રાચીન અને પ્રધાન તાડપત્રની પ્રતોના સંગ્રહવાળો ઉપયોગી ભંડાર છે તે તપગચ્છની લઘુ પોશાલીય શાખાનો છે. એમ સ્પષ્ટ જણાય છે કે મુનીંદ્ર સોમના સયમમાં પ્રથમ તેને વ્યવસ્થિત કરવામાં આવ્યો હતો અને પાછળથી સં૰ ૧૬૧૪ માં ઋદ્ધિસાગરે ટીપ બનાવી યથાસ્થિત કર્યો હતો. આની ટીપ મળી આવી છે, પણ તે ૪૩૪ પોથીના ૩ દાબડાના ગ્રંથનાં માત્ર નામ જણાવતી અધુરી અને અશુદ્ધ છે. આમાંથી પંદરેક પ્રતો સુરત ગઇ છે જ્યારે ન્યાયની એક પ્રત ચોરાઇ ગઇ છે. પાટણમાં ડાકટર બુહલર આવ્યો ત્યારે તેને આ ભંડાર જોવા દેવામાં આવ્યો ન હતો, પણ તે સુરતના નારાયણ શાસ્ત્રી પાસે એક ટીપ કરાવી મેળવી શકયો હતો. આ ટીપ શુદ્ધ ન હતી એવું ડાકટર કીલ્હોર્નના રીપોર્ટ ઉપરથી જણાય છે. ડાકટર પીટર્સને પણ આ ભંડાર જોવા ઘણી મહેનત કરી છતાં તે પામ્યો ન હતો. જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ પાસે આ ભંડારની ટીપ છે પણ તે તદ્દન અવિશ્વસનીય છે, તેમાં ૩૯૭ પોથીનો સમાવેશ કર્યો છે.

આ ઉપરથી રા૰ હલાલે સર્વ તાડપત્રોની પ્રતોનું વિગતવાર વર્ણન સાથેનું કેટલોગ તૈયાર કરવાનો નિશ્ચય કર્યો કારણ કે તેમને લાગ્યું કે આ ભંડારમાં ખરી રીતે જે અમૂલ્ય ખજાનો છે તે સમસ્ત જગત્ પાસે મુકવાથી અતિશય લાભ થવાનો સંભવ છે. જૈન અને બ્રાહ્મણના સંસ્કૃત અને પ્રાકૃત જાણીતા અને અજાણ્યા ગ્રંથો આમાંથી મળી આવ્યા એટલું જ નહીં; પરંતુ તદ્દન નવું એવું અપભ્રંશ ભાષામાંનું સાહિત્ય મળી આવ્યું કે જે પ્રસિદ્ધ થવાથી તે ભાષાનું વ્યાકરણ લખવામાં સહાય મળશે અને અપભ્રંશ ભાષા કે જે ગુજરાતી એકલી નહી પણ બીજી ભાષા નામે મરાઠી, હીંદી અને બીજી ઘણી હીંદની દેશીભાષાનું તરતનું મૂળછે તે સાબિત થયે તે તે ભાષાનું રૂપાંતર સમજશે.

આ ભંડારની સ્થિતિ ઘણી ખરાબ હતી. પણ પ્રવર્ત્તક મુનિમહારાજ શ્રી કાન્તિવિજયજીએ જુનાં પુઠાં વગેરે કાઢી નાંખી નવાં મુકી તેને વ્યવસ્થિત કરેલો છે તેથી તેથી ઘણી સગવડતા થઈ છે, તેમાં ૪૧૩ પોથીઓ છે. કેટલીકમાં એક કરતાં વધુ ગ્રંથો લખાયા છે. આની ટીપ કરી આપી છે કે જેમાં ગ્રંથકર્ત્તાની હકીકત, રચનાનો કાલ અને પ્રતનો સમય જણાવેલ છે.

(૨) વખતજીની શેરીમાં ફોફલીઆ વાડામાંનો ભંડાર.

આ ભંડાર શ્રી સંઘનો છે અને તેમાં ૨૬૮૬ કાગળની પ્રતો અને ૧૩૭ તાડ

પત્રની પ્રતો હોવાથી તે મોટામાં મોટો છે. કાગળની પ્રતો સારી રીતે ગોઠવેલી છેઃ પરંતુ ૮૧ તાડપત્રની નાની પ્રતો લાકડાંનાં પાટીઆં અને લુગડાનાં પુઠાં વગર લુગડાના કટકામાં મુકેલી હતી; હમણા પ્રવર્ત્તક કાન્તિવિજયજીએ લાકડાનાં પાટીઆ વચ્ચે મુકાવી તેની સારી સંભાળ રહે તેવી વ્યવસ્થા કરાવેલી છે.

ડાકટર પીટર્સને પોતાના પાંચમા રીપોર્ટમાં ૭૬ તાડપત્રની પ્રતો વર્ણવી છે. આ ભંડારમાં નીચેના બીજા ત્રણ ભંડારોનાં પુસ્તકો પણ મુકેલાં છે.

(અ) લીંબડીના પાડાનો ભંડાર આમાં ૪૨૫ કાગળની પ્રતો છે કે જેમાંની કેટલીક ભાગ્યેજ મળે તેવી અને પ્રાચીન છે. તેમાં સંવત ૧૩૫૬–૫૭માં લખાયલો જુનામાં જુના કાગળનો ગ્રંથ છે.

(બ) પાટણ અને બીજે સ્થળે ભાગ્યે જ મળે એવાં કેટલાંક પુસ્તકોની નવી પ્રતોનો સંગ્રહ છે કે જેની સંખ્યા ૩૬૬છે.

(ક) વસ્તા માણેકની માલેકીના ગ્રંથોમાંના કેટલાંક આમાં મુકવામાં આવ્યાં છે.

(૩) વાડી પાર્શ્વનાથનો ભંડાર.

આમાં ૪ તાડપત્ર ઉપરની પ્રતો છે, પણ આ ભંડારની ખરી ઉપયોગિતા એમ રહેલી છે કે તેમાં પ્રાચીન તાડપત્રો ઉપર લખેલા ગ્રંથોમાંથી સંવત ૧૪૮૦–૧૪૯૦ માં તે સમયના ખરતર ગચ્છના પાટધર આચાર્યની આજ્ઞાથી ઉતારેલા કાગળ ઉપરના હસ્ત લિખિત ગ્રંથોનો સંગ્રહ છે. આમાં ન મળે તેવા અને વિશ્વાસનીય જૈન સાહિત્યના ગ્રંથો છે એટલું જ નહિ; પરંતુ બ્રાહ્મણો અને બૌદ્ધોના સાહિત્ય વિષયક અને તત્વજ્ઞાન સંબંધીના ગ્રંથોની સારી હસ્તલિખિત પ્રતો છે, ઘણો સમય થયો છતાં તેમાંના ઘણાંખરા ગ્રંથો ઘણી સારી સ્થિતિમાં છે, જ્યારે તેજ કાળમાં લખાયલા કેટલાક એવી જીર્ણ અવસ્થામાં છે કે માત્ર અડયા કે તેનો ભરભર ભુકો થઇ જાય છે. આનુ કારણ જ્યાં તે મૂળ રાખવામાં આવ્યા હતા તે જગ્યામા રહેલ ભીનાશવાળી હવા છે; હાલમાં આ ભંડારને સારી રીતે રાખવામાં આવે છે. પ્રતની સંખ્યા ૭૪૪.

(૪) આગલી શેરીનો ફોફલીઆવાડાનો ભંડાર.

તેમાં કાગળ ઉપર ૩૦૩૫, તાડપત્ર ઉપર લખેલાં ૨૨, અને લુગડાં ઉપર લખેલ ૧ ગ્રંથ છે, આમાં ખાસ કરી જૈનોનાં આગમો અને તે ઉપર થયેલ ટીકાઓનો સુંદર સંગ્રહ છે. આમાં કેટલાક વિક્રમ સંવત્ ૧૬ મા સૈકાની શરૂઆતમાં પાટણના કરોડપતિ છજીશાએ લખાવેલા ગ્રંથો છેઃ આ ઉપરાંત જુની ગુજરાતીમાં લખેલા રાસાઓનો સંગ્રહ આમાં સારો છે. આખો ભંડાર સારી સ્થિતિમાં રાખવામાં આવ્યો છે.

(૫) તપાગચ્છની વિમલ શાખાનો ભંડાર.

આમાં બે સંગ્રહ છે. એકમાં ૫૨૨ અને બીજામાં ૧૮૧૪ કાગળ ઉપર લખેલી પ્રતો છે. બંનેની યાદી ઘણીજ અશુદ્ધ છે. ઘણી ખરી પ્રતો બહુ જુની નથી પણ સામાન્ય છે. થોડી ઘણી જુની છે. ભંડાર સારી સ્થિતિમાં છે.

(૬) સાગરનાં ઉપાશ્રયનો ભંડાર.

આમાં ૧૩૦૯ કાગળ ઉપર લખેલી પ્રતો છે. તેમાંની ઘણી ખરી સામાન્ય અને થોડા પાનાની છે. આ ઉપરાંત ભાવસાગરના ૧૦૮ હસ્ત લિખિત ગ્રંથો છે. આ બધાંની સારી સ્થિતિ છે.

(૭) મકા મોદીનો ભંડાર.

તેમાં ૨૩૦ કાગળ ઉપર લખેલ અને ૨ તાડપત્રની પ્રતો છે. કાગળ ઉપર લખેલાં પુસ્તકો સામાન્ય રીતે જુનાં છે. ડાક્ટર કીલ્હોર્ને મુંબઈ સરકાર માટે સને ૧૮૮૦-૮૧ માં પાટણમાં જે ૭૯ તાડપત્ર ઉપર લખેલાં પુસ્તકો ખરીદ કરયાં હતાં તે આ ભંડારમાંથી હતાં. હાલ આ ભંડાર સાગરના ઉપાશ્રયમાં રાખવામાં આવેલો છે.

(૮) વસ્સા માણેકનો ભંડાર,

આ ભંડાર માજી વકીલ લેહરભાઇ ડાહ્યાભાઇને આપવામાં આવ્યો હતો અને હાલ સાગરના ઉપાશ્રયમાં રાખવામાં આવ્યો છે. તેમાં ૫૨૨ હસ્તલિખિત પ્રતો છે કે જેમાંની ઘણી ખરી ૩૦૦ થી ૪૦૦ વર્ષ સુધીની જુની છે.

(૯) ખેતરવસીનો ભંડાર.

આ ભંડાર ૭૬ તાડપત્ર ઉપર લખેલા ગ્રંથોને લઇને ઘણો અગત્યનો છે. આમાંથીજ કલીંજરના રાજા પરમર્દી દેવના મંત્રી વત્સરાજનાં છ નાટકો મળી આવ્યાં છે. તે ઉપરાંત જૈનોનાં કેટલાંક નહી મળી શકે તેવાં પુસ્તકો આમાં છે, એટલુંજ નહીં; પરંતુ આમાં ગૌડવહો રાવણવહો અને કાદંબરીનો પુલીંદે પુરો કરેલો ભાગ પણ મળી આવે છે. ઘણા વખતની જુની પ્રતો હોવા છતાં ઘણી સારી સ્થિતીમાં છે પરંતુ કેટલીક બેદરકારીને લઇને લાકડાંના પાટીઆં વગર કપડામાં તેને બાંધી રાખવામાં આવી હતી. પછી રા. દલાલે તેના રખેવાળોનું આ ઉપર ધ્યાન ખેંચતાં તેણે તેને લાકડાના પાટીઆમાં રાખવા વચન આપ્યું હતું.

(૧૦) મહાલક્ષ્મીના પાડાનો ભંડાર.

આમાં ૮ તાડપત્ર ઉપર લખેલાં અને થોડાં અધુરાં કાગળ ઉપર લખેલાં પુસ્તકો છે. તાડપત્ર ઉપર લખેલાં પુસ્તકો લક્ષસૂક્તિકાર તરીકે પોતાને ઓળખાવતા લક્ષ્મણ નામના કવિનો સૂક્તિ ઉપર ગ્રંથ છે.

(૧૧) અદવસીના પાડાનો ભંડાર.

આમાં બે તાડપત્ર ઉપર લખેલી પ્રતો છે કે જેમાંની એક તાડપત્ર ઉપર લખવાના સમય પછી ઉતારેલી છે. આ સીવાય બીજાં થોડાં કાગળ ઉપર લખેલાં પુસ્તકો છે.

(૧૨) હિંમતવિજયજીનો ભંડાર.

આ ખાનગી ભંડાર છે અને તે મુખ્યપણે શિલ્પકળાનાં પુસ્તકો છે. હિંમતવિજયજીએ તેનો ખાસ કર્યો છે.

(૧૩) લાવણ્યવિજયનો ભંડાર.

આમાં સામાન્ય કાગળ ઉપર લખેલાં પુસ્તકો છે કે જેનો મોટો ભાગ રાધણપુર રાખવામાં આવેલ છે. પાટણમાં આટલા વિદ્યમાન ભંડારો છે. (અપૂર્ણ.)

—તંત્રી.

શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બૉર્ડ.

શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ ધાર્મિક હરીફાઇની પરીક્ષા.

તેના નિયમો તથા સને ૧૯૧૬ ની સાલનો અભ્યાસક્રમ.

નિયમો.

૧ મજકુર પરીક્ષા શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડે નિમેલ, નીચે જણાવેલ એજન્ટોની દેખરેખ નીચે, નીચેનાં સ્થળે તા. ૩૧-૧૨-૧૬ રવીવારે બપોરના ૧ થી ૪ વાગ્યા સુધી લેખીત લેવામાં આવે

સ્થળ	એજન્ટ
૧ મુંબઇ	શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ
૨ સુરત	મી. ચુનીલાલ ડગનલાલ શરાફ તથા મી. મગનલાલ પી. બદામી
૩ અમદાવાદ	મી. મણીલાલ નથુભાઇ દોશી તથા મી. હીરાચંદ કકલભાઇ.
૪ માંગરોળ	શ્રી આત્માનંદ જૈન પાઠશાળા.
૫ મહેસાણા	શ્રી મહેસાણા જૈન પાઠશાળા.
૬ પાલીતાણા	ઝવેરી. લક્ષ્મીચંદ ધેલાભાઇ તથા મી. કુંવરજી દેવશી.
૭ ભાવનગર	શ્રી જૈન ધર્મ પ્રસારક સભા.
૮ ચેવલા	શેઠ દામોદર પુરૂશા તથા શેઠ બાલચંદ હીરાચંદ.
૯ બનારસ	શ્રી યશોવિજય જૈન પાઠશાળા.
૧૦ જયપુર	શેઠ ધાંસીલાલ મુલેચ્છા.
૧૧ ગુજરાનવાલા	શ્રી આત્મારામજી જૈન પાઠશાળા.
૧૨ રાજકોટ	મી. ચત્રભુજ વખતચંદ.
૧૩ રતલામ	શેઠ વર્ધમાનજી બાલચંદજી તથા શેઠ રતનલાલજી સુરાના.
૧૪ બોટાદ	શેઠ લલ્લુભાઇ નાથચંદ.
૧૫ વઢવાણ	શા. ગોવિંદજી મકન તથા શા. મગનલાલ ડાહ્યાભાઇ
૧૬ લીંચ	શેઠ હઠીસંગ કાનચંદ.
૧૭ અમરેલી	શેઠ સુંદરજી રતનાભાઇ વકીલ.
૧૮ લીંબડી	શેઠ હીરાચંદ ઝવેરચંદ તથા શા. સુખલાલ કપુરચંદ
૧૯ ધીણોજ	શા. ચુનીલાલ નાથીચંદ
૨૦ મોરબી	વકીલ ધનજીભાઇ રાયચંદ તથા શા પ્રજારામ હરખચંદ.
૨૧ ઝીંઝુવાડા	શેઠ તેજપાળ હાકમ તથા વોરા સવચંદ ઇચ્છાચંદ.
૨૨ વડસ્મા	શા. મયાચંદ મોકલચંદ તથા શા. ભાયચંદ ખીમચંદ.
૨૩ ચાણસ્મા	વકીલ રવચંદ લાલમચંદ
૨૪ ખંભાત	શેઠ ચીમનલાલ પુરૂષોતમદાસ તથા રા. ચુનીલાલ મુળચંદ કાપડિયા.

૨૫ પાટણ શેઠ સેવંતીલાલ નગીનદાસ તથા શેઠ વાડીલાલ સાંકળચંદ.

૨૬ કપડવંજ શેઠ બાલાભાઇ દલસુખભાઇ તથા પરિ પ્રેમચંદ રતનચંદ.

૨૭ બોરસદ રા. છોટાલાલ બાપુભાઇ પરીખ તથા શા. કીલાભાઇ જેઠાભાઇ.

સુચના—આ સ્થળો ઉપરાંત અરજીઓ આવ્યેથી પરીક્ષા લેવાનાં સ્થળો વધારવાનો વિચાર કરવામાં આવશે.

૨ નીચે મુજબ પાંચે ધોરણોની પરીક્ષા લેવામાં આવશે.

ધોરણ ૧ લું.

પંચપ્રતિક્રમણ—મૂળ, અર્થ; વિધિ અને હેતુ સહિત (શ્રી જૈન શ્રેયસ્કર મંડળ વાળું પુસ્તક).

વિધિપક્ષવાળા ઉમેદવારો માટે શેઠ ભીમસિંહ માણેકનું છપાવેલ વિધિપક્ષ પંચપ્રતિક્રમણ સૂત્ર મોટું. સિવાયના ગચ્છવાળાઓની પરીક્ષા, તે તે ગચ્છના પ્રમાણભૂત પુસ્તકના અનુસાર લેવામાં આવશે.

ધોરણ ૨ બીજું.

નીચેના બેમાંથી કોઇપણ એક વિભાગ.

અ. **જીવ વિચાર તથા નવતત્વ પ્રકરણ**-(શેઠ ભીમસિંહ માણેકવાળાં પુસ્તકો.)
ધર્મબિંદુ-(શ્રાવક ધર્મ સંબંધી વિભાગ-માંગરોળ જૈન સભાનું છપાવેલું)

બ **નવતત્ત્વ, નવસ્મરણ અર્થ સહિત** (શેઠ ભીમસિંહ માણેકવાળાં પુસ્તક.)
ત્રણ ભાષ્ય (શેઠ વેણીચંદ સુરચંદ અથવા શેઠ ભીમસિંહ માણેકવાળું પુસ્તક) અર્થ અને સમજણ તથા હેતુપૂર્વક.

દેવવંદન—ગુરૂવંદન ભાષ્ય.

ધોરણ ૩ ત્રીજું.

જ્ઞાનસાર-(રા. દીપચંદ છગનલાલ વાળુ)
મહાવીર ચરિત્ર ભાષાન્તર હેમચંદ્રાચાર્ય કૃત દશમુ પર્વ (શ્રી જૈન ધર્મ પ્રસારક સભા તરફથી પ્રસિદ્ધ થયેલું.)
આનંદઘનજીની ચોવીશી (જ્ઞાનસારના ટબાવાળી)

ધોરણ ૪ ચોથું.

આગમસાર દેવચંદ્રજી કૃત (શેઠ ભીમસિંહ માણેક તરફથી છપાએલ)
સભાષ્ય તત્ત્વાર્થાધિગમસૂત્ર-(સમજણ સાથે. રાયલ એસીયાટીક સોસાયટી વાળુ.)

ધોરણ ૫ મું.

નીચેના પાંચ વિભાગમાંથી કોઇપણ એક વિભાગ

૧ **ન્યાયઃ—સ્યાદ્વાદ મંજરી** (રાયચંદ જૈન શાસ્ત્રમાળામાંથી.)
આઠ દૃષ્ટિની સજઝાય (પ્રકરણ રત્નાકરના ભાગ પહેલામાંથી ૪૧૩ થી ૪૩૮ પાનાં)

૨ **દ્રવ્યાનુયોગઃ**—છ કર્મગ્રંથ (ભીમસિંહ માણેક, તરફથી છપાએલ.)

૩ **અધ્યાત્મ કલ્પદ્રુમ** (રા. રા. મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ સોલીસીટર તરફથી બહાર પડેલું.)

દેવચંદ્રજીની ચોવીશી (શેઠ ભીમસિંહ માણેક તરફથી વિવેચન સાથે છપાએલ.)

૪ પ્રકીર્ણ:—ઉપદેશ પ્રાસાદ પાંચે ભાગ (શ્રી જૈન ધર્મ પ્રસારક સભા તરફથી છપાએલ) તેના પર વિવેચન વિચારપૂર્વક કરેલ અવલોકન સાથે.

૫ ઇતિહાસ:—ત્રિષષ્ઠિ શલાકા પુરૂષ ચરિત્ર પર્વ ૧ થી ૧૦ નું ભાષાંતર સંપૂર્ણ (શ્રી જૈન ધર્મ પ્રસારક સભા તરફથી છપાએલ.) ઐતિહાસિક તથા તત્ત્વદૃષ્ટિએ વિદ્યાર્થીઓએ અવલોકન કરવાનું.

૬ તત્વજ્ઞાન-સટીક ષડ્દર્શન સમુચ્ચય.

૭ પ્રાકૃતભાષા-પ્રાકૃત માર્ગોપદેશિકા (પંડિત બહેચરદાસ.)

ઉપદેશમાળા (ધર્મદાસ ગણિ કૃત.)

૩ મજકુર પરીક્ષા લીધા પછી આશરે દોઢ મહિને ઇનામ મેળવનાર તથા પાસ થનાર ઉમેદવારોનું લીસ્ટ શ્રી જૈન શ્વેતામ્બર એજ્યુકેશન બોર્ડ તરફથી જાહેર પત્રદ્વારા બહાર પાડવામાં આવશે.

૪ આ પરીક્ષામાં ઉંચે નંબરે આવનાર ઉમેદવારોને તેની લાયકાત પ્રમાણે નીચે મુજબ બોર્ડ તરફથી શ્રી જૈન ધાર્મિક હરિફાઇની પરીક્ષાનાં ઇનામો મજકુર પરીક્ષા પછી આશરે બે મહિને આપવામાં આવશે.

વર્ગ પહેલો—દશ ઇનામો રૂ. ૯૨ નાં.

૧ લું ઇનામ રૂ. ૨૧)	૬ ઠું ઇનામ રૂ. ૭)
૨ જું ,, ,, ૧૭)	૭ મું ,, ,, ૫)
૩ જું ,, ,, ૧૫)	૮ મું ,, ,, ૩)
૪ થું ,, ,, ૧૧)	૯ મું ,, ,, ૨)
૫ મું ,, ,, ૯)	૧૦ મું ,, ,, ૨)

વર્ગ ૨ જો:—આઠ ઇનામો રૂ. ૧૦૦) નાં.

૧ લા પેટા વિભાગ માટે	૨ જા પેટા વિભાગ માટે
૧ લું ઇનામ રૂ. ૨૧)	૧ લું ઇનામ રૂ. ૨૧)
૨ જું ,, ,, ૧૫)	૨ જું ,, ,, ૧૫)
૩ જું ,, ,, ૯)	૩ જું ,, ,, ૯)
૪ થું ,, ,, ૫)	૪ થું ,, ,, ૫)

વર્ગ ૩ જો:—પાંચ ઇનામો રૂ. ૬૩) નાં.

૧ લું ઇનામ રૂ. ૨૫)	૪ થું ઇનામ રૂ. ૮)
૨ જું ,, ,, ૧૫)	૫ મું ,, ,, ૫)
૩ જું ,, ,, ૧૦)	

વર્ગ ૪ થો:—ત્રણ ઇનામો રૂ. ૬૦) નાં.

૧ લું ઇનામ રૂ. ૩૦)	૩ જું ઇનામ રૂ. ૧૦)
૨ જું ,, ,, ૨૦)	

વર્ગ ૫ મોઃ—(સાત વિભાગમાંના દરેક વિભાગમાં રૂ. ૨૦) સાત ઇનામો રૂ. ૧૪૦) નાં.

૫ પ્રકીર્ણ સૂચનાઃ—કોઇ પણ વિદ્યાર્થી એકી વખતે એકજ ધોરણમાં પરીક્ષા આપી શકશે, પણ તેમાં તે નિષ્ફળ થશે તો તે ધોરણમાં તે બીજે વરસે બેસી શકશે, બીજા તથા પાંચમા ધોરણમાં એકથી વધારે વિષયો છે, તેથી દરેકનાં જુદે જુદે વરસે પરીક્ષા આપી શકશે, અને પાસ થનારને લાયકાત પ્રમાણે ઇનામ અથવા પ્રમાણપત્ર મળશે.

એક તૃતિયાંશ માર્ક મેળવનારનેજ પાસ થયેલ ગણવામાં આવશે, પણ ઇનામને લાયક થવા માટે ઓછામાં ઓછા પચાસ ટકા માર્ક મેળવવાજ જોઇશે.

પાંચમા ધોરણમાં હાલ તુરત ઇનામ નાનાં દેવાય છે, પણ જે વિભાગમાં બેસનારા નહીં હોય તેનાં ઇનામો અન્ય વિભાગમાંના ઇનામની રકમ અથવા સંખ્યા વધારવા માટે ઉપયોગમાં લેવામાં આવશે.

દરેક પેટા વિભાગનાં ઇનામો એક બીજાથી સ્વતંત્ર છે, તેથી તે ધોરણના વિભાગોમાં અંદર અંદર હરીફાઇ રહેશે નહીં.

બીજા ધોરણમાં અને ત્યાર પછીના ધોરણમાં નવસ્મરણ સિવાય કોઇ પણ વિષયમાં મુખપાઠના સવાલો પરીક્ષામાં પૂછવામાં આવશે નહીં.

આંખે અપંગ હોય તેને માટે લખનારની વ્યવસ્થા કરી લેવામાં આવશે તો તેની યોગ્યતાનું પ્રમાણપત્ર આપવામાં આવશે પણ તેને ઇનામ મળશે નહીં.

આ પરીક્ષાના ધોરણ વિગેરે સંબંધમાં ખુલાસો પુછવો હોય તે નીચેના શીરનામે પૂછી મંગાવવો.

પરીક્ષામાં બેસવા ઇચ્છનાર દરેક વિદ્યાર્થીએ નવેમ્બરની ૩૦ મી તારીખ પહેલાં પહોંચે તે પ્રમાણે અરજી બોર્ડના સેક્રેટરી તરફ મોકલી આપવી. દરેક અરજી નીચે જણાવેલી વિગત સાથે મોકલવી.

૬. આ પરીક્ષામાં બેસનાર ઉમેદવારોએ નામ, ઠેકાણું, ગામ, ઉમર, જન્મતારીખ, જન્મભૂમિ, કયા ધોરણમાં, કયા પેટા વિભાગમાં કયે સ્થળે પરીક્ષા આપવી છે, તેમજ તેની વ્યાવહારિક કેળવણી કેટલી છે અને ધંધો શું છે તેની વિગત નીચેના શીરનામે ચોખ્ખા અક્ષરે લખી મોકલવી.

પરીક્ષા તા. ૩૧-૧૨-૧૬ સં. ૧૯૭૩ ના પોષ સુદ ૭ ને રવિવારે બપોરે ૧ થી ૪ વાગ્યા સુધી ઉપર જણાવેલી જગાએ લખીત લેવાશે.

પાયધુની-પોસ્ટ નં૦ ૩
મુંબઇ.

મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ.
મોહનલાલ દલીચંદ દેશાઇ.
ઓનરરી સેક્રેટરીઓ,
શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ.

શ્રી જૈન શ્વેતામ્બર એજ્યુકેશન બૉર્ડ.

બાઇ રતન-- શા. ઉત્તમચંદ કેશરીચંદના પત્નિ.
સ્ત્રી જૈન ધાર્મિક હરીફાઇની પરીક્ષા.

તેના નિયમો તથા સને ૧૯૧૬ ની સાલનો અભ્યાસક્રમ.

નિયમો.

૧ મજકુર પરીક્ષા શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ તરફથી નીચે જણાવેલા એજંટોની દેખરેખ નીચે નીચેનાં સ્થળોએ તા. ૩૧-૧૨-૧૬ રવીવારે બપોરના ૧ થી ૪ વાગ્યા સુધી લેખીત લેવામાં આવશે-સ્થળ તથા એજંટોનાં નામોમાં હવે પછી પત્રવ્યવહાર કરી સારી રીતે વધારો કરવામાં આવશે.

	સ્થળ.	એજંટ.
૧	મુંબઇ.	શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બૉર્ડ .
૨	સુરત	મી. ચુનીલાલ મગનલાલ શરાફ તથા મી. મગનલાલ પી. બદામી.
૩	અમદાવાદ	મી. હીરાચંદ કસ્તુરભાઇ તથા મી. કેશવલાલ પ્રેમચંદ મોદી, વકીલ.
૪	માંગરોળ	શ્રી આત્મારામજી જૈન પાઠશાળા.
૫	મહેસાણા.	શ્રી મહેસાણા જૈન પાઠશાળા.
૬	પાલીતાણા	ઝવેરી લક્ષ્મિચંદ વેલાભાઇ તથા મી. કુંવરજી દેવશી.
૭	ભાવનગર	શ્રી જૈન ધર્મ પ્રસારક સભા.
૮	ધેવલા	શેઠ દામોદર આપુજા તથા શેઠ બાલચંદ હીરાચંદ.
૯	બનારસ	શ્રી યશોવિજયજી જૈન પાઠશાળા.
૧૦	જયપુર.	શેઠ ધાંસીલાલ મુલેચ્છા.
૧૧	ગુજરાનવાલા	શ્રી આત્મારામજી જૈન પાઠશાળા.
૧૨	રાજકોટ.	મી. ચત્રભુજ જેચંદ
૧૩	રતલામ	શેઠ વર્ધમાનજી બાલચંદજી તથા શેઠ રતનલાલજી સુરાના.
૧૪	બોટાદ	શેઠ લલ્લુભાઇ બાઇચંદ
૧૫	વઢવાણશહેર	શેઠ ગોવિંદભાઇ મકન તથા શા. મગનલાલ ડાહ્યાભાઇ.
૧૬	લીંચ	શેઠ હઠીસંગ રતનચંદ.
૧૭	અમરેલી	શેઠ સુંદરજી ડાહ્યાભાઇ વકીલ.
૧૮	લીંબડી	શેઠ હીરાચંદ બાલચંદ તથા શા. સુખલાલ કપુરચંદ.
૧૯	ધીણોજ	શા. ચુનીલાલ હાથીચંદ
૨૦	મોરબી	વકીલ ધનજીભાઇ રાયચંદ તથા શા. પ્રજારામ હરખચંદ.

૨૧	ઝીંઝુવાડા	શેઠ તેજપાળ ત્રીકમ તથા વોરા સવચંદ ઇચ્છાચંદ.
૨૨	વડસ્મા	શા. મયાચંદ સાંકલચંદ તથા શા. ભાયચંદ ખીમચંદ.
૨૩	ચાણસ્મા	વકીલ રવચંદ આલમચંદ.
૨૪	ખંભાત	શેઠ ચીમનલાલ પુરૂષોતમદાસ તથા રા. ચુનીલાલ મુલચંદ કાપડિયા
૨૫	પાટણ	શા. સેવંતીલાલ નગીનદાસ તથા શેઠ વાડીલાલ સાંકલચંદ.
૨૬	કપડવંજ	શેઠ બાલાભાઇ દલસુખભાઇ તથા પરિ. પ્રેમચંદ રતનચંદ.
૨૭	બોરસદ	રા. છોટાલાલ બાપુભાઇ પરીખ તથા શા. કીલાભાઇ જેઠાભાઇ.

૨ નીચે મુજબ અવિવાહીત કન્યાઓ માટે બે ધોરણની અને કન્યાઓ તથા સ્ત્રીઓ માટે પાંચ ધોરણની પરીક્ષા લેવામાં આવશે.

અભ્યાસક્રમ.

માત્ર અવિવાહિત કન્યાઓ માટે.

ધોરણ ૧ લું.

સામાયિક તથા **દેવવંદન વિધિનાં સુત્ર** તથા **નવ અંગ પૂજાના દોહા**- સમજણસહિત મૂખપાઠે.

જીવવિચારની પચીસ ગાથાના છુટા બોલ સામાન્ય સમજણ સાથે.

પુત્રી શિક્ષા (ગુજરાતી પ્રેસ.)

ધોરણ બીજું.

જીવવિચાર* તથા **નવતત્વનો સાર** (શેઠ ભીમસિંહ માણેકવાળી બુકો.)

ઉપદેશ પ્રાસાદ ભાગ ૧ લો (પ્રગટ કરનાર શ્રી જૈન ધર્મ. પ્ર. સભા-ભાવનગર.)

હિત શિક્ષા છત્રીસી (વીરવીજયજી) સમજણ સાથે.

કન્યાઓ તથા સ્ત્રીઓ માટે.

ધોરણ ૧ લું.

બે પ્રતિક્રમણ-અર્થ સમજણપૂર્વક મુખ પાઠે (તપગચ્છ માટે શેઠ હીરાચંદ કકલભાઇવાળી બુક તથા વિધિપક્ષવાળા માટે શેઠ ભીમસિંહ માણેકવાળી બુક)

જીવવિચાર+ પ્રકરણનો સાર (ભીમસિંહ માણેકવાળી બુક)

સજ્ઝાયો—ઉદય રત્નની ચાર-ક્રોધ, માયા, માન, લોભની સજ્ઝાયો.

ગહુંળીઃ—૧ શીયલ સલુણી ચુંદડી પાનું ૧૦૦ } બાળબોધ ગહુંળી સંગ્રહ-ભાગ
૨ બ્હેની સંચરતારે સંસારમારે પાનું ૨૬ } ૧ લો ભીમસિંહ માણેક.

ધોરણ ૨ જું.

પંચ પ્રતિક્રમણ તથા **નવસ્મરણ**—સમજણપૂર્વક મુખપાઠે (તપગચ્છ માટે શેઠ હીરાચંદ કકલભાઇવાળી બુક તથા વિધિપક્ષવાળા શેઠ ખીમશી માણેકવાળી બુક બે પ્રતિક્રમણ સૂત્રો સિવાય)

વિધિપક્ષ માટે **પાંચ પ્રતિક્રમણ, ભક્તામર** તથા **કલ્યાણમંદિર.**

ધોરણ ૩ જું.

નવતત્વ તથા ત્રણ ભાષ્યોનો સાર (ભીમસિંહ માણેક વાળી બુક).

ઉપદેશ પ્રાસાદ ભા. ૧ લો (શ્રી. જૈન. ધર્મ. પ્ર. સભા—ભાવનગર.)

---

*નોટ—જીવવિચાર, નવતત્વના વિદ્યાર્થીએ ગાથાએ ગાથે કરીને ભાવાર્થ કરવો પડશે.

+ પરીક્ષકો ગાથા પૂછશે નહિ પરંતુ તેમાંના પારિભાષિક શબ્દોની વ્યાખ્યા વિગેરે પૂછશે.

સ્તવનો:—જબ લગે સમકીત રત્નકું પાયા નહિ.
સમકિતદ્વાર ગભારે પેસતાજી
દોડતાં દોડતાં પંથ કપાયતો
તાર હો તાર પ્રભુ મુજ સેવક ભણી
જાત્રા નવાણું કરીએ વિમલગિરિ.
પ્રભુ પાસજી પ્રગટ પ્રભાવી.

અથવા

સમકિતના ૬૭ બોલની સજ્ઝાય સમજણ સાથે.

ધોરણ ૪ થું.

આગમ સાર (દેવચન્દ્રજીનું—પ્રકરણ રત્નાકરમાંથી)

ગુણસ્થાનક ક્રમ. (**જૈન** તત્ત્વાદર્શ—પરિચ્છેદ છઠ્ઠા.)

અથવા અનોપચંદ મલુકચંદના પ્રશ્નોતર રત્ન ચિંતામણી પ્રશ્ન ૫૨ થી ૫૪ જેમાં આ હકીકત આવી જાય છે.

શિક્ષોપદેશમાળા—(**જૈન** વિદ્યાશાળા વાળા.)

માને શિખામણ. (કર્ત્તા ડા. જીવનદાસ મોતીચંદ.)

ધોરણ ૫ મું.

નીચેના પાંચ વિભાગમાંથી ગમે તે એક.

અ. તત્ત્વાર્થ સૂત્ર (રાજચંદ્ર ગ્રંથમાળામાંથી)

આનંદઘનજીની ચોવીશી (પ્રથમનાં ૧૯ સ્તવનો-શ્રાવક ભીમસિંહ માણેકવાળું બાળબોધ સમજણ સાથે.) અથવા

બ. ચાર કર્મગ્રંથ (પ્રકરણ રત્નાકર ભાગ ૪ થો) **ઉપમિતિ ભવપ્રપંચ સંક્ષિપ્ત** (ભીમસિંહ માણેક) અથવા

ક. જ્ઞાનાર્ણવ અને આઠ દૃષ્ટિની સજ્ઝાય અથવા

ડ. યોગબિંદુ, આઠ દૃષ્ટિની સજ્ઝાય અને દેવચંદ્રજી ચોવીશી અથવા

ઇ. ઉપદેશ પ્રાસાદ ભાગ ૨ જો ૫.

૩ મજકુર પરીક્ષા લીધા પછી આશરે દોઢ મહીને ઇનામ મેળવનાર તથા પાસ થનાર ઉમેદવારોનું લિસ્ટ શ્રી **જૈન** શ્વેતામ્બર એજ્યુકેશન બોર્ડ તરફથી જાહેર પત્રદ્વારા બહાર પાડવામાં આવશે.

૪ આ પરીક્ષામાં ઉંચે નંબરે આવનાર ઉમેદવારોને તેની લાયકાત પ્રમાણે નીચે મુજબ **બાઇ રતન-શેઠ ઉત્તમચંદ કેશરીચંદના પત્નિ સ્ત્રી જૈન ધાર્મિક હરિ-ફાઇની પરીક્ષાનાં ઇનામો** મજકુર પરીક્ષા પછી આશરે બે મહીને આપવામાં આવશે.

પ્રથમ બાળ ધોરણ—આઠ ઇનામો રૂ. ૫૦ નાં.

૧ લું	ઇનામ રૂ. ૧૫	૫ મું	ઇનામ રૂા, ૫
૨ જું	,, ,, ૮	૬ ઠું	,, ,, ૪
૩	,, ,, ,, ૭	૭ મું	,, ,, ૩
૪ થું	,, ,, ૬	૮	,, ,, ,, ૨

બીજું બાળ ધોરણ—સાત ઇનામો રૂ. ૩૮) નાં.

૧ લું	ઇનામ રૂ. ૧૫	૫ મું	ઇનામ રૂ. ૩
૨ જું	,, ,,	૬ ઠું	,, ,, ૨
૩	,, ,, ,,	૭ મું	,, ,, ૨
૪ થું	,, ,,		

વર્ગ ૧ લો—દશ ઇનામો રૂ. ૯૨) નાં

૧ લું ઇનામ રૂ. ૨૧	૬ ઠું ઇનામ રૂ. ૭
૨ જું ,, ,, ૧૭	૭ મું ,, ,, ૫
૩ ,, ,, ,, ૧૫	૮ ,, ,, ,, ૩
૪ થું ,, ,, ૧૧	૯ ,, ,, ,, ૨
૫ મું ,, ,, ૯	૧૦ ,, ,, ,, ૨

વર્ગ ૨ જો—ચાર ઇનામો રૂ. ૮૩) નાં

૧ લું ઇનામ રૂ. ૩૧	૩ જું ઇનામ રૂ. ૧૭
૨ જું ,, ,, ૨૫	૪ થું ,, ,, ૧૦

વર્ગ ૩ જો—ત્રણ ઇનામો રૂ. ૫૦) નાં.

૧ લું ઇનામ રૂ. ૨૫	૩ જું ઇનામ રૂ. ૧૦
૨ જું ,, ,, ૧૫	

વર્ગ ૪ થો—ત્રણ ઇનામો રૂ. ૫૦) નાં.

૧ લું ઇનામ રૂ. ૨૫	૩ જું ઇનામ રૂ ૧૦
૨ જું ,, ,, ૧૫	

વર્ગ ૫ મો—પાંચ ઇનામો રૂ. ૧૦૦) નાં.

પાંચ વિભાગમાંના દરેક વિભાગમાં રૂ. ૨૦)

૫ પ્રકીર્ણ સૂચના.

૧ પ્રથમના બે ધોરણમાં સવાલો બહુ સાદા પૂછવામાં આવશે અને પરીક્ષકો નરમ રહે તેવી સૂચના કરવામાં આવશે.

૨ સર્વ સવાલપત્રકોના સંબંધમાં અક્ષરા સબંધી :ન પૂછાય તે માટે મોડરેટરોની નિમણુંક બૉર્ડ કરશે.

૩ કોઇપણ વિદ્યાર્થી એકી વખતે એકજ ધોરણમાં પરીક્ષા આપી શકશે, પણ તેમાં નિષ્ફળ થશે તો તે ધોરણમાં તે બીજે વરસે બેશી શકશે. પાંચમાં ધોરણમાં એકથી વધારે વિષય છે તેથી દરેકમાં જુદે જુદે વરસે પરીક્ષા આપી શકશે, અને પાસ થનારને લાયકાત પ્રમાણે ઇનામ તથા પ્રમાણપત્ર મલશે.

૪ એક તૃતિયાંશ માર્ક મેળવનારનેજ પાસ થયેલ ગણવામાં આવશે પણ ઇનામને લાયક થવા માટે ઓછામાં ઓછા પચાસ ટકા માર્ક મેળવવા જોઇએ.

૫ પાંચમા ધોરણમાં હાલ તુરત ઇનામ નાનાં દેખાય છે પણ જે વિભાગમાં બેસનાર નહી હોય તેનાં ઇનામો અન્ય વિભાગમાંના ઇનામની રકમ અથવા સંખ્યા વધારવા માટે ઉપયોગમાં લેવામાં આવશે.

૬ આ પરીક્ષામાં બેસનાર ઉમેદવારે તા. ૩૦–૧૧–૧૯૧૬ સુધીમાં પોતાનું નામ, ઠેકાણું ગામ, ઉમર, જન્મતારીખ. જન્મભૂમિ, કયા ધોરણમાં કયા પેટા વિભાગમાં કયે સ્થળે પરીક્ષા આપવી છે તેમજ તેણીની વ્યાવહારીક કેળવણી કેટલી છે તેની વિગત નીચેના શીરનામે ચોખ્ખા અક્ષરે લખી મોકલવી.

પાયધુની પોસ્ટ નં. ૩
મુંબઈ.

મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ.
મોહનલાલ દલીચંદ દેશાઈ.
ઑનરરી મેક્રેટરીઓ.
શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બૉર્ડ.

પાટણની પ્રભુતા અને જૈનો.

તંત્રીની નોંધ--પાટણની પ્રભુતા એ નામનું પુસ્તક 'ગુજરાતી' નામના પ્રસિદ્ધ સાપ્તાહિકની આ વર્ષની ભેટ તરીકે બહાર પડેલું છે કે જેમાં જૈનો સંબંધે એટલું બધું અયોગ્ય—અણછાજતું, એ આમરૂ કરનારૂં—નાલેસી ભર્યું અને કડવાસ ઉત્પન્ન કરે તેવું લખાણ છે કે જેની સખ્ત નોંધ લેવાની જરૂર છે અને એમ જો નહિ કરવામાં આવે તો તેવાં પુસ્તકો હવે પછીના વર્ષોની ભેટ તરીકે નીકળશે અને જૈનોનાં કુત્સિત ચિત્રો વધુ વધુ નીકળી અગ્નિ વિશેષ પ્રજ્વલિત કરશે, આના સંબંધમાં એક વિદ્વાન્ મુનિ સંક્ષેપમાં જણાવે છે કેઃ—

"ગુજરાતીનો આ વર્ષની ભેટ પાટણની પ્રભુતામાં જૈનોની નીચતાનું ઉત્કૃષ્ટ ચિત્ર આલેખવામાં આવ્યું છે તે અવલોક્યું જ હશે. આ સંબંધમાં કાંઈપણ પ્રતિકાર કરવા યોગ્ય છે કે મરણાસન્ન જૈનોને પોતાના જીવનને ટુંકું થવા દેવામાં સહાય કરવા યોગ્ય છે? તત્વસંબંધે સ્વવિચાર દર્શાવશો."

એક જૈન જતિને 'આનંદસૂરિ' નામ આપી તે કાલ્પનિક પાત્રને રાજખટપટી, પ્રપંચી અને જુદાં જુદાં પાખંડો ધતીંગો તેણે ધારણ કરનાર તરીકે ચીતરી પ્રથમ પૃષ્ઠથી તે છેલ્લા પાના સુધી તેને તેવા અખંડ આકારમાં મૂકી જૈન હૃદયની અધમતા બતાવવામાં કયે જૈનેતર લેખક રા. ધનશ્યામનો શો હેતુ હશે? એવી ઐતિહાસિક બીના કોઇપણ ગ્રંથમાંથી તે લેખક બહાર પાડી પોતાના કાલ્પનિક ચિત્રનું યથાયોગ્યપણું પૂરવાર કરશે કે? પહેલાં તો સૂરિનો અર્થ જ લેખક સમજ્યા નથી. સૂરિ એટલે આચાર્ય કે જે શાસ્ત્રનિપુણ હોવા ઉપરાંત શિષ્યસમૂહના વડા હોય છે. વળી જતિઓની ઉત્પત્તિનો પણ લેખકને ખ્યાલ નથી, કારણ કે જતિઓનો ઉદ્ભવ પંદરમો સોળમો સૈકો કે તે પછીના સમયમાં છે. મૂળ લેખકે 'ધનશ્યામ' એવું કાલ્પિનિક નામ ધારણ કર્યું છે કે ખરેખર તેમનું મૂળ નામ ધનધનશ્યામ છે? તે અનુમાની શકાય તેમ નથી. તેમજ મહાભારતનાં યુદ્ધમાં અગ્ર ભાગ ભજવનાર અને વૃંદાવનનાં ગોપ ગોપીઓ સાથે ક્રીડા અને રાસલીલામાં આનંદ લેનાર અને આપનાર ધનશ્યામ-કૃષ્ણ—કનૈયાને સુદર્શન ચક્ર અને મીઠી બંસરીને એક બાજુ મુકી જૈન ધર્મ ઉપર અપરોક્ષ રીતે આક્ષેપ પ્રહાર કરવા હાથમાં કલમ લેવા કેમ ગમ્યું હશે તે પણ અનુમાની શકાય તેમ નથી. નવજીવનના તંત્રી રા. શ્રી ઇન્દુલાલ જૈનેતર હોવા છતાં આનું અવલોકન લેતાં જૈનને કેવી લખે છે કેઃ—

"ઐતિહાસિક તેમ જ ઉપલબ્ધતાની દૃષ્ટિથી બે વસ્તુ અમને શંકાસ્પદ લાગે છે. પ્રથમ તો જૈનધર્મને લડાયક બનાવી તેનાથી ગુજરાતને લશ્કરી એકતા આપવાની આનંદસૂરિની યોજના ઐતિહાસિક છે એમ લેખકે પ્રસ્તાવનામાં કહ્યું નથી. આથી અનુમાન એમ જ થાય કે તે લેખકની કલ્પના છે. જો એમ હોય તો અમને એમાં બહુ ઔચિત્ય જણાતું નથી. જૈનો અને હિન્દુઓ વચ્ચે વાદવિવાદ અને કલહ થયાના અનેક પ્રસંગો બન્યા છે, તેમ જ હિંદુ ધર્મને નામે રજપૂત શૂરાઓ વારંવાર હલ્લડયાની આપણને ખબર છે. પરન્તુ જોરજુલમથી જૈન ધર્મની છાપ આખા રાજ્ય ઉપર પાડી એને અનુની એકતા આપવી એવો મુસલમાન ભાવનાનું જૈનધર્મ ઉપર આરોપણ કરવા બરાબર છે અને તે ભાવના મુંજાલ જેવો રાજપુરૂષ અશકય ગણી મૂર્ખાઇ ભરેલી

માને પણ ચંદ્રાવતીના જૈનોના પ્રતિનિધિરૂપ એક જૈન સાધુ તે રાણીના મગજમાં મૂકે અને અનેક ઉત્પાત કરાવે એતો અત્યંત વિચિત્ર અને અનુચિત લાગે છે. **અહિંસાના આચારને હૃદયથી પૂજનાર જૈન સાધુને આવો વેષ આપવાથી જૈન કોમ પોતાના ઉપર મોટો આક્ષેપ મૂકાયો છે એમ સમજે તો અમે આશ્ચર્ય નહિ પામીએ.**"—જો કે આ વિચારો સાથે અમે સંમત થતા નથી કારણ કે જૈનો લડાયક ભાગ ભજવતા આવ્યા છે તે ઇતિહાસથી સિદ્ધ થઈ શકે તેમ છે, પણ તેમાં જે કાળા જાડા અક્ષરો છે તે પર અમે વાંચકોનું ખાસ ધ્યાન ખેંચીએ છીએ.

આ સંબંધમાં અમારે સાક્ષર શ્રી નહાનાલાલ દલપતરામ કવિ એમ. એ. જેમણે ડિંડિમ નાદથી અનેકવાર જણાવ્યું છે કે જૈનેતરોના હાથેથી જૈનોપર ઘણો અન્યાય થયો છે અને અનેક નિરર્થક અને અયોગ્ય હૂમલાઓ આલેખાયા થયા છે, તેમની સાથે વાતચીત થતાં તેમણે ઉક્ત પુસ્તક અથેતિ વાંચી પછી અભિપ્રાય આપવા જણાવ્યું હતું પણ સાથે કહ્યું કે એમ જો હોત તો નઠારી બાજુની સાથે સારી બાજુ બતાવવા સુપ્રતિષ્ટિત સુંદર **જૈન** મુનિનું બીજું પણ ચિત્ર આલેખવું જોઇતું હતું.

રા. ધનશ્યામને બીજાને ધનશ્યામ જેવા ચીતરવામાં શું લહાવો હશે? ગમે તેમ, પણ પ્રકાશક 'ગુજરાતી'ના અધિપતિ પણ આ પ્રગટ કરવામાં કેમ સંમત થયા હશે! કદાચ તેમણે તે કૃતિ વાંચી નહિ હોય યાતો બીજાની સલાહ લઈ પ્રગટ કરી હશે

હવે આપણે શું કરવું તેપર આવીએઃ—

(૧) દરેક **જૈન** વિદ્વાન્ અને ગ્રેજ્યુએટે આ પુસ્તક વાંચી તેમાં ઐતિહાસિક દૃષ્ટિએ કેટલું અસત્ય છે તે શોધી કાઢી **જૈન** સાધુનું યથાર્થ ચિત્ર રજુ કરી આ પુસ્તકને યોગ્ય બદલો આપવાની જરૂર છે.

(૩) **જૈન** એસોસીએશન ઑફ ઇંડિયા **જૈન** ગ્રેજ્યુએટ્સ એસોસીએશન, તેમ જ બીજી **જૈન** સંસ્થાઓએ આમાં ઉતરી ઉહાપોહ કરવો ઘટે છે.

(૪) **જૈન જૈનશાસનાદિ** પેપરો અને **જૈનભાસિકોએ** આના સંબંધમાં ચર્ચા જોસભેર ચલાવી તે પુસ્તક અને જૈનો સાથે શું સંબંધ છે તેની યોગ્યાયોગ્યતા પ્રજા સમક્ષ મૂકવી ઘટે છે.

છેલ્લે જણાવવાનું કે કેટલાકને આશ્ચર્ય થાય છે કે પ્રસ્તાવનામાં જણાવ્યા પ્રમાણે **જૈનના** સ્થાનકવાસી સંપ્રદાયમાં ઉછરેલા ગૃહસ્થ રા. કુશાલભાઇ તલકશી શાહ કે જે B. A. B. Sc. Bar at Law ની પદવી ધરાવે છે-ને પ્રૉફેસર છે તેમણે "આ કથાને આ રીતે જન્મ પમાડતાં ધનશ્યામના એક મિત્ર તરીકે મદદ આપી છે," પણ અમોને લાગે છે કે બધી બાબતમાં તેઓ સહમત તો નહિ થયા હોય. રા ધનશ્યામને નવલકથા લખી રહ્યા પછી કોઇ જૈન વિદ્વાન્ કે યોગ્ય ગૃહસ્થને બતાવી તેનીપાસેથી **જૈન** સાધુનો વેષ, આચાર, ત્યાગ સંબંધેનો મત માગ્યો હોત અને તેમાં યોગ્ય ફેરફાર સૂચવવા કહ્યું હોત તો ઘણા ખુશીથી તેઓ તે કાર્ય ઉપાડી લેત જે થયું તે થયું, આ બધામાં માત્ર રા. ધનશ્યામે એક જ વસ્તુ ઉણી રાખી છે; અમને તે એ કે આખરે તે જાતિને સંઘ બહાર મૂકવામાં આવે છે અને બીજા જૈનો તેઓ તરફ નિરસ્કાર દેખાડે છે.

છતાં આવાં કૃત્યો એક જાતિને હાથે કરાવવામાં આવે એ ઘણું શોચનીય છે. કદાચ એમ પણ હોય કે લેખકે અજાણતાં આવી ભૂલ કરી દીધી હોય. જો એવી ભૂલ હોય તો ઘણી બેદકારક છે અને લેખકને સ્પષ્ટ કરતાં કાંઇ વાંધો નહિ હોય કે શા હેતુથી આવું લખવામાં આવ્યું છે. માત્ર નિંદાને ખાતર આવું લખવામાં નહિ આવ્યું હોય તો અમને ખાત્રી છે કે લેખક બનતી ત્વરાએ ખુલાસો આપશે કે કેવા દૃષ્ટિબિન્દુથી આવું તેના તરફથી લખવામાં આવ્યું છે કે જેથી આપણી કોમમાં થતો અસંતોષ દૂર થાય.

—તંત્રી.

જૈન સંબંધી કંઈ કંઈ.

જૈન ધર્મ વિષે અંગ્રેજી પુસ્તક—નામે ' Epitome of Jainism' આપણા માન્ય ગ્રેજ્યુએટ શ્રીયુત પુરનચંદ્રજી નહાર M. A. B. L. વકીલ હાઇકોર્ટ થોડા વખતમાં પ્રગટ કરવાના છે એ જાણી અમને આનંદ થાય છે. દિગંબરી મહાશય શ્રીયુત જુગમંદીરલાલ જૈની Bar-at-Law ઇંદોરની ચીફકોર્ટના જજ પણ 'outlines of Jainism' નું પુસ્તક બહાર પાડવાના છે. અમે ધારીએ છીએ કે જૈન ગ્રેજ્યુએટો આનું અનુકરણ કરી પોતાના જ્ઞાનનો ઉપયોગ કરશે.

પંડિત અર્જુનલાલ શેઠીનો કેસ--આ સંબંધે શું વીત્યાં છે તે અમારા વાંચકોને ખબર છે. તેમને વગર તપાસે કોઇ પણ જાતનો ગુન્હો સાબીત કર્યા વગર કે દેખાડયા વગર જયપુર રાજ્યે તુરંગમાં મોકલાવી દીધા છે એ સંબંધે અનેક પોકાર ઉઠયા છે અને ઉઠતા જાય છે–કોઇ તેનું ધણી કે ધોરી થતું નથી. મેમોરીઅલપર મેમોરીઅલ તેમના પત્ની તેમ જ સાધર્મી ભાઇઓ તરફથી થતા જાય છે, કોઇ સરકાર ઉપર તો કોઇ જયપુર રાજ્ય તરફ. મુંબઇમાંથી એક જયપુર રાજ્ય તરફ અને પછી તેનો જવાબ ન આવવાથી વાઇસરૉયપર એમ બે મેમોરીઅલ મોકલવામાં આવ્યાં છે પણ તેની માત્ર પહોંચ મળી છે. હમણાં અજીતપ્રસાદ M. A. L L. B. વકીલ લખનો તથા બીજાઓની સહીથી એક મેમોરીઅલ નવા વાઇસરૉયપર મોકલવામાં આવ્યું છે તેની નકલ અમોને મળી છે પણ સ્થાનના અભાવે તેને અહીં અવકાશ આપી શકતા નથી પણ તે સંબંધમાં મુંબાઇના ૨૧ મી જુનના બોંબે ક્રોનીકલે દર્શાવેલા નીચેના વિચારો સાથે અમે સંમત થઇએ છીએ:—

The Case of Arjunlal Sethi

It is about a year and a half now since the well-known Jain scholar and educationist, pandit Arjunlal Sethi was imprisoned at Jaipur without any trial and without even. a charge being brought against him. In these columns the strange circumstances under which he was arrested

and after being taken from one place to another. finally interned under he arbitrary regulations of the Jaipur Durbar, have been fully described, Meetings by the scere have been held by the Jain community all over India and memorials sent to the Government of India and the Jaipur Durbar but the redress sought for has not been. obtained. A further strong representation has now been addressed on behalf of the whele Jain community to Lord Chelmsford, praying in the interests of both justice and mercy that his Excellency should move in the matter and secure the release of the pandit, or at least that he should be given a fair trial to meet the charges, whatever they be, which are withheld from his knowledge at present We need not again emphasise the unanswerable reasonableness of the request and we hepe that it will not be made in vain. to Lord Chelmsford.

ભારત જૈન મહામંડલ જેવી મોટું નામ ધરાવનારી સંસ્થાએ ગત ડિસેંબરમાં વાર્ષિક સભા મુંબઇમાં ભરી પણ શેઠી સંબંધે ઠરાવ લાવવામાં જે બીકણપણું દર્શાવ્યું છે તે માટે તેમ જ અહીંની જૈન એસોસીએશન ઑફ ઇંડિયાએ આ સંબંધે કંઇ પણ હીલચાલ કરી નથી તે માટે ખેદ થાય છે. કોઇ પણ બચાવ વગર તપાસે અને ગુન્હાની જાણ વગર જેલમાં સડે એથી અહિંસા ધર્મનો ઝુંડો ઊડાવનારી જૈન કોમને કે જૈન ભાઇઓને કંપારી આવતી નથી કે પાનો ચઢે! શિવ! શિવ! શિવ!

સૂત્રોનું ભાષાંતર—અજમેર લાખનકોટડીથી મુનિ માણેક લખી જણાવે છે કે "હિંદી ભાષા રાજ્ય ભાષાના સર્વત્ર પ્રચાર થવા યોગ્ય હોવાથી મેં સૂત્રોનું હિંદી ભાષાંતર કરવા માંડયું છે અને તે સૌને શીઘ્ર મલે તે માટે ફક્ત નામની કિમત રાખી છે. કલ્પસૂત્ર મૂળ તથા હિંદી ભાષાંતર છપાવા આવ્યું છે અને તે દરેકને રૂ. ૧) માં મળી શકે તેવી તજવીજ કરી છે. જોઇએ તેણે અજમેર નાયા બજાર શોભાગમલ હરખાવત પાસેથી મંગાવી લેવું. તૈયાર થવા બાદ કોઇપણ સંસ્થાને તે આપી દઇ તેમાંથી જ રાયપસેણી સૂત્ર અર્થ સાથે છપાશે. તેથી સંસ્થા જે લેશે તે રૂ. ૧૫૦ માં કલ્પસૂત્ર વેચશે."

અમે મુનિશ્રીનું ભાષાંતર મળ્યે યોગ્ય સૂચનાઓ કરીશું; છતાં અત્યારે એટલું કહીશું કે ભાષા શુદ્ધ અને સરલ, અર્થ સ્પષ્ટ અને યોગ્ય બની શકે તો પારિભાષિક શબ્દોના અર્થનો કોષ તેમાં હોવાં આવશ્યક છે.

કવિતા લખનારને વિજ્ઞપ્તિ—અમારા તરફ કવિતાઓ ઘણી વખત આવે છે અને સાથે લેખક જણાવે છે કે (આપના માસિકમાં પ્રસિદ્ધ થશે તો હું બહુ આનંદ પામીશ. મને ઉત્તેજન મળશે. તો આના જવાબમાં જણાવવાનું કે તે એટલી બધી ક્ષુલ્લક અને ગદ્ય ભાગને ગમે તેવા રાગ, ગઝલ કે છંદમાં અક્ષર કે માત્રાના ઢંગ વગર ગોઠવેલી હોય છે કે કવિતા હૃદયની ઉર્મિરૂપ ઉન્નત વિચારની વ્યંજક હોવી જોઇએ એવું ભાન રહ્યું હોય એમ લાગતું નથી તેથી તેને ફાઇલમાં રાખવા વગર છૂટકો રહેતો નથી પણ સાથે ઇચ્છીએ છીએ કે લેખકો ધીમેધીમે પ્રયાસો કરી નિચેના વિચારો ધ્યાનમાં રાખી પ્રગતિ કરતા જશે તો કંઇક ગુણોત્કર્ષ થશે.

"પ્રતિભાની વિશેષતા—ઉન્નત ભાવ અને વિચાર કાવ્યમાં ખાસ ઉતરવા જોઇએ. વળી અભ્યાસ અને મનનની જેમ ગદ્ય લેખ લખવામાં જરૂર રહે છે તેમ માત્ર કલ્પનામય વ્યાપારોમાં અને શબ્દોની ગમે તેવી ગોઠવણીમાં ચિત્ત ન રાખતાં અભ્યાસ અને મનન, કાવ્ય કરતાં પહેલાં પણ હોવાની પૂરી જરૂર છે."

પુસ્તક પરીક્ષા—કેટલાક તરફથી અમોને પોતાનાં પુસ્તકો અવલોકન અર્થે મળેછે તે માટે તેમનો ઉપકાર માનીએ છીએ અને કેટલાક તરફથી ઉપકાર અર્થે મળે છે તે માટે તેમને સર્વથા ધન્યવાદ આપીએ છીએ. જેઓ અવલોકન અર્થે મોકલે છે તેમાંથી કોઈ કોઇ કદાચ એવો પ્રશ્ન પૂછે છે કે "હજુ સુધી કેમ અભિપ્રાય આવ્યો નથી?" માટે તુરત અભિપ્રાય લઇ તે અંક અમને તાકીદે મોકલશો. તો આ સજ્જનને અમારે વિનતિ પૂર્વક કહેવાનું કે અમો તરફ જે કંઇ આવે તેનો અભિપ્રાય લેવો અને છેવટે કંઇ નહિતો સ્વીકાર જણાવવો એ અમારી ફરજ છે, પરંતુ અધિપતિ માથે કેટલો બધો બોજો હોય છે તે ધ્યાનમાં રહેતો ફરિયાદો થોડી થાય એમ અમારૂં માનવું છે. વળી એક પુસ્તકનો અભિપ્રાય ઉપર ઉપરથી લખી નાંખવાનો જ હોય તો તો પછી તેવા અભિપ્રાયની કિંમત જ નથી એમ અમે સમજીએ છીએ. બીજાઓ ભલે તેમ કરે, પરંતુ માસિકમાંના અભિપ્રાયોમાં ગુણવત્તા, અને શિષ્ટતા હોવી જોઇએ તેથી યોગ્યાયોગ્યતાનો શુદ્ધી અશુદ્ધિનો—વગેરેનો વાંચી મનનથી તોલ કરવાની પૂર્ણ જરૂર રહે છે. તો ધીરજ રાખ્યે **અમની શકશે ત્યાં સુધી** અમારો અધીન અભિપ્રાય આવશે એમ સમજાવવાની વધુ જરૂર રહેતી નથી.

શેઠ ખેતશી ખીઅશી. જૈ. પી ની ઉદારતા—જૈન કેળવણી ખાતું કે જે સંવત્ ૧૯૬૪ માં જામનગરની આજુબાજુએ ૬૪ ગામોમાં ખેતીનો ધંધો કરતા આશરે ૧૩૦૦૦ વીસા ઓશવાલ ભાઇઓને ધર્મ પમાડવા અર્થે સ્થાપિત થયું હતું તે સં. ૧૯૬૮ માં બંધ થયું હતું, પણ આ શેઠ તે સાલથી નિભાવી લઇ અત્યાર સુધી દરવર્ષે મદદ તેમાં આપતા રહ્યા છે તે માટે તેમને ધન્યવાદ ઘટે છે, આ સંબંધી વ્યવસ્થા જામનગરના વકીલ રા. સાંકળચંદ નાગજી શાહ B. A. LL. B. સેક્રેટરી ઉભા સંઘ ઘણી સારી રીતે કરે છે અને તેમની પાસેથી આ માટેની દરેક હકીકત મળશે.

—તંત્રી.

જ્ઞાનચર્ચા.

પ્રશ્ન:—સાંખ્ય દર્શન, યોગદર્શન અને વેદાંત દર્શનની એકતા કોઇ પણ રીતે થઇ શકતી હોય તો તદ્દન ટૂંકામાં જણાવશો.

આ પ્રશ્ન રા. રા. મોતીભાઇ નથુરામનો છે.

ઉત્તર:—સ્થૂલ દૃષ્ટિએ જોતાં સાંખ્ય શાસ્ત્રમાં જીવ અનંત કહેલા છે; યોગ શાસ્ત્રમાં પુરૂષ વિશેષ ઇશ્વર કહેલો છે અને વેદાંત શાસ્ત્રમાં માત્ર અદ્વૈત જ્ઞાન એટલે ચૈતન્યસત્તા સર્વત્ર કહેલી છે એ ભેદ છે. સૂક્ષ્મ વિચાર કરતાં સાંખ્ય, યોગ અને વેદાંત એકજ જણાય

છે. અવિદ્યાના અભાવમાં આત્માની સ્વરૂપમાં સ્થિતિ તે સાંખ્ય યોગની મુક્તિ છે. સાંખ્ય દર્શનનું કથન છે કે " **प्रकृति पुरुषान्तर परिज्ञानात् मुक्तिः** " પ્રકૃતિ, પુરૂષથી અન્ય છે એવું જ્ઞાન થાય (સાક્ષાત્કાર થાય) ત્યારે મુક્તિ થાય છે. યોગદર્શનકારનું કથન છે કે " **तदभावात्संयोगाभावो हानं तद्दृशेः कैवल्यम्** " અવિદ્યાના અભાવથી સંયોગનો અભાવ થાય છે તેજ હાન અને તેજ કૈવલ્ય, અવિદ્યા છે તેજ દ્વૈતપણું છે. અવિદ્યા રૂપ દ્વૈત ભાવનો અભાવ થતાં આત્મા સ્વ સ્વરૂપમાં સ્થિત થાય છે. સ્વરૂપસ્થિત આત્માને માત્ર પોતેજ પોતાને જણાય છે. જો પ્રકૃતિ જણાય તો તે સ્વરૂપસ્થિત કહેવાય નહિં અર્થાત્ સાંખ્ય અને યોગમાં મુક્તને ચૈતન્યનોજ અનુભવ થાય છે. પોતે ચૈતન્યમયજ થઇ રહે છે. વેદાંતશાસ્ત્ર પ્રમાણે મુક્તને એક ચૈતન્યસત્તા સિવાય બીજું હોતું નથી. માત્ર સર્વત્ર ચૈતન્યજ ભાસે છે, એ પ્રમાણે કૈવલ્યમાં સાંખ્ય અને યોગવાળાને પણ ભાસે છે. પ્રકૃતિના સંયોગથી જેમ સાંખ્યયોગમાં બ્રહ્માત્માની સ્થિતિ છે તેમ અવિદ્યારૂપ દ્વૈતાભાસવડે વેદાંતશાસ્ત્રમાં બ્રહ્માત્માની સ્થિતિ કહેલી છે.

ઉપર પ્રમાણે દર્શનભેદ તજીને નિર્પક્ષપાત જ્ઞાનદૃષ્ટિએ જોતાં **સાંખ્યદર્શન, યોગદર્શન** અને વેદાંતદર્શન એકજ છે. માત્ર અધિકાર પરત્વે જ્ઞાનશૈલીની સૂક્ષ્મ નહિ પણ સ્થૂલ ભિન્નતાવાળાં શાસ્ત્રો જુદાં છે. **इत्यलम् ॐ शान्तिः शान्तिः शान्तिः**

રાજકોટપુરા-કાઠિઆવાડ
તા. ૧૪-૬-૧૯૧૬.

ગોકુલદાસ નાનજીભાઇ ગાંધી

અન્યધર્મોમાં જૈનધર્મનો ઉલ્લેખ.

(૨)

ચૈત્ર-વૈશાખ માસના અંકમાં આ વિષયનો પ્રથમ ભાગ આવી ગયો છે. આજ વિષયનો દ્વિતીય ભાગ આ નીચેથી શરૂ કરવામાં આવે છે. પહેલા ભાગના ઉપોદ્‌ઘાતમાં જણાવી ગયા પ્રમાણે આ ઉલ્લેખમાં અન્યધર્મોના જૈનો માટેના અભિપ્રાયોજ આવશે. જ્યારે આ લેખના ચાર ભાગ પૂર્ણ થશે ત્યારે પછી તે લેખોના જૈનો તરફથી કેવા પ્રકારે જવાબ અપાવા જોઇએ તે તથા અન્યધર્મોનો જૈનધર્મમાં ઉલ્લેખ એ લેખો આવશે) હાલ તો જે ઉલ્લેખ આવે તે બિલકુલ અકળાયા વગર શાંત ચિત્તે પ્રસન્ન મનથી વાંચી જવા ધ્યાન આપવા જરૂર છે. આ લેખ ઉપરથી ધાર્મિકજ્ઞાન સાથે ઐતિહાસિક જ્ઞાનમાં પણ અભિવૃદ્ધિ થયા વગર રહેશે નહિ.

શ્રી યોગવાશિષ્ઠ—વેદાંતના અગ્રગણ્ય પુસ્તકો પૈકીનું આ પણ એક છે. આ ગ્રંથ આદિકવિ શ્રી વાલ્મિક ઋષિએ રચેલો છે. વર્ત્તમાન સમયમાં શ્રીમદ્ ભગવદ્‌ગીતાની પેઠે આ પુસ્તક પણ અતિ આદરને પામ્યું છે; તેમાંથી નીચે પ્રમાણે જૈનને લગતી હકીકત મળી આવે છે.

नाहं रामो न मे वांछा भावेषु न च मे मनः ।
शान्त आसितुमिच्छामि स्वात्मनीव जिनो यथा ॥

મુમુક્ષુ પ્રકરણે અહંકાર ખંડન અધ્યાયે શ્લોક આઠમો.

टीकाः-अहंकारत्यागे देहाभिमानममतादयः स्वयमेव शाम्यंतीति दर्शयति । नाहं मिति । शान्तो निवरः । स्वात्मनीव आत्मोपम्येन सर्वभूतानि पश्यन्नित्यर्थः । जिनो बुद्धः स यथा अहिंसापरस्तद्वत् । निंद्येष्वपि गुणोग्राह्य इति न्यायेन जिनोदाहरणः । जित इति वा पाठः ।

ટીપઃ—ઉપરના શ્લોકમાં જિન શબ્દ છે તેનો અર્થ ખરૂં જોતાં જિનેશ્વર જ થાય છે પણ સસ્તાસાહિત્ય વર્ધક કાર્યાલય તરફથી યોગવાસિષ્ઠનું ગુજરાતી ભાષાંતર બહાર પડ્યું છે. તેમાં ભાષાંતરકારે પ્રાચીન ટીકાઓ ઉપર પણ આધાર નહિ રાખતાં પોતાની મરજી પ્રમાણે જિન એટલે પાછો વળેલો, વૈરાગવાન, હારી ગએલો, એને મળતો એવો અર્થ કર્યો છે. વિશેષ નામોને એમને એમજ મૂકવાં પણ તેનો અર્થ કરવો નહિ એવો પ્રાચીન સંસ્કૃત વૈયાકરણોનો પણ મત છે છતાં સસ્તા સાહિત્ય તરફથી જિન શબ્દનો અર્થ મૂકવામાં આવ્યો છે જેથી જિન શબ્દ ઉપરથી શ્રોતા અને વક્તાના મનમાં જે જિનેશ્વરત્વનો ભાવ સમજવો જોઇએ તે સમૂળો ઉડી જાય છે માટે જ **संज्ञाभयात्** વિશેષ નામના અર્થો નહિ મૂકવાની વૈયાકરણીયો ના પાડે છે, આખા યોગવાસિષ્ઠ ઉપર સંસ્કૃત ટીકાકાર આનંદબોધેન્દ્ર ભિક્ષૂએ વ્યાકરણના નિયમને અનુસરતીજ ઉદારતા દેખાડવા માટે જિન શબ્દ કાયમ રાખ્યો છે અને જિન એટલે જિનેશ્વર એવો અર્થ બતાવ્યો છે.

कलविंक घटन्यायो धर्म इत्यपितद्विदाम् ।
तथात्मसिद्धेर्म्लेच्छानां तद्देशेषु न दुष्यति ॥

टीकाः-यथा घटेऽवरुद्धः कलविंकस्तन्मुखापावरेण बहिरुड्डीय गच्छति एवं देहांतः परिच्छिन्नो धर्मी जीवः कर्मक्षये परलोके उड्डीय गच्छतीत्यार्हतकल्पनापि सत्या ॥

ઉપરનો શ્લોક અને ટીકા નિર્વાણ પ્રકરણના ૯૭ મા સર્ગના ૧૦ મા શ્લોકમાં છે. આનો અર્થ સસ્તા સાહિત્યવાળા આ પ્રમાણે કરે છેઃ—"જેમ ઘડામાં પુરેલો કલવિંક પક્ષી ઘડાનું મોઢું ખુલ્લું થતાં તેમાંથી ઉડી બહાર જતો રહે તેમ દેહમાં પરિચ્છિન્ન આકારે રહેલો જીવ કર્મનો ક્ષય થતાં દેહમાંથી ઉડી જઇ પરલોકમાં જતો રહે છે. આવો (આર્હત મતનો) વિચાર પણ ખરેખર માનનારાના અનુભવને અનુસારે સાચો લાગે છે."

મહાભારતઃ— એક લાખ શ્લોક વધારે મૂળ સંસ્કૃત શ્લોકવાળા મહાભારત નામવાળા ઇતિહાસ—પુસ્તકમાંના શાંતિપર્વમાં નીચે પ્રમાણે ઉલ્લેખ છે.

एतदेवं च नैवं च न चोभे नानुभे तथा ।
कर्मस्था विषयं ब्रूयुः सत्वस्थाः समदर्शिनः ॥

શ્રી નીલકંઠી ટીકા:—આર્હતમત આહ એતદિતિ તૈર્હિ સ્યાદસ્તિ સ્યાન્નાસ્તિ સ્યાદસ્તિ ચ નાસ્તિ ચ સ્યાદસ્તિચાવક્તવ્ય: સ્યાનાસ્તિચાવક્તવ્ય: સ્યાદસ્તિ ચ નાસ્તિચાવક્તવ્ય: સ્યાદવક્તવ્ય ઇતિ સપ્તભંગી નય: સર્વત્ર યોજ્યતે અત એતદેવામિતિ સ્યાદસ્તીત્યુક્તં ચાત્ એતન્ન એવં ચનેતિ સંબંધે નસ્યાન્નાસ્તિસ્યાદવક્તવ્ય ઇતિ ચોક્તં ન ચોભે ઇત્યનેન સ્યાદસ્તિ ચ નાસ્તિ ચ સ્યાદસ્તિ ચ નાસ્તિચાવક્તવ્ય ઇતિ ચોક્તં નાનુભે ઇતિ સ્યાદસ્તિ ચાવક્તવ્ય: સ્યાન્નાસ્તિ ચાવક્તવ્ય ઇતિ ચોક્તં કર્મસ્થા આર્હતા વિષયં ઘટાદિં એતદેવમસ્તિત્યાદિ બ્રૂપુરિતિ સંબંધ: એતેષુ પક્ષેષુ કૃતહાના કૃતાભ્યાગમપ્રસંગાત્સ્વભાવમાત્રપક્ષસ્તુચ્છ: બંધમોક્ષાદિ વસ્તુમાત્રસ્વરુપસ્યાસ્તિ નાસ્તીત્યાદિ વિકલ્પ પ્રસ્તવનાનવધારણાત્મક આર્હતપક્ષોપિ તુચ્છ એવ પરિશેષાત્સમુચ્ચય પક્ષ એવ શ્રેયાન્ વ્યવહારે પરમાર્થસ્તુ સત્યસ્થાયોગિન: સમદર્શિનો બ્રહ્મૈવ કારણત્વેન પશ્યન્તિ ॥

શ્રી મહાભારતે શાંતિપર્વેઽધ્યાય: ૨૩૯ । શ્લોક ૬ ।

ઉપરના શ્લોકના સંબંધમાં શ્રીયુત છોટાલાલ નિર્ભયરામ ભટ્ટ લખે છે કે " આર્હત મતવાળા (જૈન) " જગતને આવું છે, આવું નથી અને નથી અને નહિ બંને નથી. " એમ કહે છે, એમાં જૈન લોકો જે સર્વત્ર સપ્ત ભંગીઓ (વિકલ્પ) બતાવે છે તેનો સમાવેશ કરેલો છે. એવી રીતે કે, ૧ જગત છે. ૨ જગત નથી. ૩ જગત છે અને નથી ૪ જગત છે અને અવક્તવ્ય છે, ૫ જગત નથી અને અવક્તવ્ય છે. ૬ જગત છે અને નથી તથા અવક્તવ્ય છે. ૭ જગત અવક્તવ્ય છે. એમ સપ્ત ભંગીઓ (વિકલ્પો) જૈન મતમાં છે. એ સર્વ પક્ષોમાંથી સ્વભાવવાદીઓનો પક્ષ તુચ્છ છે કેમકે, તેઓના કહેવા પ્રમાણે સ્વભાવથીજ ઉત્પતિ હોય તો કૃતહાન એટલે કરેલા કર્મનો નાશ અને અકૃતાભ્યાગમ એટલે નહિ કરેલા, કર્મની પ્રાપ્તિ થવા રૂપ દોષ ઉપસ્થિત છે. આર્હત મત પણ તુચ્છ છે કેમ કે બંધ અને મોક્ષ એ વસ્તુ માત્રનું સ્વરૂપ છતાં " તેમાં છે અને નથી " એવો વિકલ્પ કરવો ઉચિત નથી. માટે વ્યવહાર પક્ષે જોઇએ તો દૃષ્ટ યત્ન, કાળ અને સ્વભાવ, એ ત્રણના સહાયથી પૌરૂષકર્મ ફળદાતા બને છે એવો સમુચ્ચય પક્ષજ ઠીક છે અને પરમાર્થ પક્ષે જોઇએ તો સમાન દૃષ્ટિવાળા યોગી બ્રહ્મનેજ જગતના કારણ રૂપે માને છે તેઓનોજ મત શ્રેષ્ઠ છે. "

શ્રી શાન્તિપર્વના ૨૩૩ ના અધ્યાયના ૨૧ મા શ્લોકમાં પણ ઉપરને મળતીજ હકીકત છે જોવો અત્રે આપી નથી.

ટીપ:—શ્રી યોગવાસિષ્ઠ વાલ્મિક ઋષિએ બનાવ્યું છે. વાલ્મિક ઋષિ, શ્રી રામચંદ્રજીના સમયમાં હૈયાત હતા અને તેમને વૈદિક ગણના પ્રમાણે આજે લગભગ વીશલાખ વર્ષ થયાં છે. શ્રી રામચંદ્રજીએ જિન દેવની પેઠે આત્મશાંતિ મેળવી છે જેથી શ્રી રામચંદ્રજી પણ શ્રી વીતરાગના અભેદ માર્ગનેજ માનવાવાળા હતા એમ વેદાંતના અગ્રગણ્ય યોગવાસિષ્ઠ ગ્રંથ ઉપરથી સાબિત થાય છે. આત્મસ્વરૂપે સ્થિત થવું એ યોગવાસિષ્ઠનો સારાંશ છે. શ્રી જિનદેવ આત્મસ્વરૂપે સ્થિત હતા માટેજ શ્રી રામચંદ્રજીએ જિન દેવની પ્રમાણેજ આત્મશાંતિની ઇચ્છા કરી છે. અખિલ ભૂમંડલમાં પૂર્ણ વૈરાગ્યતા પૂર્વક પૂર્ણ આત્મશાંતિ શ્રી

જિનેશ્વરે મેળવેલી હોવાથી શ્રી રામચંદ્રજી જેવા સુરાસુરપૂજનિક મહાત્મા પણ એ અપૂર્વ આત્મશાન્તિની ઇચ્છા કરે એ દેખીતુંજ છે. શ્રી યોગવાસિષ્ઠમાં સરળ, સીધી અને બહુધા પક્ષાપક્ષી વગરની વાતોજ છે.

શ્રી મહાભારતનામક ઐતિહાસિક ગ્રંથને રચાયાં આજે વૈદિક ગણના પ્રમાણે પાંચહજાર ઉપરાંત વર્ષો થઇ ગયા છે. આ ગ્રંથ મહાપુરૂષ શ્રી વેદવ્યાસે (કૃષ્ણ દ્વૈપાયને) રચેલો છે. આ લેખ ઉપરથી શ્રી કૃષ્ણ ભગવાનના સમયમાં પણ જૈન ધર્મ પ્રચલિત હતો એમ વેદાનુયાયી શ્રી મહાભારત ઉપરથી સાબિત થાય છે. શ્રી મહાભારતમાં બીજે સ્થળે પણ ઉલ્લેખો છે.

સર્વ દર્શન સંગ્રહ:—આ પુસ્તકમાં મણિશંકર હરગોવિંદ ભટ્ટ, બી. એ. એ ઉપોદ્ઘાત કરેલ છે તેમાં તેઓ લખે છે કે:—"ભારત વર્ષીય સર્વ ધર્મોના મુખ્ય બે વર્ગ થઇ શકે છે:—એક આસ્તિક અથવા વેદને માનનારાઓનો; અને બીજો નાસ્તિક અથવા વેદને નહિ માનનારાઓનો. નાસ્તિક માર્ગમાં ચાર્વાક બૌદ્ધ અને જૈન એઓનો સમાવેશ થાય છે. આસ્તિક માર્ગોના પણ બે ભાગ પાડે દર્શનધર્મ અને પુરાણધર્મ. ×××× જૈનના બે વર્ગ છે શ્વેતાંબર અને દિગંબર.

આર્હતદર્શનના ભાષાંતરમાં લખે છે કે " આ પ્રકારનું મુકતકચ્છનું મત નહિ કરનારા દિગંબરો ગમે તે પ્રકારે સ્થાયિત્વનો આધાર લઇને ક્ષણિકત્વ પક્ષનો પ્રતિક્ષેપ કરે છે. જો કદાપિ આત્માઓ સ્થાયિ છે એમ ન ગ્રહણ કરીએ તો લૌકિક ફલના સાધન સંપાદન કરવાનું કામ પણ ફલ રહિત થાય. ×××× એ લક્ષણયુકત ક્ષણિકતા પરીક્ષક આર્હતને ગ્રહણ કરવા યોગ્ય નથી. ×××× આ આર્હત મત પ્રમાણ દૃષ્ટિથી જોનારને નિંદ્ય છે; કારણ કે એકજ પરમાર્થસત્ વસ્તુનો સત્ત્વ અસત્ત્વાદિ ધર્મવાળાં અનેક પરમાર્થ સત્તો સાથે સમાવેશ સંભવતો નથી.

શ્રીમદ્ મુક્ત (મુક્તિ) શાસ્ત્ર:—આ ૭૪૭ પૃષ્ટનો ગ્રંથ કાલિદાસ પંડિત ચિકલીકરે રચેલો છે તેમાં જૈન ધર્મ માટે આ પ્રમાણે લખ્યું છે:—" આ ધર્મનો પ્રચાર સુમારે ૨૪૦૦ વર્ષપર હિંદુસ્તાન, ચીન, ટીબેટ, લંકા, વગેરેમાં થયો હતો, આપણા વેદોક્ત ધર્મના જે યજ્ઞયાગાદિક કર્મો કરવાની પદ્ધતિથી અનેક જીવોનો જે વધ થતો હતો, તે વધ કરવાની રીતભાત ઉપરથી આ પવિત્ર વેદોક્ત ધર્મને હિંસક ધર્મ વા નાસ્તિક ધર્મનું વિશેષણ આપ્યું હતું. જે ઉપરથી સર્વ પ્રજાએ વેદોક્ત ધર્મને છોડી દીધો હતો, ને તમામ પ્રજા એ ધર્મમાં દાખલ થઇ ગઇ. જેથી એ ધર્મે દયા, સત્ય, શુદ્ધભાવ, તપ વગેરેનો પ્રચાર વધારી દીધો. એમાં જીવ, બુદ્ધિ, આકાશ, કાળ, સ્વર્ગ ને મોક્ષ એવાં છ તત્ત્વ માન્યાં છે. એમાં સ્ત્રી પુરૂષ બેઉનો મોક્ષ થાય છે. ××× જીવની શક્તિ એવી છે કે, એ જ્યારે પોતાના તેજોમય રૂપને ઓળખે ત્યારે એ મોટા પદને પામી શકે છે. તેથી એણે પોતાનુંજ ધ્યાન કરવું. ××× જીવને પંચભૂતનો સંબંધ સ્થાયી છે. ××× આ પંચ મહાભૂત એ જીવના અજ્ઞાનનો દેખાવ છે. એ ચૈતન્ય હોવાથી એની શક્તિએ જગત્ ઉત્પન્ન કર્યું છે. જીવ જ્યારે પોતાના જ્યોતિરૂપને જાણે છે ત્યારે પોતાની મેળેજ નિરંજન નિરાકાર થઇ જાય છે. ××× આ જગતના સર્વ આકારો જીવનાં સ્વરૂપો છે. આ સૃષ્ટિનો ઉત્પત્તિક્રમ પંચભૂતના ફેરફારથી બન્યો છે. આ સૃષ્ટિ પ્રારંભકાળમાં જળરૂપ હતી. પાછળથી

વનસ્પતિ આદિની ઉત્પતિ થઇ આવી. × × બાદ ઘણા એક કાળે મનુષ્યની ઉત્પત્તિ થઇ આવી. આ ઉત્પત્તિને જોરીઆંની સૃષ્ટિ નામે બોલાવતા હતા. આ જોરીઆંને લોકો જોડકાં કહે છે. × × × આ જોરીયાં સૃષ્ટિને ઘણાએક કાળ થયા પછી ઋષભદેવ (સાચાક્રમ વા આદિનાથ) નામના એક પુરૂષ તે પ્રસંગે ઉત્પન્ન થઇ આવ્યા. આ પુરૂષ તે જગતના આદિ જીવ, એઓ પોતાના નીરાકાર, નીરંજન સ્વરૂપથી સર્વત્ર પ્રકાશી રહ્યા હતા તેજ પુરૂષ ઋષભદેવ નામથી પ્રગટ થઇ આવ્યા. આ પુરૂષને પહેલો તીર્થંકર (મૂર્તિકર) કહેલા છે. આ પહેલા તીર્થંકર ચોવીશમા આસમાન પર રહેતા હતા; ત્યાંથી આ લોકમાં પધાર્યા. એમને ૧૦૧ પુત્ર થયા હતા. તેમાં ૯૮ છોકરા સાધુ હતા. × × × એના નવ પુત્ર નવ યોગેશ્વર કહેવાય છે, તેમણે જનક રાજાને ઉપદેશ આપ્યો હતો. × × × × × × × ઉપલા પહેલા તીર્થંકર ઋષભદેવજી આ જગતમાં ઘણીવાર આવ્યા છે. એમનું આવવાનું પ્રયોજન એ છે કે જ્યારે આ પવિત્ર જીનધર્મનો નાશ થાય છે વા તમામ પ્રજા અધર્મના રસ્તાપર આવે છે. ત્યારે પ્રાયશ્ચિત્તનો ભાગ વધી પડે છે તે સમયે એઓ અવતાર ધારણ કરીને ધર્મનું સંરક્ષણ કરી ચોવીશ અવતાર લીધા છે. × × × × પુરાણમાં શ્રીવિષ્ણુજીનો આઠમો અવતાર શ્રી કૃષ્ણ નામથી થયો હતો, તે સમયે એમના ઋષભદેવજી મહારાજે ઉપલો નેમનાથ નામનો અવતાર ધારણ કીધો હતો. × × × × હવે વાંચનાર પુરૂષોએ દીર્ઘ દૃષ્ટિથી વિચાર કરવો કે આ બે પુરૂષમાંથી કયો ખરો હશે! પણ ના! ના! ધર્મ ગ્રંથના લખનારાઓએ પોતાના ધર્મનો મહીમા વધારવા સારૂ એવાં અનેક ગપાટા મારેલા છે. આવા પ્રકારના અનેક તરેહના અંધેરથી સર્વ પ્રજા ધર્મના દોવાણમાં ગભરાઇ ગઇ છે. × × × આ લોકો કહે છે કે હમારા તીર્થંકરોએ તથા મહાન મોટા દેવલોકોએ સ્વર્ગ, મૃત્યુ, પાતાળાદિ સ્થાનને છોડી દઇ બાહેર તપાસ કરી વા સમાધિની પેલી મેર જઇ જોયું ત્યારે જ્યાં ગયા ત્યાં અમુક સૃષ્ટિ સ્વરૂપ દેખાયું તેથી જગત્ અનાદિ છે.

ગ્રંથકાર કાલિદાસ પંડિત દિગંબર અને શ્વેતાંબરનુ મત જુદું જુદું જણાવતાં લખે છે કે" દીગંબરનું મત (એમાં) એમાં પ્રકૃતિ અનાદિ છે ઇશ્વર નથી, એઓ સિદ્ધની મુર્તિને નગ્ન રાખે છે. એમાં સોળ સ્વર્ગ ગણેલાં છે. બધા મળીને ૧૦૦ ઇંદ્ર માનેલા છે. × × × આ લોકો આત્માને મધ્યમ પરીમાણવાળો ગણે છે. " " **શ્વેતાંબરનું મત**- એમાં ઇશ્વર છે, જગત તેણે બનાવ્યું છે, પ્રકૃતિ ઇશ્વરને વિષે સ્થિર થાય છે. × × × જીવ એ ઇશ્વરનો અંશ છે, એ લોકો વંશપરંપરાના નથી.

ટીપઃ--પંડિત કાલિદાસે ઉપરના ઉલ્લેખમાં અસલ્ય અનેક ભૂલો કરેલી છે. પંડિતે જૈનધર્મના પુસ્તકો બીલકુલ વાંચેલા નહિ હોવાથી માત્ર તેમણે ગમે તેને પૂછીને મરજીમાં આવે તેમ લખી કાઢયું છે. ઋષભદેવજી નેમનાથરૂપે ફરીથી આવ્યા, શ્વેતાંબર જગત્કર્તા ઇશ્વરને માને છે, વગેરે ગંભીર ભૂલો આ ઉલ્લેખમાં છે પણ આ સ્થળે ખંડન મંડનને અવકાશ નહિ હોવાથી અત્રે તે આપેલ નથી. એકંદર પંડિત કાલિદાસનો આખો ઉલ્લેખ ફેરવવાની જરૂરછે. મજકુર મુકત શાસ્ત્રમાં બીજા ધર્મોના ઉલ્લેખ કર્યા છે તેમાં પણ જૈનના જેવીજ ગંભીર ભૂલો કરેલી છે. દાખલા તરીકે પૃષ્ટ ૧૫૬મે મેરાજપંથની વાત લખતાં જણાવે છે કે "એનો ચલાવનાર જન્હાપન્હાનો એક કાયથ રાજ કુમાર હતો." આ વાત

તદ્દન ભૂલ ભરેલી છે. જો તેમણે મેરાજ પંથના કુલજમ સ્વરૂપ, ગુરૂ ગીતા, પરમ ધામની સીડી, વગેરે ગ્રંથો વાંચ્યા હત તો સ્પષ્ટ જણાત કે મહેરાજ પંથતો મહેરાજ નામના જામનગર (નવાનગર એટલે નૂતનપુરી)ના લુહાણા—ઠકરે— ચલાવેલો છે અને તેમાં ઉમરકોટના શ્રી દેવચદ્રજી કાયસ્થની મદદ હતી. ઝરણા પન્નામાં તો માત્ર તેમની એક ગાદીજ છે તેનું કારણ ત્યાંનો રાજા છત્રસાલમહારાજા શ્રી મહેરાજ ઠાકોરના સેવક થયા હતા. આવી અનેક ગંભીર ભૂલોથી પૂર્ણ આ ગ્રંથ છે પણ આ બધું લખવું અત્રે વિષયાંતર જેવું થઇ જવાથી અત્રે અલમ્... इत्यलम् ॐ शान्तिः शान्तिः शान्तिः

એ પ્રમાણે જૈન ધર્મનો અન્ય ધર્મમાં ઉલ્લેખ એ નામના લેખના દ્વિતીય ભાગનો પહેલો ખંડક સમાપ્ત થયો.

રાજકોટપુરા. ગોકુલદાસ નાનજીભાઇ ગાંધી.

સત્યાગ્રહ—એક સંવાદ.

૧

સત્યદેવી—સત્યાગ્રહી વહાલા વીર પુત્ર ! તું તારા સત્ય ધર્મનું નિડરપણાથી પાલન કર. જે પરમપવિત્ર ધર્મ શ્રી **વીર** પરમાત્માએ પ્રરૂપેલો છે તે જ સત્યધર્મ તેં ગ્રહણ કરેલો છે–વીર રાજ્યપાટ છોડી, એક મહાન તપસ્વી તરીકે રહી બાર વર્ષ સુધી અઘોર પરીષહો સહન કરી કૈવલ્ય પદની પ્રાપ્તિ કરી; તે **વીર**નો વીરધર્મ છે. કેવળ જ્ઞાન પ્રાપ્ત કર્યા પછી સમવસરણમાં બીરાજી દેશના રૂપી અમૃત ધારાઓ વરસાવી અનેક ભવ્ય જીવોને પ્રતિબોધ્યા, તે **વીર**નો સાત્વિક ધર્મ છે. **વીર**ના વીર અને સાત્વિક ધર્મમાં નથી મતભેદ, નથી પક્ષાપક્ષ, નથી મમત્વભાવ કે નથી અહંભાવ. ફક્ત સ્વ અને પરના આત્માના ઉદ્ધાર માટે શ્રી **વીર** ભગવાને જે સીધી સડક બાંધી છે તે સડક ઉપર રહી તું ગતિમાન્ થા.

સત્યાગ્રહી—માતુશ્રી ! આપનું કહેવું વાસ્તવિક છે, પણ અંધ શ્રદ્ધાવાળા યુગે મને મુંઝાવ્યો છે, મારા કાર્યક્રમને તોડી મને હેરાન કરવાની અનેક યોજનાઓ રચી છે. છતાં હુંતો આપ જેવી પવિત્ર દેવીની સહાયતા મળે તો જ અડગ ઉભો રહી શકીશ.

સત્યદેવી—વત્સ ! તું **વીર**નો પુત્ર હોવાથી ડરપોક નથી એતો મને ખાત્રી છે, છતાં પણ તને કહું છું કે કોઇ પણ અવસરે એવા અંધ શ્રદ્ધાળુ દુરાગ્રહીઓથી તારે લેશ માત્ર પણ ડરવાનું નથી. વાદી અને પ્રતિવાદી, સ્પર્હી અને પ્રતિસ્પર્હી, વાસુદેવ અને પ્રતિવાસુદેવ સાથે જ હોય એ કુદરતનો કાયદો છે, પણ અંતે સત્યનો જ જય છે. જોને ! પૂર્વકાળમાં કેટલાક કદાગ્રહીઓનું એટલું બધું જોર હતું કે દયાધર્મનો સમૂળગો નાશ કરવા ઉભા થયા હતા. બીચારા નિરપરા-

ધી અનાથ પશુઓનો લાખોની સંખ્યામાં યજ્ઞોમાં તેમ જ બીજાં અકાર્યોમાં વધ થતો હતો, તે વધ આપણા **વીર** પરમાત્માએ અટકાવ્યો, એટલું જ નહીં પરંતુ કદાગ્રહીઓને પ્રબોધી પોતાના જ કર્યા. તું પણ એજ **વીર**નો પુત્ર હોવાથી તેમના પગલે ચાલ્યો જા. તારી સત્યતાના પ્રભાવથી કદાગ્રહીઓ પણ સત્ય સમજવા શીખશે એટલું જ નહીં પણ અત્યારે તને જે તુચ્છકારે છે તે તારાજ થશે એમ તારે ખાત્રીથી માનવાનું છે.

સત્યાગ્રહી—માતુશ્રી ! હું મારૂ સત્કાર્ય કર્યે જ જાઉં પરંતુ વિષની સહજ જ્વાળા અટકાવવા પ્રયત્નશીલ બનું તેમાં તો મને ઉત્સાહ વધે છે પણ આતો અમૃતમાંથી વિષ પ્રકટેલું ભાળી મારા ચિત્તને કાંઇક ખેદ ઉપજે છે તેનું શું ?

સત્યદેવી—અમૃત અંદર વિષ હોતું જ નથી અને કદાચિત્ બાહિર દૃષ્ટિથી તને વિષ સમજાતું હોય તો એ તારી દૃષ્ટિની જ ખામી છે. મેં તને પ્રથમ જ કહેલું છે કે **વીર**ના ધર્મમાં નથી મતભેદ, નથી પક્ષાપક્ષ, નથી મમત્વભાવ, કે નથી અહંભાવ; અને કદાચિત એવો ભાવ કોઇ દર્શાવતું હોય તો તે **વીર**નો ધર્મ નથી. બોલ, હવે તારે કંઇ કહેવાનું છે ?

સત્યાગ્રહી—જ્યારે એમ છે ત્યારે અત્યારે આ સેંકડો વાડા શાના? અને દરેક વાડાવાળા પોતાની ગાયોને પોતાના જ વાડામાં પૂરી રાખવા અનેક તરેહની ગડમથલ ચલાવે છે તે શું ?

સત્યદેવી—વહાલા ! એ **વીરે** બોધેલા ધર્મના નહીં, પણ આપમતિ અને અહંભાવવાળા ગોવાળોના વાડાઓ છે. તેઓ એમ ધારી બેઠા છે કે મારૂં તે સાચું પણ તારૂં તો સાચું તે મારૂં એમ સમજીને જ આગળ વધવાનું છે વળી તે સેંકડો વાડા તરફ તું દીવ્ય દૃષ્ટિ નાંખીશ તો સાફ જણાશે કે એ સર્વે વાડાવાળાનાં પગલાંઓ હાથીના પગલાની પેઠે વીરના પગલામાં જ સમાઇ જાય છે તો પછી તારે કોઇપણ પ્રકારનો પક્ષપાત રાખવાની જરૂર રહેતી નથી.

સત્યાગ્રહી—માતુશ્રી ! મારો આશય લેશમાત્ર પણ પક્ષવાદી નથી પણ મારા ધર્મબંધુઓ નકામા પક્ષવાદમાં પડી અનેક તરેહના ઝગડાઓ મચાવે છે, આપસ આપસમાં વૈરભાવ ઉત્પન્ન કરે છે, કોર્ટે ચડી લાખો રૂા. ની દર વર્ષે બરબાદી કરે છે અને એ કુસંપના ભોગે કુલ સંપ્રદાયનું ઊંધું વાળવાને તૈયાર થાય છે તે જ ખેદકારક બીના છે.

સત્યદેવી—વત્સ ! આવા મમત્વ ભાવવાળો પવન અત્યારે કાંઇ નવીન વાતો નથી. અનાદિથી વાયાંજ કરે છે. **ભરત** અને બાહુબળજીને આ મમત્વ ભાવ એક વખત લાગુ પડયો હતો. **પાંડવ કૌરવે** પોતાના લાખો વીર યોદ્ધાનો કુરક્ષેત્રમાં ભોગ આપ્યો હતો, રંક વણિકે **વલ્લભિપુરનું** પતન કરાવ્યું હતું, **જયચંદ્રે** આર્ય માતાને મુસલમાનોના હાથમાં સોંપી હતી, માધવે **ગુજરાતનું** નિકંદન કઢાવ્યું હતું, **મહમદગઝનવી, શાહબુદ્દિન ઘોરી, અલાઉદ્દીન** ખુની અને હિંદુ ધર્મને ઝેર કરનાર **ઔરંગજેબમાં** આજ પવન વાયો હતો, **તપગચ્છ**, વાળે **ખરતર**

ગચ્છના. અને બરતર વાળાએ તપગચ્છના શિલાલેખો ભુંસાવ્યા હતા, તે બધો આવાજ પ્રકારનો મમત્વ ભાવ. એથી દરેક વ્યક્તિને પાછળથી ઘણું ઘણું સોસવું પડયું હતું અને અત્યારે પણ તે આપણને સોસાવે છે, પણ ધીરજ રાખ, ભસ્મ રાશિ ગ્રહ ઊતર્યો છે જેથી તારા સંપ્રદાયના કલ્યાણનો વખત નજીક આવ્યો હોય એવો ભાસ દૃષ્ટિમાં આવે છે. જો! તારા સેંકડો વાડાનું ત્રણ વાડામાં બંધારણ આવી ચુકયું છે. અધિષ્ઠાતા કૉન્ફરન્સ દેવી, એ ત્રણે વાડામાં વારા ફરતી વિચરે છે. અધિષ્ઠાતા દેવીના ઉત્સાહી ઉપાસકો તનમન અને ધનના અનહદ ભોગથી તેની સેવા બજાવ્યે જાય છે તો તારા મનોરથ ફળીભૂત થાશે એમાં સંશય રાખીશ નહીં.

સત્યાગ્રહ—માતુશ્રી! એ ત્રણે ફીરકાના સરળ સાક્ષરો તો કુલ સંપ્રદાયને નહીં પણ આખી જગતને એક રૂપે નીહાળે છે. આખાજગતનું ભલું કરવાના વિચારો ધરાવે છે પંણ કેટલાક નિરક્ષર બાયો, કેટલાક નિરક્ષર ગોવાળો અને કેટલાક નિરક્ષર ઘેટાંઓ સામા શીંગડાં ભરાવી પોતાના મમત્વ ભાવનેજ વધાર્યેજ જાય છે. ધર્મ એ શું ચીજ છે તેનું ભાન નથી. વાડા અને કુસંપ વધારવો એ તેમનું લક્ષ બિંદુ છે. ધર્મના બ્હાને અવળે રસ્તે લાખો રૂા. ની બરબાદી કરી નામના વધારવી એ તેમનો મૂળ હેતુ છે. પોપટ પ્રમાણે કાંઇ પણ હેતુ સમજ્યા વગર શુષ્ક ક્રિયાકાંડમાંજ ઉદ્ધાર છે એજ તેમનો ધાર્મિક સિદ્ધાંત છે. વગર મારવારે પાંજરાપોળોમાં પશુઓને ગોંધી રાખવા એ તેમનો દયા ધર્મ છે. એક ટંકના જમણવારમાં હજારો રૂા. ઉડાડવા એ તેમનું સ્વામિવાત્સલ્ય છે. ભંડાર ખર્ચે ઊજમણાંઓ ઊજવવાં એ તેમનું જ્ઞાન દાન છે, આડંબર અને પક્ષવાચ્યા મ્હોટા ખર્ચે વરઘોડા ચડાવવા એ તેમના મતે શાસનની શોભા છે, અને એવા બીજા અનેક પ્રકારના મમત્વ ભાવે તેમનાં હૃદય એવાં કઠોર બનાવ્યા છે કે કુસંપ અને વાડા વધવાથી સમાજનું સત્યા-નાશ વાળે છે છતાં તેમાં તેઓ પાપ માનતા નથી. ધર્મના બ્હાને હજારો રૂા. ઉડાડનારા, અધર્મથી નાણાં મેળવવામાં પાપ માનતા નથી. પોપટીઆ જ્ઞાનીઓ ધર્મ બ્હાને દયા, વેર ઝેર વધારવામાં પાપ માનતા નથી. પાંજરા-પોળમાં ગોંધનારા યાતો રક્ષણ કરનારા પોતાના કે પોતાના જ્ઞાતભાઇઓને વેચવામાં વેચાવવામાં કે ખરીદ કરી ફાંસીને લાકડે લટકાવવામાં પાપ માનતા નથી. વ્યાખ્યાનમાં હાજી હા કરનારા, પ્રભુ પાસે નાચનારા અને તીર્થ યાત્રા-ઓમાં ફરનારા સો સો વરસના બુઢ્ઢાઓ પોતાની વિષય વૃત્તિને કાબુમાં રાખી શકતા નથી અને પૈસાના તોરમાં બાર વરસની બાળકીને કારાગ્રહે નાંખવા જરાપણ પાછી પાની કરતા નથી અગર તો એવાઓને કોઇ અટકાવવા પણ પ્રયત્ન કરતા નથી જેથી ઘણી બાળાનો બગડેલો ભવ આપણે નજરે નજર જોઇએ છીએ પણ તેમાં પાપ માનતા નથી. એક ટંકમા હજારો રૂા. ઉડાડી જમાડનારા પોતાના નિરાશ્રીત ધર્મ બન્ધુઓને ધક્કો મારવામાં પાપ માનતા નથી. ઊજમણા ઊજવનારાઓ જ્ઞાન ગ્રંથોનો ઉધઇથી ભોગ થએલો જોવામાં પાપ માનતા નથી, મ્હોટા વરઘોડા કહાડી શાસનની શોભા વધારનારા પોતાના

નિરૂદ્યમી ધર્મબન્ધુઓને રઝળતા રખડતા કે ભૂખે મરતા જોવામાં પાપ માનતા નથી, ન્યાતના શેઠીઆઓ બની ન્યાયને બદલે અન્યાય, દયાને બદલે જોર જુલમ અને ગરીબોને કચરડી તેનું લોહી પીવામાં પાપ માનતા નથી, વિધવાઓ તરફ દયા દૃષ્ટિ રાખવાને બદલે તેમને રહેંસી મારવામાં પાપ માનતાનથી. માતુશ્રી ! આપણા સમાજના શ્રીમંત ગૃહસ્થોમાં કેટલાંએકનાં મગજ એવા તોરથી ભરેલાં છે કે પોતાને જૈન તરીકે તરફ તો અણગમોજ હોય છે; પોતાની માલેકીવાળા ખાતામાં અણગમો બતાવે છે એટલુંજ નહીં પણ પોતે જે ધાર્મિક સંસ્થાના ખાતામાં મેનેજર ટ્રસ્ટી તરીકે કામ કરતા હોય તેવા ખાતાઓ કે જે કુલ જૈન સંધની માલેકીના છે તેમાં પણ જૈનોને ગોઠવવા અણગમો ધરાવે છે; જૈન ધાર્મિક સંસ્થાના લાખો રૂા. ના ફંડ તેમના હાથમાં છે અને જો ધારે તો એ નાણાંથી વેપાર ખીલવી, દેશનો અને પોતાના સીજાતા બન્ધુઓનો ઉદ્ધાર કરી શકે તેમ છે. પરંતુ એ વાત તેમને ગળે ઉતરે તેમ લાગતું નથી. એવાં નાણાંથી પરધર્મીઓ, પરદેશીઓ ઘણો લાભ ઉત્પન્ન કરી તેના બદલામાં માત્ર નજીવી જેવી વ્યાજની રકમ આપે છે અથવા કયારેક બેંકોવાળા દેવાળાં કાઢી સમુળગાં ખાવે છે છતાં તેઓ પોતાનો કક્કો છોડતાજ નથી.

નીંગાળા તા. ૧૫-૫-૧૬. **ભગવાન વલભ શાહ.**

બન્ને ધાર્મિક હરીફાઈની પરીક્ષાના અભ્યાસક્રમમાં સુધારો.

૧ પુરૂષ વર્ગની પરીક્ષાનાં અભ્યાસક્રમમાં.

ધોરણ ૨ જું અ.

જીવવિચાર તથા નવતત્ત્વ પ્રકરણ—(શેઠ ભીમશી માણેકવાળાં પુસ્તકો.)

ધર્મબિંદુ—શ્રાવક ધર્મ સંબંધી વિભાગ.

ધોરણ ૨ જું બ.

નવતત્ત્વ, નવસ્મરણ અર્થ સહિત—(શેઠ ભીમશી માણેકવાળાં પુસ્તકો.)

દેવવંદન-ગુરૂવંદન ભાષ્ય—(શેઠ વેણીચંદ સુરચંદ અથવા શેઠ ભીમશી માણેકવાળુ પુસ્તક અર્થ, સમજણ તથા હેતુપૂર્વક.)

---

૨ બાઈ રતન—સ્ત્રી જૈન ધાર્મિક હરીફાઈની પરીક્ષાના અભ્યાસક્રમમાં.

કન્યા તથા સ્ત્રીઓના ધો. ૧ લા માં—એ પ્રતિક્રમણની બુક રાખેલ છે તે તપગચ્છ માટે શ્રી જૈન શ્રેયસ્કર મંડળવાળી બુક તથા વિધિ પક્ષવાળા માટે શેઠ ભીમશી માણેકવાળી બુક.

સ્ત્રીઓના ધો. ૫ માં અ વિભાગમાં તત્ત્વાર્થ સૂત્ર છે તે રોયલ એશિયાટીક સોસાયટીનું. બાકીનું આ અંકમાં આપવામાં આવ્યું છે.

દશમી શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સની બેઠક વખતે ભરેલી રકમ વસુલ આવ્યાની વીગત.

નં.	નામ.	ગામ.	કેળવણીફંડ.	નિભાવફંડ.	સુકૃતભંડારફંડ.	કુલ.
૧	ડૉ. બાલાભાઇ મગનલાલ	વડોદરા	૫૦૦	૫૦૦	૧૦૦	૧૧૦૦
૨	શા. કુરપાળ હરશીની કું. હ. શામજી લધાભાઇ	મુંબઇ	૨૦૦			૨૦૦
૩	શેઠ મણીભાઇ ગોકળભાઇ	,,	૫૧	૫૧		૧૦૨
૪	શેઠ રતનચંદ તલકચંદ માસ્તર	,,	૫૧	૫૧		૧૦૨
૫	શેઠ શાંતિદાસ આશકરણ	,,	૫૧	૫૧		૧૦૨
૬	શેઠ કલ્યાણચંદ શોભાગચંદ	,,	૫૧	૫૧		૧૦૧
૭	શેઠ આણંદજી પુરૂષોતમ	ભાવનગર	૫૧	૫૧		૧૦૨
૮	શેઠ મોતીલાલ મૂળજી	મુંબઇ	૫૧	૫૧		૧૦૨
૯	શેઠ મોહનલાલ હેમચંદ	,,	૫૧	૫૧		૧૦૨
૧૦	શેઠ રતનજી જીવણદાસ	,,	૫૧	૫૧		૧૦૨
૧૧	એક ગૃહસ્થ	,,	૫૦		૫૦	૧૦૦
૧૨	શેઠ ઓતમચંદ હીરજી	,,	૫૧	૨૫		૭૬
૧૩	શેઠ હરખચંદ કપૂરચંદ	,,	૫૧	૧૫		૬૬
૧૪	શેઠ ભાઇચંદ અમુલખ	,,	૩૧	૨૫		૫૬
૧૫	શેઠ કસ્તુરચંદ રૂપચંદ	,,	૩૧	૨૫		૫૬
૧૬	શેઠ પ્રાગજી ધરમશી	,,	૩૧	૨૧		૫૨
૧૭	શેઠ લાલજી ઠાકરશી	,,	૫૧			૫૧
૧૮	શેઠ તેજુભાઇ કાયા	,,	૫૧			૫૧
૧૯	શેઠ સોમચંદ ઓતમચંદ	,,	૦	૦	૫૧	૫૧
૨૦	શેઠ કેશવજી મેઘજી	,,	૫૧			૫૧
૨૧	શેઠ ચુનીલાલ નહાનચંદ	,,	૨૫	૨૫		૫૦
૨૨	શેઠ નાગજીભાઇ મોતીચંદ	,,	૨૫	૨૫		૫૦
૨૩	શેઠ અમુલખ ખુમચંદ	,,	૨૧	૨૧		૪૨
૨૪	શેઠ ઇંદ્રજી સુંદરજી	,,	૨૧	૨૧		૪૨
૨૫	શેઠ રવચંદ ઉજમચંદ	,,	૨૧	૨૧		૪૨
૨૬	શેઠ વીરચંદ કૃષ્ણાજી	પૂના	૨૫	૧૦		૩૫
૨૭	શેઠ કુલચંદ નેમીચંદજીઝાબક	હૈદ્રાબાદ	૧૫	૧૫	૫	૩૫
૨૮	શેઠ લક્ષ્મીચંદ ખેંગાર	મુંબઇ	૨૧	૧૦		૩૧
૨૯	શેઠ ખેમજી ખેરાજ	મુંબઇ	૨૫૧	૦		૨૫૧
૩૦	શેઠ મૂળચંદ શોભાગમલ	,,	૨૫			૨૫
૩૧	શેઠ કુલચંદ વેલજી	,,	૦	૦	૨૫	૨૫

૩૨ શેઠ રાયચંદ મોતીચંદ	મુંબઇ		૨૫		૨૫
૩૩ શેઠ લાલજી ભારમલ	,,	૨૫			૨૫
૩૪ શેઠ લાલજી પુનશી	,,	૨૫			૨૫
૩૫ શેઠ ઘેલાભાઇ ગણુશી	,,	૨૫			૨૫
૩૬ શેઠ કાનજી મણુશીની કું.	,,	૨૫			૨૫
૩૭ રા.રા. લખમશી હીરજી મૈશરી	,,	૨૫			૨૫
૩૮ શેઠ ટોકરશી દેવશી	,,	૧૫	૧૦		૨૫
૩૯ રા.રા. સારાભાઇ મગનલાલ	,,	૧૧	૧૧		૨૨
૪૦ એક ગૃહસ્થ	,,			૨૧	૨૧
૪૧ શેઠ કુરશી વસાયા	,,	૨૧			૨૧
૪૨ શેઠ નરશી જાદવજી	,,	૧૦।	૫।		૧૫।।
૪૩ શેઠ રતનજી ત્રીકમજી	,,	૧૫			૧૫
૪૪ શેઠ પુરૂષોતમ નાગરદાસ	અમદાવાદ	૧૫			૧૫
૪૫ શેઠ મનસુખલાલ લલ્લુભાઇ	મુંબઇ	૧૫			૧૫
૪૬ શેઠ દેવજી પદુ	,,	૧૫			૧૫
૪૭ રા.રા. વેલજી આણંદજી	,,	૧૫			૧૫
૪૮ શેઠ નાનચંદ ગુલાબચંદ	,,	૫।	૫।।		૧૧
૪૯ શેઠ કાનજી રવજી	,,	૧૧			૧૧
૫૦ શેઠ લખમશી ખેતશી દલાલ	,,	૧૧			૧૧
૫૧ શેઠ માણેકલાલ પરશોતમ	,,	૫	૫		૧૦
૫૨ શેઠ મદનજી કચરાભાઇ	,,	૫	૫		૧૦
૫૩ ડૉ. પોપટલાલ લલ્લુભાઇ	અમદાવાદ	૧૦			૧૦
૫૪ રા.રા. કાનજી કરમશી	મુંબઇ	૧૦			૧૦
૫૫ શેઠ જીવણલાલ લક્ષ્મીચંદ	,,	૫	૫		૧૦
૫૬ રા.રા. ન્યાલચંદ લક્ષ્મીચંદ	સાદરા	૫	૫		૧૦
૫૭ શેઠ હીરજી ઉમરશી	મુંબઇ	૧૦			૧૦
૫૮ શેઠ હંસરાજ મુળજી	,,	૧૦			૧૦
૫૯ શેઠ પુંજા હાકરશી	,,		૧૦		૧૦
૬૦ શેઠ મગનલાલ જેવંત	,,	૫			૫
૬૧ બાબુ કિર્તીપ્રસાદ વકીલ	મીરત	૫			૫
૬૨ શેઠ હેમચંદ પ્રેમચંદ	મુંબઇ	૫			૫
૬૩ શેઠ શીવજી વાલજી	,,	૫			૫
૬૪ શેઠ ખીમજી કેશવજી	,,	૫			૫
૬૫ શેઠ દેવજી જેઠા	મુંબઇ	૫			૫
૬૬ શેઠ માણેકલાલ હરખચંદ	,,	૫			૫
૬૭ બાબુ અચળસિંહજી	આગ્રા			૪	૪
૬૮ બાબુ દયાળચંદજી જોહરી	,,			૪	૪
૬૯ શેઠ ચુનીલાલ દીપચંદ	પૂના			૨।।	૨।।
	કુલ	૨૧૧૦	૨૫૩।।।	૨૬૨।।	૩૬૨૬।

દશમી શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ વખતે ફંડમાં ભરેલી રકમ આવવી બાકી છે તેનું લીસ્ટ.

નં.	નામ.	ગામ.	કેળવણીફંડ.	નિભાવફંડ.	સુકૃતભંડારફંડ.	કુલ
૧	શેઠ જીવણચંદ ધરમચંદ	મુંબઇ	૫૧	૫૧		૧૦૨
૨	શેઠ દલસુખભાઇ વાડીલાલ	,,	૫૧	૫૧		૧૦૨
૩	વોલંટીઅરોતરફથીહ.મણીલાલ	,,			૧૦૧	૧૦૧
૪	શેઠ ઓધડભાઇ નીમજી	,,	૫૧	૨૫		૭૬
૫	શેઠ લાલભાઇ કલ્યાણભાઇ	,,	૩૭।।	૩૭।।		૭૫
૬	શેઠ મણીલાલ સૂરજમલ	,,	૨૫।।	૨૫।।		૫૧
૬	શેઠ નાગરદાસ રણછોડ	માંડવી	૨૫	૨૫		૫૦
૭	શેઠ મણીલાલ મોકમચંદ	મુંબઇ	૨૫	૨૫		૫૦
૮	રા. રા. મથુરમલજી ભણશાળી	દીલ્હી	૨૫	૨૫		૫૦
૯	શેઠ પાશવીર મુળજી લોડાયા	મુંબઇ		ફક્ત વ્યાજવાપરવું	૫૦	૫૦
૧૦	શેઠ પ્રભુચંદજી ગુલેચ્છા	ફલોદી	૧૫	૧૫		૩૦
૧૧	વકીલ છોટાલાલ ત્રીકમલાલ	વીરમગામ	૧૫	૧૦		૨૫
૧૨	શેઠ પોપટલાલ ગુલાબચંદ	,,	૧૦	૧૦		૨૦
*૧૩	શેઠ છોટાલાલ રૂપચંદ		૧૦	૧૦		૨૦
૧૪	શેઠ વાડીલાલ ત્રીભોવન	અમદાવાદ	૧૫			૧૫
૧૫	શેઠ કેશવલાલ છગનલાલ	ખેરાળી	૫		૫	૧૦
૧૬	શેઠ ચંદુભાઇ ઉમાજી	ખારડોલી	૧૦			૧૦
૧૭	શેઠ દામજી માવજી	મુંબઇ	૧૦			૧૦
૧૮	શેઠ નાગરદાસ હરગોવીંદ	પેટલા	૫			૫
૧૯	શેઠ ચત્રભૂજ નથુ	મુંબઇ	૫			૫
૨૦	શેઠ કલ્યાણચંદ નગીનચંદ	,,	૨।।	૨।।		૫
		કુલ	૩૯૩।।	૩૧૨।।	૧૫૬	૮૬૨

૨૧ સૈા. હીરબાઈ પદમશી હ. શેઠ મેઘજી હીરજી જંધાણીએ યુનિવર્સિટી અને જૈન સાહિત્યમાં રૂ. ૬૫૧) આપવા કહેલા છે.

* ગામ તથા ઠેકાણાનો પત્તો નથી.

કેળવણીફંડના મેંબરોની દીના રૂ. ૫ પ્રમાણે સને ૧૯૧૬ ની સાલના વસુલ આવ્યાનાં નામ.

૧ શેઠ મોહનલાલ મગનલાલ મુંબઇ. ૨ બાબુ પૂરણચંદજી નાહર કલકત્તા
૩ શેઠ ધર્મચંદ ચેલજીભાઈ પાલણપુર ૪ શેઠ બાલચંદ હીરાચંદ માલેગાંવ
૫ શેઠ ચુનીલાલ વીરચંદ મુંબઇ ૬ ડો. પોપટલાલ લલુભાઇ અમદાવાદ.

કૉન્ફરન્સ મિશન.

સુકૃત ભંડાર ફંડ.

(સંવત ૧૯૭૨ ના વૈશાખ સુ. ૬ થી જેઠ વદી ૮, [illegible] ૮-૫-૧૬ થી તા. ૨૩-૬-૧૬)

વસુલ આવ્યા. રૂ ૬૧૫—૮—૦ ગયા માસ આખરના બાકી રૂ. ૧૮૬૭-૧૧-૦

૧ ઉપદેશક મી વાડીલાલ સાંકળચંદ—ઉત્તર ગુજરાત.
વડુ ૭૫, સાલડી ૧૭૫, વેડા ૬, કરજીસણ ૩૫, વડાળી ૬૫,
વક્તાપુર. ૧૦ કુલ ૭૯—૧૨—૦

૨ ઉપદેશક મી. પુંજાલાલ પ્રેમચંદ—વીરાર (વઢાઉ)
બાલાપુર ૪૩॥, આકોલા ૪૩॥, મેડશી ૩, અમરાવતી ૫૯॥,
હીંગણઘાટ ૩૮॥. કુલ... ૧૮૮—૮—૦

૩ ઉપદેશક મી. અમૃતલાલ વાડીલાલ—[illegible]પુર મુકામે
ફંડ વસુલ કરે છે. તેઓ તરફથી એકંદર રકમ ખબર આવવા-
થી પ્રગટ કરવામાં આવશે.

દશમી કૉન્ફરન્સ વખતે ફંડમાં આપવા કહેલા તે વસુલ આવ્યા. ૧૨૫-૦-૦
પંચ રૂપીઆવાળી રસીટોના મુંબઇના ગૃહસ્થો [illegible]થી આવ્યા. ૧૭૦—૦—૦
એક રૂપીઆવાળી રસીટોના મુંબઇના એક ગૃહસ્થ [illegible]થી આવ્યા. ૨—૦—૦

નીચેના ગૃહસ્થોએ પોતાની મેળે મોકલ્યા:—

મુંબઇ—શેઠ ગોકળદાસ હરજીવન ગોપાળજી ૧૫, મુંબઇ,—સૌ.
મેનાબાઇ શા. બાલચંદ શામદાસની ઘણીઆણી ૨૫. કુલ ૩૫—૦—૦

ઓનરરી ઉપદેશક મી. બુદ્ધાલાલ [illegible] મહેતા—
ગુજરાત, કાઠીઆવાડ. ચારઆનાવાળી આઠ આનાવાળી અને એક
રૂપીઆવાળી રસીટોના. ૧૫—૪—૦

૨૪૮૩-૩—૦

શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ હેરૅલ્ડ.

Jaina Shvetambara Conference Herald.

પુ. ૧૨ અંક ૭. વીરાત [illegible]૪૨. અસાડ, સં. ૧૯૭૨. જુલાઇ, ૧૯૧૬.

અમૃત વૃષ્ટિ.

અમૃત આકાશમાંથી ઉતર્યો રે લોલ
સ્વર્ગીય [illegible] અહીં સાકાર જો—અમૃત.

મંદમંદ સમીર શીતળ વાય છે રે લોલ
વીજ કરે અતિ ચમકાર જો—અમૃત.

ચારે દિશેથી અ[illegible] લોગા મળી રે લોલ
અભ્ર રચે [illegible]ાપ્ટી એકાકાર જો—અમૃત.

આંબાનાં કુંજમા[illegible] નાયલ કુદે રે લોલ
આનદે [illegible]તી 'કુ હુ' કાર જો—અમૃત.

હર્ષમાં નિમગ્ન [illegible]વર નાચતા રે લોલ.
કળા [illegible] કરે 'મેહુ'કાર જો—અમૃત.

વિરમી ચકોરી [illegible]ણ શાંતિમાં રે લોલ.
મટયો આજ પ્યાસોનો પોકાર જો—અમૃત.

પપૈયોય પીને 'પીહુ' બોલીને રે લોલ,
વિરહી હૃદય ભરે વિકાર જો—અમૃત.

ગરજે ગડગડે અતિ શોરથી રે લોલ
વ્યોમ [illegible] થતા એકાકાર જો—અમૃત.

અમૃતની રેલછેલ વિશ્વમાં રે લોલ
વિશ્વ [illegible]તું અમૃતાકાર જો—અમૃત.

૪-૮-૧૫ —કૈવલ્ય.

સ્નેહાળ પ્રિયા.

'પ્રિયતમ પ્રિયતમ' વદી પ્રભાતને પ્રગટાવે
સહુઆન્હિક-ભોજનની સગવડ સચવાવે
'પ્રિય વ્હેલા આવજો' એમ કહેતી વળાવે
પ્રમદા પ્રીતિ પદ્મ પરાગ પૂર્ણ પ્રસરાવે
સુણી આવંતો હસતી સ્વાગતવા આવે
સુખ શાંતિદાયક ઉપાય સર્વ વસાવે
મધુ મધુરી ગોષ્ટ કરી થાક ફીકર વીસરાવે
પ્રમદા પ્રીતિ પદ્મ પરાગ પૂર્ણ પ્રસરાવે
ગૃહકાર્ય કુશળ વ્યવ્હારે ન ખામી બતાવે
પતિનાં સુખ શાંતિ કાજ દેહ કષ્ટાવે
સદા સરળ હૃદયથી આજ્ઞાતુર્ત ઉઠાવે
પ્રમદા પ્રીતિ પદ્મ પરાગ પૂર્ણ પ્રસરાવે
મન મલીન મદન મદમાં મચીને મરડાવે
તન તપે તત્ક્ષણ તીવ્ર તાપથી ત્યારે
સ્થૂળ-સૂક્ષ્મ સ્નેહને સ્પષ્ટપણું સમજાવે
પ્રમદા પ્રીતિ પદ્મ પરાગ પૂર્ણ પ્રસરાવે

—કૈવલ્ય,

તંત્રીની નોંધ.

૧ જૈન ઇતિહાસ સામગ્રી—જૈન ઇતિહાસની કેટલી જરૂર છે તે હવે સમાજને મસળવા લાગ્યું છે, તે માટે વિધવિધ પ્રયત્નો થાય છે, તેની નોંધ લેતાં અમને આનંદ થાય છે. શિલાલેખો પણ ઇતિહાસ સામગ્રી છે તેના સંબંધે કૉન્ફરન્સ તરફથી સંગ્રહ પ્રસિદ્ધ કરવાનો હતો તે હજુ વિચાર અમલમાં આવ્યો નથી ત્યાં તો—

૧. કલકત્તાના બાબુ પુરણચંદજી નહાર એમ. એ. બી. એલ. તરફથી શિલાલેખો '**જૈન લેખ સંગ્રહ**' છપાય છે કે જેનાં ૫૪ પૃષ્ઠ હાલ છપાયાં છે, અને તે સિવાય છ પ્લેટો લિથોમાં છપાઇ છે. આમાં કેટલાક ઉપયોગી છે અને કેટલાક તદ્દન નવા છે. છપાઇના ટાઇપ ને પદ્ધતિ રમણીય નથી પણ પ્રયાસ સ્તુત્ય છે.

૨. પ્રસિદ્ધ જૈન સાક્ષર શ્રીમન્ મુનિ મહારાજશ્રી જિનવિજયજી તરફથી '**પ્રાચીન જૈન લેખ સંગ્રહ**' સંશોધિત થઇ છપાય છે. તેમાં આઠપેજી ચાર ફૉર્મ એટલે ૬૪ પૃષ્ઠ

છપાયેલાં જોયાં પછી કહેવામાં કોઇ જાતનો વાંધો નથી કે કાર્ય ઘણું સુંદર, રમણીય અને પ્રાચીન તત્ત્વથી પૂર્ણ છે. આ છપાવવા માટે વડોદરાના એક સારા પ્રેસમાં ગોઠવણ થઇ છે અને મહિનામાં ૧૦ થી ૧૫ ફોર્મ તૈયાર થશે. તેમાં પ્રથમ તો બધા લેખો મૂળમૂળ રૂપે છપાશે. આ લેખો અત્યાર સુધીમાં અંગ્રેજી પુસ્તકો જેવા કે એપિગ્રાફીકા ઇંડિકા, આર્કીઑલૉજીકલ ખાતાના જૂના અને નવા રીપોર્ટો, સોસાયટીનાં જર્નલો આદિમાં છપાયલા છે તે અને બીજા ઉક્ત મુનિશ્રીએ સંગ્રહેલા છે, તે છે—અને પછી તે બધા લેખોનો સાર અને ઉપયોગી ચયણ હિન્દી યા ગુજરાતી ભાષામાં આપવામાં આવશે એવો પ્રબંધ હમણાં રાખવામાં આવ્યો છે. આ ક્રમ ઘણો અનુકૂળ છે અને લેખોનો જે સાર મુનિશ્રી આપવા ઇચ્છે છે તે આશા છે કે ઘણો ઉપયોગી અને સુંદર થશે. આ સિવાય ખાસ આનંદદાયક બિના એ છે કે 'આર્કીઑલૉજીકલ સર્વેના દક્ષિણ વિભાગના સુપ્રિન્ટેન્ડન્ટ શ્રીયુક્ત ડી. આર્. ભાંડારકરે પણ આ કામમાં સાહાય્ય આપવા ઇચ્છા દર્શાવી છે અને પોતાની ઑફીસમાં જૈન શિલાલેખો કે, જે પ્રકટ નહીં થયા હોય તેવા 'મુનિશ્રીને મોકલી આપ્યા છે. એમના લેખોમાંથી કેટલાક તો બહુ ઉપયોગી અને મહત્ત્વના છે. પ્રારંભમાં તો બધા શિલાલેખો પાષાણની પ્રતિમાઓના લેખો જ વિભાગ રાખવામાં આવશે. પછીથી ધાતુની પ્રતિમાઓના લેખો આપવાનો વિચાર રાખવામાં આવ્યો છે. કે જે ધાતુપ્રતિમાના લેખોનો સંગ્રહ મુનિશ્રીએ કરેલો તેની સંખ્યા પાંચસેં લગભગ છે. આ સિવાય અમોએ રા. રમણિકલાલ મગનલાલ મોદીએ આબુના લેખો લખેલા તે તથા રા. કેશવલાલ પ્રેમચંદ મોદી બી. એ. એલ એલ્. બી. વકીલ અમદાવાદ તરફથી મળેલા છ ફોટા આબુપરના મોકલી આપ્યા છે. આ રીતે મુનિમહારાજો તથા શ્રાવકો જેની પાસે શિલાલેખોની નકલો હોય યા જે કરાવી શકે તે તેમના પર મોકલાવી આપશે.

(૩) **જૈન પ્રશસ્તિ સંગ્રહ**—ઉક્ત મુનિશ્રીએ પ્રાકૃત સંસ્કૃત પ્રશસ્તિઓ છપાવવા માટે એકત્ર કરી છે અને થોડા સમયમાં પ્રેસમાં અપાશે. આ પ્રશસ્તિઓ પીટર્સનના રીપોર્ટો અને કિલ્હોર્નીના તેમજ ભાંડારકરના રીપોર્ટોવાળી અને બીજી મુનિશ્રીએ સંગ્રહી છે તે બધી એકજ પુસ્તકમાં આવવા વિચાર છે કે જેથી જોનારાઓને બધે ઠેકાણે ફાંફાં મારવા મટી જાય.

(૪) **જૈન ઐતિહાસિક રાસ સંગ્રહ**—આ સંગ્રહમાં ઉક્ત મુનિશ્રી ઐતિહાસિક રાસાઓ અને સ્તનાદિ પ્રગટ કરવાના છે અને તે છપાય છે.

(૫) **વિજ્ઞપ્તિ ત્રિવેણી**—આ પુસ્તક ઐતિહાસિક છે અને તે ઉક્ત મુનિશ્રીએ સંશોધિત કરી પ્રેસમાં છપાવી તૈયાર રાખ્યું છે. આ ગ્રંથ નવીન જ છે અને પ્રસ્તાવના પણ લંબાણથી લખવામાં આવશે આ સિવાય ઉક્ત મુનિશ્રી કૃપારસકોષ વગેરે બે ત્રણ ગ્રંથો છપાવે છે. આ સર્વ પ્રયત્નો માટે અમે આ મુનિશ્રીના અખંડ અને અવિશ્રાંત પરિશ્રમ અને ઉત્સાહ હૃદયપૂર્વક અભિનંદીએ છીએ.

હવે આ સંબંધે અમે કાંઇ સૂચના કરીશું તે એટલી જ કે:—

૧. શિલાલેખો સંબંધી શ્વેતાંબરી અને દિગંબરી બંને જેટલાં મળે તેટલાં સર્વ સાથે સાથે છપાવવાં, તેમ ન બની શકે તો શ્વેતાંબરી સર્વ એકત્રિત કરી છપાવવાં અને સાથે સાથે દિગંબરી એકત્રિત થતાં હોય તે સર્વ કરી તે કોઇ દિગંબરી સજ્જન ને છપાવવા

આપી દેવાં. સર્વ ન બને તો ઉપયોગી અને પ્રાચીન હોય તેને પ્રથમ પદ આપવું. આમ બનશે તો તીર્થો સંબંધીના ઝઘડા ઘણી સારી રીતે પતી શકશે, અને જૈન ઇતિહાસનાં અણુમોલાં અને અંધકારમાં પડેલાં અણુજાણ્યાં દ્વાર ઉઘડશે.

૨. દરેક પુસ્તક કે સંગ્રહમાં અનુક્રમણિકા વિસ્તારપૂર્વક અને વિષયવાર આપવાનું ખાસ લક્ષમાં રાખવું.

૩. દરેક ગ્રંથ તૈયાર કરવામાં તે સંબંધી જેટલાં બને શકે તેટલાં પુસ્તકો, સાધનો નો ઉપયોગ કરવો ઉદાહરણ તરીકે ફ્રેંચ ડાક્ટર ગેરિનોએ છપાવેલ જૈન બિબ્લિઓગ્રાફી અને શિલાલેખોની રેપર્ટરી, કીર્ત્તિકૌમુદી (બોમ્બે ગવર્નમેંટ સંસ્કૃત સીરીઝ) માં આપેલા આબુગિરિ પરના શિલાલેખો, ડભોઇનાં પુરાતન કામો, ભાવનગર રાજ્ય તરફથી છપાયેલ ખ્હુલરનો સંગ્રહ કે જે આત્માનંદ સભાની લાયબ્રેરીમાં છે તે વગેરે સર્વ કામે લગાડવાં ઘટે છે.

છેવટે આવા આવા પ્રયત્નો અખંડ ચાલુ રહે એવું ઇચ્છીએ છીએ અને તેવા પ્રયત્નો સદા ગતિમાન્ રહે તે માટે જૈન ઇતિહાસને લગતું એક માસિક નીકળે તેવો સમય આવી લાગ્યો છે એમ અમે જણાવીએ છીએ.

૨ અંગ્રેજી ભાષામાં જૈન ધર્મ સંબંધી પુસ્તક—જૈન ધર્મ સંબંધી અંગ્રેજીમાં ઘણું થોડાં પુસ્તકો છે તેથી હાલના જૈન યુવકો અંગ્રેજી ભણવા સાથે પ્રાકૃતનું જ્ઞાન ન હોવાથી તેમજ સંસ્કૃતનું જ્ઞાન ઓછું હોવાથી વળી વિશેષે ગૃહના ધર્મ સંસ્કાર યથાયોગ્ય ન પડવાથી અંગ્રેજીમાં લખેલાં પુસ્તકોના અભાવે જડવાદી બનતા જાય છે. આ સ્થિતિ અટકાવવા માટે જૈન ધર્મરસિક શ્રીમંતોએ અંગ્રેજીમાં વિદ્વાનો પાસે પુસ્તકો લખાવી જૈન તત્ત્વજ્ઞાનનો પ્રસાર જૈન શિક્ષિત યુવકોમાં તેમજ જૈનેતર પ્રજામાં કરવો ઘટે છે. જૈન ધર્મનું રેખાદર્શન (Outlines of Jainism) એ નામનું પુસ્તક તૈયાર થાય છે એવી ખબર અમે આપી ગયા છીએ પણ તેના સંબંધમાં ૧૨ મી જુલાઇના ન્યુ ઇંડિયા પત્રમાંથી વિશેષ ખબર મળી છે તે નીચે આપીએ છીએઃ—

The Cambridge University Press will shortly publish for the Jain Literature Society, a volume of *Outlines of Jainism*, by Mr. Jagmanderlal Jiani, president of the All India Jain Association, edited by Dr. F. W. Thomas, Librarian to the India office and president of the Jain Literature Society. The work is being issued in advance of a series designed to consist principally, but not exclusively of translations from authoritative texts, and presents in a modern compass a thorough exposition of the system and its terminology.

૩. જેસલમીર તથા બીજા જૈન ભંડારો—બહુ આનંદની વાત છે કે શ્રીમંત વડોદરા સરકાર પોતાની હમેશની વિદ્યાપ્રિયતા એક યા બીજી રીતે પ્રગટ કરી સાહિત્યનો સમુદ્ધાર કરવા પ્રત્યે તીવ્ર લાગણી ધરાવે છે. તેના પરિણામે પાટણના જૈન ભંડારોની ફેરિસ્ત કરવા આપણા જૈન સાક્ષર રા. ચિમનલાલ દલ્લાભાઇ દલાલ એમ. એ. ને મોકલ્યા

હતા અને તેમણે પ્રવર્ત્તક શ્રીમાન્ કાન્તિવિજયજીની સહાયથી સર્વ ભંડારો તપાસી યોગ્ય હકીકત અને પ્રશસ્તિનો સંગ્રહ કરી એક રિપોર્ટ તૈયાર કરવાની સર્વ સામગ્રી મેળવી છે. આ રિપોર્ટ બહાર પડયે બહુ ઉપયોગી બાબતો જૈન ઇતિહાસને અંગે મળી આવશે તેમજ જૈન સાહિત્યની પ્રભાનો ખ્યાલ આવી શકશે. આને અંગે કેટલાંક મહત્ત્વનાં પુસ્તકો પણ શ્રીમંત સરકાર તરફથી બહાર પડવાનાં છે અને તેમાંનો એક ધનપાલપંડિત કૃત 'પંચમી કહા' નામનો પ્રાકૃત ગ્રંથ છે. આ ગ્રંથની એકજ પ્રત મળી છે અને તે યોગ્ય રીતે શુદ્ધ નહિ હોવાથી સંશોધિત કરવી મુશ્કેલ છે તો કોઇ પાસે તે હોય તો રા. દલાલપર મોકલવામાં આવશે તો તેનો ઉદ્ધાર થશે. રા. દલાલનું સરનામું 'સેંટ્રલ લાયબ્રેરી, વડોદરા' છે.

બીજી નોંધ લેવા લાયક બીના એ છે કે આ માસમાં કે તુરતમાં જેસલમીર અને મારવાર મેવાર અને માલવાના ઉપયોગી સ્થળો કે જ્યાં જૈન ભંડારો આવેલા છે તેમાંના પુસ્તકોની શોધખોળ કરવા માટે રા. દલાલને શ્રીમંત સરકાર મોકલાવવાના છે તો આશા છે કે તે તે સ્થલના ભંડારો જોવા તપાસવાની સર્વ અનુકૂળતા ત્યાંના સંઘો તથા તે તે સ્થળે જાગવગ ધરાવતા આપણા પૂજ્ય મુનિવરો મેળવી આપશે. કૉન્ફરન્સ ઑફિસમાં રહેલી પંડિત હિરાલાલ હંસરાજે જેસલમેર ભંડારની કરેલી ટીપો બધી રા. દલાલપર મોકલી આપવામાં આવી છે. જૈન સાહિત્યનો વિજય હો!

૪. 'પાટણની પ્રભુતા' અને જૈનો—આ સંબંધે અમે ગયા અંકમાં જે કંઇ જણાવ્યું છે તેપર લક્ષ ખેંચીએ છીએ. આ પુસ્તકના સંબંધમાં શું કરવું તે માટે જૂદા જૂદા મુનિરાજ અને શ્રાવક તરફથી અભિપ્રાય મળ્યા છે તે અમે ટાંકીએ છીએઃ—

અ. 'અમારા તરફથી તો એ પુસ્તક જ્યારથી જોવામાં આવેલ છે ત્યારથીજ કાંઇ ઉપાય યોજવાની જરૂર છે (એમ) વિચારવામાં આવેલ છે તેમજ કેટલાક શ્રાવકોની સાથે વાત નીકળતાં પણ કહેવામાં આવેલ છે પરંતુ ઉપાય યોજવાવાળાના તરફથી કાંઇ પગલાં ભરવાનાં ન આવે તો પછી બીજા બોલીને કે લખીને શું કરે?...આપણને થતો ગેર-ઇન્સાફ હઠાવવાની કોશેસ કરવી આપણી ફરજ છે.....”

જુનાગઢ ૨૮-૬-૧૬ —મુનિમહારાજશ્રી વલ્લભવિજયજી.

બ. 'પાટણની પ્રભુતા નામનું ચાર માસ પૂર્વે વાંચ્યું છે. તે સંબંધી તમારા અભિપ્રાય ને તત્સંબંધી પ્રવૃત્તિને અનુકૂલ છું. તમને યોગ્ય લાગે તેમ પ્રવર્તશો. આવી અનેક બાબતો છે. પરંતુ એક મંડલ આ દિશામાં કામ કરે એવું સ્થાપવું જોઇએ. સાધુઓ અને શ્રાવકો ભેગા રહી પરસ્પર સલાહથી આ વિષય માટે કામ કરે તેવું થવું જોઇએ. ચારે તરફથી મજબૂત અવાજ ઉઠે પ્રવૃત્તિ થાય અને પૂર્ણપણે ફાવી શકાય તો જાહેરમાં આવવું ઠીક છે. સમાજના સાંકડા વિચારો વધવામાં એક તરફથી આડકતરી રીતે નિમિત્તતા વધે નહીં તે ધ્યાનમાં રાખીને કામ કરશો.”

વિજાપુર ૫-૭-૧૬ —મુનિમહારાજશ્રી બુદ્ધિસાગરજી

ક. “પાટણની પ્રભુતા” નામનું પુસ્તક ગુજરાતીના ગ્રાહક તરીકે મારા તરફ ભેટમાં આવેલું છે તથા તે પુસ્તક મેં પુરેપુરું વાંચેલું છે અને તે ઉપરથી મને જે વિચાર થયા છે તે નીચે પ્રમાણે છેઃ

૧ કોઇપણ રાજ્યમાં કોઇપણ વ્યક્તિ અથવા કોઇપણ ધર્મવાળાની પ્રબળતા થાય ત્યારે તેના સામે ઇર્ષાથી કે સ્વાર્થથી અનેક વ્યક્તિઓ અથવા વિરૂદ્ધ ધર્મીઓ ખટપટ ઉઠાવી પ્રબળપક્ષને તોડવા પ્રયત્ન કરે એ સંભવિત છે. તેજ પ્રમાણે ગુજરાતી ગાદી ઉપર મહારાજ સિધરાજની સગીર વયમાં મીણલદેવી સતા ભોગવતાં હતાં ત્યારે જૈન ધર્મિઓની પ્રબલ સત્તા જમાવવા માટે તે વર્ગ તરફથી કોશીસો થઇ હતી અને તેના સામે વિરૂદ્ધ પક્ષે એ સત્તા તોડી પાડવા માટે ઘણી ખટપટો અને કાવાદાવા કરી લોકો તથા ક્ષત્રિઓને ઉશ્કેરી જૈન ધર્મિઓની સત્તા તોડી પાડી હતી.

૨ આ રાજ્ય ખટપટમાં એક જૈન યતિએ મુખ્ય કરી ભાગ લીધો હતો અને એક સંસારી ગૃહસ્થ આવી રાજ્ય ખટપટમાં ઉતરી સ્વાર્થાંધ બની અનેક અનર્થો કરે તેવાં અનર્થો સદરહુ જતીના હાથથી કરાવવામાં આવેલાં છે—આ અનર્થો તથા જતીને જે સ્વરૂપમાં ચીતરવામાં આવેલ છે તે ખરેખર જૈન ધર્મ તથા તેના આચાર્યની પદવી ભોગવતા આવા યતિને અપમાન કે તિરસ્કાર યુક્તજ ગણાય અને લોકોમાં તેની મહત્તા તથા આબરૂ અને ગૃહસંસાર ત્યાગી લીધેલી જૈન દિક્ષાને ઉતારી પાડનારૂં ગણાય એવી મારી માન્યતા છે. આ યતિના હાથથી આગ સળગાવવાના તથા ખુન કરવા વિગેરે અનેક અઘટિત બનાવોની ઘટના આ પુસ્તકમાં ગોઠવેલી છે.

૩ આ યતિ ઇતિહાસિક બનાવનો—ખરેખરો પાત્ર હતો કે નહિ તે તો ઇતિહાસ તપાસી ખાત્રી કરશે. જો તેનું નામ ઇતિહાસમાં હોય તો તેમાં તેણે આ વખતના રાજ્ય કારભારમાં કેટલે દરજ્જે ભાગ લીધો હતો તે તપાસવું જોઇએ અને તેના પ્રમાણમાં એક ઇતિહાસિક નોવેલ બનાવનારે આવા ધર્માચાર્યને તેના દરજ્જા તથા ધાર્મિક બંધારણને નહીં છાજતી રીતે ચીતરવામાં કેટલી બધી સંભાળ અને કાળજી રાખવી જોઇએ તે તો આપ સારી રીતે જાણો છો માટે.....

જેતલસર ૨૯-૬-૧૬ :—વકીલ અમેચંદ કાળીદાસ.

ઙ. 'પાટણની પ્રભુતા' પર આપે લાગણી ભરી ટુંકી નોંધ લીધી તે માટે ધન્યવાદ આપવો ઘટે છે....."પાટણની પ્રભુતા" ત્રણ માસપર મળી વાંચી, કંટારી વછૂટી. તેની ભાષા રચનાપરથી લાગે છે કે 'ધનશ્યામ' તે 'ગુજરાતી' માં કટકે કટકે પ્રસિદ્ધ થઇ ગએલ સુન્દર નવલકથા 'વેરની વસુલાત'ના કર્ત્તા હશે. તેમ જો હોય તો ખરેખર એક સાક્ષરનાહાથે રાક્ષસી કૃત્ય થયું છે. જૈન આચારવિચાર, જૈનસિદ્ધાન્ત-ધર્મભાવના-લક્ષ્યબિંદુ અને જૈનોના સુપ્રસિદ્ધ ઇતિહાસિક કૃત્યો—એ સર્વપર-આક્ષેપો કરી જૈનસમાજની પામરતા બતાવી છે! જે ધર્મે દયા-અભેદ પ્રેમ-નીતિનું સામ્રાજ્ય સ્થાપ્યું તે જૈન ધર્મને જૈનેતરોના હાથે આવો બદલો?!!!

'મુદ્રારાક્ષસ નાટક' (સંસ્કૃત)માં જે આકારે ખટપટી પ્રપંચી કૌટિલ્ય નીતિકુશળ ચાણાક્ય આલેખાયલ છે તેનું માત્ર અણુમાત્રનું રૂપાન્તર 'જતી કે જમદૂત,' —ભયંકર-કાળું-ધનશ્યામ ચિત્ર તેં 'આનંદ સૂરિનું છે!!! 'ઉદો માર્યો વાડી' જેને કર્ત્તા કુમારપાળના મહામંત્રી તરીકે ઓળખાવે છે તે ચિત્ર જાણે અત્યારના ધાસલેટના ફેરીઆ

પાંજરાપોળમાં સુનારા-વ્યાજવટાની કપટજાળથી પૈસો પેદા કરનાર 'મારવાહના બનિયા' જેવું છે. મુંજાળ-મીનળ દેવીનાં ચિત્રો બિભિચારદર્શક છે.

એકંદર આખી કથામાં બધાં જૈનપાત્રો ભાવહીન-કાળાં-મલીન ચિત્રેલાં છે. તે બધું જો ઇતિહાસથી સપ્રમાણ લખાયું હોત તો આવો ભયંકર-વિવાદગ્રસ્ત વિષય ચર્ચતાં કર્ત્તાએ સ્પષ્ટીકરણ કરવું જોઇતું હતું. અમો નથી ધારતા કે કર્ત્તા તેમાં વિજયી નિવડે. આતો ઇત્યાસીક નવલ કથાના નામે જૈનોની દશમાં અને અગ્યારમા શતકની સુપ્રસિદ્ધ-સપ્રમાણ જાહોજલાલી પર લેખકે કાદવ ઉડાડયું છે! તે બધું નિર્દોસ ભાવે લખાયું હોય એમ તે કેમ માની શકાય? એથીજ એ કૃતી...ને પાત્ર છે. તેને જન્મ પમાડતાં પ્રો. ખુશાલ ત શાહે કેવી મદદ કરી હશે? જે કલ્પવૃક્ષની છાયા નિચે પ્રોફેસર બિરાજે છે તેનાં મૂળીયાં ખોદનારાને તે મદદ આપે? સાહિત્ય અને રાજદ્વારી વિષયમાં આગેવાન ગુજરાતી'ના સબ એડીટર અંબાલાલ ભુ. જાની બેટના નામે જૈનોને કંપારી આપનાર કૃતી સાથે કેમ સંમત્ત થયા હશે? આ સબંધે મુદ્દાવાર ખુલાસા મેળવવા જૈન વિદ્વાનોએ પ્રયાસ કરવો ઘટે છે.

જૈનો પોતાના ધર્મ-સ્થાનો-શાસ્ત્રો-સાહિત્ય અને જાહોજલાલીની જાળવણી નહિ કરશે તો જૈનેતરોના હાથે તેમને સત્ત્વહીન-મલીન અને આખરે ભયંકર આકારમાં રાવણ જેવા આલેખવામાં આવશે.

મુંબઇ ૧૬-૭-૧૬ —પદમશી નથુ શાહ.

[આ પ્રમાણે અમારી પાસે જે અભિપ્રાયો આવ્યા તે એમને એમ જણાવ્યા છે અને તે પરથી જૈન સમાજના પર તે પુસ્તકની શું અસર થઇ છે તેનો કંઇ ખ્યાલ આવી શકે તેમ છે. આ પત્ર સમગ્ર સમાજના વિચારોને માન આપનારૂં છે તેથી આ પુસ્તકના વિદ્વાન લેખક અમો જણાવી ગયા તે પ્રમાણે પોતાનો ખુલાસો સ્પષ્ટ ભાષામાં કરશે એમ અમે હૃદયપૂર્વક ખાત્રી રાખીએ છીએ. અમે કર્ત્તાની સાથે પત્રવ્યવહાર કરી જે પરિણામ આવશે તે આવતા અંકમાં મૂકવા પહેલી તક હાથ ધરીશું]

૫. જૈન પવિત્ર આગમોનું મુદ્રણકરણ--અમને અતિશય આનંદ થાય છે કે શ્રીમાન્ પન્યાસ આનંદસાગર ગણિના સ્તુત્ય પ્રયાસથી 'આગમ વાચના' શરૂ થઇ, 'આગમોદય સમિતિ 'નામની સંસ્થા ઉભી કરવામાં આવી અને તેના પરિણામે શેઠ દેવચંદ લાલભાઇ જૈન-પુસ્તકોદ્ધાર ફંડદ્વારા અનુયોગદ્વાર પ્રથમ ભાગ અને ઉત્તરાધ્યયન સૂત્રનો પ્રથમ ભાગ એમ બે નિર્ણયસાગર પ્રેસમાં મુદ્રિત થયાં. કાગળો ઘણા જાડા, ટકાઉ અને બ્લુ રંગના સુંદર વાપરવામાં આવેલા હોવાથી પુસ્તકોનું આયુષ્ય દીર્ઘ લંબાશે એમાં શક નથી. ટાઇપ પણ મોટા અને સુંદર વાપરવામાં આવ્યા છે, તેથી વાચકને પણ સરલતા થઇ છે. બંને ગ્રંથોના પ્રથમ ભાગ પ્રસિદ્ધ થયા છે પણ થોડા વખતમાં બીજા વિભાગો છપાઇ સંપૂર્ણ થશે તો તે દરમ્યાન નમ્ર સૂચના એ કે પ્રસ્તાવના મૂલ, ટીકા, ચૂર્ણિ વગેરેના રચનારાઓના સમય કાલ અને ઇતિહાસ, સૂત્રના ઇતિહાસ--નામ પ્રમાણે અર્થ શું છે? તેને માટે સ્થાનાંગ ને નંદી સૂત્રમાં શું ઉલ્લેખ છે? મૂળ જણાવાતાં પદો હમણાં છે કે નહિ તેનાં કારણ, ભાષાવિવેક વિગેરે હકીકતોથી પરીપૂર્ણ આપવામાં આવશે તો કાર્યની મહત્તામાં ઓર વધારો થશે. અનુયોગ દ્વારમાં મલધારગચ્છીય આચાર્યશ્રી હેમચંદ્ર વિરચિત વૃત્તિ આપવામાં આવી છે

આ આચાર્ય મહા વિદ્વાન્ અને સમર્થ ગ્રંથકાર થયા છે. તેમણે વિશેષાવશ્યકપર ટીકા લખેલી તે છપાઇ ગઈ છે તે સંવત ૧૧૬૪ માં વિદ્યમાન હતા. ઉત્તરાધ્યયનસૂત્રમાં મૂળ, તેપર શ્રીમદ્ ભદ્રબાહુ કૃત નિર્યુક્ત અને શાંતિસૂરિની શિષ્યહિતા નામની વૃત્તિ આપેલાં છે. શાંતિસૂરિ તે પ્રસિદ્ધ 'વાદિવેતાલ' શાંતિસૂરિ છે કે જે સં. ૧૦૯૬ માં દેવલોકે પધાર્યા હતા. આ વૃત્તિ પરથી દેવેન્દ્ર ગણિએ સમુદ્ધૃત કરી સં ૧૧૨૯ માં વૃત્તિ લખી છે, તેમાં કારણ તેમણે જણાવ્યું છે કે—

શ્રી શાંત્યાચાર્ય ભૃંગઃ પ્રવર મધુસમા મુત્તરાધ્યયનવૃત્તિં
વિદ્વલ્લોકસ્ય દત્તપ્રમુદ મુદગિરદ્યાં ગભીરાર્થ સારાં ૩
તસ્યાઃ સમુદ્ધૃતા ચૈષા સૂત્રમાત્રસ્ય વૃત્તિકા
એક પાઠગતા મંદબુદ્ધીનાં હિતકાંક્ષયા ૪

અમે આ સર્વ પ્રયત્નોને અભિનંદી ધન્યવાદ આપીએ છીએ કે પીસ્તાલીસ આગમોનો સત્વર આ રીતે ઉદ્ધાર થાય,

૬. સંપ ત્યાં સુખ—ઓરસદમાં વીસા ઓસવાળ જૈન જ્ઞાતિમાં ઠુંકા વખતથી એ તડ પડેલાં હતાં તે ત્યાંની મુક્તિ-વિજયજી જૈન કન્યાશાળા કે જે ત્યાંના વીશા ઓશવાળ પંચ તરફથી શરૂ થઈ હતી તેના ઇનામી મેળાવડાની અસરથી તેમજ ત્યાંના સીટી ઇન્કમટાયરી ઓફિસર અમદાવાદવાસી જૈનબંધુ રા. રા. અમૃતખરાય છગનલાલના સદુપદેશથી સમાધાન થઇ ન્યાત એકત્ર જમી છે. આવાં તડાંનું સમાધાન કરનારા કાર્યવાહકોને ધન્યવાદ આપી ઇચ્છીએ શું કે આવું કાર્ય અખંડ અને ઉગ્ર વિહાર કરવાના આચારવાળા આપણા પૂજ્ય મુનિરાજો હમેશાં હૃદયપૂર્વક ઉપાડી લેશે તો સમાજની પ્રગતિ સહેલાઇથી અને જલ્દી થશે.

૭. રાજભક્તિની અવધિ!—એક પ્રતિષ્ઠિત ગણાતા ભાવનગરના શેઠ જનરલ સેક્રેટરીને જણાવે છે કે "મારા વિચાર પ્રમાણે અર્જુનલાલ શેઠીની હકીકત આપણે હૈરલ્ડ માં લેવી ઠીક નથી. આ બાબત આપ વિચાર કરી જોશો." કેવું જૈન હૃદય! જીવદયા પાળક જૈનો પાંજરાપોળનું રક્ષણ કરશે, પાણીને જોર નાંખશે અને વાયુકાય જલકાય જેવા સૂક્ષ્મ જંતુઓની રક્ષા કરશે, પણ મનુષ્ય પ્રાણી અને તે વળી સ્વધર્મ વગર વાંકે તપાસ વગર જેલમાં સડતો રહે તેને માટે કંઇ કરવામાં ન આવે—અરે! જીભ કે કલમ પણ લાગણી બતાવવા માટે વપરાય નહિ પણ ઉલટું કોઇ વાપરે તો તેનો પ્રતિબંધ ઇચ્છે તે જૈનો અહિંસા પરમો ધર્મને કેવી અંધ રીતે પાળે છે? લાલા લજપતરાય કે જે હિંદનો શ્રેષ્ઠ પુત્રોમાંનો એક, નિડર અને સત્યાગ્રહી વીર છે એ જેણે બાપનો જૈન ધર્મ મૂકી દીધો છે તે જુલાઇના મૉડર્ન રિવ્યુમા Ahinsa Parmo Dharma—A Truth or Fad? એટલે અહિંસા પરમોધર્મ એ સત્ય છે કે ઘેલછા છે? એ મથાળા નીચે એક લેખ લખ્યો છે કે જેનું ભાષાંતર જૈન અને જૈનશાસનમાં આવી ગયું છે અને આમાં અમે આપ્યું છે તે વાંચી જવા અમે ભલામણ કરીએ છીએ. તેમાંની કેટલીક ટીકા એ છે કેઃ—

" ભારતવર્ષ અત્યારે અને છેલ્લાં પંદર વર્ષમાં તદન કચડાઇ ગયેલો અને પુરૂષત્વના એકેએક અંશ ગુમાવી બેઠેલું છે અને એ સ્થિતિ કેટલાક લોકો કહેશે કે અહિંસાવાદથી ઉભી થયેલી નથી, પણ તે બીજા સદ્‌ગુણોને તિલાંજલિ આપવાથી થઇ છે, છતાં હું તો આગ્રહપૂર્વક માનું છું કે ગૌરવ, મનુષ્યત્વ અને સદ્‌ગુણના માર્ગને વિસારે પાડી આપ-

તન આણુનાર જે જે કારણો છે, તેમાંથી એક અહિંસાવાદના ઉચ્ચ સત્યની વિકૃતિ છે. અત્યંત ખેદ તો એથીજ થાય છે કે જે લોકો આ સિદ્ધાંતને સંપુર્ણ શ્રદ્ધાથી વળગી રહે છે (દંભનો) તેઓ પોતાનાજ વર્તનથી બતાવી આપે છે કે આ સત્યનો વિપરીત વ્યવહાર મનુષ્યોને દાંભિક, નિર્માલ્ય અને ક્રૂર જીવનને માર્ગે દોરી જાય છે."

એ મથાળાના નીચે જે લખ્યું છે તેનો અનુવાદ જૈન અને જૈનશાસનમાં છે તે વાંચવાની તેમને અમે ભલામણ કરીએ છીએ. આવું લખવામાં કોઇપણ સહાયભૂત હોય તો આવા આપણા જિનાનુયાયીઓ અને તેના વિચાર–આચાર છે એમ અમને પ્રીતીત થાય સત્ય કહેતાં કોઇ વખત કડવી ગોળી આપવી પડે છે, પણ આમાં તો જરા સાકર ચોપડીને આપી છે તો મીઠું ન લગાડતાં આમાં રહેલા અમૃત અને માધુર્યને ગ્રહણ કરવામાં પોતાની સુજનતા જોશે.

—તંત્રી

સ્વીકાર અને સમાલોચના.

આનંદ કાવ્ય મહોદધિ—મૌક્તિક ૪ થું (સંશોધક શ્રી બુદ્ધિસાગર સૂરિ સંગ્રાહક રા. જીવણચંદ સાકરચંદ ઝવેરી પ્ર૦ શેઠ દેવચંદ લાલભાઇ જૈન પુસ્તકોદ્ધાર ફંડ. સુરત જૈન પ્રિંટિંગ પ્રેસ પૃ. ૬૬+૬૮૦ મૂલ્ય બાર આના) આની અંદર ખરતર ગચ્છીય જિનહર્ષ ગણિનો શ્રી શત્રુંજય તીર્થરાસ આપવા મૂકવામાં આવ્યો છે. પ્રસ્તાવનામાં શત્રુંજય મહાત્મ્ય લખનાર ધનેશ્વરસૂરિનો સમય અને તેકાલનો ઇતિહાસ રસ પડે તેવો આપ્યો છે. આજ મહાત્મ્ય પરથી ગૂજરાતિ કૃતિ અનુવાદિત થઇ છે. જિનહર્ષનો સમય જણાવી તેની કૃતિઓ વિસ્તારથી મૂકી છે. અમારે કહેવું જોઇએ કે યશોવિજયના પરિચયમાં જિનહર્ષ આવ્યા હોય અને તેથી રાસ લખવાની ઇચ્છા થઇ હોય એવો સંભવ ઉપસ્થિત કરવામાં આવ્યો છે પણ તેને કંઈ પણ કલ્પના સિવાય આધાર હોય એમ પ્રતીત થતું નથી; કૃતિઓ તરફ નજર નાંખતાં કર્ત્તા સં. ૧૭૪૦ થી સં. ૧૭૬૦ સુધી અવશ્ય વિદ્યમાન હતા એમ સ્પષ્ટ જણાય છે.

શ્રી બુદ્ધિસાગર સૂરિએ મહેનત ઘણી લીધી છે અને આવી રીતે બીજી ગૂર્જર કૃતિઓ સંશોધિત કરી મુકશે તો જૈનસાહિત્યપર ઉપકાર થશે.

વિશેષમાં સૂચના રૂપે જણાવવાનું કે

(૧) કોઇપણ કૃતિનું સંશોધન એકજ પ્રતિ પરથી શુદ્ધ અને નિર્ણય પૂર્વક થતું નથી, તેથી જ્યાં સુધી બેચાર પ્રતો શુદ્ધ અને જુની પ્રાપ્ત થાય નહિ ત્યાં સુધી સંશોધન કરવાની તસ્દી લેવી વ્યાજબી નથી. આ સૂચના કરવાનું પ્રયોજન, અશુદ્ધિ એક બે અશુદ્ધ પ્રત પર આધાર રાખવાથી આના પૃષ્ઠોમાં રહેલી છે તે છે. તે માટે પ્રસ્તાવનામાં જણાવેલું છે કે "શત્રુંજય રાસની છાપવા યોગ્ય નકલ જેના ઉપરથી કરવામાં આવી તે પ્રતિની અશુદ્ધતાથી નકલ કરનારે કરેલી અશુદ્ધતાથી, છાપવાની અશુદ્ધતાથી તથા સુધારવામાં બીજી શુદ્ધ પ્રતિ ન મળવાથી ઘણા સ્થાનોમાં શબ્દોની તથા પાઠોની અશુદ્ધતા રહી

ગઇ છે, એમ, પાટણવાળી પ્રતિ મળ્યા બાદ અને તે પૂર્વે અમને જણાયું છે.... ..... કર્ત્તાની સ્વલિખિત પ્રત ઘણા ખડો છપાઇ ગયા બાદ આવી તેથી શબ્દ અને પાઠોની અશુદ્ધિયો રહેવા પામી છે, અને અમને તેથી બરાબર સુધારવા માટે સન્તોષ થયો નથી. શુદ્ધ પ્રતિયોની પ્રાપ્તિ વિના અશુદ્ધિ દોષો રહેવા પામે એ સ્વાભાવિક છે."

(૨) આ ગ્રંથમાલામાં અગાઉ પ્રકટ થયેલાં મૌક્તિકો સંબંધે અમારી કરેલી સૂચનાઓ આમાં પણ અમલમાં મુકવામાં નથી આવી જાણી દિલગીર છીએ.

અનુક્રમણિકા, શબ્દાર્થ કોષ, ઢાળ અને દેશીની અનુક્રમણિકા, વિગેરે આપ્યાં હોત તો ગ્રંથનું મહત્ત્વ યથાયોગ્ય જળવાત.

(૩) વિષયો વાર મથાળાં પાડવામાં આવ્યાં હત અને તે દરેક ખંડમાં મુકવામાં આવ્યાં હત તો વાચકને લાભ થાત.

કર્ત્તા શ્રી જિનહર્ષના હસ્તાક્ષરનો ફોટો મુકવામાં આવ્યો છે તેથી તેના પ્રકાશકને મુબારકબાદી આપીએ છીએ.

પ્રસ્તાવનામાં જે કર્ત્તાની કૃતિઓ જણાવી છે તેમાં વિદ્યાવિલાસ રાજાનો રાસ સં. ૧૭૬૦ આસપાસ રચાયેલો જણાવી) ઉમેરેલો છે પણ જણાવવાનું કે તે રાસ પંદરમા સૈકામાં થયેલ ખરતર ગચ્છીય જિનહર્ષે સં. ૧૫૧૧ માં રચેલ છે. તેની પ્રશસ્તિમાં જણાવ્યું છે કેઃ—

વાચક ગુણવર્ધન સુખદાયા, શ્રી સોમગણિ સુપસાયા એમ જિનહર્ષ ગુણગાયા, આટલુ જણાવી ગ્રંથમાલાનો વિજય ઇચ્છીએ છીએ.

સંસ્કૃત પ્રવેશિની—(પ્રથમ ભાગ–સનાતન જૈન ગ્રંથમાલા અંક ૧૨. સંપાદક કાવ્યતીર્થ વ્યાકરણ શાસ્ત્રીશ્રી શ્રીલાલ જૈન મૂલ્ય રૂ. ૧ પૃ. ૨૦૮ કલકત્તા વિદ્યોદય પ્રેસ) પ્રસ્તાવનામાં જણાવ્યા પ્રમાણે આ પુસ્તક રચવામાં બે પ્રધાન કારણ છેઃ—૧ તો આજકાલ અંગ્રેજી સ્કૂલોમાં જે સંસ્કૃત શિખવવામાં પુસ્તકો ચલાવવામાં આવે છે તેનાથી વધારે પરિશ્રમ લેવાથી પણ તેનું ફલ ઓછું આવે છે, વિદ્યાર્થી રાત્રિદિવસ રૂપ ગોખી ગોખી થાકી જાય છે પણ રૂપોનું જ્ઞાન થતું નથી, ૨ પુરાણી પદ્ધતિથી વ્યાકરણાદિ શીખનારા રૂપ બરાબર જાણે છે પણ તેને બોધપાઠ કરતાં આવડતું નથી આથી આ બન્ને તેમાં પડતી મુશ્કેલીઓ દૂર કરવા આ પુસ્તકની રચના કરેલી છે. આ હીંદીમાં કરેલ છે તો આપણી જૈન પાઠશાલાઓ કે જ્યાં હીંદીનો પ્રચાર છે ત્યાં આ પુસ્તક ચલાવવામાં આવે તો ઘણું સારૂં એમ અમે કહી શકીએ છીએ કારણ કે લેખક દિગંબર હોવાથી આ પુસ્તકમાં દિગંબરી વિશિષ્ટ માન્યતાઓ આવી નથી તેમ આવવાનો સંભવ પણ નથી, પરંતુ ઉલટું જૈન ધર્મ સંબંધી વાક્યો તથા હકીકતો જણાવે છે. જેમકે જિનવાક્ય તત્ત્વં ભાષતે=જિનવાણી તત્ત્વોનું વર્ણન કરે છે. આવાં જિનાન્ પૂજવઃ—આવાં જૈનેન્દ્ર પાવઃ અમે બે જીનોને પૂજીએ છીએ, અમે બે જૈનેન્દ્ર (વ્યાકરણ) શીખીએ છીએ. જૈનઃ અહં જીવાન્ ન શસામિ—હું જૈન જીવોને મારતો નથી. વગેરે વગેરે એકંદરે પુસ્તક ઘણું યોગ્ય થયું છે અને શ્રીમતી કૉન્ફરન્સે એક ઠરાવ ખાસ કરી કર્યો છે કેઃ—

"દરેક જૈનશાળામાં તથા વિદ્યાલયમાં અને ત્યાં સુધી સંસ્કૃત અને પ્રાકૃત ભાષાનું જ્ઞાન આપવાનું અને ધાર્મિક પુસ્તકાલય રાખવાનું આવશ્યક છે એપર તેના કાર્યવાહકોનું લક્ષ ખેંચવામાં આવે છે."

આ ઠરાવને માન આપવા આવાં પુસ્તકો શાળામાં ચલાવવાં અને પુસ્તકાલયમાં રાખવાં યોગ્ય છે.

ન્યાયદિપિકા—આચાર્યવર્ય શ્રી ધર્મભૂષણ વિરચિત પ્ર. ભારતીય જૈન સિદ્ધાંત પ્રકાશિની સંસ્થા—કાશી. મૂલ્ય આના ૪) આ ન્યાય વિષેનો સુંદર ગ્રંથ છે કે જે કલકત્તાની સરકાર તરફથી લેવાતી સંસ્કૃત પરીક્ષામાં સંસ્કૃત ન્યાયની પ્રથમ પરીક્ષામાં નિર્ણિત કર્યો છે. મૂલ શુદ્ધ રીતે આપવામાં આવ્યું છે. અનુક્રમ આપવાથી ઉપયોગિતા વધી છે. પ્રસ્તાવના આપી તેમાં કર્ત્તાનો સમય, ગ્રંથપરની ટીકાઓ વગેરેનું વૃત્તાંત આપ્યું હોત તો વિશેષ મહત્ત્વનું થાત. જૈન ન્યાય સમજવા માટે સંસ્કૃતજ્ઞોને ખાસ ઉપયોગી ગ્રંથ છે. આનું હિંદી ભાષાંતર જુદું છપાયું છે.

પરીક્ષામુખં—(આચાર્યવર્ય શ્રી માણિક્યનંદિ વિરચિત ને હિંદીભાષાનુવાદક-ન્યાય તીર્થ શ્રી ગન્નધરલાલ જૈન બંગાનુવાદક—બ્રહ્મચારિ સાંખ્યતીર્થ: શ્રી સુરેન્દ્રકુમાર પ્ર૦ ગાંધી હરિભાઇ છોકરણ એંડ સન્સ દ્વારા ભારતીય જૈન સિદ્ધાંત પ્રકાશિની સંસ્થા) આ સનાતન જૈન ગ્રંથમાલાનો ૧૧ મો અંક છે આમાં પ્રમાણ અને પ્રમાણાભાસનાં લક્ષણ, છ ઉદ્દેશમાં વિભાગ પાડી આપ્યાં છે. અન્ય સાહિત્યનાં અંગો સાથે ન્યાય પણ જૈનોએ પલ્લવિત કર્યું છે અને પોતાની વિશિષ્ટતા સિદ્ધ કરી છે. આપણે જૈન પ્રત્યક્ષ પ્રમાણ કહીએ છીએ તેમાં અને ન્યાય દર્શનાદિ જેને પ્રત્યક્ષપ્રમાણ કહે છે તેમાં ઘણો અંતર છે. આ ગ્રંથમાં સંસ્કૃત મુલ અને તેનું હિંદી અને બંગાલી ભાષામાં માત્ર ભાષાંતર આપેલ છે. આવા ગ્રંથોનું અંગ્રેજીમાં વિવેચન, પ્રસ્તાવના વગેરે સહિત લખાવી બહાર પાડવામાં આવે તો વિશેષ યોગ્ય થઇ પડે તેમ છે. સનાતન જૈન ગ્રંથમાલાનો વિજય ઇચ્છીએ છીએ.

સેવાધર્મ—આ નામની એક નાની સોળપેજી આકારમાં ૬૫ પાનાની ચોપડી કુમારદેવેન્દ્રપ્રસાદ જૈન, આરાહ તરફથી બહાર પડી છે. તે શ્રી. જી. એસ. ઓરંડેલના The was of Service એ નામના પેમ્પ્લેટનું હિંદીમાં ભાષાંતર છે. તેમાં સેવાના પ્રકાર અને ગુણ ટુંકમાં પણ સ્પષ્ટ ભાષામાં જણાવ્યા છે. મૂલ્ય ચાર આના છે.

स्वामी दयानन्द और जैन धर्म—રચનાર 'હંસરાજ શાસ્ત્રી પૃ. ૧૪૭ આઠ પેજી જૈન પ્રીંટીંગ પ્રેસ મુલ્ય આઠ આના) આર્યસમાજના સ્થાપક સ્વામી દયાનન્દે વેદના સ્વમતિ અનુસાર અર્થ કરી તેના નામનો ઝુંડો લઇ દરેક ધર્મનું ખંડન યદ્વાતદ્વા પોતાના 'સત્યાર્થપ્રકાશ' નામના ગ્રંથમાં કર્યું છે કે જેમાં જૈન ધર્મના સંબંધે ઘણો વિભ્રમ ગેરસમજથી ઉત્પન્ન કર્યો છે. આ વિભ્રમ કેવી રીતે ઉડી જાય છે એ જૈન મતના ખરા મંતવ્ય બતાવી મધ્યસ્થ રીતિ એ પંડિતજીએ આ પુસ્તકમાં દર્શાવ્યું છે તે માટે પંડિતજીને ધન્યવાદ આપીએ છીએ. અમોને ખંડન મંડન ઉપર ગાળગલીચ વાપરવી, તેમજ તદ્દન ઝનૂની બનવું તે બિલકુલ પસંદ નથી. તેથી એવો કોઇ પણ પ્રસંગ હાથ ધરવામાં અચકાઇએ છીએ, પરંતુ આ ગ્રંથમાં મધ્યસ્થ રીતિએ જે પક્ષમંડન કરવામાં આવ્યું છે તેથી અમને ઘણું નવું જાણવાનું મળ્યું છે. ઘણી વખત એવું બને છે કે 'જેવા થાય એવા થઇએ તો સુખે રહીએ' તેવીજ રીતે આર્યસમાજ militant spirit થી કાર્ય લેતી આવી છે અને જ્યાં લાગ ફાવે ત્યાં કુહાડાના પ્રહાર

કરવા મંડી જાય છે. આના પરિણામે ઘણાઓની કફગી તેણે વ્હોરી લીધી છે. પંજાબમાં એક આર્યસમાજીએ આપણા શાસ્ત્રનો વિપરીત અને બીભત્સ અર્થ બનાવટી રીતે કરી જૈનોની નિંદા કરી હતી અને તે માટે કોર્ટમાં કેસ થતાં તેને શિક્ષા પણ થઇ હતી એ અમોને યાદ છે. પંડિતજી હંસરાજે તેની પદ્ધતિ પ્રતિકાર રૂપે ન વાપરવામાં કંઇ ગુજરાતના આબોહવા તથા તેની પરિસ્થિતિએ અસર કરી હોય તો તે પણ યોગ્યજ થયું છે, કારણ કે પોતાના પક્ષનું મંડન કેવી શાંતિપૂર્વક કરી શકાય છે તે આ પુસ્તકથી તેમણે બતાવી આપ્યું છે.

शत्रोरपि गुणा वाच्या दोषा वाच्या गुरोरपि।

જૈન ધર્મપર અનેક હુમલાઓ અયોગ્ય રીતે થયા છે અને તેમ થવાનું કારણ ધર્માન્ધતા ઉપરાંત મહર્ષિ યાસ્કના વાક્ય નામે '**नायं स्थाणो रपराधः यदेन मन्धो न पश्यति**' પ્રમાણે અજ્ઞાન-બેખબર છે. કેટલાક હુમલાઓ કરનાર સામે તો મૌનજ રહેવું ઇષ્ટ છે કારણ કે તેને એક કહેતાં સો સાંભળાએ તેમ છીએઃ કહ્યું છે કેઃ-

भद्रं कृतं कृतं मौन कोकिलै र्दर्दुरागमे।
दर्दुरा यत्र वक्तार स्तत्र मौनं हि शोभते॥

આ પુસ્તકમાં સ્યાદ્વાદ સંબંધે પૃ. ૨૨ થી ૨૮, ઇશ્વરનું અકર્તૃત્વ પૃ. ૨૯-૩૧ જગત્ અનાદિ અનંત છે તેના સંબંધે પૃ. ૩૨-૩૬, કાલ સંબંધી ૩૬-૩૭, જીવના ભેદ સંબંધી પૃ. ૩૯ થી ૪૧ તેમજ કર્મસંયોગ ૪૩-૬૫ વગેરે ખાસ વાંચી મનન કરવા યોગ્ય છે. આવીજ શૈલીએ જૈન સંબંધી જ્યાં જ્યાં વિપરીત ઉલ્લેખો છે તેનું નિરાકરણ કરવામાં શાસ્ત્રીજી તેમજ બીજા પોતાના સમય શક્તિ અને બુદ્ધિ વાપરશે તો જૈનધર્મ સંબંધે રહેલું ભ્રમિત જ્ઞાન દૂર થશે. આવા પ્રયત્નોનો વિજય ઇચ્છીએ છીએ.

अभिनंदन और सुमतिनाथ प्रभुकाचरित्र—(मुंनि माणकमुनिजी पृ. ४८ मूल्य दो आना) હિંદી ભાષાથી અલ્પજ્ઞ હોવાથી આમાં ભાષા કેવી વપરાઇ છે તે સંબંધી કંઇ કહી શકાએ તેમ નથી, છતાં હિંદીમાં જૈન સાહિત્યનો પ્રચાર કરવો એ સદાશય અને તે નિમિત્તે પરિશ્રમ સ્તુત્ય છે.

सद्बोधक प्राचिन स्तवन संग्रह—પ્ર૦ રાધનપુર યુવકોદય મંડળના પ્રમુખ લક્ષ્મીચંદ પ્રેમચંદ શાહ. કિં. ૭ આના. (પૃ. ૧૬૭) સ્તવનાદિ પ્રકટ કરવાના પ્રયત્નો અનેક થયા છે અને આ તેવોજ પ્રયત્ન છે. કોઇ નવિન સ્તવનાદિ એકત્રિત કરી હવે પછી છપાવવાનો પ્રબંધ થશે તો વધુ યોગ્ય થશે. છાપવાની પદ્ધતિ અર્વાચીન રાખી છે તે યોગ્ય છે. કઠિન શબ્દોનો કોશ, આપ્યો હત તો ઉપયોગિતામાં વધારો થાત.

જૈન આત્માનંદ સભા ભાવનગર—રિપોર્ટ સં. ૧૯૬૯ થી ૧૯૭૧ સુધીનો ત્રણ વર્ષનો ભાવનગરમાં જૈન ધર્મ પ્રસારક સભા પછી લગભગ તેના જેવી બીજી સભા આ છે અને શ્રીમદ્ આત્મારામજીના સ્મરણાર્થ સ્થાપાયલી આ સંસ્થા આત્માનંદ પ્રકાશ નામનું માસિક તેમજ સંસ્કૃત પ્રાકૃતાદિ મૂલ પુસ્તકો અને કેટલાંક ભાષાંતરો પ્રસિદ્ધ કરી જૈન સમાજની સારી સેવા કરે છે. આત્મારામજી સૂરિનો શિષ્ય પરિવાર વિપુલ છે અને તેમાં યોગ્ય

બંધારણ હોવાથી સુસંપ અને સ્નેહ વૃદ્ધિંગત થતા હોવાથી અને સભ્યનું જાણપણું તેમાં વિશેષ હોવાથી ઘણું ઉપયોગી કાર્ય આ સંસ્થાદ્વારા કરવામાં નિમિત્ત ભૂત બને છે તે વિશેષ હર્ષ લેવા જેવું છે. માસિકમાં હમણાં હમણાં કવચિત્ કવચિત્ ઐતિહાસિક લેખો તેમજ તત્ત્વજ્ઞાનના સ્વતંત્ર લેખો આવતા હોવાથી તે વિશેષ મહત્ત્વનું પૂર્વ કરતાં નિવડયું છે તેમાં મૂળ કરતાં કદ પણ મોટું કરવામાં આવ્યું છે. આશા છે કે તે વિશેષ ઉપયોગી લેખો મેળવી વિશેષ પ્રકાશ પાડશે વળી હમણાં કેળવણી ખાતાની સ્થાપના કરી જ્ઞાનને ઉત્તેજન આપવામાં રસ લેતી આ સભા થઇ છે તે માટે તેને અભિનંદન આપીએ છીએ. મુદ્રિત કરેલાં પુસ્તકોની ચુટણી સુંદર છે. આ સભાનો વિજય ઇચ્છીએ છીએ.

મહુવા ગૌરક્ષક સભાની પાંજરાપોળ રિપોર્ટ વર્ષ સાતનો સં. ૧૯૬૪ થી ૧૯૭૦ પુ. ૨૪૮ જીવદયાનું કાર્ય જૈનો પોતાનું માને છે છતાં ખાસ કરી જૈનેતર ગૃહસ્થ મહેતા ઓધવજી રામજી મહુવામાં જે રીતે ગાયોનું રક્ષણ કરવા તરફ લક્ષ રાખી કાર્ય કરતા રહ્યા છે તે ખાસ નોંધવા જેવું છે. આ દેશની અનેક જાતની દોલતમાં ગાય પણ એક દોલત છે કારણ કે તેની પ્રજા બળદ ખેતીનું મુખ્ય સાધન છે તેમજ તેનું દૂધ સાત્વિક છે આ કારણે ' ગાયને ગૌમાતા ' આપણે કહીએ છીએ.

હોય જીવતી જો ગાયો વા, બળદોની છત થાય,
ગોપુત્રોને હળમાં, ખેડી ખેતી કરાય–
—હિન્દનું દ્રવ્ય બળદ ને ગાય,

પ્રયાસ સ્તુત્ય છે. જેઓ ખાસ આ માટે જે દ્રવ્ય આપે છે તેનો પ્રમાણિક પણે સન્નિષ્ઠાથી અને ખરી લાગણીથી બુદ્ધિપૂર્વક ઉપયોગ કરે છે તેઓ ધન્યવાદને પાત્ર છે.

—તંત્રી

—o—

પ્રાચીન પત્ર.

સં. ૧૭૫૬માં, મહોપાધ્યાય શ્રી મેઘવિજયજીએ પોતાના શિષ્ય મુનિ સુંદરવિજયજી ઉપર લખેલો પત્ર*.

॥ શ્રીસર્વજ્ઞાય નમઃ ॥

॥ ૬૦ ॥ સ્વસ્તિ શ્રી મત્પરમાનંદનદ્રુમવિદ્રુમપ્રભાવેલ્લત્પલ્લવનહેતુવિપલ્લવલવનનવમલ્લતામલ્લનમતલ્લિકાકેતુબહુસંદર્ભદર્ભાંકુરનિકરદુઃકરાવતાર નિઃપારસંસારસાગરતિતીર્ષુ હર્ષપ્રકર્ષલબ્ધસ્તબ્ધાવષ્ટબ્ધાયતસેતુકરણિં શતશઃ પ્રશસ્ય શસ્યતયાનમિકર્મીકૃત્ય ×ગોપગિરેર્મેઘવિજયઃ પ્રણયેનાશ્લિષ્ય શિષ્યાનુશિષ્યમનુશિષ્ય પ્રણયાદ્વાર્ત્તયતિવાર્તં યદત્ર ભવત્ શ્રીજિષ્ણુપ્રભવિષ્ણુતેજસાંજસા સાર્વત્રિક સુખ સુષમાસમાશ્રયતિતરાં નિતરામિતરચ્ચ અત્ર શર્મ કર્મ છઇં, તત્રનો તાહરો લેખ શ્રાવણ સુદિ

૧૨ નો લિખ્યો લેખ આવ્યઉ, સમાચાર જાંણ્યા તથા ક્ષેત્ર આશ્રી લિખ્યું તે તો કાલ એહવોજ છેં, સર્વત્ર ક્ષેત્ર દુર્ભિક્ષ રૂપ થયા છેં, પન્નગ વ્યાપ્ત છઇં, તેણેં જિમ તિમ નિર્વાહ કરવો... ....

....

... .સુખાનંદની સદા પ્રવૃત્તિ તિમજ છઇં. ક્રિયારત્નસમુચ્ચય મુક્તાવલી ઐ બઇં પરાઠિ અવશ્ય લેયો. બીજું ભાણ, નૈષધ ૧ મંજરી ૨ હૈમપ્રક્રિયા ૩ ભણઇં છઇં. પં૦ શ્રીમાણિક્યવિજય રઘુ મણેં છઇં, પ્રક્રિયા પ્રથમવૃત્તિ ભણી પછેં મુંકી છઇં. રત્નસી ભણિ નૈષધ ૧ મંજરી ૨ હૈમપ્રક્રિયા ૩ ભણતા હુતા, હવણાં પજૂસણ ઊપરિં ગુરુ બોલાવ્યા તત્ર પૂહતા છૈં તે જાંણવું। કાગલ તાહરો શુદ્ધ કરી વલતો મોકલ્યો છઇં સીષવાભણી, શિવવિજયનો પગ ભલો થયો સાંભલી ઘણી સાતા ઊપની, હવૈ વહિરવા જવાઇં છઇં કિંવા કાંઇ કસર છેં તે જણાવવું, કસર હુઇં તો તત્ર કારીગર લગાવી સાતા કરવી, નગરસ્થાન છઇં તત્ર પણિ કારીગર હસ્યૈંજ, તે જાંણવું. બીજા સર્વસમાચાર યથાસ્થિત છઇં. સમસ્યા ૨ તુહ્મે લિખયો, પ્રમાણસુંદર મિલૈ તો લિખાવયો. તત્ર પં૦ મેરુની ઘણી સેવા કરયો. સુસંપા રહયો, કાંઇ પઠન ઉદ્યમ કરયો. કલ્પસૂત્ર વાંચયો. ડાહા થયો. ઘણું સ્યું લિખીઇં. તાહરી લિખી માઘ સમસ્યા શોધી, સપર્યાય કરી છઇં. સાતા માનયૌ. નૈષધસમસ્યાનો ઉતારો નથી થયો તે પ્રીછયો. ભાણ, વૃત્તમૌક્તિક ૧ શૃંગારતિલક ૨ અમરનામમાલા ૩ લિખૈ છૈં. એકલો હીંડ કરૈ છૈં, તે અહ્મનિં દુઃખ લાગેં છેં.... ....

....કાલનેં ઇમજ સુહાઇં છઇં હહ્મારો સ્યો જોર છઇં તે જાંણવું. એક પાસિં એકલો ભાંણ પંડિત તેહનઇં ફિરવું થાઇં છઇં, બીજઇં પાસિં રતનસી ગૌતમ જાઇં છઇં, કામ કાજ જિહાં પડેં તિહાં ગૌતમ જાઇં છઇં એ સમાચાર જાંણવા. તત્ર પં૦ શ્રી ભોજવિજયગણિ, પં૦ શ્રી મેરુવિજયગણિ, તેજવિજય, પ્રેમવિજય, ધનવિજય સ્થિરવિજય, રૂપવિજય પ્રમુખનઇં અનુનતિ કહવી, તુહ્મેઽનુનતિ જાંણવી. શ્રાદ્ધ સર્વનૈં બિહું પારઇં ધર્મલાભ કહવો, વલતા લેખ સવિશેષ સમાચારઇં લિખવા. અત્ર

---

* કિશનગઢનિવાસી નાહાટ રણજીતમલ્લજી વકીલે, જે ભંડાર શ્રીઆચાર્યમહારાજશ્રીને વહોરાવ્યો હતો, તે ભંડારમાંથી, આ પત્ર પ્રાપ્ત થયો છે. આ પત્રની અસલ કાપી શ્રીઆચાર્યમહારાજશ્રી પાસે મોજૂદ છે.

× ગોપગિરિ=ગ્વાલીયર શહેર, કે જે ગ્વાલીયર સ્ટેટની રાજધાની હતું. આ પુરાણી રાજધાની સિંધીયાની નવી રાજધાની લશ્કરથી ૧૬ માઇલ દૂર છે.

જલદ ચારૂ છઇં. + ગોહું દોઢમણ, ચિણા ૨ છઇં, સુગાલ છઇં. સાતા માનયો ॥ સંવત્ ૧૭૯૬ ભાદ્ર સુદિ ૧ ઇતિ મંગલમ્ ॥

॥ ઉદયચંદ યદ્ પ્રત્યય લગેં સારસ્વત રત્નસી પાસિં ભણ્યો, હવિં હું પાઠ ચલવું છું. સવારે હૈમપ્રાક્રિયા પાઠ કરાવું છું । સૂત્રનો પાઠ પૂઠી ૧ નો દિઇં છઇં. બીજું આઠમિ ચઓદસી પાછલું ભણ્યું ગુણઇં છઇં, તૈ સાતા માંનયો. તથા સુગડાંગ મધ્યે પ્રથમ સ્કંધ મધ્યે ' ઉસિણોદગતત્તભોઇણો ' એ પાઠ છઇં। આચારાંગે ' ઉત્સ્વેદિમાદિ ' જલ કહ્યાં તથા ઉત્તરાધ્યયન મધ્યે ' આયામક ' પ્રમુખ પાંણી કહ્યાં તે થંડિલબાધાદિ બાહ્યપરિભોગ નિમિત્ત છઇં. જો પીવા યોગ્ય હુઇં તો ચાઉલનું પાંણી એકજ કિમ ઉપવાસ મધ્યે આદરણીય હુયઇં, તે પણિ ઉપવાસ મધ્યે પીતાં તેહને પણિ દોષ નહીં લાગઇં, તે માટઇં ' પડિગાહિત્તએ ' પાઠ છઇં, પણિ ભોગપાઠ ઉષ્ણોદકનોજ છઇં । ' પડિગ્ગહણઇ ' પણિ દશવૈકાલિકસૂત્રમધ્યે ' સં સે ઇમં ચાઉલોદગં અહુણા ધોયં વિવજ્જએ ' એ પાઠ છઇં. આગલિ ' જે જાણિજ્જાચિરાધોયં ' ઇત્યાદિ પાઠ મધ્યે ગ્રહણ કલ્પ જલનો પાઠ પડિઠાવવાનો છઇં, પણિ પીવાનો નથી । યદિ પ્રત્યાખ્યાન ભંગ ન થાઇં તો ' આસાઇત્તાણ રોયએ ' એ પાઠ છઇં, પ્રત્યાખ્યાન ભંગવાલો ' હત્થગંદલાહિમે ' એ પાઠ વિવેકઇ કરી કહ્યો છઇં. ' તં ચ હુજ્જ અકામેણં વિમણેણ પડિચ્છિયં તં અપ્પણા નપિ પિબોવિ અન્નસ્સ દાવએ ' ઇત્યાદિ સ્પષ્ટ પાઠ પરિઠવાનોજ છઇં. નાલં તએહ વિણિત્તએઇતિ તૃષ્ણા કહ્યા, માટઇં તે ભૂલઇં છઇં, પણિ ઇહાં તૃષ્ણા શબ્દઇં ઇચ્છા પ્રયોજનની જાંણવી, અન્યથા પરિઠવવાની આજ્ઞા ન હુઇં. સચિત્ત લવણાહારની પરઇં આચારાંગે આદિ આજ્ઞાજ હુઇં ॥ તૃષ્ણા શબ્દઇં ઇચ્છા ઉત્તરાધ્યયન મધ્યે છઇં, અન્યથા ' તિત્તગં કડુયં વ કસાયં અંબિલં ચ લેઇં નહી, અનિં ' જં જાણિજ્જ ચિરાધોયં ' એહવું તો જલ અંબિલજ્જ હુઇં વો તે બારઇં કિમ ચિરાધોત હુઇં, તે નિર્મલ હુઇં તત્કાલ ધૌત આબિલ ગડુલ હુઇં તે ધાવન કાર્યઇં નાવઇં ચિરધૌત ધાવન કાર્યઇં આવઇં, ઇ પરમાર્થ જાંણવો ॥ આચારપ્રણિધિ અધ્યયને ' ઉસિણોતત્તફાસુયં પડિગ્ગાહિજ્જસંજએ ' । ઇતિ દશવૈકાલિકે આઠમઇં અધ્યયનઇં ॥

॥ શુભ ॥ ગુરુગુરુતર ભક્તિ શક્તિ પ્રસક્ત વ્યસ્તમુનિ સુંદરવિજય વરાણામ્ ॥

॥ *શ્રીજિહાંનાવાદનાગરે ॥ શ્રી ॥

+ તે વખતની સ્થિતિનું ભાન, આ અનાજના ભાવ ઉપરથી સહજ થઇ આવે છે આ બાબુ બંગાળી (ગુજરાતના કમલ) સમજવા, કેમકે તે તરફ બંગાળી બાબુ ચાલે છે.

* દીલ્લી

ઉપર્યુક્ત પત્રના લેખક શ્રી મેઘવિજયજી ઉપાધ્યાય, ગણિ અજબ સાગરના વિદ્યાગુરૂ થતા હતા, અને તેટલા માટે તેમણે શ્રીમેઘવિજયજી ઉપાધ્યાયની વ્રજભાષામાં સં ૧૭૬૧ માં શુકલ પક્ષની નવમી તિથિએ આ પ્રમાણે સ્તુતિ કરી છેઃ—

मेघविजय उवज्झायशिरोमनि पूरनपुन्यनिधानके भारा
ग्यानके पूरतें दूर कियो सब लोकनकै मतिको अंधीयारा ।
जा दिन लागि उडुगणमै रवि चंद अनारत तेज है सारा
ता दिन लों प्रतपो मुनिराज कहे कवि आज भवोदधितारा ॥ १ ॥
भानु भयो जिनकै तपतेजतै मेद उदोत सदा जगतीमै
दूर गयो मरुदेश तेंनां करि मूढपणो थरकी धरतीमै ।
जा दिन तें फुनि मुंह कयों इत कौं तुम सुंदर पूरबहीमै
ता दिन तें दुषरोख देशके दूर गये तजिकैं किनहीमै ॥ २ ॥
नाम जपै जिनकै सुख होय वनै अतिनीको जगत्तिमै सारै ।
भूरितरोसबरो इतमाम अमाम वधे सुविधि दिन भोरे ।
वानीमै जाकै मिली सब आय सुधाइ सुधाइ तजी सुरसारै
मेघविजय उवज्झाय जयो तुम जादिन लों दिवि लोक मै तारै ॥ ३ ॥

विद्याविजय.

[આ પત્ર લખનાર મેઘવિજય મહોપાધ્યાય ઘણા વિદ્વાન્ હતા, કે જેમણે કવિવર બનારસીદાસના અધ્યાત્મપર આક્ષેપ કર્યો છે. સાહિત્ય દૃષ્ટિથી જોઇએ તો આ પત્રની લેખનશૈલી સંવત્ અઢારમા સૈકામાં ગદ્યશૈલી કેવી હતી તેનો કંઇ આભાસ આપે છે. શોધખોળ કરતાં આવા પત્રો (એક દેવચંદ્રજીનો અને બીજો પદ્મવિજયજીનો હમણાંના આત્માનંદ પ્રકાશમાં છપાયા છે.) ઘણા મળી આવે તેમ છે. ધાર્મિક દૃષ્ટિથી જોઇએ તો જણાય છે કે જૈન મુનિઓ પોતાના શિષ્યો પ્રત્યે ઘણી કાળજી ધરાવતા હતા અને સંસ્કૃત ભાષાના સાહિત્ય ગ્રંથોનું પઠન પાઠન કરાવતા હતા. વ્યાકરણમાં જૈન ગ્રંથો નામે હૈમપ્રક્રિયા (નવું કરી તેના સૈકામાં થયેલા વિનયવિજયજી ઉપાધ્યાય કૃત) કે જે શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય પર ટુંક પણ સુંદર ટીકા છે, ક્રિયારત્ન સમુચ્ચય (ગુણરત્ન સૂરિકૃત કે જે હમણાં કાશીની યશોવિજય સંસ્કૃત પાઠશાલા તરફથી છપાઇ બહાર પડેલ છે) શિખવાતા હતા; જ્યારે શબ્દશાસ્ત્રમાં અમરનામમાલા, ન્યાયમાં મુક્તાવલી, પિંગલમાં વૃત્તમૌક્તિક, કાવ્યમાં માઘ, નૈષ, શૃંગાર તિલક અને રઘુવંશ [કવિ શિરોમણિ કાલીદાસ કૃત] શિખવાતાં હતાં, આમાં મંજરી જણાવેલ છે તે ધનપાલની 'તિલક મંજરી' હોય એમ લાગે છે. આ સિવાય મુનિઓ શિષ્યની શંકાઓનું શાસ્ત્રના પ્રમાણથી સમાધાન કરતા હતા. સામાજિક દૃષ્ટિથી જોઇએ તો મુનિઓ પોતાના શિષ્ય મંડળને યોગ્ય સૂચના આપી તેઓનું હિત જળવવા સાથે સંઘમાં સંપ રાખતા હતા. સં. ૧૭૬૬ ની આસપાસ દુર્ભિક્ષે દેશનાં દેખાવ આપ્યો હતો; તોપણ રૂપીએ ધડું દોઢ મણ ચણા એ મણ (બંગાલી) એ ભાવ

અત્યારના ભાવો સાથે સરખાવતાં બમણું સોંઘા માલૂમ પડે છે. જૈન સાધુઓ શ્રાવકને 'ધર્મલાભ' કહેવરાવે છે એ આપણે જાણીએ છીએ, પણ પોતાના શિષ્યને 'અનુનતિ' કહેવરાવતા હતા એ આ પત્ર પરથી જણાવે છે અને પત્ર શરૂ કરતી વખતે પ્રથમ 'ॐ सर्वज्ञाय नमः કે એવું લખાતું હતું. તંત્રી.]

જૈન ધર્મનો અન્ય ધર્મોમાં ઉલ્લેખ.

(૩)

આ લેખને અંતે આ લેખના દ્વિતીય ખંડકનો અને દ્વિતીય ભાગનો અંત આવે છે. અન્ય મતમાં થએલ ઉલ્લેખ તથા દંતકથાઓ અને તેમના પ્રાંત ભાગમાં આપેલી ટીપો તથા સૂચનાઓ વાંચવાથી તે તે વિષયનું સામાન્ય જ્ઞાન થવા ઉપરાંત ઐતિહાસિક જ્ઞાનની પણ કંઇક અભિવૃદ્ધિ થયા વગર રહેશે નહિ. અન્યમત વાળા ગમે તેમ લખતા હોય પણ તે વાંચીને તેમાંથી ન્યાય દૃષ્ટિ પૂર્વક સવળો અર્થ લેવો અને કષાયને મંદ પાડી દેવા એ જૈનોનો ખાસ ધર્મ છે. જૈન લોકોની અસહન શક્તિ નાશ પામીને જેમ જેમ સહનશક્તિ ખીલતી જશે તેમ તેમ જૈન કોમ કુદરતી નિયમ પ્રમાણે ઉચ્ચતર થતી જશે. કોઇએ આપણને ગાળ આપી છે માટે તેના સામાં પગલાં લેવાં એ શ્રાવકોનો ધર્મ નથી ત્યારે સાધુઓનો તો તેવો ધર્મ હોય જ ક્યાંથી ? સહન કરવું, કષાય પાતળા પાડવા, સમભાવ રાખવો એ આપણો ધર્મ છે.

પંચદશી—શ્રી મત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય શ્રી વિદ્યારણ્ય સ્વામિ પ્રણિત આ વેદાંતમતાવલંબી ગ્રંથ છે તેના ઉપર તેમના શિષ્યશ્રી રામકૃષ્ણજીએ પદ્દીપિકા વ્યાખ્યા કરી છે. આ ગ્રંથમાં જૈન સંબંધી ઉલ્લેખ નીચે પ્રમાણે છેઃ—

दिगम्बरा मध्यमत्वमाहुरापादमस्तकम् ।
चैतन्य व्याप्तिसंदृष्टेरानखाग्रश्रुतेरपि ॥ ८२ ॥

मध्यम परिमाणवादिनो मतं दर्शयति । दिगम्बरा इति तत्रोपपत्तिमाह । आपादेति । " सएष इह प्रविष्ट आनखाग्रेभ्यः " इति श्रुतिरप्यत्र प्रमाणमित्याह आनखाग्रेति ॥ ८२ ॥

सूक्ष्मनाडी प्रचारस्तु सूक्ष्मैरवयवैर्भवेत् ॥
स्थूल देहस्य हस्ताभ्यां कञ्चुकप्रतिमोकवत् ॥ ८३ ॥

ननु मध्यमपरिमाणत्वे श्रुतिसिद्धो नाडीप्रचारो न घटत इत्याशंक्याह । सूक्ष्मनाडीति । यथा देहावयवयोर्हस्तयोः कञ्चुकप्रवेशेन देहस्य कञ्चुक प्रवेशस्त द्वदात्मावयवानां सूक्ष्माणां नाडीषु प्रचारेणात्मनोऽपि प्रचार उपचर्यत इत्यर्थः ८३

न्यूनाधिक शरीरेषु प्रवेशोऽपि गमागमैः ॥
आत्मांशानां भवेत्तेन मध्यमत्वं विनिश्चितम् ॥ ८४ ॥

नन्वात्मनो नियतमध्यमपरिमाणत्वेकर्मवशान्यूनाधिकशरीरप्रवेशो न घटत इत्याशंक्यावयवागमापायाभ्यामात्मनो नियतमध्यमपरिमाणत्वाद् देहव दुभयं न विरुध्यते इत्याह । न्यूनाधिकेति । फलितमाह । तेनेति ॥ ८४ ॥

सांशस्य घटवन्नाशो भवत्येव तथासति ॥
कृतनाशाकृताभ्यागमयोः को वारको भवत् ॥ ८५ ॥

आत्मनः सावयवत्वे घटादिवदनित्यत्व प्रसंगे नैतत् दूषयति। सांशस्येति । भवतु को दोषस्तत्राह । तथा सतीति। कृतयोः पुण्य पापयोर्भोगमन्तरेण नाशः। अकृतयोरकस्मात् फलदातृत्वमकृताभ्यागमः । एत दोषद्वयमात्मनो नित्यत्वाभ्यु पगमे भवेदिति भावः ॥ ८५ ॥

तस्मादात्मा महानेव नैवाणुर्नापि मध्यमः ॥
आकाशवत्सर्वगतो निरंशः श्रुतिसंमतः ॥ ८६ ॥

अतः परिशेषादात्मनो विभुत्वं सिद्धमित्याह । तस्मादिति । तत्र प्रमाण-मांह । आकाशवादिति । " आकाशवत्सर्वगतश्चनित्यः । निष्कलं निष्क्रियं " इत्याद्यागमः प्रमाणमित्यर्थः ॥ ८६ ॥

श्री पंचदश्यां चित्रदीपः

સુરજરામજી કૃત ભજન—આ ભક્ત આજથી ૫૦ વર્ષ ઉપર હૈયાત હતા અને તેઓ નિરાંત નામના કોળી (તળપદા) ના પ્રશિષ્ય હતા. તેમનો જન્મ કરજણ પ્રાંતના મેરાસર ગામમાં થયો હતો. તેઓ જાતે બ્રાહ્મણ હતા. તેમની ગાદી મેરાસરમાં છે અને તેમના પુત્ર મણિરામજી મહારાજ હાલ હૈયાત છે.

રાગ સારંગ.

સમજી લ્યો સાર, સંતને સેવ્યા વિના કોઇ તરે નહિ;
માટે કરવો વિચાર આતમ ઓળખ્યા વિના ભવ ભય જાયે નહિ. ટેક.
જે સતગુરૂ વિના સાધન કરશે, જેમ પત્થરને નાવે ચઢશે
તે દુઃખી થઇ ભવ કૂપમાં પડશે...સમજી લ્યો.-૧

જોને સેવડા શ્રાવકને સમજાવે, કદિ કંદમૂળ ન ખાસો હાવે;
એમ ભુલ્યા જીવને ભરમાવે. ... ...સમજી લ્યો-૨
આપે રીંગડાં મુળાની બાધા, એણે સાચા સતગુરૂ નથી લાધા;
એવા કપટીને કાળે બાધા ... ...સમજી લ્યો-૩
તમે પાસે કરોને પાકમણું; તેથી ઘરમાં થાએ ધન ધણું;
લે છે પંચકણ ને પામરપણું ... ...સમજી લ્યો-૪
તમે હાંથે ગાંઠવાળી ઘાડી, રોગ ભેંસને ડામે પાડી;
તમે ચાલ ચાલો છો બહુ આડી ... ...સમજી લ્યો-૫

તમે મોક્ષમાર્ગ જઇ ઝાલો, નથી પ્રભુ વિના ઠામ ઠાલો;
સત સમજીને સર્વે પાળો ... ...સમજી લો–૬
તમે રાતે કરો ના વાળુ, આપો ઓછું ને કરો કાળું;
જૂઠું બોલી કાઢો દેવાળું. ... ...સમજી લો–૭
એ પ્રપંચ સર્વે દૂર કરી, રહો સતગુરૂ શરણે શીશ ધરી;
સુરજરામ નામે નિરખો હરિ ... ...સમજી લો–૮

ટીપ:—આ પદમાં સેવડા શબ્દ વાપર્યો છે તેનો અર્થ શ્વેતાંબર-શ્વેટપટા—થાય છે. ગુજરાતમાં મુખ્યત્વે શ્વેતાંબરામ્નાયનું પ્રબલ હોવાથી અને શ્વેતાંબરો માટે ભક્તોની ભાષામાં સેવડા શબ્દનો પ્રચાર હોવાથી આ પદમાં સેવડા શબ્દ વપરાય છે, પાકમણું એટલે પડિકમણું અર્થાત્ પ્રતિક્રમણ. ઉપરના પદમાં તે સમયની વણિક દક્ષતા અને વણિક ચાતુર્યને ટકોરા મારવામાં આવ્યા છે તે સમયમાં એક તરફથી પ્રતિક્રમણ કરતા અને બીજી તરફથી ઓછું તોળતા તથા દીવાળું કાઢતા એટલે કે કહેણી અને રહેણીમાં પરસ્પર વિરોધાત્મકતાવાળા ઘણા જૈનો મજકુર ભક્તરાજના જોવામાં આવેલ હશે તેપરથી તેમણે આ પદની યોજના કરી જણાય છે, **જૈનો**ના પાંત્રીસ માર્ગાનુસારીના ગુણમાં ન્યાયોપાર્જિત ધનવાળો ગુણ પ્રથમ હોવોજ જોઇએ. હાલમાં પણ **જૈન** નામ ધરાવનારા કેટલાક જૈન શેઠીઆઓમાં ન્યાયોપાર્જિત ધનની ખામી જોવામાં આવે છે.

શ્રી શંકર દિગ્વિજય:—આ સંસ્કૃત ગ્રંથ શ્રી માધવાચાર્યજીએ શાલિવાહનના તેરમા શતકમાં રચેલ છે. શ્રી માધવાચાર્યજી જૈન માટે ઉલ્લેખ કરતાં આ ગ્રંથના ૧૫ મા સર્ગમાં ૧૪૨ મા શ્લોકથી ૧૫૬ શ્લોક સુધીમાં નીચે પ્રમાણે લખે છે.

प्रतिपद्यतु बाहिकान्महर्षे विनयिभ्यः प्रविवृण्वति स्वभाष्यम् ॥
अवदन्नसहिष्णवः प्रवीणाः समये केचिदथार्हताभिधाने ॥ १४२ ॥

(માળવાથી) વિહાર કરીને શ્રી શંકરાચાર્યજી બાલ્હીક દેશમાં પધાર્યા અને પોતાના શિષ્યોને ભાષ્યનું વ્યાખ્યાન સંભળાવતા હતા, આ વખતમાં કેટલાક આર્હત-**જૈન** મતાવલંબીઓ આવ્યા અને અસહનતાથી તેમણે શ્રી શંકરાચાર્યજીને કહ્યું કે—

ननुजीवमजीवमास्रवं च श्रितवत्संवरनिर्जरौ च बंधः ॥
अपि मोक्ष मुपैषि सप्त संख्यान्नपदार्थान्कथमेव सप्तभंग्या ॥ १४३ ॥

સપ્તભંગી ન્યાયની પદ્ધતિ પ્રમાણે જીવ, અજીવ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ એ સાત પદાર્થોને કેમ માનતા નથી.

कथयार्हत जीवमस्तिकायं स्फुटमेवंविध इत्युवाच मौनी ॥
अवदत्सच देहतुल्यमानो दृढ कर्माष्टकवेष्टितश्चविद्वान् ॥ १४४ ॥

મુખ્ય **જૈન**ને શ્રી શંકરાચાર્યજીએ પૂછ્યું કે હે **જૈન**મતાવલંબી તું તારા મતમાં જે પ્રકારે જીવનું સ્વરૂપ કહેલ છે તેનું સ્પષ્ટ વર્ણન કર. ત્યારે જૈન બોલ્યો કે હે વિદ્વાન્ જેવડો દેહ છે તેવડોજ જીવ છે અને તે જીવ આઠ પ્રકારનાં દૃઢ કર્મોથી વીંટાએલો છે.

अमहाननणुर्घटादिवत्स्यात्सन नित्योपिच मानुषाच्चा देहात् ॥
गजदेहमयन् विशेन्नकृत्स्नं प्रविशेच्चयल्लुषिदेहमप्यकृत्स्नः ॥ १४५ ॥

જો જીવ મહાન નથી તેમ અણુ પણ નથી એટલે કે જો દેહ જેવડો જ જીવ હોય તો જેમ ઘટ અનિત્ય છે તેમ જીવ પણ અનિત્ય થશે વળી હાથીનો જીવ મનુષ્યના શરીરમાં જશે તો જીવ શરીરથી વધી પડશે તેમજ માણસનો જીવ હાથીના દેહમાં જશે તો હાથીના શરીરનો અમુક ભાગ જીવ વગર રહી જશે તથા મચ્છરના દેહમાં ઘણો જીવ શરીર બહાર રહી જશે.

उपयांतिचकेच न प्रतीका महता संहनने संगमेस्य ॥
अपयात्यधि जग्मुषोल्पदेहं तदयं देहसमः समश्नुतेश्च ॥ १४६ ॥

જૈનઃ--જ્યારે જીવ મોટા શરીરમાં જાય ત્યારે જીવને કેટલાક નવા અવયવો પ્રાપ્ત થાય છે અને જ્યારે જીવ નાના શરીરમાં જાય છે ત્યારે કેટલાક અવયવો જતા રહે છે એટલે જીવ દેહ જેવડો જ રહે છે તેથી અમારી માન્યતામાં દોષ આવતો નથી. વેદની શ્રુતિ પણ સ્વીકાર કરે છે કે "**समो नागेन समो मशकेन**" હાથીના શરીરમાં હાથ જેવડો અને મચ્છરના શરીરમાં મચ્છર જેવડો આત્મા છે.

उपयंत इमे तथा पयंतो यदिवर्ष्मेवन जीवतां भजेयुः॥
प्रभवे युरनात्मनः कथंतेकथमात्मावयवाः प्रयंतु तास्मिन् ॥ १४७ ॥

શ્રી શંકરાચાર્યજીઃ--

જો અવયવો જતા રહે અને આવ્યા કરે તો તે જેમ શરીરથી આત્મા ભિન્ન છે તેમ આત્માથી તે અવયવો પણ ભિન્ન હોવા જોઇએ. તેમ એ અવયવોનું આવાગમન પંચમહાભૂતથી થવાનો સંભવ જણાતો નથી કારણ કે આત્મા પંચમહાભૂતનો વિકાર નથી.

जनिता रहिता क्षयेण हीनाः समुपायंत्यपयांति चात्मनस्ते ॥
अमुकोपचितः प्रयातिकृत्स्न त्वमुकै श्चापचितः प्रयात्य कृत्स्नं ॥ १४८ ॥

જૈનઃ--એ અવયવો જન્મરહિત અને ક્ષયહીન એટલે સનાતન છે છતાં આવે છે અને જાય છે માટે વૃદ્ધિ પામેલો જીવ હાથી વગેરેના શરીરમાં વ્યાપે છે અને સંકોચ પામેલો જીવ મચ્છર વગેરેમાં વ્યાપે છે એ સિદ્ધાંત બંધ બેસતો છે.

किमचेतनतोत चेतनत्वं वदतेषांचरमे विरुद्धमत्या ॥
वपुरुन्मथितं भवेत्तु पूर्वं बत कात्स्न्येंन वनेचेतयेयुः ॥ १४९ ॥

શ્રી શંકરાચાર્યજી--એ અવયવો--પ્રદેશો અચેતન છે કે ચેતન છે? જો ચેતન હોય તો ઘણા ચેતનોનો એકજ અભિપ્રાય કોઇ વખતે ન રહેવાથી વખતે શરીરની ખરાબી થાય ખરી અને જો અચેતન હોય તો તેના વડે આખું શરીર ચેતીભૂત થઇ શકેજ નહિ.

चलयन्ति रथं यथैकमत्या बहवो वाजिन एवमप्रतीताः ॥
इतरेतरसंगमे जयंतु ज्ञपते चेतनतामपि प्रपद्य ॥ १५० ॥

જૈનઃ—જેમ ઘણા અશ્વો એક મતવડો રથને ચલાવે છે તેમ ઘણા અવયવો એક મતથીજ શરીરને ચલાવે છે એમ માનીએ તો તેમાં કશી હરકત નથી.

बहवोपि नियामकस्य सत्त्वात्सुमते तत्र भजेयुरैक मत्यम् ॥
कथमत्रनिषामकस्यतद्वद्विरहात्कस्यचिदप्य दोघटेत ॥ १५१ ॥

શ્રી શંકરાચાર્યજી—હે સુજ્ઞ જૈન! રથમાં ઘણા અશ્વોનો એક મત થવાનું કારણ માત્ર સારથી છે તેમ શરીરમાં કોઇ નિયામક નહિ હોવાથી એ પ્રદેશો કેવી રીતે એક મત થશે? શરીરની અંદર બીજો કોઇ નિયામક નહિ હોવાથી એકમતપણું કેમ ઘટશે?

उपयांति न चापयांति जीवावयवाः किंतु महत्तरे शरीरे ॥
विकसंति च संकुचत्य निष्टेयतिवर्यात्र निदर्शनंज लौका ॥ १५२ ॥

જૈનઃ—જીવના અવયવો કાંઇ આવે છે અને જાય છે એમ તો નથીજ પણ તે મોટા શરીરમાં વિકાશ પામે છે અને નાના શરીરમાં સંકોચાય છે. આ બાબતમાં જળોનુ દૃષ્ટાંત લાગુ પડે છે, કે જ્યારે જળો લોહી પીએ છે ત્યારે ફુલે છે અને જ્યારે લોહી નીકળી જાય છે ત્યારે સંકોચાઇ જાય છે.

यदि चैव ममी सविक्रियत्वाद् घटवत्ते च विनश्वरा भवेयुः ॥
इति नश्वरतां प्रयाति जीवे कृतनाशाकृतसंगमौ भवेतां ॥ १५३ ॥

શ્રી શંકરાચાર્યજીઃ—જો એમ અવયવો સંકોચ વિકાશનું ભાજન હોય તો તે વિકારી નાશ ઠરતાં પામવાવાળા થાય છે. અવયવોના નાશથી જીવ પણ નાશ પામે અને તેથી જીવે પ્રથમ કરેલાં કર્મોનો નાશ અને નવા જીવે તેણે ઉત્પન્ન નહિ કરેલાં કર્મોનાં ફલોની પ્રાપ્તિ રૂપ બે દોષ પ્રાપ્ત થઇ પડે છે.

अपि चैवमलाबुवद्भवाब्धौ निजकर्माष्टक भारमग्न जंतोः ॥
स ततोर्ध्वगति स्वरूपमोक्षस्तव सिद्धांत समर्थितो न सिध्येत् ॥ १५४ ॥

બીજો દોષ એ આવે છે કે તુંબડાના ન્યાયથી અષ્ટકર્માવરણ યુક્ત જીવ દબાયલો રહે છે અને કર્મરહિત જીવ ઉર્ધ્વગમન કરે છે એમ તારો સિદ્ધાંત છે પણ અવયવો જતા આવતા હોવાથી કયા મૂળ અવયવોનો મોક્ષ થાય છે તે સમજી શકાય તેવું નથી.

अपि साधनभूत सप्तभंगी नयमप्यार्हतनाद्रिया महेते ॥
परमार्थ सतां विरोधभाजां स्थितिरेकत्रहि नैकदा घटेत ॥ १५५ ॥

બીજું પણ—પરસ્પર વિરૂદ્ધ ધર્મોનો એકી વખતે સમાવેશ કરવાવાળો જે સપ્ત ભંગી નય તારા મનમાં છે તેને પણ અમે યોગ્ય ગણતા નથી કારણ કે પરસ્પર વિરૂદ્ધતા વાળા ધર્મોની એક સમયે એક પદાર્થમાં સ્થિતિ સંભવી શકે નહિ.

इति माध्यमिकेषु भग्नदर्पेष्वथभाष्यानि सनैमितोविनस्या ॥
दरदान्भरताश्च शूरसेनान्कुरु पांचालमुखान्बहून जैषीत् ॥ १५६ ॥

એ પ્રમાણે જૈન લોકોના ગર્વને તોડી નાખીને નૈમિષ ક્ષેત્રમાં સ્વકીય ભાષ્યોનો પ્રચાર કરીને દરદ, ભરત, શૂરસેન, કુરૂ અને પાંચાલ વગેરે ઇતર દેશોના મોટા મોટા વિદ્વાનોને પણ જીતી લીધા—

सामंताश्च दिगंबरान्वयभुवश्चार्वाक वंशांकुरा ॥
नव्याः केचिदलं मुनीश्वरं गिरा नीताः कथाशेषतां ॥ १, ७३ ॥

કેટલાક વાદીઓ દિગંબરો એટલે જૈનોના વંશજોના ખંડીઆ રૂપ હતા અને ચાર્વાકના વંશના નવીન અંકુરા રૂપ હતા તેઓને શ્રી શંકરાચાર્યજીની ગિરાએ વાતમાંજ નષ્ટ કરી નાંખ્યા.

મજકુર ગ્રંથના ૧૬ મા સર્ગના શ્લોક ૭૭ તથા ૭૮ માં નીચે પ્રમાણે છે.

अथाब्रवीदिग्वसनानुसारी रहस्यमेकं वदसर्व विच्चेत् ॥
यदस्तिकायोत्तर शब्दवाच्यं तत्किं मेतऽस्मिन्वद देशिकाशु ॥ ७७ ॥

પછી દિગંબર એટલે જૈન ધર્માવલંબીએ શ્રી શંકરાચાર્યજીને પૂછ્યું કે જો તમે સર્વજ્ઞ હો તો અમારા મતમાં જેમની પાછળ 'અસ્તિકાય' શબ્દ લાગે છે એવા શબ્દોથી શું શું કહેવાય છે તે કહો.

तत्राहदेशिकवरः शृणुरोचतेचेज्जीवादि पंचकमभीष्ट मुदाहरन्ति ॥
तच्छब्दवाच्यमिति जैनमते प्रशस्ते यद्यस्ति बोध्धुमपरं कथया शुतन्मे ॥ ७८ ॥

શ્રી શંકરાચાર્યજી બોલ્યા કે જો તારી ઇચ્છા છે તો સાંભળ. જીવાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય, અધર્માસ્તિકાય, અને આકાશાસ્તિકાય, ધર્માસ્તિકાય એ પાંચ શબ્દોથી અનુક્રમે જીવ, પૃથ્વી, વગેરે સહિત સ્થાવર જંગમ, ધર્મ, અધર્મ, અને આકાશ કહેવાય છે. તારે કાંઇ બીજું પણ જાણવાની ઇચ્છા હોય તો શીઘ્ર પૂછ.

ટીપ:—શ્રી જગત્‌ગુરૂ આદિ શ્રી શંકરાચાર્યજીને થયાં લગભગ ૨૪૦૦ વર્ષ થવા આવ્યાં છે. આ શ્રી શંકરાચાર્યજીનું જીવન શ્રી માધવાચાર્યે શંકર દિગ્વિજયમાં લખ્યું છે. માધવાચાર્યજી શાલીવાહનના ૧૩ મા શતકમાં હતા તેમનું રહેઠાણ તુંગભદ્રા નદી ઉપર આવેલા પંપાક્ષેત્રમાં હતું. આ વખતે વિજયનગરમાં હરિહરરાય અને બક્કરાય નામના રાજા થયા. આ રાજાઓના સમયમાં માધવાચાર્યની ખ્યાતિ થઇ. માધવાચાર્યજી તદન ગરીબ હતા. ગાયત્રી દેવી તેમના ઉપર પ્રસન્ન થયાં અને તેથી માધવાચાર્યજીને ચૌદ વિદ્યા મળી ત્યારથી તે માધવાચાર્યને બદલે વિદ્યારણ્ય કહેવાયા. માધવાચાર્યના ગુરૂનું નામ વિદ્યાતીર્થ હતું તે **"श्री विद्या तीर्थ रुपिणीम्"** એ શરૂઆતના શબ્દો પરથી જણાય છે.

લોકવાણી———

દુહો.

ગળીને પાણી પીએ, અળગણ પીએ લોઇ;
ઝીણાં જીવની રક્ષા કરે, માણસ મારે જોઇ.— ૨

ટીપ:—ઉપરનો ઉખાણો જૈનો માટેજ છે. કેટલાક જૈન બંધુઓ હંમેશાં ઉપાશ્રયે જાય, મુહપતિ બાંધી પાટ આગળ બેશીને જી મહારાજ, તેત્ત, પ્રમાણ વચન, વગેરે બોલ્યા

કરે, ચોવિહાર પચ્ચખાણ કરે, લીલોતરી ખાય નહિ, કીડી, મંકોડી, મચ્છર, વાયુકાય, અપકાય, તેઉકાય, વગેરેનો સૂક્ષ્મ જીવો ઉપર દયા પાળવાનો પૂર્ણ દેખાવ રાખે; પાંજરાપોળની પક્ષાદારી બતાવે પણ જ્યારે પ્રભુએ પણ વખાણ કરેલી અને ઇંદ્રાદિ દેવોએ પણ ઇચ્છાતી માણસ જાત તેવાના સપાટામાં આવે ત્યારે તેમને માથે દાવા બાંધીને તથા બીજી રીતે હેરાન કરીને ઘણી વખત પાયમાલ કરી મૂકે છે. વ્યવહારની લેવદેવમાં પણ માયા કપટ કરી ભોળા લોકોને ફસાવી પોતાનો સ્વાર્થ સાધવા નહિ ભૂલતા હોવાથી, જૈન નામને લજાવનારા અમુક ધર્મધૂર્ત્ત વણિકો માટે જ ઉપરનો બંધ બેસતો ઉખાણો કરેલો છે.

જ્યારે જૈનબંધુઓ કહેણી પ્રમાણે પોતાની રહેણી રાખશે અને મનુષ્યકોમ ઉપર ખાસ દયા ધરાવશે અને રેસ ખમવાની તાકાતવાળા થશે ત્યારે જૈનધર્મની કીર્તિ ફેલાશે

શ્રી શંકરાચાર્ય વિજય ડિંડિમઃ—આ સંસ્કૃત ઉલ્લેખ શ્રી ધનપતિસૂરિએ શ્રી માધવાચાર્યજી કૃત શંકર દિગ્વિજય ઉપર કરેલો છે તેમાં જૈન માટે નીચે પ્રમાણે લખેલ છે.

आचार्य आह अमहाननुर्देह परिमाणो जीवो घटादयामध्यमपरिमाणत्वाद्यथा न नित्यास्तथा नित्यो न स्यात् अपिच शरीराणामवनस्थितपरिमाणत्वान्मनुष्यजीवो मनुष्यपरिमाणो भूत्वा पुनः केनचित्कर्मविपाकेन हस्तिजन्म प्राप्नुवन्न सर्वं हस्ति शरीरं प्रविशेद्देहापरदेशो निर्जीवः स्यात्पुत्तिका देहं च प्राप्नुवन् सर्वान्न प्रविशेत् देहाद्बहिरपि जीवः स्यादित्यर्थः चकारादस्मिन्नपि जन्मनि कौमारयौवनस्थविरेष्वेषदोषो बोध्यः। यदीमेऽवयवा उपयंतस्तथापयंतश्च तर्ह्यागमापायित्वाच्छरीर वदात्मतां न भजेयुः किंचानात्मनस्ते जीवावयवाः कथं प्रादुर्भवेयुः कथं च तस्मिन्नात्मनितेलियेरेन विरोधादित्यर्थः। बहवोपि वा जिनो नियामकस्य सत्त्वादैकमत्यं तत्र रथचालने भजेयु रत्र तु तद्वत्कस्य चिदपि नियामकस्या भावादद एकमत्यं कथं घटेत कटाक्षेण संबोधयति हे सुमते इति। यदि चैवं तर्हि स विक्रयत्वात्तेऽमी विनश्वराभवेयुरित्येवं जीवे नश्वरतां प्रयाति सति कृतनाशाकृताभ्यागमौ भवेतां। किं चैवं सति तुंबिकावत्संसारसागरे निजकर्माष्टकभारेणमग्नस्य जंतोः अपि च हे आर्हत ते साधनभूत सप्तभंगी नयमपि नाद्रियामहे हि यस्मात्परमार्थसतां विरोधभाजां सदसत्त्वादिधर्माणामेकस्मिन्धर्मण्येकदायुगपत्स्थितिर्नघटेत। इत्येवं माध्यमिकेषु भग्नगर्वेसत्सु अथानंतरं स श्री शंकराचार्यो नैमिशे.....

ટીપઃ— આ ઉલ્લેખ શ્રી બાલગોપાલતીર્થના શિષ્ય શ્રી ધનપતિસૂરિએ રચેલો છે, જેવી રીતે જૈનો માટે, આજથી લગભગ ૨૪૦૦ વર્ષની આસપાસ થએલા શ્રી આદિ શંકરાચાર્યજીએ તથા શ્રી રામાનુજાચાર્યજીએ તથા પંચદશીકાર શ્રી વિદ્યારણ્યજીએ તથા બીજા વિદ્વાનોએ દિગંબર શબ્દ વાપરેલો છે તેવી જ રીતે શ્રી ધનપતિસૂરિએ પણ દિગંબર શબ્દ વાપરેલો છે એટલું જ નહિ પણ વર્તમાન દિગંબર જૈનો કે જેઓ કાલના અણુ માને છે તે જ વાત શ્રી શંકરાચાર્યજી વગેરેએ પણ આજથી ૨૪૦૦ વર્ષની આસપાસ ઉપર લખી

છે જેથી એમ સમજી શકાય છે કે કાલનાં અણુમાન વાળા દિગંબરોની શાખા પણ શ્વેતાંબરો સામે મૂળથી જ ચાલી આવે છે તથા દિગંબરોમાં મહાન્ વિદ્વાનો થએલા તથા મહાન્ રાજાઓ થએલા અને તેઓ વેદાન્તમતાનુયાયીના મહાન્ વિદ્વાનોની સાથે શાસ્ત્રાર્થમાં ઉતરેલા. શ્રી દ્વારિકાની શંકરાચાર્યજીની પરંપરા પ્રમાણે શ્રી શંકરાચાર્યજીને થયાં આજે ૨૩૮૦-૮૧ વર્ષ થયાં છે. શ્રી આદિ શ્રી શંકરાચાર્યજી ૩૨ વર્ષ જીવ્યા એટલે ૨૩૮૧ -૩૨=૨૪૧૩ માં શ્રી શંકરાચાર્યજીનો જન્મ. આજથી ૨૪૪૪ વર્ષે શ્રી મહાવીર સ્વામી મોક્ષે પધાર્યા. ૨૪૪૪-૨૪૧૩=૩૧. મહાવીર નિર્વાણ પછી ૩૧ મે વર્ષે શ્રી શંકરાચાર્યજી જનમ્યા અને ૬૩ મેં વર્ષે કૈલાસ પધાર્યા. આ ઉપરથી સ્પષ્ટ સમજાય છે કે આદિશંકરાચાર્યજી અને શ્રી મહાવીર પ્રભુના પટ્ટશિષ્ય સુધર્માસ્વામી તથા જંબુસ્વામી સમકાલિન હતા. શ્રી શંકરાચાયજીનો મહાન્ ભક્ત અને હિંદમાં ચક્રવર્તિ તૂલ્ય સુધન્વા રાજા પણ આજ સમયમાં હતો. બૌદ્ધધર્મની મુખ્ય ચાર શાખાઓ, શાક્ત, વૈષ્ણવ, કાપાલિક, પાશુપત, ચાર્વાક વગેરે પંથો પણ તે સમયે હયાતી ધરાવતા હતા. શ્રી શંકરાચાર્યજીએ શ્રીકૃષ્ણ ભગવાનની મૂર્તિની પૂજા કરી હતી તે ઉપરથી સમજાય છે કે જૈનોની પેઠે તે વખતે અન્ય લોકોમાં પણ મૂર્તિ પૂજનો પ્રચાર હતો. એટલું તો નિર્વિવાદ છે કે આદિ શંકરાચાર્યજીના સમયમાં જૈન કરતાં બૌદ્ધધર્મ ખાસ ભરતક્ષેત્રમાં પણ વિશેષ કાબુ ધરાવતો હતો. જો કે શ્રી શંકરાચાર્યજીએ જૈન તથા બૌદ્ધ ધર્મને મોટો ધક્કો લગાવ્યો હતો પણ તેમાં બૌદ્ધધર્મીને તો ભોંભરજ કરી દીધો; જૈનધર્મ તદ્દન ભોંભર ન થયો હતો જેના પરિણામે અત્યારે અને તે પહેલાં જૈનધર્મ જેવા પરમપવિત્ર ધર્મની હયાતી જોવાને ભાગ્યશાળી બની શકાયું છે શ્રીરામાનુજાચાર્યે પણ જૈન ધર્મને મહાન્ ધક્કો લગાવ્યો હતો. આવા અનેક મહાન્ હુમલાઓ વચ્ચે પણ શ્રી વીતરાગનો અભેદ માર્ગ અખિલ ભૂમંડલમાં પોતાના આત્મજ્ઞાનનો પ્રચાર, સત્પુરૂષોદ્વારા કરી રહ્યો છે એ વિશેષ ખુશી થવા જેવું છે. જેમ શ્રી મહાવીર પ્રભુ અને શ્રી બુદ્ધદેવ સમકાલિન હતા તેમ શ્રી મહાવીર પ્રભુના પટ્ટધર શિષ્ય આચાર્યશ્રી સુધર્માસ્વામી તથા જંબુસ્વામી અને શ્રી આદિશંકરાચાર્યજી સમકાલિન હતા. વળી શ્રી આદિ શંકરાચાર્યજીના વિચારોમાં ઉંડા ઉતરનારાઓ સમજી શકે છે કે શ્રી આદિ શંકરાચાર્યજીએ પોતાનો કેવલાદ્વૈતવાદ ચલાવ્યો ત્યારે તેમાં બુદ્ધ અને મહાવીરના કેટલાક સિદ્ધાંતોને દાખલ કરવા પડયા હતા. સમભાવના સિદ્ધાંતો શ્રીમહાવીરનાં છે અને શૂન્યને બદલે અચિન્ત્ય બ્રહ્મ એ શ્રીબુદ્ધના સિદ્ધાંતનું રૂપાંતર છે. ખરૂં જોતાં જગતમાં કાંઇ નવું જ નથી; માત્ર મૂળ વસ્તુના પર્યાયો જ છે. એ પર્યાયોની દેશકાળાનુસાર યોજના કરનાર ફાવે એ સંભવિત છે.

શ્રીહનુમન્નાટકમ્:—આ સંસ્કૃત નાટક શ્રીમદ્ધનુમદ્વિરચિત છે. આ નાટક ઉપર પંડિતવર શ્રીમોહનદાસજીએ દીપિકાખ્ય વ્યાખ્યા સંસ્કૃતમાં રચી છે. સંસ્કૃત છંદોથી સજેલી ભાષામાં આ નાટક રચાએલું હોવાથી સાધારણ સંસ્કૃત જ્ઞાન ધરાવનારને પણ આનંદ આપે તેવું છે. આ નાટકના પ્રથમાંકના ત્રીજા શ્લોકમાં નીચે પ્રમાણે ઉલ્લેખ છે.

यं शैवाः समुपासते शिव इति ब्रह्मेति वेदान्तिनो
बौद्धा बुद्धइति प्रमाणपटवः कर्तेति नैयायिकाः ।

अर्हन्नित्यथ जैनशासनरताः कर्मेति मीमांसकाः
सोऽयं वो विदधातु वाञ्छितफलं त्रैलोक्यनाथो हरिः ॥

જે શુદ્ધચૈતન્ય આત્મસ્વરૂપ એટલે પરમાત્માને શૈવલોકો શિવ નામવડે ભજે છે, વેદાન્તીઓ બ્રહ્મ કહીને ભજે છે, બૌદ્ધલોકો બુદ્ધદેવ કહીને ભજે છે અને ન્યાયશાસ્ત્રપારંગત લોકો કર્તા કહીને ભજે છે, જૈનશાસનરત-જૈનલોકો અર્હત્ કહીને ભજે છે, મીમાંસકો કર્મ કહીને ભજે છે તે ત્રૈલોક્યનાથ હરિ શ્રીરામ એટલે આત્મારામ કલ્યાણ કરો.

આ શ્લોક ઉપર શ્રી મોહનદાસજી પંડિતવર્ય દીપિકાખ્ય વ્યાખ્યા નીચે પ્રમાણે આપેછે.

अथ विद्यावानिति नेतृगुणं वक्तुं पद्यमवतारयति—यमिति । यं रामं शैवाः शिवभक्ताः शिवेति नाम्ना समुपासते ' महारुद्राद भूत्प्रकृतिरतः सूत्रं ततोऽहमिति ततो विश्वम् ' इति श्रुतेः । वेदान्तिनो ब्रह्मेति ' एकमेवाद्वितीय ब्रह्म नेह नानास्ति किंचन ' इति श्रुतेः । बौद्धा बुद्धइति ' प्राण्यालंभनं संसृति नन्नदयेति माम । इति श्रुतेः । प्रत्यक्षानुमानोपमान शब्दा भावार्थ प्राप्तिपत्ति प्रमाणानिति प्रमाणेष्वेव निपुणा नैयायिकाः कर्तेति ' सनातनाः पशवः प्राविशंति प्रमेयानभूतैः कर्तेव ततः ' इति श्रुतेः । जैनाज्ञाभिरता अर्हन्निति स्वभाव एवेश्वरो नान्योऽस्ति कदाप्यस्यानि दृशत्वापत्तेः ' इति श्रुते, मीमांसकाः कर्मेति ' कर्मणा जायते नश्यंति भयाभयसुखानि ' इति श्रुतेः । एतैस्तदुपशिक्षितैर्मार्गैरेव यमुपासते सोऽयं रामो वांछितफलं विदधातु । एतेन विद्यावत्त्वमुक्तम् ।

ટીપ:—ઉપરોક્ત નાટક શ્રીમાન હનુમાનજી નામના શ્રીરામચંદ્રપ્રભુના પરમ ભક્તે રચીને સેતુબંધ રામેશ્વર પાસે એક શિલા ઉપર લખી રાખ્યું હતું. આ નાટક લખાયું તે વખતે યોગવાસિષ્ઠ તથા રામાયણના રચનાર આદિ સંસ્કૃત કવિ શ્રી વાલ્મિકિ ઋષિ હયાત હતા, જેથી જાણી શકાય છે કે આ નાટક પણ શ્રી વાલ્મિકિ રામાયણ જેટલું જ પ્રાચીન છે. કાલાન્તરે ધારાધીશ ભોજરાજા સેતુબંધ તરફ યાત્રાએ પધારેલ હતા. ત્યાં શિલા ઉપર લખેલા શ્લોકો ધર્મધુરંધર ભોજરાજાના જોવામાં આવ્યા તે ઉપરથી સમુદ્રમાંથી તે શિલા કઢાવીને નિજસભા મહાપંડિત મિશ્ર દામોદર કવિને સાનુબંધકાવ્ય સંદર્ભ સંગુફન માટે આજ્ઞા કરી. તનુજ્ઞયા ઉપલબ્ધ થએલ પ્રબંધને બુદ્ધિબલાનુસાર સરલ કરીને તેનો પ્રચાર કર્યો. આ નાટકમાં કેટલાક શ્લોકો અર્વાચીન કવિ ભવભૂત્યાદિવડે ઉમેરાયલા પણ જણાય છે. આ ઉપરથી સમજાય છે કે આ નાટક પંડિતવર શ્રીદામોદરમિશ્રવડે સમ્યક્પ્રકારે સંદર્ભિત થએલું છે. **यं शैवाः** એ શ્લોક ઉપરથી **જૈન** ધર્મની પ્રાચીનતા સાબિત થાય છે. શ્રી હનુમાનજીને **જૈન** ધર્મમાં એક વિદ્યાધર તરીકે તથા મહાત્મા કે સંપૂર્ણજ્ઞાની તરીકે વર્ણવેલ છે. રામાયણમાં એ જ હનુમાનજીને શ્રીરામ-આત્મારામના પૂર્ણ ભક્ત કહેલ છે. શ્રી વાલ્મિકિ, શ્રીહનુમાનજી તથા શ્રીરામ જેવા મહાન્ પુરૂષો **જૈન** હતા તથા **જૈન** ધર્મ તરફ પૂર્ણ માનની લાગણી ધરાવનારા હતા. આ વાત હનુમાન નાટક ઉપરથી પણ સિદ્ધ થાય છે. ટીકાકારે પણ જૈનનો અર્થ અર્હત્ કે આર્હત્ રાખીને પોતાની બુદ્ધિની વિશાલતા દરશાવી છે. શ્રીહનુમાનજીનું ગુણગ્રાહીપણું તથા સમભાવ-વીતરાગભાવ-પણું જણાઇ આવે છે.

નાથ સંપ્રદાયમાં જૈન વચનઃ—પરમ યોગીરાજ શ્રી મત્સ્યેંદ્રનાથ તથા ગોરક્ષનાથથી નાથ સંપ્રદાયની વિશેષ વૃદ્ધિ થઇ હતી. આ નવ નાથની સંપ્રદાયમાં જૈનો માટે એવું કથન છે કે " એક વખતે મત્સ્યેંદ્રનાથને સંસાર ભોગવવાની ઇચ્છા થઇ તેથી ગિરનાર પર્વતની ધ્યાન ગુફામાંથી બહાર નીકળીને પોતાના શિષ્ય ગોરક્ષનાંથને પોતાની સંસાર ભોગવવાની ઇચ્છા જણાવી અને અમુક મુદતે પાછો આવીશ એમ કહીને શ્રી મત્સ્યેંદ્રનાથજી ભરતક્ષેત્રમાં વિહાર કરવા લાગ્યા અને ક્રમે કરીને કામરૂપ દેશમાં પધાર્યા. કામરૂપ દેશમાં ત્રિયારાજ્ય–સ્ત્રીઓનું રાજ્ય હતું. લગભગ તમામ સ્ત્રીઓ મંત્રશાસ્ત્રમાં પ્રવિણ હતી. શ્રી મત્સ્યેંદ્રનું શરીર લાવણ્ય જોઇને કામરૂપ દેશની રાજા તરીકે રાજ્ય ચલાવતી મુખ્ય રાણી નામે મેનાવતી (કોઈ બીજાં નામો પણ આપે છે.) હતી તે શ્રીમત્સ્યેંદ્ર ઉપર મોહ પામી. શ્રી મત્સ્યેંદ્રનાથ પણ મેનામાં લપટાયા. ઘણા વર્ષ સુધી બંનેએ સંસારસુખો ભોગવ્યાં, કાળે કરીને શ્રીમત્સ્યેંદ્રનાથવડે મેનાને બે પુત્રો ઉત્પન્ન થયા તેમનાં નામો નેમનાથ અને પાર્શ્વનાથ પાડયાં હતાં. ગિરનારથી નીકળતી વખતે મત્સ્યેંદ્રનાથે શ્રીગોરક્ષનાથને અમુક મુદત આપેલી તે પુરી થઇ જવા છતાં પણ ગુરૂ મત્સ્યેંદ્રનાથજી પાછા નહિ આવવાથી શ્રીગોરક્ષનાથજી મહાત્મા મત્સ્યેંદ્રનાથજીને શોધવા નીકળ્યા અને નટની સાથે કંપનીમાં ભળીને ગામોગામ " ચેત મચ્છંદર ગોરખ આયા " એ વાક્યનું ઉચ્ચારણ કરતા કરતા કામરૂપ દેશમાં પધાર્યા. ત્યાં શ્રી મત્સ્યેંદ્રનાથ અને ગોરક્ષનાથનો સમાગમ થયો. મેનાની રજા લઇને સુવર્ણની ઇંટ સહવર્તમાન નેમનાથ અને પાર્શ્વનાથને સાથે લઇને મત્સ્યેંદ્રનાથજી તથા ગોરક્ષનાથજીએ પ્રાતઃસ્મરણીય ગિરનારને રસ્તે ચાલવા માંડયું, રસ્તામાં ઇંટને વાવમાં ફેંકી દીધી પછી એક શહેરમાં આવીને ઉતર્યા. તે શહેરમાં વણિક કોમની વસ્તી ઘણી હતી અને તેજ દિવસે વણિકોમાં મોટું જમણ હતું. જમણસ્થાને એક ગાયની વાછડી મરણ પામેલી પડી હતી. નેમનાથ અને પાર્શ્વનાથ ભીક્ષા અર્થે ગામમા નીકળ્યા અને જ્યાં વાછડીનું મુડદું પડયું હતું અને વણિકોની ભોજનશાળા ચાલતી હતી ત્યાં આવી પહોંચ્યા. વણિકોએ તે બંને બાલકોને લાડુથી ઝોળી ભરી આપવાનું કહી, ભોળવીને તે વાછડીનું મુડદું એ બાળકો પાસે ઢસડાવી ઘણે દૂર નંખાવી દીધું પછી લાડુની ઝોળી ભરી આપી. લાડુની ઝોળી ભરીને આસને પાછા આવ્યા ત્યારે શ્રી મત્સ્યેંદ્રનાથજી તથા શ્રી ગોરક્ષનાથજીના જાણવામાં તે વાત સમાધિદ્વારા આવી અને બંને પુત્રોને વણિકોએ ભ્રષ્ટ કર્યા છે માટે તે પુત્રો વણિકોને સોંપવા જોઇએ એમ વિચાર કરીને તે મહાન્ યોગીઓ બંને પુત્રો સહિત વણિકો પાસે આવ્યા, અને વણિકોને ધમકાવ્યા. વાણુકો તે મહાત્માથી ડર્યા અને પ્રાયશ્ચિત માગ્યું ત્યારે શ્રી મત્સ્યેંદ્રનાથજી તથા શ્રી ગોરક્ષનાથજીએ વણિક કોમને આજ્ઞા કરી કે આ અમારા ભ્રષ્ટ થએલા પુત્રો નામે નેમનાથ તથા પાર્શ્વનાથને તમે ભૂલ ખવરાવી છે માટે તમો સર્વે તેમને માનો પુજો તથા તેમનું ભજન કરો એથી તમારૂં કલ્યાણ થશે. એ નેમનાથ તથા પાર્શ્વનાથ પરમપદને પામશે અને તમારો જૈનધર્મ આજથી પ્રસિદ્ધ થશે અને પાછળથી મંત્ર ચલાવવા, મ્લેચ્છ રહેવું, વેદની નિંદા કરવી વગેરે આચારો તમારા ધર્મમાં દાખલ થશે. " આ હકીકતને મળતી જ હકીકત નવનાથના સંપ્રદાયવાળાઓ ભજન વગેરે દ્વારા બતાવે છે, અને જૈનમતને પાખંડ મત માને છે. ઝુંડો–રજોહરણ છે તે ગાયનું પૂછડું છે એમ તેઓ માને છે. આ માન્યતાના સંબંધમાં વિચાર કરીએ તો નાથ સંપ્રદાયની માન્યતા ઐતિહાસિક પ્રમાણ સાથે બંધ

બેસતી થતી નથી. જૈન માન્યતા પ્રમાણે નેમનાથ અને પાર્શ્વનાથ એ બે ભાઇજ ન હતા. એ બંને તીર્થંકરો વચ્ચે ૮૩ હજાર વર્ષનું લગભગ અંતર હતું. બંને શુરવીર રાજપુત્રો હતા. તેમને અને મત્સ્યેંદ્રનાથજીને કશોસંબંધ ન હતો. વળી જૈનધર્મ કાંઇ નેમનાથથી ચાલ્યો નથી પણ ઋષભદેવજીથી જૈનધર્મ પ્રચલિત થયો છે. હવે મત્સ્યેંદ્રનાથજી તથા ગોરક્ષનાથજી કયારે થઇ ગયા તેનો વિચાર કરીએ. જગત્ ગુરૂ શ્રી આદિશંકરાચાર્યને થયાં આજે ૨૩૮૦ વર્ષ થયાં છે. શ્રી મહાવીર નિર્વાણ પછી ૩૧ મેં વર્ષે શ્રી આદિશંકરાચાર્ય આર્યજી જનમ્યા હતા. શ્રી આદિશંકરાચાર્યજી જ્યારે મંડનમિશ્રની સ્ત્રી ઉભયભારતી સાથે શાસ્ત્રાર્થમાં હાર્યા ત્યારે કામશાસ્ત્રનો અનુભવ મેળવવા સારૂ, મરણવશ થયેલા અમરક રાજાના શરીરમાં પ્રવેશ કરવા વિચાર કર્યો ત્યારે શ્રી પદ્મપાદે શ્રી આદિ શંકરાચાર્યજીને કહ્યું કે ઘણાં વર્ષો પહેલાં શ્રી મત્સ્યેંદ્રનાથજીએ પણ સંસાર ભોગવવાની ઇચ્છા કરી હતી, આ ઉપરથી સમજી શકાય છે કે શ્રી આદિ શંકરાચાર્યજીની પહેલાં ઘણાં વર્ષ શ્રી મત્સ્યેંદ્રનાથજી થઇ ગયા છે. શ્રી મહાવીર પ્રભુ પછી ૩૧ વર્ષેજ શ્રી આદિશંકરાચાર્યજી થયા માટે શ્રી મહાવીર પ્રભુની પણ અગાઉ શ્રી ગોરક્ષનાથ વગેરે થઇ ગયા હોય એમ જણાય છે. મહાવીર પ્રભુ પહેલાં ૨૫૦ વર્ષે લગભગ શ્રી પાર્શ્વનાથ સ્વામી થઇ ગયા છે. શ્રી પાર્શ્વનાથજી પ્રભુના સમયમાં અગર તેમની પણ અગાડી શ્રી મત્સ્યેંદ્રનાથજી તથા શ્રી ગોરક્ષનાથજી થઇ ગયા હોય એમ જણાય છે કારણ કે શ્રી આદિશંકરાચાર્યજી પહેલાં ઘણાં વર્ષે શ્રી ગોરક્ષનાથ વગેરે થઇ ગયા હતા એમ શ્રી શંકરદિગ્વિજયમાં લખ્યું છે. શ્રી મત્સ્યેંદ્રનાથજી અને શ્રી ગોરક્ષનાથજી કદાચ શ્રી પાર્શ્વનાથજીના સમકાલિન હોય અને તે સર્વે નાથ કહેવાતા તેથી નાથ સંપ્રદાયવાળાઓ પાર્શ્વનાથજી તથા નેમનાથજી પ્રભુને નાથ સંપ્રદાયમાં ભેળવી દે છે પણ તે વાત જૈન ઇતિહાસ સાથે બિલકુલ મળતી આવતી નથી; નેમનાથ અને પાર્શ્વનાથની હૈયાતીનો પુરતો પુરાવો જગતના બીજા ધર્મોના ઇતિહાસમાંથી નહિ મળતો હોવાથી માત્ર જૈન પરંપરા પ્રમાણ ઉપરજ આ બાબતમાં આધાર રાખીને સંતોષ માનવો પડશે. શ્રી મત્સ્યેંદ્રનાથજી અને શ્રી પાર્શ્વનાથજી સમકાલિન હતા તથા બંનેમાં નાથ શબ્દ આવે છે તથા બંને યોગી–વૈરાગી હતા વગેરે બાબતો ઉપરથી નાથ સંપ્રદાયવાળાએ શ્રી પાર્શ્વનાથજીને નાથ સંપ્રદાયમાં જોડી દીધા જણાય છે પણ ખરૂં જોતાં તો પાર્શ્વનાથજી એક રાજકુમાર હતા. નેમનાથ પ્રભુ તો શ્રીકૃષ્ણ ભગવાનના વખતમાં થઇ ગયા છે. શ્રીકૃષ્ણ ભગવાનના સમય પછી ઘણા વર્ષે શ્રી મત્સ્યેંદ્રનાથજી થયા હતા માટે નેમનાથ પ્રભુ તથા શ્રી મત્સ્યેંદ્ર સમકાલિનજ હતા નહિ,

પૌરાણિકોમાં ચાલતી એક દંતકથા અને તેમાં શિવ પુરાણની કંઇક સહાનુભૂતિ:—શિવપુરાણમાં ગૌતમઋષિના સંબંધમાં એક એવી આખ્યાયિકા છે કે "એક વખતે આ ભરતક્ષેત્રમાં ઉપરાઉપરી ઘણા દુષ્કાળો પડવાથી બ્રાહ્મણો સહિત તમામ માણસો ભુખમરાથી પીડાવા લાગ્યા. આવા કટાકટીના સમયમાં શ્રી ગૌતમ ઋષિ એક મહાન્ પ્રતાપી પુરૂષ ગણાતા હતા તેથી સર્વ બ્રાહ્મણો સહવર્તમાન શ્રી ગૌતમ ઋષિને શરણે ગયા. શ્રી ગૌતમ ઋષિએ પોતાના તપોબલ અને અધ્યાત્મ બલવડે સવારે જવ વાવે અને સાંજે લણે એવી સિદ્ધિનો પ્રયોગ અજમાવીને તમામ લોકોને સાત કે બાર દુકાળ ઉતાર્યા. આવા મહાન્ કાર્યવડે સકલ પ્રજા શ્રી ગૌતમઋષિના અહેશાનમાં દબાઇ

ગઇ શ્રી ગૌતમઋષિની કીર્તિ સ્વર્ગપર્યંત વ્યાપી જવાથી લોકોમાં કહેવાતી કહેવત (બ્રામણની આંખમાં ઝેર હોય) પ્રમાણે ઘણા બધા બ્રાહ્મણોને ગૌતમઋષિની કીર્તિની ઇર્ષા આવી અને ગમે તે પ્રકારે પણ શ્રી ગૌતમઋષિ પટકી પડે તો ઠીક એને એ વિચારમાં બ્રાહ્મણોએ એક એવી યુક્તિ શોધી કાઢી કે એક બનાવટી–કૃત્રિમ–ગાય કરીને ગૌતમના જવના ખેતરમાં મૂકવી અને ગૌતમ તે ગાયને હાંકવા આવે કે તુરત ગાય મરણ પામે અને તે ઉપરથી ગૌતમને ગૌહત્યારો ઠરાવીને ન્યાત બહાર મૂકી દેવો આવી નીચ યુક્તિ શોધીને તેજ પ્રમાણે શ્રી ગૌતમઋષિના જવના ખેતરમાં ગુપ્તપણે કૃત્રિમ ગાય ઉભી કરી દીધી. શ્રી ગૌતમના જોવામાં તે ગાય આવવાથી, તે ગાયને પોતાના ખેતરમાંથી બહાર કાઢવા માટે એક દર્ભની સળી લઇને ગાય તરફ ફેંકી કે તરતજ ગાય નીચે પડી ગઇ અને મરણ પામી. આ સમયે ઘણા બ્રાહ્મણો આસપાસ સંતાઇ રહ્યા હતા. તેઓ ધરાદાપૂર્વક બહાર આવીને ગૌતમે ગાયને મારી નાંખી છે માટે " ગૌતમ ગૌહત્યારો ગૌતમ ગૌહત્યારો " એવા પોકારો માર્યા અને ગૌતમને ભ્રષ્ટ ગણીને તેમની સાથેનો વ્યવહાર બંધ કર્યો. પરમપવિત્ર શ્રી ગૌતમઋષિએ જાહેર રીતે પાવન થવા સારૂ શ્રી અદ્રમોચિની ગંગાજી ઉપર સખ્ત તપ કર્યું. શ્રી ગંગાજીએ પ્રકટ થઇ સર્વ લોકો દેખે તેમ શ્રી ગૌતમઋષિને પાવન કર્યા તેથી ગૌતમઋષિ પાછા જ્ઞાતિમાં દાખલ થયા. આને મળતુંજ આટલું જ લગભગ કથન શિવપુરાણમાં છે. આ કથનમાં લોકો તથા ઇતર પૌરાણિકો કંઇક વિશેષ ઉમેરીને એવું કહે છે કે શ્રી ગૌતમ ઋષિને બ્રાહ્મણોએ વિના વાંકે પજવ્યા તેથી શ્રી ગૌતમઋષિની આંખમાં બ્રાહ્મણો માટે ઝેર આવ્યું અને વૈરનો બદલો લેવા માટે અને બ્રાહ્મણોએ લોકોનું દ્રવ્ય હરણ કરવા વાસ્તે પાયરેલી જાળ તોડી પાડવા માટે જ વેદ ધર્મની સામે એટલે બ્રાહ્મણ ધર્મની સામે પોતાનો જૈનધર્મ નામે મત ચલાવ્યો. ધર્મના નામે યજ્ઞમાં બ્રાહ્મણો ગાય, પાડા, બકરાં, અશ્વ, મનુષ્ય, વગેરે હોમાવતા અને નિરપરાધી પ્રાણીઓના પ્રાણો હરણ કરાવતા હતા; ઉપરાંત તે જીવોના માંસોનું ભક્ષણ પણ કરતા હતા. શ્રી ગૌતમે એ બ્રાહ્મણોની હિંસકવૃતિ અને પાછા સજીવન કરવાના ડોળની સામે અહિંસાનો ઉપદેશ ચલાવ્યો. લાખો મનુષ્યો અને રાજાઓને જણાયું કે યજ્ઞને નામે હિંસા કરવી તે વ્યાજબી નથી તેથી તે લોકો શ્રી ગૌતમના જૈન ધર્મમાં ભળ્યા તેથી બ્રાહ્મણોની આજીવિકામાં ઘણોજ ફેર પડી ગયો. શ્રી ગૌતમે ગાયના પુંછડાનો ઝુંડો વગેરે બનાવ્યા તે રજોહરણમાં દેખાય છે.

આવા પ્રકારની પૌરાણિકોની કથાનો સાર એટલોજ નીકળે છે કે શ્રી ગૌતમને દુઃખતું હતું પેટ અને કુટવા માંડયુ માથું એ નિયમ પ્રમાણેજ વેદની સામે જૈનધર્મ નામનું પાખંડ પોતાનું વૈર લેવા નિમેત્તેજ ઉભું કરેલું છે. આવી દંત કથા લોકોમાં ચાલે છે. આ દંતકથા શિવપુરાણ ઉપરથી લોકોએ તદ્દન કલ્પી કાઢી છે કારણ કે શિવપુરાણમાં શ્રી ગૌતમે જૈનધર્મ ચલાવ્યો. એ હકીકતજ નથી મળતી, વળી જૈનધર્મ માટે શ્રીમદ્ ભાગવત પુરાણમાં તે ભવિષ્ય ભાખ્યું છે તેમાં પણ શ્રી ગૌતમ જૈનધર્મ ચલાવશે એમ નથી લખ્યું પણ કેકેવેકેવેકેટ દેશનો આર્હત નામે રાજા જૈનધર્મ ચલાવશે એમ લખ્યું છે. આ ઉપરથી એમ સમજાય છે કે જૈનધર્મના ઇંદ્રભૂતિ ઉર્ફે ગૌતમનું નામ સાંભળીને લોકોએ જૈનધર્મ ગૌતમે ચલાવ્યો છે એમ ભ્રાંતિથી માની લીધેલું છે. ખરૂં જોતાં જૈન ધર્મ તો શ્રી ઋષભદેવજીથી ચાલેલ છે અને શ્રી મહાવીરપ્રભુના એકશિષ્ય તરીકેજ ઇંદ્રભૂતિ નામના ગૌતમગોત્રી બ્રાહ્મણ હતા.

ઉલટું ઉપલી દંત કથાઓમાં તો બ્રાહ્મણો ઉપકારને બદલે અપકાર કરવાવાળા છે એવું સાબિત થાય છે. ઇત્યલમ્ ૐ શાન્તિ: શાન્તિ: શાન્તિ:

એ પ્રમાણે જૈનધર્મનો અન્યધર્મોમાં ઉલ્લેખના દ્વિતીય ભાગનો દ્વિતીય ખંડક અને દ્વિતીય ભાગ સંપૂર્ણ થયો.

—ગોકુલદાસ નાનજીભાઈ ગાંધી.

લાલા લજપતરાય શું કહે છે ?

" અહિંસા પરમો ધર્મ " સત્ય છે કે ઘેલછા !

અહિંસા પરમો ધર્મ :

સત્ય કરતાં ઉચ્ચ ધર્મ નથી અને ' અહિંસા પરમો ધર્મ : ' કરતાં વર્તન દર્શક એકે ઉત્તમ માર્ગ નથી. યથાર્થ સમજાય અને જીવન વ્યવહારમાં યથાર્થ ઓતપ્રોત કરવામાં આવે તો એ સૂત્ર મનુષ્યને મહાત્મ્ય અને વીરતા બક્ષે છે. અયોગ્ય ભ્રમથી જીવનમાં તેનો અયથાર્થ ઉપયોગ થાય તો મનુષ્ય બીકણ, બાયલા, અધમ અને મૂર્ખ બની જાય છે. એક કાલે ભારતવાસીઓ તે સૂત્ર યથાર્થ સમજતા હતા, અને તેનો આચરણમાં યથાર્થ ઉપયોગ કરી પણ જાણતા હતા, ત્યારે તેઓ સત્ય, ઔદાર્ય, અને વીરતાના ગુણવડે અલંકૃત હતા.

એ ઉદાર સત્યનું વિકૃત સ્વરૂપ

એક સમય એવો આવ્યો કે જ્યારે કેટલાક સદ્‌ગુણી મનુષ્યોએ સંપૂર્ણ ઉચ્ચ આશયથી અને સાધુતાથી તેનું સ્વરૂપ ઘેલછામાં ફેરવી નાખ્યું, તેને સર્વ સદ્‌ગુણથી ઉચ્ચસ્થાન આપ્યું એટલું જ નહિ પરંતુ સદાચારી જીવનની કસોટીનું અપૂર્વ શસ્ત્ર બનાવ્યું. તેમણે પોતાના જ જીવનમાં તેને અતિશય મહત્વ આપ્યું એટલુંજ નહિ પણ અન્ય સર્વ ગુણને ભોગે ઉચ્ચતમ પ્રજાકીય સદ્‌ગુણનું સ્વરૂપ આપી દીધું, અન્ય સર્વ ગુણો જે મનુષ્યને અને પ્રજાને ઉચ્ચ પ્રતિભાશાળી બનાવે છે, તેને પાછળ મૂકી દીધા અને તેમના મત અનુસાર આ ભલાઇની એકજ કસોટીથી તે સર્વ ગુણને ગૌણપદ આપ્યું.

તેનાં ભયંકર પરિણામ

ધૈર્ય, શૌર્ય, વીરત્વ એ સર્વ સદ્‌ગુણો ધીમે ધીમે ઘસાઇ ગયા, પ્રતિષ્ઠા અને સ્વમાન વિલુપ્ત થઇ ગયાં. સ્વદેશાભિમાન, સ્વદેશ પ્રીતિ, કુટુંબ પ્રતિ અનુરાગ જાતિ ગૌરવ એ સર્વનો ઝળહલતો દીપ ઓલવાઇ ગયો. અહિંસાના વિપરીત આચરણના દુરુપયોગને લીધે અથવા સર્વ ઉચ્ચ તત્વોને ભોગે તેને અમર્યાદિત મહત્વ આપવાથીજ હિંદુઓનો સામાજિક, રાજકીય તેમજ નૈતિક અધઃપાત થયો. મરદાનગીમાં અહિંસા કરતાં કોઇ પણ રીતે તાત્ત્વિક ઉણપ નથી એ વાત તેઓ તદ્દન વિસરી ગયા. તત્ત્વતઃ એ સદ્‌ગુણને જો યોગ્યરીતે વ્યવહારમાં મુકાય તો તે અહિંસાથી અલ્પાંશે પણ અસંગત નથી. વ્યક્તિહિત કે રાષ્ટ્રીય કલ્યાણ માટે બળીઆથી નિર્બળનું રક્ષણ કરવાની, અન્યાયભર્યું આક્રમણ કરનાર

* જુલાઇના મૉડર્નરિવ્યુમાં આવેલા અંગ્રેજી લેખનું ભાષાંતર.

અને રાજ્યાપહારી, ચોરટા અને લફંગા, કામાંધ, નરાધમ અને સ્ત્રીના સતીત્વને ભ્રષ્ટ કરનાર, દુરાચારી, ખુની અને શઠને અન્યાયાચરણ કરતા અને ઉપદ્રવ આપતા અટકાવવાની અનિવાર્ય અગત્ય તરફ તેઓએ દુર્લક્ષ આપ્યું. નિર્દોષને પીડા આપતા, વિશુદ્ધને ભ્રષ્ટ કરતા, અને અન્યના વ્યાજબી હકક ઉપર તરાપ મારતા—દુષ્ટ સ્વભાવવાળા મનુષ્યોનાં હૃદયને ન્યાયપુરઃસર ક્રોધ અને તેને અંગે નીપજતાં પરીણામના ભયથી તેમ કરતાં અટકાવે એમ માનવભાવના સ્વીકારે છે, તે વાત તેઓ વિસરી ગયા. જે મનુષ્ય અધર્મ અથવા ઝેર અને જુલમની જબરજસ્તીથી જમાવેલી સત્તાને સહન કરી, " ચાલે તેમ ચાલવા દેવાની રીત " રાખે છે, તે એક રીતે તેને અનુમોદન આપી ઉત્તેજે છે, અને તેથી દુરાચારીના અભ્યુદય અને પ્રાબલ્યની વૃદ્ધિ માટે કેટલેક અંશે જવાબદાર છે એ સત્યમાં રહેલા આવશ્યક અને મહાન્ રહસ્યને તેઓ પ્રત્યક્ષ કરી શકયા નહિ.

અહિંસાનો અયોગ્ય વ્યવહાર—

આ અહિંસાનો નિર્મર્યાદિત અને અયોગ્ય વ્યવહાર કોહાણરૂપે પલટી જઈ સુવ્યવસ્થાના સુંદર દેહમાં વિષરૂપે પ્રસરે છે, શક્તિને નિર્વીર્ય કરી મૂકે છે અને પુરૂષો અને સ્ત્રીઓને ચસકેલ મગજના, ચિત્તભ્રમિત, નિસ્તેજ બનાવી મહત્વાકાંક્ષા અને ઉચ્ચ સદ્‌ગુણોની પ્રાપ્તિ પાછળ અપ્રતિહત ખંતથી મંડયા રહેવામાં જોઈતા સામર્થ્ય વિનાના અને નમાલા કરી મૂકે છે, તેનાથી મનુષ્યહૃદય એકલતીલું અને બીરૂ બની જાય છે. જૈનધર્મના સંસ્થાપકો આત્મસંયમન અને દેહદમનમાં જીવનને વ્યતિત કરનાર મહાત્માઓ હતા. તેમના અનુયાયી જૈન સાધુઓ વિકારોનો નાશ કરવામાં મહાન્ સંભવિત વિજય પ્રાપ્ત કરનારા મહાપુરૂષોની કોટિમાં આવે છે. ટૉલ્સ્ટાયનો અહિંસા સિદ્ધાંત થોડાં જ વર્ષ પહેલાંજ જન્મ પામ્યો છે. જૈન અહિંસાને ભારતવર્ષ ત્રણ હજાર વર્ષથી જાણતો આવ્યો છે. પૃથ્વીતળ ઉપર એકે એવો દેશ નથી કે જેને ભારતવર્ષની માફક સૈકાઓ થયાં આવા અનેક અહિંસાવાદીઓ શોભાવી રહ્યા હોય પણ પૃથ્વીતળ પર એવોયે એક દેશ નથી કે જે હાલના અથવા છેલ્લાં પંદર શતકના ભારતવર્ષ માફક તદન કચડાઇ ગયેલો અને પૌરૂષત્વના એકેએક અંશ ગુમાવી બેઠેલો હોય. કેટલાક લોકો કહેશે કે ભારતવર્ષની આ સ્થિતિ અહિંસાવાદનું પરિણામ નથી, પણ બીજા સદ્‌ગુણોને તિલાંજલી આપવાનું પરિણામ છે. પણ હું તો આગ્રહપૂર્વક માનું છું કે ગૌરવ, મનુષ્યત્વ, અને સદ્‌ગુણના માર્ગને વિસારે પાડી અધઃપતન આણનાર જે જે કારણો છે, તેમાંથી એક અહિંસાવાદના ઉચ્ચ સત્યની વિકૃતિ છે. અત્યંત ખેદ તો એથીજ થાય છે કે જે લોકો આ સિદ્ધાંતને સંપૂર્ણ શ્રદ્ધાથી વળગી રહે છે, તેઓ પોતાના જ વર્તનથી બતાવી આપે છે કે આ સત્યનો વિપરીત વ્યવહાર મનુષ્યોને દાંભિક, નિર્માલ્ય અને ક્ષુદ્ર જીવનને માર્ગે દોરી જાય છે.

મારા કુટુંબનું ઉદાહરણ—મારો જૈનધર્મનો ત્યાગ.—

મારો જન્મ જૈન કુટુંબમાં થયો હતો, મારા દાદાને અહિંસામાં અત્યંત શ્રદ્ધા હતી. એટલે સુધી કે સર્પને મારવા કરતાં તેનાથી મૃત્યુ પામવાનું વધારે પસંદ કરે. તે એક જંતુને પણ ઇજા કરતા નહિ, ધાર્મિક ક્રિયાઓમાં કેટલાક કલાકના કલાક ગાળતા. દેખીતી રીતે તે એક સદ્‌ગુણી નર હતા અને કોમમાં માતબર માણસ ગણાતા. સૌને તેમની પ્રતિ માન ઉત્પન્ન થતું. તેમના ભાઇ સાધુ થયા હતા અને પોતાના પંથમાં એક પ્રતિષ્ઠાશાળી

ગુરૂ હતા. મારા જીવનમાં મેં જોએલા ઉચ્ચ સાધુઓમાંના એક હતા. તેઓ પોતાના સિદ્ધાંતને જીવનભર જાળવી રહ્યા અને દેહદમન તથા વિકારને અંકુશમાં રાખવામાં નિપુણતા મેળવવામાં સફળ નિવડયા હતા, પણ નૈતિક ધોરણના ઉચ્ચ કાનુનોને અનુસરીને જોઇએ તો તેઓનું જીવન શુષ્ક અને અસ્વાભાવિક હતું. હું તેમને ચાહતો અને માન આપતો પણ તેમનો મત સ્વીકારી શક્યો નહિ. તેમજ તેમણે પણ મને પોતાનો મત સ્વીકારાવવાની કાળજી કરી નહિ. પણ તેના ભાઇ-મારા દાદા-જુદીજ પ્રકૃતિના પુરૂષ હતા. તે અહિંસા ધર્મ-વિકૃત અહિંસાધર્મ-પાળતા. તે મત ગમે તેવા સંયોગોમાં કોઇના પ્રાણ હરવાની મનાઇ કરે છે, પણ તે પોતે, પોતાના ધંધાને અનુસરતાં, જે જે પ્રપંચ ખેલવા પડતા તે સર્વ પ્રપંચને વ્યાજબી ગણતા એટલુંજ નહિ પણ સર્વોત્તમ માનતા. પોતાના ધંધાના વ્યવહાર શાસ્ત્રાનુસાર એ પ્રપંચ તેમને મન છુટ આપી શકાય તેવા હતા. જુ, પક્ષી અને એવા બીજાં પ્રાણીઓ મૃત્યુના મુખમાં આવી પડતાં હોય તો તેને બચાવવામાં હજારો રૂપિયા ખરચી નાંખે પણ સગીર કે વિધવા સાથે લેવડ, દેવડ. કરવામાં તેમનો છેલ્લો કોળીઓ પણ ઝુંટાવી લે એવા એ મતને માનનારા ઘણાં મનુષ્યો મેં જોયાં જાણ્યાં છે.

હાલના જૈનો—

હું કોઇ રીતે એમ કહેવા નથી માગતો તે ભારતવર્ષમાં અન્ય હિંદુ કોમો કરતાં જૈનો વધારે અનીતિમાન છે, અથવા એમ પણ નથી કહેતો કે અહિંસા એવી અનીતિ તરફ દોરી જાય છે. એવા મિથ્યા દોષારોપણનો અણસારો પણ મારાથી દૂર રહો! પોતાની રીતભાતમાં જૈનો ઉદાર, અતિથિપૂજક, બુદ્ધિશાળી અને વ્યવહારમાં કુશળ છે. હિંદુઓમાં એવી બીજી જ્ઞાતિઓ પણ છે. મારો કહેવાનો ભાવાર્થ એવો છે કે અહિંસાના અમર્યાદિત વ્યવહારે તેઓને અન્ય કોમ કરતાં વધારે ઉચ્ચ નીતિના પંથે ચડાવ્યા નથી. વસ્તુતઃ જોર જુલમ અને લુટફાટને લીધે જો કોઇ કોમને વધારે ખમવું પડતું હોય તો તે જૈન કોમજ છે કારણ કે વારસામાં મળેલી ભીરૂતા અને બળના ઉપયોગ તરફ તિરસ્કારને લીધે બીજા કરતાં તેઓ વધારે લાચાર હોય છે. તેઓ આત્મરક્ષણ કરી શકતા નથી, તેમજ પોતાના પ્રિયજનની આબરૂને સાચવી શકતા નથી.

શું કર્ત્તવ્ય છે?

વર્તમાન કાળે યુરોપ, સામાર્થ્યના દૈવી હકક માગનાર અવતાર છે. ત્યાં ટૉલ્સ્ટોયનો અવતાર યુરોપના સદભાગ્યેજ થયો. પરંતુ ભારતવર્ષની સ્થિતિ તદન જુદીજ છે. જુલમાટના; આક્રમણનાં કે લુટફાટનાં કર્તવ્યો માટે બરછીની કે જબરજસ્તી વાપરવાનો ઉપદેશ આર્યસંતાનો આપેજ નહિ. મને વિશ્વાસ-શ્રદ્ધા છે કે આર્યભૂમિ એટલી પતિત થશેજ નહિ. પણ આપણી આબરૂનું તેમજ આપણી સ્ત્રી, બેન, પુત્રી કે માતાની પ્રતિષ્ઠાનું રક્ષણ કરવા માટે પણ આપણે આપણા સામર્થ્યનો ઉપયોગ કરવો એ પાપભર્યું છે એવું શિક્ષણ તો આપણે પાલવે તેમ નથી. એવું શિક્ષણ અસ્વાભાવિક અને અનિષ્ટકારક છે. આપણે રાજદ્વારી ખૂનોને ધિક્કારી કાઢીએ; અરે! એથી પણ ન્યાય ખાતર, ન્યાયપુરઃસર હેતુ પાર પાડવા અન્યાયયુક્ત અને કાયદા વિરૂદ્ધ બળનો ઉપયોગ કરવાની રીતને અવખોડી કાઢીએ પરંતુ જ્યારે એક મહાન્ અને લોકમાન્ય પુરૂષ આપણા યુવાનોને કહે કે "દુષ્ટ જોર-જુલમ કરનાર મનુષ્યને સામા થયા વિના આત્મોર્પણ કરીને જ આપણે આપણા આધારે

રહેલાં મનુષ્યોની પ્રતિષ્ઠાનુ રક્ષણ કરી શકીએ. " અને વળી કહે કે "ઉપાયમાં શસ્ત્રના ધા કરવા કરતાં શારીરિક અને માનસિક ધૈર્ય વધારે રહેલું છે " શું ? આમ મુંગા બેસી રહેવું આપણને પરવડે તેવું છે ? ધારો કે કોઇ નરાધમ આપણી પુત્રી પર હુમલો કરે તો રા. ગાંધી કહે છે કે તેમના પોતાના અહિંસા સંબંધી મત અનુસાર આપણી પુત્રી અને તે નરાધમ વચ્ચે ઉભા રહેવું. પણ જો તે નરાધમ આપણને મારી નાખે અને પોતાની પિચાશ વૃત્તિને પાર પાડે તો આપણી પુત્રીની કેવી દુર્દશા થાય ! રા. ગાંધીના મત પ્રમાણે, બળ જોરીથી સામા થવા કરતાંય તેને તેનાથી બને તેટલું ખરાબ કરવા દેવું અને શાન્ત ઉભા રહેવું એમાં શારીરિક અને માનસિક ધૈર્ય વધારે જોઇએ.) રા. ગાંધી માટે સંપૂર્ણ માન દર્શાવતાં મારે કહેવું જોઇએ કે આનો અર્થ કાંઇ નથી. રા. ગાંધીના વ્યક્તિત્વ માટે મને ઘણું જ માન છે. તેઓ હું જે મહાપુરૂષોને પૂજું છું તેઓમાંના એક છે, હું તેમની સલ્હાના માટે શંકા કરતો જ નથી. તેમની શુભ ધારણાઓ માટે મને સંશયજ નથી, પણ તેમણે જે અનિષ્ટકારક સિદ્ધાંત ફેલાવવાના સમાચાર મળ્યા છે તેની સામે સખ્ત વિરોધ દર્શાવવાની હું ફરજ સમજું છું, એક ગાંધી જેવા મહા પુરૂષને પણ આ વિષયમાં ભારત યુવકોના હૃદયને વિસ્મય કરી મુકવાની છુટ ન હોવી જોઇએ, રાષ્ટ્રીય ચૈતન્યના નિર્મલ ઝરાને મલિન કરવાની કોઇ પણ વ્યક્તિને સ્વતંત્રતા ન હોવી જોઇએ, બુદ્ધદેવે પણ એવો ઉપદેશ કર્યો નથી, ક્રાઇસ્ટ તો એમ કહેજ નહિ, જૈનો પણ એટલી હદ સુધી જાય એમ હું જાણતો નથી, અરે ? એવા સંયોગોમાં માન ભર્યું જીવન જ અસંભવિત છે- એ મતનો કોઇ પણ અનુયાયી ન્યાય પુરઃ સર કોઇ પણ સ્વેચ્છાચારીની સામે થઇ શકે નહિ, દક્ષિણ આફ્રિકામાંથી ભારતવર્ષીઓને કાઢી મૂકવાની તે દેશના ગોરાઓની પ્રિય ઇચ્છા સામે વિરોધ દર્શાવીને રા. ગાંધીએ શા માટે તે ગોરાઓની લાગણી દુભાવી ? ન્યાયાનુસાર કહીએ તો જ્યારે ગોરાઓએ ભારતવાસીઓને કાઢી મુકવાની ઇચ્છા દર્શાવી ત્યારે તેમણે પોતાનો સ્વમાન બાંધીને તે દેશ છોડી દઇ ચાલ્યા જવું જોઇતું હતું અને પોતાના બંધુઓને પણ એવીજ સલાહ આપવી જોઇતી હતી. એવા સંયોગોમાં સામા થવામાં હિંસા રહેલી છે, શારીરિક હિંસા એ માનસિક હિંસાનું આચારસ્વરૂપ છે. જો એક ચોર, લુટારા કે શત્રુનો નાશ કરવાનો વિચાર કરવામાં પાપ હોય તો અલબત્ત તેના સામે બળ અજમાવવામાં વધારે પાપ છે જ. ખાતજ એવી મૂર્ખાઇ ભરી જણાય છે કે રા. ગાંધીના ભાષણનો હેવાલજ ભૂલ ભરેલો હોય એમ શંકા કરવાની મને સહજ જ ઇચ્છા થઇ આવે છે. પણ પત્રો તે ઉપર છૂટથી વિવેચન કર્યા કરે છે; અને રા. ગાંધીએ તેનો જાહેર ઇન્કાર કર્યો નથી. ગમે તેમ હો પણ જ્યાં સુધી તે ભાષણમાં રહેલો વિરોધ દૂર થાય નહિ કે તેનો ખુલાસો થાય નહિ ત્યાંસુધી મને લાગે છે કે હું મુગો બેસી રહી શકું નહિ અને ભારતવાસી યુવકોમાં આ મતને અવિબાધિત અને ઉચ્ચ સત્ય તરિકે પ્રસરવા દઇ શકું નહિ. રા. ગાંધી કાલ્પનિક પૂર્ણતાનું જગત્ રચવા ઇચ્છે છે, અલબત્ત તેમ કરવા અને અન્યને તેમ કરવાનું કહેવા તેઓ પૂર્ણ સ્વતંત્ર છે, પણ તેજ પ્રમાણે તેમની ભૂલ દર્શાવી આપવાની હું મારી ફરજ સમજું છું.

—ઉદ્યોગ્મુ.

કૉન્ફરન્સ મિશન.

૧ શ્રી સુકૃત ભંડાર ફંડ.

(તા. ૨૪–૬–૧૬ થી તા. ૩૧–૭–૧૬, સંવત ૧૯૭૨ ના જેઠ વ. ૬ થી શ્રાવણ સુ. ૧ સુધી.)

વસુલ આવ્યા રૂ. ૪૪૩–૮–૦ ગયા માસ આખરના બાકી રૂ. ૨૪૮૩–૩–૦

૧ ઉપદેશક **મી. વાડીલાલ** સાંકળચંદ—મહીકાંઠા.

ખેડબ્રહ્મા ૧૬, ગરોડા ૭, ઇડર ૧૦, કુકડીઆ ૮।, સાબલી ૬।।, જમળા ૭।।।, ખેરણા ૪, આગીઓલ ૬, ઢુંઢોર ૬।, વામોજ ૦।।, મનોરપર ૩।।. **કુલ રૂ. ૮૫–૧૨–૦**

૨ ઉપદેશક **મી. પુંજાલાલ** પ્રેમચંદ—વહાડ.

માંડક ૧।।, **ચાંદા** ૨૯।।।, **દરોરા** ૧૦, **નાગપુર—સરાફબજાર** ૧૫, **કામટી** ૪૧।।, **નાગપુર** ૧૪૨, **ખાપા** ૨૧, **સીંદી** ૬।।, **વરધા** ૧૩, **નાચણગાંવ** ૬।।।, **પુલગાંવ** ૫।।, **ધામણગાંવ** ૧૨ **તેલ્હારા** ૫ **ખોગાંવ** ૪।।।, **ખામગાંવ** ૨૧.

કુલ રૂ. ૩૩૧—૮—૦

૩ ઉપદેશક **મી. અમૃતલાલ** બાપુલાલ—અમદાવાદ જીલ્લો.

પંચાસર ૪. કુલ રૂ. ૪–૦–૦

મુંબઇના ગૃહસ્થો તરફથી પાંચ રૂપીઆવાળી અને એક રૂપીઆવાળી રસીદોના આવ્યા (દશમી શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ વખતના) રૂ. ૧૮–૦–૦

અમદાવાદ એક ગૃહસ્થે મોકલ્યા. રૂ. ૦–૪–૦

૨૯૨૬–૧૧–૦

નોટ—બે રસીટ બુકો ચાર આનાવાળી નં. ૨૨૧—૨૪૦, ૪૮૧—૫૦૦ સુધીની દશમી શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ મંડપમાં વૉલંટીઅરો મારફત સ્ત્રી પ્રેક્ષકોએ મંગાવેલી તે પાછી આવી નથી. તો જે ભાઇ પાસે તે બુકો રહી હોય તેમણે કૉન્ફરન્સ ઓફીસમાં મોકલી આપવી.

૨ શ્રી ધાર્મિક હિસાબ તપાસણી ખાતું.

તપાસનાર—**શેઠ ચુનીલાલ** નાહલચંદ ઓનરરી ઓડીટર શ્રી જૈન શ્વે. કૉન્ફરન્સ.

૧ **ઉત્તર ગુજરાતના કડી મહાલના ડાંગરવા ગામ** મધ્યે શ્રી ધર્મનાથજી મહારાજના દેરાસરજીના વહીવટને લગતો રીપોર્ટ—સદરહુ સંસ્થાના શ્રી સંઘ તરફથી વહીવટકર્ત્તા શેઠ હેમચંદ દલીચંદ તથા શેઠ ફુલચંદ લાલચંદ, તથા શેઠ બાદરચંદ કંકુચંદ, તથા શેઠ ડાહ્યાચંદ અમુલખના હસ્તકનો સંવત ૧૯૪૬ થી સંવત ૧૯૭૨ ના જેઠ સુ. ૭ સુધીનો વહીવટ અમોએ તપાસ્યો. તેની હકીકત નીચે મૂજબ:—

દેરાસરજી તથા મહાજન ખાતાના ચોપડા ભેગા રાખી વહીવટ ચલાવવામાં આવતો હતો તેથી જૈનો દેવદ્રવ્યના લેપમાં પડતા હતા. માટે દેરાસરજીનો વહીવટ જૂદો ચલાવવા ગોઠવણ કરી આપી છે.

મહાજન ખાતામાં તથા કૂતરા બીલાડા ઉંદર વગેરે તમામ ખાતામાં પૂરતી આવક નહી હોવાથી ખૂટતાં નાણાં દેરાસરમાંથી વાપરવામાં આવ્યાં છે એટલુંજ નહીં પણ તે ગામમાં પાખીઓ

૪ જમવાના રૂપીઆ ગામ મધેના જૈનીઓને વ્યાજે આપવામાં આવ્યા છે તે વ્યાજ પૂરેપુરૂં વસુલ નહીં આવવાથી દેરાસરજીના વહીવટમાંથી જેની પાસે લેણું રહ્યું હોય તેના ખાતે ઉધારી પાખીઓ જમે છે તે ઉપર ત્યાંના શ્રી સંઘનું ધ્યાન ખેંચી હવેથી તેવી રીતે નહીં કરવા સૂચવવામાં આવ્યું છે.

૨ **ઉત્તર ગુજરાતના ખેરાળુ મહાલના બલાદ ગામ મધ્યે શ્રી ચંદ્રપ્રભુજી મહારાજના દેરાસરના** વહીવટને લગતો રીપોર્ટ—સદરહુ સંસ્થાના શ્રી સંઘ તરફથી વહીવટકર્ત્તા શેઠ મુળચંદ પરશોતમદાસના હસ્તકનો સંવત ૧૯૭૧ ના આસો સુ. ૧ થી સં. ૧૯૭૨ ના જેઠ વ. ૮ સુધીનો વહીવટ અમોએ તપાસ્યો. તે જોતાં વહીવટ ચલાવવાનું ધોરણ સારૂં અને સરલ હોવાથી તેનું નામુ રીતસર રહી વહીવટ જૈન શૈલીને અનુસરી સારી રીતે ચાલે છે. એટલુંજ નહીં પણ ચલાવા વગેરેનાં નાણાં વસુલ આવી જાય છે તે માટે વહીવટકર્ત્તા ગૃહસ્થને ધન્યવાદ ઘટે છે.

પુરાતમાં રહેતાં નાણાં સાચવવા માટે જૈનોમાં ૪ મહિનાના વારા કરવામાં આવ્યા છે તેનો બરાબર અમલ થતો હોવાથી તેમાં કોઇ રીતે ગેરવ્યવસ્થા નહીં થતાં નાણાં સારી રીતે સચવાય છે એટલુંજ નહીં પણ તેના સમયમાં આવતા જૈનો દેવદ્રવ્યના લેપમાં ફસતા નથી. સદરહુ સંસ્થાનું જૈનમંદિર ઘણું જુનું થઇ ગએલું હોવાથી અકસ્માત તૂટી પડી કેટલીક આશાતના થવાનો ભય રહે છે. તેથી નાકીદે તેનો જીર્ણોદ્ધાર કરાવવાની જરૂર હોવાથી તે માટે વહીવટકર્ત્તા ગૃહસ્થને સૂચના કરવામાં આવી છે.

અમારા તરફથી સદરહુ સંસ્થાનો વહીવટ તપાસવાની માગણી કરતાં તેના વહીવટ કર્ત્તા ગૃહસ્થે તરત દેખાડી આપ્યો તે માટે તેમનો આભાર માનીએ છીએ.

૩ **ઉત્તર ગુજરાતના ખેરાળુ મહાલના ગામ આબુસોલ મધ્યે શ્રી ઋષભદેવજી** મહારાજના દેરાસરના વહીવટને લગતો રીપોર્ટ:—સદરહુ સંસ્થાના શ્રી સંઘ તરફથી વહીવટકર્ત્તા દોશી લાલચંદ લીલાચંદ તથા સોની રવચંદ લખમીચંદ તથા શા. ભીખાભાઈ બેચરના હસ્તકનો સંવત ૧૯૭૨ ના જેઠ વ. ૧૦ સુધીનો વહીવટ અમોએ તપાસ્યો. તે જોતાં નામું બહુજ ગુંચવણ ભરેલી રીતે રાખવામાં આવ્યું છે. તેથી લેણાંના ખાતાનો હિસાબ કરતાં બહુજ મુશ્કેલી પડતી હતી. પરંતુ તે ગામ મધ્યેના જૈનો સરલ સ્વભાવના હોવાથી પોતપોતાના હિસાબો કરી આપી હવે પછી તેઓએ નામું લખવાની જે પ્રમાણે ગોઠવણ કરી આપી છે તે પ્રમાણે નામું લખી વહીવટ રીતસર ચલાવવાનું તેઓએ પોતપોતામાં ચોકસ કરેલું છે.

નોટ—સદરહુ ત્રણે સંસ્થાઓના વહીવટ તપાસતાં તેમાં જે જે ખામીઓ દેખાણી તેને લગતું સૂચનાપત્ર દરેક વહીવટકર્ત્તા ગૃહસ્થને આપવામાં આવ્યું છે.

૨ શેઠ ફકીરચંદ પ્રેમચંદ સ્કોલરશીપો (ઇનામો.)

મહુમ શેઠ ફકીરચંદ પ્રેમચંદ તરફથી સને ૧૯૦૨ ની સાલમાં મેટ્રીકમાં પસાર થએલ જૈન શ્વેતાંબર મૂર્તિપુજક વિદ્યાર્થીઓ પૈકી એક **વાંઇડીના રહોશ મી. સૌભાગ્યચંદ ખીમચંદ કોઠારીને** સંસ્કૃત વિષયમાં સૌથી વધારે માર્ક મેળવ્યા હોવાથી રૂા. ૪૦) ની સ્કૉલરશીપ આપવામાં આવેલ છે, અને બીજી સ્કૉલરશીપ રૂા. ૪૦) ની સુરતના વતની માટેની હોવાથી **મી. ત્રીભોવનદાસ છોટાલાલ કાપડીઆને** ઉંચા નંબરે પાસ થવાથી આપવામાં આવેલ છે તે સર્વ જૈન બંધુઓને જાહેર કરવામાં આવે છે!

શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ હેરૅલ્ડ.

Jaina Shvetambara Conference Herald.

પુ. ૧૨ અંક ૮-૯. વીરાત્ ૨૪૪૨. શ્રાવણ-ભાદરવો, સં. ૧૯૭૨. ઑગષ્ટ-સપ્ટેમ્બર, ૧૯૧૬.

સુબોધક કુદરત.

જુઓ જનો ! કુદરત કેવા શિખ આપનારી ! ! !
અનુસરો લક્ષ્ય તેનું ઉરમાં ઉતારી..... જુઓ.
વણ માગ્યું જળ મેઘલા, વણ માગ્યું રવિ તેજ,
વણ માગ્યો વા-વાયરો, ફળ પણ તરૂવર સહેજ
આપે ખુશીથીજ સ્વયં રહી પરોપકારી..... જુઓ.
ચંદન ને વળી શેલડી બનતે વેઠી દુઃખ
વાસ મધુર રસ આપીને પરને દેતાં સુખ;
આત્મ ભોગ કાજ જેમ નિજ દેહ ધારી..... જુઓ.
માંગી કીડી કરોળીઆ અલ્પ જીવ છે તોય
રહે કદિ નહીં આળસુ, ચાચે કદી ન કોય;
સ્વાશ્રયી ઉદ્યોગ કરે; ધરે ના ખુમારી..... જુઓ.
ન્હાની જળની વાવડી, ભરિયાં પૂર્ણ તળાવ
સરખું પાણી આપતાં-પીએ રંક કે રાવ;
પક્ષપાત નહિ લગાર કોઈનો સ્વીકારી..... જુઓ.
પડધા-પડછાયા-સમી, કર્મ—વિપાક-પ્રવીણ
વાવે તેવું આપતી પૃથિવિ આ નિશદિન.
ન્યાય તિલભાર નહિ ભાણુ પણ વિસારી..... જુઓ.
શોભે સુંદર કુમુદિની; યશથી ઉજ્જવળ એહ;
સતી ચંદ્ર વિણ અન્યને અર્પે નહિ નિજ સ્નેહ;
શ્રદ્ધા—પ્રમાણિકપણે પીયુ સેવનારી..... જુઓ.
અગ્નિ તજે ન ઉષ્ણતા વારિ તજે ન શૈત્ય;
મુકે ન મર્યાદા નિધિ અડગ રહે ગિરિ નિત્ય;
ધર્મ-ટેક પ્યારાં ગણી રહે નિર્વિકારી..... જુઓ.

શશી સૂર્યને તારલા, પંખી, વન–ફળ ફૂલ,
દેશકાળ પ્રમાણીને વર્તે છે વિણ ભૂલ;
નિયમે પળે સદાય ધૈર્યથી, ન હારી..... જુઓ.
ધાન્ય–ફળો–પય સર્જિયાં ખાનપાન અનુકુળ;
કુદરતની પોથી ભલી આપે જ્ઞાન અમૂલ;
સાદું નિર્દોષ જીવન પરમ પ્રેરનારી..... જુઓ.
કમલ–દલ જલમાં વસી રહે જલથી નિઃસંગ
રાત્રિ દિવસ સહવાસ પણ જરી ન લાગે રંગ;
સૂચવી નિર્લેપતાથી ભવનિધિની બારી..... જુઓ.
વિશ્વગૃહે ઇશ એકને કેવળ રહ્યાં અધીન
શાન્તિથી સહુએ દિસે નિજ લક્ષ્યમાં લીન;
રહ્યું છે એકાત્મ્ય કેવું વ્યાપી સુવિચારી !..... જુઓ.

—નંદન.

આત્મઘાત-એક બહેન પ્રત્યે પત્ર.

સ્નેહ શાલિની બહેન.

૧૭-૧-૧૪

તમારા પ્રશ્નો અલ્પા-તેનો ઉત્તર યત્કિંચિત્ આપ્યા હતો છતાં તમે સવિસ્તાર ઉત્તર માગો છો તેથી તે પ્રમાણે લખી જણાવવા ! આ તક લઉં છું:—

સ્વામી રામતીર્થભાગ ૫ મા માંથી સત્યનો માર્ગ અથવા સત્યનો પ્રદેશ એ લેખ તમોને વિશેષ સારી રીતે જવાબ આપી શકું તે માટે (અંગ્રેજી અને ગુજરાતી એમ બંને ભાષામાં હું વાંચી ગયો છું) મૂળ અંગ્રેજીને ઉક્ત ભાષાંતરના ૭ મા પૃષ્ઠ માં ૯ મી પંક્તિ-થી જે જણાવેલ છે તે મૂલ સાથે સરખાવી સુધારા વધારા સાથે અહીં મૂકું છું:—

'ઘણા ઘણા મનુષ્યો રામ પાસે આવીને વારંવાર એજ કહે છે કે હમને સાક્ષાત્કાર કરાવો, હમારે સાક્ષાત્કાર કરવો છે. હા ! આ ક્ષણિક સાક્ષાત્કાર થાય, પણ તમારી મોહજાળ (અંગ્રેજીમાં શબ્દ attachment છે કે જેનું ભાષાંતર આસક્તિ વધારે ઠીક થઇ પડશે) તેમજ સર્વ પ્રકારની અથવા સર્વ આ શબ્દો ભાષાંતરમાં રહી ગયા છે.) ઇર્ષ્યા અને સર્વ પ્રકારનું સર્વ માત્સર્ય (તિરસ્કાર એ શબ્દ અંગ્રેજી jealousy શબ્દનું યથાર્થ ભાષાંતર નથી. તેના અર્થ અદેખાઇ, શંકાશીલતા, વહેમીપણું વગેરે છે.) ને અંધેરી નાંખો. ઇર્ષ્યા એ શું છે ? માત્સર્ય એ શું છે ? તે અધોમુખી આસક્તિઓ છે. જ્યારે આપણે કોઇને ધિક્કારીએ છીએ ત્યારે એનું કારણ એ છે કે આપણે તે સિવાય અન્યમાં આસક્ત છીએ; અહીં તમે પૂછશો કે કેવી રીતે અમે અમારા પુત્રોનો, ભાઇઓનો,

પતિઓનો ત્યાગ કરી શકીએ? એનો તમારે પોતાને જોવાનું છે કે તે કેમ અને કેવા પ્રકારે થઇ શકે, બાકી સત્ય તો એ છે કે સત્ય અથવા ઇશ્વર તમારો પિતા માતા, પતિ ગુરૂ, પિતામહ, દરબાર સર્વસ્વ બનો. **દરેક પદાર્થપરની તમારી આસક્તિ કાઢી નાખો.** અને માત્ર એકજ વસ્તુ પર તમારી એકાગ્ર દૃષ્ટિ રાખો અને તે એકજ વસ્તુ, એકજ સત્ય તે તમારી દીવ્યતા છે. એમ થયે તેજ ક્ષણે તમોને સાક્ષાત્કાર થશે."

આમાં વાત એજ કહી છે કે દરેક **પદાર્થપરથી આસક્તિ કાઢી નાંખો.** અને એજ પ્રકારનું કાવ્ય છે તે જણાવું છું:—

સોરઠી ગઝલ (ડૂબ્યો આજ તાપ વિલાપમાં, બંધુ મારો વિક્રમાદિત્યરે. એ રાગ.)

દુઃખે ચિંતવે મન **આદિનાથ**, સુખે કોઇના કદિ સાંભરે.
સહોદર સગાં શું રાચતો, સ્ત્રીસંગમાં બહુ મ્હાલતો;
સ્થિર ના થયો શિવ પ્રીતિમાં, કાર્ય કયાં થકી ત્હારૂં સરે?—દુઃખે ચિંતવે.
સુખ જ્યાં મને માની લીધું, તે સ્થાનનું સ્મરણ કીધું;
તે સુખ ગયું ને દુઃખ રહ્યું, તે સુખાર્થે યાદ પ્રભુ કરે.
દુઃખે ચિંતવે મન આદિનાથ, સુખે કોઇના કદિ સાંભરે.

એ દુઃખ છે એ સુખ છે, એમ સત્ય નાહીં કદી ખરે—દુઃખે ચિંતવે.
આત્મા જડે વિલસી રહ્યો, આત્મા સ્વજ્ઞાન ભૂલી ગયો;
આસક્તિથી પરિબદ્ધ થઇ, નવાં રૂપ લઇ તું અવતરે—દુઃખે ચિંતવે.
આસક્તિથી તું મુકત થા, અનાસક્તિમાં તું પ્રવૃત્ત થા;
આત્મભાવ સર્વ જીવો મહીં પરમાત્મ બની તું વિચરે—દુઃખે ચિંતવે.
એ દુઃખ છે એ સુખ છે.....

(ફેબ્રુઆરી ૧૯૬૦ આનંદ માસિક પુ. ૯ અંક ૩–૪ ૧૯૩૮ કારતક–માગશર.)

હવે આ કાવ્યના છેલ્લા ભાગનું કરેલું વિવેચન અત્ર ટાંકું છું.

જ્યાં સુધી સંસારના વ્યવહારના વિષય લાલસાની તૃપ્તિ અર્થે રસ લેવાય છે, ત્યાં સુધી આસક્તિ રહે છે. જેટલો વધારે રસ તેટલાં વધારે ચીકટ કર્મ, અને કર્મનું જેટલું ચીકટપણું, તેટલો વધારે પુરૂષાર્થ તેનાં ક્ષય અર્થે કરવાનો છે. પુરૂષાર્થ એટલે વીર્ય, શક્તિ. આ શક્તિ આત્મામાં અખૂટ અને અનંત ભરેલી છે, ફક્ત તે કર્મનાં દળથી–સમૂહથી આવરાયેલી છે, તેથી તે સ્પષ્ટ રીતે પ્રગટ થઇ શકતી નથી.

આસક્તિ શાથી થાય છે? મુખ્ય કારણ તો એ છે કે અમુક આસક્તિનું પાત્ર વળગવાની વસ્તુ હોય છે તે છે. સંસાર અગાધ દુઃખ, કલેશ, કલહ, કાવતરાં, કાળાંધોળાંથી ભરપૂર છે, તેમાં કાંઇ પણ આધાર એટલે એવી કોઇ વળગવાની વસ્તુ કે જેને માટે મનુષ્ય નિરંતર પ્રવૃત્તિમાન થાય, તે ન હોય, કોઇ પ્રેમસ્થાન ઉપર મનુષ્યનો જીવ ન બંધાયો હોય તો કયા વિચારવાન સ્ત્રી કે પુરૂષ એક ક્ષણવાર પણ એ દુઃખ વહોરે? જ્યારે જ્યારે આવો આધાર હોય તે તૂટે છે ત્યારે ત્યારે આવો ઉગ્ર વિરાગ થઇ આવે છે–ઉગ્ર એટલા માટે કે પછી સંસારાસક્તિ થતી જ નથી, બાકી સ્મશાન વિરાગ જેવા મંદવિરાગ તો લાખો પામરને થાય છે. થશે ને થયા હશે પણ તે કાંઇ કામના નહિ.

આવા ઉગ્ર વિરાગના પ્રસિદ્ધ દાખલામાં ઉજ્જયિનીના વિક્રમના ભાઇ તરીકે મનાતા ભર્તૃહરીનું ઉદાહરણ છે. પોતાની રાણી-પોતાનું સર્વસ્વ એવી પોતાની પ્રિયતમા-તેની બેવફાઇ એક ફળના સંક્રમણ દ્વારા જાણતાં રાજા વિરાગ પામી રાજ્યગાદી તજી ચાલતા થાય છે! એજ ધા, એજ સપાટો! એ વિના કોણ સંસાર તજે છે?

શ્રીમન્ મહાવીર પ્રભુ પ્રત્યે શ્રી ગૌતમ ગણધરનો પ્રેમ સુપ્રસિદ્ધ છે. આ પ્રેમની પ્રતીતિ ભગવાન્શ્રીને હોવાથી પોતાનો નિર્વાણ સમય નજીક આવવાનું જાણતાં શ્રી ગૌતમને અમુકને ત્યાં જઇ પ્રતિબોધ પમાડવા મોકલ્યા, અને તેનાથી દૂર કર્યા. પ્રભુનું નિર્વાણ થયું, ત્યારે દેવદુંદુભિ વાગ્યાં અને શ્રી ગૌતમને ઉપયોગ કરતાં જણાયું કે પ્રભુ નિર્વાણ પામ્યા. આ વખતે પ્રભુ પ્રત્યેના પ્રેમને લઇને પોતે ખેદ કરવા લાગ્યા અને પોતાના નિર્વાણની ખબર હતી છતાં સર્વજ્ઞ પ્રભુએ મને કેમ દૂર કર્યો? આમ વિચારતાં વિચારતાં હું એક છું, વિજ્ઞાનઘન સ્વભાવ ચેતન છું, એમ પ્રતીત થઇ પ્રભુ પ્રત્યેનો રાગ તૂટ્યો અને તેને લઇને તુરત જ પછી કેવલજ્ઞાન થયું.

આવાં ઉદાહરણ શોધવા બેસીએ તો આ દેશ અને પરદેશમાં અગણિત મળી આવે તેમ છે, પણ તે પરથી સિદ્ધ એજ થાય છે કે હૃદયને કોઇ ઉગ્ર ધક્કો લાગ્યા વિના આસક્તિનો ગ્રંથી તૂટતો નથી, ને તે તૂટ્યા વિનાના ઉપરછલા વિરાગ પામ્યા છે, તે બધા ધર્મઢોંગ છે. ખરી બુદ્ધિ એ ધક્કામાં રહેલી છે; તે વિના શ્રદ્ધાથી પણ વિરાગ સધાય તેમ નથી. આ ઉદાહરણો ઉપર આપ્યાં તેમાં ભર્તૃહરિનો ધક્કો સાંસારિક છે, પણ શ્રી ગૌતમ ગણધરનો ધક્કો મનોભાવજન્ય છે. અહીં સમજવાનું એ છે કે કેવળ સંસારના કલેશનો અનુભવ એજ વિરાગનું મૂળ નથી. અતિશય મનન કરવાથી વૃત્તિ અથવા મનની ધારાએ અખંડ ચઢવું, અને તેને લીધે સંસારની નિઃસારતા સમજવાની સૂક્ષ્મ બુદ્ધિ તથા તેથી દરેક વસ્તુમાંથી કાંઇ લાગી આવવા જેવી મનનશીલતા એ વિરાગનું ખરૂં સબળ મૂળ છે. આ સબળ મૂળનાં અનેક ઉદાહરણો જ્યાં ત્યાં જૈન ધર્મકથાનુયોગમાંથી મળી શકશે.

આસક્તિથી તું મુક્ત થા, અનાસક્તિમાં તું પ્રવૃત્ત થા.

હૃદયમાં ધક્કો લાગવાની, તથા મનોવૃત્તિને મનનથી તીવ્ર કરવાની વાત કહી તેનું પણ રહસ્ય તપાસતાં આસક્તિનું સ્થલ તૂટી જવું એજ મુખ્ય ગણાશે. તો હવે વિરાગનું મૂળ આપણે હાથ લાગ્યું કે કોઇ સ્થળે આસક્તિ કરવી નહિ. જે ક્ષણે જે મળે તે ઉપર નિર્વાહ રાખી કશામાં આસક્ત ન થઇ જવું. આસક્તિ વિનાના માણસથી કોઇ દિવસ પાપ થતું નથી. તેને કોઇને તૃપ્ત કરવાનું નથી કે તે ગમે તેમ કરી ઉપાર્જન કરે, તેને માનપાનની ભૂખ નથી કે તે આડે અવળે દાવપેચ રમે, લોકને ભમાવે અને વાહવાહ કહેવરાવે.

વળી અહીં એ યાદ રાખવાનું છે કે આસક્તિ ન રાખવાથી નિષ્પાપ તો થવાય, પણ આસક્તિ ન હોય ત્યારે ઉત્સાહ પણ ન હોય ને તેમાં કશું લાભકારી કર્મ પણ ન બને એવો જન્મ વ્યર્થ થઇ પડે.

આ શંકા રૂપે જણાવેલી સમજ ખોટી છે. તે ઉપર કહ્યું છે કે અનાસક્તિથી

'આત્મભાવ સર્વ જીવો મહીં, પરમાત્મ બની તું વિચરે.'

જેને કશા ઉપર આસક્તિ નથી તેને સર્વ ઉપર છે એજ એ વિરાગની ખૂબી છે. એનું જ નામ રાજયોગ=સમતા. જ્યારે આસક્તિ તૂટી, અર્થાત્ એક વ્યક્તિ કે વસ્તુ ઉપર લાગેલી આસક્તિ તૂટી ત્યારે તે તોડાવનાર સંસાર-પુદ્ગલ જાળ- એટલે મોહ કલેશાદિ જાળની- નિઃસારતા ઠરી, તે નિઃસારતાના આધારરૂપ સાર કાંઇ ઠરવું જોઇએ. તે નિર્લેપ, અબાધિત, આનંદમય, સર્વસમાન આત્મભાવ. આ આત્મભાવ ઉપર આસક્તિ બંધાઇ. હવે સમજાશે કે આસક્તિ તૂટતાંજ આસક્તિ થઇ, એટલે નિરૂત્સાહ થવાનો પ્રસંગ ન આવ્યો. જડ પ્રત્યે આસક્તિ ગઇ, એટલે અનાસક્તિ થઇ; પણ આત્મ પ્રત્યે આસક્તિ રહી. માત્ર કાવતરાં, કપટ, દુર્બુદ્ધિ એ બધાંથી છૂટીને કેવળ પરમાર્થમાં પ્રવૃત્તિ કરી નિરંતર આનંદમાં જીવિત ગાળવાનો સંતોષ પ્રાપ્ત થયો. આ સમાન વધારે સુખ જેને મળતું હોય તે ભલે બીજી રીતના કોઇ વિરાગમાં સુખ શોધે. આવી જેને અન્ય શાસ્ત્ર જીવન મુક્તિ કહે છે, આપણાં જૈન શાસ્ત્રો જેને **સ્વરૂપ પ્રાપ્તિ** કહે છે તે આજ છે.

સ્વરૂપ પ્રાપ્તિ થયે આત્મા પોતાનું શુદ્ધત્વ પ્રાપ્ત કરે છે, કૈવલ્ય મુક્તિ પામે છે; પરમાત્મા બને છે. આ કાવ્યમાં બહિરાત્મા, અંતરાત્મા, અને પરમાત્મા એ ત્રણેની ઝાંખી સૂક્ષ્મ રીતે મનન કરનાર વાચકને જણાઇ આવે તેમ છે, તો જેમ બને તેમ આસક્તિ શું છે તેનો અંતર્લક્ષ કરી તેનાં કારણો, તેની વસ્તુઓ, બારીક રીતે નિહાળીને દૂર કરવાના ઉપાયો યોજી તે પ્રત્યે અનાસક્તિ રાખી પાછી આત્મા પ્રત્યે આસક્તિ રાખી આત્મ રમણમાં તલ્લીન રહી ઉત્તરોતર કૈવલ્ય-ધામ-નિર્વાણ સ્થાન-સિદ્ધપદ પમાય છે, તે દરેક ભવ્ય પામો **ઇતિશાંતિઃ**

૨૰

આસક્તિ એજ મોક્ષ પ્રાપ્તિનાં-સાક્ષાત્કારમાં અંતરાય રૂપ છે. એ ગઇ તો મોહનીય કર્મ ગયું અને પછી રસ્તો સહલ છે. એ કર્મ ગયું નથી ત્યાં સુધી સમ્યકત્વ-આત્મજ્ઞાન પ્રાપ્ત થયું-થતું નથી. આસક્તિ એ પરિણામ છે-મનોજન્ય ભાવ છે અને તે જ્યાં સુધી છે ત્યાં સુધી આત્મજ્ઞાન નથી અને આત્મજ્ઞાન વગર ત્યાગ ને વિરાગ ખપના નથી, અને સાથે તે ત્યાગ વિરાગથી આત્મજ્ઞાન થઇ શકે તેમ પણ છે. શ્રીમદ્ રાજચંદ્રે કહ્યું છે કેઃ—

વૈરાગ્યાદિ સફળ તો, જો સહ આતમજ્ઞાન,
તેમજ આતમજ્ઞાનની, પ્રાપ્તિ તણાં નિદાન.

અર્થઃ—વૈરાગ્ય ત્યાગાદિ જો સાથે આત્મજ્ઞાન હોય તો સફળ છે. અર્થાત્ મોક્ષની પ્રાપ્તિના હેતુ છે, અને ત્યાં આત્મજ્ઞાન ન હોય ત્યાં પણ જો તે આત્મજ્ઞાનને અર્થે કરવામાં આવતાં હોય તો તે આત્મજ્ઞાનની પ્રાપ્તિના હેતુ છે.

સમર્થનઃ—વૈરાગ્ય, ત્યાગ, દયાદિ અંતરંગ વૃત્તિવાળી ક્રિયા છે, તે જો સાથે આત્મજ્ઞાન હોય તો સફળ છે; અર્થાત ભવનું મૂળ છેદે છે; અથવા વૈરાગ્ય, ત્યાગ, દયાદિ આત્મજ્ઞાનની પ્રાપ્તિનાં કારણો છે, એટલે જીવમાં પ્રથમ એ ગુણો આવ્યેથી સદ્ગુરૂનો ઉપદેશ તેમાં પરિણામ પામે છે. ઉજ્જવળ અંતઃકરણ વિના સદ્ગુરૂનો ઉપદેશ પરિણમતો નથી; તથા વૈરાગ્યાદિ આત્મજ્ઞાનની પ્રાપ્તિનાં સાધનો છે એમ કહ્યું, અત્રે જે જીવો ક્રિયાજડ છે તેને એવો ઉપદેશ કર્યો કે કાયાજ માત્ર રોકવી તે કાંઇ આત્મજ્ઞાનની પ્રાપ્તિના હેતુ નથી. વૈરાગ્યાદિ ગુણો આત્મજ્ઞાનની પ્રાપ્તિના હેતુ છે; માટે તમે તે ક્રિયાને અવગાહો;

અને તે ક્રિયામાં પણ અટકીને રહેવું ઘટતું નથી. કેમકે આત્મજ્ઞાન વિના તે પણ ભવનું મૂળ છેદી શકતાં નથી; માટે આત્મજ્ઞાનની પ્રાપ્તિને અર્થે તે વૈરાગ્યાદિ ગુણોમાં વર્તો અને કાય કલેશરૂપ પણ કષાયાદિનું જેમાં તથારૂપ કંઈ ક્ષીણપણું થતું નથી તેમાં તમે મોક્ષ-માર્ગનો દુરાગ્રહ રાખો નહિ; એમ ક્રિયાજડને કહ્યું; અને જે શુષ્ક જ્ઞાનીઓ ત્યાગ વૈરાગ્યાદિ સહિત છે, માત્ર વાચાજ્ઞાની છે તેને એમ કહ્યું કે—વૈરાગ્યાદિ સાધન છે તે આત્મજ્ઞાનની પ્રાપ્તિનાં કારણો છે; કારણ વિના કાર્યની ઉત્પત્તિ થતી નથી; તમે વૈરાગ્યાદિ પણ પામ્યા નથી, તો આત્મજ્ઞાન ક્યાંથી પામ્યા છો તે કંઈક આત્મામાં વિચારો; **સંસાર-પ્રત્યે બહુ ઉદાસીનતા, દેહની મૂર્છાનું અલ્પત્વ, ભોગમાં અનાસકિત** તથા **માનાદિનું પાતળાપણું** એ આદિ ગુણો વિના તે આત્મજ્ઞાન પરિણામ પામતું નથી. અને આત્મજ્ઞાન પામે તો તે ગુણો અત્યંત દૃઢ થાય કેમકે આત્મજ્ઞાન રૂપ મૂળ તેને પ્રાપ્ત થયું: તેને બદલે તમે આત્મજ્ઞાન અમને છે એમ માનો છો અને આત્મામાં તો ભોગાદિ કામનાની અગ્નિ બળ્યાં કરે છે; પૂજા સત્કારાદિની વાસના વારંવાર સ્ફુરાયમાન થાય છે; **સહજ આસાતાએ** બહુ આકુળ-વ્યાકુળતા થઈ જાય છે, તે કેમ લક્ષમાં આવતાં નથી કે **આ આત્મજ્ઞાનનાં લક્ષણો નહિ ? 'માત્ર માનાદિ કામનાએ આત્મજ્ઞાની કહેવરાવું છઉં'** એવો જે સમજવામાં આવતું નથી તે સમજો; અને વૈરાગ્યાદિ સાધનો પ્રથમ તો આત્મામાં ઉત્પન્ન કરો, કે જેથી આત્મજ્ઞાનની સન્મુખતા થાય. વળી

ત્યાગ, વિરાગ ન ચિત્તમાં, થાય ન તેને જ્ઞાન;
અટકે ત્યાગ વિરાગમાં, તો ભૂલે નિજ ભાન. ૭

અર્થ:—જેના ચિત્તમાં ત્યાગ અને વૈરાગ્યાદિ સાધનો ઉત્પન્ન થયાં ન હોય તેને જ્ઞાન ન થાય, અને જે ત્યાગ વિરાગમાંજ અટકી રહી, આત્મજ્ઞાનની આકાંક્ષા ન રાખે, તે પોતાનું ભાન ભૂલે; અર્થાત અજ્ઞાનપૂર્વક રાગ વૈરાગ્યાદિ હોવાથી તે પૂજા સત્કારાદિથી પરાભવ પામે, અને આત્માર્થ ચૂકી જાય.

સમર્થન—જેના અંતઃકરણમાં ત્યાગ વૈરાગ્યાદિ ગુણો ઉત્પન્ન થયા નથી, એવા જીવને આત્મજ્ઞાન ન થાય, કેમકે મલીન અંતઃકરણરૂપ દર્પણમાં આત્મોપદેશનું પ્રતિબિંબ પડવું ઘટતું નથી. તેમ જ માત્ર ત્યાગ વિરાગમાં રાચીને કૃતાર્થતા માને તે પણ પોતાના આત્માનું ભાન ભૂલે; આત્મજ્ઞાન નહીં હોવાથી અજ્ઞાનનું સહચારીપણું છે; જેથી તે ત્યાગ વૈરાગ્યાદિનું માન ઉત્પન્ન કરવા અર્થે અને માનાર્થે સર્વ સંશયાદિ પ્રવૃત્તિ થઈ જાય તેથી સંસારનો ઉચ્છેદ ન થાય; માત્ર ત્યાંજ અટકવું થાય; અર્થાત્ તે આત્મજ્ઞાનને પામે નહીં એમ ક્રિયાજડને સાધન-ક્રિયા-અને તે સાધનનું જેથી સફલપણું થાય છે એવા આત્મ-જ્ઞાનનો ઉપદેશ કર્યો, અને શુષ્કજ્ઞાનીને ત્યાગ વિરાગાદિ સાધનનો ઉપદેશ કરી વાચાજ્ઞાનમાં કલ્યાણ નથી એમ પ્રેર્યું.

૩.

કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ,
ભવે ખેદ, પ્રાણી દયા, ત્યાં આત્માર્થ નિવાસ. ૩૮

—જ્યાં કષાય પાતળા પડયા છે, એક મોક્ષપદ સિવાય બીજા કોઇ પદની અભિલાષા નથી, સંસારપર જેને વૈરાગ્ય વર્તે છે, અને પ્રાણી માત્રપર જેને દયા છે, એવા જીવને

વિષે આત્માર્થનો નિવાસ છે.—આત્મજ્ઞાન છે.

દશા ન એવી જ્યાં સુધી, જીવ લહે નહીં જોગ,
મોક્ષ માર્ગ પામે નહિ, મટે ન અંતરંગ. ૩૯

અંતરરોગ એટલે આત્મ ભ્રાંતિરૂપ અનંત દુઃખનો હેતુ એવો રોગ.

આ આત્મસિદ્ધિ શાસ્ત્રમાંથી લીધેલ છે.

મિથ્યાત્વ જન્ય કષાય ભાવની આકુળતાને લીધે આ જીવને વર્તમાન સમયે નિમિત્તભૂત પદાર્થોમાં સુખદુઃખદાતૃત્વનું ભાન થયાં કરે છે. પોતાના મિથ્યાત્વ કષાય ભાવથી ઉત્પન્ન થયેલા દુઃખનો આરોપ, પોતાની ઇચ્છાનુસાર ન પ્રવર્તનારા પદાર્થમાં કરે છે. દુઃખ તો વસ્તુતઃ ક્રોધથી થાય છે-પરંતુ પોતાના ક્રોધ કષાયથી ઉત્પન્ન થયેલા દુઃખનો હેતુ—ક્રોધનો હેતુ ક્રોધના **નિમિત્તને** માની લે છે; દુઃખ તો લોભના કષાયથી થાય છે, પરંતુ તે કષાયજન્ય દુઃખનો આરોપ આપ્રાપ્ય વસ્તુમાં કરે છે,-વસ્તુતઃ તે અપ્રાપ્ય વસ્તુ તેને દુઃખ આપવા આવતી નથી છતાં ભ્રમિત મનુષ્ય તેને પોતાના દુઃખનો હેતુ માને છે. એવીજ રીતે અન્ય કષાયોથી ઉત્પન્ન થતાં દુઃખને નિમિત્તથી ઉત્પન્ન થયેલા માની **નિમિત્તપર** ક્રોધ કરે છે. **દુઃખનું સ્થાન પોતાના કષાય છે, તેના ઉપર પ્રતિ કષાય કરવાને બદલે** (એટલે ક્રોધ ઉપસ્થિત થતાં તે પ્રત્યે ક્રોધ સ્વભાવતા દર્શાવવાને બદલે, માન ઉપસ્થિત થતાં તે પ્રત્યે દીનપણાનું માન દર્શાવવાને બદલે, માયા ઉપસ્થિત થતાં પોતાના સ્વભાવ પ્રત્યે માયા દર્શાવવાને અને તે સિવાયના પ્રત્યે પ્રતિકષાય દર્શાવવાને બદલે) **મુર્ખ મનુષ્ય પોતાના ઉપર લાકડાનો પ્રહાર કરનારને નહિ કરડતાં જેનાથી** પ્રહાર **થયો છે, તેવી નિમિત્તભૂત-લાકડીને કરડવા દોડનાર શ્વાનના જેવી ચેષ્ટા પ્રતિપળ દર્શાવે છે, આવી ભ્રમવાળી સ્થિતિ શાસ્ત્રજન્ય વિવેકથી નિવારવી તેજ મુમુક્ષુ જીવનું પ્રથમ કર્તવ્ય છે**—અને તે ક્રમનો વિલય થતાં સમ્યકત્વ (આત્મજ્ઞાન)નો લાભ અવશ્ય થવા યોગ્ય છે અને ક્રમે તે પ્રાપ્ત કરવા યોગ્ય છે. તે **ક્રમ અંગિકાર ન કરતાં અન્ય કરોડો** ઉપાયોથી તે પ્રાપ્ત થતું દેખી આજે મનુષ્યોએ તેને દુર્લભની હોર મારી દીધી છે. સંક્ષિપ્તમાં **ભ્રાંતિનો વિલય એજ સમ્યકત્વ.**

૪.

ઉપર આપણે જોઇ ગયા કે સાક્ષાત્કાર થવામાં-સત્ય પ્રાપ્તિમાં અંતરાયભૂત આસક્તિ -કષાયભાવ-દેહમૂર્ચ્છા વગેરે અંતરંગ વૃત્તિઓ છે. બાકી અમુક વસ્તુઓ અપ્રાપ્ય હોય તેથી કષાયભાવ ઉત્પન્ન થાય તેમાં તે વસ્તુઓનો દોષ નથી; તે તો માત્ર નિમિત્ત છે. તે કષાયભાવ તે પરિણામ છે. પરિણામથીજ કર્મબંધ થાય છે. તે પરિણામને ઉત્પન્ન કરનાર માતપિતા આદિ સગાંઓ, ઇંદ્રિયો, વસ્તુઓ વિગેરે નિમિત્ત છે.

હવે આપણે **નિમિત્તબળ** શું છે તે જોઇએ.

નિમિત્તબળ—

મનુષ્યોનો મોટો ભાગ નિમિત્તબળથીજ સર્વદા ધકેલાતો દેખાય છે. જેવા જેવા પ્રકારનું નિમિત્ત પ્રાપ્ત થાય તેવા તેવા કાર્યમાં તેની સહજ પ્રવૃત્તિ થાય છે. હસવાનું, રડવાનું, ક્રોધ કરવાનું નિમિત્ત મળતાં હસવા, રડવા અને ભ્રકુટી ચડાવી શરીરના લોહીને વેગવાળું

કરવા માંડે છે. મોહનું નિમિત્ત મળતાં સારાસાર વિવેક બુદ્ધિને અંધાર પડદામાં ઢાંકી દે છે. આવીજ રીતે અનંત પ્રકારના **વિભાવના** અનંત નિમિત્તો આ જીવને સર્વ કાળ સંસારના સ્રોતમાં ઘસડતા ચાલે છે. એક સમય પણ જીવ નિમિત્તના બળથી અનભિભૂત રહેતો નથી

તેનું બળ કયાંથી ?

મહાત્માઓએ આ પર વિજય મેળવ્યો હોય છે. તેઓ માને છે કે નિમિત્ત **બાહ્ય સામગ્રી** છે અને બાહ્ય સામગ્રીનો સંબંધ એ અઘાતી કર્મવડે બની આવતો હોવાથી તે સામગ્રીમાં જીવ રક્તપણે રહે તો પોતાના સ્વભાવને ઘાત કરવાનું અર્થાત્ કષાયાદિ વિભાવમાં દોરવાનું અર્થાત્ ભાવકર્મ બાંધવાનું તેનામાં મુદ્દલ સામર્થ્ય છે જ નહિ. જ્ઞાની પુરૂષો જે સામર્થ્યવડે વિજય મેળવે છે તે સામર્થ્ય જીવનું પોતાનુંજ છે, બાકી તેઓ નિમિત્તની કશી સત્તા સ્વીકારતા નથી; કારણ કે નિમિત્ત કોઇ પણ કાર્યમાં કોઇને બળાત્કારથી પ્રેરતું નથી. સૂર્યના ઉદયનું નિમિત્ત મળતાં જેમ ચક્રવાક અને ચક્રવાકી સહજ સંયોગમાં યોજાય છે, અને રાત્રિના નિમિત્તથી જૂદા પડે છે અને તેમાં પ્રથમનું નિમિત્ત તેમને બળાત્કારે સંયોગરૂપ કાર્યમાં યોજતું નથી, અને બીજું નિમિત્ત તેમને બળાત્કારે વિયોગ કરાવતું નથી, પણ તેમ કરવામાં માત્ર **અનુકૂળતા** રચી આપે છે, જેમ રસ્તે જતાં હોટેલ આવે અને તેમાં જઇ ચા પીવાનું નિમિત્ત તે પૂરું પાડે છે, પણ તે કંઇ બળાત્કારે આપણને ચા પીવા ખેંચી જતી નથી તેવી જ રીતે સર્વ પ્રકારનાં કર્મ તત્પ્રાયોગ્ય કાર્ય કરવાની માત્રઅનુકૂળતા રચી આપે છે

નિમિત્તમાં આપણે જે સામર્થ્ય માનીએ છીએ તે આભાસ માત્ર છે. તે સામર્થ્ય આપણું પોતાનુંજ–છે. આપણે અજ્ઞાતભાવે નિમિત્ત પ્રાયોગ્ય કાર્યમાં જોડાઇને માનીએ છીએ કે 'નિમિત્તનું બળ આપણને ધકેલે છે. દોરડાથી આપણા શરીરને મજબૂત બંધન કરી બૂમો મારીએ છીએ કે આ દોરડાએ મને બાંધી રાખ્યો છે ! મનુષ્યજ પોતાના સામર્થ્યનો તે તે નિમિત્તમાં આરોપ કરી તેજ સામર્થ્યથી પોતે હણાય છે અને પોતાની સમશેર દુશ્મનોના હાથમાં આપી તેજ સમશેરવડે પોતાનો શિરચ્છેદ કરવા સૂચવનાર મૂર્ખ મનુષ્ય જેવું કર્ત્તવ્ય કરી મેલે છે.

કર્મજીવનો નિમિત્ત નૈમિત્તિક સંબંધ.

દ્રવ્યકર્મનો ઉદય થતાં તે તથારૂપ નિમિત્તનો યોગ જીવને કરી આપે છે, અને તેને નિમિત્તમાં પ્રવર્તવાની અનુકૂળતા પણ સહજ મેળવી આપે છે; ઉપર કહ્યું અઘાતી કર્મવડે નિમિત્ત-બાહ્ય સામગ્રીનો સંબંધ બની આવે છે. તે અઘાતી કર્મ ચાર છે. (૧) વેદનીય, (૨) નામ, (૩) ગોત્ર, (૪) આયુષ્ય. હવે જોઇએ (૧) શાતા વેદનીય કર્મનો ઉદય થતાં જેને આ જગતમાં સુખદ સામગ્રી કહેવામાં આવે છે તે સહજ આપણને પ્રાપ્ત થાય છે. અશાતા વેદનીય કર્મનો ઉદય થતાં દુઃખદ સામગ્રી યોગ અને સુખદ સામગ્રીનો વિયોગ થાય છે તેવીજ રીતે (૨–૩–૪) નામ, ગોત્ર અને આયુષ્યની સામગ્રી તે તે કર્મના **ઉદયાનુસાર** ઉત્કૃષ્ટ મધ્યમ કે કનિષ્ઠ પ્રકારની બની આવવા યોગ્ય છે, પણ તે છતાં સર્વને **અઘાતીકર્મ** આપ્ત પુરૂષોએ સંબોધ્યા છે તે પરથી સ્પષ્ટ કહ્યું છે કે જીવ તે તે ઉચ્ચ–નીચ, સુખદ–દુઃખદ, બાહ્ય નિમિત્તની સામગ્રીમાં ન રંગાય તો તેનામાં જીવના સ્વભાવનો ઘાત કરવાની મુદ્દલ શક્તિ નથી. તે તે કર્મનો ઉદય જે જે પ્રકારના **ભાવમાં** જીવને

ધસડી જવા માગે છે તે તે **ભાવમાં** જીવન જોડાય તો દ્રવ્ય કર્મની શક્તિ **સ્વતઃહણાઇ જાય** છે. અને જો તે બળથી જીવ ભાવકર્મમાં જોડાય તો તેથી દ્રવ્યકર્મના **ઉદયથી** ભાવકર્મ અને ભાવકર્મથી નવું દ્રવ્ય કર્મનું ઉપાર્જન; વળી તે દ્રવ્ય કર્મનો કાળક્રમે ઉદય અને તત્પ્રાયોગ્ય ભાવકર્મમાં જીવનું પરિણમન એમ **અનંત ઘટમાળ અનંત કાળથી** ચાલ્યાં કરે છે આમ થવાથી નિમિત્ત **બળવાળું** કહેવાય છે

-દ્રવ્યકર્મનો ઉદય થતાં તત્પ્રાયોગ્ય ભાવકર્મમાં ન જોડાવું એજ મહા પુરૂષોના સંસાર વિજયની રહસ્ય કુંચી છે કારણ કે નવાં કર્મનો આશ્રવ તેથી રોકાય છે અને જેટલે અંશે તે કુંચી તમને પ્રાપ્ત છે તેટલા અંશે તે સ્વપ્રદેશ ભણી તમે વળ્યા છો એમ માનજો.

૫.

હવે આપણે જોઇએ કે શ્રીરામતીર્થ શું કહે છે કે જેના પર તમે મદાર બાંધી પ્રશ્નો ઉપસ્થિત કર્યા છે. ઉપરનો પ્રસ્તાવ કરવાની ખાસ અગત્ય હતી કારણકે પ્રશ્નનો નિવેડો આપોઆપ તેથી થઇ જાય છે, તેથી હવે જેમાંથી પ્રશ્નો ઉદ્‌ભવ્યા છે તે લેઇએઃ-

(૧) "હિંદુસ્તાની ભાષામાં એક સુંદર ગીત છે પરંતુ તે અહીં ગાઇ સંભળાવવાની આવશ્યકતા નથી તેનો સારાંશ એ છે કે જો સત્ય માર્ગે વળતાં, સત્યનો સાક્ષાત્કાર કરતાં **પિતા** આડે આવે તો તેને નહિ ગણકારતાં તેની **આજ્ઞાનું ઉલ્લંઘન કરો.** જેમ **પ્રહલાદે** કર્યું હતું તેમ. વળી જો માતા સત્યના સાક્ષાત્કારમાં વચ્ચે આવે તો તેનો **ત્યાગ કરો. નવસંહિતા (ભાગવતનો** એક ભાગ) આમ કહે છે, પરંતુ હિંદુઓના ધર્મ પુસ્તકોમાં **માતાનો** ત્યાગ કરવા કહેલ નથી. પરંતુ માતપિતા પર સત્યને માટે પ્રેમ રાખો. સત્યને માર્ગે જતાં જ્યાંસુધી માતપિતા આડે ના આવે, ત્યાં સુધી તેમને માન આપો; તેમના પર પ્રેમ રાખો જો સત્ય તરફ જતાં ભાઇ આડે આવતો હોય તો જેમ વિભીષણે રાવણનો ત્યાગ કર્યો તેમ તમે પણ ભાઇનો ત્યાગ કરો, પત્ની વચ્ચે આવતી હોય તો યોગીરાજ **ભર્તૃહરિ** માફક સ્ત્રીને અળગી કરો, જો પતિ આડે આવે તો મીરાંબાઇ માફક પતિનો સંગ ત્યજો. જો ગુરૂ આડે આવે તો **ભીષ્મપિતામહે** કર્યું હતું તેમ તેનો ત્યાગ કરો કારણ કે તમારો અંતિમ સંબંધી, ઇષ્ટમિત્ર માત્ર સત્યજ છે. તે સિવાય કોઇ છેજ નહિ. બીજા સર્વ સંબંધીઓ, મિત્રો વગેરે ક્ષણિક છે નાશવંત છે, પરંતુ સત્ય હરદમ, હમારી પાસે છે, સત્ય તમે પોતે જ છો, માતપિતા, સ્ત્રી, સંતતિ, મિત્ર વગેરે સર્વ કરતાં સત્ય તમારૂં પાસેમાં પાસેનું સંબંધી છે. માટે **સર્વ કરતાં સત્યને વિશેષ માન આપો.** —પૃ. ૮

(૨)—"યોગી પોતાના ચક્ષુપર મોહિત થયેલી સ્ત્રીને કહે છે કે "માતા! ચક્ષુઓ હારે જોઇતાં હતાં તો હવે લે. એના પર પ્રેમ કર, તેનો ઉપયોગ કર, હારી નજરમાં આવે તે આ ચક્ષુઓને કર, પણ દયાની ખાતર, પ્રભુની ખાતર મને મારા માર્ગમાંથી ચલાયમાન કરીશ નહિ, સત્યના માર્ગમાંથી મને લથડાવીશ નહિ." આ ઉપરથી એ સમજવાનું છે કે જો ચક્ષુઓ સત્યમાર્ગે જતાં નડતર કરતી હોય તો તેનો ત્યાગ કરવો જોઇએ. સાક્ષાત્કાર કરવામાં જો ચક્ષુ નડતાં હોય તો તે ફોડી નાંખો, જો કર્ણથી મોહ પામતા હો તો તે કાપી નાંખો. સ્ત્રી, ધન, માલમિલકત જે કાંઇ નડતું હોય તેનો ત્યાગ કરો."

—પૃ. ૧૩ ૧૪

(૧) માં માતા, પિતા, ભાઇ, ગુરૂ, પત્નિ, પતિ સત્યનાં સાક્ષાત્કાર થવામાં આડે આવતાં હોય તો તજવાં એમ જણાવેલ છે તે વૈરાગ્ય—**ત્યાગ** સૂચવે છે, અને તે કોઇ પ્રબળ ધક્કો લાગે છે ત્યારેજ તે ત્યજાય છે. અને તે પણ સારાને માટે—પ્રભુ ભક્તિમાં લીનતા પામી પ્રભુમય બનવા માટે

મીરાંબાઇ પણ તેજ પ્રકારનું કથે છેઃ—

મેરે તો મન રામ નામ, દૂસરા ન કોઇ,—
માતા છોડે પિતા છોડે, છોડે સગે સોઇ,
સાધુ સંગ બૈઠ બૈઠ, લોકલાજ ખોઇ—મેરે
સંત દેખ દોડ આઇ, જગત દેખ રોઇ,
પ્રેમ આંસુ ડારડાર, અમરવેલ બોઇ—મેરે
મારગમે તારણ મિલે, સંત રામ દોઇ,
સંત સદા શીશ ઉપર, રામ હૃદય હોઇ—મેરે.
અંતમે સેં તંત કાઢયો, પીને રહી સોઇ
રાણે મેલ્યા વિષના પ્યાલા, પીને મસ્ત હોઇ—મેરે.
અબતો બાત ફૈલ ગઇ, જાને સબ કોઇ
બાઇ **મીરાં** રામ પ્રભુ, હોનીથી સો હોઇ—મેરે.

પ્રહલાદ, વિભીષણ આદિના સંબંધમાં જે ત્યાગ છે તે **સંસાર** ત્યાગ નથી પરંતુ સત્યની આડે આવનાર પોતાના શિરછત્ર પરંતુ દુષ્ટ સ્વજનનો ત્યાગ છે.

જ્યાંસુધી શિરછત્ર યા અતલગના સ્વજનને સમજાવી શકાય, સમજાવી સત્યના માર્ગમાં પ્રવેશ કરાવી શકાય, અને સત્યમાર્ગનો પ્રકાશ દેખાડી શકાય ત્યાંસુધી તેમનો ત્યાગ કરવો ઇષ્ટ નથી; એટલું જ નહિ, પરંતુ તેમ કરવું એટલે સત્ય પંથે વાળવાં એ હજારગણું સારૂં છે, અને તેમ છતાં ઘણા પ્રયાસ કરવા છતાં તેમ ન થયું તો તે તેમને રસ્તે, આપણે આપણા રસ્તે, એમ કરવું. એમ કરવામાં પણ ઘણી હાનિ હોય તો તેમનો ત્યાગ કરવો, પરંતુ અસત્ય માર્ગે ન જવું.

અસત્ય માર્ગમાં ન જવામાં-લાલચોમાં ન લપટાવાનું બે રીતે બની શકે છે (૧) એક તો અસત્-લાલસની મધ્યમાં-આસપાસમાં રહી તેથી ન લપટાવું, અને (૨) તેનાથી દૂરજ રહેવું એટલે લપટાવાનું નિમિત્તજ ન મળે. (૧)માં પ્રબળ પુરૂષાર્થ અને ઉચ્ચતમ ચારિત્રબળની જરૂર છે, જ્યારે (૨)માં તેવું તેટલા પ્રમાણમાં નથી. દૂર રહેવામાં પુરૂષાર્થ સફળ રીતે વપરાયો તો પછી લાલચોમાં સપડાવાનું રહેતું નથી અને તેથી લાલચમાં રહી ન લપટવા માટેના પુરૂષાર્થની જરૂર રહેતી નથી. આ સર્વ મન ઉપર આધાર રાખે છે. આત્મબળપર આધાર રાખે છે. તમે ઘણી વખત બોલો છો ને લખો છો કેઃ—

સંસારમાં સરસો રહે ને મન મારી પાસ,
સંસારથી લેપાય નહિ, તે જાણ મારો દાસ,
અર્જુન સુણો ગીતા સાર.

સ્થૂલભદ્રને **૫૨મ** યોગી આજકારણને લક્ષમાં રાખીને કહ્યો છે, પરંતુ તેવા બહુ વિરલા હોય છે. તેવું બધાથી કદી પણ બની ન શકે, માટે ત્યાગ કરવાનો માર્ગ પ્રભુએ સૂચવ્યો.

શ્રાવક વ્રતને દેશવિરતિ (અમુક અંશે ત્યાગ) જણાવ્યું અને સર્વ વિરતિ સાધુના વ્રત તરીકે જણાવ્યું, અને મોક્ષ પામવા માટે સાધુવ્રત સામાન્ય અપેક્ષાએ આવશ્યક ગણ્યું, પરંતુ તેથી એમ ઠરતું નથી કે સાધુવ્રત લીધાવિના–સાધુનો વેષ ધર્યાવિના મોક્ષે જઇ જ ન શકાય. આ ત્યાગમાં આત્મજ્ઞાન તો હોવું જ જોઇએ, નહિતો ક્રિયા જડતા આવે છે. તેજ માટે સમ્યક્ત્વની શરૂઆત ચોથા ગુણસ્થાનથી–દેશવિરતિ ગુણસ્થાનથી કહી છે. સમ્યક્ત્વ એટલે બોધિબીજ એટલે આત્મજ્ઞાન. બાકી જ્યાં સુધી સંસાર છે ત્યાં સુધી માતપિતા આદિ સ્વજનો પ્રેમ–સાંસારિક પ્રેમથી બંધાયેલા છે અને તે નિર્વહવો અને નિભાવવો જોઇએ. જો કે–

દોંડી–– પિતા પુત્ર માત પત્ની ને સંસાર, દિસે પ્રેમ વડે દીપતો ઝગાર,
તુટ્યો પ્રેમ ફીટી જાય છે સંસાર, પરબ્રહ્મ તણી યોજના અપાર.

મણિલાલ નભુભાઇ.

આ પ્રેમ સત્યમાં રહીને નિભાવી શકાયતો સારૂં, નહિતો સત્યમાંજ રત થઇ તેને નિભાવવું વધારે બહેતર છે ત્યાંતો આત્માની શક્તિ–પરમાત્માની ઝાંખી સ્થાયી છે.

દેખી બુરાઇને ના ડરૂં હું શી ફિકર છે પાપની ?
ધોવા બુરાઇને બધે, ગંગા વહે છે આપની !—જ્યાં જ્યાં નજર મારી ઠરે.

કલાપી.

બુરાઇની દરકાર નથી કારણ કે તે સ્પર્શ કરી શકતી નથી; પાપ થતું નથી કારણ કે બુરાઇ વગર તે નિપજી શકતું નથી. બાકી લોકો ભલેને નિંદે.

છો મારા નોંધે ગુન્હાઓ, નિંદકોની દફતરી,
પણ મસ્ત તુજ દરબારમાં આવ્યા વિના ગમતું નથી.

આ દરબાર એજ સત્ય છે—સત્યના સાક્ષાત્કારની ભૂમિ છે. બુરાઇ છોડી દેવી–તેનો સર્વસ્વ ત્યાગ કરવો એજ અભ્યર્થના છે, કારણકે તેજ આસક્તિ છે–તેજ સર્વ કર્મ-બંધનનું કારણ છે, તે **અસત્** છે. સર્વ ઓલીઆઓ એજ બંદગી કરે છે કે:—

મહોબ્બત ગૈરસે મેરી, છુડાદો યા રસુલ્ લીલ્લાહ,
મુઝે અપના યે દીવાના, બનાદો યા રસુલ્ લીલ્લાહ.
લગા તક્દીયે ગુનાહું કે, પડા દિનરાત સોતા હું,
મૂઝે ઇસ ગ્વાબ ગફલતસે, જગાદો યા રસુલ્ લીલ્લાહ—
યેહી હૈ આરજુ દિલપેં, પહું તુમ નામકી તસબીર;
કરૂં કુછ કામ દુનિયામેં, કે જારી યા રસુલ્ લીલ્લાહ.

આ બાબતમાં જરા ભેદ છે તે જણાવી દઉંછું. માતપિતા આદિ સ્વજનમાં ડૂબેલા માણસે તેઓમાં રહેલ આસક્તિ છોડવી એ એક જૂદી બાબત છે, અને માતપિતા આદિ સત્યની આડે આવતા હોય તે એક જૂદી બાબત છે.

૬.

હવે માતપિતા આદિ સ્વજનનો ત્યાગ અને શરીરના અવયવોનો ત્યાગ એ બન્નેનો ભેદ છે. એક આપણા દેહથી અલગની વસ્તુઓ છે ત્યારે બીજા આપણા દેહની સાથેજ રહેલા છે કે જેનો ત્યાગ કરવો તે દેહને દુભવવા, કાપવા બરાબર છે. દેહના અવયવનો

ત્યાગ કોઇપણ અપેક્ષાએ સંમત થાય તો તે અપેક્ષાએ આ શરીરનો ઘાત પણ સંમત થાયજ. આત્મઘાતી તે મહાપાપી એવી ઉક્તિ છે. તેમાં ઘણું વજૂદ છે. મનુષ્યદેહથી મુક્તિને નરક બંન્ને પમાય છે, સત્ અને અસત બંનેમાં યુક્ત થઇ શકાય છે. અસત્માં રત થયેલો દેહ કે તેની ઇંદ્રિયોનો નાશ કરી અસત્થી દૂર રહેવા કરતાં જે વિકાર, વાસનાથી અસત્માં અભિભૂત થવાય છે તે જ વિકારનો નાશ કરવો વધારે યોગ્ય અને ખરો રામબાણ ઉપાય છે. 'પછી મૂલ' નાસ્તિ કુતો શાખા-મૂલ ગયું તો પછી શાખા ક્યાંથી સંભવે ?-તેમ વિકાર ગયો તો વિકારજન્ય ઇંદ્રિય પ્રવૃત્તિ ક્યાંથી સંભવે ?

હવે યોગીપર આવીએ. તેણી યોગીની આંખોપર અન્ય આસક્ત થઇ તેમાં યોગીનો શું વાંક ? અને યોગીને સત્યથી ચલાયમાન થવાનો ભય કેમ રહી શકે ? **સુદર્શન** શ્રાવકની કથા યાદ છે ? ન વાંચેલી હોય તો વાંચશો; સાર જણાવું છું કે તે બહુ **રૂપવંત શ્રાવક** હતો. તેનાપર રાજાની રાણી મોહિત થઇ અને દાસીદ્વારા પોતાના વિલાસ માટે બોલાવી મંગાવ્યો અને તેની સાથે ક્રીડા કરવા કહ્યું. ન ખૂટે તો પોતે તુરતજ રાજાને બોલાવી પકડાવશે ને કહેશે કે જનાકારી કરવા આવેલ છે એમ જણાવી દેહાંત દંડ દેવરાવશે, નહિતો તે સુખેથી વિલાસ કરી શકશે. ત્યારે સુદર્શને શું કર્યું? તેણે જણાવી દીધું કે તે નપુસક છે. આની પ્રતીતિ કરવા તેમજ લલચાવવા જનને દ્રિયના સ્પર્શ વારા ફરતી કરવા માંડયા છતાં મનોનિગ્રહ એટલો બધો જબરો કે દેહનું એક રૂંવાડું ફરકયું નહિ. જાણ્યું કે તેમજ છે એટલે સુદર્શનને મહેલમાંથી જવા દીધો. આવો મનોનિગ્રહ રાખનાર ખરા યોગી છે. આપણી ચર્ચાના યોગીએ પોતાના ચક્ષુને ફોડી નાંખ્યા તે પોતાના લલચાવાના ભયને લીધે, યા મોહિત થયેલી સ્ત્રીને મોહમાંથી દૂર કરવા અર્થે યા બંને પ્રયોજન અર્થે; પરંતુ તેમ કરવાને બદલે એટલે જે આંખો મોહના **નિમિત્તનું** કારણ થઇ છે તેનો નાશ કરવાને બદલે વિકારી સ્ત્રીનો વિકારજ-ઉપાદાન કારણ કાઢવામાં આવ્યો હોત-બીજાજ માર્ગથી, તો તે વધારે યોગ્ય ન થાત ? કારણકે ધીર પુરૂષનું લક્ષણ એક વિદ્વાને એવું આપ્યું છે કેઃ—

વિકાર હેતૌ સતિ વિક્રિયંતે, યેષાં ન ચેતાંસિ ત એવ ધીરાઃ

—વિકારના હેતુ હોવા છતાં જેનાં ચિત્ત વિકારને પામતાં નથી તેજ ધીર પુરૂષ છે.

આંખો, કાન, કે અન્ય ઇંદ્રિય જે રસ્તે વાળવી હોય તે વાળી શકાય છે કારણ કે ગમે તો પણ તે નિમિત્ત છે, જ્યારે તેને વાળવામાં રહેલ સામર્થ્ય તે આત્માનુંજ સામર્થ્ય છે. એક પુરૂષ એક સ્ત્રીને પોતાની મા બહેન સમાન લેખે છે, જ્યારે બીજો તેને જૂદીજ રીતે ગણે છે. એમાં રહેલ ફેરફાર શેને આભારી છે ? માટે તેજ ઇંદ્રિયનો નાશ કરવો એ કોઇ રીતે કલ્યાણકારી નથી. તે બાધક થતા હોય તો તેને સાધ્ય કરવા અને તેમ કરવા જતાં બાધકજ માલૂમ પડતા હોય તો તેમાં તે ઇંદ્રિયોનો વાંક નથી પરંતુ આત્માનોજ વાંક છે-તે ઇંદ્રિય ધરાવતી વ્યક્તિનો વાંક છે.

તેવીજ રીતે આ દેહજ એટલે પોતાનો દેહજ બાધક થતો હોય એવું લાગે તો તેનો નાશ કરવો કે નહિ ? એ પ્રશ્નનો ઉત્તર પણ આમાંજ પરિણમે છે.

હવે બીજા પ્રશ્નો લઇએ.

૭.

૨ પાપમય વાસનાવાળી જીંદગી ટકાવી રાખવી કે તેનો અંત આણવો ? અથવા તો એ બેમાં વધુ પાપ શેમાં છે ?

—ઉત્તરમાં જણાવવાનું કે આ પ્રશ્ન જેને જે વ્યક્તિના હૃદયમાં ઉગે તેને વ્યક્તિ કદીપણ સુધરી શકેજ નહિ, એમ છેજ નહિ, કારણકે તે સમજે છે કે અમુક પાપમય છે અને અમુક પુણ્યમય છે. વાસના એ ચિત્તમાં સ્ફુરેલ સ્ફુરણા છે અને મન સાથે અતલગ સંબંધ ધરાવે છે. તેવા વિવેકી માણસને માટે જીંદગી ટકાવી રાખવી એજ યોગ્ય છે. અંત આણવામાં કોઇપણ જાતનો ઉગરવાનો આરો નથી. ઉદયમાં આવેલાં કર્મોને લઇને પાપો થતાં હોય તો સમતાથી વેદવાં, પરંતુ તેમાં વાસના નવી નવી બાંધી, રસ લઇ ભાવકર્મમાં જોડાવું ન જોઇએ. તેમ થાય તો કર્મનાં નવાં બંધન થતાં તે ઉદયમાં આવે, વળી તે વેદતાં પરિણામ થાય ને રસ લેવાય તો વળી નવાં બંધન થાય એમ કાર્ય કારણની પરંપરા ઉપર જણાવ્યા પ્રમાણે અખંડ ચાલીજ જાય અને તેથી અનંત ભવની પરંપરા પણ ચાલીજ આવે. વધુપાપ અંત આણવાથી થાય છે, પાપમય વાસનાને રોકવામાં પુરૂષાર્થ ફોરવવો અને અંત આણવાના પુરૂષાર્થને કદીપણ અમલમાં ન મૂકવો.

કાલકસૂરિની વાત જે પ્રમાણે સાંભળી તે જણાવું છું. તે મહાવીર સ્વામીના વખતમાં કસાઇ હતો અને હમેશાં પાંચસો પાડા મારતો. મહાવીર સ્વામીને શ્રેણીક મહારાજે એક વખત પ્રશ્ન કર્યો કે મારો આગામી ભવ શું તો કહે કે તેં આયુષ્ય બાંધી લીધું છે અને તેથી નરકમાં જવાનો છું, ત્યારે તેણે કહ્યું કે કોઇરીતે તેમ થવું અટકે ? ત્યારે તેમણે કહ્યું તે અશકય છે. છતાં વિશેષ આત્રી માટે કહ્યું કે 'જો કાલકસૂરી હમેશાં ૫૦૦ પાડા મારે છે તે મારતો અટકે તો તું નરકમાં જતો અટકે. ' શ્રેણિકમહારાજે તે કસાઇને બાંધી એક કુવામાં પૂર્યો. ત્યાં પણ તે હાથની પાણીમાં લીટી દોરી કહેતો જાય કે આ એક પાડો માર્યો, આ બીજો માર્યો એમ ૫૦૦. પાડા એવી રીતે ચિંતવી કે કહી માર્યા– એટલે માર્યા વગર નજ રહ્યો. તે પરથી શ્રેણિક મહારાજે ધડો લીધો કે થનાર વાત થતી અટકતી નથી. એક વખત શ્રી વીરપ્રભુને એક સવાલ પૂછતાં તેમણે કહ્યું કે 'તે કસાઇ માટે મર પણ ન કહેવાય ને ન મર પણ ન કહેવાય ! કોઇનું મરણ ઇચ્છવામાં પાપ છે અને ન મરે તો જે કંઇ પાપ કરે છે તે કર્યા વગર નજ રહે તેથી તે જીવતો રહે તે પણ નહિ સારૂ, ' આમ લોક કથા છે. અત્યંત દુષ્ટ માણસો માટે જ્યારે આમ કહેવાનું થાય છે તો પછી પોતાના જીવને દેહથી જૂદો કરવાની સલાહ કોણ આપે ? —મત કેમજ આપી શકે ?

ધારો કે અંત આણવામાં લાભ કદી હોય તો તેથી પણ શું સર્યું ? જે કર્મો વેદવાનાં છે તે શું મરણથી વેદાઇ જાય છે ? અને હવે પછી વેદાવાનાં નથી ? વેદવાનાં છે જ. આ ભવમાં ન વેદાય તો આવતા ભવમાં, નહિ તો તે પછીના ભવમાં, પણ વેદ્યા વગર છૂટકો નથી. વાસનાનો નાશ દેહના વિલય સાથેજ થતો નથી. અમુક વાસનાનો આત્યંતિક નાશ આત્માની સત્તાથી–પુરૂષાર્થથી—કર્મની નિર્જરાના ઉપાયથી અથવા તેથી બંધાયેલ કર્મના અરક્તપણે વેદવાથી થાય છે.

ધારો કે અંત આણ્યો તો એ અંત આણતી વખતે કઇ જાતની વાસના હોય ? તેવો અંત સમાધિમરણ તો નહિજ, એ સત્યની ના પાડી શકાય તેમ નથી, અને સમાધિ-મરણ વગર સર્વ વાસનાનો નાશ ટુંકમાં નજ થાય.

૮.

૩—કોઇ બે વ્યક્તિને સરખી જાતના પાપની ઇચ્છા થાય તેમાં એક પોતાના મનને બળાત્કારે ઇચ્છા થતાં દબાવી રાખે, અને બીજી વ્યક્તિ તે ઇચ્છાને કાર્યમાં મૂકે તો તે બેમાં વધુ ઓછું પાપ લાગે કે ઉભયને સરખું લાગે?

ઓછું વધતું મનને બળાત્કારે ઇચ્છા થતાં દબાવી રાખનારને ઓછું પાપ લાગે, અને કાર્યમાં મૂકનારને વધુ પાપ લાગે, ઇચ્છાને દબાવવી તે મનોનિગ્રહ છે, ચિત્તનો નિરોધ છે—યોગ છે. પાંતજલિએ કહ્યું છે કે યોગઃ ચિત્તનિરોધઃ—હવે કોઇ એમ કહે કે મનની પાપી ઇચ્છા હોય છતાં તે કાર્યમાં ન મૂકે તેમાં વિશેષ શું ? તેના કરતાં તો તે પાપી ઇચ્છાને અમલમાં મૂકી દૂર કરવી વધારે ઇષ્ટ છે. તો જણાવવાનું કે ભૂલ છે. પાપી ઇચ્છાને પૂરી કરતાં પાપી ઇચ્છા કદી પણ દુર થઇ શકતી નથી. જેમ ભોગો ભોગવ્યા પછી તે ભોગમાં આસક્તિ થતી નથી એ કહેવું ખોટું છે પણ ઉલટું આસક્તિ વધે છે, અને તેની તૃષ્ણા વધુ વધુ થતી જ જાય છે-તૃષ્ણા ન જીર્ણા, વયમેવ જીર્ણાઃ-તૃષ્ણા ઘરડી ન થઇ પરંતુ આપણે ઘરડા થઇ ગયા, તેવીજ રીતે પાપી ઇચ્છાનો નાશ તેને સંતોષવામાં નથી જ. કોઇ એમ કહે કે મનની ઇચ્છા તો છે જ, તે અમલમાં ન મૂકીએ તેથી શું સર્યું ? ઇચ્છા થી કર્મ બંધન તો છેજ. તેના જવાબમાં જણાવવાનું કે જ્યાં સુધી ઇચ્છા રહે છે ત્યાં સુધી કર્મબંધન છેજ, પરંતુ તે ઇચ્છાને દબાવવામાં જે આત્મસંયમ વાપરવો પડયો તે આત્માની શુદ્ધ સ્ફુરણા છે; અને તેમ આત્મસંયમના અભ્યાસથી તે ઇચ્છાને સર્વદા દબાવતાં દબાવતાં તે ઇચ્છાનો નાશ છેવટે કરી શકાય તેમ છે. (અભ્યાસ એટલે પુનઃ પુનઃ આચરવું.)

કોઇ એમ કહેશે કે સમતાનો લાભ જ તેમાં છે એવી સામાયિકની ક્રિયા અવિધિપૂર્વક કરવા કરતાં નજ કરવી સારી છે, તો તે ખોટું છે. તેના સંબંધમાં શાસ્ત્રકાર કહે છે કે;

અવિહિકયા વરમકયં ઉસ્સુણુ વયણું વયંતિ સવ્વણ્ણુ
પાયછિત્તં જહા, અકએ ગુરૂઅં કએ લહુઅં,

'અવિધિએ કરવા કરતાં અણકર્યું ભલું''—એ વચનને સર્વજ્ઞો ઉત્સૂત્ર કહે છે; કારણ કે નહિ કરનારને મોટું પ્રાયશ્ચિત્ત અને અવિધિએ કરનારને નાનું પ્રાયશ્ચિત છે.

કારણકે અવિધિપૂર્વક કરવાનો સદોદિત પ્રયાસ કરતે કરતે વિધિપૂર્વક કરવાનો લક્ષ રાખતે રાખતે વિધિપૂર્વક સામાયિક થશે. તેવીજ રીતે દ્રવ્યક્રિયાઓ–પ્રભુપૂજન, દેવદર્શન, વ્રત, ઉપવાસ વગેરે ભાવનાં કારણ છે. **લક્ષ** અને **અભ્યાસ** એ બેની તેમાં જરૂર છે. અને તે ભાવના બળથી મુક્તિમાર્ગ સરલ થશે,

૯.

૪ થો પ્રશ્ન—કોઈ પાપી કૃત્ય મનથી કરે અને કોઈ શરીરથી તો બંનેથી સરખું પાપ લાગે કે કેમ ?

ઉત્તર–નહિ કોઇ પણ કાર્ય કરવામાં બનતાં સુધી ત્રણનો યોગ્ય થાય છે–મન વચન અને કાયા. તે કાર્ય કરવામાં પહેલાં ઇચ્છા થાય છે; ઇચ્છા થાય છે તે વચનમાં આવે છે યા વચનમાં ન આવે તો પણ કંઇ નહિ, પણ દેહની પ્રવૃત્તિમાં મનની પ્રવૃત્તિ–ઇચ્છા મૂલ હોય છે જ, તેમજ વચન પ્રવૃત્તિમાં પણ મનની પ્રવૃત્તિ છેજ અને તેથીજ મનને પહેલું

મૂકવામાં આવ્યું છે. મારી ત્રિકરણ શુદ્ધિથી આપવાની છે, પરંતુ તે ત્રિકરણ શુદ્ધિમાં મનઃશુદ્ધિની પ્રથમ જરૂર છે અને તેથીજ હેરલ્ડમાં આવેલું માફીનું કાવ્ય તમોને વધુ ગમ્યું છે. હવે શરીર પ્રવૃત્તિથી થયેલા પાપમાં મનની પ્રવૃત્તિ આવી જગાઇ, અને તેથી બંને પ્રવૃત્તિથી થયેલા પાપકરતાં એકજ પ્રવૃત્તિથી થયેલું પાપ ઓછું નિબિડ છે એ સ્પષ્ટ છે.

' આત્મા જે સાધનવડે વિચાર ચિંતનાદિ કાર્ય કરે છે, તેનું નામ મન છે અને તે મન જડ છે. જૈન સિદ્ધાંતમાં તેને મનોવર્ગણા અને કેટલાક સ્થળે તો **'દ્રવ્ય ઇંદ્રિય સંજ્ઞા'થી** ઓળખવામાં આવેલ છે. પાશ્ચાત્ય દેશોમાં પણ હવે સ્વીકારાવા લાગ્યું છે કે વિચારને અમુક અમુક આકાર (thought form—થૉટ ફૉર્મ) અને તે સાથે અમુક રંગ યુક્ત વેષ્ટન પણ હોય છે (aura). 'આ રંગ યુક્ત વેષ્ટન ને જૈન દર્શનમાં ' **લેશ્યા** ' શબ્દથી સંબોધવામાં આવે છે. આ મનોદ્રવ્યની ઉત્તમતા કે અધમતા ઉપરથી તેમજ તે લેશ્યાના કૃષ્ણ–કાપોતાદિ અને પદ્મ શુકલાદિ રંગ ઉપરથી આત્માના ઉન્નતિ ક્રમના સ્થાનનો નિર્ણય મહાપુરૂષો બાંધે છે.

મનઃ શુદ્ધિપર પૃ. ૧૨ થી પૃ. ૧૫ સુધીમાં મારા 'સામાયિકસૂત્ર'ના પુસ્તકમાં જે જણાવેલું છે તે ફરિ વાંચી જવા વિનતિ કરૂં છું.

મન વચન કાયાના વ્યાપારને જૈનશાસ્ત્રમાં **યોગ** કહેવામાં આવે છે, આ યોગનું વિવિધપણું છે (૧) શુભોપયોગ (૨) અશુભપયોગ. મન–વચન અને શરીરના શુભ વ્યાપાર અર્થાત્ ધર્મચિંતન, પરહિત કાર્ય આદિ ઉત્તમ પ્રવૃત્તિ એ શુભોપયોગ છે, અને તેથી વિરૂદ્ધ પ્રવૃત્તિ એ અશુભોપયોગ છે. (આત્મા અનાત્માનો વિવેક કર્યા પછી તે પ્રમાણે પ્રવૃત્તિ તે **શુદ્ધોપયોગ** છે) તેવા વિવેક થયા વિનાની ગમે તેવી શુભાશુભયોગ પ્રવૃત્તિ એ **ઘાતીકર્મ**ના બંધરૂપજ હોય છે, અને અઘાતી કર્મમાં શુભોપયોગ વડે શાતા વેદનીયની આદિ પુણ્ય પ્રકૃતિ અને અશુભોપયોગથી અશાતા વેદનીયની પાપ પ્રકૃતિનું ઉપાર્જન થાય છે. શુભ અને અશુભની જ્યાં મિશ્ર યોગ પ્રવૃત્તિ હોય ત્યાં કેટલાક પુદ્‌ગલ અંશ પુણ્ય અને કેટલાક પાપ પ્રકૃતિ રૂપ પરિણમે છે. જે મહાભાગ પુરૂષોને આત્મા—અનાત્માની ખ્યાતિ વર્તે છે—શુદ્ધોપયોગ વર્તે છે તેમને ઘાતી કર્મનું ઉપાર્જન બહુ ન્યૂન હોય સંભવે છે. એક વિદ્વાન કહે છે કે—

' શરીરાદિ બાહ્ય સામગ્રી અથવા મન કુટુંબાદિ વિભાવ, બંધનું કારણ હોઇ શકતા નથી; જો બાહ્ય સામગ્રી બંધની નિયામક હોય તો આત્મા કદી સંસાર વિમુક્ત થઇ શકે નહિ, પરંતુ સદ્‌ભાગ્યે તેમ નથી. બંધનું નિયામક તે તે સામગ્રીમાં રહેલી મમત્વ ભાવનાજ છે. અત્રે શંકા થવા યોગ્ય છે કે જો બાહ્ય સામગ્રી બંધના કારણરૂપ નહોય તો શાસ્ત્રોએ તે ત્યજવાનો ઉપદેશ શા માટે આપ્યો હશે ? સ્ત્રી, દ્રવ્ય, પુત્ર વગેરે નર્કમાં લઇ જનાર છે, અનર્થ માત્રનું મૂળ આ પ્રપંચ છે અને તેમાં સ્ત્રીને તો અધોગતિના રાજમાર્ગ તરીકે બધાજ શાસ્ત્રકારોએ એકી અવાજે જાહેર કરી છે, તો શું તે મિથ્યા સમજવું ? વિવેક દૃષ્ટિથી નિરીક્ષણ કરતાં શાસ્ત્રકારોએ આવો બોધ આપવામાં કેવળ ભૂલ કરી છે, એમ માન્યા સિવાય ચાલતું નથી. અને તેમાં સ્ત્રીવર્ગને જગતની બત્રીશીએ ચઢાવવામાં તો પુરૂષોએ જે ભાગ ભજવ્યો છે તેતો ખરેખર આર્ય દર્શનનું મોટામાં મોટું કમનસીબ છે. તેમણે પાડાના દોષ માટે પખાલીને ડામ દેવા જેવી હાસ્યજનક પ્રવૃત્તિ

સેવી છે. સ્ત્રીની નિંદાના પ્રકરણને શાસ્ત્રના સુંદર નામથી ઓળખવું એ મુદ્દલ શોભા ભર્યું નથી. વળી તેવા ગ્રંથોના લખનારાઓ બહુધા પુરૂષો હોવાથી તેમણે પોતાની પુરૂષોચિત બાહ્યાકૃતિનો લાભ લઇ નારીજાતિને સૃષ્ટિની રંગભૂમિ ઉપર બહુ અપમાન ભર્યું સ્થાન આપ્યું છે. જે કાંઇ બારતવમાં દોષરૂપ હતું તેમાં દોષબુદ્ધિ ન ઉપજાવતાં, દોષ થવામાં જે કાંઇ નિમિત્તભૂત હતું તેને દોષરૂપ ગણાવવામાં તે ગ્રંથોએ એક પક્ષજ રજુ કર્યો છે, એમ વિના જોખમે કહી શકાય. વસ્તુતઃ નિંદાને યોગ્ય સ્ત્રી કે દ્રવ્ય નથી, પણ તે સ્ત્રી કે દ્રવ્યનાં રહેલી પામર મનુષ્યોની **મોહબુદ્ધિ** છે. સ્ત્રી કે દ્રવ્યને ઉતારી પાડવાથી મનુષ્યો તેને ત્યજી દેશે એવા ખ્યાલથી એ શાસ્ત્રો મૂળથીજ પ્રરૂપ્યાં છે અને એ ભૂલ હજુ પણ ચાલુ રહેવાથી દૃષ્ટ પરિણામ તેટલું ને તેટલું જ દુર રહ્યું છે, સ્ત્રી દોષપાત્ર નથી. તે રત્નગર્ભા-ઓએ શ્રી મહાવીર, કૃષ્ણ, બુદ્ધ જેવાઓને જન્મ આપી સૃષ્ટિના ઉન્નતિક્રમમાં અપૂર્વ સહાય આપી છે, તેમજ દ્રવ્ય પણ સ્વભાવતઃ નિંદ્ય નથી, કેમકે **તેરમે ગુણસ્થાનકે** (સયોગી કેવલી) વર્તતા મહાત્માઓને પણ દ્રવ્યથી ખરીદાયેલા અન્નવડે પોતાના શરીરને પોષ્યાવિના ચાલતું નથી, એ વાત કોનાથી અજાણી છે ? સંસારની આ ઉભય ઉપયોગી વસ્તુઓનો અણઘટતો તિરસ્કાર કરીને ગ્રંથકર્તાઓએ શું ફળ મેળવ્યું છે એ પ્રશ્ન બહુ વિચારવા જેવો છે. ટુંકામાં કહીએ તો બાહ્ય સામગ્રીનો સંયોગ એ બંધનનાં મુદ્દલ હેતુ રૂપ નથી. કર્મનું આગમન તેને પર્યાયોમાં **મોહ અને મમત્વ બુદ્ધિ** વડેજ છે, જ્યાં સુધી તે **બંધક પરિણામે** વર્તે છે ત્યાં સુધી બાહ્ય સામગ્રીનો યોગ હોય કે ન હોય, તોપણ કર્મનું એકજ સરખી રીતે આત્મ પ્રતિ આવવું બની રહે છે, અને જો તે ભાવનો ક્ષય વર્તતો હોય તો બાહ્ય સામગ્રી ગમે તેટલા વિપુલ પ્રમાણમાં હોય તો પણ તેને કશુંજ અહિત કરી શકવા સમર્થ નથી.

આ યોગના વ્યાપારને શુદ્ધ પ્રવૃત્તિ પ્રતિ વાળવા અર્થે જે નિયોજના **જૈન** શાસ્ત્રે કરી છે તે યોજનાઓ આ પ્રમાણે છે:— દરેક—મન—વચન—કાયાની વૃત્તિને ગોપવવી તેનું નામ 'ગુપ્તિ' આવ્યું છે. તેમાં ગુપ્ ધાતુનો અર્થ રક્ષા કરવી, રોકવું-નિગ્રહ રાખવોએ થાય છે. અને તે ત્રણ વ્યાપારને મર્યાદામાં રાખવી તેનું નામ સમિતિ આપ્યું છે. સમિતિ પાંચ છે ને ગુપ્તિ ત્રણ મળી આઠને અષ્ટપ્રવચન માતા એ નામ આપવામ આવ્યું છે, પાંચે સમિતિનો ત્રણ ગુપ્તિમાં સમાવેશ થાય છે છતાં જૂદી પાડેલ છે તેનું કારણ એકે પ્રામાણિક કાલ સુધી સમસ્ત યોગનો જે નિગ્રહ તે ગુપ્તિ છે, જ્યારે ગુપ્તિમાં બહુકાલ સ્થિત રહેવામાં અસમર્થતામાં કલ્યાણ કરવા ક્રિયામાં પ્રવૃત્તિ થાય તે સમિતિ છે. આ આઠેનો સંવર તત્વમાં સમાવેશ થાય છે, કારણ કે તેથી કર્મો સંવરાય છે—કર્મનો પ્રાપ્તિનો અભાવ થાય છે,

સંવર એ આત્મભાવમાં પ્રવિષ્ટ સ્થિતિને સ્પર્શવા થાય છે. અને આત્મભાવ એજ મુનિપણું હોવાથી સાચા મુનિ તેના સ્વરૂપને યથાર્થ પીછનારા હોય છે. સિદ્ધાંતમાં જ્યાં ગુપ્તિ, સમિતિ, ધર્માનુપ્રેક્ષા, પરિસહજય—તપ—ચરિત્ર આદિવડે સંવર થાય છે એમ કહેલું છે ત્યાં તેના આંતર સ્વરૂપને લક્ષીનેજ સંવર હોવાનો સાચા મુનિઓ સ્વીકારે છે, બાહ્ય સ્વરૂપમાં સં૦ જેવું કશુંજ હોતું નથી. સાચી ગુપ્તિ મન વચન કાયાના યોગને **પ્રશસ્ત** ભાવમાં પરિણમાવવાથીજ થતી નથી, અથવા મનને ભક્તિ આદિન પ્રશસ્ત રાગાદિક નાના

" They are right when they affirm but they run into danger when they deny. "

" જ્યાં સુધી તેઓ પ્રતિપાદન કરે છે, ત્યાં સુધી તેઓ ખરા છે, પણ જ્યારે બીજાનો નિષેધ કરવા માંડે છે ત્યારે તે આ જોખમમાં ઉતરે છે. " આ વિચાર જો દરેક ધર્મનો અનુયાયી સ્વીકારે તો ધર્મ નદીનો પ્રવાહ અત્યંત શાંત રીતે વહેવા માંડે, અને ધર્મને નામે જે કલેશ કંકાસ, ખુનરેજી, વિગ્રહ થવા પામ્યા છે અને થાય છે, તે કદાપિ થાય નહિ.

બીજાઓના વિચારોને સહન ન કરવા, અથવા બીજાના વિચારોમાં રહેલું સત્ય ન જોવું એ પરમત અસહિષ્ણુતા છે; અને ભૂતકાળમાં તેથી જે અનર્થો થયા છે, લોહી રેડાયાં છે, લાખો જીવોનો સંહાર થયો છે, તેનો જ્યારે આપણે વિચાર કરીએ છીએ, ત્યારે આપણને પારાવાર ખેદ થાય છે. આ અસહિષ્ણુતા નાશ કરવાનો ફક્ત એકજ માર્ગ છે; અને તે જ્ઞાન છે. જેમ જેમ આપણને વિશેષ જ્ઞાન થતું જાય છે, તેમ તેમ આપણને વિવિધતાની ખુબી સમજાય છે, અને બીજાના વિચારોમાં સત્ય કયાં રહેલું છે, તે તરફ આપણે દૃષ્ટિ ફેરવીએ છીએ. મનુષ્યની પ્રકૃતિ જૂદી હોવાથી, અને મનુષ્યો ઉન્નતિક્રમના જૂદા જૂદા પગથીઆ ઉપર ઉભેલા હોવાથી દરેક મનુષ્યને પોતાનો સ્વતંત્ર અભિપ્રાય બાંધવાને પૂર્ણ અધિકાર છે. આ વિચાર લક્ષમાં રાખીનેજ એક સુફીએ કહ્યું છે કે:-

The ways to Road are as many as there are breaths of the children of men.—મનુષ્યોને જેટલા શ્વાસ છે, તેટલા પરમાત્મપદ પામવાના માર્ગ છે; અને શ્રીકૃષ્ણે પણ ભગવદ્ ગીતામાં તેજ વિચારનું સમર્થન કરતાં કહ્યું છે કે " મનુષ્ય જે જે રસ્તે મને મળે છે, તે તે રસ્તે હું તેને મળું છું, કારણ સઘળા રસ્તા મારા છે. " મહાન અશોકના શિલાલેખમાં પણ કહ્યું છે કે.—

' બીજા પંથોપર આક્ષેપ કરવો નહિ, તેમજ નિષ્કારણ તે પંથોની અપ્રતિષ્ઠા કરવી નહિ, પણ તેથી ઉલટું જે જે કારણોને લીધે માન આપવું ઘટતું હોય તે તે કારણોસર બીજા પંથોને માન આપવું. આ રીતે વર્તવાથી બન્ને ધર્મને લાભ થાય છે, પોતાના ધર્મની ઉન્નતિ થાય છે અને બીજા ધર્મને ફાયદો થાય છે. હું મારા ધર્મની કીર્તિ વધારૂં છું એવું સમજીને, પોતાના ધર્મ ઉપરના અતિશય રાગને લીધે બીજા ધર્મની નિંદા કરીને જે પોતાના ધર્મને માન આપે છે, તે પોતાના આવા વર્તનથી પોતાનાજ ધર્મને ભારે હાનિ પહોંચાડે છે. "

વળી મતાંતરોના સંબંધમાં બુદ્ધ ધર્મમાં પણ લખ્યું છે કે " જે મનુષ્ય તત્વજ્ઞાનની એક વિચાર શ્રેણીને વળગી રહીને જણાવે છે કે આ ઉત્તમોત્તમ છે અને તેને સૌથી શ્રેષ્ઠ ગણી તેનાથી ભિન્ન એવી દરેક વિચાર પદ્ધતિને હલકી ગણે છે, તે મનુષ્યે હજુ વાદ વિવાદની વૃત્તિ પર જય મેળવ્યો નથી. "

હવે આ વાદવિવાદની વૃત્તિપર તમારે જય મેળવવો હોય; બીજા ધર્મોમાં રહેલું સત્ય જાણવું હોય, આ રીતે તમારા સત્ય સંબંધીના જ્ઞાનને વધારે વિશાળ બનાવવું હોય તો તે વિચાર શ્રેણીને તેના ભક્તો જેવા ભાવથી જુએ છે તેવા ભાવથી જોતાં શીખો. દિલસોજી વિના કોઇ પણ ધર્મ, અથવા વિચાર શ્રેણીનો અભ્યાસ કરવો એ તેનું અપમાન કરવા જેવું છે. પણ જો તમે ભાવથી જોશો તો તેમાં કદાપિ નહિ અનુભવેલી સુંદરતા જોઇ

જશો અને શા કારણથી બીજાઓને ધર્મ આટલો બધો પ્રિય લાગે છે, તેનું કારણ પણ તમે સમજી શકશો.

તમારા સરખા વિચારવાળા પુસ્ત[illegible]હિ પણ મોટે ભાગે તમારી વિચાર શ્રેણી વિરૂદ્ધ લાગતી વિચાર શ્રેણીઓનો અભ્ય[illegible] કરો અને તેને માનનારાઓ કેવા દૃષ્ટિબિન્દુથી તે જુએ છે તે સમજતાં શીખો. આ ર[illegible]મે બહુજ વિશાળ દૃષ્ટિ વાળા થતા જશો, અને જેમ જેમ તમારી સત્યને સમજવા[illegible] અપેક્ષાઓ વધતી જશે, તેમ તેમ તમે વધારે ઉદાર થતા જશો, કારણ કે જે સર્વ [illegible]ઓ સમજે છે તે સર્વજ્ઞ છે અને જે સર્વજ્ઞ છે, તે ક્ષમાનો સાગર હોય છે. આ રીત[illegible]થી અપેક્ષાઓ સમજવાથી તમારામાં ઉચ્ચ પ્રકારની ક્ષમા જાગૃત થશે.

તમારા વિચારો તમને ઉચ્ચમાં ઉ[illegible]ાગતા હોય છતાં બીજાઓ પાસે પરાણે મના-વરાવવાનો તમને અધિકાર નથી. દરેક [illegible]ને પોતાનો માર્ગ પસંદ કરવાની છૂટ છે. તેમ દરેક ધર્મવાળાને પોતાના ધર્મ પ્રમ[illegible]ાલવાની છૂટ છે. જો તમને એમ લાગતું હોય કે બીજાઓ અજ્ઞાનથી ખોટે માર્ગે [illegible] છે, અને તમારી પાસે તેમને આપવા લાયક સાચું જ્ઞાન છે તો તમારું જ્ઞાન અને ભાવ[illegible] તેના ભવ્ય સ્વરૂપમાં દર્શાવો. બીજાઓને સમજાવવાને સત્ય માર્ગે લાવવાનો ત[illegible] અધિકાર છે. પણ તે તમારા વિચાર ન સ્વીકારે તો તેને ધિક્કારવાનો અધિકાર ન[illegible] શું તમને સત્યનો ઇજારો મળ્યો છે? શું તેને જે સત્ય જણાયું તે પ્રમાણે ચાલવાનો [illegible]હક્ક નથી? ખરેખર છે જ, અને તેથીજ વિશાળ દૃષ્ટિ વાળા પુરૂષની ફરજ સત્ય મા[illegible] ઉદ્‌ઘોષણા કરવામાં જ પર્યાપ્ત થા[illegible] છે.

એક ટુંકી લીટી હોય, તમને તે ત[illegible] અપેક્ષાએ ટુંકી લાગતી હોય પણ તેને ટુંકી કહી વખોડવાનો તમને હક્ક નથી. તમે[illegible]ી જોડે લાંબી લીટી દોરો, એટલે તેની મેળે તે ટુંકી જણાશે. તેમ તમારી પાસે [illegible] જ્ઞાન હોય તો તે આપો, પણ જે ભલા આત્માઓ પોતાની ટુંકી લીટીથી સંતોષ [illegible]છે,તેમના તરફ દ્વેષની નજરથી જોતા નહિ, કારણ કે તે ટુંકી લીટી પણ વિશ્વવ્યવસ્થા પ્ર[illegible] તેમને ઉપયોગી હોવાથી જ તેમને મળેલી છે, અને તેમની પાસ છે.

આપણે આ બાબત એક ટુંક દૃષ્ટાંત [illegible]વિચારીએ.

સુરતમાં એક ઝવેરી હતો, જેનું નામ [illegible]ચંદ હતું અને તે પોતાની પાછળ એક સ્ત્રી તથા બાળક મૂકી મરી ગયો. તેના મરણ[illegible]ી ઘરની વસ્તુઓની શોધ ખોળ કરતાં એક પોટકું તેની સ્ત્રીને હાથ લાગ્યું જેમાં [illegible]ચીયાં જેવું કાંઇ માલમ પડયું. તેમાં શું છે, તે જાણવાને તેણે પોતાનાં પુત્રને તેના મા[illegible]રાયચંદને ત્યાં મોકલ્યો. રાયચંદ પણ ઝવે-રાતમાં બહુ નિપુણ હતો. તેણે પોટકું [illegible]ા તેમાં કાચના કકડા માલમ પડયા, પણ તેણે આ પ્રમાણે વિચાર્યું. જો હું અમા[illegible]ાણેજને કહીશ કે આ કાચના કકડા છે, તો મારો ભાણેજ એમ વિચારશે કે મામાની [illegible] બગડી છે; માટે હું તેને આ વ્યાપારમાં નાખું કે જેથી તે વ્યાપારમાં નિપુણ થવાથી [illegible]ની મેળે તેની કીંમત સમજી શકે. આવી ભાવનાથી તેણે ભાણેજને કહ્યું "ભાઇ આની [illegible]ત હાલ આવે તેમ નથી. માટે તેને રાખી મૂકજે, જ્યારે ભાવ સારા થશે ત્યારે [illegible]ણે વેચવાનો વિચાર કરીશું, હાલ તો તું મારી સાથે આ ઝવેરાતના વ્યાપારમાં [illegible]" તે ભાણેજ તે ઉપરથી વ્યાપારમાં

જોડાયો અને તેની બુદ્ધિ કુશળ હોવાથી થોડા ખતમાં આમાને પણ ઠકર મારે એવો ઝવેરાતમાં કુશળ થયો. મામાએ એક દહાડો વિચારી કહ્યું. " ભાઇ, હવે હિસા લાવ, હવે નાવ સારા આવે છે." પેલો ભાણેજ ગયો અને પોટલું છોડી જાતે જોતાં જણાયું કે આતો કાચના કકડા છે તેથી તેણે જ ફેંકી દીધા.

આ યુક્તિ દરેક ધર્મ ગુરૂએ અને ધર્મના ઉપદેશકે સ્મરણમાં રાખવા યોગ્ય છે. તમે સારૂં બતાવો એટલે નરસાનો તે ત્યાગ કરશે. અમુક વસ્તુ અશુભ કહેવાથી અને તેની નિંદા કરવા થી કદાપિ કોઇ તે તજી દેશે નહિ.

જગતમાં અશુભ છેજ નહિ. જે તમને અશુભ લાગે છે તે અપ્રકટ શુભ છે. આપણે એક કાચું ફળ લેઇએ. હવે તે કાચા ફળને પાકવાનો આપણને અધિકાર નથી, કારણ કે જે આજે કાચું છે તે કાલે પાકું થશે. તેની કચાસ ચાલી જશે, એટલે તેનું પાકાપણું પ્રકટ થશે. તો કોઇ માણસમાં દોષ જણાય તો વિચારવું કે તે દોષ એ ક્ષણિક છે, એ ઉપાધિને લગતો છે, માટે તે ચાલ્યો જશે. અંદર રહેલો આત્મા અને તેના ગુણ એ શાશ્વત હોવાથી સદાકાળને માટે ટકશે. મનુષ્યોના સદ્‌ગુણ તરફ જુઓ, પુસ્તકમાં રહેલી ખુબીઓ નિહાળો, દરેક સંજોગોમાં રહેલ શુભ ફળ તપાસો. કારણ કે તેજ આત્માને લગતી વસ્તુઓ છે, અને તેજ ટકી શકશે. જેમ તમે કોઇ માણસના સદ્‌ગુણો જોઇ શકો છો, તેમ તેમ તમે મન અને શરીર દ્વારા પોતાની શક્તિઓ પ્રકટ કરતા આત્માને જોઇ શકો છો. તેના દોષો એ તો સૂર્યને આવરણ કરનારાં વાદળાં છે. જેમ સૂર્ય પ્રકાશે છે તેમ વાદળાંને ભેદી નાંખે છે, અને તેમાં વિલય પામે છે, તેમ આત્માની શક્તિઓ વિશેષ પ્રકટ થતાં સર્વ દોષ સ્વયમેવ નાશ પામી જાય છે. માટે દરેક આત્મામાં તમે પ્રકટ થયેલા અને થતા ગુણો તરફ દૃષ્ટિ રાખો; અને દરેક ધર્મમાં પણ રહેલી સત્યની અપેક્ષા રમજવા પ્રયત્ન કરો: કારણ કે તેની અપેક્ષાને લીધે જ દરેક ધર્મ ટકી રહેલો છે માટે તે સત્યની અપેક્ષા ખાતર તેને પાળનારી વ્યક્તિઓના આત્મામાં રહેલા અસંખ્ય ગુણો ખાતર હે પ્રિય બંધુ હું આપને વિનંતિ કરૂં છું કે તમારા મુખમાંથી, તમારા વિચારમાંથી, નાસ્તિક, ભ્રષ્ટ કાફર, દુર્વન્દસ યવન, મિથ્યાત્વી, નિન્હવ એવા ધર્મને તદ્દન ન છાજતા શબ્દોને દેશવટો, કારણ કે બધા મનુષ્યો બનતા પરમાત્માએ છે. All are Gods in the making આવા શબ્દો માત્ર બોલીને અને બીજી બાજુ બીજા ધર્મ પાળનારા તરફ દ્વેષના વિચાર કરીને આપણે એક બીજાની વચ્ચે દિવાલ ખડી કરીએ છીએ કે જે દિવાલ આપણને પરમાત્માનો સાક્ષાત્કાર કરવામાં ખાસ અડચણ રૂપ થાય છે.

ઘણા ધર્મવાળાઓ, અને જૂદી જૂદી ચાર શ્રેણીઓના ઉપાસકો એમ જણાવે છે કે જેનું વચન યુક્તિ યુક્ત (Reasonable) હોય તે સ્વીકારવાને અમે તૈયાર છીએ. છતાં તેમના હૃદયને પૂછશો તો જણાશે કે પોતાનાજ ધર્મને સાચો માને છે, અને બીજા બધા ધર્મને અસત્ય માને છે પણ તમને ત્યાં સત્યનો ઇજારો છે? કોઇએ સત્યનો ઇજારો લીધો નથી, અને લેઇ શકે પણ નહિ. નાની નાની વસ્તુઓના ઇજારા લેઇ શકાય. કોઇ મિષ્ટાન્નનો ઇજારો લે તો કોઇ તાળાંનો ઇજારો લે પણ કોઇએ હવાનો ઇજારો લીધો સાંભળ્યો છે? કોઇએ આકાશના તારાનો ઇજારો લીધો છે? કોઇએ મેઘનો

પન્નારો લીધો છે ? એ વસ્તુઓ એટલી મોટી અને સર્વવ્યાપી છે કે કોઇ અમુક વ્યક્તિના તાબામાં આવી શકે નહિ. તેમ સત્ય પણ એટલું ભવ્ય, વિશાળ, ગંભીર અને જુદી જુદી અપેક્ષાવાળું છે કે હજારો મનુષ્યો જુદી જુદી રીતે તે દર્શાવે છતાં તેઓ પરમ અખંડ સત્યરૂપી સમુદ્રનું એક બિંદુજ જણાવી શકે. જ્યાં સ્થિતિ આવી છે ત્યાં પછી કોણ એમ કહી શકે કે અમેજ ખરા અને બીજા બધા ખોટા; અમારોજ ધર્મ સાચો અને બીજા બધા ધર્મ ખોટા. કોઇ ધર્મ ખોટા નથી. બધા ખરા છે, બધામાં સત્યની અમુક અમુક અપેક્ષાઓ રહેલી છે. એ બધી અપેક્ષાઓ ભેગી કરવામાં આવે તો તો પરમાત્માની કાંઇક ઝાંખી આપણે પામી શકીએ, તો પછી નજીવા વિચારોના મત ભેદ સારૂ લડવું, વાદવિવાદ કરવો, એક બીજા પર દોષ કરવો એ અજ્ઞાનતા નહિ તો બીજું શું ? ખરેખર એ અજ્ઞાનતાજ બહુજ દયાને પાત્ર છે, તમારે હવે કરવું શું ?

કોઇ તમને તમારો ધર્મ છોડવાનું કહેતું નથી, કોઇ તમને તમારી માન્યતાઓ ત્યજવાનું ફરમાવતું નથી. જે કાંઇ કહેવામાં આવે છે તે એટલુંજ કે બીજા ધર્મોમાં પણ સત્યની જુદી જુદી અપેક્ષાઓ રહેલી છે, બીજા વિચાર-શ્રેણીઓમાં પણ સત્યના જુદા જુદા દૃષ્ટિબિન્દુઓ આવેલાં છે; માટે તેમનો તિરસ્કાર ન કરતાં તેમની અપેક્ષાઓ શત્રુભાવે નહિ પણ મિત્ર ભાવે સમજતાં શિખો; આથી તમારી સત્યની વ્યાખ્યા વિશાળ થશે, અને તમારૂં વિચાર-ક્ષેત્ર પણ બહોળું થશે. જૂદા જૂદા મહાન્ પુરૂષો જૂદી જૂદી રીતે એકજ સત્યને કથી ગયા છે, તેથી ગેરલાભ નહિ પણ લાભજ છે, માટે લાભથી આનંદ માનો અને કોઇપણ વિચારશ્રેણીની સમવગણના કરતાં પહેલાં ખુબ વિચાર કરો. તેમાં રહેલા ગુણો તપાસો એટલે તમે તેની નિંદા કરવાનું ભૂલી જશો, અને તમે એક ડાઘ વાળી આખી શેત્રંજીને ફેંકી દેતા હતા તેવી ભૂલ કરશો નહિ. કારણ કે એ ડાઘો એ શેત્રંજીનો સ્વાભાવિક ગુણ નથી, પણ બહારથી આવેલો છે, માટે તે ચાલ્યો જશે. તે ડાઘા ખાતર જો એ શેત્રંજીનો તિરસ્કાર કર્યો હોત તો તે શેત્રંજીમાં ચિતરેલાં અનેક ચિત્રો જોવાનો અને જમીનપર તેને પાથરવાનો લાભ ગુમાવત. માટે કદાચ કોઇ સ્થળે તમને દોષ જણાય તો તે ઉપર લક્ષ નહિ આપતાં તેમાં રહેલાં અનેક ગુણો તરફ નજર કરો અને વિશાળ હૃદયના બનો, મારૂં તે સારૂં નહિ માનતાં સારૂં તે મારૂં ગણતાં શિખો, અને ઉદાર અને વિશાળ દૃષ્ટિથી જગતના ધર્મો તથા મનુષ્યો તરફ જુઓ, કારણ કે તે રીતે જોવામાં તમે સત્યની અને પ્રભુની સમીપમાં આવશો. તેવો સમય સર્વને વાસ્તે સમીપ આવે અને પરમત અસહિષ્ણુતાથી ઉત્પન્ન થતા વેરવિરોધનો જલ્દી અંત આવે એવી ભાવના સહિત આ વિષયને લગતું એક ઉત્તમ કાવ્ય આપી પ્રસ્તુત લેખ સમાપ્ત કરવામાં આવે છે.

Let there be many windows in your soul,
That all the glory of the universe
May beautify it. Not the narrow pane
Of one poor creed can catch the radiant rays
That shine from countless sources. Tear away
The blinds of superstition; let the light pour
Through fair windows, broad as truth itself,

And high as heaven.....And your heart.
Shall turn to truth and goodness as the plant
Turns to the sun.....Be not afraid
To thrust aside half truths and grasp the whole.

—વિશ્વ પ્રકાશ તમારા આત્માને સુંદર બનાવે તેટલા માટે તમારા આત્માને વાસ્તે પ્રકાશ આવનારી અનેક બારીઓ રાખો. અસંખ્ય સ્થળોમાંથી પ્રકાશતાં તેજોમય કિરણો ગ્રહણ કરવાને એક અમુક પંથરૂપ કાચ સમર્થ નથી. તેમાંના ખોટી ભ્રાન્તિઓના પડદાઓને ચીરી નાખો. સત્ય જેટલી વિશાળ અને સ્વર્ગ જેટલી ઉંચી સુંદર બારીઓદ્વારા પ્રકાશને અંદર આવવા દો; અને જેવી રીતે એક છોડવો સૂર્ય તરફ વળે છે તેમ તમારું હૃદય સત્યની અભિમુખ સ્વયમેવ થઇ જશે. અર્ધા સત્યનો (અમુક અપેક્ષાવાળા સત્યનો) ત્યાગ કરી સંપૂર્ણ (સર્વ અપેક્ષાવાળું) સત્ય ગ્રહણ કરતાં જરા પણ ગભરાતા નહિ.

આત્મદર્શન.

જે શોધે પરમાર્થ ભૂતલ વિષે તેને સદા ધન્ય છે;
જે ધારે નિજ જ્ઞાન ધ્યાન ઉરમાં તેને સદા ધન્ય છે;
જે ચાખે રસ શુદ્ધ આત્મ સ્વપનો તેને સદા ધન્ય છે;
બાકીના જન ભૂલમાં ભટકતા આયુ:વૃથા ખોય છે.

લેખનો હેતુ:—શ્રી વીતરાગના અભેદમાર્ગમાં આત્મજ્ઞાનનોજ મુખ્ય ઉપદેશ હોવાથી આ લેખમાં તેનેજ મુખ્ય સ્થાન આપવામાં આવ્યું છે. જૈનબંધુઓએ સ્વ અને પરમતના જાણુ થવું જોઇએ, આ હેતુ સિદ્ધ થવા માટે આ લેખ શ્રી કૃપાળુ વીતરાગ દેવનાં વચનોથી પૂર્ણ કરેલ છે પણ વચ્ચે વચ્ચે ખાસ રામાયણ, શ્રીમદ્‌ભાગવત, ગીતાજી, ઉપનિષદો, વેદાંત, વિગેરેનું કાંઇ કાંઇ શુભજ્ઞાન થવા સારૂ તે સર્વનું સમ્યગ્ દૃષ્ટિવડે વિવેચન કરવામાં આવ્યું છે. આ વિવેચન લક્ષ પૂર્વક વાંચી જવાથી જૈન ઉપરાંત અન્યમતના વિચારોનું પણ અંશે જ્ઞાન મળશે. રામાયણ, ભાગવત, ગીતાજી, ઉપનિષદો, વગેરે અન્યમતના ગ્રંથો પણ શ્રી વીતરાગના અભેદમાર્ગનુંજ ભજન કરે છે એ પણ તેમના વચનોના લગભગ અભેદપણાથી સમજાશે. દરેક ધર્મોનું સમદૃષ્ટિવડેજ અવલોકન થવું જોઇએ પણ વિષમદૃષ્ટિ વડે અવલોકન કરવાથી શ્રી ભગવાન સૂત્રકારના ફરમાન મુજબ " **मिच्छ दिट्ठि मिच्छ सूयं** " મિથ્યા દૃષ્ટિવાળાને સર્વ મિથ્યાજ જણાય છે પણ ખરા સ્થળે સત્ય મળતુંજ નથી સત્ય તો સમ્યગ્ દૃષ્ટિવાળાને જ મળે છે. " **समदिट्ठिस्स सम्मसूयं** ॥ સમ્યગ્‌દૃષ્ટિને સર્વ સમ્યગ્‌રૂપે જ પરિણમે છે. જે મિથ્યા દૃષ્ટિ હશે તેને બધામાંથી દોષોજ જણાશે અને જે સમ્યગ્ દૃષ્ટિ હશે તેને સર્વત્ર ગુણજ દેખાશે. આ સર્વ દૃષ્ટિનોજ ભેદ છે. અનેક મત પંથના ઝગડાને પરિણામે ભરતક્ષેત્રનું પતન તે કેવલ મિથ્યાદૃષ્ટિને જ આભારી છે. ભરતક્ષેત્રમાં જ્યારે સમ્યગ્ દૃષ્ટિની અભિવૃદ્ધિ થશે ત્યારે જ શુભ ગુણોદ્વારા ઐક્ય સાંપડશે. આ લેખ ઉપરથી સમજાશે કે જો આધ્યાત્મિક દૃષ્ટિએ જગતનું અને જગતના ધર્મોનું નિરીક્ષણ કરતાં

આપણા બાંધવો શીખશે તો અખિલ ભારતવર્ષમાં અને તેમના ધર્મોમાં ઐક્ય થયા વગર રહેશે જ નહિ. આ લેખનું વાંચન એવી રીતે કરવું કે જૈન અને વેદાંતાદિ વચ્ચે સમભાવ ટકી રહે એટલે કે રાગદ્વેષ ન થાય છતાં પણ જૈન અને વેદાંતશૈલીનું મિશ્રણ પણ ન થાય. ધર્મ પામવાનું ફલ રાગદ્વેષનો અભાવ થવો એજ છે. જે માણસો ધર્મના નામથી બીજા ધર્મ સાથે લડે છે, બીજાને દુઃખ ઉપજે એવા કઠોર શબ્દો બોલે છે તે માણસો ખરું જોતાં ધર્મજ પામ્યા નથી. જે વડે સમભાવનો લાભ થાય તેવો ધર્મજ આદરણીય છે. અખિલ વિશ્વમાં સમભાવનો લાભ શ્રી વીતરાગના અભેદ માર્ગથીજ થઇ શકે છે. આ લેખમાં જ્યાં જ્યાં જગત્ આવે ત્યાં ત્યાં શરીરાદિ સમજવાં. જગત્ ત્રણકાળનાં નથી. શરીરાદિના સ્વભાવો આત્માના સ્વભાવો ત્રણકાળમાં નથી. શિવ એટલે સિદ્ધ માયા અવિદ્યા એટલે કર્મ તથા તેનું અજ્ઞાન. રામ એટલે આત્મા. રાવ એટલે વિવેક. કૃષ્ણ એટલે આત્મા વગેરે શૈલી ધ્યાનમાં રાખવી અને શાન્ત ચિત્તે મનન કરવું. આ લેખનો અંતિમસાર એટલોજ સમજવો કે જગતમાં જે જે ગ્રંથોમાં આત્મજ્ઞાન છે તે શૈલી ભેદે શ્રી વીતરાગના અભેદ માર્ગમાંથી જ આવેલ છે માટે જગતમાં સર્વોપરી શ્રી વીતરાગનો અનેકાંત અભેદમાર્ગજ છે. વીતરાગના વચનોનાં અનંતા અર્થ થઇ શકે છે.

મુખ્ય વિષય:—

અહં મમત્વથી સર્વ પ્રકારે રહિત થઇને જેઓ સનાતન, અખંડ, સ્વરૂપમાં રાજી રહેલા છે તે શુદ્ધસ્વરૂપી મહાત્માઓને નમસ્કાર.

જગતમાં સર્વોત્કૃષ્ટ આત્મદર્શન કેવલ વીતરાગ દેવનેજ છે.

જે સચ્છાસ્ત્ર અને સુગુરૂ ઉપર શ્રદ્ધાવાન છે તથા જે નિજગુરૂ ઉપર નિષ્ઠા રાખે છે, વળી જે જિતેંદ્રય છે તેનેજ આત્મજ્ઞાન, આત્મદર્શન અને આત્મઅનુભવ થાય છે, **અર્થાત્ આત્મવિદ્યા સત્પુરૂષ વડેજ શ્રવણ મનન અને નિદિધ્યાસન વડે નિત્ય સેવાય છે.** તે પરમ પવિત્ર આત્મવિદ્યા એવી તો ગુપ્ત છે કે અનધિકારી તેને જાણી શકતા નથી, વળી તે આત્મવિદ્યા પાસે મન વાણી પણ પહોંચી શકતાં નથી એવી તથા તેને સૂર્ય ચંદ્રાદિના તેજની અપેક્ષા નથી એવી તે ગુહ્ય છે.

આત્મસ્વરૂપ સર્વલોકને પ્રગટ થતું નથી કારણ કે તે યોગ માયાવડે ઘેરાયલું છે. માટે અજ્ઞાની લોકો અવિનાશી તથા નિર્વિકાર એવા ચૈતન્ય આત્મ સ્વરૂપને જાણી શકતા નથી.

આત્મવિદ્યા, એ સર્વ વિદ્યાઓના રાજા અર્થાત્ સર્વોત્કૃષ્ટ છે તથા ગુપ્તમાં ગુપ્ત છે. અતિ પવિત્ર છે, જ્ઞાની પુરૂષોના પ્રત્યક્ષ ફળ દાયક છે, ધર્મમય છે, સહજમાં સારી રીતે મેળવી શકાય તેમ છે, તથા અક્ષય ફળદાયક તેમ અવિનાશી છે.

આ જગતનું મૂળ અવિનાશી કારણ આત્મા કહેવાય છે. શ્રુતિમાં પણ **एतद्वैतदक्षरं गार्गि ब्राह्मणा अभिवंदति** ' હે ગાર્ગિ ! તે કારણરૂપ અક્ષર–આત્મા–આજ જાણવા કે જેને બ્રાહ્મણો અક્ષર બ્રહ્મ–આત્મા–કહે છે.

આત્મવિદ્યાવડે જ્ઞાનવંત અલ્પ સમયમાંજ સર્વ પ્રકારનાં કર્મો એટલે અનર્થ રૂપ અવિદ્યાને તથા વિક્ષેપાદિ તેના કાર્યને નાશ કરીને જગતના કારણ ભૂત પ્રકૃતિથી પર સ્વતંત્ર સંપૂર્ણ દિવ્ય ચૈતન્યમય આત્મસ્વરૂપને પામે છે.

આત્મવિદ્યાને જાણનારની સ્થિતિ આત્મામય થઈ જાય છે, **આત્મજ્ઞાનીઓ હમેશાં સર્વત્ર સમદૃષ્ટિથીજ જુએ છે.** શ્વાન, ચંડાળ અને ગાયમાં પણ આત્મજ્ઞાનીઓ આત્મદૃષ્ટિથીજ જુએ છે.

જેમ અગ્નિ કાષ્ટને ભસ્મ કરી નાંખે છે તેમ આત્મજ્ઞાનરૂપી અગ્નિ સર્વ કર્મોને ભસ્મ કરી નાંખે છે.

અનંતશક્તિધારક આત્મા સ્વયંપ્રકાશ છે પણ પરપ્રકાશ નથી. સૂર્યચંદ્રાદિ કે જે મનુષ્યદૃષ્ટિમાં પ્રકાશયુક્ત જણાય છે તે પ્રકાશવડે કાંઇ આત્મસત્તા પ્રકાશવંત નથી. સૂર્યચંદ્રાદિનો પ્રકાશક પણ આત્માજ છે. શ્રુતિમાં કહ્યું છે કે " **एतस्य वाक्षरस्य प्रशासने गार्गि सूर्या चंद्रमसौ विधृतौ तिष्ठतः** " હે ગાર્ગિ! આ અક્ષર–આત્મા–ની આજ્ઞામાં સૂર્યચંદ્ર નિવાસ કરીને રહેલા છે અર્થાત્ સૂર્યચંદ્રાદિ આત્મસત્તાવડેજ પ્રકાશમાન છે. પણ તે આત્માને સૂર્યચંદ્રાદિના પ્રકાશની અપેક્ષા નથી. ગીતાજીમાં પણ કહેલ છે કે **नतद्भासयते सूर्यो न शशांको न पावकः** " તે આત્માને સૂર્ય, ચંદ્ર કે અગ્નિના તેજની અપેક્ષા નથી, પોતે સ્વયંપ્રકાશ એટલે દિવ્ય છે. તે આત્મા સ્વયંપ્રકાશ છે એટલુંજ નહિ પણ અતિ સુખરૂપ છે. જેને પામ્યા પછી જન્મ મૃત્યુ દુઃખ રહેતું નથી તેજ પરમાનંદ સ્વરૂપ કહેવાય છે. પરમાનંદનું વર્ણન વાણી વડે થઇ શકતું નથી, કિન્તુ કેવળ અનુભવગમ્યજ છે.

આત્મસ્વરૂપ, અહંકારથી પર છે, જ્ઞાનીના સમીપમાં અને અજ્ઞાનીથી અતિ દૂર છે. તે આત્મસ્વરૂપને બહિર્વૃત્તિએ શોધવાથી તે મળી શકતું નથી. તે બુદ્ધિરૂપી ગુહામાં રહેલું છે વળી તે ગુપ્ત પણે પ્રકાશે છે. તે તત્વને કોઇમાંથી કોઇ અને તેમાંથી પણ કોઇકજ પ્રાપ્ત કરી શકે છે.

એવા પ્રકારનું સ્વયંપ્રકાશ અને આનંદઘન તથા જે બુદ્ધિરૂપી ગુફામાં રહેલું આત્મજ્ઞાન પ્રકાશે છે તેમાં યત્ન કરનારાઓ પ્રવેશ કરે અર્થાત્ જેમનાં કર્મોનો અભાવ થયો છે એવાએજ તેને પામે છે. સંન્યાસ એટલે કર્મોનો અભાવ સિવાય સ્વરૂપનો સાક્ષાત્કાર થતોજ નથી. જ્યાં સુધી સ્વરૂપનો સાક્ષાત્કાર ન થાય ત્યાં સુધીજ કર્મો કરવાની આવશ્યકતા છે, પણ તે કર્મો નિષ્ફળ કરવાં જોઇએ કારણ કે નિષ્ફળ કર્મો કરનારજ સ્વરૂપસાક્ષાત્કારને પામે છે. બુદ્ધિનું અખંડ આત્માકાર થવું તે વિવિદિષા. એવી વિવિદિષા સ્થિતિ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી અવશ્ય કર્મો કરવાંજ જોઇએ. વિવિદિષા સ્થિતિવંતનો તો આત્મામાં પ્રવેશ થએલોજ છે. તે પ્રવેશ કર્માભાવવડેજ થયો જાણવો. કર્મફળત્યાગ તેજ કર્મ ત્યાગ. **કેવળ કર્મનો ત્યાગ કરવો તે કાંઇ સન્યાસ નથી પણ કર્મ ફળ ત્યાગ તેજ સંન્યાસ છે. એવા** કર્મ ફળ ત્યાગી સંન્યાસીજ આત્મામાં પ્રવેશે છે.

નિષ્ફળ કર્મો વડે અંતઃકરણ અતિ નિર્મળ થાય છે અને છેવટે જ્યારે બુદ્ધિ અખંડ આત્માકારે વર્તે છે ત્યારે કર્મો એની મેળેજ નાશ પામે છે, એનેજ શુદ્ધ સન્યાસ જાણવો. કર્મફળ ત્યાગ, તેજ ત્યાગ જાણવો. એવા ત્યાગ વડેજ સ્વરૂપનો સાક્ષાત્કાર થાય છે, શ્રુતિમાં પણ કહેલ છે કે **त्यागेनैके अमृतत्वमानशुः**—કેટલાક ત્યાગ વડે અમૃતપણાને પામ્યા છે. કર્મફળ ત્યાગી પુરૂષોને સ્વરૂપનો સાક્ષાત્કાર થાય છે ત્યારે તેઓ આનંદઘન બની રહે છે.

સંન્યાસનું કારણ વૈરાગ્ય છે. વૈરાગ્ય વિના સંન્યાસ નથી અને સંન્યાસ એટલે કર્મફળ ત્યાગ વગર શુદ્ધ અંતઃકરણ નથી. વૈરાગ્ય વિના ત્યાગ સંભવેજ નહિ. લોકાલોકના ભોગ

સુખાદિને નાશવંત જાણીને જે નિષ્ફળ કર્મ કરે છે તે સંન્યાસી-ત્યાગી—શુદ્ધ અંતઃકરણવાળાજ હોય છે. તેમને મારૂં તારૂં એવું મિથ્યાભિમાન હોતુંજ નથી. કર્મ ફળ ત્યાગ યોગથી જેમનું અંતઃકરણ શુદ્ધ થએલું હોય છે તેમને નિદિધ્યાસન પણ આત્માનુંજ હોય છે, શ્રદ્ધા, ભક્તિ, ધ્યાનાદિ સાધનાનુક્રમે ચઢતાં ચઢતાં કર્મફળ ત્યાગાશ્રમને પહોંચે છે. પુરૂષો અહંમમત્વથી રહિત હોય છે. સ્વરૂપનો સાક્ષાત્કાર પણ તેવાનેજ થાય છે. કેટલાક ત્યાગીઓ તો માત્ર નામનાજ ત્યાગીઓ હોય છે તેમનાં લક્ષણ વાર્તિકકાર નીચે પ્રમાણે જણાવે છે કેઃ—

प्रमादिनो बहिश्चित्ताः पिशुनाः कलहोत्सुकाः ।
संन्यासिनोपि दृश्यन्ते दैवमन्दुषिताशयाः ॥

અર્થઃ—પ્રમાદવાળા, બહિર્દૃષ્ટિયુક્ત, ચાડીખોર, કલેશ-કંકાસ-કરવામાં ઉત્સાહયુક્ત, દૈવયોગે મલિન અંતઃકરણયુક્ત, એવા પણ ત્યાગીઓ દૃષ્ટિગોચર થાય છે. એવા શુષ્ક સન્યાસીઓ પગથીએ પગથીએ ચઢેલા નહિ હોવાથી સ્વરૂપના સાક્ષાત્કારને લાયક નથીજ. પરન્તુ અધ્યાત્મશાસ્ત્રનારપષ્ટીકરણ તાત્પર્યાર્થનો નિશ્ચયરૂપી જે શ્રવણ મનન તે યુક્ત, કર્મફળ ત્યાગ યોગથી જેમનું અંતઃકરણ શુદ્ધ થયેલું છે એવા અર્થાત નિદિધ્યાસન યુક્ત એવાં દિવ્ય ગુણરૂપી વિશેષણ સંપન્ન હોય છે તેમનેજ સ્વરૂપનો સાક્ષાત્કાર થાય છે એટલે તેઓજ પરમશાન્તિને પામે છે.

કેવળ ત્યાગથીજ અમૃતત્વ પમાય છે એમ તે સિવાય કર્મથી, પ્રજ્ઞાથી કે ધનાથી તે પરમપદ પમાતું નથી. ત્યાગયોગ સાધવાની ઇચ્છા થાય પણ મનમાં દેવલોકાદિના સુખ ભોગની ઇચ્છાઓ હોય તો, અર્થાત્ જેમને અમૃતત્વ પામવાની ઇચ્છા હોય પરંતુ તે વિદ્યા પ્રાપ્ત કરતાં પહેલાં દેહ પડીજાય તો તેવા પુરૂષની દુર્ગતિ થતી નથી પણ સદ્ગતિ થાય છે. કલ્યાણને રસ્તે ચડેલાનું કદિપણ અકલ્યાણ થતું નથી. ગમે તો ઘણાં સાધન કર્યા હોય અને ગમે તો ન કર્યાં હોય પણ પરમપદ જે રીતે પમાય એવીજ માત્ર ઇચ્છા કરી હોય તે સઘળા વહેલા મોડા કોઇ પણ સમયે અમૃતત્વને પામવાનાજ પણ તેઓમાંથી કોઇનું પણ અકલ્યાણ થશે નહિ. ગીતાજી પણ કહે છે કેઃ—**जिज्ञासुरपि योगस्य शब्द ब्रह्मातिवर्तते** સ્વરૂપ જાણવાની ઇચ્છાવાળો હોય તે પણ યોગમાં પ્રવેશ કરતી વેળાએજ યોગભ્રષ્ટ થાય તો પણ તે શબ્દ બ્રહ્મને ઓળંગી જાય છે. પણ તેનું અકલ્યાણ તો થાયજ નહિ. અપૂર્ણ યોગીઓ તેમની ઇચ્છાભૂત એવા દેવલોકને પામે છે. કાળાંતરે ત્યાંથી ચ્યવીને કોઇ ગૃહસ્થ અથવા યોગનિષ્ઠ જ્ઞાનીઓના કુળમાં જન્મે છે અને ત્યાંથી સ્વરૂપ સાક્ષાત્કારના સાધનો વડે પરમપદમાં પ્રવેશ કરે છે.

અલ્પ અને સાધારણ પ્રયાસવાળા યોગભ્રષ્ટો પણ દેવલોકમાંથી પડયા પછી ગૃહસ્થ વા જ્ઞાનીને ઘેર અવતાર લઇ કાળાંતરે પરમ પદનેજ પામે છે. શ્રુતિમાં કહ્યું છે કેઃ—"**परामृतात् परिमुच्यन्ति सर्वे**" સઘળા પાપથી મુકાઇ જાય છે. કોઇ વહેલા અને કોઇ મોડા પણ, જેટલાએ કલ્યાણનો રસ્તો પસંદ કરેલ છે તે સઘળાઓ દેવલોકમાં સુખાદિનો અનુભવ કર્યા પછી મનુષ્ય લોકમાં આવીને અપરોક્ષજ્ઞાને કરીને સર્વોત્કૃષ્ટ અમૃતરૂપ બને છે અર્થાત્ મુક્ત થાય છે.

જ્યાં સુધી કર્માવરણ રૂપ માયા છે **ત્યાં સુધી** જન્મ મરણ છે. જ્યારે કર્મ

આવરણરૂપ માયાથી મુક્ત થવાય ત્યારેજ મુક્તિ સંભવે છે. સ્વરૂપનો સાક્ષાત્કાર થવો એટલે કર્મઆવરણ રૂપ માયાથી મુકાવું. જ્યાં સુધી સ્વરૂપનું ભાન નથી ત્યાં સુધીજ માયા કહેવાય છે. સ્વરૂપનો સાક્ષાત્કાર કરતાં વચ્ચે આવીને આવરણ કરે તેનેજ માયા જાણવી. તે માયા સત્ત્વ, રજ અને તમ એ ત્રિગુણાત્મક છે. સ્વરૂપનો સાક્ષાત્કાર થવો એજ માયાથી મુક્ત થવું જાણવું. જ્યાંસુધી સ્વરૂપનો સાક્ષાત્કાર નથી થયો ત્યાં સુધી કર્મ આવરણ રૂપ માયા છે અને સ્વરૂપનો સાક્ષાત્કાર થયો એટલે માયા નથીજ. જ્યારે સાધન કરતાં કરતાં કાળાન્તરે સ્વરૂપનો સાક્ષાત્કાર થાય છે ત્યારે સાધક, અવ્યાકૃત એટલે માયા અર્થાત્ કર્માવરણથી મુક્ત થાય છે.

એ પ્રમાણે યોગભ્રષ્ટ પુરૂષની સ્થિતિ થાય છે. કદાચ પ્રતિબંધ ન હોય તો અલ્પ કાળમાંજ વિદેહ મુક્તિ પામે એવા આશયથી વ્યાસસૂત્રમાં કહેલ છે કેઃ "**असति प्रतिबन्धे इहैव तांस्तेमन्नमुत्रचेति**"

માયાતમ દૂર કરવાનો અત્યુત્તમ ઉપાય તે ધ્યાન યોગ છે. ધ્યાન કરવા બેસતા પુરૂષે આસન વાળ્યાં પહેલાં દેશને પસંદ કરવો જોઇએ. જે સ્થળમાં મનુષ્યાદિથી કોઇપણ જાતની ગરબડ ન થતી હોય એવા શુદ્ધ એકાંત સ્થળમાં અભ્યાસ કરવો. જે સ્થળમાં મનને વિક્ષેપ કરનારા પ્રતિબંધ હોય તે સ્થળમાં યોગાભ્યાસ બનવો મુશ્કેલ છે માટે જ મોટા મોટા યોગાભ્યાસીઓ પર્વતાદિ પસંદ કરે છે. તે પર્વતાદિ એકાંત સ્થળમાં પણ પશુ પક્ષી કે મનુષ્યાદિની કવચિત્ કવચિત્ પણ આવન હોય, તેમને પ્રતિબંધક જાણીને ગુફાઓ કરીને તેમાં રહે છે. ગુફાઓમાં પ્રતિબંધ કરનારા મનુષ્યાદિનું આવાગમન હોતું નથી.

એ પ્રમાણે શુદ્ધ એકાંત દેશ પસંદ કર્યા પછી તે યોગ માટે સુસમય નક્કી કરવો જોઇએ. જે સમયમાં ઉભયતા–દ્વંદ્વ–છે તે સમયમાં ધ્યાનનો સંભવ નથી. જ્યાં સુખ દુઃખ અથવા લાભાલાભ છે ત્યાં ધ્યાનયોગ સિદ્ધ થાય. મોટામાં મોટું દુઃખ તે દ્વંદ્વજ છે. જે સમયમાં વ્યાકુળપણું ન હોય તેવો સમય ઉત્તમ છે. જે સમયે સુષુમ્ણા નાડી વહે છે તે સમય વ્યાકુળપણાથી રહિત હોઇ ધ્યાનને માટે ઉત્તમ ગણાય છે.

એ પ્રમાણે દેશ તથા સમય પસંદ કરીને આસન પસંદ કરવું જોઇએ. જે આસને બેસવાથી સુખ થાય પણ ઉદ્વેગ ન થાય તે આસન પસંદ કરવું. અતિ ઉંચું પણ નહિ તેમ અતિ નીચું પણ નહિ પણ સમાન રહે એવી રીતે આસનને રાખવું. કેટલાક કેવળ ઉનનુંજ આસન કરે છે, કેટલાક કપાસના વસ્ત્રનું કરે છે, કેટલાક મૃગચર્મનું આસન કરે છે, કેટલાક તો સૌથી નીચે દર્ભાસન એની ઉપર વ્યાઘ્રચર્મ અને એની ઉપર વસ્ત્ર પાથરીને તે ઉપર બેસે છે. મનપસંદ આસન પાથરી તે ઉપર સ્વસ્તિકાસનાદિકમાંથી મનપસંદ પદ્માસનાદિક સુખાસને બેસીને મન તથા ઇંદ્રિયોને નિયમમાં રાખનાર યોગીએ મનને એકાગ્ર કરવું, પછી મનશુદ્ધિ માટે યોગાભ્યાસ કરવો.

એ પ્રકારે આસનનો પ્રકાર બતાવ્યો. આસનપર બેસવા માત્રથી સિદ્ધિ નથી પણ આંતર તથા બાહ્યશુદ્ધિની તેની સાથે આવશ્યકતા છે. ધ્યાનયોગ સાધ્ય કરતાં ગમે તેમ બેસવાથી ઘણો લાભ નથી પણ ડોક, માથું, અને શરીર આધાં ટટાર એક સીધી લીટીમાં રાખવાની જરૂર છે. દૃષ્ટિને દિશાઓ તરફ નહિ ફેરવતાં નાકની ડાંડી ભણી રાખવી એટલે નેત્ર તદ્દન બંધ નહિ તેમ તદ્દન ખુલ્લાં નહિ પણ અધખાં મીંચેલાં રાખવાં.

આત્મઅનાત્મની વિવેક જાણનાર યોગીએ ધ્યાનયોગ સાધતાં જ્ઞાનેંદ્રિય તથા કર્મેંદ્રિય અને મનને કબજે રાખવું જોઇએ. મનને કબજે કરવું અતિ મુશ્કેલ છે. **બંધ તથા મોક્ષનું કારણ મનજ છે. 'मन एव मनुष्याणां कारणं बंधमोक्षयोः** મનુષ્યોના બંધ અને મોક્ષનું કારણ મનજ છે, **મન એ સંકલ્પ વિકલ્પનું સ્થળ છે. છે અથવા નથી તે સંકલ્પવડેજ કલ્પાય છે. મનને** જીતવું કઠિન છે તોપણ યોગશાસ્ત્રમાં કહ્યું છે કે **' अभ्यास वैराग्याभ्यां तन्निरोधः અભ્યાસ અને વૈરાગ્યવડે તેને-મનને-રોકી શકાય છે. સાંખ્યશાસ્ત્રમાં પણ એજ પ્રમાણે કહેલ છે કે वैराग्यदभ्यासाच्च** વૈરાગ્ય અને અભ્યાસથી મનને જીતી શકાય છે. મનને માટે શ્રુતિ કહે છે કે—" **कामः संकल्पो विचिकित्सा, श्रद्धाऽश्रद्धा, धृतिरधृतिर्ह्रीर्धी र्भीरित्येतत्सर्वं मन एव** " કામ, સંકલ્પ, કર્ત્તવ્યની ઇચ્છા, શ્રદ્ધા, અશ્રદ્ધા, ધૃતિ-હિંમત, અધૃતિ-અધૈર્ય, લજ્જા, બુદ્ધિ, ભય, આ સર્વ મનજ છે આ સર્વ મનજ જાણી શકાય.

મનને જીત્યું તેણે સર્વ જીત્યું. મહાત્મા આનંદઘનજી મહારાજ કહી ગયા છે કે—

મન સાધ્યું તેણે સઘળું સાધ્યું, એહ વાત નહિ ખોટી,
એમ કહે સાધ્યું તે નવી માને, એ કહી વાત છે મોટી-લોલ.

એ પ્રમાણે મનસહ પંચ જ્ઞાનેંદ્રિયો તથા પંચ કર્મેંદ્રિયોને અર્થાત્ એકાદશ ઇંદ્રિયોને પોતપોતાના વિષયમાં જતી અટકાવીને ધ્યાનયોગ કરવો. જ્યાંસુધી ઇંદ્રિયોનો નિરોધ નથી ત્યાંસુધી ધ્યાનયોગ થઇ શકશે નહિ. ચિત્તવૃત્તિનો નિરોધ કરવો તેનું નામજ યોગ છે. **योगश्चित्तवृत्तिनिरोधः** એ યોગશાસ્ત્રનું બીજું મહાસૂત્રછે. મનને રોકવાથી બાકીની ઇંદ્રિયો સહેજેજ રોકાશે.

યોગ સાધવા બેઠેલા યોગીએ યોગની શરૂઆત કરતાં પહેલાં તે માર્ગ બતાવનાર સુગુરૂદેવને પ્રણામ કરવા જોઇએ. ગુરૂવગર જ્ઞાન નથી વળી તે પ્રણામ ભક્તિસહ કરવા જોઇએ. શ્રુતિ કહે છે કે ' **यथादेवे तथा गुरौ** તથા **'भक्त्या स्वगुरुं प्रणम्य' तत्त्ववेत्ता गुरु परमात्म स्वरूपज छे. गुरुनी कृपावडे न बनी शके तेवुं कयुं नथी. शास्त्रनी कूट बाबतो गुरुवगर समजती नथी.**

હૃદયકમલમાં ધ્યાન કરવું જોઇએ, હૃદયકમલ મોહાદિ તમો ગુણથી તથા રાગાદિ રજો ગુણથી રહિત છે એમ જાણવું જોઇએ. જ્યાંસુધી રજો ગુણ અને તમો ગુણની પ્રવૃત્તિ હશે ત્યાં સુધી ધ્યાન થઇ શકશે નહિ, કારણ કે ગુણ છે તે માયાનું કાર્ય છે. હૃદયમાં દોષમાત્ર નથી એવી રીતે હૃદયકમલનું ધ્યાન ધરવું-એ હૃદય કમલના મધ્યમાં ચૈતન્ય આત્મ-સ્વરૂપ-પરમાત્મસ્વરૂપ-નું ધ્યાન ધરવું.

ધ્યાન અધિકાર પરત્વે બે પ્રકારનું છે નિર્ગુણ અને સગુણ. જે ઉત્તમ અધિકારી હોય તેણે પરમાત્મ સ્વરૂપનું નિર્ગુણ ધ્યાન ધરવું અને જેનાથી નિર્ગુણ ધ્યાન ન બની શકે એમ હોય તેણે સગુણ ધ્યાન ધરવું.

નિર્ગુણ ધ્યાન એવી રીતે ધરવું કે:—

તે નિર્ગુણ પરમાત્મસ્વરૂપ સ્ફાટિકમણિવત્ નિર્મળ છે. ત્રણગુણાદિ દોષ તે સ્વરૂપમાં નથીજ. તે પરમાત્મસ્વરૂપ આનંદમય છે. તે સ્વરૂપમાં આધિ કે ઉપાધિરૂપી દુઃખ નથીજ. તેતો સદા

વિશેષજ્ઞ છે. શ્રી નિર્ગુણ સ્વરૂપ અગાધ મહિમાવાળું હોઇ ચિંતવનમાં આવી શકેજ નહિ, અર્થાત્ મનવાણી ત્યાંપહોંચીશકતાં નથી. માત્ર તે સ્વરૂપ થએજ તેનું ચિંતવન અનુભવ દ્વારા કરી શકાય છે. તે સ્વરૂપ અવ્યકત છે, એના રૂપ, રંગ કે ગુણ, ઇંદ્રિય વડે જણવામાં ન આવે તેવું છે, એટલે કોઇપણ ઇંદ્રિયથી વ્યક્ત ન થાય તેવું છે, અર્થાત્ ગુણાદિથી રહિત છે. દેશ, કાલ, વસ્તુકૃત માપ કે પરિચ્છેદ રહિત છે વળી તે નિર્ગુણ સ્વરૂપ મંગળમય છે તે સુખસ્વરૂપ છે તેને કોઇપણ જાતનો ઉપદ્રવ નથી, એનામાં ક્રૂરતાદિ કોઇ પણ દોષો નથી જ. તે સ્વરૂપ અતિશાન્ત છે તે સ્વરૂપને મૃત્યુ વગેરે કોઇ બાધ કરી શકતા નથી એ તો અમૃતજ છે. ભૂત, વર્ત્તમાન અને ભવિષ્ય એ ત્રણ કાળ જેનો સ્પર્શ કરી શકતા નથી એવું છે. જેનો કદિપણ નાશ નથીજ. એ પરિપૂર્ણ સર્વકારણ રૂપ છે, સર્વ શરીરોની ઉત્પત્તિ તથા લય એથીજ છે. શ્રુતિ કહે છે કે ' **यस्माज्जातं जगत्सर्वं यस्मिन्नेव विलीयते** ' જેમાંથી સર્વ સુખ દુઃખ રૂપ-જગતનો જન્મ થાય છે અને જેમાં સર્વ જગત્ લીન થાય છે તે આદિ કારણરૂપ નિર્વિશેષ આત્મસ્વરૂપજ છે. શ્વેતાશ્વેતર ઉપનિષદ્માં છઠ્ઠા અધ્યાયના નવમા મંત્રમાં કહ્યું છે કે " **सकारणं करणाधिपाधिपो** " તે પોતેજ સર્વનું આદિ કારણ છે એમ કહેલ છે તે આદિ મધ્ય અને અંતરહિત છે, જેનું માપ થઇ શકે નહિ તેવું અનંત છે તે સ્વરૂપ અદ્વિતીય છે. એક આત્મતત્ત્વજ સનાતન હોઇ અદ્વૈત છે બીજું બધું નાશવંત તથા કલ્પિત હોઇ અસત્ય-ખોટું છે અર્થાત્ તે જ્ઞાનદૃષ્ટિએ નથી જ. કેવળ નિર્ગુણ શાન્ત સ્વરૂપ જ છે. તે વિભુ છે. તે પરમાત્મ સ્વરૂપ ચૈતન્ય તથા આનંદ સ્વરૂપ છે. એ ચૈતન્યાનંદ સ્વરૂપ નિરવધિ છે. ચૈતન્યનો આનંદ એટલો બધો છે કે તેને વાણી વર્ણવી શકે જ નહિ, એનો જેને અનુભવ થાય તેજ જાણી શકે છે. તે અપાર અને અનંત છે. જેનું કોઇ રૂપ નથી એટલે તે કેવું છે તે વાણી વડે કહી શકાતું નથી માટે તેને અરૂપ કહેલ છે. તે સ્વરૂપ આશ્ચર્યમય છે. તેમાં જેનો પ્રવેશ થએલ છે તેઓને અહો ! અહો ! રૂપજ લાગે છે. શ્રી કૃપાળુ વીતરાગ દેવના આજ્ઞાપ્રમાણે સત્તાગતે અનંત આત્માઓ એક રૂપ છે અને સર્વ જન્મ મૃત્યુ સુખદુઃખ વગેરે સૃષ્ટિના કારણ ભૂત પણ આત્માજ છે

અનંત જ્ઞાનમય, અનંતદર્શી, વેદનારહિત; અગુરૂ લઘુ અજરામર નિરાકાર અદ્રોપ અનંત શક્તિવંત, એવા શુષ્ક ગુણો પરમ કૃપાળુ સર્વોત્કૃષ્ટ સિદ્ધ પરમાત્મામાં છે.

શ્રી આચારાંગ સૂત્રના પાંચમા અધ્યયનના છઠ્ઠા ઉદ્દેશે પરમપદનું વર્ણન કરતાં કહેલું છે કે " વાણીથી તે સુખ વર્ણવી શકાતું નથી, વિચારમાં પણ તેવિચારી શકાતું નથી, મતિ ત્યાં પહોંચી શકતી નથી. નિષ્કલંક છે, અદ્વિતીય છે, -**उपमा**-એકલું છે, શરીરાદિ તેને નથી, સર્વજ્ઞ છે. **नकाउ**-કાય નથી-; જન્મ મરણ નથી, પુરૂષ નથી, સ્ત્રી નથી, નપુંસક નથી, સમસ્ત પ્રકારે જાણે છે, સિદ્ધ પદાપદ રહિત છે, સિદ્ધને કોઇ નામે બોલાવી શકાય તેમ નથી, અનુપમ છે, અચિન્ત્ય છે, વળી એજ સૂત્રમાં કહેલ છે કે " **सव्वे सराणि अट्टन्ति तक्का जत्थेण विज्जति मती तत्थणगाहिता ओए अप्पति ट्ठाणस्स खेयन्ने ।**

અધ્યયન ૫ મું. ઉદ્દેશ છઠ્ઠો, ગાથા ૩૩૦ મી.

ભાવાર્થ ઉપર આવી ગયો એજ છે એટલે " કોઇ શબ્દ સિદ્ધની અવસ્થાને વર્ણવી શકતો નથી, કલ્પના તેને પહોંચતી નથી. સકલ કર્મરહિત આત્મા સંપૂર્ણ જ્ઞાનમય વિરાજમાન હોય છે.

उवमाण विज्जति, अरुवीसत्ता, अपयस्स पयणत्थि ।૩૩૨। તેઓ અનુપમ છે કારણ કે **અરૂપિસત્તા છે, અવસ્થારહિત** છે, માટે કોઇ શબ્દ તેમનું વર્ણન કરી શકતો નથી.

ઉપર પ્રમાણે હૃદયકમલનેવિષે નિર્ગુણ સ્વરૂપનું ધ્યાન ધરવું, ઘણાજ ઉત્તમ અધિકારી વડેજ આ અનંત સુખમય ધ્યાન થઇ શકે છે, મંદાધિકારીથી નિર્ગુણ ધ્યાન થઇ શકતું નથી માટે તેણે પોતાના ઇષ્ટનું સગુણ ધ્યાન ધરવું કે જેનાવડે પણ અલભ્ય પ્રાપ્તિ થઇ થઈ શકે છે.

આગળ કહ્યા પ્રમાણે સ્થળ, સમય, આસનાદિ પસંદ કરીને મંદાધિકારી વગે શાન્ત ચિત્તે પોતાના હૃદયકમલમાં સગુણ ધ્યાન કરવું. સગુણ ધ્યાન પણ નિર્ગુણ ધ્યાનના પગથીઆં રૂપ છે. હૃત્પદ્મમાં પદ્માસનસ્થ, મંદમંદ હસતું, મહાશાન્ત, તેજસ્વી, એવું નિર્ગુણ રૂપી સગુણ સ્વરૂપ નખશિખા પર્યંત ધારવું તેમાં વિલીન થઇ જવું. એ પ્રમાણે સર્વજ્ઞનું ધ્યાન ધરવું. સર્વોત્કૃષ્ટ સગુણ ધ્યાન શ્રી જિનપ્રતિમાજીનું છે.

કેટલાક ઉમાસહ વર્તમાન શંભુનું ધ્યાન ધરે છે. કેટલાક રામ લક્ષ્મણ ભરત શત્રુઘ્ન સીતાસહનું ધ્યાન ધરે છે તથા તે સંબંધી વિચાર કરે છે, કેટલાક શ્રી કૃષ્ણનું ધ્યાન ધરે છે તથા રાસલીલા, વગેરેનો વિચાર કરે છે. એ પ્રમાણે સગુણ ધ્યાન અનંત પ્રકારે ધરવાનો વીવાજ અધિકારી પરત્વે ભિન્ન ભિન્ન ચાલ્યો આવે છે એ સર્વે ધ્યાનોનું રહસ્ય અતિ ગૂઢ છે. દરેક ધ્યાનના વ્યંગ્યાર્થો નિર્ગુણ રૂપિજ છે. ફક્ત અધિકારી પરત્વે સગુણ, નિર્ગુણ માટે મહાત્મા પુરૂષોએ બતાવેલ છે.

ઉમાસહ વર્તમાન શંકરના ધ્યાન સંબંધે વિચાર કરીએ તો જણાય છે કે ઉમા એટલે આત્મવિદ્યા, કે આત્મવિદ્યા જેને સહાયમાં છે તે રાણોમાં શ્રી ઉમાજીને શ્રી શંકરનું ડાબું અર્ધું અંગ કહેલું છે. વળી શ્રી શંકરને હમેશાં ઉમાસહવર્તમાન કહેવામાં આવે છે. શુદ્ધ આત્મ સ્વરૂપ કલ્યાણમય—શ્રીશંકર-તો સદા આત્મવિદ્યા સહવર્તમાન છે. તે શંકર આત્મવિદ્યાને જ ગ્રહણ કરે છે કારણ કે ' **तत्वज्ञान फलेग्रहि** ' તત્વ જ્ઞાન રૂપી ફળને ગ્રહણ કરનાર શંકરને કહેલા છે. આત્મવિદ્યા-ઉમા-સહહોઇ એમ સ્વરૂપ સાક્ષાત્કાર કર્યો છે. તથા બીજાઓને પણ તે સાક્ષાત્કાર કરાવા સમર્થ છે એ પ્રમાણે ઉમાસહવર્તમાન શંકરનો અર્થ દેખીતો સગુણ છે પણ વ્યંગ્યાર્થે નિર્ગુણજ છે વળી આત્મવિદ્યાસહ કલ્યાણકારી સ્વરૂપ-શંકરને પરમેશ્વર કહેલ છે. ઇશ્વરનું લક્ષણ એવું છે કે " **यत्र काष्ठाप्राप्तिरैश्वर्यस्य स ईश्वरः** ઐશ્વર્યની કાષ્ઠા પ્રાપ્તિ હદ થઇ જાય કે એથી અધિક ઐશ્વર્યવાન કોઇ નથી અને એથી અધિક કોઇ થઇ શકે નહિ તે ઇશ્વર કહેવાય છે. શ્રી પાતંજલ યોગદર્શનમાં ઇશ્વરનું લક્ષણ એવું છે કે—**क्लेश कर्म विपाकाद्यै रपरामृष्टः पुरुषविशेष ईश्वरः** ' કલેશ કર્મ વિપાકાશય વડે અસંસ્પષ્ટ તે પુરૂષ વિશેષ ઇશ્વર અથવા પુરૂષોત્તમ કે પરમેશ્વર, આત્મવિદ્યા યુક્ત જે શુદ્ધસ્વરૂપ, કલેશ કર્માદિ રહિત છે તે પરમેશ્વર છે. એ શુદ્ધાત્મસ્વરૂપ-શંકર— સર્વ શક્તિમાન હોઇને તેમને પ્રભુ પણ કહેવામાં આવે છે. સર્વ તેનું જ-આત્માનું જ-સામર્થ્ય છે. તે કલ્યાણકારી આત્મસ્વરૂપને ત્રિલોચન કહેવામાં આવે છે. સાધારણ મનુષ્યોને બે ચક્ષુ હોય છે તે તો તે શુદ્ધસ્વરૂપીને છે પણ એક ત્રીજી ચક્ષુ શંકરના કપાળમાં છે એમ કહેવામાં આવે છે. સગુણસ્વરૂપે સૂર્ય, ચંદ્ર અને અગ્નિસ્વરૂપી ત્રણ આંખો છે. તેજ ચક્ષુને નિર્ગુણસ્વરૂપે ઘટાડતાં, ત્રિજી ચક્ષુ કે જે અગ્નિરૂપી છે તે અધ્યાત્મવિદ્યારૂપી જાણવી. જ્ઞાન અગ્નિ સર્વને ભસ્મ કરી નાંખે છે

તેમ જ્ઞાનીનું ત્રિજું લોચન, કે જે અધ્યાત્મ વિદ્યારૂપી છે તે વડે જ્ઞાનદૃષ્ટિએ જોતાં શુદ્ધ સ્વરૂપ સિવાય બીજું બધું અસત્ય જણાય છે. અર્થાત્ ભરમ થઇ જાય છે. નિર્ગુણસ્વરૂપે જ્ઞાનીને શુદ્ધસ્વરૂપ સિવાય બીજું કશું નથીજ. જ્યારે શ્રીશંકર ત્રિજું લોચન ઉઘાડે છે ત્યારે ત્રિલોકી નાશ થઇ જાય છે એટલે જ્ઞાનદૃષ્ટિ કે જે ત્રિજ્જ દૃષ્ટિ છે તે દૃષ્ટિએ જોતાં જગત્ કે જે સંકલ્પથી ઉત્પન્ન થએલું છે તે ભાસતું નથી. કેવળ અખંડ શુદ્ધસ્વરૂપ ભાસે છે. જ્ઞાન સમજણ કઠિન હોઇ ત્રિલોકી ભરમ થવાનો અલંકાર પુરાણોમાં વાપરેલ છે. સંસારમાંયારૂપિ ઝેર, આત્મજ્ઞાનીજ પી શકે છે. તેનો અલંકાર પુરાણમાં વાપરી ઝેરનું પાન શ્રીશંકરે કર્યાનું વર્ણન કરેલ છે.

એ પ્રમાણે પ્રશાંત આત્મજ્ઞાની પરમાત્મસ્વરૂપનું ધ્યાન ધરીને મન સ્થિર થયે નિર્ગુણ પરમાત્માનું ધ્યાન ધરવું કે જેથી સ્વરૂપનો સાક્ષાત્કાર તરત થાય છે, મનોવૃત્તિ સ્થિર થયા સિવાય નિર્ગુણધ્યાન થઇ શકતું નથી, મનોવૃત્તિને સ્થિર કરવાનું સાધન શાસ્ત્રોક્ત નિયમિત આહાર ઉપરાંત મનપસંદ સગુણ ધ્યાન પણ છે. સગુણ ધ્યાન સિદ્ધ થયા પછી નિર્ગુણ ધ્યાન સિદ્ધ થતાં વાર લાગતી નથી.

શ્રીરામ અને શ્રીકૃષ્ણના ધ્યાનાદિ વિસ્તીર્ણ વિષયોનો હેતુ પણ નિર્ગુણ ધ્યાન માટે જ છે, તે વિષે વિચાર કરીએ.

શંકરને વિશ્વાસ અને ભવાનીને શ્રદ્ધાનાં રૂપક જાણવાં. વિશ્વાસ અને શ્રદ્ધાસિવાય કોઇ પણ વાત સિદ્ધ થતી નથી; એ વગર અંતઃકરણમાં રહેલા પરમ સ્વરૂપને લોકો જોઇ શકતા નથી. શંકરે ભવાનીને રામાયણ સંભળાવી એટલે વિશ્વાસે શ્રદ્ધાને સ્વાત્મસ્વરૂપ સમજાવી તેદ્વારા નિશ્ચય કર્યો એમ સમજવું. વિશ્વાસ એટલે શ્રદ્ધા આવી એટલે સ્વરૂપ સમજાયું.

ચૈતન્યનો અને માયાનો વિવેક કરવા જ રામ અને સીતાજીનો પુણ્ય—અરણ્ય વિહાર સમજવો. સીતાને ચૈતન્યનો નિર્ણય કરનારી બુદ્ધિ અથવા આત્મ—વિદ્યા કે મહામાયા જાણવી.

સીતાજીને માયાસ્વરૂપે વર્ણવતાં, મહાત્મા તુલસીદાસજી કહે છે કે—

यन्मायावशवर्ति विश्वमखिलं ब्रह्मादिदेवासुरा ।
यत्सत्त्वादमृषैव भाति सकलं रज्जौ यथाहेर्भ्रमः ॥

જે માયાના તાબામાં બ્રહ્માદિ દેવો તથા અસુરો, વગેરે આખું વિશ્વવર્તે છે જે સત્ત્વથી રજ્જુમાં સર્પની ભ્રાન્તિની પેઠે સકલ જૂઠું છતાં સત્યની પેઠે ભાસે છે.

ત્રિવેણીઃ—સકલ કર્મનાશક કથા તે યમુના, તથા આત્મકથા, તથા પરમાત્મકથા, મળીને ત્રિવેણી; સંત સમાજ તે પ્રયાગ; વિશ્વાસ તે વડ; ધર્મ તે વડની અક્ષયતા; સત્સંગ છે એવા સર્વોત્કૃષ્ટ તિર્થરાજ—પ્રયાગરાજ—છે આવા પરમ પવિત્ર સત્સંગરૂપી પ્રયાગરાજમાં જઇ સ્નાન કરવાથી કાગની કોયલ અને બગના હંસ બને છે. વાલ્મિકિ, ભીલ હતા અને તે સત્સંગ રૂપી પ્રયાગમાં સ્નાન કરવાથી હંસ—ઋષિ કહેવાયા. નારદજી, દાસી પુત્ર હતા તે સત્સંગથી શ્રી વિષ્ણુનું મન કહેવાયા. અગસ્ત્ય, ઘડામાંથી જન્મ્યા હતા છતાં મહાન્ યોગીન્દ્ર ગણાયા છે.

દુર્ગા સપ્તશતીના દ્વિતીય અધ્યાયાદિમાં જે મહિષાસુર તથા દુર્ગાની વાત છે તે કહેવામાં ભાવાર્થ એવો છે કે-અવિદ્યાના ક્રોધાદિ સ્વરૂપી મહિષાસુરનું પ્રાબલ્ય થવાથી તે ક્રોધાદિએ સંતોષ, તપ, વગેરે દેવોનો અધિકાર પડાવી લીધો. અથવા દરેક ઇંદ્રિયે દેવોનાં સ્થાનો છે અને તે તે દેવોની મર્યાદામાં ઇંદ્રિયો પ્રવર્તે છે, પણ અવિદ્યા વ્યાપવાથી ઇંદ્રિયો નિયમવિરૂદ્ધ ગઇ તેથી દેવોની હકૂમતમાંથી નીકળી ગઇ જાણવી. એ અવિદ્યાના કાર્યરૂપ ક્રોધાદિ અનંત શક્તિ ધર મહિષાસુરનો અંત આત્મવિદ્યાવડેજ આવી શકે, તેટલા વાસ્તે શંકરાદિ—વિશ્વાસાદિ—દેવોએ આત્મવિદ્યારૂપિ ભવાની—દુર્ગા—વડે અવિદ્યાનાં કાર્યરૂપ મહિષાસુરને હણ્યો.

સત્સંગવડેજ અધ્યાત્મવાત સમજી શકાય છે. સ્વભાવની ઉલટપલટનું કારણ સંગજ છે; કહ્યું છે કે—

कान्तार भूमिरुहमौलिनिवासशीलाः प्रायः पलायनपरा जनवीक्षणेन ।
कूजन्ति तेऽपि हि शुकाः खलु रामनाम संगः स्वभावविपरीतविधौ निदानम् ॥१॥

અર્થઃ—વનમાં વૃક્ષોની શાખાઓ ઉપર રહેવાવાળા અને મનુષ્યને જોઇને ભાગવાવાળા પોપટ પણ સત્સંગના પ્રભાવથી રામનામ જપે છે, માટે સ્વભાવની ઉલટપલટનું સંગજ કારણ છે.

સર્વત્ર આત્મ સ્વરૂપવૃત્તિ-સમાનવૃત્તિ-કરવા જોઇએ. સર્વમાં સમદૃષ્ટિ થવાથી દ્વેષભાવ રહેવા પામતો નથી. એટલા માટેજ સનત્કુમાર સંહિતામાં પણ રામ અને ચૈતન્ય સ્વરૂપની પરબ્રહ્મની એકતા વર્ણવી છે. અને તેમાં સકલ જગતમાં સમાન દૃષ્ટિ કરવા માટે સકલ જગતને રામમય-આત્મમય-કહેલ છે.—

रामं सत्यं परंब्रह्म रामात् किंचिन्न विद्यते ।
तस्माद्रामस्य रूपोऽयं सत्यं सत्यमिदं जगत् ॥ स्पष्टार्थः ॥

એનેજ મળતું કથન મહારામાયણમાં પણ નીચે પ્રમાણે છેઃ—

भूमौ जले नभसि देवनरासुरेषु भूतेषुदेवसकलेषु चराचरेषु ।
पश्यन्ति शुद्धमनसा खलु रामरूपम् रामस्य ते क्षितितले समुपासकाश्च ॥

—સકલ જગતમાં સર્વ સ્થળે રામરૂપ-આત્મારૂપ-ની દૃષ્ટિ કરવી જોઇએ. જો આત્મસ્વરૂપની દૃષ્ટિ ન રહે તો દ્વૈતાભાસમાં અનાત્મા ઉપર રાગદ્વેષાદિ થશે એટલે કેવલ આત્મસ્વરૂપમાંજ વૃત્તિ રાખવી જોઇએ. બહિર્વૃત્તિ રાખવાથી રાગદ્વેષાદિ થાય છે અને તેથી પરમ પદ પ્રાપ્તિમાં વિઘ્ન થાય છે. અંતર્વૃત્તિદ્વારા પરમ ચૈતન્યનો સાક્ષાત્કાર થતાં પછી બીજી વૃત્તિ રહેતી નથી કેવલ ચૈતન્યમય વૃત્તિ બની જાય છે. ચૈતન્યમય વૃત્તિવંતને ભિન્નભાવ રહેતો નથી. તેમને સર્વદ્રવ્ય, સર્વક્ષેત્ર, સર્વકાળ અને સર્વભાવમાં એક સનાતન સ્વરૂપમાંજ વૃત્તિ રહે છે.

આત્મ સ્વરૂપ મંગલમાં પણ મંગલરૂપ તથા પવિત્રોમાં પરમ પવિત્ર છે. **पवित्राणां पवित्रोऽयं मंगलानां च मंगलम् ।**

પરમ પવિત્ર આત્મવિદ્યાધારક મહાત્માઓ મલયાચલ સમાન છે કારણ કે મલયાચલમાં સર્વકાષ્ટ ચંદન બની રહેલ છે. એ મલયાચલરૂપી મહાત્માઓના સત્યજ્ઞાનરૂપિ ચંદ-

નની સુગંધના સત્સંગવડે કાષ્ટરૂપ અન્ય આત્માઓ પણ ચંદન-મહાત્માઓ-બની જાય છે. તેને માટે એક ઉક્તિ છે કે—

किं तेन हेमगिरिणा रजताद्रिणा वा यत्राश्रिताश्च तरवस्तरवस्त एव ।
मन्यामहे मलयमेव यदाश्रयेण कंकोल निम्बकुटजा अपि चंदनाः स्युः ॥

અર્થ:—તે સોના અગર ચાંદીના પર્વતવડે શું ? કારણ કે એમના આશ્રયે રહેલાં વૃક્ષો સદા વૃક્ષજ રહે છે. અમે તો મલયાચલને માનીએ છીએ કે જેના આશ્રયવડે કંકોલ, નીમ, કુટજ પણ ચંદન બની રહે છે.

કહેવાનો આશય એવો છે કે પરમ પુરૂષરૂપ વૃત્તિવાળાના સમાગમે સર્વ તેવાજ થાય છે, માટે ભીજા ગમે તેવા હોય પણ દ્વૈતભાવવાળા સોનારૂપાના પહાડરૂપ પુરૂષોના જ્ઞાનવડે તો કાષ્ઠના કાષ્ઠ અહંમમત્વરૂપી જીવનો જીવજ રહે છે પણ પરમ પુરૂષરૂપ થતો નથી. અદ્વિતીય પુરૂષના ઉપદેશવડે સર્વ પ્રાણીઓમાં સમાનદૃષ્ટિ થાય છે. એજ આશયનો ઉપદેશ શ્રી બ્રહ્માંડપુરાણમાં રામજી અને વસિષ્ઠ વચ્ચે આવેલ છે. કહ્યું છે કે—

यथानेकेषु कुंभेषु रविरेकोऽपि दृश्यते ।
तथा सर्वेषु भूतेषु चिंतनीयोस्म्यहं सदा ॥

અર્થ:—જેમ અનેક ઘડાઓમાં એક સૂર્ય ચળકતો જણાય છે તેમ સર્વ પ્રાણીઓમાં મને-શુદ્ધ ચૈતન્ય સ્વરૂપને-વિચારવો જોઇએ.

રામાયણ; આત્મવિદ્યાના વિષયથી ભરપુર છે. અને તેમાં અવિદ્યાના કાર્યરૂપ દૂષણ તથા ખરનું પણ વર્ણન છે. પરંતુ મુખ્ય મુદ્દો તેમાં અધ્યાત્મ વિદ્યાનો હોઇ તે અદૂષણ તથા સકોમલ ગણાય છે. કહ્યું છે કે—

नमस्तस्मै कृता येन पुण्या रामायणी कथा ।
सदूषणाऽपि निर्दोषा सखराऽपि सकोमला ॥

અર્થ:—સત્સંગના પ્રતાપવડે હલકી સ્થિતિમાંથી ઉંચી સ્થિતિને પામેલા વાલ્મીકિ ઋષિ, કે જેમનાવડે પુણ્યવંત રામાયણ કથા કરાયલી છે તેમને નમસ્કાર. ખર એટલે અકોમળ સહિત છતાં, સકોમલ છે અને દૂષણ સહિત છતાં અદૂષણ છે.

પરમ સાક્ષાત્કાર જેમને થએલો છે એવાનો દેહ તે અયોધ્યાપુરી છે, અને તેમાં જે બ્રહ્મવિદ્યા-આત્મવિદ્યા-છે. તે કલિ કલેશ મટાડનારી સરયૂ નદી છે. વળી તે અયોધ્યા-પુરી રૂપ દેહમાં વિદ્યાદિ નારીઓ તથા યોગ તપાદિ, પુરૂષો રહે છે, કે જેમના-ઉપર સા-ક્ષાત્કારવંત પુરૂષની ઘણી પ્રીતિ છે, અયોધ્યા, મથુરા, માયા, કાશી, કાંચી, અવંતિકા, દ્વારિકા, એ સાત પુરીઓ એકજ દેહમાં ઘટાવતાં, અયોધ્યા એ અજરામર ચક્ર છે કારણ કે તેને વિષ્નુ-વિરાટ-નાં મસ્તકમાં કહેલી છે.

સાત પુરીઓ:—

अयोध्या मथुरा माया काशी कांची अवन्तिका ।
पुरी द्वारावती ज्ञेया सप्तैता मोक्षदायकः ॥ स्पष्टार्थः ॥

સાતે પુરીઓને દેહ પરત્વે-વિરાટનાં-ઘટાવતાં:—

विष्णोः पाद अवन्तिका गुणवती मध्ये च कांची पुरी ।
नाभौ द्वारावती वदन्ति हृदये मायापुरी योगिनः ॥
ग्रीवामूल उदाहरन्ति मथुरां नासाग्रवाराणसी ।
मेतद्ब्रह्मपदं वदन्ति मुनयोऽयोध्यापुरी मस्तके ॥ स्पष्टार्थः ॥

ઉપરના શ્લોકમાં સાતે પુરીઓને દેહમાંજ ઘટાડેલી છે. તેમાં અયોધ્યાને મસ્તકે અજ-રામરચક્ર રૂપે ઘટાડેલી છે.

પાંચજ્ઞાનેંદ્રિય અને પાંચ કર્મેંદ્રિયમળી દશ ઇંદ્રિયથી ચાલતું શરીર તે રથ છે. તેમાં રહેલ તે દશરથ—પ્રેમ-ચિદાભાસ—સાક્ષાત્કાર થવાનું સ્થળ, અતિ જીજ્ઞાસુ દશરથને નામસિ વૃત્તિરૂપ કૈકેયીએ આવરણ નાંખી અંત વૃત્તિ રૂપે દેખાતા આત્મારામથી દૂર થવાથી અથવા રામને વનવાસ દેવાની ફરજ પાડી પણ દશરથ-સત્યપ્રેમ—સંતવૃત્તિવાળા હતા તેથી તેમણે દેહનો ત્યાગ કર્યો.

વિદેહ—અવિદ્યાના કાર્યરૂપ દેહમાં છતાં સાક્ષાત્કાર થતાં, અવિદ્યાનું આવરણ દૂર થતાં વિદેહ કહેવાયા. જનકરાજા બીજાઓને સદેહ કહેવાતા હતા પણ યોગીઓની દશા તે તેમની દશા હતી તેથી સુજ્ઞોએ તેમને વિદેહ-દેહરહિત આત્મ સાક્ષાત્કારવંત કહ્યા છે.

ભ્રમર જેવી વૃત્તિ તે ભરત. શીતલ સુખ વૈરાગ્ય, કે જે ભક્તોને સુખ આપે છે તે વૈરાગ્ય સ્વરૂપ તે લક્ષ્મણ.

શ્રી રામ મહાત્માની વિજળ પતાકામાં વૈરાગ્યરૂપિ લક્ષ્મણને દંડ સમાન કહેલ છે. વૈરાગ્ય તે સહસ્ર મુખ શેષ છે જેથી લક્ષ્મણ ધારણકર્તાર કહેવાય છે.

અવિદ્યાના કાર્યરૂપ શત્રુઓને હણનાર તે શત્રુઘ્ન-દમ.

અખંડ બ્રહ્મચર્યવ્રત-મહાવીર્ય-મહાવીર-તે હનુમાન. અખંડ બ્રહ્મચર્યવ્રત રૂપિ હનુમાનની આત્મારામને ઘણી સહાય હતી. અખંડ બ્રહ્મચર્યવ્રતવંત જ્ઞાનીના કામ, ક્રોધાદિ કષાયો નષ્ટ થઇ જાય છે. તેથી તેને આત્મસાક્ષાત્કાર સરલ થાય છે. અખંડ બ્રહ્મચર્યવ્રત-હનુમાનને દુષ્ટના વનમાં અગ્નિ સમાન, જ્ઞાનસહજ કહેલા છે તથા એમના હૃદયમાં વૃત્તિરૂપિ આત્મારામનો નિવાસ કહેલો છે.

વાનર સૈન્ય તે અંત વૃત્તિની સૂક્ષ્મ શાખાઓ રૂપ છે. વિભીષણ તે ધર્મ રૂચિ.
મહારામાયણમાં રામ શબ્દનો અર્થ આપતા કહેલ છે કે—

वैराग्यहेतुः परमो रकारः कथ्यते बुधैः ।
अकारो ज्ञानहेतुश्च मकारो भक्तिहेतुकः ॥ स्पष्टार्थः ।

વૈરાગ્ય જ્ઞાન અને ભક્તિના હેતુભૂત તે રામ વિવેક—
આત્મારામનાંજ અનંત નામો છે. જે વાત શ્રી શંકરે પાર્વતીને કહી છે કે:—

नारायणादि नामानि कीर्तितानि बहून्यपि ।
आत्मा तेषां च सर्वेषां रामनाम प्रकाशकः ॥ सरलार्थः ॥

રામ છે એજ પરમ પુરૂષોત્તમ રૂપ છે અર્થાત્ રામ એજ શુદ્ધ આત્મા છે.

रामनाम्नः समुत्पन्नः प्रणवो मोक्षदायकः ।
रूपं तत्त्वमसश्चासौ वेदतत्वाधिकारिणः ॥

અર્થઃ—રામનામથી ઉત્પન્ન થયેલ ૐકાર મોક્ષદાયક છે વળી વેદના અધિકારીઓના **तत्त्वमसि** રૂપ છે. અર્થાત્ આત્મા છે એજ રામ છે.

અપૂર્ણ.

કાલસ્વરૂપ.

૧.

આ જગતમાં કંઇપણ નાશ પામતું નથી એ જેટલી વૈજ્ઞાનિક સિદ્ધ થયેલી બીના છે તેટલીજ સિદ્ધ થયેલી બીના એ છે કે જગતની વસ્તુનો નિરંતર ફેરફાર થયાંજ કરે છે—પર્યાય ફર્યાજ કરે છે. કહ્યું છે કેઃ—

समए समए णंता परिवट्टंतो य वण्णमाईया ।
दव्वाणं पज्जाया होरत्तं तत्तिया चेव ॥

—પંચ કલ્પભાષ્ય.

—સમયે સમયે દ્રવ્યોના વર્ણ વર્ણ ગંધ વગેરે અનંત પર્યાયો બદલ્યાંજ કરે છે, અને અહોરાત્ર-રાત્રિ દિવસમાં તે પ્રમાણે તેટલાજ બદલે છે.

બદલવામાં પર્યાયોની વૃદ્ધિ પણ થાય અને હાનિ પણ થાય; અને તે પ્રમાણે કાલના ભાગ પડે છે એટલે કે જેકાલમાં પદાર્થોને તે તે પર્યાયો વડે પ્રથમ સમયથી આરંભીને નિરંતર વધાર્યા કરે તેનું નામ ઉત્સર્પિણી, (**उत्सर्पयति प्रथम समया दारभ्य निरंतरं वृद्धिं नयति तैस्तैः पर्यायै र्भावान्–इति उत्सर्पिणी**: અને તેથી ઉલટું એટલે જેમાં હાનિ થાય તે અવસર્પિણી.

હવે કાલનું પ્રમાણ અનંત છે, તો પણ તેની સંખ્યા–હદ નિર્માણ કરવા માટે અમુક ભાગ કર્યા છે, તેમાં મોટામાં મોટો અને હદમાં આવી શકે તેવો ભાગ કલ્પી તેનું નામ 'કાલચક્ર'–કલ્પ રાખ્યું. ચક્ર એટલે પૈડું એટલે કાલને પૈડાનું રૂપ આપ્યું. પૈડાના આરા જોઇએ તો કાલચક્રના બાર ભાગ પાયા, તેમાંના દરેકનું નામ ક્રમ પ્રમાણે પહેલો, બીજો એમ 'આર'—આરો રાખ્યું. આ રીતે દ્વાદશાર કાલચક્રના દરેક આરા સરખા નથી, પણ તેમાં એવી ગોઠવણ છે કે પહેલા છ આરાની જેટલી કાલસ્થિતિ તેટલીજ બીજા છ આરાની

કાલસ્થિતિ. આ રીતે કાલચક્રમાં બે સરખા ભાગ પડયા. તેમાં એકનું નામ પર્યાયોમાં વૃદ્ધિ થવાને લીધે–શરીર આયુ, તથા શુભ પરિણામોની વૃદ્ધિ થવાથી ઉત્સર્પિણી, કે જેમાં પ્રથમના છ આરા આવી ગયા, એ નામ રાખ્યું, અને બીજા છ આરાના સરખા ભાગનું નામ પર્યાયોમાં હાનિ થવાને લીધે–અને તેને લીધે શરીર, આયુ, તથા શુભ પરિણામોની હાનિ થવાથી અવસર્પિણી નામ રાખ્યું. તે દરેકનો સમય દશ કોડા કોડી સાગરોપમ છે, એટલે ઉત્સર્પિણી અને અવસર્પિણી એ બે મળીને બાર આરાનું વીશ કોડા કોડી સાગરોપમનું કાલચક્ર થાય છે. આ બારે આરા અનુલોમ-પ્રતિલોમ ભાવથી આવે છે, એટલે જે ક્રમથી સુષમ સુષમા આદિ અવસર્પિણીમાં આવે છે તેથી વિપરીત ક્રમથી અતિ દુઃષમા આદિ ઉત્સર્પિણીમાં આવે છે.

હવે ભરત ક્ષેત્રમાં હાલ ચાલતા અવસર્પિણીના ૬ આરા–કાળ સમય જોઇએ તેના નામ ચડતા પડતા કાળાનુભાવ પ્રમાણે આ રીતે રાખવામાં આવ્યાં છે.

૧	સુષમ સુષમા.—	ચાર કોડા કોડ (કોટા કોટી) સાગરોપમ
૨	સુષમા	ત્રણ
૩	સુષમ દુઃષમા—	બે
૪	દુઃષમ સુષમા—	એક કોડાકોડ સાગરોપમ ઓછા–૪૨૦૦૦ વર્ષ
૫	દુઃષમા–	૨૧૦૦૦ વર્ષ
૬	અતિ દુઃષમા—	૨૧૦૦૦ વ
		દશ કોડા કોડ સાગરોપમ.

दस कोडाकोडीओ सागर नामाण हुंति पुन्नाओ ।
उस्सप्पिणी पमाणी तं चेवोसप्पिणीए ॥ १ ॥
छच्चव कालसमया हवंति ओसप्पिणीइ भरहंमि ।
तासिं नाम विहत्तिं अहक्कमं कित्तइस्सामि ॥ २ ॥
सुसमसुसमा य सुसमा तइया पुण सुसमदुस्समा होई ।
दुसमसुसमा चउत्थी दूसइ अह दूसमा छठी ॥ ३ ॥
एए चेव विभागा हवंति उस्सप्पिणीइ छच्चेव ।
पडिलोमा परिवाडी नवरि विभागेसु नायव्वा ॥ ४ ॥
सुसम सुसमाइ कालो चत्तारि हवंति कोडिकोडीओ ।
तिणि सुसमाइ कालो दुत्ति भवे सुसमदुसमाए ॥ ५ ॥
एक्का कोडाकोडी बायालीसाइ जा सहस्सेहिं ।
वासाण होई ऊणा दसम सुसमाइ सो कालो ॥ ६ ॥
अह दुसमाई कालो वास सहस्साइं एक्कवीसं तु ।
तावइओ चेव भवे कालो अह दूसमाए वि ॥ ७ ॥

અર્થ–દશ કોડા કોડી સાગરોપમ પૂરા થાય તે ઉત્સર્પિણી, અને તેટલાજ કાળની અવસર્પિણી પણ છે. ભરતક્ષેત્રમાં અવસર્પિણીના છ કાળ સમય થાય છે. તેમનાં અનુક્રમે નામો કહીએ છીએ. પહેલો સુષમ સુષમા, બીજો સુષમા, ત્રીજો સુષમદુઃષમા, ચોથી દુઃષમ-સુષમા, પાંચમો દુઃષમા, અને છઠ્ઠો અતિ દુઃષમા. ઉત્સર્પિણીના પણ એજ છ વિભાગો છે, પણ તે ઉલટાક્રમે લેવાના છે. સુષમ દુષમા ચાર કોડા કોડ સાગરોપમનો છે. સુષમા ત્રણનો અને સુષમ દુઃષમા બેનો છે. બેતાલીશ હજાર વર્ષે ઉણા એક કોડા ક્રોડ સાગરોપમ એ દુઃષમ દુઃષમાનો કાળ છે. એકવીશ હજાર વર્ષનો દુઃષમા છે. અને અતિ દુઃષમાનો કાળ પણ તેટલોજ છે. —ઉપદેશપદ. પૃ ૧૪૭–૮

૨.

આ પ્રમાણે ઉત્સર્પિણીના ઉલટા ક્રમથી એટલે પહેલો અતિદુઃષમા, અને છેલ્લો સુષમ સુષમા––એમ જાણવા. અહીં જણાવવું જોઇએ આ પૈકીનો અવસર્પિણી–દુઃષમ (પંચમ આરો–પંચમ કાળ) હાલ વર્તે છે.

પરમાર્થ માર્ગથી મનુષ્ય મુક્તિ મેળવે છે. તે પરમાર્થ માર્ગ જે કાલમાં સુખેથી પ્રાપ્ત થાય તેનું નામ 'સુષમ' અને જે કાલમાં દુખેથી પ્રાપ્ત થાય તેનું નામ 'દુઃષમ' છે. આ બે શબ્દોની ઘટનાથી સુષમસુષમા, સુષમદુઃષમા, દુઃષમસુષમા. દુઃષમ દુઃષમાએ સામાસિક શબ્દો બંનેના ભાવને મિશ્રિત કરી દર્શાવવા પ્રયોજેલ છે. હમણાં ચાલુ વર્તમાનમાં ચાલતો કાલ 'પંચમકાલ કહેવાય છે અને તે દુઃષમ છે. આ સંબંધી વિસ્તારપૂર્વક એક વિદ્વાન્ વિચારક એમ દર્શાવે છે કેઃ—

'જિનાગમમાં આ કાળને 'દુસમ' એવી સંજ્ઞા કહી છે, તે પ્રત્યક્ષ દેખાય છે; કેમકે 'દુસમ' શબ્દનો અર્થ 'દુઃખે કરીને પ્રાપ્ત થવા યોગ્ય' એવો થાય છે તે દુઃખે કરીને પ્રાપ્ત થવા યોગ્ય તો એવો એક પરમાર્થ માર્ગ મુખ્યપણે કહી શકાય; અને તેવી સ્થિતિ પ્રત્યક્ષ જોવામાં આવે છે; જો કે પરમાર્થ માર્ગનું દુર્લભપણું તો સર્વ કાળને વિષે છે; પણ આવા કાળને વિષે તો વિશેષ કરીને કાળ પણ દુર્લભપણાના કારણ રૂપ છે.

અત્ર કહેવાનો હેતુ એવો છે કે, ઘણું કરીને આ ક્ષેત્રે વર્તમાનકાળમાં પૂર્વે જેણે પરમાર્થમાર્ગ આરાધ્યો છે, તે દેહ ધારણ ન કરે—અને તે સત્ય છે, કેમકે જો તેવા જીવનો સમૂહ દેહધારીપણે આ ક્ષેત્રે વર્તતો હોત, તો તેમને તથા તેમના સમાગમમાં આવનારા એવા ઘણા જીવોને પરમાર્થ માર્ગની પ્રાપ્તિ સુખે કરીને થઇ શકતી હોત; અને તેથી આ કાળને 'દુસમ' કહેવાનું કારણ રહેત નહીં. આ રીતે પૂર્વારાધક જૈનોનું અલ્પ પણું એ આદિ છતાં પણ વર્તમાન કાળને વિષે જો કોઇપણ જીવ પરમાર્થ માર્ગ આરાધના ઇચ્છે, તો અવશ્ય આરાધી શકે, કેમકે દુઃખે કરીને પણ આ કાળને વિષે પરમાર્થ માર્ગ પ્રાપ્ત થાય એમ પૂર્વજ્ઞાનીઓનું કથન છે.

સર્વ જીવને, વર્તમાનકાળમાં, માર્ગ દુઃખે કરીનેજ પ્રાપ્ત થાય, એમ પૂર્વજ્ઞાનીઓનું કથન છે.

સર્વજીવને, વર્તમાનકાળમાં, માર્ગ દુઃખે કરીનેજ પ્રાપ્ત થાય, એવો એકાંત અભિપ્રાય

વિચારવા યોગ્ય નથી. ઘણું કરીને તેમ બને એવો અભિપ્રાય સમજવો યોગ્ય છે; તેનાં ઘણાં કારણો પ્રત્યક્ષ દેખાય છે.

પ્રથમ કારણઃ ઉપર દર્શાવ્યું તે કે, પૂર્વનું ઘણું કરીને આરાધકપણું નહિ.

બીજું કારણઃ તેવું આરાધકપણું નહીં તેને લીધે વર્તમાન દેહે તે આરાધક માર્ગની રીતિ પણ પ્રથમ સમજવામાં ન હોય; તેથી અનારાધક માર્ગને આરાધક માર્ગ માની લઇ જીવે પ્રવૃત્તિ કરી હોય છે.

ત્રીજું કારણઃ ઘણું કરીને કયાંક સત્સમાગમ અથવા સદ્‌ગુરૂનો યોગ બને, અને તે પણ કવચિત્ બને.

ચોથું કારણઃ અસત્સંગ આદિ કારણોથી જીવને અસદ્‌ગુરૂવાદિકનું ઓળખાણ થવું પણ દુષ્કર વર્તે છે, અને ઘણું કરીને અસદ્‌ગુરૂવાદિકને વિષે સત્ય પ્રતીતિ માની જીવ ત્યાંજ રોકાઇ રહે છે.

પાંચમું કારણઃ કવચિત્ સત્સમાગમાદિનો યોગ બને તો પણ બળ, વીર્યાદિનું એવું શિથિલપણું, કે જીવ તથારૂપ માર્ગ ગ્રહણ ન કરી શકે, અથવા ન સમજી શકે, અથવા અસત્સમાગમાદિ, કે પોતાની કલ્પનાથી મિથ્યાને વિષે સત્યપણે પ્રતીતિ કરી હોય. "

વળી તેઓજ લખે છે કેઃ—

"ઉતરતા કાળના પાંચમા આરામાં તેના દુષમપણાને લઇને કેવું વર્તન આ ભરતક્ષેત્રે થવું જોઇએ તેને માટે સત્પુરૂષોએ કેટલાક વિચારો જણાવ્યા છે તે અવશ્ય જાણવા જેવા છેઃ—

" એઓ પંચમકાળનું સ્વરૂપ મુખ્ય આ ભાવમાં કહે છેઃ નિર્ગ્રંથ–પ્રવચન પરથી મનુષ્યોની શ્રદ્ધા ક્ષીણ થતી જશે. ધર્મનાં મૂળતત્ત્વમાં મતમતાંતર વધશે, પાખંડી અને પ્રપંચી મતોનું મંડન થશે. જનસમૂહની રૂચિ અધર્મ તરફ વળી વળશે. સત્ય દયા હળવે હળવે પરાભવ પામશે. મોહાદિક દોષોની વૃદ્ધિ થતી જશે. દંભી અને પાપીષ્ઠ ગુરૂઓ પૂજ્યરૂપ થશે. દુષ્ટ વૃત્તિનાં મનુષ્યે પોતાના ધંદામાં ફાવી જશે. મીઠા પણ ધૂર્ત વક્તા પવિત્ર મનાશે. શુદ્ધ બ્રહ્મચર્યાદિક શીલયુક્ત પુરૂષો મલિન કહેવાશે. આત્મિક જ્ઞાનના ભેદો હણાતા જશે. હેતુ વગરની ક્રિયા વધતી જશે. અજ્ઞાન ક્રિયા બહુધા સેવાશે; વ્યાકુળ વિષયોનાં સાધનો વધતાં જશે. એકાંતિક પક્ષો સત્તાધીશ થશે. શૃંગારથી ધર્મ મનાશે. "

૩.

કાળપરિભાણનું ક્ષેપક—જૈનશાસ્ત્ર પ્રમાણે (૧) જ્યોતિષ્ એટલે પ્રકાશથી હોનાર— જ્યોતિષ્ક દેવ એટલે સૂર્ય ચંદ્રમા આદિ નિત્યગતિવાલાથી કાલના ભેદ પડે છે. તેઓની ભ્રમણસંચરણ વિશેષગતિ એ કાલના વિભાગમાં હેતુ છે. આથી મુહૂર્ત્ત. દિવસ, રાત્રિ, પક્ષ, માસ, વર્ષ આદિ પડે છે, તેમાં જૈનશાસ્ત્રમાં આથી ઘણા સૂક્ષ્મ ભાગો પણ પાડેલા છે, અને તે નીચે પ્રમાણેઃ—

પરમસૂક્ષ્મ ક્રિયાવાન્, સર્વ કરતાં ઓછામાં ઓછીગતિ પરિણત કરનાર એક પરમાણુ પોતાના અવગાહન ક્ષેત્રને જેટલાકાળમાં બદલે તેટલા–અતિ સૂક્ષ્મકાલને સમય કહે છે.

આ સમયરૂપ કાલ ઘણો સૂક્ષ્મ હોવાથી પરમ પુરૂષોને–સાધારણ પુરૂષોની અપેક્ષાએ અતિશય સહિત જનોને–પણ દુર્જ્ઞેય છે. આ કાલ ભગવાન્ પરમાર્થ કેવલી (સર્વજ્ઞ) જ જાણી શકે છે. ભાષા કે શબ્દથી ગ્રહણ કે ઇંદ્રિયના પ્રયોગનો અહીં અસંભવ છે.

સંખ્યેય સમય=૧ આવલિકા
સંખ્યેય આવલિકા=૧ ઉશ્વાસ અને નિઃશ્વાસ
=૧ પ્રાણુ (બલવાન, સમર્થ, ઇંદ્રિયસહિત,
નિરોગ, યુવાન્ અને સ્વસ્થ મનવાળા પુરૂષનો
૧ પ્રાણુ=આને સમુચ્ચયે ઉચ્છ્વાસ અગર
શ્વાસ કહેવામાં આવે છે.
૭ પ્રાણુ=૧ સ્તોક
૭ સ્તોક=૧ લવ
૩૮॥ લવ=૧ નાલિકા
૭૭ લવ=૨ નાલિકા=૧ મુહૂર્ત
૩૦ મુહુર્ત=૧ રાત્રિદિન
૧૫ રાત્રિદિન=પક્ષ
૨ પક્ષ(શુકલ અને કૃષ્ણ)=૧ માસ
૨ માસ=૧ ઋતુ
૩ ઋતુ=૧ અયન
૨ અયન=૧ વર્ષ
૫ વર્ષ=૧ યુગ
૮૪ લાખ વર્ષ=૧ પૂર્વાંગ
૮૪ લાખ પૂર્વાંગ=૧ પૂર્વ
૮૪ લાખ પૂર્વ=૧ સંખ્યેય કાલ

આ પછી નિર્ણિત કરેલા કાલવિભાગને ઉપમાથી કહે છેઃ—

૧ પલ્યોપમકાલ—એક યોજન (ચાર ગાઉ) લાંબી તથા એક યોજન ઉંચી એક વૃત્તાકાર પલ્ય (રોમગર્ત-ખાડ) ને એક રાતથી તે વધારેમાં વધારે સાત રાત સુધીમાં જન્મેલા ઘેટા આદિ પશુઓના વાળથી ગાઢ રૂપે-ઠાંસી ઠાંસીને પૂર્ણ ભરી હોય, ત્યાર પછી સા સો વર્ષ પછી એક એક વાળ તે ખાડમાંથી કાઢવામાં આવે અને તેમ કરતાં જેટલા કાલમાં તે ખાડ સાવ ખાલી થઇ જાય તેને એક પલ્યોપમ કાલ કહેવામાં આવે છે.

૧૦ કોટાકોટી પલ્યોપમ=૧ સાગરોપમકાલ
૧૦ કોટાકોટી સાગરોપમ=૧ અર્ધકાલચક્ર
(કે જેને તેમાં પર્યાયોની હાનિ થવાને
લીધે અવસર્પિણી અને વૃદ્ધિ થવાને લીધે
ઉત્સર્પિણી કહેવામાં આવે છે)—આ દરેકની અંદર છ આરા હોય છે તે ઉપર સમજાવેલ છે.
૧ ઉત્સર્પિણીને ૧ અવસર્પિણી=કાલચક્ર

— શ્રી તત્વાર્થ સૂત્ર.

૪.

આની સાથે હિંદુશાસ્ત્રની કાલગણના સરખાવીએ.

કમળની ૧૦૦ પાંખડીઓ એક ઉપર એક ગોઠવી, તેમાં સોય ઉપરથી નીચે સુધી એવી રીતે ભોંકવો કે, બધી પાંખડીઓ ભોંકાઇ જાય. એમ કરવાથી દરેક પાંખડીને વીંધાતાં-ભોંકાતાં જે સૂક્ષ્મ વખત લાગે છે તેને ક્ષણ કહેવામાં આવે છે. એવી

૮ ક્ષણ=૧ લવ
૮ લવ=૧ કાષ્ઠા
૮ કાષ્ઠા=૧ નિમેષ
૮ નિમેષ=૧ કલા
૨ કલા=૧ ત્રુટિ
૨ ત્રુટિ=૧ અણુ કે અનાદ્રુત
૨ અણુ=૧ દ્રુત
૨ દ્રુત=૧ લઘુ (માત્રા) અક્ષર
૨ લઘુ=૧ ગુરૂ
૩ ગુરૂ=૧ પ્લુત
૨ ગુરૂ અથવા ૪ લઘુ = ૧ કાકપદ કે દ્વિગુરૂ
૨ કાકપદ=૧ હંસપદ
૨ હંસપદ=૧ મહાહંસ
૧૦ પ્લુત=૧ પળ
૬૦ પળ=૧ ઘડી (ઘટિકા)
૬૦ ઘડી=૧ દિવસ

માસ, વર્ષ, યુગ, મન્વંતર, કલ્પ વગેરે કાળનાં મહાન્ પરિણામછે.
કોઇ હિંદુ પ્રાચીન ઋષિમુનિઓએ કાળનું માહાત્મ્ય ઘણું કહ્યું છેઃ—

कालः कलयते लोकं कालः कलयते जगत् ।
कालः कलयते विश्वं तेन कालोऽभिधीयते ॥
सर्गपालन संहर्ता, स कालः सर्वतः समः ।
कालेन कल्प्यते विश्वं, तेन कालोऽभिधीयते ॥
कालः सृजति भूतानि कालः संहरते प्रजाः ।
कालः स्वपिति जागर्ति कालो हि दुरतिक्रमः ॥
कालस्य वशगाः सर्वे देवर्षिसिद्ध किन्नराः ।
कालो हि भगवान् देवः स साक्षात्परमेश्वरः॥

ભાવાર્થ—કાળથી સર્વ લોકની અને જગતની કલના કરાય છે, તેમજ સર્વ વિશ્વની કલના-ગણના કરવામાં આવે છે તેથી કરીને 'કાળ' કહેવાય છે. સૃષ્ટિની ઉત્પત્તિ, સ્થિતિ અને સંહાર કરનાર જે કાળ તે સર્વ સ્થળે સમાન છે. એ કાળથી વિશ્વની કલના કે કલના કરાય છે તેથીજ 'કાળ' કહેવાય છે. કાળ સર્વ ભૂતોને ઉત્પન્ન કરે છે. પ્રજાને સંહારે છે, તેજકાળ જાગૃત, સ્વપ્ન, નિદ્રા એ ત્રણે અવસ્થાઓમાં દુરતિક્રમ છે, દેવો, ઋષિઓ, સિદ્ધો, કિન્નરો એ સર્વ કાળનેજ વશ છે ! એવો ભગવાન્ કાળ તેજ સાક્ષાત્ પરમેશ્વર છે.

૫.

કાલનાં ઉપકાર (accessories) શું છે તો શ્રી ઉમાસ્વાતિ સૂત્રકાર જણાવે છે કેઃ—

वर्तना परिणामः क्रिया परत्वापरत्वे च कालस्य (अ. ५ सू. २२)

—વર્તના, પરિણામ, ક્રિયા, પરત્વ અને અપરત્વ એ કાલનાં ઉપકાર છે.

વર્તના—સર્વ પદાર્થોની વર્તના છે તે કાલને આશ્રયીને રહેલી વૃત્તિ છે. અર્થાત્ સંપૂર્ણ પદાર્થોની ઉત્પત્તિ, તથા સ્થિતિ કે જે પ્રથમ સમયને આશ્રયીભૂત છે તે વર્તના.

પરિણામ—આ બે પ્રકારનાં છે. (પરિણામ એટલે વસ્તુનો ભાવ-સ્વભાવ) તત્વાર્થ અ. ૫. સૂ. ૪૧

૧—અનાદિપરિણામ. આ અરૂપી-દ્રવ્ય (ધર્મ, અધર્મ, આકાશ અને જીવ) માં હોય છે.

૨. આદિમાન્ (સાદિ) પરિણામ-આ રૂપીદ્રવ્યમાં હોય છે તે અનેક પ્રકારનાં હોય છે જેમ કે સ્પર્શ પરિણામ, રસ પરિણામ, ગંધ પરિણામ વગેરે.

તત્વાર્થ અ. ૫ સૂ. ૪૨-૪૩

ક્રિયા—અર્થાત્ ગતિરૂપ ક્રિયાપણ કાલનાજ ઉપકાર રૂપે છે. તે ત્રણ પ્રકારે છે,

૧ પ્રયોગગતિ-પુરૂષ પ્રયત્ન જન્ય

૨ વિશ્રસાગતિ–સ્વયં પરિપાક જન્ય

૩ મિશ્રિકા–મિશ્રકા–ઉભય (૧–૨) જન્ય

પરત્વ અને અપરત્વ–ત્રણ પ્રકારનાં છે.

[૧ પ્રશંસાકૃત. જેવી રીતે ધર્મ પર છે. જ્ઞાન પર છે, તથા અધર્મ અપર છે, અજ્ઞાન અપર છે.]

[૨. ક્ષેત્ર (દેશ) કૃત–એક દેશ કાલમાં પહેલા બે પદાર્થો જે દૂર રહેલ હોય તે પર છે, જે સમીપ હોય તે અપર છે]

૩. કાલકૃત. જેમકે સોળ વર્ષ વાળા કરતાં સો વર્ષવાળો પર છે, અને સો વર્ષ વાળા કરતાં સોળ વર્ષવાળો અપર છે.

આ સર્વમાં પ્રશંસાકૃત પરત્વાપરત્વ અને ક્ષેત્રકૃત પરત્વાપરત્વ સિવાય બાકી બધું–વર્તનાદિ સર્વ એટલે વર્તના, પરિણામ, ક્રિયા, અને કાલિક પરત્વા પરત્વ કાલકૃત છે–કાલે ઉપજાવેલ છે, કાલની સાથે રહેલ છે.

હવાણાં આટલું કે જે લગભગ ચાર પાંચ વર્ષ પહેલાં લખાયું હતું તે પ્રગટ કર્યું છે. હવે પછી સમય ભલ્યે કાલને કેવી રીતે દિગંબરો પ્રદેશાત્મક માને છે, શ્વેતામ્બરો નથી માનતા, તેમ કાલ એ કોઇપણ કાર્યની નિષ્પત્તિમાં હેતુભૂત પાંચ સમવાયમાં એક સમવાય છે વગેરે હકીકતો જણાવીશું. છતાં કોઇ સજ્જન કાલવિષે વિશેષ માહીતીનો લેખ આધાર સાથે મોકલી આપવાની કૃપા કરશે તો ખુશીથી પ્રગટ કરીશું. —તંત્રી.

શ્રીમદ્ સિદ્ધસેન દિવાકર કૃત પ્રાચીન જૈન ન્યાયનો ગ્રંથ

ન્યાયાવતાર.

પ્રમાણં સ્વપરાભાસિ જ્ઞાનં બાધવિવર્જિતમ્ ।
પ્રત્યક્ષં ચ પરોક્ષં ચ દ્વિધા મેયવિનિશ્ચયાત્ ॥

પ્રમાણ (સત્યજ્ઞાન) એ એવું જ્ઞાન છે કે જે સ્વને અને પરને આભાસમાન–પ્રકાશિત કરે છે, અને બાધ વગરનું છે.

મેય એટલે જ્ઞેય–ગ્રાહ્ય પદાર્થ–જેનું જ્ઞાન થઇ શકે છે તે પદાર્થનો વિનિશ્ચય–સ્વરૂપ નિર્ણય બે પ્રકારે થાય છે તેથી તે (પ્રમાણ) બે પ્રકારનું છે (૧) પ્રત્યક્ષ (૨) પરોક્ષ.

અર્થાત્—બાધ રાહત, સ્વરૂપ પ્રકાશક જ્ઞાન તે પ્રમાણ; તે બે પ્રકારનું છે. (૧) પ્રત્યક્ષ અને (૨) પરોક્ષ, કારણ કે (બંનેથી) મેય (વસ્તુ) નો વિનિશ્ચય થઇ શકે છે. પરોક્ષ વસ્તુનો નિશ્ચય બે પ્રકારે થઇ શકે છે, અર્થાત્ એ પ્રત્યક્ષ હોય તેથી તેમજ એ પરોક્ષ હોય તો પણ થઇ શકે છે. પરોક્ષ નિશ્ચય આગમ–અનુમાનથી શકે છે. માટે પ્રત્યક્ષ જ્ઞાન તેમજ પરોક્ષ જ્ઞાન બંને પ્રમાણ રૂપ છે.

શબ્દાર્થ—સ્વ એટલે પોતાને, પોતાના આત્માને–સ્વરૂપને; જ્ઞાન એટલે જેનાથી જ-

ણાય છે–તત્વનો નિર્ણય થાય છે તે બાધ એટલે વિપરીત અર્થનું સ્થાપન કરનારી પ્રમાણપ્રવૃત્તિ.

વિવેચન—પ્રમાણનું સ્વપરાભાસી એ શબ્દથી જે લક્ષણ બાંધ્યું છે, તેથી જ્ઞાનવાદી બૌધ્ધો (યોગાચારો) ના મતનો નિરાસ થાય છે–ટકી શકતો નથી. તેઓ જ્ઞાન સિવાયની બીજી–પર વસ્તુ સ્વીકારતા ન હોવાથી એમ કહે છે કે જ્ઞાન સ્વાભાસીજ છે. વળી આ લક્ષણથી મિમાંસક અને નૈયાયિક કે જેઓ જ્ઞાન પરાભાસીજ છે તેનો પણ નિરાસ થાય છે.

આ બંને મત અયુક્ત છે. જૈનો એમ માને છે કે જ્ઞાન પોતાને પ્રકાશનાર છે તેથીજ તે બીજી પર–બાહ્ય વસ્તુનું ગ્રહણ કરી શકે છે. તેમની આ માન્યતા આ પ્રમાણે છે કે દીવો જેમ પોતાને પ્રકાશે છે, એટલુંજ નહિ, પણ બીજાને પણ પ્રકાશે છે, તેવીજ રીતે જ્ઞાન પોતાને પ્રકાશે છે એટલુંજ નહિ, પરંતુ સાથે સાથે તેથી બહાર રહેલી વસ્તુને પણ પ્રકાશે છે; કારણકે જ્ઞેય એટલે જાણવા યોગ્ય પદાર્થ, તેના અર્થનો અભાવ થાય તો તે જ્ઞાનના અભાવને લઇનેજ છે. જ્યારે જ્ઞાન પરાભાસી છે એટલે બીજા પદાર્થને પ્રકાશ કરનારૂં (મીમાંસક નૈયાયિકોએ) સ્વીકાર્યું છે છતાં તેને સ્વપ્રકાશનો અભાવ છે એમ કહેવું અસંબધ્ધ-સંબંધ વગરનું છે. કારણ કે સ્વપ્રકાશના અભાવને લઇનેજ પર પ્રકાશનો અભાવ થાય છે.

જેમની દૃષ્ટિ અંધકારથી ઢંકાયેલી છે, તેઓ અસત્ય ચિત્રો જેવા કે બે ચંદ્ર આદિ વારંવાર જુએ છે. જ્યારે માણસો વિતંડાવાદ Sophism થી ગુંચવાઇ જાય છે ત્યારે તેઓ એવું માનતા જોવામાં આવે છે કે દરેક વસ્તુ ક્ષણિક અથવા ક્ષણિક જેવી છે. આ બધું મિથ્યા જ્ઞાન છે, તો તેને અને પ્રમાણ (સમ્યજ્ઞાન) ને જૂદા પાડી ઓળખાવવા માટે 'બાધવિવર્જિત' એ બીજું લક્ષણ મૂક્યું છે.

પ્રમાણ અત્ર બે પ્રકારનું દર્શાવ્યું છે. પ્રત્યક્ષ અને પરોક્ષ. પરોક્ષમાં અનુમાન અને શબ્દ પ્રમાણનો અંતર્ભાવ થાય છે. આવી રીતે પાડેલા બે પ્રકારથી એકજ પ્રત્યક્ષ પ્રમાણને માનનારા ચાર્વાક દર્શનનો નિરાસ થાય છે, કારણ કે પ્રત્યક્ષ એ પ્રમાણ છે એવું પરોક્ષની સહાય વગર સિદ્ધ થતું નથી; તેમજ સૌગત (બૌધ્ધો) પ્રમાણના બે ભેદ પ્રત્યક્ષ અને અનુમાન એમ પાડી શબ્દ (પ્રમાણ) નો તેમાં સમાવેશ કરતા નથી તેથી તેના તે મતનો પણ નિરાસ થાય છે.

પ્રત્યક્ષની વ્યુત્પત્તિ કરતાં પ્રતિ-પ્રતિગતં અને અક્ષ એમ થાય છે. હવે અક્ષના બે અર્થ થાય છે, તેથી તે અર્થ પ્રમાણે પ્રત્યક્ષના પણ બે પ્રકાર પડે છે. (૧) સિદ્ધાંતમાં પ્રસિદ્ધ એવું પારમાર્થિક પ્રત્યક્ષ. આમાં અક્ષનો અર્થ જીવપર્યાય થાય છે એટલે જે જીવપર્યાયમાં-આત્મસ્વરૂપ-ચિંતનમાં છે તે એટલે સર્વજ્ઞનું સ્વરૂપજ્ઞાન તે પ્રત્યક્ષ છે. (૨] લોકમાં પ્રસિદ્ધ એવું સામાન્ય અથવા વ્યાવહારિક પ્રત્યક્ષ. આમાં અક્ષનો અર્થ ઇંદ્રિય થાય છે. તેથી જે ઇંદ્રિયને આશ્રયી પ્રગટે છે તે. એટલે અર્થ સાક્ષાત્કારી જ્ઞાન; અને પરોક્ષ એટલે જે અક્ષથી પર એટલે મનોવ્યાપારથી અસાક્ષાત્ જ્ઞાન થાય છે તે.

प्रसिद्धानि प्रमाणानि व्यवहारश्च तत्कृतः ।
प्रमाणलक्षणस्योक्तौ ज्ञायते न प्रयोजनम् ॥ २ ॥

પ્રમાણો, અને તેના વડે કરેલો વ્યવહાર પ્રસિદ્ધ છે, (તેથી) પ્રમાણનું લક્ષણ આપવાનું પ્રયોજન જણાતું નથી—

અર્થાત્—(૨) શ્રીમદ્ આચાર્યે પ્રમાણ ઉપર મુજબ લક્ષણ આપ્યું, તેથી ઉદયન નામના મુનિ કોઇ અન્ય તીર્થિક કહે છે કેઃ— પ્રમાણ તો પ્રસિદ્ધ છે; પ્રમાણને તો સર્વ કોઇ જાણે છે. આ બધો–ખાન-પાન-સુવું–એસવું–હરવું–ફરવું એ વગેરે વ્યવહાર છે એ સર્વ પ્રમાણને લઇનેજ ચાલે છે. તો પ્રમાણનું લક્ષણ પ્રકાશવામાં, કાંઇ પ્રયોજન જણાતું નથી.

વિવેચનઃ—જોવાની, અનુમાન કરવાનો આદિ ક્રિયાઓ, એવો કોઇપણ કાલ નહોતો કે જે વખતે કરવામાં નહિ આવી હોય. આ જાણવાનું કરવું (વ્યવહાર) પણ પ્રસિદ્ધ છે. કારણ કે આ ક્રિયાઓથીજ આપણે એક વસ્તુને પસંદ અને બીજીને નાપસંદ કરીએ છીએ તેથી પ્રમાણનું સ્વરૂપ સમજાવવું નિષ્પ્રયોજન અને વૈયર્થક જણાય છે.

प्रसिद्धानां प्रमाणानां लक्षणोक्तौ प्रयोजनम् ।
तद्व्यामोहनिवृत्तिः स्याद् व्यामूढमनसामिह ॥ ३ ॥

(ઉપરોક્ત રીતે) પ્રસિદ્ધ પ્રમાણોનાં લક્ષણ આપવાનું પ્રયોજન એ છે કે જેથી વ્યામૂઢ મનવાળાનો વ્યામોહ દૂર થાય.

પ્રમાણ યદ્યપિ સર્વપ્રાણીથી પ્રસિદ્ધ છે તો પણ અહીં તેની સમજ આપી છે તેનું પ્રયોજન એ છે કે વિપરીતતા વાળા મૂર્ખ અને ઉદ્ધત જનો મિથ્યા જ્ઞાનને સત્ય જ્ઞાન–પ્રમાણ સ્વીકારી લે તેને ચેતવણી આપવા માટે છે. વિવેચનમાં જણાવવાનું કે ઉપર મુજબ ઉદયન મુનિએ કહ્યું તેના પ્રત્યુત્તરમાં શ્રી ન્યાયાવતારકાર કહે છે કેઃ—આપ કહોછો તેમ પ્રમાણ પ્રસિદ્ધ છે; તે ભલે પ્રસિદ્ધ હો, તેમ છતાં તેનું લક્ષણ બતાવવું એ સપ્રયોજન છે; કેમકે પ્રમાણનું (યથાર્થ) લક્ષણ જાણ્યાથી ભ્રમિત બુદ્ધિવાળાનો વ્યામોહ દૂર થશે.

अपरोक्षतयार्थस्य ग्राहकं ज्ञानमीदृशम् ।
प्रत्यक्षमितरद् ज्ञेयं परोक्षं ग्रहणक्षया ॥ ४ ॥

શબ્દાર્થ—પરોક્ષ એટલે ઇંદ્રિયના વિષયથી અતીત અને તેનાથી અપરોક્ષપણે પદાર્થને ગ્રહણ કરનારા એવા જ્ઞાનને પ્રત્યક્ષ કહે છે, તેથી બીજા જ્ઞાનને જે રીતથી ગ્રહણ થાય તે રીતની દૃષ્ટિથી પરોક્ષ કહેવાય છે.

પીજો એટલે અપરોક્ષ. તે અપરોક્ષના ભાવથી—અપરોક્ષપણે એટલે સાક્ષાત્કારથી.

વિવેચન–અહીં પ્રત્યક્ષ અને પરોક્ષ એ શબ્દો તેના સામાન્ય અર્થમાં વપરાયા છે, એટલે પ્રત્યક્ષ તે ઇંદ્રિયથી થતા જ્ઞાનના અર્થમાં અને પરોક્ષ અનુમાન અને શબ્દ-પ્રમાણના અર્થમાં વપરાયેલ છે. પરંતુ પૂર્વના જૈન આગમોમાં પ્રત્યક્ષનો અર્થ આત્માએ પ્રત્યક્ષ સાક્ષાત્ ધ્યાન–ચિંતવનથી મેળવેલું સંપૂર્ણ જ્ઞાન એ થતો હતો, અને ઇંદ્રિયદ્વારા થતું જ્ઞાન એ અર્થ થતો નહોતો અને પરોક્ષનો અર્થ ઇંદ્રિયદ્વારા અથવા પ્રત્યક્ષ, અનુમાન અને શબ્દપ્રમાણથી થતું જ્ઞાન એમ થતો હતો.

साध्याविनाभुनो लिंगात् साध्य निश्चायकं स्मृतं ।
अनुमानं तदभ्रान्तं प्रमाणत्वात समक्षवत् ॥ ५ ॥

સાધ્યની સાથેજ વ્યાપ્તિએ રહેલ લિંગમાંથી સાધ્યનું નિશ્ચય કરનાર (જ્ઞાન) અનુમાન કહેવાય છે; તે પ્રમાણ હોવાથી પ્રત્યક્ષની પેઠે ભ્રાંત-સંદેહ વગરનું છે.

સાધ્યાવિનાભુનઃ—આ શબ્દ સમૂહથી બીજા મતવાલાઓએ લિંગનું જે લક્ષણ બાંધેલું છે, તે દૂર થાય છેઃ—જેવી રીતે (ધર્મકીર્તિ જેવા) બૌધ્ધો એમ માને છે કે અનુમાન પ્રમાણમાં ત્રણ હેતુ છે; નામે અનુપલબ્ધિ (જેનાથી નિશ્ચિતનું પ્રત્યક્ષ જ્ઞાન નથી થતું તે), સદ્‌ભાવ એટલે સ્વભાવ-મૂળની સત્તાના, અને કાર્ય, તે. વળી કેટલાક ગ્રંથકારો એમ કહે છે કે અનુમાન પ્રમાણના બીજા હેતુઓ નામે કાર્ય, કારણ, સંયોગ, સમવાય, અને વિરોધ છે; અને કેટલાક અનુમાનના પૂર્વવત્ (કારણમાંથી કાર્યનું અનુમાન), શેષવત્ [કાર્યમાંથી કારણનું અનુમાન] અને સામાન્યતોદૃષ્ટ (સામાન્ય-સમાનતામાંથી અનુમાન] એમ ત્રણ વિભાગ પાડે છે તે પણ બાથી દૂર થાય છે.

અનુમાન બે પ્રકારનું છે. (૧) સ્વાર્થાનુમાન એટલે પોતાના અનુભવથી-પોતાને માટે બાંધેલું અનુમાન અને (૨) પરાર્થાનુમાન બીજાના અનુભવથી-બીજાને માટે બાંધેલુ અનુમાન. પહેલા પ્રકારનું અનુમાન વારંવાર દૃષ્ટિનું અવલોકન કર્યા પછી પોતાના મનમાંથીજ કાઢેલું છે. ધારો કે રસોડું અને બીજા સ્થાનોમાં જ્યાં ધુમાડો છે ત્યાં અગ્નિ છે એમ વારંવાર જોયા પછી, અને જ્યાં ધૂમ હોય ત્યાં અવશ્યમેવ-વ્યાપ્તિથી અગ્નિ હોય એવું મનમાં પ્રતીત કર્યા પછી કોઇ મનુષ્ય પર્વતપર જાય છે અને તે પર્વતપર અગ્નિ છે કે નહિ એવી શંકા થાય છે. તેટલામાં તે ઉપર ધૂમાડો જુએ છે કે તરતજ ધુમાડા અને અગ્નિ વચ્ચે વ્યાપ્તિ તેના સ્મરણમાં આવે છે, અને તેના મનમાં નિર્ણયપર આવે છે કે પર્વત વન્હિમાન્ છે કારણ કે તે ઉપર ધૂમ છે. આ સ્વાર્થાનુમાન છે. પરાર્થાનુમાનનું લક્ષણ કરવે પછી આપવામાં આવશે.

न प्रत्यक्षमपि भ्रांतं प्रमाणत्वविनिश्चयात् ।
भ्रान्तं प्रमाणमित्येतद् विरुद्धवचनं यतः ॥ ६ ॥

પ્રત્યક્ષ એ પ્રમાણ તરીકે નિશ્ચિત થયેલું છે, તેથી ભ્રાંત-અસત્ય-મિથ્યા નથી; કારણ કે 'પ્રમાણ મિથ્યા છે' એ કહેવું એ વિરૂદ્ધવચન છે.

જે કેટલાક (બૌધ્ધો) માને છે કે જગત લોકસંવૃત્તિ-લોકના વ્યવહાર મત પ્રમાણે જ સત્ય છે, પણ પારમાર્થિક દૃષ્ટિથી જોઇએ તો તે મિથ્યા છે, તેઓ પ્રત્યક્ષને મિથ્યા અને તેથી કેવલ સત્યના ધોરણ પરજતા અપ્રમાણ ગણે છે, પરંતુ આ મત જૈનોથી વિરૂદ્ધ છે. વિરૂદ્ધ એટલા માટે કે જૈનોની માન્યતા પ્રમાણે જગત્ દરેક દૃષ્ટિબિંદુથી સત્ય છે, અને તેથી પ્રત્યક્ષ અપ્રમાણ-અસત્ય નથી.

सकलप्रतिभासस्य भ्रान्त त्वा सिद्धितः स्फुटं ।
प्रमाणं स्वान्यनिश्चापि द्वयसिद्धौ प्रसिध्यति ॥ ७ ॥

સર્વનું-સર્વ પદાર્થોનું પ્રતિભાસ એટલે સંવેદન-જ્ઞાન ભ્રાંત હોવાથી થતી અસિદ્ધિ-અશક્યતાને લઇને જે સ્વનો અને બીજાનો નિશ્ચય કરનાર-સ્વપર પ્રકાશક સ્પષ્ટ રીતે-સ્પષ્ટતાથી છે તેને પ્રમાણ કહેવામાં આવે છે, અને તે બંનેની સિદ્ધિ પ્રલિત કરે છે.

જગત્ મિથ્યા-ભ્રાંતિવાળું કે માયા નથી. જો તેમ હોય તો કોઇપણ વસ્તુ સિદ્ધ કે શક્ય થઇ શકે નહિ તેથી સર્વ પદાર્થો સત્ય છે.

दृष्टेष्टाव्याहत (त्वाद) वाक्यात् परमार्थाभि धायिनः ।
तत्त्वग्राहि तयोत्पन्न मानं शाब्दं प्रकीर्त्तितम् ॥ ८ ॥

—દૃષ્ટ એટલે પ્રમાણથી ઇષ્ટ એટલે નિશ્ચિત એવો અર્થ જે વાક્ય અવ્યાહતપણે એટલે અબાધિતપણે પરમ અર્થને—સત્ય વસ્તુને કહે છે તે વાક્યમાંથી તત્વતઃ ઉત્પન્ન થતું જ્ઞાન તેને શાબ્દ કહેવામાં આવે છે.

તત્વતઃ ઉત્પન્ન થતું એટલે તત્વનું ગ્રહણ કરવાથી એટલે પ્રકૃત—પ્રસ્તુત જે વાક્ય કહેવામાં આવ્યું તેને પ્રતિપાદન કરવા યોગ્ય જે અર્થ તેનો ભાવ કહી આપવાનો જેનામાં ગુણ છે તે.

શાબ્દના બે પ્રકાર છે. (૧) લૌકિક, એટલે કોઇ વિશ્વસનીય પુરૂષ પાસેથી મેળવેલું જ્ઞાન (૨) શાસ્ત્રજ એટલે શાસ્ત્રમાંથી ઉત્પન્ન થયેલું.

आप्तोपज्ञमनुल्लंघ्य मदृष्टेष्ट विरोधकम् ।
तत्त्वोपदेशकृत् सार्वं शास्त्रं कापथघट्टनम् ॥ ९ ॥

—શાસ્ત્ર તેનું નામ કે જે આપ્ત (પુરૂષ) થી ઉપલબ્ધ હોય, બીજાઓથી ઉલંઘન—પરાભવ કરી ન શકાય તેવું હોય, દૃષ્ટ એટલે પ્રમાણથી નિર્ણિતિ થયેલા ઇષ્ટ એટલે વાચ્યથી અવિરોધી—અવિરૂદ્ધ અર્થવાળું હોય, તત્વનો ઉપદેશ કરનાર હોય, સર્વને હિત કરનારૂં હોય, અને કુત્સિત માર્ગને દૂર કરનારૂં હોય. ૯

આપ્ત એટલે જેના રાગાદિ દોષનો સમુદ્ર નિતાંત તદ્દન પ્રક્ષીણ થઇ ગયો હોય તે. આપ્તોપજ્ઞ એમ કહેવાથી જે કેટલાક (મીમાંસકો) કહે છે કે શાસ્ત્ર (વેદાદિ) અપૌરૂષેય એટલે કોઇ પુરૂષે બનાવેલા નથી એમ કહે છે અને તેથી શાશ્વત માને છે તેનો અહીં નિરાસ થાય છે. જો કોઇપણ વિશિષ્ટ પુરૂષના શબ્દોથી શાસ્ત્ર ન થયું હોય તો તે શાસ્ત્રને શાબ્દ કહી શકાય નહિ કારણ કે શાબ્દ એટલે શબ્દોથી થયેલું, અને શબ્દો કોઇ પુરૂષના વચનો હોયા વગર તેનાવડે શાસ્ત્ર બની શકે નહિ.

તત્ત્વ એટલે જીવ અજીવાદિ પદાર્થો.

स्वनिश्चय वदन्येषां निश्चयोत्पादनं बुधैः ।
परार्थं मानमाख्यातं वाक्यं तदुपचारतः ॥ १० ॥

—જેમ પોતાને નિશ્ચય થાય છે તેની પેઠે બીજાનો નિશ્ચય થવો તેને બુધ-વિદ્વાન્ પુરૂષો પરાર્થમાન (પરાર્થાનુમાન) કહે છે. વાક્ય એ ઉપચારથી (પ્રમાણ) છે.

વિશેષાર્થ—જેમ પોતાનો નિશ્ચય—પ્રમેયાધિગમ—પ્રમેયનું જ્ઞાન થાય છે, તે રીતે બીજા પ્રતિપાદ્ય વિષયોના નિશ્ચયનું—પ્રમેયનું જ્ઞાન થાય છે. જેમ પોતાનો અર્થ—નિર્ણય તેમ બીજાનું નિર્ણય જનન—નિર્ણયનું ઉત્પન્ન થવું થાય છે. પરાર્થ એટલે બીજાને માટે જેનાથી અર્થ—પ્રયોજન થાય છે તે. માન એટલે જેનાથી મપાય છે—જ્ઞાન થાય છે તે. જો વસ્તુનો નિશ્ચય થવો એ પરાર્થાનુમાન છે તો તેનું જ્ઞાન પણ પરાર્થાનુમાન છે. વાક્ય એટલે શાબ્દ (પ્રમાણ) એ કંઇ જ્ઞાન નથી પરંતુ તેને ઉપચારથી (**अतद्रूपस्यापि तद्गंगतया तद्रूपत्वेन ग्रहणम्**) તે પ્રમાણ કહેવામાં આવે છે.

પ્રમાણ બે જાતના છે ૧ સ્વાર્થાનુમાન એટલે પોતાને અર્થે થતું જ્ઞાન. ૨ પરાર્થાનુ-

માન બીજાના અર્થે થતું જ્ઞાન. પરાર્થાનુમ[illegible]ની વ્યાખ્યા એ આપવામાં આવે છે કે જે બીજામાં નિશ્ચય ઉત્પન્ન કરે છે એટલે જે [illegible]ધ વસ્તુનું સ્વરૂપ નિર્ણયાત્મક રીતે સમજવામાં બીજાને શક્તિમાન કરે છે. શાબ્દ [illegible]વા વાક્ય આ પરાર્થાનુમાનનો એક ભેદ છે એટલે તે પણ બીજાને અર્થે થતું જ્ઞા[illegible] એ ખરૂં છે કે વાક્ય પોતે જ્ઞાન નથી. પણ જે સાધનથી જ્ઞાન બીજાને આપી શક[illegible] તે સાધન વાક્ય હોવાથી વાક્યમાં ઉપચારથી પ્રમાણ કહેવામાં આવે છે.

प्रत्यक्षेणानुमानेन प्रसिद्धार्थप्रका[illegible]नात् ।
परस्य तदुपायत्वात् परार्थत्वं द्व[illegible]ति ॥ ११ ॥

—પ્રત્યક્ષ અને અનુમાન પ્રસિદ્ધ અથ[illegible] પ્રકાશ કરવાથી, અને તે બંને બીજાને (જાણવાનાં) સાધન હોવાથી પરાર્થ (પરાર્થા[illegible]) છે.

પ્રસિદ્ધ એટલે સ્વપ્રતીત-પોતાને પ્રતીત[illegible]ો; એટલે સ્વાર્થાનુમાનથી મેળવેલો; તેથી પ્રત્યક્ષ અને અનુમાન સ્વાર્થાનુમાન (પોતાના[illegible]ે થતું જ્ઞાન) છે એટલુંજ નહિ પરંતુ પરાર્થાનુમાન (બીજાને અર્થે થતું જ્ઞાન) પણ[illegible] એટલે તેઓ બંને છે. તેઓને (પ્રત્યક્ષ અને અનુમાનને) પરાર્થાનુમાન કહેવાનું કા[illegible] છે કે પ્રત્યક્ષ અને અનુમાનથી જે જ્ઞાન પોતાને અર્થે પ્રાપ્ત કરેલું હોય છે તે વાક્ય[illegible]ા બીજાને આપી શકાય છે. જેમ અનુમાનથી પ્રતીત થયેલો અર્થ બીજાને વચનરૂ[illegible]તિપાદિત કરાવાય છે-જણાવાય છે તેથી તે અનુમાન પરાર્થાનુમાન છે, તેવી રીતે પ્રત્ય[illegible] પ્રતીત થયેલા અર્થને પણ બીજાને માટે જણાવવાને વચનવ્યાપારમાં મૂકવામાં આવે છે[illegible]ખલા તરીકે અનુમાનથી પ્રતીત થયેલું જણાવીએ. અહીં અગ્નિ છે. 'ધૂમ નીકળે છે[illegible]. જ્યાં જ્યાં ધૂમ છે ત્યાં ત્યાં અગ્નિ છે; જેવી રીતે રસોડામાં.—આથી ઉલટું વ્યાપ્તિ[illegible]દાહરણ લઇએ કે જ્યાં અગ્નિનો અભાવ છે ત્યાં ધૂમનો અભાવ છે એટલે ત્યાં કદી પ[illegible]મ હોતો નથી; જેવી રીતે જલાશય વગેરેમાં. તેમ અહીં ધૂમ છે. તેથી ધૂમ હે[illegible]। અહીં અગ્નિ છે. પ્રત્યક્ષથી પ્રતીત થયેલું ફરી જણાવીએઃ—જુઓ ! રાજા આવે[illegible] આ વચનથી રાજાની સમગ્ર સામગ્રીનુ અનુમાન થાય છે. આથીજ દશમા શ્લોકમાં[illegible] છે કે વાક્ય ઉપચારથી અનુમાન છે.

प्रत्यक्षप्रतिपन्नार्थ प्रतिपादि च यद्व[illegible]।
प्रत्यक्षं प्रतिभासस्य निमित्त त्वात्त[illegible]च्यते ॥ १२ ॥

— પ્રત્યક્ષથી પ્રતીત થયેલા અર્થને પ્રતિપા[illegible] કરનારૂં—કહેનારૂં—જણાવનારૂં જે વચન તેને પ્રત્યક્ષ કહેવામાં આવે છે કારણ કે તે વ[illegible] પ્રતિભાસ એટલે પ્રત્યક્ષપણાનો હેતુ છે.

પ્રત્યક્ષ તે સાક્ષાત્કારી જ્ઞાન છે. તે જ્ઞા[illegible]ીજાને કહેવા માટે વાક્યનો ઉપયોગ કરવામાં આવે છે તેથી તે વાક્યને પણ ઉપ[illegible]થી પ્રત્યક્ષ કહેવામાં આવે છે. દાખલા તરીકે સાક્ષીએ આપેલી જુબાની જોકે જજે પ્રત્યક્ષ[illegible]ી જોઇને જાણી નથી છતાં તે જુબાનીને જ પ્રત્યક્ષની બરાબર ગણે છે.

साध्याविनाभुवो हेतोर्वचो यत्प्रतिपाद[illegible]कम् ।
परार्थमनुमानं तत् पक्षादिवचनात्मकम् ॥ १३ ॥

—સાધ્યની સાથે જે વ્યાપ્તિથી રહેલો[illegible] એવા હેતુનું પ્રતિપાદન કરનારૂં—હેતુને

જણાવનારૂં જે વચન તે પક્ષ આદિનું બનેલું હોવાથી પરાર્થાનુમાન (બીજાને માટે અનુમાન) કહેવાય છે.

પરાર્થાનુમાનમાં પક્ષ (minor term), આદિ એટલે હેતુ, દૃષ્ટાંત, ઉપનય અને નિગમન બરાબર સ્પષ્ટ રીતે જણાવવાજ જોઇએ. સાધ્ય (major term) એ જે વસ્તુ સિદ્ધ કરવાની છે તે એટલે જે પદાર્થને સિદ્ધ કરવાની વાદી પ્રતિવાદિની અભિલાષા હોય છે તે. હેતુ (middle term) કે જેનાં બીજાં નામ લિંગ, સાધન છે તે-સાધ્યની સાથે જેની વ્યાપ્તિ હોય તે-એટલે જે સાધ્ય એટલે લિંગીની સાથેજ હોય, બીજા કોઇસાથે તે રહી શકે નહિ. પક્ષ [minor term] એ કે જેની સાથે હેતુનો સંબંધ કહેલો છે અને જેનો સાધ્યની સાથેનો સંબંધ સિદ્ધ કરવાનો છે તે. પ્રતિજ્ઞામાં કર્તા પક્ષ હોય છે, અને ક્રિયાપદ સાધ્ય હોય છે. તેથી પક્ષ અને સાધ્યને કહેવાથી પ્રતિજ્ઞા થાય છે, હવે પરાર્થાનુમાન લઇએઃ—

(૧) આ પર્વત (પક્ષ) વન્હિમાન્ (સાધ્ય) છે—પ્રતિજ્ઞા.

(૨) કારણ કે તે ધૂમ (હેતુ)થી ભરેલો છે—હેતુ

(૩) જે જે ધૂમવાન છે તે વન્હિમાન જેમકે રસોડું—દૃષ્ટાંત.

(૪) તેવીજ રીતે આ પર્વત ધૂમવાન છે.—ઉપનય

(૫) તેથી આ પર્વત વન્હિમાન્ છે—નિગમન.

ઉપર જણાવેલું તે પરાર્થાનુમાનનું મધ્યમ રૂપ છે. આમાં પક્ષ, સાધ્ય, હેતુ અને દૃષ્ટાંત ઉપયોગમાં લેવામાં આવ્યાં છે. પરાર્થાનુમાનનું જઘન્યરૂપ એ છે કે ફક્ત સાધ્ય અને પક્ષ ઉપરાંત હેતુ કહી જવાં જેમકેઃ—

(૧) આ પર્વત (પક્ષ) વન્હિમાન્ છે (સાધ્ય).

(૨) કારણ કે તે ધૂમથી (હેતુ) ભરેલ છે.

પરાર્થાનુમાનનું ઉત્તમ રૂપ દશાવયવ સાધનવાળું છે. એટલે તેમાં નીચલા દશ અવયવ જોઇએઃ—૧-પ્રતિજ્ઞા. ૨-પ્રતિજ્ઞા શુદ્ધિ ૩-હેતુ ૪-હેતુ શુદ્ધિ ૫-દૃષ્ટાંત ૬-દૃષ્ટાંતશુદ્ધિ ૭ ઉપનય ૮ ઉપનય શુદ્ધિ ૯ નિગમન અને ૧૦ નિગમન શુદ્ધિ. એટલે મધ્યમ રૂપમાં જણાવેલા પાંચ અવયવ અને તેની પાંચ શુદ્ધિ.

જે રૂપ ઉપરનો દશ અવયવ કરતાં ઓછા અવયવ ધરાવતું હોય તે 'મધ્યમ' રૂપ કહેવાય છે.

साध्याभ्युपगमः पक्षः प्रत्यक्षाद्यनिराकृतः ।
तत्प्रयोगोऽत्र कर्त्तव्यो हेतोर्गोचरदीपकः ॥ १४ ॥

--પક્ષ એનું નામ કે જે સાધ્યને અંગિકાર કરવા રૂપ છે એટલે જે સાધ્યની સાથે જોડાયેલ છે, એવું નિશ્ચયપૂર્વક સ્વીકારવા રૂપ છે, અને જે પ્રત્યક્ષ આદિથી અબાધિત છે. આ પક્ષનો પ્રયોગ—અભિધાન—કથન અહીં એટલે પરાર્થાનુમાનમાં હેતુનો વિષય દર્શાવવા અર્થે કરવા યોગ્ય છે.

સાધ્ય એટલે અનુમેય. પ્રત્યક્ષ એટલે સાક્ષાત્કારી સંવેદન—જ્ઞાન. પ્રત્યક્ષ આદિ એટલે પ્રત્યક્ષ, અનુમાન, લોકવચન વગેરે. હેતુ એટલે નિર્દેશ તેનો ગોચર એટલે વિષય—એટલે તે ક્યાં રહે છે તે—દીપકઃ એટલે દીવો—પ્રકાશનાર—સંદર્શક-જણાવનાર; એટલે તે જણા-

વવા માટે પક્ષનું કથન છે. આ કહેવાનું કારણ એ છે કે જૈન ધર્મમાં સર્વ એકાંતે નથી, પણ અનેકાંતિક છે.

કેટલાક શ્લિસુફોનો એમ અભિપ્રાય છે કે અનુમાનનો પક્ષ એ પ્રાધાન્ય ભાગ નથી. પરંતુ આ અભિપ્રાય જૈનોના પ્રમાણે ચાલી શકે તેવો—ઉપયુક્ત નથી કારણ કે અનુમાનમાં પક્ષનું કથન કેવલ આવશ્યક છે.

अन्यथा वाद्यभिप्रेतहेतुगोचरमोहितः ।
प्रत्यायस्य भवेद्धेतु र्विरुद्धारेकितो यथा ॥ १५ ॥

—નહિ તો એટલે પક્ષનો પ્રયોગ એમાં નહિ કરવાથી વાદીએ ધારેલો—સ્વીકારેલો—અભિમત એવો હેતુનો વિષય દોલાયમાન—શંકામાં રહે તો વાદીનો તે વિષય પ્રત્યાય એટલે પ્રતિવાદીને વિરૂદ્ધ-વિરોધી લાગે.

જો કોઇ વાદી પક્ષ સ્પષ્ટ રીતે ન દર્શાવે તો તેના હેતુને પ્રતિવાદી વિપરીત રીતે સમજી લે. જેમકેઃ—

(૧) આ પર્વત (પક્ષ) વન્હિમાન્ છે (સાધ્ય)

(૨) કારણ કે તે ધૂમથી (હેતુ) ભરેલો છે.

ઉપરના અનુમાનમાં પક્ષ (પર્વત)નું કથન ન કરવામાં આવે તો તે અનુમાન નીચે પ્રમાણે થાય.

(૧) વન્હિમાન્ (સાધ્ય)

(૨) કારણ કે ધૂમથી (હેતુ) ભરેલો.

અહીં પ્રતિવાદી જે પક્ષમાં અગ્નિ અને ધૂમ સાથેજ રહે છે એવું કોઇ પણ પક્ષ એકદમ સ્મૃતિમાં ન આવે અને તેથી આવા પક્ષને જલાશય ભૂલથી માની બેસે, તો વાદીની આખી દલીલ વિપરીતપણે ગ્રહણ થાય. એટલે શુદ્ધ હેતુ પણ (ઉપલા દૃષ્ટાંતમાં ધૂમ) વિપક્ષમાં—ઉલટા પક્ષમાં દાખલા તરીકે ઉપરના દૃષ્ટાંતમાં જલાશયમાં વર્તે છે એવો વ્યામોહ થવાથી વિરૂદ્ધ દૂષણ આવી જાય. તેથી પક્ષને કહેવાથી હેતુનો વિષય નિર્ણિત થાય છે માટે પક્ષનું કથન કહેવામાં દોષ આવતો નથી એ અહીં અભિપ્રાય છે. અને તે ઉપરના દૃષ્ટાંતથી સ્પષ્ટ કરવામાં આવ્યું છે.

धानुष्कगुणसंप्रेक्षि जनस्य परिविध्यतः ।
धानुष्कस्य विना लक्ष्यानिर्देशेन गुणेतरौ ॥ १६ ॥

—બાણ ફેંકનારના ગુણ—હુશિયારી જોવા આવનાર મનુષ્યે તેના ગુણ અને તેની સાથે દોષ પણ જોવા જોઇશે કે તે બાણ ફેંકનાર લક્ષ્યનો નિર્દેશ કર્યા વગર બાણ તો ફેંકતો નથી?

જેવી રીતે કુશલ ધનુર્ધારી પોતાનું બાણ જ્યાં ફેંકવું હોય ત્યાંથી બીજી પોટી દિશાએ જતું રહે તે અટકાવવા માટે બાણ ફેંકવા પહેલાં નિશાન લે છે તેવીજ રીતે ચતુર વાદીએ પોતાનો જે કહેવાનો વિષય હોય તે વિપરીત રીતે સામો માણસ ગ્રહણ કરી લે તે અટકાવવા વાસ્તે જ્યારે અનુમાન પોતે કહેતો હોય ત્યારે તેમાં પક્ષ બરાબર દર્શાવવું જોઇએ કે જે પક્ષથી સાધ્ય અને હેતુ બંને જોવાયેલા રહે છે.

हेतोस्तथोपपत्त्या वा स्यात् प्रयोगो ऽन्यथापि वा ।
द्विधान्यतरेणापि साध्यसिद्धिर्भवेदिति ॥ १७ ॥

--હેતુનો પ્રયોગ તથા એટલે સાધ્યસદ્ભાવની સાથે પોતાનો સંબંધ બતાવવામાં કરવામાં આવે, તેમ તેથી અન્યથા–બીજી રીતે એટલે સાધ્યનો વ્યતિરેક–અભાવની સાથે સંબંધ નથી એ પણ બતાવવામાં કરવામાં આવે. આ બંનેમાંથી કોઇ પણ રીતે સાધ્યની સિદ્ધિ થાય છે.

ઉપપત્તિ વિદ્યમાનતા–અસ્તિત્વ. હેતુ નીચેના બે રીતે વાપરી શકાય;—(૧) જો સાધ્ય વિદ્યમાન હોય તોજ હેતુ વિદ્યમાન હોય–જેમકે–દાખલો લઇએ કે 'અહીં અગ્નિ છે કારણ કે ત્યાં ધૂમનું અસ્તિત્વ છે. ઉપપત્તિ છે. '—એટલે જો અગ્નિ (સાધ્ય) હોય તોજ ધૂમ (હેતુ) હોઇ શકે. (૨) જો સાધ્ય હોય નહિ તો હેતુ હોઇ શકે નહિ. જેમકે દાખલો લઇએ કે:—" અહીં અગ્નિ છે કારણ કે નહિતો ત્યાં કંઇપણ ધુમાડો હોઇ ન શકે—' એટલે જો અગ્નિ (સાધ્ય) ન હોત તો ધુમાડો (હેતુ) હોઇ શકત નહિ. આ બંને રીતથી સાધ્યની સિદ્ધિ–નિષ્પત્તિ થાય છે.

साध्यसाधनयो र्व्याप्तिर्यत्र निश्चीयतेतराम् ।
साधर्म्येण स दृष्टांतः सम्बन्धस्मरणान्मतः ॥ १८ ॥

--જ્યાં સાધ્ય અને સાધન (હેતુ) ની વ્યાપ્તિ (સાધર્મ્યથી–સમાનધર્મથી) અતિશયે–વિશેષે કરીને નિર્ણીત કરાય છે ત્યાં (સાધ્ય અને સાધન વચ્ચેના) સંબંધનું સ્મરણ થવાથી સાધર્મ્ય દૃષ્ટાંત કહેવાય છે.

શબ્દાર્થ:—સાધ્ય એટલે જેનો અર્થ જાણવાની ઇચ્છા છે એટલે જે સિદ્ધ કરવાનું છે. સાધન એટલે સાધ્ય જણાવનાર હેતુ. વ્યાપ્તિ એટલે **इदं अनेन विना न भवति इति एवंरुपा**—એટલે આ બીજાના વગર વિદ્યમાન હોતું નથી એવો નિયમ એટલે (બે વચ્ચે) અવિનાભાવ સંબંધ. અવિનાભાવ સંબંધ એટલે જ્યાં જ્યાં સાધન (હેતુ) હોય, ત્યાં ત્યાં સાધ્ય હોય, અને જ્યાં જ્યાં સાધ્ય ન હોય ત્યાં ત્યાં સાધન પણ ન હોય, આ સંબંધને અવિનાભાવ સંબંધ કહે છે. જેમ કે જ્યાં જ્યાં ધૂમ છે ત્યાં ત્યાં અગ્નિ છે, અને જ્યાં જ્યાં અગ્નિ નથી ત્યાં ત્યાં ધૂમ પણ નથી.

વિશેષાર્થ—દૃષ્ટાંત એ એક એવું પ્રસિદ્ધ ઉદાહરણ છે કે જે સાધ્ય અને હેતુ એ બંને વચ્ચે વ્યાપ્તિ દૃઢીભૂત કરે છે. તે બે પ્રકારનું છે. (૧) સાધર્મ્ય અને (૨) વૈધર્મ્ય. સાધર્મ્ય દૃષ્ટાંત એ છે કે જે સાધર્મ્યથી વ્યાપ્તિને દૃઢીભૂત કરે છે. જેમકે:—

(૧) આ પર્વત વન્હિમાન્ (સાધ્ય) છે.
(૨) કારણ કે ધૂમથી (હેતુ) ભરેલ છે.
(૩) જેવી રીતે રસોડું વગેરે (સાધર્મ્ય દૃષ્ટાંત)
અહીંઆ અગ્નિ–વન્હિ અને ધૂમ રસોડાનાં સાધર્મ્યથી રહે છે.

साध्ये निवर्तमाने तु साधनस्याप्यसंभवः ।
व्याप्यते यत्र दृष्टांते वैधर्म्येणेति च स्मृतः ॥ १९ ॥

--જ્યાં સાધ્યનો અસંભવ થયે સતે સાધનનો પણ અસંભવ છે એવું દર્શાવાય છે

ત્યાં વૈધર્મ્યદૃષ્ટાંત છે એમ કહેવામાં આવેલ છે.

વૈધર્મ્યદૃષ્ટાંત વૈધર્મ્યથી એટલે સાધ્યના અભાવથી હેતુનો અભાવ થાય છે એવું દેખાડીને વ્યાપ્તિને દૃઢીભૂત કરે છે. જેમકે:—

(૧) આ પર્વત ધૂમવાન્ (સાધ્ય) નથી.

(૨) કારણ કે ત્યાં અગ્નિ નથી (હેતુ)

(૩) જેવી રીતે જલાશય (વૈધર્મ્યદૃષ્ટાંત).

अन्तर्व्याप्त्येव साध्यस्य सिद्धेर्बहिरुदाहृतिः ॥
व्यार्था स्यात्तदसद्भावेऽप्येवं न्यायविदो विदुः ॥ २० ॥

—ન્યાયવેત્તાઓ એમ કહે છે કે બહારથી ઉદાહરણ–દૃષ્ટાંત લાવવું તે વ્યર્થ છે કારણ કે સાધ્યની સિદ્ધિ–નિષ્પત્તિ તેવા ઉદાહરણના અભાવ હોવા છતાં અંતર્વ્યાપ્તિથી જ થઇ જાય છે.

અંતર્વ્યાપ્તિ એટલે પક્ષમાં વ્યાપ્તિ સાધ્ય સાધનનો અવિનાભાવ—સંબંધ. આ અંતર્વ્યાપ્તિ જ્યારે હેતુની અને સાધ્યની સામાન્ય સાંકળ (common link) તરીકે પક્ષ પોતે બંને વચ્ચે વ્યાપ્તિ બતાવે છે, ત્યારે થાય છે; જેમકે:—

(૧) આ પર્વત (પક્ષ) અગ્નિમાન્ છે. (સાધ્ય)

(૨) કારણ કે તે ધૂમથી (હેતુ) ભરેલો છે.

અહીં આ અગ્નિ અને ધૂમ વચ્ચેની વ્યાપ્તિ, પર્વત (પક્ષ) કે જે તેઓને બંનેને સામાન્ય વિષય છે તેનાથી બતાવાય છે.

બહિર્વ્યાપ્તિ, જ્યારે દૃષ્ટાંત બહારથી લાવી હેતુ અને સાધ્ય બંને વચ્ચેના સામાન્ય વિષય તરીકે તે બંને વચ્ચેની વ્યાપ્તિ દૃઢ કરવા માટે દાખલ કરવામાં આવે છે, ત્યારે થાય છે, જેમકે:—

(૧) આ પર્વત (પક્ષ) અગ્નિમાન્ છે (સાધ્ય)

(૨) કારણ કે તે ધૂમથી (હેતુ) ભરેલ છે.

(૩) જેવી રીતે રસોડું (દૃષ્ટાંત)

આ ઉદાહરણમાં રસોડું કે જે અગ્નિમાનનો પ્રાધાન્ય ભાગ નથી તે અગ્નિ અને ધૂમના સામાન્ય વિષય તરીકે તેઓ (અગ્નિ અને ધૂમ) વચ્ચેની વ્યાપ્તિ દૃઢીભૂત કરવા માટે બહારથી દાખલ કરવામાં આવેલ છે.

કેટલાક ન્યાયવિદો (જેવાકે વસુબંધુ)નો એવો અભિપ્રાય છે કે સાધ્ય પક્ષ અંતર્વ્યાપ્તિથી સ્થાપિત સિદ્ધ–કરી–શકાય, તેવા બહિર્વ્યાપ્તિ બતાવવી એ નિરર્થક છે. બીજા ન્યાયવિદો ત્યાં સુધી કહે છે કે પક્ષ પણ વાપરવામાં ન આવે તોપણ સાધ્યને સિદ્ધ કરી આપવું અશક્ય થઇ પડે તેમ નથી.

(૧) આ પર્વત (પક્ષ) અગ્નિમાન છે (સાધ્ય)

(૨) કારણ કે તે ધૂમથી ભરેલો છે (હેતુ)

(૩) જેવી રીતે રસોડું (દૃષ્ટાંત)

આ ઉપરનું " જેવી રીતે રસોડું " એ દૃષ્ટાંત આ ન્યાયવિદોના મત પ્રમાણે નિરર્થક છે. પક્ષ પણ તેઓના અભિપ્રાય પ્રમાણે નીચેની રીતે ઉડાવી દેવાય:—

(૧) અગ્નિમાન્ (સાધ્ય)

(૨) કારણ કે ધૂમવાન્ (હેતુ)

જેવી રીતે અહીંઆ છે તેવી રીતે ગમે ત્યાં પક્ષ ન હોય તો પણ તેઓના મત પ્રમાણે દૃષ્ટાંત નિરર્થક છે.

प्रतिपाद्यस्य यः सिद्धः पक्षाभासोऽस्ति लिंगितः ॥
लोकस्ववचनाभ्यां च बाधितोऽनेकधा मतः ॥ २१ ॥

જે પ્રતિપાદ્ય એટલે પ્રતિવાદિને સિદ્ધ કરવાનું છે એટલે જેનું સાધ્ય પ્રતિપાદિત કરવાનું છે, તે જો લિંગથી, લોકવચનથી, સ્વવચનથી બાધિત હોય તો તે પક્ષાભાસ (the fallacy of the minor term or thesis) છે, અને તેના અનેક પ્રકાર છે.

પક્ષાભાસ ત્યારેજ થાય છે કે જ્યારે પ્રતિવાદીને જે સિદ્ધ કરવાનું છે તે સાધ્યને અથવા જે સિદ્ધ થઇ શકે તેવું નથી તેને અથવા જે પ્રત્યક્ષ બાધિત છે તેને અથવા અનુમાન બાધિત છે તેને અથવા જે લોકબાધિત છે તેને અથવા સ્વવચનબાધિત છે તેને પક્ષનું સ્વરૂપ અપાય છે ત્યારે જેવી રીતેઃ—

(૧) ઘટ પૌદ્ગલિક છે-આ નિગમન હવે પ્રતિવાદીને સિદ્ધ કરી આપવાનું છે.

(૨) સર્વ ક્ષણિક છે. આ સૌગત (બૌદ્ધ) મત છે કે જે જૈન મત પ્રમાણે સિદ્ધ થઇ શકે તેવું નથી.

(૩) સામાન્ય અને વિશેષ નિરંશ-અંશ વિનાના, પરસ્પર-વિવિક્ત-એક બીજાથી ભિન્ન, પોતપોતાને સ્વસ્વ લક્ષણવાળા છે. આ પ્રત્યક્ષ બાધિત છે.

(૪) સર્વજ્ઞ નથી. જૈન મત પ્રમાણે આ અનુમાનબાધિત છે.

(૫) માતા ગમ્ય છે-સ્ત્રી છે—સ્ત્રી તરીકે જાણવાની છે. આ લોક બાધિત છે.

(૬) સર્વ ભાવો—પદાર્થો અવિદ્યમાન છે-આ સ્વવચનબાધિત છે.

अन्यथानुपपन्नत्वं हेतोर्लक्षणमीरितम् ।
तदप्रतीतिसन्देहविपर्य्यासैस्तदाभता ॥ २२ ॥

—હેતુનું લક્ષણ [વ્યાખ્યા) એ આપેલું છે કે જે (સાધ્ય સિવાય) બીજા કોઇની સાથે ઉત્પન્ન ન થઇ શકે-એટલે રહી ન શકે તે હેતુ. હેત્વાભાસ અપ્રતીતિ, સંદેહ અને વિપર્યાસમાંથી ઉત્પન્ન થાય છે.

લક્ષણ—એટલે અસાધારણ ધર્મ—વ્યાખ્યા. અપ્રતીતિ એટલે અનધ્યવસાય. સંદેહ એટલે દોલાયમાનતા, વિપર્યાસ એટલે વિપરીત જાણનો નિર્ણય તદાભતા-એટલે તદ્=હેતુ, આભતા=આભાસતા, એટલે હેત્વાભાસતા.

ઉદાહરણ લઇએ.

(૧) આ પર્વત અગ્નિમાન્ છે (સાધ્ય

(૨) કારણ કે તે ધૂમવાન્ છે (હેતુ)

આ ઉદાહરણમાં ધૂમ એ હેતુ છે; તે જે અગ્નિ કે જે સાધ્ય છે તેની સાથે વ્યાપ્તિથી -inseparable connectionથી રહેલ છે અને તે સીવાય બીજા કોઇની સાથે રહી શકે નહિ.

असिद्धस्त्वप्रतीतो यो योऽन्यथैवोपपद्यते ।
विरुद्धो योऽन्यथाप्यत्र युक्तोऽनैकान्तिकः स तु ॥ २३ ॥

જે અપ્રતીત– હજુ અનિશ્ચિત રહેલ છે તે અસિદ્ધ (હેત્વાભાસ) છે, જે અન્યથાજ સંભવે છે તે વિરૂદ્ધ છે. જે એક રીતે તેમજ જેનાથી અન્યથા–વિપરીત રીતે યુકત થઇ શકે-ઘટાવી શકાય તે અનૈકાન્તિક છે.

હેત્વાભાસ ત્રણ પ્રકારના છે:—

(૧) અસિદ્ધ—જેમકે "આકાશ કમલ સુગંધી છે, કારણકે તેમાં કમલનો સામાન્ય સ્વભાવ છે" આમાં હેતુ નામે આકાશ કમલ (કે જે મિથ્યા છે) તેને કમલોનો સ્વભાવ સામાન્ય છે તે સિદ્ધ થયો નથી.

(૨) વિરૂદ્ધ—જેમકે "આ અગ્નિમાન્ છે કારણ કે તે જલ પદાર્થ છે" અહીં જે હેતુ બતાવ્યો છે તે જે સિદ્ધ કરવાનું છે તેનાથી વિરૂદ્ધ છે.

(૩) અનૈકાન્તિક-જેમકે "સર્વ ક્ષણિક છે કારણ કે તેમાં સત્વ છે-વિદ્યમાનતા છે" અહીં જણાવેલો હેતુ 'સત્વ-વિદ્યમાનતા' એ ક્ષણિકતાની સિદ્ધિ કરનાર હોય અગર ન હોય, કારણકે તેમાં પ્રતિવાદી પણ સરખીજ રીતે કહી શકે કે " સર્વ નિત્ય છે કારણ કે તેમાં સત્વ છે."

साधर्म्येण दृष्टान्तदोषा न्यायविदीरिताः ।
अपलक्षणहेतूत्थाः साध्यादिविकलादयः ॥ २४ ॥

ન્યાયવેત્તાઓએ સાધર્મ્ય-દૃષ્ટાંતદોષો— હેત્વાભાસ એને કહેલ છે કે અપલક્ષણવાળા– અપૂર્ણ હેતુમાંથી ઉદ્ભવે છે, અથવા સાધ્યાદિમાં વિકલ—શૂન્ય એટલે સાધ્ય આદિમાં રહેલ ખામીમાંથી ઉદ્ભવે છે.

સાધ્યઆદિ=સાધ્ય, સાધન, અને ઉભય.

સાધર્મ્ય દૃષ્ટાંતાભાસ સાધ્યમાં અથવા હેતુ (સાધન) માં, અથવા સાધ્ય સાધન બંનેમાં રહેલા દોષ-વિકલપણાને લઇને અથવા તે સંબંધે રહેલા સંદેહને લઇને થવા પામે છે-જન્મે છે. જેમકેઃ—

(૧) અનુમાન ભ્રાંત છે (સાધ્ય) કારણ કે તે પ્રમાણ છે (હેતુ), પ્રત્યક્ષની પેઠે (સાધર્મ્ય દૃષ્ટાંત)

આમાં આપેલા દૃષ્ટાંતમાં સાધ્ય વિકલ છે, કારણ કે પ્રત્યક્ષ એ ભ્રાંત નથી. માટે આ સાધ્ય વિકલ સાધર્મ્ય દૃષ્ટાંતાભાસ.

(૨) જાગ્રત સંવેદન—પ્રત્યક્ષ જ્ઞાન ભ્રાંત છે (સાધ્ય) કારણ કે તે પ્રમાણ છે (હેતુ) જેમકે સ્વપ્ન સંવેદનની પેઠે (સાધર્મ્ય દૃષ્ટાંત)

આમાં આપેલા દૃષ્ટાંતમાં સ્વપ્નસંવેદન પ્રમાણ નથી તેથી સાધનવિકલ-હેતુ-વિકલ સાધર્મ્ય દૃષ્ટાંતાભાસ થયો,

(૩) સર્વજ્ઞ નથી (સાધ્ય) કારણ કે તે પ્રત્યક્ષ આદિથી ઉપલબ્ધ થતો નથી (હેતુ) જેમકે ઘટની પેઠે. (સાધર્મ્ય દૃષ્ટાંત)

આમાં આપેલા દૃષ્ટાંતમાં ઘટ છે, અને તે પ્રત્યક્ષ આદિથી ઉપલબ્ધ છે, તેથી

ઉભય વિકલ (સાધ્ય વિકલ તેમજ સાધન વિકલ) સાધર્મ્ય દૃષ્ટાંતાભાસ થયો.

(૪) આ વીતરાગ છે (સાધ્ય) કારણ કે તેને મરણ ધર્મ છે (હેતુ) જેમકે રથ્યા પુરૂષ—શેરીમાંના કોઇ માણસની પેઠે (સાધર્મ્ય દૃષ્ટાંત)

આમાં આપેલ દૃષ્ટાંતમાં રથ્યા પુરૂષમાં વીતરાગત્વ હોય તે સંદિગ્ધ છે, તેથી આ સંદિગ્ધ સાધ્ય ધર્મવાળો સાધર્મ્ય દૃષ્ટાંતાભાસ થયો.

(૫) આ પુરૂષ મારણધર્મવાળો છે. (સાધ્ય) કારણ કે તે રાગાદિથી સહિત છે (હેતુ] જેમકે રથ્યા પુરૂષ પેઠે. (સાધર્મ્ય દૃષ્ટાંત)

આમાં આપેલા દૃષ્ટાંતમાં રથ્યા પુરૂષમાં રાગાદિ છે કે નહિ તે સંદિગ્ધ-સંદેહ ભરેલું છે તેથી આ સંદિગ્ધ સાધન ધર્મવાળો સાધર્મ્ય દૃષ્ટાંતાભાસ થયો.

(૬) આ અસર્વજ્ઞ છે (સાધ્ય) કારણ કે તે રાગાદિથી સહિત છે (હેતુ) જેમકે રથ્યાપુરૂષની પેઠે. (સાધર્મ્ય દૃષ્ટાંત)

આમાં આપેલા દૃષ્ટાંતમાં રથ્યાપુરૂષમાં રાગાદિ સહિત (હેતુ) છે કે નહિ તેમજ અસર્વજ્ઞ (સાધ્ય) છે કે નહિ તે સંદિગ્ધ છે તેથી આ સંદિગ્ધોભય (સાધ્ય અને સાધન) ધર્મવાળો સાધર્મ્ય દૃષ્ટાંતાભાસ થયો.

કેટલાક સાધર્મ્ય દૃષ્ટાંતાભાસના ત્રણ ભાગ નિરર્થક પાડે છે. (૧) અનન્વય (૨) અપ્રદર્શિતાન્વય (૩) વિપરીતાન્વય. જેમકે (૧) અનન્વય—ઉદા૦ આ પુરૂષ રાગાદિમાન્ છે (સાધ્ય) કારણ કે તે વકતા છે (હેતુ) જેમકે ઇષ્ટ પુરૂષ પેઠે એટલે દાખલા તરીકે મગધવાસી પેઠે. (દૃષ્ટાંત)

આમાં આપેલા દૃષ્ટાંતમાં મગધવાસી તે વકતા અને રાગાદિમાન્ બંને એટલે સાધ્ય અને સાધન ધર્મ બંને હોય તો પણ વકતૃત્વ, અને રાગાદિત્વ, એ બેની વચ્ચે કંઇ વ્યાપ્તિ નથી, એટલે જેજે વકતા હોય તે તે રાગાદિમાન્ હોય છે એવી વ્યાપ્તિ નથી. આથી અનન્વય.

(૨) અપ્રદર્શિતાન્વય જેમકેઃ—શબ્દ અનિત્ય છે (સાધ્ય) કારણ કે તે કૃતક છે. (હેતુ) જેમકે ઘટની પેઠે (દૃષ્ટાંત)

અહીં જોકે વાસ્તવ રીતે કૃતકત્વ અને અનિત્યત્વ વચ્ચે વ્યાપ્તિ છે—અન્વય છે. તથાપિ વાદિના વચનથી તે વ્યાપ્તિ પ્રદર્શિત થઇ નથી; એટલે તેણે જે જે કૃતક છે તે તે અનિત્ય છે; ઘટવત્ એવું જણાવ્યું નથી તેથી અપ્રદર્શિતાન્વય.

(બૌદ્ધ દિગ્નાગ દૃષ્ટાંતને વ્યાપ્તિમાં બદલાવી નાંખવાની આવશ્યકતા સ્વીકારે છે કે જેથી કરીને હેતુ અને સાધ્ય વચ્ચેનો સંબંધ યથાસ્વરૂપમાં દર્શાવી શકાય)

(૩) વિપરીતાન્વય—ઉદા૦ શબ્દ અનિત્ય છે (સાધ્ય), કારણ કે તે કૃતક છે (હેતુ)

આટલું કહી હવે જે વ્યાપ્તિ દર્શાવાય તે જે કૃતક છે તે અનિત્ય છે. ઘટવત્ એને બદલે આવી રીતે દર્શાવાય કે 'જે અનિત્ય છે તે કૃતક છે. ઘટવત્' તો તે વિપરીત વ્યાપ્તિ છે અને તેથી તે વિપરીતાન્વય છે.

वैधर्म्येणात्र दृष्टान्तदोषा न्यायविदीरिताः ।
साध्यसाधन युग्मानामनिवृत्तेश्च संशयात् ॥ २९ ॥

—ન્યાયવેત્તાઓ વૈધર્મ્ય દૃષ્ટાંતાભાસ એ[ને] કહે છે કે જે સાધ્યના અભાવથી, સાધનના અભાવથી, ઉભય એટલે સાધ્ય સાધન બંનેના અભાવથી અથવા તેઓના સંબંધે રહેલા સંશયથી ઉત્પન્ન થાય છે.

વૈધર્મ્ય એટલે જેમાં સાધ્યાભાવ સાધનાભાવની વ્યાપ્તિમાં દર્શાવાય છે; વ્યતિરેક એટલે વ્યાપ્તિ—અન્વયથી.

હવે વૈધર્મ્ય દૃષ્ટાન્તાભાસ છ પ્રકારના છે: (૧) સાધ્યાવ્યતિરેકી (૨) સાધના વ્યતિરેકી (૩) સાધ્યસાધના વ્યતિરેકી (૪) [અ]સંદિગ્ધ સાધ્ય વ્યતિરેકી (૫) સંદિગ્ધ સાધન વ્યતિરેકી (૬) અને સંદિગ્ધ સાધ્ય [સા]ધન વ્યતિરેકી.

વ્યાપ્તિ બે પ્રકારની છે—(૧) અન્વય વ્યાપ્તિ-જેમકે જ્યાં ધૂમ છે ત્યાં વન્હિ નથી. અને (૨) વ્યતિરેકવ્યાપ્તિ. જેમકે જ્યાં વન્હિ નથી ત્યાં ધૂમ નથી.

( ) સાધ્યા વ્યતિરેકી—અનુમાન ભ્રાંત (સાધ્ય), કારણ કે તે પ્રમાણ છે (હેતુ), જે ભ્રાંત નથી તે પ્રમાણ નથી જેમકે સ્વપ્નજ્ઞા[ન] વૈધર્મ્ય દૃષ્ટાન્ત.)

અહીં આપેલા વૈધર્મ્ય—દૃષ્ટાંતમાં સ્વ[પ્ન] ભ્રાંતતાથી નિવૃત્ત કહેલ છે, છતાં તે ભ્રાંત છે, તેથી સાધ્યમાં અવ્યતિરેક છે—દોષ [છે] કારણ કે વ્યતિરેક વ્યાપ્તિ (logical discontinuance) જે ભ્રાંત નથી તે પ્રમાણ નથી, તે ખરી રીતે નથી; તેથી સાધ્યાવ્યતિરેકી.

(૨) સાધના વ્યતિરેકીઃ—પ્રત્યક્ષ નિર્વિ[કલ્પ] છે, (સાધ્ય), કારણ કે તે પ્રમાણ છે (હેતુ) જે સવિકલ્પ છે તેથી પ્રમાણ નથી જે[મકે] અનુમાન. (વૈધર્મ્ય દૃષ્ટાંત).

અહીં આપેલા વૈધર્મ્ય—દૃષ્ટાંતમાં અનુમ[ાન] પ્રમાણ નથી એમ કહેવામાં આવ્યું છે, છતાં તે ખરી રીતે પ્રમાણ છે. પ્રમાણ હોવાપ[ણા]નો અહીં સાધન—હેતુ છે, તેથી તે હેતુ બરાબર આપેલ નથી, એટલે તેમાં દોષ—અવ્ય[તિરેક] છે, તેથી સાધનાવ્યતિરેકી.

(૩) ઉભય—સાધ્ય સાધના વ્યતિરેકી—[જે] નિત્ય અને અનિત્ય છે (સાધ્ય), કારણ કે તે સત્ત્વ-વિદ્યમાન છે. (હેતુ). જે નિત્ય અ[ને] અનિત્ય નથી તે વિદ્યમાન નથી. જેમકે ઘડો. (વૈધર્મ્ય દૃષ્ટાંત)

આ વૈધર્મ્ય દૃષ્ટાંતમાં ઘડો નિત્ય અને [અ]નિત્ય (સાધ્ય) છે, અને વિદ્યમાન (હેતુ) પણ છે. અહીં સાધ્ય અને સાધન બંનેમાં અ[વ્ય]તિરેક છે, તેથી સાધ્ય સાધના વ્યતિરેકી.

(૪) સંદિગ્ધ સાધ્ય વ્યતિરેક—કપિલાદિ [અ]સર્વજ્ઞ-અનાપ્ત છે (સાધ્ય) કારણ કે તેઓએ આર્ય એવાં ચાર સત્યોને પ્રતિપાદિત [કર્યા] નથી. (હેતુ). જે જે અસર્વજ્ઞ નથી તે આર્ય સત્ય ચતુષ્ટયનો અપ્રતિપાદક નથી. જેમકે [બુ]દ્ધ [વૈધર્મ્ય દૃષ્ટાંત].

આ વૈધર્મ્ય દૃષ્ટાંતમાં બુદ્ધ સર્વજ્ઞ હતો [કે] અસર્વજ્ઞ હતો એ સંદિગ્ધ સંદેહાવૃત છે, તેથી આપેલી વ્યતિરેક વ્યાપ્તિમાં જે સ[ાધ્ય] (અસર્વજ્ઞ નથી) છે તે સંદેહમાં રહે છે તેથી આ સંદિગ્ધ સાધ્ય વ્યતિરેકી દૃષ્ટાંતાભા[સ] થયો.

(૫) સંદિગ્ધ સાધન વ્યતિરેકી. આ પુરુ[ષ] અનાદેય વાક્ય છે એટલે તેનાં વચનો માનનીય નથી (સાધ્ય) કારણ કે તે રાગાદિમાન [છે] [હેતુ] જે અનાદેય વાક્ય નથી એટલે જે આદેયવાક્ય છે, તે રાગાદિમાન્ હોતો નથી જેમકે સુગત-બુદ્ધ (વૈધર્મ્ય દૃષ્ટાંત).

આ વૈધર્મ્ય દૃષ્ટાંતમાં બુદ્ધમાં રાગાદિ હોવાપણું (હેતુ) નથી એ સંશયવાળું છે, તેથી હેતુ સંદિગ્ધ રહે છે. માટે આ દૃષ્ટાંતાભાસ સંદિગ્ધ સાધન વ્યતિરેકી થયો.

(૬) સંદિગ્ધ સાધ્ય સાધન વ્યતિરેકી કપિલ વીતરાગ નથી, (સાધ્ય) કારણ કે તેણે પોતાના શરીરનું માંસ ભુખ્યાને આપ્યું નહિ (હેતુ) જે જે વીતરાગ હોય છે તે તે ભુખ્યાને પોતાનું માંસ આપે છે જેમકે બુદ્ધ (વૈધર્મ્ય દૃષ્ટાન્ત).

આ વૈધર્મ્ય દૃષ્ટાંતમાં બુદ્ધ વીતરાગ (સાધ્ય) હતો, અને ભુખ્યાને પોતાનું માંસ આપનાર હતો તે સંદેહવાળું છે તેથી સંદિગ્ધ સાધ્ય સાધન વ્યતિરેકી દૃષ્ટાંતાભાસ થયો.

કેટલાકો વૈધર્મ્ય દૃષ્ટાંતાભાસનાં બીજા ત્રણ પ્રકાર નિરર્થક રીતે-ખોટી રીતે કહે છે તે અયુક્ત છે—અવ્યતિરેક, અપ્રદર્શિત વ્યતિરેક, અવિપરીત વ્યતિરેક.

(૧) અવ્યતિરેક—આ પુરૂષ અવીતરાગ છે (સાધ્ય) કારણ કે તે વક્તા છે (હેતુ) જે જે વીતરાગ છે તે વક્તા નથી જેમકે પાષાણખંડ (વૈધર્મ્ય દૃષ્ટાંત).

આ વૈધર્મ્ય દૃષ્ટાંતમાં જો કે પાષાણખંડ (પથરનો કટકો) વીતરાગ અને અવક્તા બંને છે, તોપણ વીતરાગત્વ અને અવક્તૃત્વ વચ્ચે વ્યતિરેક વ્યાપ્તિ નથી, તેથી અવ્યતિરેક.

(૨) અપ્રદર્શિત વ્યતિરેક એટલે જેમાં વ્યતિરેક વ્યાપ્તિ પ્રગટ કરવામાં આવી નથી તે—શબ્દ અનિત્ય છે (સાધ્ય) કારણ કે તે કૃતક છે (હેતુ) આકાશની પેઠે (દૃષ્ટાંત).

આ દૃષ્ટાંતમાં કૃતકત્વ અને નિત્યત્વ વચ્ચે વ્યતિરેક વ્યાપ્તિ છે છતાં તે યોગ્ય રીતે એટલે 'જે જે કૃતક છે તેતે નિત્ય છે આકાશવત્' એવા સ્વરૂપમાં પ્રદર્શિત કરવામાં આવી નથી તેથી અપ્રદર્શિતવ્યતિરેક એ નામની દુષ્ટતા—દૃષ્ટાંતાભાસતા થઇ.

(૩) વિપરીત વ્યતિરેક એટલે જેમાં વ્યતિરેક વ્યાપ્તિ વિપરીત રીતે હોય તે. શબ્દ અનિત્ય છે. (સાધ્ય) કારણ કે તે કૃતક છે (હેતુ) જે નિત્ય છે તે અકૃતક છે. આકાશની પેઠે (વૈધર્મ્ય દૃષ્ટાંત).

આ વૈધર્મ્ય દૃષ્ટાંતમાં દૃષ્ટાંત વિપરીત રીતે મુકવામાં આવેલ છે કારણ કે યુક્ત રીતે 'જે જે અકૃતક છે તે નિત્ય છે. આકાશવત્' એમ મૂકવું જોઇતું હતું, તેથી વિપરીત વ્યતિરેક.

वाद्युक्ते साधने प्रोक्तदोषाणामुद भावनम् ।
दूषणं निरवद्ये तु दूषणाभासनामकम् ॥ २६ ॥

—ઉપરોક્ત દોષોને વાદી જ્યારે સાધન—દલીલ કહી રહ્યો હોય ત્યારે તેની પાસે પ્રકાશિત કરવ તેનું નામ દૂષણ (refutation) છે; પરંતુ તે દોષો ખરી રીતે નિરવદ્ય (દોષ વગરના) હોય છતાં દોષ તરીકે કહેવા તો તે દૂષણાભાસ છે.

વાદમાં પ્રતિપક્ષીના દલીલો સામી પોતાની દલીલો સરસ રીતે વાદીએ રજુ કરેલી છે. એટલે દૂષણ બતાવ્યું છે એ ત્યારેજ કહેવાય કે જ્યારે તે પ્રતિપક્ષીની દલીલોમાં ઉપર કહેલા દોષો (હેત્વાભાસ, દૃષ્ટાંતાભાસ વગેરે) તરતજ પકડી લઇ તેને બતાવી શકે. પરંતુ પ્રતિપક્ષીએ ખરી રીતે દોષો કર્યા ન હોય, છતાં તે દોષો છે એમ રજુ કરાય તો તે દૂષણાભાસ છે.

सकलावरणमुक्तात्मकेवलं यत्प्रकाशते ।
प्रत्यक्षं सकलार्थात्मसततप्रतिभासनम् ॥ २७ ॥

—સકલ—સમસ્ત આવરણથી જેનું સ્વરૂપ મુકત છે,—એટલે જે નિરૂપાધિક છે, અને જે કેવલ એટલે બીજા (જ્ઞાન)ની સહાય વગર પ્રકાશે છે તે (પારમાર્થિક,—નિરૂપચરિત) પ્રત્યક્ષ (કહેવાય) છે; તે (પ્રત્યક્ષ) સકલ—સ[illegible] અર્થ—પદાર્થના સ્વરૂપને સતતપણે--અનવરતપણે પ્રતિભાસે-પ્રકાશે છે.

આ પ્રત્યક્ષ પારમાર્થિક— નિરૂપચરિત છે એટલે અહીં તેનો વ્યુત્પત્તિ અર્થ એ થાય છે કે અક્ષ એટલે જીવપર્યાય. તેના પ્રતિ જે વર્તે છે તે આત્માનો—સ્વરૂપનો સાક્ષાત્ વ્યાપાર તેનું નામ પ્રત્યક્ષ. જ્યારે આથી ભિન્ન [illegible] પહેલાં પ્રત્યક્ષ કહ્યું તે વ્યાવહારિક પ્રત્યક્ષ છે એટલે ઇન્દ્રિયના વ્યવહારથી—ચક્ષુ, શ્રોત્ર આદિ ઇંદ્રિયથી આત્માને પ્રાપ્ત થતું જ્ઞાન કે જે ખરી રીતે—પરમાર્થતઃ પરોક્ષજ છે. [illegible] ઉપર જણાવેલ પારમાર્થિક પ્રત્યક્ષ ઇંદ્રિયાદિની સહાય વગર આવરણક્ષયોપશમથી ધ્યાન [illegible] આત્માને સ્વતઃ થાય છે તે છે. આવી રીતે પ્રત્યક્ષ બે અર્થમાં વપરાય છે. (૧) પારમાર્થિક (૨) વ્યાવહારિક.

प्रमाणस्य फलं साक्षादज्ञाननिर्वर्तनम् ।
केवलस्य सुखोपेक्षे शेषस्यादानहानधीः ॥ २८ ॥

--પ્રમાણનું સાક્ષાત્ ફલ અજ્ઞાન—અનધ્યવસાય—પ્રમેયનું અજ્ઞાન તેનો નાશ જે થાય છે. કેવલ-સર્વજ્ઞ જ્ઞાનનું (અસાક્ષાત્ અપ્રત્યક્ષ—પરોક્ષ) ફલ સુખ એટલે વૈષયિક સુખથી અતીત એવો પરમ આલ્હાદનો અનુભવ, અને ઉપેક્ષા એટલે મધ્યસ્થતા છે, અને શેષ એટલે કેવલથી ભિન્ન પ્રમાણ એટલે પ્રાકૃત [illegible] સામાન્ય પ્રમાણથી સ્વીકાર અને ત્યાગ કરવાની બુદ્ધિ એ (પરોક્ષ ફલ) થાય છે.

પ્રમાણ બે પ્રકારનું છે- (૧) કેવલ પ્રમાણ (૨) પ્રાકૃત લોક-સામાન્ય પ્રમાણ આ બંને પ્રમાણનું સાક્ષાત્ એટલે પ્રત્યક્ષ ફલ અજ્ઞાનનું નિવારણ-ક્ષય થાય છે; અને પરોક્ષ અસાક્ષાત્ ફલ દરેકનું જૂદું જૂદું થાય છે એટલે કેવલ પ્રમાણનું પરોક્ષ ફલ સુખ અને મધ્યસ્થતા થાય છે, અને પ્રાકૃત લોક સામાન્ય પ્રમાણનું પરોક્ષ ફલ ઉપાદેયનો સ્વીકાર, અને હેયનો ત્યાગ કરવાની બુદ્ધિ થાય છે.

अनेकान्तात्मकं वस्तु गोचरः सर्वसंविदाम्
एकदेशविशिष्टोऽर्थो नयस्य विषयो मतः ॥ २९ ॥

—વસ્તુ અનેકાંતાત્મક છે એટલે તેનામાં અનેક અંત એટલે ધર્મોનાં સ્વરૂપો છે એટલે જેનું સ્વરૂપ અનેક દૃષ્ટિબિંદુથી જાણી શકાય છે. (અને) તે સર્વસંવિદ્ એટલે સર્વજ્ઞને ગોચર થઇ શકે છે, એટલે તે સર્વજ્ઞતાનો વિષય છે; પરંતુ અર્થ એટલે વસ્તુનું એક દેશથી એક દૃષ્ટિબિંદુથી વિશિષ્ટ-ખાસ અમુક સ્વરૂપ જાણવું તે નયનો વિષય છે, એમ જાણવું.

બાહ્ય કે આંતર વિષયો પદાર્થોમાં અનેક ધર્મો છે અને તે જુદા જુદા દૃષ્ટિબિંદુથી જાણી શકાય છે. તે બધા ધર્મોનું તેના બધા દૃષ્ટિબિંદુથી જ્ઞાન સર્વજ્ઞતાથી થઇ શકે, જ્યારે તેના અમુક વિશિષ્ટ સ્વરૂપનું જ્ઞાન નયથી થઇ શકે છે. નયનો વ્યુત્પત્તિ અર્થ એ [illegible].

(नयति प्रापयति संवेदन मारोहयति इति नयः) એટલે (અનંતધર્મવાળી વસ્તુને ઇચ્છિત એવા એક ધર્મ પ્રત્યે) જે લઇ જાય છે એટલે [એક ધર્મનું] જેનાથી જ્ઞાન થાય છે તે નય એટલે એક દૃષ્ટિબિંદુથી થતું જ્ઞાનનય પ્રમાણપ્રવૃત્તિનો ઉત્તરકાલભાવી પરામર્શ છે.

નય સાત પ્રકારના છે.

(૧) નૈગમ—જે વસ્તુના સામાન્ય અને વિશેષને સમુદાય રૂપે–પરસ્પર ગમ–ભેદ પાડયા વગર ગ્રહે છે તે. ઉદા૰ 'વાંસ' એ શબ્દથી ઘણા ધર્મો સમજી શકાય છે; તે ધર્મોમાંના કેટલાક તેની જાતને–વાંસ એ વૃક્ષની જાતને લાગુ પડે છે જ્યારે બાકીના આંબો, વડ, અંજીર આદિ વૃક્ષોની સાથે સામાન્ય સાધારણ હોય છે; જેથી આ બે જાતના ધર્મોમાં કંઇ ભેદ પડાતો નથી. ન્યાય અને વૈશેષિક દર્શનો નૈગમ નયને સ્વીકારે છે.

(૨) સંગ્રહ–જે વસ્તુનો કેવલ સામાન્ય ધર્મ સ્વીકારે છે તે. જ્યારે સામાન્ય ધર્મથી ભિન્ન એવા વિશેષ ધર્મોને જાણે તે આકાશ પુષ્પોની માફક અવિદ્યમાન હોય તેમ માની ગણતો નથી. ઉદા. આંબો, વાંસ, કે વડ વિ૰ આપણે બોલીએ છીએ, ત્યારે આપણે તે વૃક્ષ છે એટલું કહેવા ધારીએ છીએ.

અદ્વૈત અને સાંખ્ય દર્શનો સંગ્રહ નયને માને છે.

(૩) વ્યવહાર—જે કેવલ વિશેષ ધર્મને જ સ્વીકારે છે તે. કારણ કે વિશેષ વગરનો સામાન્ય ધર્મ શશવિષાણ પેઠે મિથ્યા છે ઉદા૰ વૃક્ષ લેઇ આવવાનું કહેવામાં આવે છે. ત્યારે કોઇ સામાન્ય રીતે વૃક્ષ લઇ આવશે ? નહિ જ તે, ફકત આંબો, વાંસ કે વડ એવું કોઇ વિશિષ્ટ વૃક્ષ લઇ આવશે.

ચાર્વાક દર્શન વ્યવહાર નયને અનુસરે છે.

(૪) ઋજુસૂત્ર—જેમ વસ્તુ વર્તમાન કાલે હોય તેમજ તેને ભૂત અને ભવિષ્યની અપેક્ષા રાખ્યા વગર ગ્રહણ કરે તે. વસ્તુનું ભૂતકાલમાં જે સ્વરૂપ હતું અથવા ભવિષ્યમાં જે થશે તે લક્ષમાં લેવું નિરર્થક છે. જે સ્વરૂપમાં વસ્તુ વર્તમાન કાલમાં હોય તેથીજ બધો વ્યવહાર સરે છે. ઉદા૰ પૂર્વેના—પૂર્વ જન્મમાં મારે જે પુત્ર હતો તે હમણાં બીજા સ્થલે રાજકુમાર થયેલ છે. હવે મારે તેનું વ્યવહારૂ રીતે કંઇ કામ નથી તેથી ઋજુસૂત્ર ફકત ભાવને સ્વીકારે છે અને નામ, સ્થાપના, અથવા દ્રવ્યને સ્વીકારતો નથી. ઉદા૰ અક ગરીબ ગોવાળીઓ **ઇંદ્રનું નામ** ધારણ કરે તો તેથી તે સ્વર્ગનો નાથ થઇ શકતો નથી. રાજાની સ્થાપના રાજાનું પોતાનું કાર્ય કરી શકતી નથી. મારામાં જે કારણો મારા ભવિષ્યના જન્મમાં જુદો દેહ લેવાને દોરી જશે તેથી હું તે (ભવિષ્ય જન્મનો) દેહ હમણાં ભોગવવાને શક્તિમાન થઇ શકીશ નહિ.

બૌદ્ધો આ ત્રીજુસૂત્રનું આલંબન કરે છે.

૫. શબ્દ. જે શબ્દને અર્થ–રૂઢાર્થમાં વાપરે છે નહિં કે તેના વ્યુત્પત્યર્થમાં. જેમ શત્રુ સામાન્ય રીતે અથવા તેના રૂઢાર્થમાં 'વૈરી' એ અર્થમાં વપરાય છે. જ્યારે તેનો વ્યુત્પત્યર્થ ' નાશ કરનાર ' એવો થાય છે. વૈયાકરણીઓ આ નયનો આધાર લે છે.

૬. સમભિરૂઢ નય–વ્યુત્પત્તિથી અર્થ કરી એકાર્થ—વાચક શબ્દોમાં બારીક ભેદ પાડી તેને વ્યુત્પત્તિથી જે અર્થ થતો હોય ત્યાં વાપરે છે તે. ઉદા૰ શબ્દનયે ઇંદ્ર, શક્ર, પુરંદર

એ સર્વ એકાર્થ વાચ્ય છે એટલે તે સર્વનો અર્થ ઇંદ્ર થાય છે; પણ આ સમભિરૂઢ નયે ઇંદનાત્ એટલે ઐશ્વર્યવાળો હોવાથી ઇંદ્ર, શકનાત્ એટલે શક્તિવાળો હોવાથી શક્ર, અને પૂર્દારણાત્=(દૈત્યોનાં) નગર નાશ કરવાથી પુરંદર. વૈયાકરણીઓ આ નયને સ્વીકારે છે.

૭ એવંભૂત—શબ્દનો જે વ્યુત્પત્તિ અર્થ હોય તેવો ભાવ જો વર્તમાનકાલે વિદ્યમાન હોય તો ત્યાં તે શબ્દ વાપરે તે. ઉદા૦ મનુષ્યને શક્ર એ નામ, જો તેમાં ખરી રીતે શક્તિ કે જે શક્રનામપરથી સૂચિત થાય છે તે હોય, તોજ આપી શકાય.

વ્યાકરણીઓ આ નયને ગ્રહે છે.

नयानामेकनिष्ठानां प्रवृत्ते : श्रुतवर्त्मनि ।
संपूर्णार्थविनिश्चायि स्याद्वादश्रुत मुच्यते ॥ ३० ॥

એક ધર્મ ગ્રહણ કરનારા નયોની પ્રવૃત્તિ શ્રુત માર્ગમાં કરવાથી જે જ્ઞાનથી સંપૂર્ણ અર્થનો વિશેષે કરી નિશ્ચય-નિર્ણય થાય છે તેને સ્યાદ્વાદ શ્રુત કહે છે.

શ્રુત—આગમ ત્રણ પ્રકારનું છેઃ—

૧—મિથ્યાશ્રુત—મિથ્યા એટલે અસત્ય. આ શ્રુત દુર્નય (અસત્ય-દુષ્ટ નય)ના અભિપ્રાયથી પ્રવર્તાય છે, અને તે કુતીર્થિકના શ્રુતમાંથી પ્રાપ્ત થાય છે.

૨. નયશ્રુત-નયથી પ્રાપ્ત થતું શ્રુત. આ આર્હત્ એટલે જિનઆગમમાં અંતર્ગત થયેલ છે, અને તે **અનેક** નયના અભિપ્રાયથી પ્રતિબદ્ધ-સંકળાયેલ-ગુંથાએલ છે.

અને. ૩. સ્યાદ્વાદ શ્રુત—સ્યાદ્વાદથી પ્રાપ્ત થતું શ્રુત. એટલે અમુક નિર્દિષ્ટ ધર્મ સિવાયના બીજા બધા ધર્મોના સમુહનું જ્ઞાન. આ જૈન આગમમાંથી **સર્વ** નયના અભિપ્રાય પ્રાપ્ત થાય છે.

નયશ્રુત પૂર્વના શ્લોકમાં દર્શાવેલ છે. સ્યાદ્વાદશ્રુત નીચે દર્શાવીએ છીએઃ—

સ્યાદ્વાદ કે જેની વ્યુત્પત્તિ સ્યાત્-કથંચિત્વાદ—શક્યતાનું assertion છે તે વસ્તુઓના અર્થ બની શકે તેટલા સર્વ દૃષ્ટિબિંદુઓ નિર્ણિત કરે છે. પદાર્થો કેવલ સત્ છે તેમ કેવલ અસત્ છે એમ નથી. અમુક પ્રકારે પદાર્થ સત્ છે, અમુક પ્રકારે પદાર્થો અસત્ છે ઇત્યાદિ, સ્યાદ્વાદ પદાર્થોને સાત રીતે-સાત ભંગમાં તપાસે છે તેથી આ વાદ સપ્તભંગીનય કહેવાય છે. તે આ પ્રમાણે કહી શકાય. (૧) સ્યાદસ્તિનાસ્તિકથંચિત્ છે [૨] સ્યાન્નસ્તિ-કથંચિંત નથી. (૩) સ્યાદસ્તિનાસ્તિ-કથંચિત્ છે પણ ખરો, અને કથંચિત્ નથી પણ ખરો. [૪] સ્યાદવક્તવ્યઃ-કથંચિત્ અવક્તવ્ય છે (૫) સ્યાદસ્તિચાવક્તવ્યઃ-કથંચિત્ છે, અને તે છતાં અવક્તવ્ય છે (૬) સ્યાન્નાસ્તિ આવક્તવ્યઃ-કથંચિત્ નથી અને વળી અવક્તવ્ય છે; અને (૭) સ્યાદસ્તિ નાસ્તિ ચાવક્તવ્યઃ—કથંચિત્ છે અને નથી અને વળી અવક્તવ્ય છે.

જ્યારે પદાર્થને સિદ્ધ કરવાનો હોય છે ત્યારે આપણે કહીએ છીએ કે ' તે છે ' જ્યારે તેનો નિષેધ કરવાનો હોય છે ત્યારે આપણે કહીએ છીએ કે 'તે નથી'. જ્યારે પદાર્થને સિદ્ધ કરવાનો છે અને તેનીજ સાથે તેનો નિષેધ કરવાનો છે ત્યારે આપણે કહીએ છીએ કે 'તે અવક્તવ્ય છે'. જ્યારે પદાર્થ સિદ્ધ કરવાનો છે, અને તેનીજ સાથે અવક્તવ્ય

જણાવવાનો હોય છે, ત્યારે આપણે કહીએ છીએ કે 'તે છે અને તે છતાં અવક્તવ્ય છે.' જ્યારે પદાર્થનો નિષેધ કરવાનો હોય છે, અને વળી તેને અવક્તવ્ય જણાવવાનો હોય છે ત્યારે આપણે કહીએ છીએ કે ' તે નથી અને વળી અવક્તવ્ય છે ! જ્યારે પદાર્થને સિદ્ધ કરવાનો અને નિષેધ કરવાનો હોય છે તેમજ તેની સાથે તેને અવક્તવ્ય જણાવવાનો હોય છે ત્યારે આપણે કહીએ છીએ કે 'તે છે, અને તે નથી અને વળી અવક્તવ્ય છે". સ્યાદ્ એટલે કથંચિત્ અને તે આ સઘળી સાત સાપેક્ષતાઓ–પ્રકાર જણાવે છે એટલે પદાર્થને ઉપર જણાવેલા સાત પ્રકાર (દૃષ્ટિબિંદુ) માંના એકથી જોઇ શકાય, પણ આ સાત પ્રકારથી કોઇ આઠમો પ્રકાર નથી.

प्रमाता स्वान्यनिर्भासी कर्ता भोक्ता विवृत्तिमान् ।
स्वसंवेदनसंसिद्धो जीव : क्षित्याद्यनात्मकः ॥ ३१ ॥

જીવ પ્રમાતા—જ્ઞાતા, સ્વ અને પરનો પ્રકાશ કરનાર; કર્તા, ભોક્તા, પરિણામી આત્મજ્ઞાનથીજ પ્રતીત થાય તેવો અને પૃથિવી આદિથી ભિન્ન છે.

આત્મા—જીવને જ્ઞાન છે, તેથી તે જ્ઞાનથીજ ભિન્ન છે. જૈન ફિલસુફીમાં કર્તા અને ભોક્તા તરીકે જીવ સાંખ્ય ફિલસુફીમાં તેવા જીવથી ભિન્ન છે. જૈનોમાં આત્મા વિવૃત્તિમાન પરિણામ એટલે ભીન્ન ભીન્ન પર્યાયમાં ફરતો વર્ણવેલ છે, જ્યારે આ સંબંધે ન્યાય અને વૈશેષિક ફિલસુફીમાં જુદું કહેલ છે.

प्रमाणादि व्यवस्थेयमनादिनिधनात्मका ।
सर्व संव्यवहर्तृणां प्रसिद्धापि प्रकीर्तिता ॥ ३२ ॥
(कृतिरियं श्री सितपट्ट सिद्धसेन दिवाकरस्य.)

આ પ્રમાણ આદિની વ્યવસ્થા અનાદિ અને અનંત છે. જો કે તે સર્વને વ્યવહારમાં પ્રસિદ્ધ થયેલી છે છતાં અહીં તે વર્ણવેલી છે.

આ ઉપરથી જણાય છે કે જૈનોના આમ્નાય પ્રમાણે પૃથ્વી શાશ્વત—નિત્ય છે.

આ ગ્રંથનું અંગ્રેજી ભાષાંતર કલકત્તાની ગવર્નમેંટ સંસ્કૃત કૉલેજના પ્રિન્સિપાલ મહા મહોપાધ્યાય ડાકટર સતિશચંદ્ર વિદ્યાભૂષણ સિદ્ધાન્ત મહોદધિ M. A. Ph. D. F. I. R. S. નામના બંગાલી વિદ્વાને પ્રથમ 'રીસર્ચ એંડ રિવ્યુ' એ નામના માસિકના અંકમાં પ્રગટ કર્યું હતું અને તે પરથી આ ગુજરાતી ભાષાંતર અમોએ સન ૧૯૧૦ માં કર્યું હતું. આ પુસ્તક વિશેષ વિસ્તારથી અને તેના કર્તા શ્રીમદ્ સિદ્ધસેન દિવાકરના જીવન સમેત અમારા કંઇ પણ સ્વાર્થ વગર પ્રગટ કરવાનો અમારો વિચાર એકાદ બે જૈન પુસ્તક પ્રકાશક સંસ્થાને જણાવ્યો હતો, પરંતુ તેની આ સંબંધેની વૃત્તિઓને પ્રકટ કરવી યોગ્ય નથી ધારતા–હાલમાં એટલુંજ કહેવાનું રહે છે કે આને આ ખાસ અંકમાં પ્રકટ કરવાનું અત્યારે પ્રાપ્ત થાય છે.

આ ગ્રંથ નવીન પુસ્તકના આકારમાં 'જૈન લાયબ્રેરી ઓફ જૈન લિટરેચર' વોલ્યુ. ૨ તરીકે બાબુ યુત કુમાર દેવેન્દ્રપ્રસાદ (ધ સેંટ્રલ જૈન પબ્લિશિંગ હાઉસ, આરાહ) તરફથી હમણાંજ બહાર પડેલ છે તેમાં પ્રસ્તાવના, ઉદ્ઘાત, અને એક નિરીક્ષણ આપેલ છે તે અતિ ઉપયોગિ છે અને તેનું ભાષાંતર કોર્ટ વખત અનુકૂળતાએ આપીશું. આ ઉપરાંત

આ ગ્રંથપરની સંસ્કૃત ટીકા પૂર્ણિમાગચ્છના સાં ૧૧૫૯ માં સ્થાપક ચંદ્રપ્રભસૂરિએ ન્યાયાવતાર-વિવૃતિ નામની બનાવી છે તેનો મહત્ત્વનો ટુંક સાર સંસ્કૃતમાં આપેલ છે તે જૈન વિદ્વાનોને જોઇ જવા અમો ભલામણ કરીએ છીએ. આની કિંમત એક રૂપીઓ છે.

જૈન ન્યાય સંબંધે ઉક્ત બંગાલી મહાશયે પોતાના એક ઉપયોગી ગ્રંથ નામે The History of the Medieval School of Indian Logic (કે જે કલકત્તા ની યુનિવર્સિટી તરફથી બહાર પડયો છે) તેમાં ટુંક અને યોગ્ય વિવેચન કર્યું છે અને તેનું હિંદી ભાષાંતર જૈન હિતૈષીના અંકોના કટકે કટકે છપાઇ ગયું છે. આ સંબંધે ઘણું ઘણું કરવા જેવું છે.

તંત્રી.

જૈન ધર્મનો અન્ય ધર્મોમાં ઉલ્લેખ.

(લેખક-ગોકુલદાસ નાનજીભાઇ ગાંધી-રાજકોટ.)

(૪)

આ લેખને અંતે ત્રીજા ભાગનો પહેલો ખંડક સંપૂર્ણ થશે. આ લેખ બહુજ વિચાર પૂર્વક વાંચવાથી વિશેષ આનંદ આપશે, ઐતિહાસિક અને ધાર્મિક જ્ઞાન ઉપરાંત વ્યવહાર-શાસ્ત્રનું પણ કેટલુંક જ્ઞાન આ લેખમાંથી થશે.

प्रबोधचंद्रोदयम्:—આ ષડંકી નાટક કૃષ્ણમિશ્રયતિ પ્રણિત છે. આ નાટક ઉપર સંસ્કૃતમાંજ ચંદ્રિકા વ્યાખ્યા ગોપદેવશેખરે રચેલ છે. અને રામદાસ દીક્ષિતે પ્રકાશટીકા રચેલ છે. આ નાટકના તૃતીયાંકમાં જૈન સંબંધી નીચે મુજબ ઉલ્લેખ છે:—

करुणा—[सत्रासम्] सहि, रक्खसो रक्खसो ।

शान्तिः—कोऽसौ राक्षसः ।

करुणा—सहि पेक्ख पेक्ख । जो एसो गलन्तमलपिच्छल बीहत्सदुप्पेक्ख देहच्छवी उल्लंचिअचिउरमुक्कवसणदुद्दंसणो सिहि सिहण्ड पिच्छि आहत्थो इदो जेव्व अहिवट्टदि ।

शान्तिः—सखि, नायं राक्षसः । निर्वीर्यः खल्वयम् ।

करुणा—ताको एसो भविस्सादि ।

शान्तिः—सखि, पिशाच इति शङ्के ।

करुणा—सहि, पप्फुरन्तमहामऊहमालोब्भासिअमुअणंतरे जलदिप्प चण्डमात्तंण्डमंडले कहं पिसाआणं अवआसो ।

शान्तिः—तर्हि अनन्तरमेव नरकाविवरादुत्तीर्णः कोऽपि नारकी भविष्यति । (विलोक्य विचिन्त्य च) आः, ज्ञातम् । महामोहप्रवर्तितोऽयं दिगम्बर सिद्धान्तः । तत्सर्वथा दूरे परिहरणीय मस्य दर्शनम् । (इति पराङ्मुखी भवति ।)

करुणा–सहि, मुहुत्तकं चिट्ठ । जाव एत्थ सद्धां अण्णेसामि । [उभे तथास्थिते]

(ततः प्रविशति यथानिर्दिष्टो दिगम्बर सिद्धान्तः ।)

दिगम्बरः–ॐ णमो अलिहन्ताणम् । णवदुवालग्घलमज्झे अप्पा दीवव्व ज्जलदि । एसो जिणवलभासिदो पलमत्थो जं मोक्खसुखदो (इति परिक्रामति) । (आकाशे) अलेले सावका, सुणुद्धंमलमअपुग्गलपिण्डे सअलजलेहिं केरिसी सुद्धी। अप्पा विमलसहाओ रुसिपलिचलणेहिं जाणव्वो ॥ ५ ॥

किं भणत्थ केलिसं लिसिपरिचलणं ति । ता सुणुध दूले चलणपणामो, कि दसक्कालं च भोअणं मिट्ठम् । इस्सामलं णं कज्जं, लिसिणं दालाणं लमन्ताणम् ॥६॥

[नेपथ्याभिमुखमवलोक्य) सद्धे, इदोदाव । उभे सभयामालोकयतः ।]

(ततः प्रविशति तदनुरूपवेषा श्रद्धा)

श्रद्धा-किं आणवेदि लाउलम् । [शान्तिर्मूर्च्छिता पतति ।]

दिगम्बर सिद्धान्तः–सावकाणां कुलं मुहूत्तमेकं विमा पलिहलिस्सदि भवदी ।

श्रद्धा– जं आणवेदि लाउलम् । (इति निष्क्रान्ता ।)

करुणा–समस्सदु पिअसही । णं खु णाममेत्तकेण पियसही ए भेदव्वं । जडो सुदं मए हिंसासआसादो जं अत्थि पासण्डाणं वि तमसः सुदा सद्धेति । तेण एसा तामसी सद्धा भविस्सदि ।

शान्ति–[समाश्वस्य] संखि, एवमेवैतत् । तथाहि—

दुराचारा सदाचारां दुर्दर्शा प्रियदर्शनाम् ।
अम्बामनुसरत्येषा दुराशा न कथंचन ॥ ७ ॥

तद्भवतु ।

ચંદ્રિકા વ્યાખ્યા કે જે ઉપરોક્ત નાટક ઉપરજ રચાએલ છે તેમાં જૈનો માટે એવું કથન છે કે ' दिगम्बरसिद्धान्तेऽङ्गुष्ठ परिमाण एवात्मा हृत्पुंडरिककोषमध्ये दीपवज्ज्वलतीति तस्मात्परिछिन्नपरिमाण आत्मा स एवानादिवासनादिभिः सुखदुःख भोगार्थं शरीरे निक्षिप्य बध्यते । तान्निवृत्तिश्च भगवतार्हतां दर्शितैर्धर्मैः केशोल्लुञ्चन तप्तशिलारोहणादिभिर्जायते । વિગેરે.

ટીપ:-આ નાટકમાં જૈનોનું દિગંબર જૈન તરીકેનું દિગ્દર્શન છે. પરમતના ઘણાખરા ગ્રંથોમાં જૈનોનું દિગંબર નામથીજ વર્ણન કરવામાં આવ્યું છે તે પરથી એટલું તો સમજાય છે કે પ્રાચીન કાળમાં દિગંબર જૈનોનું પ્રાબલ્ય વિશેષ હોવું જોઇએ અગર તો એ બોકી પરમતાનુયાયી વિદ્વાનોના પ્રસંગમાં વધારે આવેલા હોવા જોઇએ. આ નાટકમાં દિગંબર સાધુનું જે લક્ષણ આપ્યું છે તે દિગંબર મુનિઓને બંધ બેસતું જણાય છે. વૈરાગ્યની પરાકાષ્ઠા વગર સહન ન થઇ શકે તેવો જૈન દિગંબરો—દિગંબર મુનિઓનો ક્રિયા

વ્યવહાર પરમત વાળાઓ બહુ ચિતરે છે તેથ પ્રાચીન કાળમાં દિગંબર જૈનમુનિઓનો પ્રચાર વિશેષ હશે એમ અનુમાન કરી શકાય છે. ચંદ્રિકા ટીકાકાર જૈનોએ મનેલા આત્માનું સંપૂર્ણ સ્વરૂપ સમજ્યા હોત તો આત્મા અંગુષ્ઠ માત્ર છે, હૃત્પુંડરિક કોષ મધ્યે રહે છે વગેરે લખત નહિ; પણ આત્મા દેહ વ્યાપક એટલે વિભુ છે એમ લખત. પરમત વાળાઓ પૈકી ઘણાખરા તો શ્રી વીતરાગ દેવના પ્રાતઃસ્મરણીય અભેદ માર્ગનું સત્ય સ્વરૂપ જોઇએ તેવું નહિ સમજ્યા હોવાથી, જૈનોનું તત્ત્વજ્ઞાન આલેખવામાં ભૂલ ખાઇ ગયા છે. શ્રી આદિ શંકરાચાર્યજી તથા શ્રી રામાનુજ સ્વામી જેવા સમર્થ વિદ્વાનો પણ શ્રી સ્યાદ્વાદ શૈલીને સંપૂર્ણ રીતે પહોંચી વળ્યા નથી કે કેમ એ એક શંકા ભરેલું છે તો પણ એટલું તો ચોકસ છે કે એ વિદ્વાન્ પુરૂષો જૈનસિદ્ધાંતને કેટલેક અંશે જાણતા હતા એમ એમનાં ભાષ્યો ઉપરથી સમજાય છે. શ્રી માધવાચાર્ય ઉર્ફે વિદ્યારણ્ય સ્વામી કે જેમણે સર્વદર્શન સંગ્રહ, પંચદશી, વગેરે સારા સારા ગ્રંથો રચેલા છે તેઓશ્રીને જૈન ધર્મનું ઘણુંજ સારૂં જ્ઞાન હતું. આ ત્રણ વિદ્વાનો સિવાયના બાકીનાને જૈનનું સારૂં જ્ઞાન ન હતું એમ તેઓના લેખો પરથી જણાય છે. શ્રી શંકરાચાર્યજી તથા શ્રી રામાનુજ સ્વામી પણ સપ્ત ભંગીનયનું ખંડન કરતાં ભાષ્યોમાં યથાર્થ વાત દર્શાવી શકયા નથી. દુનિયામાં દરેક વસ્તુનું ખંડન અને મંડન થઇ શકે છે પણ તે પહેલાં ખંડન અને મંડન કરવા યોગ્ય વસ્તુના સ્વરૂપને યથાર્થ રીતે સમજવું જોઇએ. આ નાટકમાં જૈન મુનિને રાક્ષસ પિશાચ અને નારકીની ઉપમા તેમના બહારનાં દેખાવ પરથી આપી છે અને છેવટે જૈનોની શ્રદ્ધાતે સાત્ત્વિક શ્રદ્ધા નથી પણ તામસિ શ્રદ્ધા છે એ પ્રતિપાદન કરેલું છે.

નિષ્કુલાનંદ કાવ્ય:—શ્રી સ્વામીનારાયણ પંથ પ્રવર્તક અક્ષરાતીત પ્રકટ પુરૂષોત્તમ શ્રી સહેજાનંદસ્વામીના મુખ્ય પાંચસેં પરમહંસો પૈકી શ્રીનિષ્કુલાનંદ સ્વામી એક પરમહંસ હતા. એમનો વૈરાગ્ય અપૂર્વ હતો. જીવન તદ્દન સાદું હતું. એઓ ગૃહસ્થાશ્રમમાં કાઠિઆવાડમાં આવેલા શેખપાટના સુતાર હતા. તેઓ દિવસ રાકડાં ઘડતાં હતાં અને રાત્રે શ્રી સહેજાનંદ સ્વામી પાસે સત્સંગ કરતા હતા. જ્યારે એમને આત્મજ્ઞાન સમજાયું ત્યારે તેમણે પોતાનો ઘરઘંધો તથા ઘર તજીને શ્રી સહેજાનંદસ્વામીના શિષ્ય તરીકે પરમહંસ દીક્ષા લઇને શ્રી સહેજાનંદસ્વામી સાથે વિચરવા લાગ્યા હતા. એમણે ગુજરાતી ભાષામાં દશ હજાર ઉપરાંત કીર્ત્તનો તથા ભક્તિચિંતામણિ, દંડ, હરિવિચરણ, પુરૂષોત્તમ પ્રકાશ, હૃદય પ્રકાશ, વગેરે વીશ ઉપરાંત કાવ્યગ્રંથો સ્વામીનારાયણ ભગવાનની ભક્તિ રૂપે રચેલ છે. વિક્રમસંવત ૧૮૮૬ માં શ્રી સ્વામીનારાયણ સહેજાનંદ સ્વામીએ લીલા વિસ્તારી, ત્યાર પછી થોડાં એક વર્ષ સુધી શ્રીનિષ્કુલાનંદસ્વામી હયાત હતા. એમણે જૈનધર્મમાં કહેલી નવવાડોનો ઉલ્લેખ નીચે પ્રમાણે કરેલ છે પ્રાચીન ગુજરાતી ભાષાનું કાંઇક જ્ઞાન થાય તેટલા માટે શુદ્ધિવૃદ્ધિ વગર એમને એમ પદો અત્રે આપેલાં છે.

અથ શિયળની વાડય નવ પદ લિખ્યાં છે!
પેલિ પ્રિયાસંગ પરહરીએ સાધુજી એ ઢાળ છે.

રાગ દેશાખ.

મહાવીર કહે મહંતોરે સાધુજી! શુણો શિષ્યાદન સહુ સંતોરે સાધુજી!
સર્વે શાસ્ત્ર જોયા મેં તપાસીરે સાધુજી! શિયળ અંબરળ સુખરાશીરે સાધુજી!

નવ વાડયો પાળો નરનારીરે સાધુજી ! કહું નવે વાડય વિસ્તારીરે સાધુજી !
પેલે પ્રિયાનો સંગ પરહરિએરે સાધુજી ! બીજે નારિસું વાત ન કરીએરે સાધુજી !
ત્રીજે નારી આસને નવ વસવુંરે સાધુજી ! ચોથે ન હેરવું ન હસવુંરે સાધુજી !
પાંચમે ભીત અંતર પરહરિએરે સાધુજી ! છઠે ભોગવ્યાં સુખ ન સમરીએરે સાધુજી !
સાતમે સરસ રસ પરહરવો સાધુજી ! આઠમે અધિક આહાર ન કરવોરે સાધુજી !
નવમે શોભા ન કરવી શરીરે સાધુજી ! કહ્યું **નિષ્કુલાનંદ** એમ **વિરે**રે સાધુજી !

દોહા.

મહાવિર કહે શિયળ સુણો પ્રિતે પાળશે એ પોસ ॥
પાછળ રહેશે પાપીઆ દેશે કાળ કરમને દોષ ॥

વાડય **પેલી.**

પ્રથમે નારી સંગ ન કિજેરે વિતરાગી ! તો શિયળ તણું ફળ લીજેરે વિતરાગી !
અંગે વધ વ્યાધિવંત નારીરે વિતરાગી ! તહાં વસે નહિ વ્રત ધારીરે વિતરાગી !
કોય ભર જોબન જ્યાં ભામરે વિતરાગી ! તહાં સાધુને શું જવા કામરે વિતરાગી !
કોય હિજ જ્યાં નારીને વેશરે વિતરાગી ! તહાં સંત ન કરે પ્રવેશરે વિતરાગી !
એમ નહિ વરતે વ્રત ધારીરે વિતરાગી ! તે તો નરકે જશે નરનારીરે વિતરાગી !
કોય ચિત્રની પુતળી જ્યાંરે વિતરાગી ! **નિષ્કુલાનંદ** ન વસવું તીયારે વિતરાગી !

દોહા.

વીરજન કહે જે વીતરાગી નહિ કરે તે નારી સંગ ॥
કેડયે રેશે જે કૃતઘની, તે કરશે વ્રતનો ભંગ ॥

વાડય **બીજી.**

બિજે બોલવું નહિ નારી સંગેરે, મુનિજી ! પરહરો પરિ આઠે અંગેરે,	મુનિજી. ૧
ત્રીજે વચને ઝડપીને ઝાલેરે, મુનિજી ! પછે તેને એ વિના ન ચાલેરે,	મુનિજી. ૨
વાજાં વણજીભે વશ કરેરે, મુનિજી ! જીભાળી કેમ મનને ન હરેરે,	મુનિજી. ૩
એની વાણી છે વીખની ભરીરે, મુનિજી ! હાવ ભાવે લેશે મન હરીરે,	મુનિજી. ૪
માટે નયનો ભરી જોશે નારીરે, મુનિજી ! થાશે થોડે દિને તે ખ્વારીરે,	મુનિજી. ૫
તે સારૂ મ રાખશો કાચુંરે, મુનિજી ! કહે **નિષ્કુલાનંદ** એ સાચુંરે,	મુનિજી. ૬

દોહા.

સિધારથ સુત એમ ઉચરે, **તશળા** દેવીનો પુત;
નહિ રહે કોઇ નીમનો જે કેડયે રહેશે કપુત.

વાડય **ત્રીજી.**

ત્રિજે નારીનું આસન ત્યાગીરે, અળગા રે, વશીઆ વેગળા વીતરાગી રે, અગળા રે—૧
ખાટ પાટ પાટલો જે હશે, અળગા રે, ત્રિયા આસન તજ્યે તેહરે, અળગા રે—૨
વણ કસ્તુરી વાસ લસણેરે, અળગા રે, જાય શિયળ નારી આસનેરે અળગા રે—૩
માટે ડરવું નહિ એહ ઠામરે અળગા રે, બેઘડી વિતે કરવો વિરામરે અળગા રે—૪
લોક વચન ચાળે જે ચડશેરે અળગા રે, તેને મોટું વિઘન માથે પડશે રે અળગા રે—૫
એ તો જતિ ત્યાગે આનંદે રે અળગા રે નિશ્ચે કે એમ **નિષ્કુલાનંદ**રે અળગા રે—૬

દોહા.

વીવીધ પ્રકારે વરણવી, કયું કેવળીએ કરી હીત;
પાછળ વ્રત કોઇ પાળશે, એવી પડતી નથી પ્રતીત.

વાડય ચોથી—રાગ ગરબી.

મારી સાર લેજો અવિનાશીરે એ ઢાળ છે.

ચોથી વાડય કહે કેવળીરે, સુણો સાધુ શિયળવ્રત વળીરે.
નયણે કરી નારીને જે જોશેરે, તે તો કીધી કમાણી ખોશેરે,
જેમ રે નીમ જોઇ રાજુલરે, ગયું જ્ઞાનને ધ્યાન તે પળરે.
રત્નાદેવી જોઇજ નૃપેરે, પડયો ભવકૂપ નારીને નિરખેરે,
ગણીત પળીત ન જોવી નારીરે, જુવા કેમ જૂવે વ્રત ધારીરે.
જોયે જુવતી પામશો જોખોરે, કહે નિષ્કુલાનંદ થાશે ધોખોરે.

વાડય પાંચમી.

પાંચે ભીંત અંતરે નવ રહીએરે, રહીએ તો વાતે વિહવળ થઇએરે—૧
ઝીણો સ્વર ગાતી હોય ઘરમાંરે, કરે કંકણ શબ્દ કરમાંરે—૨
તેને સાંભળીને આવે તાનરે, તહાં નહિ વસવું ને દાનરે—૩
તહાં વસે તો થાયે વણાસરે પછે નાવે શિયળની મીઠાસરે—૪
ચૂકે ધ્યાન ને ન રહે ધીરરે, તેહ માટે કયું મહાવીરરે—૫
એમ આગે કયું કેવળીરે, કહે નિષ્કુલાનંદ તે વળીરે—૬

વાડય છઠ્ઠી.

છઠી વાડય સાધુ સાંભળીરે, વિષે સુખ વિસારજો વળીરે—૧
જોગી થયા મોર્યા જે સુખ માણ્યુંરે, તેને સંભારતાં હોય હાણ્યુંરે—૨
ખાન પાન માન નારી સંગેરે, ચરે ચિતવતાં વિખ અંગેરે—૩
માટે ન સુણવું ગ્રામ ગીતરે, હરિ ચરણ ચિતવવાં ચિતરે—૪
સુખ સંસારનાં ન સંભાળોરે, મેલો મેલે કાંચળી જેમ કાળોરે—૫
પાળો વ્રત રાખો દૃઢી રિતિરે, કહે નિષ્કુલાનંદ જાઓ જીતેરે—૬

વાડય સાતમી.

સાતમે રસ ભરેલો આહારરે, કહે કેવળી ન કરવો અપારરે.
ખાંડ ખારવો તૂપ તે જાણુરે, જેણે વાધે શરીરનો વાનરે.
જાગે કામ લાગે લાય અંગેરે, પછે વાધે રમણિને રંગેરે.
આહાર લાલચે આડો પડીએરે, પછે મોડેથી મારગે ચડીએરે.
માટે મહાવીર કહે મુનિજનરે, આહાર સરસે ન કરવું ભોજનરે.
એમ કરતા નહિ કરે વિચારરે, નિષ્કુલાનંદ કે થાશે તે ખવારરે.

વાડય આઠમી—રાગ ધોળ.

મેં તો સગપણ કીધુરે સામળીઆ સાથે એ ઢાળ.

આઠમીયે કયું કેવળી કે અહાર અધીકો કરતાં, જાયે શીયળ સંતો કરે પુરણ પેટ ભરંતા-૧
આવે ઉંઘને આળસ કે ભજનમાં ભંગ પડે, થાય પુષ્ટ શરીર કે ચિતડું ચાળે ચડે—૨

દિન દિન દેહ દેખીરે કે પછે ફરી ફરી ફૂલે, હાડ માંસમાં હું હું રે કે કરી કરી હાલ ભૂલે–૩
અહાર અધિકો કરતાં રે કે શીયળ જાય સુપને, જાગ્રતમાં વશ થૈ રે કે વરતે સંકલ્પને–૪
જેમ બંધુક બગડેરે કે દારૂ જો ડોઢો ભરે, તેમ શિયળ બગડેરે કે અહાર જો અધિકો કરે–૫
માટે અહાર અધિકનીરે કે મહાવીરે, મને કરી, કહે નિષ્કુલાનંદરે કે વાત એ માનજો ખરી–૬

વાડય નવમી.

વાડય નવમી એ ન કથીએરે કે શોભા સાધુ અંગે,
ચુઆ ચંદન ન ચરચી એ રે કે રાત્રીએ નહિ રંગે—૧
કસબાળા કોરાં રે કે તારામાં તેહ મેલો,
ઝીણા શાલ દુશાલા રે કે મખમલ મેલી ખેલો—૨
કુમ કુમ કસ્તુરી રે કે કેવડા કુસુમ કેયે,
માંનવંત વીતરાગી રે કે એથી દૂર રેયે—૩
તેલ પુલેલ અતર રે કે સુગંધી સો તજીએ,
પટ પાટે તૂટે રે કે પરમેશ્વર ભજીએ—૪
એમ નવ પ્રકારે રે રે રેહશે કો નરનાર,
પછે પ્રભુ પ્રતાપે રે કે ઉતરશે ભવ પાર—૫
એ ગમતું અમારૂં રે કે માનો માવીરે કયું,
કહે નિષ્કુલાનંદ રે કે સાચે એ સંતે લયું—૬

પદ અગીયારમું.

નવ વાડયે લઇએ રે કે સંતો સુખ શીયળ તણું,
નહિ ઉલંઘે એને રે કે તે તો મુને વહાલા ગણું—૧
જગ પાવન કરવા રે કે વીચરશે વીતરાગી,
પરમારથી પુરા રે કે ધન ત્રિયાના ત્યાગી—૨
એ સાધુ સનાતન રે કે ઉજ્વળ જન અસલી,
અતિ ભાવ ભરોસે રે કે કરશે ભક્તિ ભલી—૩
એહ વિના પાખંડી રે કે ખંડ ખંડી ખાશે,
મેલી મારૂં શરણું રે કે કરમના ગુણ ગાશે—૪
મહા મલીન મનના રે કે કુબુદ્ધિ ન જાય કયા,
કુલખણા એમ કરશે રે, પ્રભુ પણ કર્મે થયા—૫
એહ નહિ અમારે રે કે કેવલીએ કયું સોઇ,
કહે નિષ્કુલાનંદ રે કે એ તો પ્રભુના દ્રોહી—૬

ટીપઃ—શ્રી દયાળુ વીતરાગ દેવે બ્રહ્મચર્યની જે નવ વાડો રચેલ છે તે ખરેખર મનન કરવા યોગ્ય છે. જે ખરેખરો સાધુ પુરૂષ હોય છે તે એ નવવાડોને બરાબર અનુસરે છે શ્રી સ્વામીનારાયણની સંપ્રદાયમાં બ્રહ્મચર્ય માટે ખાસ ધ્યાન અપાય છે અને તે પ્રકારના તેમના નિયમો નવવાડ ઉપરથી ઉપજાવી કાઢેલા છે. શ્રી સ્વામીનારાયણની સંપ્રદાયમાં ત્રણ ગુણ ખાસ વખાણવા લાયક છે. એક તો બ્રહ્મચર્ય. બીજું પ્રભુ મહિમા ઉપર

અડગ શ્રદ્ધા અને ત્રીજું સત્સંગીઓને હરેક પ્રકારે મદદ કરવી. નવવાડો વિષે ઘણા જૈન ગ્રંથોમાં વિવેચન છે. ભગવાન સૂત્રકારે પણ નવવાડના સંબંધમાં ઉપદેશ્યું છે કે,—

आलउत्थी जणाइन्नो थीका हा मणोरमा,
संथवो चेव नारीणां तासिंदिय दरिसणं ॥
कुइयं रुइयं गीयं हसियं मुत्ता सिणाणिय
पाणीय भत्तपाणं च अइसायं पाण भोयणं ॥
गत्त भूसण मिटंच काम भोगय दुज्जयं
नरसत्त गये सिस्स विसंताल उदं जहा ॥

અર્થ:—જ્યાં હરકોઇ પ્રકારની સ્ત્રી કે નપુંસક રહેતા હોય ત્યાં સાધુએ રહેવું નહિ. સ્ત્રીના શૃંગારાદિકની કથા કરવી નહિ. સ્ત્રીની સંગત કરવી નહિ અર્થાત સ્ત્રી જે આસનો બેઠી હોય તે આસનેથી સ્ત્રી ઉઠી ગયા પછી પણ બે ઘડી સુધી બેસવું નહિ. સ્ત્રીનાં આંગોપાંગ જોવા નહિ. જે રથળે રહેવાથી સ્ત્રી પુરૂષના હાસ્યાદિના શબ્દો સંભળાતા હોય તે રથળે આડી ભીંત હોય તો પણ ન રહેવું. પૂર્વાવસ્થાની સ્ત્રી અને વિલાસોને સંભારવા નહિ. કામને ઉત્તેજક બનાવનાર સારાં સારાં ભોજનો સાધુએ વહોરવાંજ નહિ સાધુએ હદ ઉપરાંત ખાવું નહિ પણ મિતાહારી બનવું. સાધુએ શરીરની શોભામાં વૃદ્ધિ થાય તેવ વસ્ત્રાદિક ન પહેરવાં, માથાના વાળ ઠાવકા ન કરવા વગેરે.

ભાવાર્થ સિંધુ:—આ ગ્રંથ વિષ્ણુભાવા બ્રહ્મચારીએ રચેલો છે. વિષ્ણુંભાવા એક યોગી તરીકે પ્રસિદ્ધ છે. મુંબઈમાં ખ્રિસ્તિ ધર્મના કેટલાક લોકો સાથે તેમણે ઘણીવાર વિવાદો કર્યા હતા અને તેમાં વિજયો પણ મેળવ્યા હતા વિષ્ણુભાવાના રચેલા ગ્રંથોમાં ભાવાર્થ સિંધુ, વેદોક્ત ધર્મપ્રકાશ અને ગીતાજી ઉપર ટીકા એટલા ગ્રંથો પ્રસિદ્ધ છે. વિષ્ણુભાવ એકયોગી અને તર્કવાદી હતા પણ તેની સાથે અન્ય મતના સુશાસ્ત્રોનું જ્ઞાન તેમને જોઇએ તેવું નહિ હોવાથી તેઓ પોતાના લેખોમા કેટલીક વખત ભૂલ ખાઇ ગયા છે ભાવાર્થ સિંધુમાંથી નીચે પ્રમાણે **જૈન** માટે ઉલ્લેખ નીકળે છે.—

मी याहुदी खिस्ती कां मुसलमान अथवामी बुद्धिष्ट जैन ।
सर्व अंतःकरणपंचकाची ढोंगजाण आम्मज्ञाना वांचुनी ॥

ઉપરની મરાઠી ભાષાની ગાથાનો અર્થ આ પ્રમાણે પુરેલો છે કે—"હવે જૈનલોક હિંસક નથી પણ તે સર્વત્ર જીવભાવથી જુએ છે પરંતુ સર્વત્ર એક બ્રહ્મ છે એવો તેઓને અંગે જ્ઞાન ભાવ નથી. એ સર્વ જોતાં અંતઃકરણ પંચક સૂક્ષ્મ આકાશ તત્ત્વનો ઢોંગ મચી રહેલો છે. વેદમાંથીજ બીજા ધર્મ ઉત્પન્ન થઇ પાછા તેનીજ નિંદા કરે છે."

જૈનમતની પરીક્ષા:—આ ૪૬ત છપાઇની ૬૪ મતની અને ૨૭ પૃષ્ટની નાનકડી ચોપડી સુરત, ગુજરાતની પુસ્તક પ્રસારક મંડળીને સારૂ બાવરિશ મિશન છાપખાનામાં ઇ. સ. ૧૯૦૫ માં છપાએલી છે. ઘણેખરે રેલ્વેસ્ટેશને પારસી લોકોના માણસો આ અને આવી બીજી ચોપડીઓ તદ્દન સસ્તામાં આપીને લોકોમાં તેવા પ્રકારની માન્યતા ફેલાવવા પ્રયાસ કરે છે. આ ચોપડીમાં **જૈનધર્મ** માટે નીચે પ્રમાણે ઉલ્લેખ છે.

" ગુજરાત પ્રાંતમાં જે અનેક ધર્મો ઘણાં વરસથી ચાલે છે, તેઓમાંનો એક જૈન-ધર્મ પણ કહેવાય છે એને ઘણા મોટા સાહુકારો માને છે. વેપારના કામમાં જૈન લોક ઘણા ઉંચી પાયરી પર ચઢેલા છે, ને તેઓના હાથમાં આ દુનિયાની ઘણી દોલત આવેલી છે. પણ આ જગતનું ધન મેળવ્યા કરતાં એક ઉત્તમ અર્થ સાધન કરવો જોઇએ, કેમકે આ સંસારમાં દ્રવ્યથી આત્મા ધરાય નહિ, ને તેથી ખરૂં સુખ તથા શાન્તિ પ્રાપ્ત થાય નહિ. વળી જગતની દોલત મરણ પછી આપણી પાસે રહેતી નથી, + × × × × × × × ધર્મની વાતમાં ઘણી ભૂલો થાય છે એવું બધા જૈનલોક માને છે, કેમકે વેદને આધારે જે યજ્ઞ ઇત્યાદિ ક્રિયા હિંદુઓમાં પુણ્યનાં કામ ગણાય છે, તેઓને જૈનલોક બહુ ધિક્કારે છે. વળી કૃષ્ણ જે હિંદુ લોકોનો માનિતો દેવ છે, તે વિષે જૈનલોક કહે છે કે તે હાલ ત્રીજી નરકમાં છે, ને જે મેસરી વાણિઆ છે તેઓને સમજાવવા સારૂ, ને તેઓની પાસે જૈનમત કબૂલ કરાવવા સારૂ જૈનલોકો ઘણી મહેનત લે છે એ ઉપરથી એવું જણાય છે કે હોંશીલા તથા બુદ્ધિમાન જૈનલોકનો વિચાર એવો છે કે, જો બાપદાદાઓનો ધર્મ સત્ય પ્રમાણે ન હોય તો તેને તજવો જોઇએ, ને જો પરંપરાથી ચાલતી આવેલી કંઇ ચાલ અઘટિત હોય, તો તેને મૂકવાની ફરજ સર્વને માથે રહે છે. જે સાચું છે તેજ આપણે માનવું તથા પાળવું જોઇએ.

" હવે મારા જૈનમિત્રો, મને એટલજ કહેવા દો કે તમારા ધર્મની મુખ્ય વાત ખરી કે ખોટી છે, તે સંબંધી તપાસ કરવા માટે તમે બંધાયલા છો. તમે તજવીજ કીધા વિના એમ ન બોલોકે, અમારો ધર્મ બરોબર છે ને બીજા બધા ધર્મ જૂઠા છે. × × ×"

" નમો અરીહંતાણું, નમો સીધાણું નમો આયરીયાણું, નમો ઉવઝઝાયાણું, નમો લોએ સવ સાહુણું " " આ ભજનની વાક્યમાં કોણની સ્તુતિ છે ? તેમાં પરમેશ્વરની ભક્તિ નથી પણ જૈન લોકના ધર્માચાર્ય અથવા તીર્થંકરોની સ્તુતિ આવે છે. વળી સવારમાં જે પ્રાર્થના જૈન લોકો ઘણું કરીને વાપરે છે તે એ " ઇચ્છામી ખમા શમણો બંદીયો જે મત જએ નીસીઓયે; માથે ન વંદામી " જે સ્વામીની આગળ જૈન લોક ઉપર પ્રમાણે નમસ્કાર કરે છે ને મારી માગે છે તે ફક્ત કોઇ એક તીર્થંકરની મૂર્તિ છે, " × × × × " કેટલાએક શ્રાવક લોક જેઓ પોતાના ધર્મનું મત બરાબર જાણતા ન હતા, તેઓએ અમારા સાંભળ્યામાં એવું કહ્યું છે કે, અમે નાસ્તિક નથી, અમે પરમેશ્વરને માનીએ છીએ. × × × વળી અમે યતી તથા બીજા જૈન લોકને મ્હોડેથી નાસ્તિક મતનાં એવાં વાક્ય સાંભળ્યાં છે કે " કર્તા હર્તા કોઇ નથી. તે બધું સ્વભાવથી થાય છે " એક ગોરજીએ અમારા એક મિત્રને એવી ખબર આપી કે, કોઇ શિષ્ય તેની પાસે શિખતો હોય ને બરાબર સમજતો હોય, તો ત્રીજે વરસે તે તેને આ ભેદની વાત જણાવે કે " ईश्वरो नास्ति " અર્થ " ઇશ્વર નથી " × × × × × × × × × × " હવે ઉપર પ્રમાણે શાબિત થયું છે કે, જગતનો કર્તા તથા ભર્તા છે, જે બધાનો હાકેમ તથા ન્યાયાધીશ પણ છે. આ વાત જો ખરી હોય તો જૈન મતની મૂળ વાત ખોટી છે ને જે આચાર્ય કે તીર્થંકરોએ તે મત ચલાવ્યું તેઓની બુદ્ધિ કે મર્યાદા કેવી બહુ અઘટતિ છે, શા માટે તેઓ સત ધર્મના ગુરૂ કે શિખવનારા ન હતા પણ નાસ્તિક મતના ચલાવનારા હતા. જૈન લોક પોતે કબૂલ કરે છે કે તેઓના તીર્થંકરો માણસજ હતા, ને તેઓને

બીજાં માણસોની પેઠે શરૂઆત હતી તેઓ અનાદિ કાળથી ન હતા, માટે તેઓનો ઉત્પન્ન કર્તા માનવો જોઇએ. × × × × " કલ્પસૂત્રમાં એમ લખ્યું છે કે, અર્હત એટલે તીર્થંકર કરતાં કોઇ મોટો દેવ નથી ? નિશ્ચે આ વાત જૂઠી છે. " × × × × × × " જે તીર્થંકરોને જૈન લોક માને છે તેઓ વિષે જો કોઇ પૂછે કે, તેઓ કોણ હતા ? તો તેઓ વિષે કંઇ વાત ખચીત જણાતી નથી, કેમકે જે શાસ્ત્રોમાં તેઓનાં ચરિત્રનાં વર્ણન આવે છે તે શાસ્ત્રોમાં ઘણી ભૂલચૂક તથા અયોગ્ય વાતો સમાયલી છે. " × × × × × × × × × " મહાવીર નિર્વાણ પામ્યો એટલે ગુજરી ગયો, ત્યાર પછી નવસોએંશી વરસે તે પુસ્તક રચાયું, તો તેમાં મહાવીરનાં ચરિત્ર વિ[illegible] નજર શાહેદની સાક્ષી મળતી નથી, પણ તેમાં ફક્ત દંતકથાની વાત આવે છે " × × × × " ઋષભ જે પહેલો તીર્થંકર હતો તે વિષે લખ્યું છે કે, તેણે ચોર્યાસ[illegible] લાખ વરસ સુધીનું મોટું આયુષ્ય ભોગવ્યું ! જે સમજુ માણસ એવી વાતપર ધ્યાન પહોંચાડે તે મુશ્કેલીથી તેનો વિશ્વાસ કરે " × × × × " **જૈન શાસ્ત્રની ખરી વિદ્યાથી વિરૂદ્ધ છે, તે વિષે** " શ્રી જૈન શાસ્ત્રમાં ઘણી જગ્યાએ વાંચવામાં આવે છે કે, [illegible] તથા તારાઓની ગતિઓ-પ્રમાણે વખત શુભ અથવા અશુભ જાણવો, × × × હવે જે શાસ્ત્રમાં જ્યોતિશ વિષે એવી વેહેમની વાત સમાયલી છે તે ઉપર કોઇ સારી કેલવણી પામેલો માણસ કંઇ વિશ્વાસ રાખી શકતો નથી. " " ભૂગોળ વિદ્યા સંબંધી જેવી ભુલચૂકો હિંદુ લોકોના પુરાણોમાં આવે છે, તેવી ભુલચૂકો જૈન શાસ્ત્રમાં પણ મળે છે × × × જંબુદ્વીપનો વ્યાસ એક લાખ મહાયોજન છે. + + × જંબુદ્વીપનો વ્યાસ વીસ [illegible] કરોડ કોશ છે ! × × આખી પૃથ્વીનો વ્યાસ ચાર હજાર કોસની અંદર છે વળી જૈનશાસ્ત્ર પ્રમાણે ભરતખંડની પહોળાઇ ૫૨૬૬ મહાયોજન એટલે સાડાદસ લાખ કોસથી વધારે છે ! જે શાસ્ત્રમાં હિંદુસ્થાનની મોટાઇ વિષે એવી ખોટી વાત સમાયલી છે તેમનું વચન કોણ રાખે ? અમને ખાતરી છે કે, જે ભૂગોળ ખગોળ વિદ્યા ભણેલો હોય તે જૈન ધર્મ અંતઃકરણથી માની શકતો નથી તે ખરી વિદ્યાના ફેલાવથી તે ધર્મનું અસત્યપણું [illegible]ના જણવામાં આવશે " **એકલા સિદ્ધ જણ વિષે** " " હવે ભાઇઓ, જો આટલી વાત વાંચવાથી તમારો વિશ્વાસ જૈન ધર્મ પરથી ઉઠી ગયો હોય, × × × × × × તો ચોવીસ કલ્પેલા સિદ્ધ જણોને માનો છો. પણ ફક્ત એકજ ખરો સિદ્ધ જણ આ પૃથ્વી પર આવ્યો છે. તેણે અજ્ઞાનમાં ડુબેલા લોકોને સત ધર્મનો ઉપદેશ આપ્યો, ને જેવું કોઇ કદિ બોલ્યો ન હતો, તેવું તે બોલ્યો' × × × × " જે સિદ્ધ જણ વિષે એવું લખીએ છીએ તે ઇસુ ખ્રીસ્ત કહેવાય છે, ને તેનો ઇતિહાસ ખ્રીસ્તી શાસ્ત્રમાં સમાયલો છે. × × × × × × ઇસુ ખ્રીસ્તના કા[illegible] વચન તથા નમુનો અનુપમ તથા ન્યારા છે."

ટીપઃ—ખ્રીસ્તી લોકોએ પ્રસિદ્ધ કરેલી ઉપલી [illegible]ના ઉપરથી સ્પષ્ટ સમજી શકાય છે કે એ લોકો હિંદના પવિત્ર ધર્મોના શુદ્ધ આશયને બીલકુલ સમજી શક્યાજ નથી. માત્ર ખ્રિસ્તિ ધર્મની બડાઇ દેખાડી તે રસ્તે અજ્ઞાની, ભોળા અને અક્કલમઠા લોકોને દોરવવા સારૂજ ઉપરની હકીકત વગર વિચાર્યે જેને તેને પકડીને પોતાના ખ્રિસ્તિ ધર્મની વડાઇ દેખાય તેવી રીતે ગોઠવી કાઢેલી છે. **જૈન** જેવા પરમ પવિત્ર અને પ્રાતઃસ્મરણીય સર્વોત્કૃષ્ટ ધર્મનો પાઠ શિખવાને ખ્રિસ્તિ લોકોના પાદરીઓ [illegible] ભાગે લાયકજ નથી બન્યા વળ[illegible]

ઇસુખ્રીસ્તી પણ જન્મ્યો હતો, તેને માથે આફતો આવી હતી અને છેવટે યાહુદી લોકોએ તે ઇસુખ્રિસ્તિને ખીલા ઠોકીને મારી નાંખ્યો હતો. વગેરે વાતો તેમના લોકોએ (ઇસુ સિવાયના લોકોએ) બનાવેલા બાઇબલમાં માલુમ પડે છે. આ પરથી સ્પષ્ટ દેખાય છે કે ઇસુને આદિ તથા અંત હતાં. વળી ઇસુને મા હતી પણ બાપ ન હતા માત્ર મરીયમથીજ તે પેદા થયો હતો આવી વાત પણ બાઇબલમાંજ છે. બીજી પણ એટલી બધી અસંભવીત વાતો બાઇબલમાં છે કે તે વાંચીને ઘણા સુધરેલા યુરોપીઅનો હવે બાઇબલનો ઘણો ભાગ માનતા નથી. ખુદ પાદરીઓ પણ હવે એમ બોલે છે કે જેટલું સત્ય લાગે તેટલું માનીએ છીએ. ફક્ત દુકાળમાં પકડીને બનાવેલા ક્રીશ્ચીયનોજ પોતાની મુરખાઇથી આ વાતને વળગી રહે છે કારણ કે છપનીઆ વગેરે લોકોને પોતાના હિંદુ ધર્મના રહસ્યનું બીલકુલ ભાન હોતું નથી.

ખ્રીસ્તી લોકો ખરૂં જોતાં હિંદુ ધર્મનેજ પૂજે છે કારણ કે ઇસુખ્રિસ્ત કાંઇ યુરોપીયન ન હતો પણ તે તો એશિયાટિક આર્ય હતો. ઇસુખ્રિસ્તના વખતમાં યુરોપમાં ધર્મની ગેર વ્યવસ્થા હતી તથા ઘણા ભાગમાં જંગલીપણું હતું. એ જંગલી લોકોને નીતિનું શિક્ષણ આપવા માટે તથા એશિયાટીક આર્યધર્મને રસ્તે ચડાવવા માટે ઇસુખ્રિસ્ત એશિયામાંથી યુરોપમાં ગયો હતો. ઇસુખ્રિસ્તએ બૌદ્ધ, વેદાંત અને જૈન ધર્મનું મિશ્રણ કરીને પોતાનો ધર્મ ચલાવ્યો છે. ઇસુખ્રિસ્ત ૐ કારનો તથા આત્માનો ઉપાસક હતો. હિંદના પરમ પવિત્ર ધર્મોનું શિક્ષણ લઇને તે પ્રમાણે તેણે ખ્રિસ્ત ધર્મ ચલાવેલો છે માટે ખ્રિસ્ત ધર્મ એ સ્વતંત્ર ધર્મ નથી પણ હિંદના પવિત્ર ધર્મો પૈકી જૈન, બૌદ્ધ અને વેદાંત દર્શનના મિશ્રણથી બનેલી હિંદુ ધર્મની એક શાખા છે. ઇસુનો ઉપદેશ ઉપર કહેલા ત્રણ ધર્મોના અનુકરણ રૂપેજ છે. ઇસુ પરમેશ્વર શ્રી વીતરાગના અભેદ માર્ગનો ઉપાસક હતો. યુરોપ દેશ રાજસ અને તામસ પ્રકૃતિવાળો મૂળથી હોવાથી તે દેશના લોકો ધર્મને ધર્મ રૂપે ઓળખવાને અધિકારી હોતા નથી એથી કરીને ઘણા ખ્રિસ્ત લોકો ઇસુના સત્ય સ્વરૂપને સત્ય સ્વરૂપે સમજી શકયાજ નથી!!! માત્ર જે દેશમાં ઘણાં ખ્રિસ્ત થાય તે દેશનાં આપણા ધર્મનો પક્ષ વધવાથી આપણા ધર્મનો પાયો અને કીર્તિ મજબુત થાય એવા હેતુથીજ એ લોકો ઘણા રાંક, ભાનસાન વગરના, ભોળા; ઢેડ, ભંગી, વગેરે લોકોને આશ્રય આપે છે અને વટલાવીને ખ્રિસ્ત બનાવે છે. ખ્રિસ્ત લોકોને ઇસુ માટે સંપૂર્ણ ભરોસો નહિ હોવા છતાં પણ પોતાના લાભો જાળવવાની ખાતર કરોડો રૂપીઆ ભેગા કરીને અંદર ગરીબ, ભીખારી, વગેરેને દાખલ કરતાજ જાય છે. જો કે હવે હિંદુ ભાઇઓ પાદરી લોકોનો ઉદ્દેશ સમજી ગયા છે અને તેથી તે ધર્મનાં ભીક્ષુક વર્ગ સિવાય તથા ઢેડ ભંગી સિવાય હવે કોઇ નવું બનતુંજ નથી તેમ તે લોકોનો ઉપદેશ પણ હવે અસર કરી શકતો નથી. જે સત્ય છે તે ત્રણે કાળમાં સત્યજ છે!!! ઇસુનું નામ નિશાન પણ ન હતું તે દિવસની અગાઉ ઘણા વર્ષોથી જૈન, બૌદ્ધ અને વેદધર્મ ચાલ્યા આવે છે. આખા વિશ્વમાં આ ત્રણ ધર્મોજ સૌથી જુના અને વિદ્વત્તા ભરેલા છે. જગતના બાકીના ધર્મો હિંદુ ધર્મની શાખા પ્રતિશાખાઓજ છે. બાઇબલમાં ઘણી ભૂલો છે પણ અત્રે તે બતાવવું અસ્થાને છે વિશ્વના મહાન ધર્મોના સ્થાપકો વેદાંત, બૌદ્ધ અને જૈન ધર્મને આશ્રયેજ જગતમાં પૂજનિય થવા પામ્યા છે. વિશ્વનો ગુરૂ હિંદુસ્તાન છે. આખા વિશ્વમાં

અજ્ઞાન વહેમ, અનીતિ, વગેરેનું સામ્રાજ્ય હતું [illegible] દિવસોની અગાઉથી પણ ભરત ક્ષેત્રમાં તો પ્રકાશજ હતો!! ઇસુ ખ્રિસ્તના જન્મ પહેલાં ગ્રીસ દેશમાં જે ધર્મ ચાલતો હતો તથા રોમમાં જે ધર્મ ચાલતો હતો તે ધર્મ વેદાંત અને બૌદ્ધ લોકોના મહાત્માઓએ ત્યાં જઇને ચલાવેલ હતો. એ લોકોના પ્રાચીન ધર્મ સિદ્ધાંતો જૈન, બૌદ્ધ અને વેદાંત-દર્શનને મળતાંજ છે સિકંદરના ગુરૂઓ પણ બૌદ્ધ તથા વેદાંત ધર્મીજ હતા. મતલબ કે પ્રાચીન કાળમાં હિંદનાં ઋષિ મુનિઓ યુરોપ તથા અમેરિકા વગેરે સ્થળે ગયા હતા. અને ત્યાંના લોકોને હિંદુ ધર્મ શિખવ્યો હતો. અમેરિકામાંથી હજી પણ વખતે વખતે બુદ્ધ-ભગવાનની મૂર્તિઓ ઉપલબ્ધ થાય છે. અમેરિકા ખંડની જે વખતે યુરોપીયન લોકોને ખબર પણ ન હતી તે અગાઉ ઘણા વર્ષોથી અમેરિકામાં બૌદ્ધ ધર્મ ચાલતો હતો. બૌદ્ધ ધર્મના ઉપદેશકો આખા વિશ્વમાં આકાશમાર્ગે થઇને પણ ફરી વળ્યા હતા.

બ્રહ્મસૂત્ર:—અર્થ તથા વિવેચન કરનાર રા. રા. અનંતપ્રસાદ ત્રીકમલાલ શ્રી વૈષ્ણવ. લેખક મહાશય શ્રી અનંતપ્રસાદજી ગુજરાત કાઠિયાવાડમાં નિઃસ્વાર્થે હરિકથા કરનારા છે. એમની હરિકથા સૌથી ઉત્તમ કહેવાય છે. એમના જૈન ધર્મને માટે વિચારો આ પ્રમાણે છે. " અબ જૈનમત વોભી પરમાણુ કારણવાદ [illegible] હૈ. ઇશ્વરકો નહિ માનતે વો જીવ ઔર અજીવ એસે દો તત્ત્વકો માનતે હૈ. દોનો [illegible] કો અનુકુલ નહિ. * * * * ઔર જા મેં તે જગત ભયા વો તત્ત્વકો તો કયા કૈસા [illegible]! સો નિશ્ચય નહિ કર સકતે 'સ્યદ્વાદિ' હિ વો કહે જાતે હૈ, * * * એક મેં [illegible] હતા હોની સંભવિત નહિ. 'સ્યાત-અસ્તિ' ઔર, સ્યાતનાસ્તિ' યહહૈ, નહિ હૈ, દો [illegible] એકહિ વસ્તુ કે લીએ એક [illegible] કાલમેં બોલના ઠીક નહિ. * * * જબપિંડ હૈ [illegible] ઘટાવસ્થા નહિ, ઘટ હૈ તબ પિંડા વસ્થા નહિ. એકહિ કાલમેં ઘટભી હૈ ઔર પિંડ [illegible] કૈસે કહેનાં કયેાં સંભવીત હે? * * * અસંખ્ય પ્રદેશ વિભુ માનતે હે. તો ફિર વોહિ [illegible] શરીરમેં છોટા હોના જાના અસંભવિત હૈ. સ્વરૂપ તેં હિ મોટા હોા. ઔર શરીર કે સંબંધ [illegible] તે છોટા હોા જાવે તો વો અસંખ્યા પ્રદેશ નહિ ઠહરા. * * * યહ સંકોચ વિકાસ [illegible] તો સ્વરૂપકાહી હોતા હૈ ઐસા કહતે હૈ, સોભી ઠીક નહિ હૈ. * * * * વો છોટા બડા હોા વિકારી હોતો વિનાશી હોતા હૈ. * * * * વાસ્તવિક સ્વરૂપ વાકા કોઈ એક પ્રકારના વો સ્વીકૃતભી કરતે હૈં પરંતુ મુકતાવસ્થામેં હિ.

ટીપ:—શ્રીયુત ભક્તરાજ અનંતપ્રસાદજી રામાનુજ સંપ્રદાયના સેવકો પૈકીના એક છે; એમને જેવો ભક્તિ ઉપર વિચાર કરેલ છે તેવોજ જો જૈન સંપ્રદાય ઉપર વિચાર કરેલ હોત તો જૈન માટે યથાર્થ લખી શકત પણ સર્વ પ્રકારનું જૈન દર્શનનું સમ્યગ્જ્ઞાન નહિ હોવાથી એટલેઓછું હોવાથી શ્રીયુત લેખકને રામાનુજ સ્વામી વગેરેના ભાષ્યાનુસાર લખવા જરૂર જણાઇ છે તેથીજ સપ્ત ભંગી ન્યાયને યથાર્થ વર્ણવી શકયા નથી.

ગુજરાતી હિંદુઓનો આત્મઘાત:—આ લેખ રા. રા. બિહારીએ વસંતન પંદરમા પુસ્તકના પાંચમાં અંકમાં પૃષ્ઠ ૩૧૩થી [illegible] સુધીમાં જૈનને લગતી બાબતમ યોજાયેલ છે તે નીચે પ્રમાણે છે:—

" હવે મુખ્ય ધર્મ પૈકી શ્રાવક લોકોનો ધર્મ [illegible] જૈનધર્મ કહે છે તે રહ્યો. જ્યાં બ્રાહ્મણોએ સઘળી ક્રિયાઓ ગુંચવણ ભરેલી કરી નાંખી ત્યારે ખરા ધર્મનું ભાન જનસમાજ

માંથી ઓછું થવા માંડયું. તેઓ કર્મકાંડ યજ્ઞ, હોમ વગેરે નવું નવું કંઈને કંઈજ દાખલ કરેજ ગયા. તે ઉપરાંત સત્તા લોભી થઈ પોતાને અધિકજ માન મળ્યા કરે એવા અનેક ઉપાયો તેમણે યોજ્યા. તેમના આ કામની સામે સ્વધર્માભિમાની વીર પુરૂષોએ માથું ઉંચકયું. બ્રાહ્મણોએ બને ત્યાં સુધી સઘળી કોમો પોતપોતાના અંદર અંદરના ગુંચવાડામાં ગુંચવાઇ રહે એવા ઉપાયો યોજ્યા હતા. * * * * જાગીરદાર અને રાજાઓ પૈકી ઘણાક દુનિયામાં પોતાની વાહ વાહ કહેવાય એટલા માટે બ્રાહ્મણો પાસે તેમના આડંબર ભર્યા હોમ હવન યજ્ઞ વગેરે કરાવતા અને બ્રાહ્મણો પૈસો ખરચતા. આથી શુદ્ધ વૈદિક ધર્મપર એક પડદો આવી ગયો. તોપણ ક્ષત્રીકુળમાં કોમને દીપાવનાર કેટલાક ધર્મશાસ્ત્રો વાંચી શીખી તે પર મનન કરતા અને બ્રાહ્મણોની સામે શાસ્ત્ર યુદ્ધ અને પ્રસંગે તો શસ્ત્ર યુદ્ધ પણ કરતા. સત્તાગ્રાહી બ્રાહ્મણોની સાથેના શસ્ત્ર યુદ્ધનો પુરાવો જોઇએ તો પરશુરામની વાતોને શાસ્ત્ર યુદ્ધના પુરાવારૂપે હાલના ચાલતા બૌદ્ધ અને જૈન માર્ગ છેઃ ક્ષત્રી લોકોએ ચલાવેલા આ બે માર્ગો પૈકી બૌદ્ધ ધર્મ તો નામુદ થયો છે. જે ધર્મે ન્યાત જાતના ભેદ ટાળવા પોતાથી બનતું કર્યું, જે ધર્મ હિંન્દુસ્તાનમાં સર્વમાન્ય થઇ ફેલાયો, જે ધર્મ આગળ બ્રાહ્મણ ધર્મ નિસ્તેજ થઇ ગયો હતો તે બુદ્ધ ધર્મને બ્રાહ્મણો પોતાની યુક્તિ પ્રયુક્તિથી દાબી દેવા સમર્થ થયા તે વડાઓથી હિંદુસ્તાનના પર સપ્ત બેડી સીકડાઇ ગઇ ને તેજ દિવસથી આ દેશના સુખનો સૂર્ય ક્ષિતિજ પર આવી બેઠો." * * * * "બ્રાહ્મણોનું બળ ફરીથી જામ્યું ત્યારે તેમણે બૌદ્ધધર્મ તથા જૈન માર્ગ બંનેને છુંદવા ઘણા પ્રયત્ન કર્યા. બુદ્ધધર્મ તો નામુદ થયો પણ જૈન માર્ગીઓ હેરાન થતા થતા પણ પોતાનો ધર્મ ટકવી રહ્યા. આ જૈન માર્ગના સ્થાપક તથા તેમની પછી આવનાર જેમને તેઓ તીર્થંકરો કહે છે તે બધા ક્ષત્રીઓ હતા. તે ધર્મનું ખાસ સૂત્ર 'અહિંસા પરમો ધર્મ' છે. કેવળ શોખને ખાતર બિચારા પ્રાણીઓને ન મારવાં એ તેમનો ઉપદેશ હતો, પણ હાલના માંકણ, ચાંચડને બચાવવામાં નાગુલ હજારો જૈનોના દબાઇ ગયેલા પૂર્વજોએ દુર્બુદ્ધિ વાપરી ખરા અર્થનો અનર્થ કર્યો હાલ તો ગૌરવરહિત અર્થ રજુ કર્યો. જે ધર્મના સ્થાપકો ક્ષત્રીઓ હતા ને જેમને પોતાની માતાના પયપાન સાથેજ વીરત્વ પાન કરેલું તેઓ જાતે સિંહ થઇ આવી કાયાળ બુદ્ધિ વાપરે નહિ એ નિઃસંશય છે. શસ્ત્ર ધારી રજપુતોએ એમ નહિ સમજ્યા કે શસ્ત્ર ધારણ કરવાં એ પાપ છે. સ્વરક્ષણાર્થે પણ શસ્ત્ર ધારણ ન કરવાં એ તેઓએ સમજાવેલુ નહિ. તેમના માર્ગમાં સર્વ કોમના માણસો જોડાયાં હતાં ને જેમ બુદ્ધ માર્ગે ન્યાત જાતના ભેદ ટાળવા પ્રયત્ન કરતો હતો તેમ આ પણ કરતો હતો."

"આવા સ્થાપકોના હાલના અનુયાયીઓ એવા કાયર નીવડયા છે કે લોહીના ડાઘ જોઇ કંપે છે. એ ધર્મ જાગૃત અવસ્થામાં છે, ને ધાર્મિક જોસ્સો શ્રાવકોમાં પુષ્કળ છે, પણ તે ધર્મ જે સ્થિતિમાં હાલ છે તે સ્થિતિમાં શારીરિક અને માનસિક અસર કેવી કરે છે તે તપાસવાનું અત્રે કામ છે. તે ધર્મના લોકો માછીમારોએ પકડેલા ઝીણાં માછલાં, વાઘરીઓએ પકડેલાં ચકલાં, કાબરો વગેરે ખોરાક તરીકે કામમાં ન આવનાર પક્ષીઓ તથા કસાઇને ઘેરથી ગાયો બકરાં વગેરે છોડાવવામાં ઘણો પૈસો ખરચે છે અને આડકતરી રીતે તેમને તેમના કામમાં ઉત્તેજન આપે છે. આવા લોકોને તેઓ ધન આપી આડકતરી

રીતે વધારે જીવહિંસા કરાવી પાપ કરે છે. આમ અર્થનો અનર્થ કરી તેમના મનમાં સડો પેસાડી અક્કલનો ઉપયોગ ન કરી ખાલી પૈસા તેઓ ખર્ચે છે. તેઓમાંના ઘણાક ભવ્ય દેરાં બાંધવામાં, સોના રૂપાની આંગીઓ ચડાવવામાં અને એવાં બીજાં ખર્ચાળ કામમાં ઘણા પૈસા ખર્ચે છે પણ જો તેઓ તે પૈસાનો કુલ પા ભાગ માણસો કે જેમાં પરમાત્મા બીરાજે છે, ને જે ખરેખરાં ઇશ્વરનાં દેરાં છે તેના લાભાર્થે વાપરે તો તેઓ ગુજરાતનું કેટલું ભલું કરી શકે ? તેઓએ જીવહિંસાનો અર્થ એટલે સુધી લંબાવ્યો કે પાણીમાં અનેક જીવો છે માટે તેનો ઉપયોગ જેમ બને તેમ ઓછો કરવો. નાવામાં, ધોવામાં, વગેરે દેહશુદ્ધિ ને વસ્ત્ર ને ઘરશુદ્ધિના કામમાં પાણી બરાબર વપરાતા નથી. જેના પરિણામે તેમના ઘરમાં ને આંગણા આગળ ગંદવાડ જરાક વધારે જોવામાં આવે છે, શારીરિક સ્વચ્છતાનો અભાવ અને ઘરની મલિનતા એ બેથી તેમનાં શરીર નબળાં થતાં જાય છે ને જ્યાં જોઇએ ત્યાં સીધી લીટીની સરસાઇ કરે એવા લોહી હીન, ફીકાં, કમજોર ને કાયર જી રૂપોની સંખ્યા તેમનામાં વધારે જોવામાં આવે છે

" આરોગ્ય—સંરક્ષણ—શાસ્ત્રના સઘળા નિયમોની વિરુદ્ધ તેઓનું વર્તન શારીરિક બળ નષ્ટ કરી દેછે એમાં નવાઇ શી ? વળી શારીરિક બળ નષ્ટ થવાથી માનસિક બળ પર ખરાબ અસર થાય એમાંએ કંઇ અચંબો પામવા જેવું નથી. દિન પ્રતિદિન જૈનોની સંખ્યામાં ઘટાડો થાય છે. તેમના માંકડ ચાંચડીયા ડરકુ ધરમને લીધે તેઓ કાયર થએલાજ છે અને આ તેમની ઉંધી સમજથી તેઓ મૂળ સ્થાપકોના ઉમદા હેતુઓને ઉંધા વાળી હાથે કરી હેરાન થાય છે. તેઓ સામાજીક ક્ષય રોગના ભોગ થયા છે. તેમનામાં અગ્રેસર સમજુઓ પણ અસલ શુદ્ધ ધર્મ શો છતો તે ખોળી કહાડવા પ્રયત્ન પણ કરતા નથી. અને જેમ અન્ય હિંદુઓ બ્રાહ્મણના ડોલાવ્યા ડોલે છે, તેમ તેઓ તેમના જતીઓના ડોલાવ્યા ડોલી ચગડોળે ચઢી તેમના ચિંતન અને ઉત્સાહ તોડનાર હાલના ચાલતા ધર્મને–વળગી રહે છે. તેઓ અસલી હીરાને બદલે તે હીરાના પડછાયાને હીરો સમજી બેઠા છે. આ એક તેમનો માનસિક રોગ છે અને એ ડાહ્યા અને શાણા સાધુઓ તથા ધરબારીઓ એકઠા મળી તે સમાજને લાગુ પડેલા આ ક્ષયરોગની બરાબર ચિકિત્સા કરી યોગ્ય દવા નહિ કરે તો તેઓ પોતાની સમાજનું જીવન દુકું કરે છે. આ સમાજ ભૂલમાં ભરમાઇ અતિ ક્ષીણ થઈ ધીમે ધીમે નાબુદ થવાના રસ્તાપર ચઢી છે અને તેમના અગ્રેસરો તેમને વાહોમ કરી ખાડામાં ઝંપલાવતા અટકાવતા નથી.

ટીપઃ—ઉપરોક્ત લેખમાં રા. રા બિહારીએ જૈન ધર્મની હાલની પદ્ધતિમાં કોઇ પણ પ્રકારનો ફેરફાર કરીને જૈન સંસ્થા જેમ સારા પાયાપર આવે તેવા પ્રકારના ઉપાયો યોજવા ભલામણ કરી છે તે સ્તુતિપાત્ર છે. રા. રા. બિહારીએ જે જૈન ચિત્ર આલેખ્યું છે તે જૈન સૂત્રો વાંચીને નહિ પણ હાલની ઢુંઢીઆ, તથા, દિગંબર, વગેરે સંસ્થાઓના જૈન બંધુઓની રહેણી કરણી જોઇને તે ઉપરથી આ ચિત્રેલું છે તેથી તથાપ્રકારના જ્ઞાનના અભાવે લેખમાં ક્ષતિ પણ થએલ છે પણ લેખનો એકંદર સાર, જૈન સંસ્થામાં સુધારો થાય તો વધારે સારૂં છે એવો દિલસોજી ભર્યો હોવાથી રા. રા. બિહારીના લેખમાંથી કોઇ મતાગ્રહી જીવને કદાચ ભૂલો જણાય તો તે ક્ષંતવ્ય છે. રા. રા. બિહારીનું કેટલુંક લખવું તો સત્યજ છે. જુઓને ઢુંઢીઆનો પંથ નીકળ્યા પછી મ્લેચ્છતા કેટલી બધી વધી

ગાઢ છે. સાધુના ધર્મો શ્રાવકના ઘરમાં ઘુસવાથી કેટલાક શ્રાવકો પણ કેટલા બધા ક્રિયા જડત્વી બની ગયા છે. વળી જૈનોની સંખ્યા દર વરસે હજારોના પ્રમાણમાં ઘટતીજ જાય છે. કોઇ જૈન મુનિ નવા માણસોને જૈનધર્મમાં ભેળવી શકતાજ નથી. જૈનોમાં અંદર અંદર કેટલી બધી ખટપટો ચાલે છે અને કેસ લડવામાં પણ આપણા કેટલા બધા રૂપીઆ ખર્ચાય છે!!! ઉપાશ્રયમાં મુહુપતિ બાંધીને મહારાજની પાટના પાયા પાસે બેસનારાઓ જેટલી કોડી, મંકોડી ઉપર દિલસોજી બતાવે છે તેટલીજ પોતાના પ્રામાણિકપણા, સત્ય, વગેરેમાં પણ દિલસોજી વાપરતા હોય તથા તીર્થંકરોએ વખાણેલી મનુષ્ય જાત ઉપર પણ તેવી-દિલસોજી બતાવી પૈસાનો ભોગ આપતા હોય તો કેવું સારૂં!!! જૈન કોમમાં એ સમ્યગ્જ્ઞાન આવવાને હજી વરસોની જરૂર છે. જૈન કોમ ધર્માદા ખાતે સૌથી વધારે પૈસા ખર્ચે છે પણ વ્યવહારત્યાજ્ય પુરૂષોની પ્રેરણા પ્રમાણે પૈસાનો વ્યય થતો હોવાથી ખર્ચાયલા પૈસાનું જોઇએ તેવું પરિણામ દેખાતું નથી. જે જૈન કોમ પોતાના ધર્માદાના તમામ પૈસા જનહિતાર્થે વાપરે તો એક દસકામાંજ જૈન કોમ હિંદમાં સર્વોત્કૃષ્ટપદ લેવાને ભાગ્યશાળી બની શકે તેમ છે. આમ થવાને જૈનોમાં પરસ્પર સંપની, માનની લાલસાના અભાવની, મૂળ સૂત્રોના જ્ઞાનની, અને સમદ્રષ્ટિ નિરભિમાની મુનિઓના સદ્ભાવની જરૂર છે. હાલના જૈન વણિકો બીકણ થઇ ગયા છે એ વાત તો આખું વિશ્વ જાણે છે. જૈન ધર્મ જેવો ઉત્તમ ધર્મ બીકણ લોકો લઇ બેઠા હોવાથીજ ધર્મની નિંદા થાય છે. જૈનોમાં શાસ્ત્ર પકડવાની મનાઇજ નથી. 'कम्मे सुरा सो धम्मे सुरा' કર્મ કરવામાં શુરો છે તે ધર્મમાં એટલે કર્મ ખપવવામાં પણ શુરો હોય છે—આવા શ્રી વીતરાગ દેવના ફરમાનનો અર્થ એટલોજ નીકળે છે કે બીકણ લોકોને પોતાના શરીરાદિ ઉપર હદ ઉપરાંત મમત્વ હોવાથી રખેને આપણે મરી જઇશું એવા ભય લાગવાથી કાંઇ કરીજ શકતા નથી. તેવા લોકો ધર્મને પણ પામી શકતા નથી. જેમ મમત્વ ઓછું તેમ શારીરિક અને માનસિક બળની વૃદ્ધિ જાણવી. શારીરિક અને માનસિક બળવાન બનવા માટેજ જૈન ધર્મ છે, માટેજ તીર્થંકરોનું શરીરબળ પણ અનંત કહેલ છે. જો પૂર્વાચાર્યોએ શરીરને કુટો કરીને નાંખી દેવા કે ઝેર પીને સોડ તાણીને સૂઇ જવા ફરમાવ્યું હોત તો તીર્થંકરના શરીર બળના શા માટે વખાણ કર્યા! માટે એ વાત તો ચોકસ છે કે જૈનધર્મથી શારીરિક અને માનસિક વૃદ્ધિ થવીજ જોઇએ. વળી જેમ જેમ જૈનો જ્ઞાનમાં ઉંચા વધે તેમ સંઘયણમાં પણ ઉંચા વધવાજ જોઇએ. જો સંઘયણ એટલે શારીરિક બળ નબળું પડે તો જાણવું કે માનસિક બળ પણ નબળું પડયું છે. તીર્થંકરનું આધ્યાત્મિક બલ સંપૂર્ણ માટે શારીરિક બલ પણ સંપૂર્ણ. જે જે કેવલી થાય તે તે શરીરમાં પણ સંપૂર્ણ બળવાન હોયજ. અત્યારે જગતમાં જેટલા આરંભ સમારંભ ચાલે છે તેની શરૂઆત કરાવનાર શ્રી ઋષભદેવ ભગવાનજ છે. લોકોને જ્યારે વ્યવહારનું જ્ઞાન નહોતું ત્યારે શ્રી ઋષભદેવજીએ તેમને અસિ, મસિ અને કૃષિનું જ્ઞાન આપ્યું હતું. અસિ એટલે તલવારનો ઉપયોગ તો શત્રુઓને હણવાના કાર્યમાંજ થાય છે. આવું તલવાર પકડવાનું શૌર્ય પ્રથમ શ્રી આદિ તીર્થંકરેજ જગતમાં રોપ્યું છે. મસિ એટલે શાહીથી લખવું અને કૃષિ એટલે ખેડ જે ખેડથી અત્યારે જૈન મુનિઓ લગભગ વિરૂદ્ધ છે તે ખેડની શરૂઆત પણ ઋષભદેવજીનેજ આભારી છે. અગ્નિને ચુલામાં કેમ નાખવો, ભઠ્ઠી કેમ સળગાવવી, ચકીલું કેમ પીલવી, કેવી રીતે પાણીમાં તરવું, વગેરે જગતની સર્વ કલાઓનો આરંભ સમારંભ

શ્રી આદિનાથેજ કરેલો છે. શ્રી આદિનાથના તેજ ભવે મોક્ષે જનાર પુત્રો પૈકી ભરત અને બાહુબળ લડયા તેથી એટલાં બધાં માણસો વગેરે ક્યાંય ગયાં કે લોહીની નીકો ચાલી ! ! ! આમ છતાં પણ તેજ ભવે મોક્ષે ગયા. હાલના જમાનામાં કોઇ જૈન આવું કામ કરે તો હાલના જૈનો તથાપ્રકારના ભેદને નહિ સમજતા હોવાથી તેવા શુરવીર જૈનને ધિક્કારી કાઢયા વગર રહેજ નહિ. હાલમાં જે પશુઓ પાસે માણસો ભાર ખેંચાવે છે તેની શરૂઆત પણ આદિનાથેજ કરી છે. સૌથી પ્રથમ તો ઘોડા, બળદો, ઉંટો, હાથીઓ, વગેરે જંગલમાં સ્વતંત્રતાથી રખડતા હતા તેમને યુક્તિથી પકડાવીને તેમની પાસે કામ કરાવવાનું પ્રથમનું માન શ્રી આદિનાથ પ્રભુને છે ! ! ! શ્રી આદિનાથે તો અથાગ જળમાં તરવાનું શિખવ્યું અને હાલના કેટલાક દુરાગ્રહી નામધારી જૈનો તો પાણીને અડકતાં બીએ છે ત્યાં તરતા તો આવડેજ કયાંથી ! ! ! હાલ કોઇ જૈન ડૂબકો મારીને પાણીમાં પડે અને તરે તો બીજા જૈનો તેની નિંદા કરવા મંડી પડે કે પાણીના એક ટીપામાં અસંખ્યાતા જીવો છે માટે કાંઠે બેસીને કોઇ કોઇ દિવસેજ બીન જરૂરી નાઇ લેવું એજ ખરો ધર્મ છે, તેને મૂકવાથી પાપ થાય છે આવો ઉપદેશ વ્યવહારમાર્ગને બંધ બેસતો નથી. શ્રી ઋષભદેવજીનાં વચન પ્રમાણે જો જૈનો વરતે તો તેનો ઉદય નજીક છે. અને જ્યાં સુધી અંધ પરંપરા પ્રમાણે વર્તશે ત્યાં સુધી જૈન બંધુઓના ઉદયની આશા રાખવી વ્યર્થ છે. હાલના જૈનબંધુઓ અગ્નિથી બીએ છે પણ ચૂલાઓમાં તથા ભઠ્ઠીઓમાં ઘેર ઘેર અગ્નિના કારખાના ચલાવવાનો સદુપદેશ તો શ્રી આદિનાથજીએ આપેલો છે તે ઉપર ધ્યાન પણ આપતાજ નથી. હાલના જૈનબંધુઓ અંદરની ચકલા ચકલીની તકરારોમાં એટલા બધા પડયા છે કે તે તકરારોમાંથી તેમને ફારગત થઇને પ્રાચીન જૈનોના વીરત્વના દૃષ્ટાંતો વાંચવાની તક બહુજ ઓછી મળે છે. શ્રી શાંતિનાથ વગેરે તીર્થંકર જ્યારે ગૃહસ્થાશ્રમમાં હતા અને અવધિજ્ઞાની હતા ત્યારે તેમના લશ્કરમાંથી દરરોજ હજારો ગાડાં હાડકાંના નીકળતાં હતાં એટલું માંસ વપરાતું હતું. સૈન્યના નેતા ગર્ભથી અવધિજ્ઞાની મહાત્મા હોય છતાં તેમના સૈન્યમાંથી હજારો ગાડાં હાડકાનાં દરરોજ નીકળે એ શું બતાવે છે ? આવી બાબતો પર તો હાલના જૈનબંધુઓ સ્વબુદ્ધિથી વિચાર ચલાવતાજ નથી. શ્રી નેમિનાથ અને પાર્શ્વનાથજી પણ યુદ્ધે ચઢયા હતા. શ્રી મહાવીરના બે શિષ્યો લડયા તેમાં એક કરોડને બેંશી લાખ માણસ મરણ પામ્યું હતું. આ અને આવી બીજી ઘણી બીનાઓ છે તેનો સાર એટલોજ નિકલે છે કે જૈનોએ શારીરિક બળને વધારવાની જરૂર છે. સદાચાર બળ ઉપર માનસિક બળનો અને માનસિક બળ ઉપર શરીર બળનો આધાર છે. જે વ્યવહારમાં શુરવીર છે તે નિશ્ચય અને નિશ્ચય યોગ્ય વ્યવહારમાં શુરવીર થઇ શકે છે. (જૈનોએ આરંભ સમારંભ ન કરવો, નહાવું નહિ) શરીરને બાળીને રાખ કરી નાખવું, માણસોની સેવા કરવા કરતાં વાયુકાયના જીવોની સેવા કરવાની પ્રથમ જરૂર છે, પ્રથમ ગાયનો અને પછી ગોવાળની રક્ષા કરવી જોઇએ, હથીઆર વાપરતા નહિ શિખવું જોઇએ, વગેરે બાબતોનું જો કોઇ પ્રતિપાદન કરતું હોય તો તે શ્રી દયાળુ ઋષભદેવજીના માર્ગનો ઉત્થાપક છે એમ સમજી લેવું. જૈનધર્મના મૂળ સૂત્રો તો માણસોને શુરવીર, પ્રામાણિક, સ્વતંત્ર, વ્યવહારકુશળ અને નિઃસ્વાર્થી બનાવે છે. જૈનોની આ પરંપરા તો મુખ્યત્વે છેલ્લાં બારસેં વર્ષમાંજ બદલાઇ ગઇ છે. સ્થાનકવાસી પંથ નીકળ્યા પછીજ જૈનો વધારે બીકણ જેવા બની ગયા છે.

શ્રી મહાવીર પ્રભુના ખાસ શ્રાવકો પૈકી અમુકને ઘેર નીભાડા હતા તથા અમુકને ઘેર હળ, ગાડાં, વગેરે સેંકડે ગમે હતાં. મહાવીરે તેમના ધંધાને બંધ કરાવ્યા ન હતા,

ચાલુ રખાવ્યા હતા. આજકાલ કોઇ તેવા ધંધા કરે તો તેને વખોડી કાઢવામાં આવે છે. આજકાલમાં જે ઉપદેશ ચાલે છે તેનો સાર તો એટલોજ નીકળે છે કે સંસાર ખોટો છે તથા સર્વ સ્થળે પાપ, પાપને પાપજનર્યું છે માટે સાધુ થઇને અપાશ્રયમાં બેસો. જે અપાશ્રયમાં બેઠા છે તેમને ધન્ય છે ! નાળાલોકો અથવા માનના ભુખ્યા લોકો વગર વિચાર્યે એવા ઉપદેશોમાં હામ હ મિલાવે છે. શ્રી મહાવીરનો વિચાર આખી દુનિઆને બાવા બનાવવાનો ન હતો પણ જગતને શુરવીર, પવિત્ર, પ્રામાણિક અને નિઃસ્વાર્થી બનાવવાનો હતો. જે લોકો સંસારના પારનેપહોંચી ગયા હોય અને તેથીજ જેમને વૈરાગ્ય આવ્યો હોય તેજ સાધુ થઇ શકે એવોશ્રી દયાળુ વીતરાગ દેવનો પરમ સિદ્ધાંત છે.

આ ઉપરથી જૈનેતરો પણ સમજી શકશે કે જૈનધર્મતો શુરવીર ક્ષત્રીઓનો ધર્મ છે. જૈનધર્મ જગતને નિર્માલ્ય બનાવતો નથી પણ શુરવીર બનાવે છે. જૈનધર્મનો ઉદ્દેશ દેશને ભીખારી બનાવવાનો નથી પણ ધનવાન બનાવવાનો છે જૈનધર્મનો ઉદ્દેશ ક્લેછ બનાવવાનો નથી પણ સ્વચ્છ બનાવવાનો છે.

જૈનધર્મનો ઉદ્દેશ માણસની દરકાર નહિ કરતાં વાયરાને બચાવવાનો નથી પણ સૌથી પ્રથમ માણસજાતની સંપૂર્ણ સારવાર કર્યા પછી વાયુકાયને પણ સાચવવાનો છે. જૈનોનો અપક્રાંતિવાદ નથી પણ ઉત્ક્રાંતિવાદ છે ! ! ! આવો શ્રી દયાળુ વીતરાગદેવનો પરમ પવિત્ર ધર્મ આજે કેવી રીતે બદલાઇ ગએલો જોવાય છે તે વિચારવા જેવું છે.

ઉપરોક્ત સર્વ ખુલાસાઓ ધીરજ રાખીને વાંચશો તોજ તેમાંથી નવું જાણવા યોગ્ય મળી શકશે. **इत्यलम् ॐ शान्तिः शान्तिः शान्तिः**

એ પ્રમાણે જૈનધર્મનો અન્યધર્મમાં ઉલ્લેખના ત્રીજા ભાગનો પ્રથમ ખંડક સંપૂર્ણ થયો.

ત. ૨૫-૮-૧૯૧૬
રાજકોટ-કાઠિયાવાડ

ગોકુલદાસ નાનજીભાઇ ગાંધી.

Jain Ahinsa.

Jainism occupies the fore-most place amongst the Ahinsaist religions. Ahinsa Parmo Dharm is the watch-word of Jains. It is said that this Ahinsa has been a cause of the degradation of India or of Jains. How can a people who regard it sinful to kill an ant defend themselves against the tyranny of a tyrant or the attacks of a ruffian? This is the argument put forth to show that Jains are a meek people, born to suffer whatsoever fate or ill fortune may bring to them. This view, I submit, is based neither on any knowledge of the Jain principles of Ahinsa nor on the history of Jains. First let us see what history says about them.

There have been Jain kings, generals and soldiers not only mythical, but historical as well and the Jain acharyas make no mean mention of them in their sacred books; they do not call them (Mithyatvi) or heretics because of the blood they shed in wars. There have also been persons, although not admitted by history but, recognised as Jains in the Jain Shastras, who took part in the fiercest wars of those times-Chakravarties who fought for empires.

History shows that Chandra Gupta Mauriya, the renowned emperor of Northern India, was a Jain. His terror was enough to lead Selucus to make a treaty with him,-- "it is not wise to keep on bad terms with such a mighty foe." This was in the 4th century B. C., only two centuries after the Nirvan of Mahavira, the Ahinsaist Teacher. Even in the time of Prithviraj, tha armies of one of his foes from Gujrat were led by an Ahinsaist Jain Bhamashah, the saviour of Mewar, was a Jain Oswal; He laid all his hoarded wealth at the disposal of Rana Pratap to collect men and munitions for war against the Mogal emperor Akbar, in order to maintain the independence of his native land. Again Kumarpal a king of Gujarat (12th Century) had Hemchandracharya the Jain encyclopeadist as his Guru even that Ahinsaist Guru never asked him to retire from his kingly duties so as to escape from Hinsa. These are some of the instances of men whose religion the modern historians have thought it worth their while to mention. India had innumerable kings; what religion they professed can he gathered only from the Shastras, and the Jain Shastras describe many Jain kings, persons of flesh and blood, who reigned over the various kingdoms in Behar, Malwa, Deccan etc.

Even so late as the 16th and 17th Centuries, we find in the Jain historical studies by C. S. Tank, in the Indian antiquary and in the Todds Rajasthan, as well as in the household tales of Indian bravery in Rajputana—alas they are becoming scarcer with the introduction of modern histories of Rajput defeats and Hindu retreats—Oswal Jains serving

their monarchs in the various capacities of generals, ministers, and administrators and for their services they have been awarded hereditary Jagirs and Pattas which exist upto this day. Even now one finds in the capitals of Rajputana states Mehtas, Bachhawats and Singhis, gotras of Oswal Jains, whose immediate ancestors i.e. Grandfathers or great grandfathers had led the forces of the Rajputana Chiefs and the oswals form an important part—a third, of the Jain Community.

Now if we examine the Jain principles of Ahinsa, we find nothing that may make men unmanly and nations degraded and void of self respect. We quote Jain Acharyas below.

While describing the Ahinsa for a Grahasth i.e. a layman Vijay Laxmi Suri says

आद्य व्रते गृहस्थानां सवपादा विशोषकाः
दयाहि दर्शिता पूज्यैः नात्रिका तु प्रकाशिता

i.e. The sages have prescribed in the first Vrata for a Grahasth one and a quarter Biswa (part of 20 Biswas) of दया (Daya) and not more. That is, even the highest Grahasth should observe only one sixteenth of what is prescribed for a Sadhu (who of course is quite away from all wordly turmoils and whose business is to elevate his own soul and to guard the morals of his flock). This is so, because, as is explained by various Acharyas, a layman can not help using water, fire etc. he can not help killing in matter like cooking, digging, house building, tilling etc. (because Jainism does not recommend its layman to become mere beggars and to depend on others for their daily bread) and because they can not (for they should not) abstain from using force which may involve Hinsa in order that the weak should be protected against the strong, and that the aggressor and the usurper, the thief and the scoundrel, the lustful villain and the infamous voilator of woman's chastity, the ruffian and the cheat should be prevented from inflicting injustice and doing harm. What is required is that he should not kill merely to satisfy his whim

or for want of ordinary care or to satisfy his passions. Says Hemachandracharya

पंगु कुष्टि कुणित्वादि द ाहिंसा फलं सुधीः
निराग स्त्रस जंतुनां हिंसा संकल्प तस्त्यजेत
—योगशास्त्र.

i.e. Seeing that defect in limbs, leprosy etc. are the results of Hinsa, a layman should refrain from doing Hinsa with the determined intention of causing injury, without any purpose to innocent moving living beings (त्रस are moving living beings as opposed to स्थावर the stationary living beings e.g. Plants vegetable etc). As to the sthavara beinrgs the same Acharya says

निरर्थकां न कुर्वीत जीवेषु स्थावरेष्वपि
हिंसामहिंसा धर्मज्ञः कांक्षित मोक्षमुपासकाः

i.e. An ahinsaist desirous of Moksh should not do Hinasa to Sthawar beings *without any purpose*.

Jain Ahinsa is not the "perverted Ahinsa of which as Lala Lajpatray says in the June number of the Modern review, in which Grandfather was believer and which forbids the taking of any life *under any circumstances whatever*". "Jains do not believe in that Extreme Ahinsa" which might throw in the back ground all other virtues which ennoble men and nation", "which might throw into shade honour and self respect" "which might extinguish courage bravery heroism, patriotism, love of country, love of family, honor of the race" "It can not be said for certain what Lala Lajpat Rai means by some good people roughly well-intentioned and otherwise saintly who made a mad of Ahinsa. But certainly Jain Ahinsa does not teach that it is sinful to use legitimate force for purpose of self defence or for protection of our honor and the honor of our wives, sisters daughters and mothers.' It does not teach us "to guard the honor of those who are under our charge by delivering ourselves into the hands of men who would commit sacrilege

It is only the innocent beings whom a Jain should not kill. Those who deserve punishment must get the right chastisement and the Jains are free to use the necessary force.

There are the Kathas in which the Sadhus have made use of force for the protection of innocent persons and to save women from sacrilege In a Jain Grantha Nishith Chulika Chapter X is related a story of Kalikacharya who in order to save a Sadhvi from being dishonored by a prince caused another prince to bring his forces to her rescue. There is another Katha of a Sadhu Vishnu Kumar; he himself punished a king who intended to kill all the Jain Sadhus within his empire.

The Jain Ahinsa is not merely a negative precept. 'Don't hurt", It is more It is a positive Moral Commandment. It says 'Soothe Serve' It is not only live and let live, but also help others to live.

No doubt there are weaknesses in modern Jains. Their community is not very healthy or flourishing. Much work and sacrifice are needed to raise them and we hope that young Jains will not lag behind in doing their duty. They are already alert. But Ahinsa is not the cause of their weakness. Modern Jains are mostly business men like the non-jain Vaish nave Community. It is their contact with this Vaishon Community that has introduced in them most of the evils. We have an evidence of the Vaish influence in the social rites and ceremonies of the Jains most of which are quite inconsistant with Jain principles. The same influence is at the root of Jains' dislike of force of fear (whereever it exists). It is not an inherited fear but a borrowed fear. The Vaish fear is the indirect result of Brahamain and Kshatriya supremacy of the kind found in ancient India when Vaishas could be treated despotically and with impunity while they could not raise a voice against the Brahamans for fear of incurring the rage of gods. Jainism recognises neither any supremacy of any class nor the fear of gods while doing any right and just action.

If India is bereft of manly virtues, it is not Ahinsa Jain or Non-jain that has contributed to this result. Lala Lajpat Rai has not only not understood ahinsa but has misunderstood it and consequently misrepresented the most noble principle of Ahinsa Parmo Dharma. It is the general notion of inferiority of race that has some how got into the Indian head and is at the bottom of all evil. Give them liberal education teachers &c. teach them that their ahinsaist ancestor -s achieved great successes in all spheres of life. Teach them that they are not inferior to other nations in any respect. Teach them that they are not incorrigibly inferior in those respects in which they are inferior at all and the ahinsaist nation the Indian nation shall make it all the most noble, and manly glorious, shall shine in her glory and shed lustre all around Ahinsa.

'Ahinsaist'

હૃદયની વાતો કોણ જાણે ?

(રાગ-વાયેસરી.)

૧.

દિલની વાતો, દિલ—ઇશ જાણે-
જન બધા છે ગુંથાયેલ વ્યવહા[illegible]
કૂડમાં તે [illegible] સુખ માણે—દિલની.
બાલનાં લક્ષણો પારણે પરખતાં,
મનુષ્યની જે કસોટી સ્મશાને,
ના હવે આવતું દૃષ્ટિએ સાર દિલ,
છો કરો તર્ક જાણે-અજાણે—દિલની.
લોભી જ્યાં હોય વસતા ધુતારા તહાં,
મોજ મનમાનિતી તોય માણે,
બગ ભગત જગતને ખૂબ ઠગતા ફરે,
કોઇ તેને નહિ તો પિછાણે—દિલની.
ધૂર્ત્ત ધૂર્ત્તો મળી એકઠી મંડળી,
એક બીજા તણો પક્ષ તાણે,
ગરીબ ગાયો તણી કતલ સુખથી કરે,
ચૂસી લે લોહી તેનું પરાણે—દિલની.

૧૭-૪-૧૫ તંત્રી.

૨.

દિલની વાતો, દિલ-દશા જાણે,
પ્રેમ રસનો ભુખ્યો આતમા ઇચ્છતો,
ભૂમિ તેની નહિ હાલ સ્થાને—દિલની.
ભાગ્ય વશ થઇ ઘણું મન મુઝાતું છતાં,
કોઇ ના તેહનો પક્ષ તાણે,
જીંદગી આ સુની રસ વગર છે લુખી,
પ્રેમી આ શુષ્કતા કંઇક જાણે—દિલની.
જ્યાં રહ્યું ઝરણ છે ત્યાં પિપાસુ નહિ,
જ્યાં પિપાસુ તહાં મળતો પ્હાણો,
સુવર્ણ જ્યાં છે તહાં લેશ સુગંધ ના,
સુખ નહિ તોય માને પરાણે—દિલની.
એજ વિચિત્રતા કર્મની છે બધે,
સર્વ સંયોગના એક ટાણે,
દિલ રડે, દિલ બળે, વાત કોને કરે ?
સમસમી સુખ દુઃખમાં પિછાણે—દિલની.

૧૮-૪-૧૫ તંત્રી.

☞ દરેક જૈનબન્ધુને વંચાવશો તો સંઘધેવાનું મ્હોટું પુન્ય હાંસલ કરશો.

પવિત્ર સંવત્સરી પર્વ પ્રસંગે પણ

ભગવાનની આજ્ઞા પાળવા તૈયાર થશો કે ?

ભગવાનનું નામ અને ભગવાનની આજ્ઞા એ બે પર કોને પ્રેમ નહિ હોય ? અને તેમાં સંવત્સરી જેવો સર્વોત્તમ પર્વ દિવસ—કે જે દિવસે તો એક ક્ષુદ્રમાં ક્ષુદ્ર માણસ પણ ભગવાનની ભક્તિ કરવા અને ભગવાનની આજ્ઞા માથે ચ્હડાવવા ચૂકતો નથી, એ શુભ દિવસે કયો બુદ્ધિશાળી જૈન ભગવાનની આજ્ઞા સાંભળવા, વિચારવા અને અમલમાં મુકવા ખુશી નહિ થાય ?

શ્રી જીન ભગવાન એક વખત આપણા જેવા મનુષ્ય હતા, પરન્તુ જ્યારે મ્હારા-ત્હારા પણાનો ભેદભાવ અને સકળ પ્રાણીમાત્ર સાથેનો વૈરભાવ છોડી દઇ ક્ષમાના સાગર બન્યા ત્યારે તેઓ મનુષ્ય મટી ભગવાન થયા. તેઓ ત્હેમના અનુયાયીઓને પણ એજ માર્ગે ચાલવાનો ઉપદેશ આપતા ગયા છે, અને એટલા માટે શાસ્ત્રકારોએ શ્રી ભગવાનના ઉપદેશને અનુસરીને એવી આજ્ઞા કરી છે કે, દરેક જૈને સાંજે અને સ્હવારે પ્રતિક્રમણ કરીને વૈરવિરોધની ક્ષમા

માગવી, જહેનાથી દરરોજ તેમ કરવાનું ન બની શ… …ણે દર મહિને કે ૭ મહિને અને તે
પણ ન બને તો દર વર્ષે એક વાર તો … વૈરવિરોધની ક્ષમા લેવી-દેવી.
જો આ દેવું વર્ષમાં એક વાર પણ ન ચૂકવવામાં …વે તો ક્રમે ક્રમે ચક્રવર્તી વ્યાજની
પેઠે કરજ વધતું જાય અને માણસ પાપના બોજા… …ટલો બધો દબાઇ જાય કે માથું ઉંચું
કરવું મુશ્કેલ થઇ પડે. એટલાજ કારણથી સંવત્સર… …તિક્રમણની યોજના કરવામાં આવી
છે; એ જ કારણથી આપણે દરેક જૈન ભાઇઓ … બીજાના ઘેર જઇ ' ખમત ખા-
મણાં ' કરી આવીએ છીએ અને ગામોગામ આ… …સંબંધીઓને ' ક્ષમાપના પત્રો '
લખીએ છીએ.

પરન્તુ આજકાલ આપણાં સંવત્સરીપ્રતિક્રમ… …ને ખમતખામણાં ઘણે ભાગે દેખાવ
માત્ર રહ્યાં છે. આપણે પ્રતિક્રમણના પાઠ બોલી … …છીએ પણ એ પાઠમાં ચોરાશી
લાખ જીવયોનિ સાથેના વૈરવિરોધ છોડવાનું જે … બોલીએ છીએ તે વચન પાળતા
નથી. મિત્રો અને સગાંઓને 'ખમાવવા' જઇએ છી… …ણ જેમની સાથે લડ્યા હોઇએ તેમને
'ખમાવવાં' નું આપણને સૂઝતું નથી ! ત્યારે પછી … …વાનની આજ્ઞા પાળનારા આપણે
શી રીતે કહેવાઇએ ? શું દિવસે દિવસે વૈરવિરોધ… …તા પાપબંધનનો બોજો આપણે
માથે વધતો જવાથી આપણું કલ્યાણ સાધી શ… …? એક તરફથી ભગવાનનું નામ
જપીએ અને બીજી તરફથી એમની મુખ્ય આ… …ભંગ કરીએ તો શું એ ભક્તિ
સાચી ઠરશે ?

અને તહેમાં પણ ખુદ **ભગવાન** કે જેઓ … …ળી જાતના વૈરવિરોધના કટ્ટા શત્રુ
છે તહેમના જ નામથી એટલે કે તહેમના ધર્મના … …ા કે તીર્થના નામથી અંદરોઅંદર
વૈરવિરોધ કરીએ અને ક્રોધ, ખટપટ, દ્વેષ, અસત્ય … …ક બીજાનું બુરું ચાહવાની વૃત્તિ ઇ-
ત્યાદિ અનિષ્ટ તત્ત્વોને પુષ્ટિ આપીએ, અરે ખુદ પ્ર… …ભગવાનના નામથી આવું કરીએ,
તો તે કેટલું બધું ભુલ ભરેલું અને આત્મઘાતી પ… …ણાય, તહેનો પવિત્ર સંવત્સરીના
દિવસે વિચાર કરવા અમો નીચે સહી કરનારાઓ … જૈન સંઘને વિનંતિ કરીએ છીએ.

તીર્થો તારવાને માટે છે, નહિ …ડુબાવવાને માટે.

ભાઇઓ, ' ધર્મ ' એ માણસને અધોગતિમાં … …અટકાવવા માટે છે; તેમજ ' તીર્થ '
એ મનુષ્યને સંસારસાગરમાંથી તરી પાર ઉતરવા… …ધન છે, એથી ઉલટું, ક્રોધ, કલેષ,
ટંટા, એ સર્વ મનુષ્યને ડુબાવનારાં તત્ત્વો છે. તો … , શું ધર્મ કે તીર્થ નિમિત્તે કલેશ
અને વૈરવિરોધ થઇ જ શકે ? ' ધર્મ '–અને ખા… …રીને પવિત્ર જૈન ધર્મ–તો કહે છે
કે, તહમારા દુશ્મનોને પણ ક્ષમા આપો, માથું કા… …નું પણ ભલું ચાહો ! અને 'તીર્થ'
કહે છે કે, મહને માનનારા તહમે બધા એકત્ર થઇ … …નું બળ જમાવી એ બળ વડે
સંસારને તરવાનો પૂલ બનાવો.

તહેને બદલે આપણે તો, એકતાનું જે થો… …બળ રહેવા પામ્યું છે તે પણ
' તીર્થ ' નિમિત્તેજ તોડવા તૈયાર થઇએ છીએ, … …આખી દુનિયામાં બધા મળીને હવે
માત્ર તેર લાખ જ જૈન રહેવા પામ્યા છે તહેમાં … …સુંપ કરીને અંદરો અંદર લડીને
પરસ્પર નબળા પડીએ એવો રસ્તો આપણે અંગી … …કરીએ છીએ. અરે ઓ મહેરબાન

સજ્જનો ! ઐક્યબળ વગર શું આ પ્રસંગ હરીફાઈ અને જડવાદના જમાનામાં આપણો પવિત્ર જૈન ધર્મ આપણે ટકાવી શકીશું ? ઐક્યબળ વગર આપણે બીજાઓને જૈન ધર્મ તરફ ખેંચી શકીશું ? ઐક્યબળ વગર આપણે શું કદીએ કોઈ જાતની સાંસારિક કે પારમાર્થિક ઉન્નતિ કરી શકીશું ?

ઉન્નતિને બદલે અવનતિ અને તે સાથે પાપ

આપણે પ્રતિદિન વધારતા જઈએ છીએ, એ બાબતનો શાન્તિથી વિચાર કરવા જો આજે સંવત્સરી જેવા શુભ દિવસે આપણે તૈયાર નહિ થઈએ તો પછી ક્યારે થઈશું? નફા-ટોટાનો હિસાબ વ્યાપારીઓ દીવાળીએ કાઢે છે, તેમ પાપ-પુણ્યનું સરવૈયું દરેક સાચા જૈને સંવત્સરીના દિવસે કહાડવું જ જોઈએ.

દરેક જમાના કરતાં આજે તો આપણે પાપથી વધારે ચેતવાનું છે.

પાપ ! પાપ ! અરે આપણે પાપથી બહુ ડરવાનું છે. પૂર્વના આપણા ભાગ્યશાળી પૂર્વજો જેવાં મજબૂત સંઘાણ અને પુણ્ય આજે આપણી પાસે છે નહિ, કે જેથી પાપને સહેજમાં બાળવાનું પરાક્રમ કરી શકીએ; વળી આજે દેશકાળ રીતરીવાજ રાજ્ય વગેરે એવાં પ્રકારનાં છે કે જેમાં હીંડતાં ચાલતાં પાપ થઈ જાય છે, તો એવા વખતમાં આપણે એટલું તો ડહાપણ જરૂર રાખવું જોઈએ છે કે પાપને કાપવાનાં સાધનો (અર્થાત્ ધર્મ, ગુરુ, તીર્થ) ને નિમિત્તે તો પાપ ન જ પડવું, એ શાન્તિ પામવાનાં સ્થાનને આગનાં સ્થાન ન બનાવવાં. શાસ્ત્રકારો પોકારીપોકારીને કહે છે કે, ભાઈઓ ! બીજે બધે ઠેકાણે બાંધેલાં પાપો તીર્થસ્થાનમાં છોડી શકાશે, પણ તીર્થસ્થાનમાં બાંધેલાં પાપ વજ્રલેપ જેવાં મજબૂત થશે.

તીર્થસ્થાનની માલેકી.

તીર્થસ્થાનોના ખરા માલીક તો ભગવાન છે. શ્વેતામ્બર જૈનો અગર દિગમ્બર જૈનો તો ભગવાનના ' ટ્રસ્ટી ' છે. બાપનો એક પુત્ર મંદિર બંધાવે અને બીજો પુત્ર તે મંદિરનો માલીક બનવા તૈયાર થાય, જેમ શોભાભર્યું નથી, તેમજ પહેલો પુત્ર કોર્ટ-દરબારે ચઢે એ પણ શોભાભર્યું નથી. ભાઈઓ કદાપિ ભૂલ પણ કરે (કારણ કે છદ્મસ્થથી ભૂલ તો થાય જ) તો પણ ભાઈઓ-ભાઈઓના વાંધા ભાઈચારાની રીતે-સમાધાનની અને સુલેહશાન્તિભરી રીતે-પતાવી શકાય નહિ શું ? અને ભગવાનના પુત્રો વચ્ચેના વાંધા ખાતર, એ ભગવાન પર લેશ પણ શ્રદ્ધા નહિ ધરાવનારાઓ પાસે ન્યાયની ભીખ માગવામાં આવે અને ન્યાય મેળવવા લાખો રૂપિયા ખર્ચ કરવામાં આવે, એનો અર્થ એજ થાય કે આ ભાઈઓ ફરી કોઈ દિવસ ભેગા મળવા માગતાજ નથી અને એમના આખા સમાજમાં વાંધો પતાવી શકે એવું શાણું માણસ પણ કોઈ નથી.

શું પોતાના હકકો છોડી દેવાને અમારી સલાહ છે ?—ના.

આ વિનંતિ કરનારા અમો પેઢીની એવી ઇચ્છા કે સલાહ નથી કે શ્વેતામ્બરોએ કે દિગમ્બરોએ કોઈ સ્થળનો પોતાનો વાજબી હકક છોડી દેવો. હકકનો નિર્ણય થવો જોઈએ અને ઇન્સાફથી જ હકક મેળવો જોઈએ, એ તો અમને માન્ય છે. પણ

અમારી સૂચના એ છે કે, શ્રી મહાવીર પિતા કે તેમના આપણે સર્વે પુત્રો છીએ તેમના નામના ગૌરવ ખાતર, અને તેમના ધર્મના ગૌરવ ખાતર તથા મુઠ્ઠીભર રહેવા પામેલી **જૈન** પ્રજાના ગૌરવ તથા ઐક્યબળની ગરજ ખાતર, આપણે કોર્ટદરબારે ચઢવાનું છેડી **હિંદના** સૌથી વધારે લોકપ્રિય, બુદ્ધિશાળી અને પ્રમાણિક પ્રજાકીય આગેવાનો પૈકીના એક કે વધારે આગેવાનોને બન્ને પક્ષ તરફથી પસંદ કરીને **તેમની પાસેથી** 'ન્યાય' કાં ન મેળવી શકીએ ?

દેખીતો મહાન લાભ.

કોર્ટદ્વારા ઇન્સાફ માગવામાં અને પ્રજાકીય આગેવાનો મારફત ઇન્સાફ માગવામાં કેટલો તફાવત છે અને તેથી આપણને શું શું લાભ-ગેરલાભ છે તે આપણે આપણી સહજ વ્યાપારી દૃષ્ટિથી વિચારવું જોઇએ છેઃ—

(૧) એ તો સૌ કોઇ સારી રીતે જાણે છે કે, સરકારી ઇન્સાફપદ્ધતિ અત્યંત ખર્ચાળ લંબવાળી અને બેહદ ખર્ચાળ છે. એક કોર્ટમાં લાંબી મુદતે કેસ ચાલે, તેમાં હજારો રૂપીઆ વકીલ-બેરીસ્ટર પાછળ ખર્ચાય, અંતે બીજી કોર્ટમાં જવાનું ઉભું રહે, ત્યાં પણ હજારો કે લાખ્ખો ખરચ્યા પછી વળી આગળ પણ જવું પડે. આ લખલૂટ ખર્ચ ઉપરાંત બન્ને પક્ષકારોને પોતાનો કિમતી વખત ગુમાવવો પડે તેનો તો હિસાબ જ નહિ. દોડધામ અને જંજાળ વહોરવી પડે એનો પણ હિસાબ નહિ. હવે 'વ્યાપારી' વર્ગને આવી રીતે વર્ષો સુધી કિમતી વખતનો ભોગ અને મગજમારી **પાલવી** શકે કે કેમ એ વિચારવાનું કામ અમો તે સજ્જનોને પોતાને જ સોંપીશું. બીજા હાથ ઉપર પ્રજાકીય આગેવાનના હાથથી ઇન્સાફ લેવાનો હોય તો લાંબો વખત જાય નહિ, અને વધારે ખર્ચો પણ થાય નહિ.

(૨) કોર્ટમાં અમુક કલમ મુજબ જ ચલાવવાનું હોય છે. જડજને લાગતું હોય કે મ્હારે અમુક પ્રકારનું જજમેંટ આપવું જોઇએ, તો પણ કલમ આગળ તે લાચાર છે. કાયદાની બારીકીઓ સત્યને પણ ઘડીભરને માટે દબાવી શકે. પણ એક પ્રજાકીય આગેવાનના હાથથી ઇન્સાફ લેવાનો હોય તો, તે 'વાળ ચીરવા જેવી કાયદાની બારીકીઓ કરતાં સત્ય હકીકતો ઉપર વધારે ધ્યાન આપે; કારણ કે તેને કાંઇ કાયદાની બારીકીઓનું બંધન નથી, પણ ન્યાય તોળવામાં સત્યનું અને પરમાત્માનું જ બંધન છે.

(૩) કોઇ તીર્થ દેશી રાજ્યમાં પણ હોય, બ્રિટીશ હદમાં પણ હોય, એમાંના કોઇ બધા ઇન્સાફ આપનારાઓ, બધે પ્રસંગે સમ્પૂર્ણ ચારિત્રબળ ધરાવતાજ હોય એવી ખાત્રી બધાથી રાખી શકાય નહિ. અને ખાસ કરીને રૂપિયાનો નહિ પણ મમતાનો સવાલ હોય ત્યારે તો ઇન્સાફ આપનારના સમ્પૂર્ણ ચારિત્ર ઉપરજ મોટો આધાર રહે છે. જે પ્રજાકીય આગેવાનોએ પોતાની જીંદગી દેશને અર્પણ કરી હોય તેમના ખરેખર દૃઢ ચારિત્રવાનની બાબતમાં તો ઇરાદાપૂર્વક ન્યાયને જરાતરા પણ ખંડિત કરવાની લેશ માત્ર ભીતિ હોઇ શકે નહિ. વળી તે પ્રજાકીય આગેવાનો કોઇની સ્હેમાં તણાય તેમના નહિ, એટલું જ નહિ પણ એમના નામાં કાયદાકાનુનનું જાણપણું પણ દેશી રાજ્યના કે સરકારી અદાલતોના અમલદારો કરતાં ઓછું હોતું નથી. તેથી શુદ્ધ નિષ્ઠા તેમજ વિશાળ કાનુની જ્ઞાન બન્નેના મિશ્રણથી તેમના હાથે મળતો ન્યાય ખરો જ હોય એવો પૂરો સંભવ રહે છે.

(૪) આપણા ધર્મ સંબંધી સવાલોમાં તા આપણા પ્રજાકીય આગેવાનોને હાથેજ ઇન્સાફ થાય એ આપણી કોમ માટે તેમજ દેશ માટે શોભાભર્યું છે. અને આપણા દેશના આગેવાનો પાસેથી ઇન્સાફ મેળવવાની સલાહનો સ્વીકાર કરવામાં ખચકાવું એ આપણને પોતાને અને આપણા દેશને અપમાન કરવા બરાબર છે. આપણે આપણો પોતાનો ન્યાય ન તોળી શકીએ તો એમાં આપણી અયોગ્યતા પુરવાર કરવા જેવું જ થાય છે; તેમાં પણ આપણે જૈનો કે જેઓ મુખ્યત્વે વણિક છીએ,-વ્યાપારી કુનેહવાળી—નવા નવા માર્ગ શોધવાની તાકાતવાળી પ્રજા છીએ (અને રાવણનું રાજ્ય પણ કોઇ વણિક ન હોવાથીજ ગયું હતું, એમ કહેવાયછે) અને જહેમના પૂર્વજોએ મોટાં મોટાં સામ્રાજ્યોનાં કારભારો કર્યા હતા-એવા આપણ જૈનો આપણા ધર્મ સંબંધી ઝગડાના નીકાલ માટે કોર્ટદરબારે ચઢીએ તો આપણું ગૌરવ આપણા હાથે જ ગુમાવવા જેવું થાય.

એટલા માટે આખરની વિનંતિ એ છે કે, શ્વેતામ્બર-દિગમ્બર વર્ગ વચ્ચે તીર્થો સંબંધી જે જે વાંધા હાલ ચાલે છે તે સર્વ વાંધાઓના નિરાકરણ માટે - છેવટના 'ઇન્સાફ' માટે-આપણે કોર્ટમાં ચાલતા કેસ હાલ તરત તો મોકુફ રખાવીને, બન્ને પક્ષ તરફથી પસંદ કરાયલા એક કે વધુ પ્રજાકીય આગેવાનો (દાખલા તરીકે લોકમાન્ય ગાંધી) ને લવાદ નીમવા, જેમની સમક્ષ બન્ને પક્ષના અમુક પક્ષકારો અને વકીલોએ પોતપોતાની હકીકતો, પુરાવા, દલીલો વગેરે રજુ કરવું, અને છેવટે તેઓ જે ઇન્સાફ આપે તે બધાએ હમેશને માટે કબુલ મંજુર રાખવાની-પ્રથમથી જ—સહી કરી આપવી. આ રીતે જૂના વૈરવિરોધ ટાળવા, પરસ્પર ખરા દીલથી ખમતખામણાં કરવાં અને ભવિષ્યમાં ભાઇચારાની સજ્જડ ગાંઠથી જોડાયા રહેવાનું વ્રત લેવું—એજ શ્રી મહાવીર પ્રભુના સાચા ભક્ત તરીકેનું દરેક શ્વેતામ્બર-દિગમ્બરનું કર્ત્તવ્ય છે; એમાં જ બન્નેની ઇજ્જત છે, શોભા છે, બળ છે. અને એમાં જ પવિત્ર જૈન ધર્મની સાચી સલામતી અને આબાદી છે.

જો આવી રીતે વૈરવિરોધ ન ટાળી શકીએ તો સંવત્સરીનાં આપણાં ખમતખામણાં અર્થવગરનાં છે, દેખાવ માત્ર છે.

જો સમજવા છતાં ચેતીએ નહિ તો, જાગતો હોવા છતાં પથારીમાં સળવળાટ કરનાર બાળક જેવા આપણે બાળક જ ઠરીએ.

જો ભાઇ ભાઇ વચ્ચે પણ એખલાસ કરવાનું આપણાથી ન બની શકે, તો આખી પૃથ્વીથી—રે ચોર્યાશી લાખ જીવયોનીથી મિત્રભાવ કરવાનું ભગવાનનું વચન આપણે કદાપિ નહિ પાળી શકવાના, અને ભવ્યભવ તથા જૈન ધર્મ પામ્યા તે ન પામ્યા બરાબર જ થવાનું.

એટલા માટે,

તીર્થોને લગતા તમામ ઝઘડાઓના પક્ષકાર ગૃહસ્થો પ્રત્યે

અમારી વિનંતિ છે કે, આ વિષય પર આપ આજના પવિત્ર દિવસે—ક્ષમા આપવા-લેવાના દિવસે—વૈરભાવ ભૂલવાના દિવસે—જરૂર ખરા દિલથી અને ઉંડા ઉતરીને વિચાર કરી જોશો, તેમજ જ્યારે ઉપર કહેલા માર્ગ જેવો કોઇ માર્ગ સૂચવવા અને આપની તે બાબતમાં સલાહ લેવા કોઇ ધર્મદાઝ વાળા જૈન બંધુ હાજર થાય ત્યારે આપ શ્રી વીર

ભગવાનની આજ્ઞા નજર સામે રાખીને જવાબ આપશો તથા સૂચના કરનાર ગૃહસ્થની લવાદ સંબંધી યોજનામાં કાંઇ સુધારોવધારો કરવાનું આપને યોગ્ય લાગે તે [લેખિત નહિ પણ મુખેથી] જણાવશો, કે જેથી એવો પ્રયત્ન કરનાર ગૃહસ્થો બન્ને પક્ષના વિચારોને એક કરી બનતી તાકીદે લવાદ નીમાવાનું કામ પાડી શકે.

અને

આખા હિંદના તમામ શ્વેતાંબર—દિગંબર જૈનભાઇઓને અરજ

છે કે, આ જમાનો ચળવળનો છે, માટે આપે દરેક ભાઇ આ વિનંતિપત્રમાં સૂચવેલી ચળવળમાં સામેલ થાઓ. આગેવાનોને મળીને કહો, તેમજ પત્રો લખીને જણાવો કે, અમે ધર્મ નિમિત્તે લડવામાં સમ્મત નથી અને રાજકીય આગેવાનો દ્વારા સઘળા ટંટાનો ફેંસલો કરાવવા આગ્રહપૂર્વક ભલામણ કરીએ છીએ. શ્વેતાંબર જૈનો આખા હિંદમાંથી પોતાના શ્વેતાંબર અગ્રેસરો ઉપર પત્રો લખે, અને દિગંબર જૈનો દિગંબર અગ્રેસરો ઉપર પત્રો લખે, અને આ રીતે હજારો પત્રો જાય થાય તો એનો એટલો પ્રભાવ પડે કે બન્ને પક્ષના આગેવાનોએ એ સૂચનાનો સ્વીકાર કરવો જ પડે. લોકમત એ એક જબરદસ્ત બળ છે, અને તે બળથી જે ધારીએ તે પાર પાડી શકાય છે; માટે જૈન ભાઇઓ

તમારા આગેવાનોપર પત્ર લખીને તેમને અસર કરો.
તમારા ગામ કે શહેરમાં મીટીંગો ભરીને આ દિશામાં લોકમત કેળવો.
તમારામાં હોય તેટલી શક્તિ વાપરીને ઐક્યબળ મજબુત કરો.

કારણ કે

ઐક્ય છે ત્યાં જ શક્તિ છે. ઐક્ય છે ત્યાં જ સુખ છે.
ઐક્ય છે ત્યાં જ સ્વાતંત્ર્ય છે. ઐક્ય છે ત્યાં જ ગૌરવ છે.

અને

ઐક્ય એ જ મહાવીરનો 'સંઘ'
ઐક્ય એ જ 'મુક્તિ'નો 'મંત્ર'.

એ ઐક્ય સિવાય કોણ આગળ વધી શક્યું છે ?
એ ઐક્યને તરછોડીને તમે સુખી થઇ શકશો ?
ના, ના, હજાર વાર ના !

ઐક્ય નહિ, તો ધર્મ નહિ.
અને ધર્મ નહિ, તો શ્વેતામ્બર દિગમ્બર પણ નહિ.

ધ્યાન રાખજો કે,

લડવું એટલે બન્ને પક્ષ નબળા પડે એવી બલામાં પડવું તે.
લડવું એટલે બેના હાથમાંનો રોટલો ત્રીજાને ખવરાવી દેવો તે.

લડીને જીતનાર પક્ષ પણ આખરે એમ કહે છે કે 'આ કરતાં **ચુપચાપ** બેઠા રહ્યા હોત તો ઓછું નુકસાન ખમવું પડ્યું હોત.'

ધર્મ અને સમાજ તથા દુનિયાની માટે **કરવાનું** ઘણું છે,

પૃ૦

પૈસાનો ટોટો છે, ઉદારતાની ન્યૂનતા છે.

અને તે છતાં

ધર્મ નિમિત્તે નાણાં એકઠાં કરી એમાંથી ધર્મયુદ્ધો કરવાં છે ?

ના, સજ્જનો ના;

શ્વેતામ્બર—દિગમ્બર પરસ્પર હાથ મેળવો.

અને સંયુક્ત હાથ વડે

આખી દુનિયાને 'શાસનરસી' બનાવો,

એ જ ભાવના અને એ જ વિનંતિ સાથે વિરમીએ છીએ, અમો...

શેઠ વિનોદીરામ બાલચન્દ્ર (ઝાલરાપાટન)
જગમન્દરલાલ જૈની એમ. એ., બાર-એટ-લૉ
(જજ હાઇકોર્ટ, ઇન્દોર)
અજિતપ્રસાદ જૈની એમ. એ., એલએલ.બી.,
(એડીટર, જૈનગૅઝીટ, લખનૌ)
લલ્લુભાઇ પ્રેમાનન્દદાસ પારેખ, એલ. સી. ઈ.
એ. બી. લઠ્ઠે એમ એ એલએલ બી (કોલ્હાપુર)
એ. પી.. ચૌગુલે બી. એ-એલએલ બી.
હીરાચંદ અમીચંદ શાહ, શોલાપુર
સૂરજ ભાનુ વકીલ, દેવબન્દ.
જુગલકિશોર મુખ્તાર "
જ્યોતિ પ્રસાદ જૈન "
(સમ્પાદક, જૈનપ્રદીપ)
ઠાકોરદાસ ભગવાનદાસ જવેરી, મુમ્બઇ.
ગાંધી સૂરચંદ શીવરામ (શેઠ નાથારંગજીવાળા)
શાહ ચુનીલાલ હેમચંદ
ચેતનદાસ જૈન બી. એ.
(આ૦ સે૦, ભારતજૈનમહામણ્ડલ)
દયાચન્દ્ર ગોયલીય બી એ.
(સમ્પાદક, જાતિપ્રબોધક)
નાથૂરામ પ્રેમી (સમ્પાદક, જૈનહિતૈષી)

શેઠ રતનચન્દ ખીમચન્દ મોતીચન્દ
(મુમ્બઇ-શ્વેતાંબર સંઘના સંઘપતિ)
શેઠ દેવકરણ મૂળજી, મુંબઇ
" ગુલાબચન્દ દેવચન્દ જવેરી, મુંબઇ
" રતનચંદ તલકચંદ મારતર "
" જીવનચંદ સાકરચંદ ઝવેરી
"લખમસી હીરજી મૈશરી બી એ., એલએલ બી
" ખીમજી હીરજી કાયાણી જે. પી.
" અમરચન્દ ઘેલાભાઇ [ભૂતપૂર્વ સેક્રેટરી,
ભાવનગર જૈનધર્મ પ્રસારક સભા.]
ચુનીલાલ એમ. કાપડિયા એમ. એ.,
એલએલ બી., બી. એસસી.
મોહનલાલ દલીચન્દ દેશાઇ બી. એ,
એલ એલ. બી.
(એડીટર, જૈનશ્વેતામ્બર કૉન્ફરેંસ હેરૅલ્ડ)
ડાક્ટર નાનચન્દ કે મોદી.
એલ એમ, એણ્ડ એસ.
મૂલચન્દ હીરજી (સૈક્રેટરી, મુંબઇ માંગરોલ
જૈન સભા, મુમ્બઇ)
મણીલાલ મોહકમચન્દ શાહ
(સેક્રેટરી, વાલંટિયર કમીટી
દશમી જૈન શ્વે૦ કૉન્ફરેંસ)

વાડીલાલ મોતીલાલ શાહ-(એડીટર, "જૈનહિતેચ્છુ")

ઉપરનું પૅમ્ફલેટ બહાર પાડનાર શ્રીયુત વાડીલાલ મોતીલાલ શાહ તરફથી નીચેનો પત્ર પ્રગટ કરવાની અમને વિનંતિ કરવામાં આવી છેઃ—

એક 'આગના તણખા'ના 'ભયંકર' પ્રશ્નો.

શ્રીયુત સમ્પાદક મહાશય,

શ્રી 'જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ હેરલ્ડ.'

મુંબઇ.

જયજીનેંદ્ર !

હું તમારી પાસેથી અને તમો જે કોમના પ્રતિનિધિ તરીકે એક પત્ર ચલાવવા પાછળ પોતાના કિમતી વખતનો ભોગ આપો છો તે [illegible] પાસેથી એક પ્રશ્નનો—દેખીતા ઘણા સાદા પરન્તુ વસ્તુતઃ ઉંડા આશયવાળા પ્રશ્નને [illegible] ખુલાસો મેળવવાની ઇચ્છાથી તમારા પ્રસિદ્ધ પત્રની થોડીક કિમતી જગા મેળવવાનો [illegible]વાર છું.

પ્રશ્ન આ છે : **લડવું એ ધર્મ છે કે ક્ષમાભાવ રાખવો એ ધર્મ છે ?**

હું પોતે મ્હારો અભિપ્રાય આપવા ખુશી [illegible]યો; પરન્તુ અભિપ્રાયો એકઠા કરવાની ઇચ્છા રાખું છું. 'ક્ષમાભાવ રાખવો એ ધર્મ [illegible] એવો ઉત્તર તમારા તરફથી અને ઘણા-ખરા સ્વધર્મી ભાઇઓ તરફથી આવવા સંભવ [illegible] કારણ કે (તેઓ કહેશે કે) શાસ્ત્ર હમેશ ક્રોધ, માન, માયા ઇત્યાદિને હણવાની જ [illegible]લાહ આપે છે. તમો કહેશો કે ધર્મ તો innocent-નિરૂપદ્રવી—કોઇને લેશ માત્ર [illegible] ન કરે તેવો—કોઇને પણ અને મનથી પણ દુઃખ ન કરે એવો છે. (That is your *Conception* of 'Religion'.) અને છતાં ધર્મની એ પવિત્ર વ્યાખ્યા બોલ [illegible] વખતે તમારૂં જીગર તો એમ જ બોલતું હશે કે : "**નિરૂપદ્રવી** ધર્મના પણ [illegible] માટે તો **ઉપદ્રવનું** જ હથીઆર આવશ્યક છે" !

તમારા વાચકોની સગવડ ખાતર હું ફરી [illegible]શ-વધારે ઘરગતુ ભાષામાં બોલીશ-કે, 'ધર્મ' પોતે નિરૂપદ્રવી છે એમ માનનારાઓ પણ [illegible] ધર્મના બચાવ-રક્ષણ-હયાતી માટેના ઉપદ્રવ (સખ્તાઇ-ક્રોધ-તોફાન-દ્વેષ ઇત્યાદિ અને [illegible] અનિષ્ટ મનાયલાં તત્ત્વો) નો જ ઉપયોગ કરે છે-ખરેખર ઉપયોગ કરે છે. તમારે કાં તો ધર્મની વ્યાખ્યા તમારે બદલી નાખવી પડશે અને તેની નિર્દોષ-નિરૂપદ્રવી ભાવનાને બદલે કાં [illegible] જુદી જ જાતની ભાવના તમારે ગોઠવવી પડશે; **અગર તો,** નિરૂપદ્રવી ધર્મના રક્ષણ [illegible] લેવાતાં ઉપદ્રવી અસ્ત્રશસ્ત્રને વોસીરાવવાં પડશે. એમાંથી **એક** તો જરૂર કરવું પડશે. હાથમાં બરફ રાખવો અને ગરમી ઉત્પન્ન થવાની આશા રાખવી, અગર અગ્નિમાં પગ મૂકીને ઠંડક [illegible] થવાની ઇચ્છા કરવી : એને કોણ શાણપણ કહેશે ?

તમે પૂછશો : "ધર્મને અમે નિરૂપદ્રવી [illegible] અવશ્ય માનીએ છીએ, પણ એ ધર્મના રક્ષણ માટે ઉપદ્રવી અસ્ત્રશસ્ત્ર અમે ક્યહાં વાપરીએ છીએ ?"

મ્હને માફ કરશો, મહાશય ! પણ એમ [illegible] **બને છે;** માત્ર આપના ધર્મમાં જ નહિ, પણ સઘળા ધર્મોના અનુયાયીઓની બાબતમાં લગભગ એમજ બને છે. એક ધર્મની સચ્ચાઇ બીજાઓ પાસે મનાવવા માટે તે બીજાઓના ધર્મ કે ધર્મોની નિંદા કરવાના [illegible]-

યત્નો શું દુનિયામાં થોડા થાય છે?—અને એનું કારણ એ છે કે પોતાના ધર્મની હયાતી **તે સિવાય** રહી શકવાની નથી એમ તે ધર્મના લોકોનું **હૃદય** માને છે (નહિ કે ભેાં; ભેાં તેા **શાન્તિની** અને ક્ષમાની અને દયાની અને નમ્રતાની જ વાતેા ગંભીરતાથી કર્યા કરવાનું!) તેમજ જે દેવને શાન્તિ, ક્ષમા, દયા આદિ સાત્ત્વિક ગુણેાનેા ભંડાર માનવામાં આવે છે તે દેવની ભાવના જે મૂર્ત્તિમાં આક્ષેપવામાં આવે છે **તેવી** મૂર્ત્તિ ખાતર પણ શું આ દુનિયામાં થેાડા લેાકેા પરસ્પર લડતા જોવામાં આવે છે?

કહેા સાહેબ, ક્ષમાના સાગર તરીકેના પ્રભુની 'ભાવના' ક્યહાં રહી અને એ પ્રભુના નામથી કરાતાં પરસ્પરનાં યુદ્ધેા ક્યહાંથી ઘૂસ્યાં? કહેા, કહેા કે શ્વેતામ્બર-દિગમ્બર વચ્ચે શ્રી સમ્મેદશિખર વગેરે તીર્થસ્થળેાને લગતા લાખેાના રૂપીઆનેા ભેાગ લેતાં-યુધ્ધેા કેવી રીતે અને શા માટે ઉદ્ભવ્યાં? શું **ધર્મ** પેાતાના **રક્ષણ** માટે પેાતાના ભક્તેાની **આવી જાતની** મદદની ગરજ ધરાવે છે? શું આપણી-તમારી મદદ વગર પેાતાની મેળે પેાતાના પગ ઉપર ઉભેા રહેવાની શક્તિ 'ધર્મ' તરીકે **નથી** જ? શું આપણે એના રક્ષણ માટે માંહેામાંહે કપાઇ મરીએ અને બલીદાન આપીએ **તેા** જ ધર્મ ટકી શકે છે અને અન્યથા નહિ જ, એમ કહેવા સરખું આપણું આ વર્ત્તન થતું નથી?

મને તેા આ ઝગડાઓ જોઇને અને પ્રજાની ધર્મવિષયક વ્યાખ્યાઓ, માન્યતાઓ અને કાર્યો તપાસવાની અને તપાસને અંતે હસવાની—તેમજ સાથે સાથે રડવાની પણ—પ્રેરણા થાય છે. મેં કુદરતનેા અભ્યાસ કરતાં જોયું છે કે, જે પતિ-પત્ની વચ્ચે એખલાસ નથી હેાતેા તેઓ પણ, એક બાળકના જન્મ પછી, એક-બીજાની ગરજ કરતા કે ચાહતા થાય છે; **બાળક એ બે વ્યક્તિઓને સાંકળનાર તત્ત્વ બને છે.** તેમજ એક બીજું દૃષ્ટાંત: **હિન્દુ-મુસલમાનની** રીતભાત, પેાષાક, બેાલી, ધર્મ, વગેરે સર્વે **ભિન્ન** હેાવા છતાં જ્યારથી હિંદમાં 'હિંદી પ્રજા'ની 'ભાવના' મૂર્ત્તિમાન થવા લાગી ત્યારથી મુસલમાનેા પણ હિંદુઓ સાથે પ્રેમની સાંકળથી જોડાવા લાગ્યા છે. છેલ્લી નેશનલ કૉન્ગ્રેસ વખતે હિન્દુઓને મુસલમાન 'લીગ' તરફથી નાસ્તાપાણીનું આમંત્રણ અને મુસલમાનેાને હિંદુઓ તરફથી આમંત્રણ અપાયું હતું અને દેશના આગેવાન હિન્દુ મુસલમાનેા એક જ ટેબલ પર નાસ્તેા કરવા જેટલે દરજ્જે પ્રીતિભાવ બતાવી ચુકયા હતા. બે **તદ્દન ભિન્ન પ્રકૃતિઓને** આટલી બધી ચુસ્તાઇથી સાંકળનાર—**હસ્તમિલાપ કરાવનાર**—કયું તત્ત્વ હતું? તે માત્ર 'હિંદી પ્રજા' તરીકેની 'ભાવના'—'એક માતાના હવે આપણે પુત્રેા છીએ' એવી 'ભાવના' જ હતી, કે જેણે આ ચમત્કારી બળ ઉત્પન્ન કર્યું.

પરન્તુ, મારી બુદ્ધિ મુંઝાઈ જાય છે કુદરતના અગમ્ય રસ્તાઓ **હમેશ** કાર્ય-કારણના લૉજીકને અનુસરતા જ નથી હેાતા. અણબનાવવાળા દંપતીનું જોડાણ કરનાર 'બાળક' તથા ભિન્નપ્રકૃતિ **હિંદુ-મુસલમાનને** દોસ્ત બનાવનાર 'હિંદી પ્રજા'ની ભાવના: એ બે કરતાં પણ **વધારે** તાકાદવાળું સૈયારૂં તત્ત્વ આપણે જૈનેા ધરાવીએ છીએ **તે છતાં** આપણા વચ્ચે એ જોડાણ—એ પ્રેમ—એ એકતાને બદલે પરસ્પર દ્વેષ અને વૈરભાવ **ક્યાંથી** આવે છે? સૈયારા દેવ **મહાવીર**, સૈયારી કર્મ **ફીલસુફી**, સૈયારી **દયામય** નીતિ સૈયારેા **દેશ**, સૈયારી **ભાષા**, સૈયારા **રીવાજો**, સૈયારા **સ્વાર્થો**—સઘળું સૈયારૂં, અને તે **છતાં** આપણા વચ્ચે પરસ્પર એખલાસ ન મળે એ **કેવી રીતે** બને છે? કુદરત·

ના અગમ્ય રસ્તાઓનો ખુલાસો (interpretation) આપવા મ્હારી હિમત ચાલતી નથી. અને એટલા જ માટે હું તમ્હો વિદ્વાન બન્ધુને તથા તમ્હે જે કોમના પ્રતિનિધિઓમાંના એક તરીકે કામ કરો છો તે કોમના અન્યાન્ય સજ્જનો પાસેથી જાણવા ઇચ્છું છું કે, શું તમ્હે 'દ્વેષ'ની ભાવના મનુષ્યમાં ક્ષમા શાન્તિ આદિ સાત્વિક ગુણો ઉત્પન્ન કરવા અને તે ગુણોને પુષ્ટિ આપવાના આશયથી 'રચો' છો ? —તો કૃપા કરી એ ભાવનાને નિર્મળ-નિષ્કલંક રહેવા દો અને એવા ગુણો જેમાં આરોપ્યા છે તેવી મૂર્ત્તિ નિમિત્તે ક્લેશ, વૈર, ક્રોધ આદિ તામસી પ્રકૃતિઓને આમંત્રણ આપવા જેવી પ્રવૃત્તિને રોકો, કૃપા કરી રોકો, બીજા કોઇની ખાતર નહિ તો એ 'ભાવના'ની પવિત્રતા જળવાઇ રહે તે ખાતર પણ રોકો.

શું તમ્હે 'ધર્મ'ની ભાવના, ભિન્નભિન્ન ખાસીઅતો અને પ્રકૃતિઓના એકીકરણ માટે અને જૂદીજૂદી ગુફાઓમાં—એકબીજાથી ડરીને-અલગ અલગ પડી રહેતા મનુષ્યોને એક 'સમાજ' રૂપે રહેતા કરવા—એકબીજાથી ડરવાને બદલે એકબીજાની હુંફ રૂપ બનવાનું શીખવવા અને એક-બીજાનાં સુખદુઃખમાં ભાગ લેતા બનાવવાના આશયથી જ ખરેખર યોજી છે ?—તો કૃપા કરી એ ભાવનાને એકબીજાના **સામે** વપરાતું હથીયાર ન બનાવો, એકબીજાને **જુદા** પાડનાર 'અખાત' ન બનાવો, એકબીજાને **શત્રુ** માની જંગલી જમાનાની માફક પોતપોતાની એ રીતની ગુફાઓમાં પુનઃ ભરાઇ જવાની પ્રેરણા કરનારૂં **ભયાનક તત્ત્વ** ન બનાવો.

શું તમ્હે **'सर्वं जीवकरं शासनरसी'** અથવા **'નીતિ'**ની ભાવના એક (એટલે સૈયારૂં) 'શાસન' (Kingdom—સમાજ—રાજ્ય) સ્થાપવાના ધરાદાથી ઉત્પન્ન કરી નહોતી ?—**અને તોપછી, તમ્હારા 'શાસન' બહારના** મનુષ્યોને તમ્હારા 'શાસન'**ની અંદર** ખેંચી તમ્હારૂં રાજ્ય બલવાન અને વિસ્તારવાળું કરવાને બદલે તમ્હારા 'શાસન'માં જેઓ છે તેમને પણ અલગ કરવા જેવી પ્રવૃત્તિથી—તે શાસનના સ્થાપક મહાગુરૂના પાવત્ર નામ ખાતર પણ—શરમાતાં શિખો.

***

સમ્પાદક મહાશય ! તમ્હે કદાપિ મ્હારી પ્રશ્નપરંપરાથી કંટાળ્યા હશો; પણ હું દીલગીર છું કે હું તમ્હને આટલેથી જતા કરી શકું તેમ નથી. કંટાળ્યા ?! **પ્રશ્ન**પર પરાથી જ કંટાળ્યા ?! હું કેમ માનું ? ભાઇઓ ભાઇઓથી લડતાં તો જેઓ વર્ષો સુધી ન કંટાળ્યા **તેઓ** માત્ર બેચાર પ્રશ્નથી કંટાળે ? નહિ, સાહેબ; હું ઇચ્છું છું કે તમ્હે ખરે પ્રસંગે કંટાળવા જેટલા ભલા હોત તો કેવું સારૂં ? જે હૃદયો લડાઇથી કઠણ બનેલાં છે તેમને માત્ર બેચાર પ્રશ્નોનાં શરથી વીંધી શકાતાં નથી; અને મ્હને પણ તમ્હારી યાલુ લડાઇઓ જોઇ જોઇને શર વાપરવાનું ભૂત ભરાઇ આવ્યું છે (એ જો 'દોષ' હોય તો તેના શિક્ષક તમ્હે જ છો, માટે તે તમ્હારે શિર છે !) અને તેથી હું હજી થોડા વધારે પ્રશ્નો ફેંકવાની લાલચને દાબી શકતો નથી.

હું પૂછીશ, અને આગ્રહથી પૂછીશ, કે—

શું તમ્હે દેશહિતના **ભોગે** 'વ્યવહાર' ધર્મનું રક્ષણ ઇચ્છતા નથી ?

શું તમ્હે સમાજબળના **ભોગે** 'વ્યવહાર' ધર્મનું રક્ષણ ઇચ્છતા નથી ?

શું તમે પ્રચલિત નીતિના ભોગે 'વ્યવહાર' ધર્મનું રક્ષણ ઇચ્છતા નથી ?

અને

શું તમે "નિશ્ચય'ને લક્ષબિંદુ માનીને 'વ્યવહાર' સેવવો" એવા શાસ્ત્રવચનનો દુરુપયોગ કરતા નથી ?

શું તમે ધર્મીપણાનો દેખાવ કરવામાં જ ધર્મીપણાની ગેરહાજરી સાબીત કરતા નથી?

શું તમે બળવાનપણું બતાવવા ખાતર કરાતા યુદ્ધ દ્વારા જ ધાર્મિક નિર્બળતા જાહેર પાડતા નથી ?

શું તમે—

પણ અહીં હું થોભીશ; કારણ કે આ બધા પ્રશ્નો હું તમને કેવી રીતે લાગુ પાડું છું તે તમે મને પૂછ્યા વગર નહિ જ રહો એ હું જાણું છું...હું ખુલાસો કરીશ.

કૃપા કરી આ દુઃખી કમનશીબ આર્યાવર્ત તરફ દૃષ્ટિ કરો. તમારાં શાસ્ત્રો જે આર્યદેશને અધ્યાત્મ જ્ઞાનના ભંડાર તરીકે, લક્ષ્મીદેવીના નિવાસ તરીકે, ક્ષત્રિય જુરસાની જન્મભૂમિ તરીકે, જમીન, પાણી અને આસમાન પર વિજય મેળવનાર વિદ્યાઓના પાયતખ્ત તરીકે, સ્વતંત્રતાની દેવી તરીકે ગાઇ બતાવ્યો છે તે દેશની–તે આર્યાવર્તના આજની સ્થિતિનું, દાદાભાઇ નવરોજી કે એનીબીસાંટના મુખથી કે કલમથી થતું વર્ણન શું તમે સાંભળ્યું કે વાંચ્યું નથી ? કમકમાટી ઉપજે એટલી એની ગરીબાઇ, નબળાઇ, બીમારી, બુદ્ધિમંદતા, જડતા, નિર્માલ્યતા, ઉત્પાદક શક્તિઓ અને ઉત્પાદક સાધનોનો ક્ષય, ઇત્યાદિ તમે શું જાણતા નથી ? આ સઘળું કરોડો માણસોમાં ચહોંટી ગયેલું ભૂત દૂર કરવા માટે કેટલાક 'દેવો'એ ભગીરથ પ્રયાસ આદર્યો છે એ તમે શું જાણવાની દરકાર કરતા નથી ? એ દેવો હિંદમાતાને પુનઃ જાહોજલાલીવાળી ભૂમિ બનાવવા માટે જે જીવલેણ મહેનત કરી રહ્યા છે તેમાં શામેલ થવા તમને—ઈશ્વર અને સર્વને તેઓ પોકારી રહ્યા છે, છતાં એ પોકાર તરફ શું તમે હમેશ બહેરા કાન જ કર્યા કરશો ? તેઓ ગર્જના કરીને કહી રહ્યા છે કે, અમારા દેશને આબાદ કરવા માટે પ્રથમ ઐક્ય જોઇએ છે અને ઐક્યબળથી પછી અમારે નિરૂદ્યમતા અને અજ્ઞાનતાને આ દેશમાંથી હાંકી કહાડવી છે. તમે એ 'દેવો'ની અપીલ સાંભળવા હજી સુધી કાનાં તૈયાર થયા છો ? જરાસરખા પૂજનવિધિના તફાવત માટે તમે તો લડવા–ઝગડવા તૈયાર થાઓ છો. 'મિથ્યાત્વ'ની વિચિત્ર વ્યાખ્યાઓને પકડી લઇ તમારા સિવાયના આખા દેશને મિથ્યાત્વી માની તેઓથી દૂર રહેવાનો ઉપદેશ થવા દો છો, દેશની વાતોને વેગળી રાખી અહોરાત્રિ માત્ર એક ફીરકાની જ–રે એક ફીરકાના પણ એક પેટાવર્ગની જ વાતોમાં મશગુલ રહો છોઃ કહો હવે હિંદમાતાનો ઉદ્ધાર કરવા મથતા 'દેવો' તમારે માટે શું ધારશે ?

પૂજન એ **વ્યવહારધર્મ** છે, નિશ્ચયધર્મ નથી, એમ તો તમે કબુલ કરોછો; અને તો છતાં **અમુક** પ્રકારના પૂજન ખાતર જૂદી રીતે પૂજન કરનાર સાથે લડવામાં તમારા કિમતી સમયનો અને દેશને વિદ્યા–કળામાં આગળ વધારવામાં જે લક્ષ્મીની જરૂર છે તે લક્ષ્મીનો વ્યય કરી નાખો છો. **પૂજન કરો**, ખુશીથી અને ઉત્સાહથી તમારી **પોતાની** જ રીતે પૂજન કરો અને તે **પૂજનમાંથી પૂજ્ય તત્ત્વનું બલ અને જ્ઞાન અને ચારિત્ર સંપાદન કરી બલવાન બનો**, પણ પૂજનવિધિને પરસ્પરના બલનું બલીદાન કરાવનાર

તત્ત્વ ન બનાવો **એ જ મહારી પ્રાર્થના** છે. શ્વેતામ્બર દિગમ્બર બન્નેની પૂજનવિધિ કાયમ રહેવા પામે અને બન્ને પોતપોતાની રીતથી પોતાના સામાન્ય દેવની પૂજા કરી શકે એવી રીતે સઘળાં પવિત્ર તીર્થોને શું તમે બન્ને માટે ખુલ્લાં મૂકવાની યોજના ન કરી શકો ? કોઇ સ્થળે એક જ મંદીરમાં બન્ને પૂજા કરી શકે, કોઇ સ્થળે બન્ને માટે અલગ અલગ મંદિરોની વ્યવસ્થા કરવામાં આવે, કોઇ સ્થળે બીજી કોઇ ગોઠવણ **બન્ને ફીરકા મળીને** કરે, એવી રીતે શું પરસ્પરમાં **વિશ્વાસ પ્રેમ અને ઐક્ય** ઉત્પન્ન ન જ કરી શકાય ? અને જો કોઇ પણ રસ્તો ન કહાડી શકો તો એનો અર્થ શું એવો નથી થતો કે જે દેશ અત્યારે ઐક્યની પૂરેપૂરી ગરજ ધરાવે છે તે **દેશના હિતના ભોગે** જ તમે બન્ને ફીરકાઓ પોતપોતાના 'વ્યવહાર'નું રક્ષણ કરવા માગો છો ? અને એ વર્ત્તનથી શું પ્રચલિત 'નીતિ'નો પણ ભંગ થતો નથી ? દેખલાકને સાચા-જૂઠા પુરાવા પણ ઉભા કરવા પડતા હશે, બીજા અન્યાય સેવવા પડતા હશે, ધર્મનું **નામ** દઇને ટંટાનું નામ કરવા માટે પૈસા ઉધરાવવાનું પાપ વહોરવું પડતું હશે, એકબીજા પક્ષનું અશ્રેય ઇચ્છવામાં આવતું હશે અને તેથી જૈનધર્મના **પાયા** રૂપ ચાર **ભાવનાઓનું** ખૂન થતું હશે: એ સર્વ શું નીતિ, ધર્મ, સમાજ, નેશન ઇત્યાદિ ભાવનાઓને બાધાકારક નથી ?

મ્હને આશ્ચર્ય થાય છે: **યુરપનું** મહાભારત યુદ્ધ શરૂ થયું એવામાં તમારામાંના ઘણાએ સભાઓ કરીને પુનઃ શાન્તિ પ્રસરો એવી પ્રાર્થનાઓ કરી હતી, એ વાત મ્હને યાદ આવ્યા વગર રહેતી નથી. જે યુદ્ધ ઓલવવામાં તમારો હાથ પહોંચી શકે તેમ નથી એટલા દૂરના યુદ્ધની શાન્તિ ઇચ્છવા એકઠા થનાર તમે જૈનો, **પોતાની વચ્ચે** યુદ્ધની આગ સળગી રહી છે તેને ઓલવવા માટે એક દિવસ પણ પ્રાર્થના કરી નથી કે એક દિવસ પણ એકઠા મળ્યા નથી; આ તે કઇ જાતનો તમારો 'વ્યવહાર' ? કઇ જાતની 'ધર્મ'ની વ્યાખ્યા ? કાં તો સ્વીકારો કે યુદ્ધ એ જ ઇચ્છનીય છે અને યુદ્ધથી શક્તિઓ ખીલે છે, અને એવી માન્યતા સ્વીકારીને યુદ્ધકલા શિખો તથા યુદ્ધ કરવા માટે જોઇતું શરીરબળ કેળવો; અને કાં તો યુદ્ધ એ પાપ છે એમ માની તેથી દૂર રહો. પણ બીજાના યુદ્ધને પાપ માની પોતાના યુદ્ધને વળગી રહેવામાં તો ખરેખરા એ મ્હોંવાળા જ ઠરીએ !

બાળલગ્નાદિથી બળ ઘટી ગયું છે એમ બાવડે બૂમ પાડીએ છીએ, પણ કન્યાવ્યવહારની વિસ્તૃત સગવડ વગર બાળલગ્ન, કજોડા કન્યાવિક્રય વગેરે અધર્મો દૂર થઇ શકે જ નહિ. કન્યાવ્યવહારની વિસ્તૃત સગવડ થવાને બાડાના ભેદો અને દશા—વિશા આદિ ભેદો વચ્ચે આવે છે. જ્યહાં સુધી એકંદર જૈન સમાજ પોતાના ક્રિયાકાંડને વળગી રહેવા છતાં બીજાના ક્રિયાકાંડ તરફ સહિષ્ણુતા ધરાવે નહિ, પરસ્પર પ્રેમભાવ, ઐક્ય, કન્યાવ્યવહાર અને Co-operation કરતો થાય નહિ ત્યાં સુધી હજારો-લાખો બદીઓ, સામાજિક કુરીતિઓ, નિર્બળતા અને અજ્ઞાનતા જઇ શકે જ નહિ—**કોઇ કાળે હડી શકે નહિ.** જ્યહાં સુધી **મૂળ** છે ત્યહાંસુધી **ડાળી પાંદડાંનો સદંતર નાશ** થવાની આશા રાખવી **વ્યર્થ** છે. સમાજબળનો બધો આધાર એકતા ઉપર છે. અને એકતા શ્વેતામ્બર દિગમ્બરના **'નિશ્ચય' ધર્મને** તો કોઇ રીતે બાધક નથી, તેમ 'વ્યવહાર' ધર્મમાં પણ જો મતસહિષ્ણુતા જાળવતાં શિખાય તો તેને પણ બાધક નથી.

સમ્પાદક મહાશય ! હવે હું થોડામાં તમારી આ સઘળી દલીલો અને પ્રશ્નો અને સૂચનાઓ માત્ર તમારા પ્રત્યે કે શ્વેતામ્બર મૂર્તિપૂજક સમાજ પ્રત્યે જ છે એમ

નથી, તે સમસ્ત જૈન પ્રજા પ્રત્યે છે; અને તે સર્વ પ્રશ્નો અને દલીલો તથા સૂચનાઓનો આશય માત્ર એટલું જ કહેવા પૂરતો છે કે, પવિત્ર જૈન ધર્મની કીર્તિ ખાતર, જૈનસમાજના બળ ખાતર, અને હિંદના હિત ખાતર

જૈનોના તમામ ઝઘડા દૂર કરી ઐક્યબલ વધારવા તરફ લક્ષ આપો.

અને આ વિનંતિ હું અત્યારે આટલા આગ્રહથી કરું છું એનું પણ કારણ છે, જે એ છે કે, સમેદશિખર વગેરે તીર્થોને લગતા શ્વેતામ્બર-દિગમ્બર વચ્ચે ચાલતા કેસને બદલે ધરમંજે ઇનસાફ મેળવી ઐક્ય કરવાના મ્હારા નવા ઉપાડેલા મિશનને હું જૈન સમાજની દૃષ્ટિ આગળ ધરવા માગું છું. સૌથી વધારે માનભર્યો રસ્તો તો એ છે કે, કોઇને પણ વચ્ચે નાખ્યા સિવાય વાદી-પ્રતિવાદી અને તેમના સ્વધર્મીઓ પોતે જ સાથે મળીને રસ્તો કહાડે. પણ તેમ બનવું મુશ્કેલ હોવાથી, હું એવી સૂચના રજુ કરું છું કે, દેશના માનવંતા અને કાયદાકાનુનના અનુભવી અગ્રેસરો પૈકીના એક કે વધારે સજ્જનોને બન્ને પક્ષ તરફથી પસંદ કરીને તેમની પાસેથી ઇનસાફ મેળવવો.

મ્હારી આ અપીલને શ્વેતામ્બર-દિગમ્બર બન્ને પક્ષના મ્હોટા મ્હોટા શ્રીમંત શેઠીઆઓ, તેમજ ઉંચી કેળવણી પામેલા વિદ્વાનોએ પોતાની બહાલી અને સમ્મતિ તથા સહી આપીને ટેકો કર્યો છે, જે માટે હું તે સર્વ મહાશયોનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું. તેવી જ રીતે શેઠીઆ તેમજ કેળવાયલા વર્ગના બીજા ગૃહસ્થો પણ પોતપોતાની સમ્મતિ મોકલી આપે એમ મ્હારી પ્રાર્થના છે. વિચારવાતાવરણના ફેલાવા માટે ઘણી વ્યક્તિઓની સમ્મતિ જરૂરની છે.

માત્ર સહીઓ લઇને જ બેસી રહેવાનું બન્યું નથી. પક્ષકારો તથા તેમને કેસમાં આર્થિક સહાય આપનાર ગૃહસ્થોની ખાનગી મુલાકાતો લેવાનું કામ પણ ચાલે જ છે. આ કામમાં મ્હને કેટલીક નહિ ધારેલી એવી સારી સફળતા પણ પ્રાપ્ત થઇ છે, કે જે જાહેરમાં મુકવાનો સમય હજી આવી લાગ્યો નથી. પરિણામ ગમે તે આવો, એ બાબતની મ્હને ચિંતા નથી. મિશન ફતેહમંદ થાય તો તો ચોખ્ખો લાભ જ છે; અને મિશન નિષ્ફલ જાય તો પણ એટલે દરજ્જે લોકમત કેળવાયો અને ઐક્યની જરૂર લોકોમાં ઠસવા પાછી એ પણ ઓછો લાભ નથી. નિષ્ફળતા થશે તો એનો અર્થ એક જ થશે અને તે એ કે, અમારા સુશિક્ષિત વર્ગે આ જરૂરી દેશહિત અને સમાજહિતના કામમાં પોતાનું પુરેપુરૂં બળ ધીર્યું નહિ તેથી જ તેને પુરતી ફતેહ મળી નહિ. 'મિશન' ગુન્હેગાર નથી, મિશનરી પણ ગુન્હેગાર નથી, પણ મિશનને જોઇતું બળ ધીરનારા પોતાનું કર્ત્તવ્ય બજાવવાથી દૂર રહ્યા એ જ દોષ લોકોની નજરે આવશે, અને હવે પછીના દરેક મિશનમાં વધારે દુરંદેશી અને વધારે ઐક્યથી કામ કરવાની રીત લોકો શિખશે.

આ દેખીતા શુભ કામમાં પણ કેટલાક કેળવાયલાઓ મદદ કરવાને બદલે પત્થર નાખતા જોવામાં આવ્યા છે: તેઓ પૈકીના કેટલાક ધર્માંધપણાને લીધે સુલેહના શત્રુ બને છે, કેટલાક એમ કહે છે કે અમુક વ્યક્તિ આ યશ ખાટી જાય એ અમારા જોવાથી કેમ ખમી શકાય ?, કેટલાકને મનમાં એ બળતરા છે કે ઝગડા ચાલુ રહેશે તો જ અમારો ભાવ પૂછાશે (કદાચ અમને પ્રીએો પણ મળશે) અને ઝગડા બંધ થશે તો અમારી ગરજ કે જરૂર કોઇને નહિ રહે !.....આમાંના પહેલા અને ત્રીજા પ્રકારના વાંધાવાળાઓને ફાંધ

જવાબ આપવાની જરૂર જેવું નથી. બીજા નંબરના વાંધાવાળાને કહીશ કે, આ પ્રયત્ન કરનાર વાહવાહની દરકાર કરે એવો બાળક નથી. તમે જેને 'યશ' કહો છો તે કોઇ કિમતી ચીજ હોય એમ તે માનતો જ નથી. આજે જે માણસને લોકો 'વાહવાહ' કરે છે, તેને કાલે જ કાંઇ બનાવ બનતાં ખાસડાં મારવા પણ તેઓ ચુકતા નથી, એવો જનસ્વભાવ આખી દુનિયામાં અને સર્વ કાળમાં જોવામાં આવ્યો છે, એ વાત આ લખનારથી અજાણી નથી, અને તેથી તે યશને માટે મરી પડે તેવો નથી જ. તેમ છતાં દલીલની ખાતર માની પણ લ્યો કે તે યશને માટે કામ કરે છે, તો પણ તમને શું ખબર નથી કે 'જશ જતન-ગરો છે'? 'ભાથું મુકે તે જ માલ કહાડે છે' એટલું એ તમને ભાન નથી શું?' મિશન ને અંગે મુસાફરી અને મુલાકાતો અને પૅમ્ફલેટો વગેરે પાછળ શરીરબળ, દ્રવ્ય, સમય ઇત્યાદિ-નો વ્યય થયા વગર કામ બની શકતું જ નથી એટલું કબુલ કરો અને તમને જો યશ ખાતર જ આ કામ થતું હોય એવો જ્હેમ હોય તો ખુશીથી તમારામાંના કોઇ એ જોગ આપવા માટે નીકળી આવો અને કામ ઉપાડી લ્યો; તમારો આભાર માનવામાં આવશે અને તમારા દાસ તરીકે આ લખનાર કામ કરવા તૈયાર રહેશે. જે જોઇએ છે તે માત્ર ઐક્યબલ અને સુલેહ છે; તે કોના હાથે મળે છે એ જોવાનું કાંઇ કામ નથી. કોઇ શ્વેતામ્બર મૂર્ત્તિપૂજક જૈનના હાથથી આ કામ ઉપાડવામાં આવ્યું હોત તો કદાચ દિ-ગમ્બર જૈનો એમ પણ કહેત કે એ પક્ષ હારવા જેવો થયો **તેથી** સમાધાનીની ખટપટ કરે છે; તેમ જ કોઇ દિગમ્બરે આ મિશન ઉપાડ્યું હોત તો કદાચ શ્વેતામ્બર મૂર્ત્તિપૂજક વર્ગ એવું કાંઇ બોલત. તેથી શ્વેતામ્બર મૂર્ત્તિપૂજક કે દિગમ્બર તરીકે નહિ જન્મેલો અને તે છતાં બધામાં સરખો રસ લેનારો એવો કોઇ–અવિભક્ત જૈન સમાજની ભાવનાવાળો–જૈન જ આ કામ ઉઠાવે તો એમાં કોઇને શંકા લઇ જવાનું કારણ ન મળે અને જૈન સમાજને માટે અજૈને વચ્ચે પડીને કામ સુધારી આપ્યું એમ પણ કહેવામાં ન આવે. હું ધારૂં છું કે આટલા ઉત્તરથી, બીજા નંબરના વાંધાવાળા ભાઇઓને સંતોષ મળશે.

છેવટની વિનંતિ.

બીજા જરૂરી રસ્તે જે કાંઇ પ્રવૃત્તિ કરવી જોઇએ તે તો ચાલ્યા કરે છે અને ચાલ્યા કરશે; પણ તે સાથે જ લોકમત કેળવવાની પણ જરૂર હોવાથી દરેક સ્થળના આગેવાન મહાશયો તેમજ કેળવાયલા ગૃહસ્થો પ્રત્યે મ્હારી વિનંતિ છે કે:—

(૧) આપનો અંગત અભિપ્રાય પોષ્ટદ્વારા (નીચેને શિરનામે) લખી મોકલવા કૃપા કરશો.

(૨) આપના ગામ કે શહેરમાં આપના સંપ્રદાયના અનુયાયીઓની સભા કરીને શ્રી સમેતશિખર વગેરે તીર્થસ્થળોના વાંધા પંચ મારફત ચુકાય એવી હરકોઇ વ્યવસ્થા કરવાની જે અપીલ હાલમાં જૈન પબ્લીકને કરવામાં આવી છે તે તરફ તે સભાજનોની સમ્મતિ છે એ મતલબનો ઠરાવ કરી, તે ઠરાવની નકલ નીચે સહી કરનારને મોકલી આપવા કૃપા કરશો. (સભામાં કોઇપણ સંપ્રદાયનો દોષ બતાવવા કે આગેવાનોનો દોષ બતાવવા સિવાય જ માત્ર મુદ્દાસરની બાબતો પર બોલવામાં આવે અને સુલેહ તથા ઐક્યબળના વિચારો ફેલાવવામાં આવે એટલું ધ્યાનમાં રાખવાની ખાસ વિનંતિ છે.)

(૩) જૈન પેપરો તેમજ અન્ય પેપરો દ્વારા આ મિશનને પુષ્ટિ મળે એવા લેખો જેઓ લખી શકે તેઓએ તેમ કરવા પણ કૃપા કરવી.

સમસ્ત જૈન સંઘમાં મતસહિષ્ણુતા, ભ્રાતૃભાવ, ઐક્યબળ, જ્ઞાનબળ અને શૌર્ય ઉત્પન્ન થાઓ અને એ ગુણોથી શોભતું જૈનશાસન સમગ્ર દુનિયાપર જયવન્તુ થાઓ, એવી ભાવના સાથે.

૨૫૩, નાગદેવી સ્ટ્રીટ
મુંબઇ.
(તાર શિરનામું:—Brass.)

હું છું
આવભક્ત જૈન કુટુમ્બનો સભ્ય અને (તેથી) તમારો બંધુ
વાડીલાલ મોતીલાલ શાહ.

લૉર્ડ બેકનની જૈનો પ્રત્યે સલાહ.

જબરજસ્ત વિચારક લૉર્ડ બેકન તો કયારનોએ કબરમાં પહોંચી ગયો છે, પરન્તુ એકજ ધર્મના અનુયાયીઓ વચ્ચેની શાન્ત તથા કલેષમય સ્થિતિઓના સંબંધમાં તેણે લખેલા વિચારો જૈનોને આજે અત્યંત હિતકારી સલાહ રૂપે થઇ પડે તેવા હોવાથી આ નીચે ટાંકયા છે. તે કહે છેઃ એકજ ધર્મને માનનારાઓ વચ્ચે ગાળાગાળી કે મારામારી થાય તો તેની અસર બે પ્રકારે થાય છે. એક તો તે ધર્મની બહારના મનુષ્યો ઉપર થતી અસર, અને બીજી તે ધર્મના અનુયાયીઓ પર થતી અસરઃ (૧) એકબીજાની નિંદા કરતા, એકબીજાની પૂજનવિધિઓને અસત્ય ઠરાવતા એક ધર્મના લોકોને જોવાથી બહારનાઓ તે ધર્મ પરત્વે ખોટો મત બાંધવા લલચાય છે (૨) તે ધર્મને માનનારાઓ વચ્ચે નિંદા, કજીઆ આદિ ચાલવાથી તેઓની શાન્તિ, પ્રગતિ અને બળને ખલેલ પહોંચે છે.

બેકન જો ખરો હોય તો, અને જૈનોને જો પોતાની પ્રતિદિન ઘટતી જતી સંખ્યાને વધારવી જ હોય તો, અંદરોઅંદરના ટંટા, કોર્ટના ઝગડા, નિંદાત્મક ચર્ચા અને માલ વગરના લોકભાવને છોડી ઐક્યબળ કરવું જોઇએ છે, કે જેથી જૈનસમાજની અંદરની સ્થિતિ મજબુત થાય અને બહારનાઓ તે ધર્મ તરફ આકર્ષાઇ તેમાં ભળવા લાગે.

V. M. Shah.

તંત્રીની નોંધ.

૧.

જૈન ઇતિહાસની પ્રગતિ—જાણીને આનંદ થાય છે કે, મુનિ મહારાજ શ્રી વિદ્યાવિજયજી કે જે ઐતિહાસિક સાહિત્યમાં ઘણો રસ લઇ તે સંબંધી દેવકુલપાટક વગેરે અનેક લેખો લખતા રહે છે તેમના તરફથી અગર તેમના નિમિત્તથી ત્રણ પુસ્તકો બહાર પડનાર છે. તેનાં નામઃ—

વિજયતિલકસૂરિરાસ—કર્ત્તા પં. દર્શનવિજય, આમાં વિજયતિલક સૂરિ અને વિજયાનંદ સૂરિનાં જીવનવૃત્તાંત છે કે જે કર્ત્તા તેમના સમકાલિન હોવાથી વધારે વિશ્વાસનીય ગણાશે. આ ઉપરાંત વિજયદાન સૂરિથી વિજયદેવસૂરિ સુધીના આચાર્યોની હકીકત, ધર્મસાગર ઉપાધ્યાયના પુસ્તક ઉપર મતભેદ, આણંદસૂર શાખાની હકીકત વગેરે મળી શકશે. પ્રત પણ કર્ત્તાની સ્વલિખિત મળી આવી છે તેથી આ રાસ ઘણો મહત્ત્વનો થશે. જો પ્રસ્તાવના ટુંકસાર, તે સમયની રાજકીય સાંસારિક સ્થિતિ-જૈન સમાજની હાલત.-ગચ્છભેદો—વગેરે હકીકતથી પૂર્ણ લખવામાં આવશે તો આ સુંદર રાસનું ઐતિહાસિક માહાત્મ્ય વધશે.

ઐતિહાસિક રાસ સંગ્રહ—આમાં કાયર વ્યવહારી રાસ, રસ રત્ન રાસ, સુમતિ સાધુ સૂરિનો વિવાહલો, ભીમ ચોપાઇ, ખેમા દેદાણીઆનો રાસ વગેરેનો સમાવેશ થશે.

તેથી પહેલાંના શ્રાવકો અને સાધુઓએ સાશન પ્રભાવનાનાં કેવાં કેવાં કાર્ય કર્યા છે તેનો ખ્યાલ આવી શકશે. આવો સંગ્રહ જૈન ઐતિહાસિક ગૂર્જરકાવ્ય સંચય મુનિમહારાજ શ્રી જિનવિજયજી પણ પ્રકટ કરવાના છે, તેથી ભિન્ન હશે, આમ બંને સંગ્રહ પ્રસિદ્ધ થશે તેથી ઘણો લાભ સમાજને થશે.

ઐતિહાસિક સઝાયમાલા—આમાં પણ જૂદા જૂદા આચાર્યો—મુનિવરોની ગહુંળી (ગુરૂસ્તુતિ) રૂપે બનાવેલી સઝાયનો સમાવેશ કરવામાં આવશે.

યશોભદ્ર સૂરિરાસ—રચનાર કવિવર્ય શ્રી લાવણ્યસમય ગણિ, તેમણે વિમલપ્રબંધ રચેલો છે, તે વિદ્વાન રા. મણિલાલ બકોરભાઇ વ્યાસ તરફથી શોધિત થઇ બહાર પડેલો છે. આ રાસમાં સંડેર ગચ્છના યશોભદ્રસૂરિ ઓહરૂષિ અને બલભદ્ર ઋષિનાં વૃત્તાંતો છે.

આ શિવાય બીજા પણ ઐતિહાસિક પુસ્તકો તથા પ્રાચીન સ્તવન સંગ્રહ વગેરે ક્રમશઃ છપાવાનાં છે એ જાણી પરમ પ્રમોદ થાય છે.

વડોદરામાં રા. ચિમનલાલ ડાહ્યાભાઇ દલાલ એમ. એ. એ મહામંત્રી વસ્તુપાલ રચિત નરનારાયણાનંદ કાવ્ય છપાવ્યું છે અને તેમાં આબુગિરિમાં કોરેલી વસ્તુપાલની મૂર્ત્તિનો બ્લોક પણ મૂકવામાં આવશે. આ ગ્રંથ થોડા વખતમાં પ્રકટ થશે. આ માટે રા. દલાલને ધન્યવાદ આપીએ છીએ.

કાગડાઓને શું શાંતિથી રહેવાનો હક નથી ? બ્રહ્મદેશનો ટાઇમ્સ ઑફ ઇંડિઆનો ખબરપત્રી જે જણાવે છે તે તેના ૨૮ મી જુલાઇ ૨૬ ના અંકમાં પ્રગટ થયેલ છે. એમાં જૈનોના સંબંધમાં જે કંઇ જણાવેલું છે તે જાણ માટે ઉપયોગી હોવાથી અહીં તેનો ઉતારો મૂકીએ છીએઃ—

The Crow and his Friends.

One might possibly think that the manners of the crow would have alienated the most tolerant of men brought into daily contact with him. But he has found friends amongst the Jains and Hindus of Mogul Street, who have petitioned the President of the Municipality against the destruction of nests and nestlings. In their memorial they assert that "the Jains abstain from killing even bugs and mosquitoes.....The crows are set crying in wholesale and your petitioners are provoked and get discontented and can hardly attend to their business in a cool and calm mood.....The very constitution of the Jains and Hindus is such that they cannot bear the sight of any crows being disturbed". This interpretation of the command "Thou shalt not kill" is a capital illustration of the tendency of religion to degenerate into ritual. It raises the question how far any man is entitled to force his religious prejudices on the rest of the community. Less than

twenty years ago the Government of India refused to enforce plague rules at the risk of Serious disturbance, choosing the lesser of two evils. In England an adult Christian Scientist may decline medical aid and die in his own way: but if he refuses to summon the doctor to his children and they die, he is held guilty of man-slaughter. It is quite unreasonable for any section of society to demand respect for ritual observances which endanger the public health, and a man who insists on toleration for bugs, mosquitoes, plague rats and crows ought to be plainly warned that he must either waive his objections to sanitation or retire to the jungle. Meanwhile the Rangoon Municipality has agreed to spare the crows of the Mogul Street, and sensible men will echo the hope of the President that the crows, recognising who their friends are, will go and live with them.

ભાવાર્થ—કોઇ એમ ધારે કે ગમે તેવો સહનશીલતાવાળો માણસ હોય તે કાગડાનો હમેશનો રંજાડ અનુભવ્યા પછી તેનો પક્ષ કરે નહિ, પણ રંગુનની મોગલ શેરીમાં આવેલા જૈનો અને હિંદુઓ તેના મિત્રો થયા છે અને મિત્રતરીકે મ્યુનિસિપાલીટીના પ્રમુખને કાગડાના માળાઓના નાશ વિરૂદ્ધ અરજી કરી છે. તેઓના તે મેમોરિયલમાં તેઓ ભાર મુકી જણાવે છે "જૈનો માંકડ અને મચ્છરોને પણ મારી નાંખવાથી દૂર રહે છે..... બધા કાગડાઓને ઉડાડી નાંખવાથી કાકા કરતા એવા જાય છે કે તમારા અરજદારો ઉશ્કેરાય છે અને અસંતોષ પામે છે અને શાંત અને સ્થિર સ્વભાવે તેઓના ધંધામાં ધ્યાન માગ્યેજ આપી શકે છે.....જૈનો અને હિંદુઓનું બંધારણ જ એવું છે કે કોઇ કાગડાઓને હેરાન કરવાનો દેખાવ પણ તેઓ સહન કરી શકતા નથી. 'તું વધ કરીશ નહિ' એ શાસન-ફરમાનનો આવો અર્થ એ ધર્મને વિધિ વાદમાં ઉતારી પાડવાની વલણનો એક મહાન્ દાખલો છે. આમાં સવાલ એ ઉપસ્થિત થાય છે કે કોઇપણ માણસ પોતાની ધાર્મિક અંધમાન્યતાઓ અન્ય સમાજ પાસે કેટલી હદસુધી પરાણે પળાવી શકે ? લગભગ વીસેક વર્ષ પહેલાં હિંદી સરકારે ગંભીર બખેડાના જોખમે પ્લેગના નિયમો પરાણે પળાવ્યા નહિ અને એ દુઃખમાંથી વધારે ઓછું દુઃખ પસંદ કર્યું. ઇંગ્લંડમાં વયોવૃદ્ધ ખ્રીસ્તી વિજ્ઞાનશાસ્ત્રીય ડાકટરી મદદ લેવાની ના પાડે અને પોતાની રીતે મરી જાય તો કંઇ વાંધો નહિ પણ જો તે પોતાનાં બાળકોને માટે ડાકટર બોલાવવાની ના પાડે અને તેઓ મરી જાય તો તેને શિરે મનુષ્યવધનો અપરાધ આવતો. કોઇનો કોઇપણ ભાગ પોતાના ધાર્મિક રીત રીવાજો કે જેથી સાર્વજનિક આરોગ્ય જોખમમાં આવી પડે તેને માન આપવાની માગણી કરવી એ તદ્દન ગેરવાજબી છે અને જે માણસ માંકડ, મચ્છર પ્લેગના ઉંદરો અને કાગડા માટે સહનશીલ થવાનું કહે છે તેને સ્પષ્ટરીતે ચેતવણી આપવી જોઇએ કે તેણે કાંતો આરોગ્યના નિયમો સામે વાંધો લેવો છોડી દેવો અને કાંતો

જંગલમાં જઇ વસવું. તે દરમ્યાન રંગુનની મ્યુનિસિપાલીટીએ મોગલ શેરીના કાગડાઓને બચાવવા કબૂલ કર્યું છે અને ડાહ્યા માણસો પ્રેસીડંટે જણાવેલી આજ્ઞા સાથે મળતા થશે કે કાગડાઓ પણ પોતાના મિત્રો કોણ છે તે ઓળખી કાઢી તેમની સાથે રહેવા જશે. ”

આ ઉપરથી લખનારનું વલણ શું છે તે જણાશે. કુદરતમાં સર્વ જીવોને સ્થાન હોય તો કાગડાઓ પણ એક જીવ તરીકે શાંતિથી જીવન ગાળવાનો હક્ક રાખે છે. શાંતિથી કુદરતની કારીગીરીમાં શું કાગડાઓ નકામા છે ? ગાયને જીવ નથી એવી માન્યતાવાળા ખ્રીસ્તીઓ મનુષ્ય સિવાય બીજાને આત્મા નથી એમ ધારી મનુષ્યની સગવડતાઓ જાળવવા માટેજ સર્વ બીજા જીવો બંધાયેલા છે એવું સ્વીકારી લેતા હોય તો કુદરતના કાયદાઓ શું છે તે સમજતાજ નથી. જૈનોપર આક્ષેપો આવી રીતે થતાજ રહેશે તો જૈનોએ અને ખાસ કરી જીવદયાપ્રસારકમંડળે કાગડાઓ, કુતરાંઓ, ઉંદરો વગેરેનું કુદરતમાં શું સ્થાન છે ? તે કેવા ઉપયોગી છે અને કઇ રીતે મનુષ્યને અસ્વચ્છતા–ગલીચી વગેરે દૂર કરવામાં કુદરતી રીતે સહાયભૂત થાય છે તે સંબંધી નિબંધ લખ લખાવી ચોપાનીયાં રૂપે છપાવી તેનો પ્રસાર કરશે તો વધારે યોગ્ય થઇ પડશે.

૩.

હીંદુ યુનિવર્સિટી અને જૈનોનું પ્રતિનિધિત્વ—લોકપ્રિય વાઇસરોય લૉર્ડ હાર્ડિંજના સમયમાં ખાસ હિંદુ યુનિવર્સિટી ઍક્ટ (૧૯૧૫ નો ૧૬ મો) કાયદો ઘડી હિંદુ યુનિવર્સિટી સ્થપાઇ છે અને તેનો પાયો પણ નંખાઇ ચુકયો છે. આના ફંડમાં જૈનોએ સારો ફાળો આપ્યો છે આની સાથે હિંદુ ધર્મમાં જૈન શીખાદિ ધર્મોનો સમાવેશ થતો હોવાથી તેમને પણ પ્રતિનિધિ મોકલવાનું ઠરાવેલું છે અને તેથી તેની કૉર્ટમાં શીડયુલ ૧ ની કલમ ૧૪ (૧) ના કલાસ ૩ (૪) માં જણાવ્યા પ્રમાણે જૈન અને શીખ જાતિને કુલ દશ પ્રતિનિધિ મોકલવાની સત્તા આપવામાં આવી છે તે પ્રમાણે દરેકના સરખા મુકતાં જૈનોના પાંચ પ્રતિનિધિમાંથી બે શ્વેતામ્બર,બે દિગમ્બર અને એક સ્થાનકવાસી એમ ત્રણ ફિરકા પ્રમાણે સગવડ માટે ભાગ પાડયા છે. શ્વેતાંબર ફિરકાની કૉન્ફરન્સને તેના પ્રતિનિધિ ચુંટી મોકલવાનું ઠરતાં તે માટેનાં નામો સ્ટેંડિંગ કમીટીની સભા ભરી મોકલી આપ્યાં હતાં. રાજા સત્યાનંદ પ્રસાદ સિંહ બનારસવાળા આ સંબંધે જૈનશ્વેતામ્બર કોમ તરફથી યુનિવર્સીટીના વાઇસ ચેન્સેલર ડાકટર સુન્દરલાલ સાથે મૂળથીજ પત્રવ્યવહાર ચલાવી જૈન પ્રતિનિધિ તત્ત્વ આવે તે માટે ભગિરથ પરિશ્રમ સેવી રહ્યા છે તેથી તેમને ધન્યવાદ ઘટે છે. તેમના જણાવવા મુજબ સ્થાનકવાસી તરફથી કોઇપણ વ્યક્તિ કે સંસ્થાએ પોતાના પ્રતિનિધિ માટે બીલકુલ હિલચાલ કરી હતી નહી તેથી શ્વેતામ્બર તરફથી ત્રણ નામો સૂચવાયાં હતાં. પાછળથી ભારત જૈનમહા મંડળદ્વારા સ્થાનકવાસી તરફથી કંઇક પ્રયત્ન થયો હતો તેથી પ્રથમનાં બે નામ–રા.બાબુ નિહાલચંદજી બનારસ અને મકનજી જૂઠાભાઇ મહેતા બારીસ્ટર એ ચુંટણી માટે મુકવામાં આવ્યાં.

પાટલીપુત્ર નામના બાંકીપુરના પત્રના ૨૫ અગસ્ટના અંકમાં પાંચ જૈન પ્રતિનિધિઓના નામ પ્રગટ કરે છેઃ—મિ. મકનજી જે. મહેતા મુંબઇ, બાબુ નિહાલચંદ બનારસ, પં. શીતલપ્રસાદ બ્રહ્મચારી, બાબુ અજિતપ્રસાદ વકીલ લખનઉ. અને રાયબહાદુર સેઠ છગનમલ

અજમેર. આ ચુંટણી થયા પહેલાં ડા. સુંદરલાલે જણાવ્યું હતું કેઃ—હિંદુ યુનિવર્સિટીની કોર્ટમાં ત્રણ જાતના વર્ગના સમાવેશ થાય છે. (૧) એકસઓફિસીઓ મેમ્બરો (૨) ફંડ ભરનારા અને તેના પ્રતિનિધિઓ (૩) ચૂંટાયેલા સભાસદો. બીજા મેંબરો ચુંટાય તેમાં જૈનોએ પાંચ અને શિખોએ પાંચ એમ દશ નામ ચૂંટવાનાં છે. આ દશ જેઓ નાણાં ભરનારાં તથા તેના પ્રતિનિધિઓમાંથી આવે તથા જેઓ યુનિવર્સિટી એકટના ૧૪ માં સ્ટેચ્યુટની બીજી કલમોની રૂએ ચૂંટાય તે સિવાયના એટલે તે ઉપરાંત છે. કોર્ટનું પહેલું કાર્ય પોતાનું બંધારણ ૧૪મા સ્ટેચ્યુટ પ્રમાણે મેંબરો ચુંટવા માટેની ચુંટણી માટે ગોઠવણ કરવાનું છે. આ રીતે મેંબર ચુંટાય કે પછી કોર્ટ દરેક ધર્મને લગતી જૂદી કેળવણી-શિક્ષણ આપવા માટે ઘટતી ગોઠવણ કરશે.

આ યુનિવર્સિટી એકટ બીજી અકટોબર ૧૯૧૫ ના ગવર્નમેંટ ગેઝેટઓફ ઇંડિયાપાર્ટ ૪થામાં છપાયો છે.

આ રીતે આપણી શ્વેતામ્બર સમાજમાંથી જે બે મેંબરો ચુંટાયા છે તે હાલના સંજોગમાં યોગ્ય છે. બાબુ નિહાલચંદ સાહેબ બી. એ. એલ. એલ. બી. રીટાયર્ડ સબજજ છે અને બનારસનાજ રહેવાસી છે. વળી તેમણે ગવર્નમેંટ સર્વિસ ૩૦ વર્ષ સુધી ઘણી સારી રીતે બજાવી છે. તેઓ સંયુક્ત પ્રાંત, બંગાલ અને રજપુતાનામાં સુપ્રસિદ્ધ છે. બિકાનેર રાજ્યમાં તેમણે બે વર્ષ સુધી ચીફ જજ તરીકે કાર્ય બજાવ્યું છે. બીજા મુંબઇના શ્રીયુત મકનજી જૂહારભાઇ મહેતા. બી. એ, એલ. એલ. બી. હોવા ઉપરાંત બેરિસ્ટર છે અને મુંબઇમાં પ્રેકટીસ કરે છે. છેલ્લી કોન્ફરન્સની રીસેપ્શન કમિટીના એક સેક્રેટરી તરીકે કુશળતાંથી કાર્ય બજાવ્યું છે અને તે પહેલાં કોન્ફરન્સના સ્થાનિક ઍસિસ્ટંટ જનરલ સેક્રેટરી હતા. આ બન્ને ગૃહસ્થો આ પદને યોગ્ય બનવા કોર્ટની દરેક સભામાં હાજરી આપી જૈનધર્મના તથા કોમના લાભો સાચવશે એવી અમે ખાત્રી ભરી આશા રાખીએ છીએ.

આ ઉપરાંત જૈન સાહિત્ય અને શાસ્ત્રનાં પ્રવીણ એવા જૈનોને સેનેટમાં મેંબર તરીકે લેવાનું વાઇસચેન્સેલરે કબુલ્યું છે. આ સેનેટર તરીકે યોગ્ય ગૃહસ્થોની ચુંટણી કરવામાં આવશે. એમ અમે ઇચ્છીએ છીએ. ફરીથી રાજા સત્યાનંદ પ્રસાદ સિંહ કે જેમણે ઘણી ઉદારતા અને શાસનપ્રેમ બતાવેલ છે તેમની અમે પ્રશંસા કરીએ છીએ.

*

કુરલ નામની તામિલ જૈન કૃતિનું અંગ્રેજી ભાષાંતર—તિરૂવલ્લુવર તામિલ કવિ થઇ ગયો. તે જૈન હતો અને તેની કુરલ નામની કૃતિ એટલી બધી પ્રતિષ્ઠિત છે કે તામિલ ભાષા બોલનાર સર્વ તેને અતિ આનંદ અને ઉત્સાહથી વાંચે છે, મનન કરે છે અને તેમાંથી દિલાસો મેળવે છે. ઉત્તર હિંદમાં જેમ તુલસીકૃત રામાયણ, મહારાષ્ટ્રમાં જેમ તુકારામના અભંગ ને રામદાસ સ્વામીનું દાસબોધ, તેમ તામિલ દેશમાં કુરલ આબાલવૃદ્ધ વાંચે છે અને તેની છાપ પોતાના વર્ત્તનપર પાડે છે. આ ગ્રંથમાં મંગલાચરણમાં જિન ભગવાનની સ્તુતિ છે ને પછી જૂદા જૂદા નીતિના વિષયોપર વિચાર છે. આ ગ્રંથનું અંગ્રેજી ભાષાં-

તર કોઇ અંગ્રેજે ત્રીસ વર્ષપર કર્યું હતું પણ તે અતિ જૂનું અને કર્કશ હોવાથી હમણાં શ્રીયુત વી. વી. એસ. આયર નામના મદ્રાસી સજ્જને તેનું યથાર્થ અને સુંદર અંગ્રેજી ભાષાંતર બહાર પાડયું છે. તામિલ દેશની બહાર આ કાવ્ય વિશેષ પ્રસિદ્ધ નથી થયું પરંતુ તે ઘણું વાંચવાલાયક છે એ નિઃસંદેહ છે. ઇ. સ. ના બીજા કે ત્રીજા સૈકામાં થનાર કવિની પ્રાકૃત ભાષામાંની કૃતમાં તે કવિનું મન અને હૃદય પારખવું તે ખાસ રસપ્રદ થઇ પડે છે. આ કૃતિની ખૂબી એ છે કે હિંદુઓ, બૌધ્ધો અને જૈનો બધા પોતપોતાના ધર્મ સંબંધેની તે કૃત હોવાનો દાવો કરે છે, અરે ! ખ્રીસ્તીઓ પોતાનો હક્ક તે પર સાબીત કરે છે ! અમારે ખાસ જણાવવું જોઇએ કે કવિ જૈન હતો અને તેની કૃતિ જૈન કે જૈનેતર સર્વને માન્ય, રૂચિકર છે તેથી આશા છે કે જૈન શિક્ષિત લોક આને વાંચવાનો પરિશ્રમ સેવશે અને કોઇ શ્રીમંત તેનું ભાષાંતર ગુજરાતીમાં કરાવી તેનો પ્રસાર સર્વત્ર કરશે. પુસ્તકનું નામ The Kural or The Maxims of Tirruvalluvar છે. પ્ર૦ સુમનમણ્ય શિવ મદલાપુર પ્રેસ મદ્રાસ. કપડાના પુંઠાની કિ. રૂ. ૨–૧૨ નોંકાગળના પુંઠાની રૂ. ૨-૪.

૫.

મુંબઇ—બાબુ પનાલાલ પુનમચંદ જૈન હાઇસ્કુલના વિદ્યાર્થીઓનું પ્રીતિસંમેલન—સપ્ટેંબરની ૧૦ મી તારીખે કરવામાં આવ્યું હતું-અંગ્રેજીમાં તેને 'સોશ્યલ ગેધરીંગ' કહેવામાં આવે છે. રમતગમત સંવાદ પાનપાન વગેરે માટે આખો દિવસ રોકવામાં આવ્યો હતો અને બપોરના એક સભા કરવામાં આવી હતી. આ વખતે પ્રિન્સિપાલ રા૦ તેલંગે સ્કૂલનો રિપોર્ટ વાંચ્યો હતો. તેમાં ઘણી ઉપયોગી બાબતોની માહીતી આપવામાં આવી હતી. તે સિવાય કેટલાક ગૃહસ્થોનાં ભાષણ થયાં હતાં. આ પરથી જે કંઇ નોંધવા યોગ્ય જણાયું તેમાંનું થોડું ઘણું અહીં આપીશું.

૧ સ્કૂલનું પોતાનું મકાન પાયધુનીપર બંધાયા પછી તેમાં ફાટો પડવાથી તોડી નાંખવામાં આવ્યું હતું તેને ઘણા મહિનાઓ વીતી ગયા છે. તે દરમ્યાન હાલ પ્રિન્સેસસ્ટ્રીટમાં ભાડેના મકાનમાં તે સ્કૂલ રાખવાંથી ઘણાં જૈન બાળકો સ્કૂલનો લાભ લઇ શકતા નથી કારણ કે પાયધુની એ જૈન વસ્તીવાળા લતાઓના મધ્યસ્થાન છે, જ્યારે હાલનું મકાન દૂર પડે છે. આ સંબંધમાં જીવણલાલ બાબુશ્રી વગેરે તે વખતે હાજર નહોતા તેમના વતી અને બીજા ટ્રસ્ટીઓ વતી હાજર રહેનાર બાબુશ્રી ભગવાનદાસે જણાવ્યું હતું કે થોડા વખતમાં સ્કૂલનું મકાન ચણાવવાની તૈયારી થનારી છે. આશા છે કે હાલ તુરતમાં જ તે કામ ઉપાડી લઇ બનતી ત્વરાએ મકાન તૈયાર કરાવશે. ને તેમાં મહોટો મધ્યસ્થ હૉલ, સુંદર લાયબ્રેરી, અને યોગ્ય પ્રયોગશાળા, પ્રિન્સિપાલની ભવ્ય ઑફિસ, શિક્ષકો માટે રૂમ, અને દરેક વર્ગ માટેના યોગ્ય સગવડતાવાળા ઓરડાઓ પૂરા પાડવામાં આવશે.

૨ હાલના શિક્ષકો સુંદર કાર્ય યથાશક્તિ કરે છે, પરંતુ અત્યાર સુધીના આવી ગયેલા શિક્ષકોની કારકીર્દિ તપાસીશું તો ઘણાખરા થોડો સમય રહી ચાલી ગયેલા માલમ પડશે. આથી જૂના શિક્ષકોએ વિદ્યાર્થીઓની આદત, સ્વભાવ, શિક્ષણ પદ્ધતિ વગેરે સંબંધી લીધેલા અનુભવનો લાભ સ્કૂલને મળી શકતો નથી અને નવાને નવું પાછું નિહાળવું પડે છે. આના કારણમાં ઉતરતાં જણાય છે કે પગાર ઓછા છે તો ટ્રસ્ટીઓને ભલામણ કે

શિક્ષકોને આકર્ષક પગાર આપવા અને યોગ્ય, શક્તિમાન, મિલનસાર, અને શિક્ષણ પદ્ધતિનાં જાનવાળા શિક્ષકોનેજ પસંદગી આપી તેઓની સંખ્યામાં વધારો કરવો.

૩ વિદ્યાર્થીઓના માબાપો પોતાના પુત્રો પ્રત્યે કાળજી ધરાવતા નથી. અને થોડી માત્ર નામની કેળવણી અપાવીને ઉઠાડી દે છે, તેમજ જૈન માબાપો પોતાના બાળકોને આ સ્કૂલ કે જે માત્ર જૈનો માટે ખાસ સ્થાપિત થયેલી છે તેમાં મોકલતા નથી. જ્યાંસુધી જૈન લોકો પોતાની જવાબદારી સમજે નહિ અને પોતાના ખેરખાંઓએ 'સ્વધર્મી વાત્સલ્ય'ના ઉત્તમ સ્વરૂપમાં કરેલી સખાવતનો ઉપયોગ ઉત્તમ રીતે લે નહિ ત્યાંસુધી આવા પરગજુ માતાને શોષવું પડે છે. આવી વિષમ સ્થિતિ દૂર કરવા માટે ટ્રસ્ટીઓએ ઉત્તમ શિક્ષકો મને શિક્ષણ સામગ્રી, સ્કૉલરશિપ, ઇનામો વગેરેનો પ્રબંધ કરવો ઘટે છે, અને જૈન શિક્ષિત કે ધંધાદારી માબાપોએ પોતાના પુત્રોને આજ સ્કૂલમાં મોકલવા ઘટે છે. એક પોતાની ફરજ બજાવશે તો બીજો પોતાની જવાબદારી સ્વતઃ સમજશે—એમ થયે પરિણામ ઘણું રૂડું આવશે.

૪. વિદ્યાર્થીઓની શારીરિક સ્થિતિ-બંધારણ સુઘટિત દેખાતાં નથી કારણ કે ગુજરાતી વિદ્યાર્થીનો મોટો ભાગ માંયકાંકલાં જેવો માલૂમ પડે છે. આનાં કારણો સ્કૂલ બહારની વસ્તુ સ્થિતિમાં ઘણું મળી આવે છે, છતાં સ્કૂલમાં તે સંબંધે થોડું ઘણું થઇ શકે તેમ છે. તે સ્કૂલના એક વિદ્વાન્ શિક્ષક નામે રા. ભોગીન્દ્રરાવ ર. દિવેટિયા, પ્રજ્ઞામિત્ર અને પારસીના ૨૬ મી સપ્ટેંબર ૧૯૧૬ ના ખાસ અંકમાં 'મુંબઇના કોમવાર નિશાળીઆઓ' એ વિષય પરત્વે મનનશીલ લેખમાં ગુજરાતી નિશાળીઆઓ સંબંધે જે લખે છે તે ખાસ જાણવા જેવું હોવાથી અમે ઉતારીએ છીએઃ—

ગુજરાતીઓમાં જૈન, ભાટીયા અને બીજી કોમો આવે છે અને એ કોમ એટલી મોટી છે કે જ્યાં જુઓ ત્યાં જુદા જુદા ધર્મ, જુદી જુદી સ્થિતિ હોય છે. આથી આમાં અનેક રંગી નિશાળીયા દેખાય છે. ગુજરાતી નિશાળીયાનાં શરીર અને મન એટલાં તો નબળાં હોય છે કે બિચારાં ભરતી તો સમજતાં નથી અને ઘરમાં પણ મુર્ખ માબાપો અને નિશાળમાં માસ્તરોનો તો એટલો સખ્ત ધાક હોય છે કે હસવું, મનની વાત કહેવી, ફરવું હરવું, એ પાપ મનાય છે. અને સાંજના ક્રીકેટ વગેરે રમવામાં જીવનું જોખમ મનાય છે. ઘર આગળ સવારે ઉતાવળમાં જવાય નહિ અને બપોરે ધર્મને લીધે—ન્યાતને લીધે ખાવું ના આવે એટલે બજાર ચાહ પી શરીર બગાડે છે. ગુજરાતી વિદ્યાર્થીઓ એકલા જઇ શકતા નથી—રસ્તો કરી શકતા નથી અને માર ખાઇને આવે છે એનું કારણ અજ્ઞાન નિઃસત્વ માબાપો અને નિશાળો જવાબદાર છે. હિંદુસ્તાનમાં આટલા વર્ષથી પારસી ભાઇઓ છે પણ દુર્ભાગ્યની વાત એ કે ગુજરાતી એટલે વાણીઆજ એમ પારસી બાહુદીઓ સમજે છે. પારસી-યુરોપીઅન માફક ડ્રેસ અને દેખાવડા થવાનો શોખ ખરો, પણ સાધન અને મનોબળ નહીં. સ્વદેશીઝમ અને દેશ પ્રત્યે લાગણીનો છાંટો હોતો નથી. ઘર આગળ ધર્મનું શિક્ષણ માત્ર દેરે—મંદિરે જવામાં અગર કલાણાનું પાણી ન પીવામાંજ આવી જાય છે. વળી એક રીતે વ્યક્તિની ઉન્નતિમાં જનસમાજની ઉન્નતિ સમાયલી છે એ ન્યાયે કોમવાર નિશાળો લાભદાયક છે, પણ જે દેશમાં પ્રજાત્વ મેળવવું છે, જે દેશમાં વ્યાપાર-રોજગાર કેળવણીનો આધાર એકની એક પ્રજા છીએ એવો વિચાર હોવા ઉપર છે

ત્યાં આવી કોમવાર નિશાળથી અતડાપણું અને અમે ઉંચા તમે નીચા એવી ભાવના આવી જાય છે. બધા વિદ્યાર્થીઓ એકજ રાજ્યની પ્રજા છે અને એકજ પ્રભુનાં બાળક છે એમ ઘેર અને બા'ર શિખવાતું હોય તો મુંબાઇ જેવા શહેરમાં કોમવાર પારેલાં અનેક " નીક નેમો " કાને પડે નહી અને ભ્રાતૃભાવ વધે એ નિઃસંશય છે અને આમ કરવામાં મુખ્ય જવાબદારી શિક્ષક અને માબાપની છે. દરેક કોમમાંથી કાંઇ શિખવાનું મળી આવે છે અને તે લઇ પારસી-મુસલમાન-ક્રીશ્ચિયન-દક્ષણી-ગુજરાતી નિશાળીઆ એવા નામને બદલે એક નિશાળના એક દેશના એક કાર્યમાં સાથે કામ કરનાર પ્રામાણિક સત્યવાદી-નિડર વફાદાર અને છતાં જોસ્સાવાળા શિશાળીઆ છીએ એમ કહેતા થાય એજ મહેચ્છા.

૬.

વાઇસરૉયની ધારાસભામાં જૈન પ્રતિનિધિ તત્ત્વ—હોવું જોઇએ તે માટે જૈન ઍજ્યુકેટ્રસ એસોસિયેશને ખાસ અરજી વાઇસરૉય પર મોકલાવી હતી પરંતુ એવો જવાબ આપવામાં આવ્યો હતો કે જૈન કોમ નાની છે તેથી નાની નાની કોમોને જુદું જુદું પ્રતિનિધિ તત્ત્વ આપવું યોગ્ય નથી છતાં તેપર ધ્યાન આપવામાં આવશે. વસ્તુસ્થિતિ તપાસતાં માલુમ પડે છે કે આપણી બીરાદર કોમ નામે મુસલમાન કોમને ખાસ પ્રતિનિધિ તત્ત્વ આપવા માટે ખાસ લક્ષ આપવામાં આવે છે. આ સંબંધે સિમલાનો ખબરપત્રી એક પ્રજાકીય અંગ્રેજી દૈનિક પત્રમાં ટીકા કરે છે કે—

The principle of communal representation is being acted upon in the case of Muslims; why not follow it also in the case of Ango-Indians, Indian Christians, Jains and others and why not give them the prisilege of sending elected representatives to the Council.

—કોમ કોમવાર પ્રતિનિધિ મોકલવાનું તત્ત્વ મુસલમાન ભાઇઓના સંબંધમાં અમલમાં મૂકવામાં આવે છે, તો એંગ્લો-ઇંડિયન, હિંદી ખ્રીસ્તીઓ, જૈનો અને બીજાઓના સંબંધમાં તે કોમ તેની માફક અમલમાં મૂકાતું નથી અને શા માટે તેઓને ધારાસભામાં પોતાના ચુંટાયેલા પ્રતિનિધિઓ મોકલવાનો હક્ક આપવામાં આવતો નથી?

"જૈનહિતેચ્છુ"નો પર્યુષણનો ખાસ અંક—પૃ. ૨૭૨ વાળો દળદાર અંક, આ પત્ર કે જેનું વાર્ષિક લવાજમ પોસ્ટેજ સહિત માત્ર અઢી રૂપીઓ છે, તે પુરો પાડે, એ એક જૈન જર્નેલિઝમમાં અપૂર્વ સાહસ અને નિઃસ્વાર્થ ઉદારતા સૂચવે છે, એમ કહ્યા વગર ચાલતું નથી. મૂળ લેખક રા. વાડીલાલ મોતીલાલ શાહ છે, કે જેના ફોટાનું ભાન મુખપૃષ્ઠ પરના ચિત્રમાં કરાવ્યું છે. તેને કેટલાક તરફથી Fire-brand કહેવામાં આવે છે, કે જેને સંસ્કૃત ભાષામાં અગ્નિકાષ્ઠ, અંગાર, અલાત, ઉલ્કા, ઉલ્મુક કહેવામાં આવે છે, મરાઠી ભાષામાં કોલતી, કોલાત, અગ્નિકાષ્ટ, ઉલ્કા, ઉલ્મુક કહેવામાં આવે છે, જ્યારે ગુજરાતીમાં 'અંગારો' કહેવામાં આવે છે. આ ટાઇટલને પોતે સ્વીકારી લઇ પોતાના હાથમાં 'જૈનહિતેચ્છુ'નો અંક રાખી તેમાંથી તણખા ઉપજાવ્યા છે અને તેથી

લોકો ભડકયા છે, એવું બતાવ્યું છે; અને આ જ ચિત્રના બીજા અર્ધ ભાગમાં તાપણી મૂકી છે (કે જેને કેટલાક 'હોળી' નું પણ ઉપનામ આપશે !) અને તેની આસપાસ પૂર્વે ભડકતા લોકો પાછા તાપતા ને હુંફ મેળવતા બતાવ્યા છે. આ પરથી જણાશે કે પોતાનો હેતુ આશય, ઉદ્દેશ ઉચ્ચ નિષ્ઠાથી ગર્ભિત છે એવું પ્રતીત કરવા માગ્યું છે અને તેમાં અમે દોષ જોતા નથી. આ ચિત્રનું પરિચય કરાવતાં પ્રસ્તાવનામાં જ જણાવ્યું છે કેઃ—

"નીતિ, ધર્મ, ફીલસુફી, સમાજ ઇત્યાદિ વિષયોને અંગે 'હિતેચ્છુ' આજે જે વિચારો દર્શાવે છે તે માત્ર સામાન્ય ગણુને જ નહિ પણ ઘણાખરા વિદ્વાન મનાતા બન્ધુઓને પણ 'ભડકાવનારા' લાગે છે. પરન્તુ જે વિચારો તેમના માલીકની અંદરની 'આગ' ની માત્ર 'ચીણુગારી'ઓ રૂપે જ બહાર પડવાથી ભડકાવનારા લાગે છે તે વિચારો, જ્યારે તે પૂરેપૂરી આગના 'ભડકા'નું સ્વરૂપ ધારણ કરશે ત્યારે, લોકો ભડકવાને બદલે ઉલટા તે આગના ભડકાની આસપાસ ટોળે વિંટાઇને **તાપવા** બેસશે અને એમાંથી 'ગરમી' અને અને 'હુંફ' મેળવવા ઉદ્યુક્ત થશે."

લોકો કંઇક નવું આવે છે એથી ભડકે છે એ વાત અનુભવસિદ્ધ છે. રા. વાડીલાલનો વિચારો એટલા બધા તીક્ષ્ણ, તમ તમતા, અને લોકથી જૂદા જ દૃષ્ટિબિંદુથી લખાયેલા હોય છે કે તેના સંબંધમાં એક મહાશય અમને જણાવે છે તે અત્ર મૂકવાનું મન થઇ આવે છેઃ—

"રા. રા. વાડીભાઇ જગત્ આખાને ગાડર માને છે ને પોતાને સ્થળે સ્થળે દિવ્ય પંડિત–અલૌકિક પરમાત્મ તત્ત્વથી ઉભરાયેલા માને છે? એઓ ધરતી પર ચાલે છે કે અધર? મનુષ્યકોટિમાં છે કે દેવકોટિમાં? રખે અવતાર–ભૂમિકાપર હોય નહિ? ૨૫–૩૦ વર્ષ પેપર, જ્ઞાતિ, સંઘ, દેશવિદેશ, બંધન, જેલ વગેરે જોઇ, સૌની નાડ તપાસી, કલમનો ઉપયોગ ઠીક કરવા મંડી પડયા છે. વ્યક્તિઓ એ કુદરતની વાનગીઓ છે, ને તે ભિન્ન ભિન્ન હોય જ. સૌ, સૌને પ્રિય લાગે શકે જ નહિ, તેથી મને બહુ ખેદ થતો નથી. પણ તેમના તરફના જુના પુરાણા માનને લીધે મને કહેવાનું મન થાય છે કે સમાજના ઇતિહાસને ચાળવામાં તેઓ સજ્જડ થાપ ખાઇ જાય છે. અલૌકિકને હર્ષખેદ આશ્ચર્ય હોય જ નહિ. કલમનો ઉપયોગ માત્ર, નહિ તો ઘણે અંશે, દોષ ભાળવામાં થાય ને તેથી સમાજ છેડાય તો સુધારો થશે એમ માનવામાં તેઓ ઇતિહાસને ભૂલે છે; એથી તો સમાજ આંખમાં આંજી–ગુપ્ત રીતે ગોટા વાળશે. આમ મને લાગે છે. ચોગ્ય લાગે તો આ જણાવશો. તેઓ પ્રૌઢ–દિવ્ય–અમાનુષિક વાતાવરણમાં હોવાથી આ ફોતરાં તેમને રૂચે પણ નહિ."

આનો રદિયો તે ભાદંબંધ આપશે બાકી એ તો અમને માન્ય છે કે, જહાલ ને મવાઝ—એકસ્ટ્રીમીસ્ટ અને મૉડરેટ–ઉદ્દામ અને વિનીત એમ બંને પક્ષની જરૂર સમાજ કે દેશની ઉન્નતિ અર્થે આવશ્યક છે. વિનીત પક્ષની કદર ઉદ્દામને લઇને જ થઇ છે, થાય છે અને થશે. ઉદ્દામ હમેશાં અલ્પ સંખ્યામાં હોય છે, જ્યારે વિનીત ગાડાં ભરી લ્યો એટલી સંખ્યામાં હોય છે. વિરલની કિંમત વિરલ જ હોય છે--તેની કદર કોઇક વિરલ જ કરશે.

આટલું પ્રસ્તાવમાં કહી આમાં આવેલા લેખો તપાસીએઃ-સમાજને લખતા મુખ્ય વિષયોમાં એક આપણી આસપાસ ચાલતું સાચું નાટક, જીંદગીના ભોમીઓ, અમૃતલાલ શેઠનું અઠવાડીઉ એ ખાસ વાંચી મનન કરવા જેવા છે. વિધવાવિવાહ વિચારમાં જૂદીજૂદી

દૃષ્ટિબિંદુથી વિધવાનાં દુઃખોનાં માનસિક ચિત્રો દોર્યાં છે અને તેમાં રહેલું તથ્ય સમજી શકાય તેવું છે, છતાં તેમાંથી ફલાવેલા નિર્ણયો કેટલાકને ભડકાવનારાં, અપ્રિય, અને અમાન્ય થશે, કેટલાંકને અયોગ્ય જણાશે, કેટલાકને કટાક્ષથી ઉપજાવેલાં ભાસશે; પણ જૈન જાતિમાં વિધવાઓનું પ્રમાણ ઘણું મોટું છે એ નિર્વિવાદ વાતને ધ્યાનમાં રાખી, તેમજ જૈન જાતિમાં મરણનું પ્રમાણ ઘણું મોટું છે તે વાતને બીજી બાજુએ લક્ષમાં રાખી, બીજા કયા રસ્તા માલ્ય છે તે માટે જૈન સમાજસુધારકો યોગ્ય નિર્ણય દર્શાવશે તો સમાજની ઉન્નતિ કંઈ થઈ શકશે. બાકી કોઈપણ નિર્ણય લાવવા માટે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ,થી તેમજ જૂદાજૂદા દૃષ્ટિબિંદુ (નય)થી વસ્તુને તપાસવી જોઈએ એમ જૈનશાસ્ત્ર પોકારીપોકારીને કહે છે; તો જૈનો આમાં જણાવેલા વિચારો પરે પણ નજર ફેંકશે. વિશેષમાં, આ સંબંધી તેના પક્ષમાં કે તેની વિરૂદ્ધ કોઈપણ વિદ્વાનના વિચાર પ્રગટ કરવાની એ પત્રે માગણી કરી છે.

ફિલસુફીમાં 'નગ્ન સત્ય'નો લેખ અલબત્ત ગગનવિહારીને માટે જ છે. ગગનવિહારીની વ્યાખ્યા પણ અજબ છે–તે માટે આપેલું ચિત્ર પણ અદ્‌ભુત છે. ગરૂડની પાંખપર બેસી સ્વતંત્રતાથી નિડરપણે આત્મબળથી સમગ્ર આવરણને વીંઝતો, અને હાથમાં સિંહને રાખી કેશરી સમાન બલ ધરાવતો—પોતાના આત્માની અનંત શક્તિ છે તેમ પ્રત્યક્ષપણે દાખવતો એવો વીર-- Superman લેખકે પોતાની માનસિક સૃષ્ટિમાં કલ્પ્યો છે.

'સમયના પ્રવાહમાં' એ મથાળાના ચાલુ ચર્ચાના લેખમાં હમણાં ભરાયેલી જૈનશ્વેતામ્બર (મૂ) કૉન્ફરન્સના કામકાજપર અવલોકન કરી જણાવ્યું કરેલી જૈન કેળવાયલાઓની Moral Bankruptcy એટલે નૈતિક નાદારી અને તેમાં રા. લાલનનો લીધેલો પક્ષ, બીજી જ ક્ષણે ખુદ્ધા-લાલનની જાત'માં જાનૈયા બની રા. લાલનને અન્યાયી બની માનાંકાક્ષી થવું ન ઘટે તે માટે દીધેલો સાચ્ચા અંતઃકરણપૂર્વક ઠપકો, 'પાટણની પ્રભુતા'ના ગ્રંથપરનો ગગનવિહારી અજબ અભિપ્રાય, તીર્થના ઝઘડા આપસમાં પતાવવા માટેની જોરદાર અપીલ, એક સ્થા૦ સાધુના દુષ્ટાચરણ માટે તિરસ્કાર, લાલા લજપતરાયના 'અહિંસા પરમો ધર્મ'ના લેખની ખૂબી કદર તેમજ તેમની કેટલીક માન્યતાઓમાં બતાવેલી ભુલો, જૈનો હિંસા અને યુદ્ધ સંબંધી ગ્રંથોના અને શૂરવીરોના પૂરાવાવ, ગેરે ખાસ લેખની આંખે આવે એવા ભડકાવનારા અને ખાસ લક્ષ ખેંચે તેવા છે.

જૈનશ્વેતામ્બર મૂ. કૉન્ફરન્સના કાર્યવાહક સામે કરેલી ટીકાની સખતાઇ સદરહુ કૉન્ફરન્સ વખતે થયેલા ફંડની 'ખોદયા ડુંગર ઔર પાયા છછુંદર' જેવી સ્થિતિ જોતાં ગેરવ્યાજબી ન ગણાતાં આ મિત્ર ભાવે લખાયેલા સર્વે લેખોમાં છૂપાઇ રહેલાં શુભ તત્વો આદરણીય લાગે તો ગ્રહણ કરવામાં સમાજને લાભ છે એજ અમે કહીશું.

'જૈન સૂત્રોનું દિગ્દર્શન' એ લેખ રા. ખેતશીભાઇ નાનજી ગાંધીએ લખેલો છે અને તેમાં સૂત્રો સંબંધે ઘણી માહીતી આપેલી છે. આ માહીતી ઉપરથી ઉપજતા વિચારો પોતે તુલનાત્મક દૃષ્ટિથી અને માન્યતાની કસોટીથી તપાસે પછી આપશે એમ અમે આશા રાખીએ છીએ. આ લેખ અને બે કવિતા શિવાય સર્વ મેટર મુખ્ય લેખકે સ્વહસ્તથી લખીને જ મોકલ્યું છે એ તેની ચંચલતા માટે અમે મુમારકબાદી આપીશું અને અમે તેમ કરી શકતા નથી તે માટે તેવી શક્તિ પ્રાપ્ત થાઓ એમ અમે ભાવના ભાવીએ છીએ. બીજા પણ ચિત્રો પણ ગવેષવા યોગ્ય છે. આ પત્રનો અભ્યુદય વિજય અને દીર્ઘાયુષ્ય ઇચ્છી વિરમીયું.

૮.

પવિત્ર તીર્થો સંબંધી ઝગડા—શ્વેતાંબર અને દિગંબર વર્ગ વચ્ચે તીર્થો સંબંધી વાંધા દિનપ્રતિદિન વધતા જાય છે. તેનો ફેંસલો એક કોર્ટદ્વારા કરાવવામાં સંતોષ લેવાતો નથી, પણ એક પક્ષ તે કોર્ટથી પોતાથી વિરુદ્ધ ચુકાદો આવ્યો કે ઉપલી કોર્ટનું શરણું લે છે અને એમ વધતાં વધતાં પ્રિવિ કાઉન્સિલ સુધી જવા સુધીની વાતો આવે છે, આમ થવાથી લાખો રૂપીઆનો ખર્ચ અથાગ શ્રમ અને જબરી ચિંતા રાખવા પડે છે. પરિણામે શું થવાનું તે નિશ્ચિત કહી શકાતું નથી, તો એવા મામલામાં આપ મેળે લવાદ મારફત સોસોના હકકો સંબંધી ખુલાસો કરાવી લેવાય તો તે ખર્ચ અને શ્રમનો ભોગ આપવો બચી જાય તેમ છે. તો વણિક જેવા ડાહ્યા વર્ગે તે પ્રમાણે કરવું ઉચિત છે એમ અમે માનીએ છીએ. આ સંબંધમાં બંને પક્ષનાની સહીવાળી અપીલ આ પત્રમાં પ્રકટ કરી તે પર સમસ્ત સમાજનું ધ્યાન ખેંચીએ છીએ અને દરેક પક્ષકાર, તીર્થસંરક્ષક સંસ્થાઓ, અને આગેવાનોને વિનવીએ છીએ કે તેમાં કરેલી વિનતીનો સ્વીકાર કરી આ વધુ પડતી હદે ચડેલી વાતનો અંત લાવવો ઘટે છે. આ સૂચના જેઓને હિતકર જણાય તેઓએ પોતાનો તેવો અભિપ્રાય તે હીલચાલના ઉત્પાદક રા. વાડીલાલ મોતીલાલ શાહ (નાગકેવી મુંબઈ) પર લખી મોકલવા કૃપા કરવી.

૯.

'બુદ્ધિ પ્રકાશ' પત્રમાંની ભૂલનો સુધારો—આ પત્રમાં બે ત્રણ અંકોમાં 'હેમ-વિમલ રચિત નંદબત્રીશી' એ મથાળા નીચે જૈન પ્રાચીન કાવ્ય મુકેલું છે અને તે અગસ્ટ ૧૯૧૬ના અંકમાં પૂર્ણ થાય છે. તેની પ્રશસ્તિ પરથી જણાય છે કે તે હેમવિમલ રચિત' નથી, પણ તેમના શિષ્ય જ્ઞાનશીલ પંડિતના શિષ્ય **સિંહ કુશલે** સં. ૧૫૬૦ ચૈત્ર શુદ ૧૩ ગુરૂવારે તે રચેલ છે. તે પ્રશસ્તિ નીચે પ્રમાણે છેઃ—

તપગચ્છ નાયક એહ મુણિંદ, જયશ્રી હેમવિમલ સૂરિંદ,
જ્ઞાન શીલ પંડિત સુવિચાર, તાસ શીસ કહઇ એહ વિચાર. ૧૭૦.

સંવત પનર સાઠમઝારિ, ચૈત્ર શુદિ તેરસ ગુરૂવાર,
જે નર વિદુર વિશેષઇ સુણઇ, સિંધકુશલ ઇણિપર ઇમ ભણઇ. ૧૭૧.
ભણતાં ગુણતાં લહીઇ બુદ્ધિ બુદ્ધિ, સકલ કાજની સિદ્ધિ,
બુદ્ધિ ફલીઇ વંછિત સદા, બુદ્ધિ નિતુનવતર સંપદા. ૧૭૨.

હેમવિમલ સૂરિ તપગચ્છની આચાર્ય પરંપરામાં ૫૮મા છે. તેમનો જન્મ સં. ૧૫૨૦ કાર્તિક શુદ ૧૫, દીક્ષા લક્ષ્મીસાગર સૂરિ પાસે સં. ૧૫૨૮ વર્ષે લીધી. પંચલાસા ગામમાં સુમતિ સાધુસૂરિએ સં. ૧૫૪૮માં સૂરિપદ તેમને આપ્યું. સં. ૧૫૮૩ ના આશ્વિન શુદ ૧૦ દિને પોતે સમાધિસ્થ થયા. આ સૂરિ પટ્ટ ઉપર હતા ત્યારે તેના શિષ્યના શિષ્ય નામે સિંહ (ધ) કુશલે આ નંદબત્રીસી કાવ્યમાં ગૂંથેલી છે.

૧૦.

દિગમ્બરીય પ્રતિમાઓ—'દિગમ્બર જૈન'થી સમાચાર જાણીએ છીએ કે વડોદરા-ના શ્વેતાંબર જૈન મંદિરમાં દિગંબરી ચાર પ્રતિમાઓ હતી તે દિગંબરીઓને આપી દીધી છે. ખરે ખર આ જાણી આનંદ થાય છે. આવોજ જાતનો પ્રબંધ મૂળથી થયો હોત તો

અમુક શ્વેતામ્બર કે દિગમ્બર છે એવા તીર્થ અને મંદિર સંબંધીના ઝગડા ઘણી રીતે દૂર થયા હોત; માટે દરેક મંદિર વગેરેમાં રહેલી પ્રતિમાઓના શિલાલેખો જોઇ તપાસી એક બીજાએ સામી પક્ષની પ્રતિમાઓ નિકળે તો સોંપી દેવી ઇષ્ટ છે.

૧૧

પાટણની પ્રભુતા અને જૈનો—'પાટણની પ્રભુતા' સંબંધેનો અભિપ્રાય ભાવનગરના પ્રતિષ્ઠિત ગણાતા આગેવાન અને 'જૈનધર્મ પ્રકાશ'ના તંત્રી શેઠ કુંવરજી આણંદજી તરફથી પ્રકટ થવા અમોને મળ્યો છે, પણ તે 'પ્રકાશ'માં પ્રકટ થઇ ગયો છે તેથી અત્ર મુકી પુનરૂક્તિ કરવાનો નિયમ આ પત્રનો નથી, આ માટે કુંવરજીભાઇ અમોને ક્ષમા આપશે; છતાં તે અભિપ્રાયમાં રહેલી ઐતિહાસિક ભૂલો અત્ર નોંધવા જેવી છે:—

'ઉદો મારવાડી પણ કલ્પિત પાત્ર જ ગણાયું છે' તો આ લખવું યોગ્ય નથી. ઉદો મારવાડી કલ્પિત નહિ પણ ઐતિહાસિક છે, તે એજ પાત્ર કે જે પાછળથી **સિદ્ધરાજ** અને કુમારપાલ રાજાનો **ઉદયન મંત્રી** પ્રસિદ્ધ થયો. વળી ઉદો મારવાડનો રહેવાશી શ્રીમાળી વાણીઓ હતો અને તે કેવી રીતે દ્રવ્યવાન્ થયો તેની હકીકત 'પ્રબન્ધ ચિન્તામણિ'ના ભાષાંતર પૃષ્ઠ, ૧૮૨ મે સિદ્ધરાજ પ્રબંધમાં જોઇ લેવા. આ હકીકતનો પાયો રાખી ફેરફાર સાથે તેને આ પુસ્તકમાં ચિતરેલ છે. શેઠ કુંવરજી ભાઇ જેવા ઇતિહાસના જાણકારથી આવી ભૂલ કેમ થઇ હશે તે સમજવું મુશ્કેલ છે; તેમણે આ પુસ્તકની પ્રસ્તાવના વાંચી હત તો તુરતજ ખબર પડત.

પાટણની પ્રભુતામાં અનેક ગુણો છે. તે 'એકોહિ દોષો ગુણસંનિપાતે' એ ન્યાયમાં રહેલા અર્થથી ઉપેક્ષા કરવા યોગ્ય **નથી.** આનન્દસૂરિના પાત્રથી લાગેલ ચટપટીનો ખંગ જરૂર કર્ત્તા આ પછીની નવલકથાઓમાં વાળી આપશે એવું તેઓ મોઢેથી કહે છે અને લખિતવાર ખુલાસો કરે છે. આ લખિતવાર ખુલાસો તૈયાર થયો છે અને તે અમો આવતા અંકમાં પ્રસિદ્ધ કરવાની આશા રાખીએ છીએ.

૧૨.

આ પત્રના નામમાં ફેરફાર કરવાનો પ્રયત્ન નિષ્ફળ ગયો—આ પત્રનું નામ "જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ હેરેલ્ડ" એવું મોટું નામ છે કે જે ઘણાને તો આખું બોલવું ચટાડું થઇ પડે છે; વળી કેટલાક હેરેલ્ડને બદલે હૈરલ્ડ, હરેલ્ડ, હરલ એમ જીભ જેમ વળે તેમ બોલે છે; ઘણાને તો હેરેલ્ડ અંગ્રેજી શબ્દ હોવાથી તેનો અર્થ શું છે તેની પણ માહીતી નથી. આથી, તે માત્ર **જૈન** શ્વેતામ્બર કૉન્ફરન્સનું વાજિંત્ર હોવાથી જે કૉન્ફરન્સ પ્રત્યે ઊચ્ચ ભાવ રાખે છે તેજ ગ્રાહક થયા હતા પણ તે એમને એમ ચાલુ રાખે છે. અત્યાર સુધીમાં ઘણા પ્રયત્નો તેને લોકપ્રિય કરવા માં આવ્યા. ખાસ અંકો જૂદા જૂદા સાહિત્યપર કાઢવામાં આવ્યા, ચિત્રો મૂકવામાં આવ્યાં, જે જે કંઇ આવક આવી તેમાંથી કંઇ પણ શિલિક રાખ્યા વગર કે તેમાંથી મહા કર્યા વગર સર્વ આવક વધુ વધુ વાંચન પૂરૂં પાડવામાં વાપરવામાં આવી, જૂદી જૂદી યોજનાઓ જૂદે જૂદે સમયે ગ્રાહકો મેળવવા માટે કરવામાં આવી, છતાં ગ્રાહક સંખ્યા વધી નહિ. મૂળ વી. પી. પાછાં આવતાં તે કરતાં નથી આવતા, જેટલા ગ્રાહક ઘટે છે તેટલા દાખલ નવા થાય છે. આમ સ્થિતિસ્થાપકતા કે જે ઘણે અંશે અભિનંદનીય લેખી શકાય તે ચાલુ રહેતાં વખતો ઉત્સાહ તંત્રને

આવ્યાં કરે એ બન્યું નહિ અને તેથી તેના નામમાં ફેરફાર કરી ટુંકું અને સરલ તેમજ અર્થસૂચક નામ આપવું યોગ્ય છે એમ વિચારી 'જૈન સમાજ' એ નામ પસંદ કરવામાં આવ્યું.

જૈનસમાજ કે જેના પ્રતિનિધિ તરીકે આપણી કૉન્ફરન્સ કાર્ય કરે છે તે બતાવવા અર્થે 'જૈનસમાજ' નામ સુસંગત છે, વળી ટુંકું અને સરળ અર્થ વાળું નામ છે. સ્વ૦ મોહનલાલ પુંજાભાઇ, મુંબાઇ ભાંગવાડી જૈન સભાના સેક્રેટરી હતા ત્યારે—પાંચેક વર્ષ પહેલાં-તે સભા તરફથી એક માસિક પત્ર કાઢવાનો વિચાર રાખતા હતા અને તેની યોજના કરવામાં આ નામ અમે તે માસિકને આપવા સૂચવેલું તે ઘણાને પસંદ પડયું હતું. પરંતુ તે પત્ર કાઢવાનો પ્રસંગ કમનસીબે આવી શકયો નહિ.

આ રીતે નામ ફેરફાર કરવાની સૂચના સ્ટેડિંગ કમિટીની સભામાં મૂકવામાં આવી. તંત્રી તરીકે અમોએ તેમ કરવાની ઉપયોગિતા જણાવી ત્યારે એક સદ્‌ગૃહસ્થે જણાવ્યું કે, તેમ કરવાથી કંઇ લાભ નથી—જે નામ છે તે જ કાયમ રાખવું, કારણકે તેથી તેની 'ગુડવિલ'માં વધો આવે અને અત્યાર સુધી તે ફેરવવાનું કોઇને યોગ્ય ન લાગ્યું—સૂઝયું નહિ તો પછી હાલ શા માટે ફેરવવું ?—આના ઉત્તરમાં કારણો જણાવ્યાં, વળી નવા નામથી 'ગુડવિલ' ઉલટી વધુ થાય એવો દરેક જાતનો સંભવ પોતાના અનુભવ પરથી જણાવ્યો. ત્યાર પછી એમ કહેવામાં આવ્યું કે, જૈન સમાજ એ નામ રાખવાથી આર્યસમાજ, બ્રહ્મસમાજ વગેરે સંસ્થામાં રહેલો પોલીટીકલ હેતુ આપણામાં મનાશે. ઉત્તરમાં એટલું જણાવ્યું કે, માસિક પત્ર એ કંઇ સંસ્થા નથી. તેમ તેજ નામ રાખવું એવો કંઇ આગ્રહ નથી, કોઇ બીજું નામ સારૂં શોધી મુકો. ત્યારે કહ્યું કે, નામ જ ફેરવવાની જરૂર નથી. આને ટેકો આપનારાઓ કે જે આ 'હેરલ્ડ' નામના પ્રકાશક છે તેમનો તથા મી. ચુનિલાલ કાપડીઆ વગેરેનો ટેકો મળતાં અમારા તરફથી વિશેષ આગ્રહ રાખવાની જરૂર રહી નહિ.

'જૈનસમાજ' એ નામ સુંદર છે એવો અભિપ્રાય એક વિદ્વાન મુનિમહારાજ શ્રીએ પૂછવતાં જણાવ્યો હતો, છતાં એક વિદ્વાનનું અપ્રચલિત નામ લોક ન સમજે તેથી ચાલુ રાખવું ન જોઇએ એવું હવે પછી પણ સ્ટેડિંગ કમીટી ધ્યાનમાં લઇ ફરી નિર્ણય બાંધશે એવી આશા છે.

સ્વીકાર અને સમાલોચના.

તત્ત્વાર્થાધિગમ સૂત્ર સરહસ્ય—પ્ર૦ જૈનશ્રેયસ્કર મંડળ, મ્હેસાણા. પૃ. ૩૨+૧૩૨ જૈન વિદ્યાવિજય પ્રેસ. પાકું પુંઠું; કિંમત જણાવી નથી. બાઇ દીવાળીબાઇના સ્મરણાર્થે ભેટ. આમાં ઉમાસ્વાતિ વાચકના તત્ત્વાર્થાધિગમ સૂત્રને મૂળમાં આપી તેનો અર્થ ગુજરાતી ભાષામાં આપ્યો છે અને તે ઉપરાંત સંસ્કૃત ભાષ્યનો ટુંકસાર મુકેલો છે. આનો હેતુ પ્રસ્તાવનામાં એમ જણાવવામાં આવ્યો છે કે અન્ય સંસ્થા તરફથી આ ગ્રંથ સભાષ્ય ભાષાંતર સાથે છપાવવામાં આવેલ છે, પરંતુ તે હિંદી ભાષામાં હોવાથી તેમજ ભાષાન્તર શાસ્ત્રરહસ્યના અજાણ પાસે કરાવેલ હોવાથી તાત્વિક બાબતની તેમાં ઘણીએક સ્ખલ-

નાઓ થયેલ છે તેથી નવીન અભ્યાસીઓને તેના અભ્યાસની સરળતાને ખાતર અમોએ આ ગ્રંથ સરળ ગુર્જર ભાષામાં તૈયાર કરી છપાવ્યો છે."

આ ગ્રંથ જૈન એજ્યુકેશન બૉર્ડદ્વારા ધાર્મિક પરીક્ષાઓમાં નિર્ણીત થયેલ છે તો તે માટે પાઠ્ય પુસ્તક તરીકે ઠીક ખપમાં લાગી શકશે. બાકી આ ગ્રંથ એટલો બધો મહત્ત્વનો અને અર્થગંભીર છે કે તેના ઉપર થયેલ હરિભદ્ર અને અન્ય મહાવિદ્વાનોની ટીકાનું તથા તેના અનુવાદનું પ્રકટીકરણ થશે નહિ ત્યાંસુધી આ મહાન ગ્રંથની યથાર્થ ઉપયોગિતા સમજી શકાશે નહિ. જૈનદર્શનના ખરા રહસ્યનું ભાન કરવાનાર આ ગ્રંથને પ્રકુલ્લિત બનાવવાની જરૂર છે. આજકાલ સારી સારી જૈન સંસ્થાઓમાં ધાર્મિક પુસ્તક તરીકે આ ગ્રંથને એમને એમ મુકવાથી કેટલીક અડચણ નડે છે અને સમજવામાં કઠિનતા ડગલે ને પગલે લાગે છે, તેથી આમાંના સૂત્રોપર સર્વ ટીકાને આધારે હાલની લેખન પદ્ધતિપર વિવેચન લખી લખાવી પ્રકટ કરવાની ખાસ જરૂર છે, કે જેથી જૈન દર્શનનું ખરું ભાન આપણી હાલની યુવાન સંતતિને કરાવી શકાએ.

પ્રસ્તાવનામાં વાચકશ્રીનો સમય નિર્ણિત કરવા માટે ઠીક પરિશ્રમ સેવ્યો છે, પણ તે માટે દરેક ગ્રંથમાંથી લીધેલા જે ઉલ્લેખ મુકયા છે તેની સાથે તેનું ભાષાન્તર મુકી તે પરથી નિકળતા નિર્ણય તપાસવા જોઇતા હતા. છેલ્લે પ્રકાશક સંસ્થાને અભિનંદન આપીએ છીએ.

संबोधसत्तरि—પ્ર૦ આત્માનંદ જૈન ટ્રેક્ટ સોસાયટી, અંબાલા શહેર. પૃ. ૪૪. મૂલ્ય એક આનો. આ નાગપુરીય તપગચ્છના જયશેખર સૂરિના શિષ્ય રત્નશેખર સૂરિએ સૂત્રો અને ઉત્તમ પુસ્તકોમાંથી ઉધ્ધૃત કરી ૧૨૫ પ્રાકૃત ગાથાનો સંગ્રહ જે કરેલો છે તેનું મૂળ સાથે હીંદી ભાષાંતર છે. ગાથાઓ ઘણી ઉપયોગી છે અને તેથી તેનું ભાષાન્તર હીંદી ભાષા જાણનારા માટે ઉપકારી થઇ પડશે. ભાષાન્તર કરનાર શ્રીમદ્ આત્મારામજીના પટ્ટધર વિજય કમલસૂરિ શિષ્ય મુનિ લબ્ધિવિજયજી શિષ્ય મુનિ ગંભીરવિજયજી છે એ જાણી પરમ સંતોષ થાય છે. જૈન મુનિઓ આ રીતે પ્રયાસો કરશે તો ઘણું ઉત્તમ કાર્ય થશે. આમાંની બીજી ગાથાપર ખાસ ધ્યાન ખેંચીએ છીએઃ—

સેયંબરો ય આસંબરો ય બુધ્ધો અ અહવ અન્નો વા,
સમભાવભાવિ અપ્પા લહેઇ મુક્ખં ન સંદેહો.

ચાહે શ્વેતામ્બર હો યા દિગમ્બર ચાહે, બૌદ્ધ હો યા અન્ય કોઈ મતાવલમ્બી, પરંતુ જિસકી આત્મા સમભાવસેં ભાવિત હો ચુકી હો ઉસકો મોક્ષપદ પ્રાપ્ત હોતા હૈ, ઇસમેં કોઇ સન્દેહ નહીં.

આ સિવાય અનેક ગાથાઓ સુન્દર અને બોધક છે, આવી રીતે આ સોસાયટી કે જેણે ખ્રીસ્તીઓની તેવી સોસાયટી પરથી નામ રાખ્યું છે તે તેના નામ સાથે કામનું અનુકરણ ફંડ, પુસ્તક સંખ્યા, તેનો સર્વત્ર પ્રચાર વગેરેમાં કરશે તો ઘણો ઉપકાર થઇ શકશે. હિંદીમાં ઘણા ઓછા જૈન ગ્રંથો છે તો તેમાં વિશેષ ઉત્તમ ગ્રંથોની પસંદગી કરી તેનું ભાષાંતર કરાવી વધારો કર્યા કરશે.

जाती प्रबोधक—હિંદી માસિક પત્ર. સમ્પાદક તથા પ્રકાશક દયાચન્દ્ર ગોયલીય બી. એ. લખનઉ, વાર્ષિક લવાજમ પોસ્ટ સહિત રૂ. સવા.) જૈનોનો જે ભાગ સંયુક્ત પ્રાંત

આદિ ઉત્તર તરફ વસે છે તેમાં પડદા, અનમેલ (અસમાન) વિવાહ, બાળ લગ્ન, વૃદ્ધ વિવાહ, વીગેરે અનેક સામાજિક કુરીતીઓ છે, તે તોડવા માટે અને સામાજિક ઉન્નતિ શું કહેવાય તેનું યોગ્ય ભાન કરાવવા અર્થે આ માસિકનો જન્મ થયો છે. આના પ્રત્યેક અંકમાં ઓછામાં ઓછાં ૨૦ પૃષ્ટ આવે છે. આમાં સંપાદકે આર્થિક લાભનો હેતુ બિલકુલ રાખ્યો નથી, પણ સાથે જણાવ્યું છે કે "હમારા ઉદ્દેશ્ય કેવલ સમાજહિત ઔર જાતિસુધારકા હૈ." સંપાદક મહાશયે આ ઉદ્દેશ પોતાનું મિશન (Mission)-જીવન કાર્ય હોય એમ ગણ્યું છે, તેથી અમે તેમને ધન્યવાદ આપીએ છીએ. લેખો ઘણા સુયોગ્ય અને વાંચી મનન કરવા યોગ્ય આવે છે. આ નવિન માસિકનો અભ્યુદય ઇચ્છવા સાથે તેના મુદ્રાલેખ જે કાવ્ય ખંડમાં મુકવામાં આવ્યો છે તેનો અત્ર ઉલ્લેખ કર્યા વગર રહી શકતા નથીઃ—

નહીં ડરેગા કભી કિસીસે સત્ય માર્ગ દિખલાવેગા,
દોષ હરેગા જૈનજાતિ કે ઉસમેં જ્ઞાન બઢાવેગા,
ત્યોં નરનારી બાલ બાલિકા સબકે હકકી રક્ષા કર,
બલ દે પૂર્ણ સુધારક સબકો સચ્ચા સુખી બનાવેગા.

સમાધિમરણ ઔર મૃત્યુ મહોત્સવ—'દિગંબર જૈન'ની ભેટ 'સમાધિમરણ' હિંદી ભાષામાં પંડિત સૂરચંદજીએ સં. ૧૯૨૫ માં રચેલ કવિતામાં છે. મૃત્યુ મહોત્સવ સદાસુખદાસજી પંડિતે સ. ૧૯૦૮ માં હિંદી ભાષામાં લખેલ વિવેચનરૂપે છે.

પાર્શ્વચંદ્ર સૂરિનું જીવન ચરિત્ર—પ્ર– શા. મંગળદાસ લલ્લુભાઇ–શામળાની પોળ અમદાવાદ. નિર્મળ પ્રિ. પ્રેસ. પૃ. ૨૪૮+૪૧ કિંમત માત્ર એક આનો. આ પાર્શ્વચંદ્રસૂરિએ નાગપુરીય તપગચ્છ શાખા સં. ૧૫૭૨ માં તપગચ્છથી જૂદી સ્થાપી અને તેનું નામ તેમના નામથી 'પાયચંદ ગચ્છ' કહેવામાં આવે છે. એમનું જીવનચરિત્ર હાલની શૈલીએ લખવામાં આવેલું છે પરંતુ જે રીતે જીવનચરિત્ર લખાવાં જોઇએ તે રીતે લખાયું નથી છતાં બીજાં જે ગમે તેમ છપાય છે તે કરતાં તો સારૂં ગણી શકાય આ સૂરિનો ઇતિહાસ નીચે ઉતારી, પ્રકટ કર્ત્તાને આ પ્રકટ કરવા માટે ધન્યવાદ આપીશું ને વિનવીશું કે તેમના બધા ગ્રંથો સત્વરે બહાર પાડવા માટે પ્રયત્નો કરે.

જન્મ હમીરપુર (આબુની તલેટીમાં આવેલું અને મહારાજા હમીરસિંહે સ્થાપેલું ગામ) માં પિતા વણિક શ્રાવક વેલગશાહ અને માતા વિમલાદેવીથી સં. ૧૫૩૭ ચૈત્ર શુકલ ૯ શુક્રવારના રોજ થયો. નામ પાસચંદ. દીક્ષા તેજ ગામમાં તપગચ્છીય (નાગપુરીય) પંડિત મુનિ શ્રી સાધુરત્નજી (પાછળથીસૂરિ) પાસે સં. ૧૫૪૬ના વૈશાખ સુદ ૩ને દિને લીધી. ગુરૂસાથે શત્રુંજય યાત્રા કરી. સં. ૧૫૫૪ માં પાઠક-ઉપાધ્યાય પદ ગુરૂએ નાગોરમાં આપ્યું. સં. ૧૫૬૪માં શિથિલાચારને દૂર કરવા ક્રિયા ઉદ્ધાર કરવા તત્પર થયા ને નાગોરથી જોધપુર ગયા. ત્યાં પાટવી કુંવર માલદેવજી તેમના રાગી થયા અને રાવ ગાંગાજી દર્શનનો લાભ લેતા. સંવત્સરી ભાદ્રપદ શુદ ૪ ને બદલે પાંચમ સ્વીકારી અને પ્રરૂપી. જોધપુરના સંઘે સં. ૧૫૬૫ માં સૂરિપદ આપ્યું ત્યાંથી ફલોધિ થઇ રૂણગ્રામમાં ક્ષેત્રપતિ-ભૈરવવીરને વશ કર્યો અને ઓશવાળ બાહડદેવ અને તેની સ્ત્રી આંપલ દેવીના પુત્ર વરદરાજને નવ વર્ષની ઉમરે

દીક્ષા આપી, નેં તેનું વિજયદેવમુનિ નામ રાખ્યું. પછી નાગોરમાં લોંકાશાહ સાથે વાદ. તેના ૭ શિષ્યે આ સૂરિપાસે લીધેલી દીક્ષા. હેમરાજજી ઓશવાળને દીક્ષા. બીકાનેર, જેશલમીર, પોકરણ પ્રબોધિ, જોધપુર, જાલોર પછી બાદવાડની પંચતીર્થી કરી—પ્રથમ આબુ પછી હમીરપુર, સાચોર, થરાદ અને પછી અણહિલપુર પાટણ. જતિનું જોર નરમ પાડ્યું. રાધનપુર (સં ૧૬૬૭), કચ્છ ભચ્ચૌ, અંજાર, ભદ્રેશ્વર, મુદ્રા, માંડવી, ભુજ, પછીગુજરાત કાઠિયાવાડ–મોરબી વાંકાનેર જામનગર રાજકોટ જુનાગઢ ગિરનાર શત્રુંજય વલ્લભીપુર (વળા લિંબડી વઢવાણ ને ધાંગધ્રા. બે બ્રાહ્મણ કન્યા પ્રતિબોધી પછી સંખેશ્વરપાર્શ્વનાથ, માંડળ, વીરમગામ. વિદ્યાસાગર સાથે વાદ, અણહિલપુર પાટણ (સં. ૧૬૭૫ ચોમાસું) ભીમાશાહ અને વહાલાદેવીના પુત્ર અમરસિંહ (જેનો જન્મ સં૦ ૧૬૬૦ માગશર સુદિ ૧૧) ને સં૦ ૧૬૭૫ માગશર શુદિ ૫ ને રોજ દીક્ષા આપી. બીજા નવદીક્ષિત સમરચંદ્ર મુનિ. અમદાવાદ, ખંભાત, કાવી–ગંધાર–ભરૂચ થઇ સુરત–વડોદરા માલવદેશ. અહીં દ્રવિડ દેશના બાસો પાખંડીને બોધ. ઉદયપુર, જોધપુર—ત્યાં રજપુ ઉદયચંદને દીક્ષા, નાગોર-સાધુ રત્નસૂરને વંદન. બીકાનેર, રતનગઢ, જયપુર, દીલ્લી, આ કાશી, મુર્શિદાબાદ, સમેતશિખર. ચોમાવખતે વિજયદેવમુનિ દક્ષિણમાં બિજાપુરમાં રાજસભામાં મજહબી (ધર્મીય) વિવાદ કર્યો ને રાજાએ સૂરિપદ તેને આપ્યું ને પછી નાગોર આવ્યા. પાર્શ્વચંદ્ર સૂરિએ ૧૫૭૪ થી ચોમાગમો પર બાલાવબોધ ને બીજા ગ્રંથ લખવા શરૂ કર્યા. પછી માંડવગઢના બાદશાહને પ્રતિબોધ. દરમ્યાન ચિતોડના મહારાણાની કચેરીમાં ખરતર, તપ, કડવામતિ આદિની સભામાં આવી આનંદવિમલસૂરિના પ્રશ્નોના ઉત્તર યતિ વિદ્યાસાગર ને લોંકાશાહને જવાબ. સં૦ ૧૫૯૮ માં નાગપુરીય તપગચ્છાધિરાજ આનંદવિમલસૂરિએ સલખણપુરમાં હતા ત્યાં ૧૫૯૯ ના વૈશાખ શુદિ ૩ મંગળવારને દિને ઉપાધ્યાન પદ આપ્યું. સમરચંદ્રને ઉપાધ્યાય પદ આપ્યું. પછી ખંભાત. ત્યાં શિષ્ય વિજયદેવસૂરિનું સ્વર્ગગમન (સં૦ ૧૬૦૦), અમદાવાદ, શત્રુંજય, વાંકાનેર, પછી સં૦ ૧૬૦૦ માં નાગોર. મારવાડમાં ૩૫૦૦ લેઢા ગોત્રીય મહેશ્વરી ધર્મનાં ઘર તથા બાંઠીઆ ગોત્રીય મહેશ્વરીને જૈન કર્યા (વિરમગામનાં વીસા શ્રીમાળી મહેશ્વરીને જૈન કર્યા). આ વર્ષે બાદશ્રી સાધુ રત્નસૂરિનું ત્યાં સ્વર્ગગમન. કૃતિઓ જૂદી જુદી રચી. સમરચંદ્ર ઉપાધ્યાયને આગરોદ ગામમાં સૂરિપદ. જોધપુર. પછી ત્યાં ૧૬૧૨માં સ્વર્ગગમન. પછી જોધપુરના રાણાને દિલ્લીના બાદશાહ સાથે લડાઇ અને તેનોઆંતા.

વૈતાલ પંચવીસી—સંશોધન કરી છપાવી પ્ર૦ રા. જગજીવનદાસ દયાળજી મોદી સબડેપ્યુટી એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર, બાંભા મહાલ, વડોદરા રાજ્ય સં. ૧૯૭૨. પૃ. ૮+૧૮૮. લુહાણામિત્ર પ્રેસ વડોદરા કિંમત દોઢ રૂ.) આ બે ગ્રંથ બાળબોધ લિપિમાં મુક્યા છે. એક પદ્ય રાસ લઘુપોશાલિય પટ્ટાવલિમાં હેમવિમલ સૂરિના પટ્ટધર સૌભાગ્યહર્ષસૂરિના પટ્ટધર સોમવિમલ સૂરિના શિષ્ય લક્ષ્મીભદ્ર, તેના શિષ્ય ઉદયશીલ તેના ચારિત્રશીલ, તેના પ્રમોદશીલ અને તેના દેવશીલે સં. ૧૬૧૯ માં રચેલો છે બીજો ગદ્યગ્રંથ છે તેના કર્ત્તાના કે રચ્યા સમયનો સ્પષ્ટ નામ નિર્દેશ નથી પરંતુ મંગલાચરણમાં લેખક પોતે પં. શ્રી હીરવિજયસૂરિ ગુરૂને નમસ્કાર કરે છે તે પરથી તેના શિષ્ય હોય તેમ જણાય છે. હીરવિજયસૂરિનો કાલ તપાસીશું તો જણાશે કે તેમને આચાર્યપદ શિરોહીમાં સં. ૧૬૧૦ માં મળ્યું ને તેમનું સ્વર્ગગમન ઉનામાં સં. ૧૬૫૨ ના ભાદ્રપદ શુદિ ૧૧ ને દિને થયું. તે આ ગ્રંથનો રચના કાલ સં. ૧૬૫૦ થી તે ૧૬૫૨ ની વચમાં મુકી શકાય. આ પરથી

બંને ગ્રંથ સંવત્ સત્તરમા સૈકામાં રચાયેલા છે. પદ્યગ્રંથ સં. ૧૮૨૯ માં લખાયેલી પ્રત પરથી છપાયો છે.

બંનેની ભાષા મધ્યકાલીન ગુજરાતી છે કે જે અપભ્રંશ ભાષા પછી ગુજરાતમાં બોલાતી ભાષા છે. જે એકાદ બે વિદ્વાનોનું મંતવ્ય છે કે ગુજરાતી ભાષાનો વિકાસક્રમ ઉત્તરોત્તર થતો આવ્યો છે તે વાત સંદિગ્ધ છે અને તેથી પ્રાચીન ગુજરાતી ભાષામાં અને હાલની ભાષામાં ઝાઝો દમવાળો ફેર હતો નહિ તેઓને આવા પદ્ય અને ગદ્ય ગ્રંથો પ્રાચીન સુભાગ્યે મળી આવે છે તે જોઈ વિચારી જવાની વિનંતિ કરવામાં આવે છે અને અમોને ખાત્રી છે કે નિષ્પક્ષપાત બુદ્ધિ વાપરતાં તેમને પોતાનું મંતવ્ય ભ્રાંતિવાળું જણાયા વગર રહેશે નહિ. આવી ભ્રાંતિ ઉપજવાનું કારણ કેટલાક એવું જણાવે છે કે, લહીઆઓ મૂળપ્રત ઉતારતાં પોતાના સમયની ભાષામાં ફેરફાર કરતા આવ્યા તે છે; પણ અમારે કહેવું જોઈશે કે જૈન લહીઆઓને કદી પણ તેમ કરવાની શાસ્ત્રની આજ્ઞા નહિ હોવાથી તેઓ કરતા નહિ અને તેથી તેઓ જોઈ પ્રત આબાદ મૂળ પ્રમાણે અક્ષરશઃ એક પણ કાના માત્રનો પણ ફેરફાર કર્યા વગર ઉતારતા. આનું યાથાતથ્ય એક ગ્રંથની જૂદા જૂદા સમયમાં કરેલા જૂદી જૂદી પ્રતો સરખાવવાથી સ્પષ્ટપણે જણાશે. આની એક સાબીતી રૂપે આમાંના ગદ્ય ગ્રંથમાં અંતે તેની પ્રતનો લેખક (લહીઓ) જે શ્લોક જણાવે છે તે અત્રે રજુ કરીશું:—

યાદૃશં પુસ્તકે દૃષ્ટં તાદૃશં લિખિતં મયા,
યદિ શુદ્ધમશુદ્ધં વા મમ દોષો ન દીયતે.

એટલે જેવું (મૂળ) પુસ્તકમાં જોવામાં આવ્યું છે તેવું મેં લખ્યું છે; તો જો શુદ્ધ કે અશુદ્ધ (પુસ્તકમાં) જણાય તે માટે મને દોષ આપશો નહિ.

સંશોધક મહાશય જૈનેતર હોવા છતાં આ જૈનકૃતિઓ માટે જે પ્રયત્ન સેવ્યો છે તેને માટે અમે હૃદયપૂર્વક ધન્યવાદ આપીએ છીએ.

આવુંજ સંશોધન અને તેવા પ્રયત્ન અત્યાર પહેલાં જૈનેતર વિદ્વાનોએ ગુજરાતી કાવ્યસાહિત્ય ભંડાર પાડવામાં સાથે સાથે ઉપાડી લીધેલ હત તો કેટલો બધો પ્રભાવ પડી શકત! પ્રાચીન કાવ્યમાળામાં શીલવતીનો રાસ પગટ થયો તે સિવાય (કાવ્ય દોહનમાં જૈન ટુંકાં કાવ્યો છૂટક છૂટક આવ્યાં છે તે માત્ર નામ ખાતરજ!) બીજો કોઇ પણ પ્રયત્ન થયો હોય તે અમારી સ્મૃતિ કે જાહિતીમાં નથી. સંશોધકે ગુજરાતી ભાષાની ઘટનામાં જૈન કૃતિઓએ આપેલો ફાળો—તેની સાથે તત્કાલીન જૈનેતર કૃતિનું સરખાવવું—તે પરથી ભાષાના વિકાસપર પ્રકાશ, સંબંધો પ્રસ્તાવનામાં યોગ્ય વિવેચન કર્યું હત તો સંશોધકના સંશોધન કાર્યની ખરા મહત્ત્વની કીંમત થાત. અચકાતાં કહેવાઇ જવાય છે કે કાગળના દુષ્કાળના ઓઠા નીચે પૈતાલ પંચવીસીની વાર્ત્તા ઉપર વિવેચન કરવાનું પણ સંશોધકે દુરસ્ત ધાર્યું નથી. આની સાથે સંસ્કૃત મૂળ સાથે કેટલો સંબંધ છે, ત્યાર પછી શામળદાસે કરેલી મડાપચીસીમાં શું ભેદ છે અને તુલના કરતાં બંનેની કનિષ્ટતા ઉત્તમતા કેટલે કેટલે અંશે છે એ ખાસ બતાવવાની જરૂર હતી.

ભવિષ્યમાં આશા રાખીએ છીએ કે આ વાતપર લક્ષ રાખવાનું તેઓ ચૂકશે નહિ, અને તેટલા સમયમાં ઘણું ઘણું નવું પણ લખવા વિચારવાનું સૂઝી આવશે. આમ છતાં

પદ્યગ્રંથ પાછળ થોડા શબ્દોના અર્થ તથા ગદ્યગ્રંથનું ગુજરાતી ભાષાંતર આપવામાં જે પરિશ્રમ સેવાયો છે તે માટે સંશોધકને અભિનંદન આપીએ છીએ.

છેવટે પ્રાચીન ગુજરાતી ગ્રંથોનો સમુદ્ધાર કરવાને માટે દત્તચિત્ત થયેલા વડોદરા નરપતિ શ્રીમંત ગાયકવાડ સરકારને સંપૂર્ણ ધન્યવાદ આપતાં આનંદ થાય છે. તેમના ઉત્તેજનથી જ આ કૃતિ અને સાક્ષર કેશવલાલ હર્ષદરાય ધ્રુવ સંશોધિત ભાલણકૃત કાદંબરી પ્રસિદ્ધ થયેલ છે અને તેવી રીતે હવે પછી બીજી કૃતિઓ થતી જશે. છેવટે આ પુસ્તક ખરીદવા માટે જૈનો અને દરેક જૈન લાયબ્રેરીને ભલામણ કરીએ છીએ.

શ્રાવકકલ્પતરૂ—(કર્ત્તા મુનિશ્રી કર્પૂરવિજયજી, પૃ૦ ૧૬૨, પ્ર૦ જૈન શ્રેયસ્કરમંડળ મહેસાણા, તેમજ જૈન આત્માનંદ સભા-ભાવનગર, 'સત્યપ્રકાશ' પ્રેસ-અમદાવાદ, કિંમત જણાવી નથી.) આમાં સમકિત બારવ્રત, ૧૧ શ્રાવક પ્રતિમા, ૨૧ શ્રાવક ગુણ, અને વ્યવહાર શિક્ષા આપેલ છે અને તેની સાથે ગુણાનુરાગ કુલક પણ ટુંકું ભાષાંતર મુકયું છે. સામાન્ય આ વિષય શું છે તેનું દિગ્દર્શન આ પુસ્તકમાં કરાવ્યું છે તેથી આ વ્રત, પ્રતિમાદિ કયા કયા, કેટલા અને તેનો ટુંકો અર્થ શું છે તે એકદમ આમાંથી મળી શકે છે. તે દરેકમાં ઉંડું રહસ્ય, તે દરેકનો ક્રમ, હેતુ, અને ઉંડી સમજ-દરેક પારિભાષિક શબ્દનો અર્થ વગેરે વિવેચનપૂર્વક ઉમેરવામાં આવ્યું હત તો તે સુપાદપ અવશ્ય થાત. એકંદરે પ્રયાસ સ્તુત્ય છે.

વડોદરાના જીવદયાખાતાનો વાર્ષિક રિપોર્ટ. સં૦ ૧૯૭૨-પૃ૦ ૮—ગઇ સાલમાં રૂ. ચાર હજાર ઉપર સીલીક હતી ને ત્રણ હજાર મદદ મળતાં કુલ સાત હજારમાંથી સાતસેં રૂપીઆનો ખર્ચ કર્યો છે. આમાંનું એક ઘેટાંનું કાઠિયાવાડ વગેરે સ્થળેથી ભરવાડ લોકો ઘેટાંઓ વગેરે લાવે છે તે કસાઇને પરબારાં વેચી ન દે માટે તેની પાસેથી ખરીદી પાંજરાપોળમાં મુકવાનું છે. તેમાં ભરવાડોના ધર્મગુરૂ લાખા ભગતે દર ઘેટું અડધા રૂ.ની નજીવી કીમતે આપવાનો બંદોબસ્ત કરી આપ્યો છે તે જાણવા જેવું છે. અહીં સામાન્ય સૂચના કરવાનું મન થઇ આવે છે કે આ બધા જીવોને પાંજરાપોળમાં મુકયા પછી શું? તે સંબંધી કોઇએ વ્યવહાર વિચાર કર્યો છે? પાંજરાપોળ સંબંધી ઘણું કરવાનું રહે છે. જ્યાંસુધી તે સંસ્થા દેશેદેશ અને ગામેગામ નહિ સુધરે ત્યાં સુધી જીવદયાખાતાંઓ તથા દયાના હિમાયતી ગણાતા આપણા ધર્મશ્રદ્ધાળુ ભાઇઓની પૈસાની મદદ વગેરે કેટલે અંશે ઉપકારી થઇ શકશે તે સહેજે સમજી શકાય તેવું છે. આ જીવદયાખાતાની મેનેજીંગ કમીટી ને સેક્રેટરીને ધન્યવાદ આપવામાં આવે છે.

હુબલી પાંજરાપોળ—૧૧-૧૨ મો વાર્ષિક રિપોર્ટ ૧૯૧૪—૧૫. આ પાંજરાપોળ સારૂં કામ કરે છે.

પ્રાણીરક્ષક સંસ્થા-ધુળીઆ-રિપોર્ટ--૧૯૧૪-૧૫—આ સંસ્થા ઘણુંજ સારૂં કાર્ય કરે છે. કાર્યવાહકો ઉત્સાહી છે વગેરે હકીકત અમો અગાઉ જણાવી ગયા છીએ. રિપોર્ટ પરના મરાઠી શાર્દૂલ પર અમે સર્વનું ધ્યાન ખેંચીએ છીએ:—

યા વિશ્વાંત પિપીલીકા સમ જરી કિંવા કરી સારિખે,
પ્રાણી ક્ષુદ્ર લહાન થોર અસલે માના ન ત્યા પારખે.

સર્વા ઘા સુખ હીય ભક્તિ પરમેશા માન્ય હોઇ સદા,
સંસ્થા પ્રાણિસુરક્ષિણી વિનવિતે સોડા દયા ના કદા.

આ સંસ્થા દરેક રીતે ઉત્તેજનને પાત્ર છે.

પર્યુષણ નિમિત્તનાં ક્ષમાવના પત્રો—જુદાં જુદાં કાર્ડો, પત્રો, મેઘજી હીરજી બુકસેલર પાયધુની મુંબઇ તરફથી મળ્યા છે તે જોતાં તેના સાહસ પ્રત્યે આનંદ થાય છે. રેશમી રૂમાલ પર, ઝીણા કાગળો પર રંગીન અને સુંદર રીતે ક્ષમાદર્શક કવિતાઓ સારૂં ધ્યાન ખેંચે છે. નવીન વર્ષનાં કાર્ડો વીગેરે કાઢયાં છે તે પણ સારાં છે.

કૉન્ફરન્સ મિશન.

સુકૃત ભંડાર ફંડ.

(તા. ૧-૮-૧૬ થી તા. ૨૯-૯-૧૬, સંવત ૧૯૭૨ ના શ્રાવણ સુદ ૨ થી આસો સુદ ૨ સુધી.)

વસુલ આવ્યા રૂ. ૪૭૪-૧૨-૦ ગયા માસ આખરના બાકી રૂ. ૨૯૨૬-૧૧-૦

(૧) **ઉપદેશક મી. વાડીલાલ સાંકળચંદ**—મહીકાંઠા.

રૂપાલ ૨૨૧, હાથરોલ ૮૫, કાખોદરા ૭૭, રણાસણ-શેઠ છોટાલાલ ૪, મોઢુકા ૩, રણાસણ ૧૨૧, મોહન પુર ૧૧૫૫, અરપોદરા ૭, દધાલીઆ ૨૩૫, સરડોઇ ૩, બાકરોલ ૧, બડોદર ૫૫૫, સાંગલપર ૬૫૫, આખજ ૩૫૫, મુણસર ૧૦૫. કુલ રૂ. ૧૨૯—૧૨—૦

(૨) **ઉપદેશક મી. પુંજાલાલ પ્રેમચંદ**—ખાનદેશ જલ્લો.

જળગાંવ ૩૪૫, પાચોરા ૨૫, ચાળીસગાંવ ૨૮, ધુળીઆ ૫૫૫૫, માલેગાંવ ૧૬૫, યેવલા ૪૦, નાસીક ૨૭૫૫૫. કુલ રૂ. ૨૨૯—૮—૦

(૩) **ઉપદેશક મી. અમૃતલાલ વાડીલાલ**—દક્ષિણ ગુજરાત.

પાદરા ૧૮, રાંદેર ૩૯, નવસારી ૧૩, જલાલપોર ૮૫. કુલ રૂ. ૭૮-૮-૦

(૪) આગેવાનોએ પોતાની મેળે મોકલાવ્યાઃ—

મુંબઇ—દશમી શ્રી **જૈન** શ્વેતાંબર કૉન્ફરન્સ વખતના ૧ ગૃહસ્થના પાંચ રૂપીઆવાળી રસીટના ૫, **અમદાવાદ**—શેઠ હરીલાલ છોટાલાલ ૧૫૫, શેઠ મનસુખ અનોપચંદ ૧, **બેંગલોર**—શેઠ બી. એફ, આલમચંદ ૧૫૫, **ફતેપુર**—શેઠ પ્રતાપચંદ રીખવચંદ ૫, **ગ્વાલીઅર**—શેઠ બાગમલજી નથમલજી ૬, **સાંગલી**—શેઠ ચુનીલાલ છગનલાલ સરાફ મારફત ૧૬૫. કુલ રૂ. ૩૭—૦—૦

૩૪૦૧—૭—૦

ઉપરની રકમ સિવાય મુંબઇના શેઠ પાસવીર મુળજી લોડાયા તરફથી રૂ. ૫૧) આ ફંડ ખાતે અનામત રાખી દરવર્ષે વ્યાજ વાપરવાને દશમી શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ વખતે કહેલા તે માન સાથે સ્વીકારી અનામત ખાતે જમા કરવામાં આવ્યા છે.

નોટ—ચાર આનાવાળી બે રસીટ બુકો—નં. ૨૨૧-૨૪૦, ૪૮૧-૫૦૦ સુધીની દશમી શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ વખતે મંડપમાં વૉલંટીઅર મારફત સ્ત્રી પ્રેક્ષકોએ મંગાવેલી તે પાછી આવી નથી તે હવે રદ કરવામાં આવે છે. માટે તેના પૈસા કોઇએ આપવા નહીં.

૨ ધાર્મિક હિસાબ તપાસણી ખાતું.

તપાસનાર—**શેઠ ચુનીલાલ નહાનચંદ્ર, ઓન.** ઓડીટર શ્રી **જૈન** શ્વેતાંબર કૉન્ફરન્સ.

૨ **જીલ્લે ગઢવાડા મહાલ સાદરા તાબે** ગામ **વાવ** મધ્યેના શીતળનાથજી મહારાજના દેરાસરજીના વહીવટનો રીપોર્ટઃ—સદરહુ સંસ્થાના શ્રી સંઘ તરફથી વહીવટકર્ત્તા શેઠ તલકચંદ ભાઇચંદના હસ્તકનો સંવત ૧૯૬૬ થી ૧૯૭૨ ના અશાડ વદ ૩ સુધીનો વહીવટ અમોએ તપાસ્યો. સદરહુ સંસ્થાના વહીવટનું નામું રીતસર રાખી વહીવટ સારી રીતે સાચવવામાં આવે છે. સદરહુ સંસ્થાનું જૈન મંદિર નવું બનાવી તેની પ્રતિષ્ટા સંવત ૧૯૬૬ માં કરવામાં આવી છે. મંદિરની આગળનો કેટલોક ભાગ અધુરો રહેવાથી કેટલીક આશાતના તથા કેટલીક જાતનો ભય રહેતો હોવાથી મહેનત લઇ તાકીદે પુરો કરી નાખવા લાગતાવળગતાને સૂચના કરવામાં આવી છે. કોઇ સખી જૈન ગૃહસ્થ આ તરફ નજર કરી પોતાનો સખી હાથ લંબાવી મોટું પુણ્ય પ્રાપ્ત કરવા અમારી ભલામણ છે ખર્ચ ઘણો મોટો કરવાનો નથી.

૨ **જીલ્લે ગઢવાડા મહાલ સાદરા તાબે** ગામ **સુદાસણા** મધ્યેના શ્રી વાસુપુજ્ય સ્વામીજી મહારાજના દેરાસરજીના વહીવટને લગતો રીપોર્ટઃ—સદરહુ સંસ્થાના શ્રી સંઘ તરફથી વહીવટકર્ત્તા દોશી ઝુમખરામ કુબેરદાસના હસ્તકનો સંવત ૧૯૬૭ થી સં. ૧૯૭૨ ના અશાડ સુદ ૨ સુધી નો હિસાબ અમોએ તપાસ્યો તે નીચે પ્રમાણેઃ—

સદરહુ સંસ્થાના વહીવટનું નામું રીતસર રાખી વહીવટ સારી રીતે ચલાવ્યો છે.

સદરહુ દેરાસરજી નવીન કરાવવા માટે ગામ મધ્યેના જૈનોએ પોતપોતાની શક્તિનુસાર નાણાં ધીરી દેરાસરજીનું કામ લગભગ ત્રણ વર્ષે પૂરૂં કરી તે મધ્યે ભગવાનને બીરાજમાન કરવા પ્રતિષ્ટા કરી. તેમાં ચડાવા વગેરેમાં સારી મદદ કરી પોતાનાં નાણાં વસુલ કરી લીધાં એટલું જ નહીં પણ ધીરેલાં નાણાંનું ત્રણ વર્ષનું વ્યાજ માફી દઇ મુદ્દલ નાણાં વસુલ લેવા માટે તેઓને પૂરેપૂરો ધન્યવાદ ઘટે છે.

૩ **પાલણપુર સંસ્થાનના કોદરમ ગામ** મધ્યેના **શ્રી ઋષભદેવજી** મહારાજના દેરાસરજીના વહીવટને લગતો રીપોર્ટઃ—સદરહુ સંસ્થાના શ્રી સંઘ તરફથી વહીવટકર્ત્તા શેઠ રવચંદ હાથીચંદ તથા શેઠ હીરાચંદ ડુંગરના હસ્તકનો સં. ૧૯૭૦ ના ભાદરવા સુદ સુદ ૫ થી સં. ૧૯૭૨ ના જેઠ વદ ૮ સુધીનો વહીવટ અમોએ તપાસ્યો. તે જોતાં હિસાબ બરાબર રાખવામાં આવ્યો છે ખરો, પણ એક વેપારીની પેઢીની માફક દેરાસરજીના નાણાં ગામ મધ્યેના જૈનોને વ્યાજે ધીરી મોટી રકમની ઉઘરાણી ચડાવી મૂકી છે. તે આ ખાતા તરફથી તપાસણી થતાં ઉઘરાણી વસુલ કરવાનો ગોઠવણ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો પણ હાલમાં વરસાદની તાણ હોવાને લીધે ગામ મધ્યેના આગેવાન ગૃહસ્થો પાસે વરસાદ થયા બાદ નાણાં વસુલ કરી લેવાનું ઠરાવ કરાવ્યું છે.

૪ **ઉત્તર ગુજરાતના ખેરાળુ મહાલના** ગામ **ડભાડ** મધ્યેના શ્રી ધર્મનાથજી મહારાજના દેરાસરના વહીવટને લગતો રીપોર્ટઃ—સદરહુ સંસ્થાના શ્રી સંઘ તરફથી વહીવટકર્ત્તા શેઠ ડુંગરશી ભીખાભાઇના હસ્તકનો સંવત ૧૯૬૬ થી સંવત ૧૯૭૨ ના અશાડ સુ. ૧ સુધીનો વહીવટ અમોએ તપાસ્યો. સદરહુ સંસ્થાના વહીવટનું નામું સાધારણ રીતે રીતસર રાખી વહીવટ સારી રીતે ચલાવે છે.

સદરહુ સંસ્થાનું જૈન મંદિર વહીવટકર્તા ગૃહસ્થે ઘણુંજ શોભાયમાન બનાવી તેમાં મહાજનના ખર્ચથી કુવો બંધાવી એક સરસ બાગ પણ બનાવ્યો છે તે માટે તેમને ધન્યવાદ ઘટે છે.

સદરહુ ગામમાં ઉપાશ્રય નહીં હોવાથી વહીવટકર્તા ગૃહસ્થે તથા તેમના ભાઇ શાહ નહાનચંદ સાકરચંદે પોતાની ગીરોથી રૂ. ૧૧૦૦) અગીઆરસે આપી બાકીના રૂપીઆ ગામમાંથી તેમજ બહાર ગામથી મેળવી એક સરસ ઉપાશ્રય બનાવ્યો છે. તે સિવાય સંસ્થાને લગતું દરેક કામ પૂરી કાળજીથી બજાવે છે તે માટે તેમને પૂરેપૂરો ધન્યવાદ ઘટે છે.

૫ જીલ્લે ગઢવાડા મહાલ સાદરા તાબે ગામ દીંભા મધ્યેના શ્રી અજિતનાથજી મહારાજના દેરાસરજીના વહીવટને લગતો રીપોર્ટ:—

સદરહુ સંસ્થાના શ્રી સંઘ તરફથી વહીવટકર્તા મ્હેતા દલછારામ મંછારામ તથા મ્હેતા નથુભાઇ ભાઇચંદના હસ્તકનો સંવત ૧૯૬૦ થી સંવત ૧૯૭૨ ના અશાડ વદ ૨ સુધીનો વહીવટ અમોએ તપાસ્યો. સદરહુ સંસ્થાનું નામું રીતસર રાખવામાં આવ્યું નથી. પરંતુ વહીવટકર્તાએ પોતાની પૂરપૂરી કાળજીથી કામ કરે છે.

સદરહુ સંસ્થામાં પૂજન વગેરેનુ ખર્ચ જૈનોએ પોતાની ગીરોથી કરે છે. પરંતુ અજ્ઞાનતાથી દેરાસરજીમાં દીવામાં બાળવા ના ઘીના પૈસા દેરાસરજીમાંથી આપતા હતા. પરંતુ ત્યાંના શ્રી સંઘને તે બદલ સમજણ પાડવાથી તેજ વખતે દરવર્ષે દર લહાણાં દીઠ પાંચશેર ઘી આપવાનો ઠરાવ કરી દેરાસરજીના પૈસામાંથી ઘી બાળવાનું બંધ કરી દીધું છે.

નોટ—સદરહુ પાંચે સંસ્થાઓનો વહીવટ તપાસી તેમાં જે જે ખામીઓ દેખાણી તેને લગતું સૂચનાપત્ર દરેક વહીવટકર્તા ગૃહસ્થને આપવામાં આવ્યું છે.

દશમી શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સની બેઠક વખતે ભરેલી રકમ.

વસુલ આવ્યાની વીગત સાંધણ જુન ૧૯૧૬

નં.	નામ.	ગામ.	કેળવણીફંડ	નિભાવફંડ	સુકૃતભંડારફંડ	કુલ
૧	શેઠ ઓધવજભાઇ નીમજી	મુંબઇ	૫૧	૨૫		૭૬
૨	શેઠ લાલભાઇ કલ્યાણજીભાઇ	,,	૩૭।।	૩૭।।		૭૫
૩	શેઠ મણીલાલ સૂરજમલ	,,	૨૫।।	૨૫।।		૫૧
૪	શેઠ નાગરદાસ રણછોડ	માંગરોલ				
	હ. પ્રેમજીભાઇ	(મુંબઇ)	૨૫	૨૫		૫૦
૫	શેઠ મણીલાલ મહોકમચંદ	મુંબઇ	૨૫	૨૫		૫૦
	રા. રા. મટુમલજી ભણશાળી	દીલ્હી	૨૫	૨૫		૫૦
	શેઠ પાશવીર મુળજી લોડાયા	મુંબઇ		ફક્ત વ્યાજ વાપરવું	૫૧	૫૧
૮	શેઠ કુલચંદજી નેમીચંદજી ગુલેછા	કુંભેરી	૧૫	૧૫		૩૦
૯	વકીલ છોટાલાલ ત્રીકમલાલ	વીરમગામ	૧૫	૧૦		૨૫
૧૦	શેઠ વડીલાલ ત્રીભોવન	અમદાવાદ	૧૫			૧૫
૧૧	શેઠ મંછુભાઇ ઉમાજી	ખારડોસી	૧૦			૧૦
૧૨	શેઠ નાગરદાસ હરગોવિંદ	[illegible]	૫			૫
		કુલ	૨૪૬	૧૬૨	૫૧	૪૫૮

જે જે ગૃહસ્થો પાસે બાકી છે, તેમણે મોકલાવી આપવા તસ્દી લેવી. (જુઓ જુન ૧૯૧૬ નું પેજ નં. ૨૦૭)

દશમી શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ રીસેપ્શન કમીટીની મળેલી મીટીંગ. દશમી શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ કમીટીની બીજી મીટીંગ શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ ઑફીસમાં તા. ૯-૯-૧૬ શનીવારની રાત્રે ૭॥ વાગે **શેઠ કલ્યાણચંદ શોભાગચંદના** પ્રમુખપણા નીચે મળી હતી તે વખતે સર્વાનુમતે નીચે મુજબ ઠરાવો પસાર થયા હતાઃ—

૧ રા. રા. મોતીચંદ ગીરધરલાલ કાપડીઆએ ઑડીટ કરાવેલા હિસાબ તથા ઑડીટર તરફથી આવેલ સૂચનાપત્ર વાંચી સંભળાવ્યો અને ઑડીટરને મોકલાવેલ જવાબ પત્ર પણ વાંચવામાં આવ્યો. ત્યાર બાદ રા. રા. નારાભાઇ મગનલાલ મોદીની દરખાસ્તથી અને શેઠ મુળચંદ હીરજીના ટેકાથી હિસાબ સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો.

૨ દશમી શ્રી જૈત શ્વેતાંબર કૉન્ફરન્સનો રીપોર્ટ તથા હિસાબ પ્રગટ કરવા માટે રૂ. ૬૦૦) સુધી ખર્ચ કરવા માટે મંજુરી આપવામાં આવી.

૩ બીજી શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સની રીસેપશન કમીટીએ આ કમીટીને રૂ. ૨૦૦૦) બે હજાર આપ્યા હતા. તે રૂપીઆ રાખવાની આ કમીટીને જરૂર ન પડવાથી આભાર સાથે તે રકમ તે કમીટીને પાછી સુપ્રત કરેછે અને તેવો ઠરાવ કરવા માટે બીજી કૉન્ફરન્સની રીસેપ્શન કમીટીનો ઉપકાર માનવાનો ઠરાવ કર્યો છે. રીપોર્ટ છપાવવાનો ખર્ચ બાદ કરતાં આ રીસેપ્શન કમીટીના વધારામાં જે રકમ બાકી રહે તે રકમ કૉન્ફરન્સ નિભાવ ફંડ ખાતે આપવાનો ઠરાવ કમીટીએ સર્વાનુમતે કર્યો છે.

श्री जैन श्वेताम्बर कॉन्फरन्स हेरॅल्ड.

Jaina Shvetambara Conference Herald.

પુ. ૧૨. અંક ૧૦. વીરાત્ ૨૪૪૨ કાર્તિક, સં. ૧૯૭૩. નવેમ્બર, ૧૯૧૬.

The Metaphysics and Ethics of the Jainas

By H. Jacobi.

All who approach Jain philosophy will be under the impression that it is a mass of philosophical tenets not upheld by one central idea, and they will wonder what could have given currency to what appears to us an unsystematical system. I myself have held, and given expression to, this opinion, but I have now learned to look at Jain philosophy in a different light. It has, I think, a metaphysical basis of its own, which secured it a distinct position apart from the rival systems both of the Brahmans and of the Buddhists. This is the subject on which I would engage your attention for a short space of time.

Jainism, at least in its final form, which was given it by its last prophet the twenty-fourth Tirthakara Mahavira, took its rise, as is well known, in that part of Eastern India where in an earlier period, according to the Upanishads, Yajnavalkya had taught the doctrine of Brahman and Atman, as the permanent and absolute Being, and where Mahavira's contemporary and rival, Gotama the Buddha, was preaching his Law, which insisted on the transitoriness of all things. Jainism, therefore, had to take a definite position with reference to each of these mutually exclusive doctrines; and these it will be necessary to define more explicitly.

The one great Truth which the authors of the Upanishads thought to have discovered, and which they are never weary of exalting, is that, underlying and upholding from within all things, physical as well as psychical, there is one absolute permanent Being, without change and with none other like it. The relation between this absolute Being and existent matter has not clearly been made out by the authors of the Upanishads, but all unprejudiced readers will agree that they looked on the phenomenal world as real. On this point the different schools of Vedantins arrived at different conclusions, which, however, need not detain us here.

In opposition to this Brahmanical doctrine of absolute and permanent Being, Buddha taught that all things are transitory; indeed his dying words were that all things that are produced must perish. The principal heresy, according to the Buddhists, is the *Atmavada*, i. e. the belief that permanent Being is at the bottom of all things; they are, as we should say, but phenomena, or as Buddha expressed it *dharmas*; there is no *dharmin*, no permanent substance of which the *dharmas* could be said to be attributes.

Thus the Brahmans and the Buddhists entertained opposite opinions on the problem of Being because they approached it from two different points of view. The Brahmans exclusively followed the dictates of pure reason which forces us to regard Being as permanent, absolute, and uniform; the Buddhists, on the other hand, were just as one-sided in following the teaching of common experience according to which existence is but a succession of originating and perishing. Either view, the *a priori* view of the Brahmans, and the *a posteriori* view of the Buddhists, is beset with many difficulties when we are called upon to employ it in explanation of the state of things as presented to us by our consciousness; difficulties which cannot be overcome without a strong faith in the paramount truth of the principle adopted.

The position taken by the Jainas towards the problem of Being is as follows. Being they contend, is joined to production,

continuation, and destruction (*sad utpada-dhrauvya-vinasha-yuktam*), and they call their theory the theory of indefiniteness (*anekantavada*), in contradistinction to the theory of permanency (*nityavada*) of the Vedantists, and to the theory of transitoriness (*vinashavada*) of the Buddhists. Their opinion comes to this. Existing things are permanent only as regards their substance, but their accidents or qualities originate and perish. To explain: any material thing continues for ever to exist as matter; which matter, however, may assume any shape and quality. Thus clay as substance may be regarded as permanent, but the form of a jar of clay, or its colour, may come into existence and perish.

The Jain theory of Being appears thus to be merely the statement of the common-sense view, and it would be hard to believe that great importance was attached to it. Still it is regarded as the metaphysical basis of their philosophy. Its significance comes out more clearly when we regard it in relation to the doctrines of *Syadvada*, and of the *Nayas*.

Syadvada is frequently used as a synonym of *Jaina pravachana* (e. g. at a later date in the title of a well-known exposition of the Jain philosophy entitled *Syaavada-Manjari*) and it is much boasted of as the saving truth leading out of the ladyrinth of sophisms. The idea underlying the *Syadvada* is briefly this. Since the nature of Being is intrinsically indefinite and made up of the contradictory attributes of originating, continuance, and perishing, any proposition about an existing thing must, somehow, reflect the indefiniteness of Being, i. e. any metaphysical proposition is right from one point of view, and the contrary proposition is also right from another. There are, according to this doctrine, seven forms of metaphysical propositions, and all contain the word *syat*, e. g. *syadasti sarvam, syad nasti sarvam*. *Syat* means 'may be', and is explained by *kathamchit*, which in this connexion may be translated 'somehow'. The word *syat* here qualifies the word *asti*, and indicates the indefiniteness of Being (or *astitvam*). For example, we say, a jar is somehow, i. e. it exists, if we mean

thereby that it exists as a jar; but it does not exsit somehow, if we mean thereby that it exists as a cloth or the like.

The purpose of these seeming truisms is to guard against the assumption made by the Vedantins that Being is one without a second, the same in all things. Thus we have the correlative predicates 'is' (*asti*) and 'is not' (*nasti*). A third predicate 'inexpressible' (*avaktavya*); for existent and non-existent (*sat* and *asat*) belong to the same thing at the same time, and such a coexistence of mutually contradictory attributes cannot be expressed by any word in the language. These three predicates variously combined make up the seven propositions or *saptabhangas* of the Syadvada. I shall not abuse your patience by discussing this doctrine at length; it is enough to have shown that it is an outcome of the theory of indefiniteness of Being (*anekantavada*), and to have reminded you that the Jainas believe the Syadvada to be the key to the solution of all metaphysical questions.

The doctrine of the Nayas which I mentioned before is, as it were, the logical complement to the Syadvada. The nayas are ways of expressing the nature of things; all these ways of judgement are, according to the Jainas, one-sided, and they contain but a part of the truth. There are seven nayas, four referring to concepts, and three to words. The reason for this variety is that Being is not simple, as the Vedantins believe, but is of a complicated nature; therefore, every statement and every denotation of a thing is necessarily incomplete and one-sided; and if we follow one way only of expression or of viewing things, we needs must go astray.

There is nothing in all this which sounds deeply speculative; on the contrary, the Jain theory of Being seems to be a vindication of common-sense against the paradoxical speculations of the Upanishads. It is also, but not primarily, directed against the Buddhistic tenet of the transitoriness of all that exists. We cannot, however, say that it expressly

and consciously combats the Buddhistic view, or that it was formulated in order to combat it. And this agrees well with the historical facts, that Mahavira came long after the original Upanishads, but was a contemporary of Buddha. He was obliged, therefore, to frame his system so as to exclude the principles of Brahmanical speculation, but his position was a different one with regard to the newly proclaimed system of Buddha.

I have not yet touched on the relation between Jain philosophy on the one hand and Sankhya-Yoga on the other. We may expect a greater community of ideas between these systems, since both originated in the same class of religious men, viz. the ascetics known as the Shramanas, or, to use the more modern term, Yogins. As regards the practice of asceticism, the methods and the aim of Yoga, it has long been proved that the Yoga of Brahmans, Jainas, and Buddhas are closely related to each other, and there can be no doubt that they have all developed from the same source. But I am now concerned only with those philosophical ideas which have a connexion with ascetic practice and form the justification thereof.

Now the Sankhya view as to the problem of Being is clearly a kind of compromise between the theory of the Upanishads and what we may call the common-sense view. The Sankhyas adopt the former with regard to the souls or *purushas* which are permanent and without change. They adopt latter when assigning to matter or *Prakrti* its character of unceasing change. The Sankhyas contend that all things besides the souls or *purushas* are products of the one Prakrti or primaeval matter, and similarly the Jainas teach that practically all things besides the souls or *jivas* are made up of matter or *pudgala*, which is of only one kind and is able to develop into everything. It will thus be seen that the Sankhyas and Jainas are at one with regard to the nature of matter; in their opinion matter is something which may become anything. This opinion, it may be remarked, seems to be the

most primitive one; not only was it entertained by the ancients, but also it underlies the universal belief of transformation occurring in the natural course of things or produced by sorcery and spells. This is a point I wish to make, that the Sankhyas and Jainas started from the same conception of matter, but worked it out on different lines. The Sankhyas teach that the products of Prakrti are evolved in a fixed order, from the most subtle and spiritual one (*Buddhi*) down to the gross elements, and this order is always reproduced in the successive creations and dissolutions of the world. The Jainas, on the other hand, do not admit such a fixed order of development of matter (*pudgala*), but believe that the universe is eternal and of a permanent structure. According to them matter is atomic, and all material changes are really going on in the atoms and their combinations. A curious feature of their atomic theory is that the atoms are either in a gross condition or in a subtle one, and that innumerable subtle atoms take up the space of one gross atom. The bearing of this theory on their psychology I shall now proceed to point out. But I must premise that the Jainas do not recognize a psychical apparatus of such a complex nature as the Sankhyas in their tenet concerning Buddhi, Ahamkara, Manas, and the Indriyas. The Jaina opinion is much cruder, and comes briefly to this. According to the merit or demerit of a person, atoms of a peculiar subtle form, which we will call *karma* matter, invade his soul or *jiva*, filling and defiling it, and obstructing its innate faculties. The Jainas are quite outspoken on this point, and explicitly say that *karman* is made up of matter–*paudgalikam karma*. This must be understood literally, not as a metaphor, as will be seen from the following illustrations. The soul or *jiva* is extremely light, and by itself it has a tendency to move upwards (*urdhvagaurava*), but it is kept down by the karma matter with which it is filled. But when it is entirely purged of karma matter, at Nirvana, it goes upwards in a straight line to the top of the universe, the domicile of the released souls.

To take another example. The karma matter within a soul may assume different conditions. It may be turbulent, as mud in water which is being stirred; or it may be inactive, as mud in water when it has settled at the bottom of a basin; or it may be completely neutralized as when the clear water is poured off after the mud has been precipitated. Here again it is evident that karma is regarded as a substance or matter, though of an infinitely more subtle nature than the impurities of water referred to in the illustration. As a third instance I will refer to the six *Leshyas* or complexions of the souls, ranging from deepest black to shining white, colours which we common mortals cannot perceive with our eyes. This doctrine was shared also by the *Ajivikas*, on whom Dr. Hoernle[1] has thrown so much light. These colours of the soul are produced on it by the karman which acts as a colouring substance. Here also the material nature of karman is quite obvious.

To return from this digression, the karma matter that enters the soul is transformed into eight different kinds of karman, about which I shall have to say a word presently. This change of the one substance into eight varieties of karman is likened to the transformation of food consumed at one meal into the several fluids of the body. The karma matter thus transformed and assimilated builds up a subtle body, which invests the soul and accompanies it on all its transmigrations, till it enters Nirvana and goes up to the top of the universe. This subtle body or *karmanasharira* is obviously the Jain counterpart of the *sukshmasharira* or *lingasharira* of the Sankhyas.[2] In order to understand the functions of this subtle body or karmanasharira, we must take a summary view of the eight kinds of karman of which it is composed. The first and second (*jnanavarniya* and *darshanavarniya*) obstruct knowledge and faith, which are innate faculties of the soul or *jiva*; the third (*mohaniya*) causes delusion, especially the affections and passions; the fourth

1 Eneyclopaedia of Religion and Ethics, vol. i. pp. 259 sq

2. The Jainas recognize four different subtle bodies; see *Tattvartha.*, ii 37sq.

(*vedaniya*) results in pleasure and pain; the fifth (*ayushka*) assigns the length of life to the person in his present birth; the sixth (*nama*) furnishes him with all that belongs to him as an individual; the seventh (*gotra*) makes him a member of the class or genus which he is to belong to; the eighth (*antaraya*) produces hindrances to the realization of his virtues and powers. Each of these eight kinds of karman endures for a certain period, of varying length, within which it must take its proper effect. Then it is expelled from the soul, a process which is called *nirjara*. The opposite process, the influx of karman into the soul, is called *asrava*, a term well known to students of Buddhism. The occasions for asrava are the actions of the body and mind (*yoga*); they open as it were an inlet for karma matter to invade the soul. If that soul is in a state of iniquity, i.e. if the person under consideration does not possess right faith, or does not keep the commandments (*vrata*), or is careless in his conduct, or does not subdue his passions, then, in all these cases, singly or collectively, especially under the influence of the passions, the soul must retain the karma matter, or, as the Jainas say, binds it (*bandha*). But the influx or karma matter or asrava can be prevented; this is called the stopping or *samvara*.

These primitive notions the Jains have worked out into a philosophical superstructure, which serves just as well as that of the Sankhyas (but on different lines) to explain the problems of mundane existence and to teach the way of salvation. In order to make this clear I must add a few more details.

Samvara is effected, i.e. the influx of karma is prevented, by the observance of peculiar rules of conduct, by restraint of body, speech, and mind, by strict morality, by religious reflections, by indifference to things pleasant, or unpleasant &c. The most effective means, however, is the practice of austerities (*tapas*), which has this advantage over the other means, that it not only prevents karma from accumulating,

but also consumes the accumulated karma. Tapas, therefore, produces also nirjara and leads to Nirvana; it is the chief means of salvation, as might be expected in a religion of ascetics. The denotation of the word 'tapas' in Jainism is somewhat different from its usual meaning. There is tapas of the body (*bahya tapas*) and tapas of the mind (*abhyantara tapas*). The former consists in fasting, or eating scanty and tasteless food, in want of comfort and in mortification of the flesh. The mental tapas contains various items, as confession of sins and penance, monastic duties, obedience, modesty, self-restraint and meditation (*dhyana*). I wish to lay stress on the fact that in the course of asceticism taught by the Jainas meditation is only one of many steps leading to the ultimate goal. Though Nirvana is immediately preceded by the two purest stages of meditation, yet all other parts of tapas appear of equal importance. We shall see the significance of this fact more clearly, when we compare the Jaina tapas with what corresponds to it in Sankhya-Yoga. Their Yoga contains some of the varieties of Jaina tapas; but they are regarded as inferior to meditation or contemplation. Indeed the whole Yoga centres in contemplation; all other ascetic practices are subordinate and subservient to contemplation—*dharana, dhyana* and *samadhi*. This is but natural in a system which makes the reaching of the *summum bonum* dependent on *jnana*, knowledge. The theory of the evolution of Prakrti, beginning with Buddhi, Ahamkara, and Manas, appears, to my mind, to have been invented in order to explain the efficiency of contemplation for acquiring supernatural powers and for liberating the soul. The Sankhya-Yoga is a philosophical system of ascetics; but their asceticism has been much refined and has become spiritualized in a high degree. The asceticism of the Jains is of a more original character; it chiefly aims at the purging of the soul from the impurities of karman. Jainism may have refined the asceticism then current in India; it certainly rejected many extravagances, such as the voluntary inflicting of pains; but it did not alter its character as a whole. It perpetuated

an older or more original phase of asceticism than the Brahmanical Yoga, and carries us back to an older stratum of religious life in which we can still detect relics of primitive speculation in the shape of such crude notions as I have had occasion to mention in the course of my paper.

In conclusion I shall shortly touch on the third current of Indian philosophical speculation, viz. the philosophy of the Pandits which is represented to us by the Nyaya and Vaisheshika systems. This philosophy may be characterized as an attempt to register, to define, and to arrange in systematic order the concepts and general notions which are the common possession of all who spoke the Sanskrit language. Such a philosophy had some attraction for the Jainas who, as we have seen, always sided with common-sense views, and in fact many Jainas have written on Nyaya and Vaisheshika. But at the time when the Jaina system was framed, the Pandit, as we know him in later times, had probably not yet become distinguished from the Vedic scholar or theologian; it is almost certain that there was as yet no class of persons who could be called Pandits, and consequently their philosophy also was wanting. And the tradition of the Jainas themselves says as much; for according to them the Vaisheshika system was founded by Chaluya Rohagutta, originally a Jaina and pupil of Mahagiri, eighth Sthavira after Mahavira. Thus we have no occassion to inquire into the relation between this system and Jainism. But it may be mentioned that the atomic theory which is a marked feature of the Vaisheshika, is already taught in outline by the Jainas. As regards the Nyaya system, it is almost certainly later than Jainism; for the dialectics and logic of the Jainas are of a very primitive character, and appear entirely unconnected with the greatly advanced doctrines of the Naiyayikas.

In conclusion let me assert my conviction that Jainism is an original system, quite distinct and independent from all others; and that, therefore, it is of great importance for the study of philosophical thought and religious life in ancient India.

પ્રૉ. જૅકોબીનું વ્યાખ્યાન.

આ અંકમાં, અમો પ્રૉ. જેકોબીનું ઑક્સફોર્ડ ખાતેની (Congress of the History of Religions) ધાર્મિક ઐતિહાસિક પરિષદ્‌માં, વંચાયેલું વ્યાખ્યાન અક્ષરશઃ ઉદ્‌ધૃત કરીએ છીએ. વ્યાખ્યાતાના અભિવન્દનપૂર્વક ખાસ પ્રોફેસર તરફથી મળેલી વ્યાખ્યાનની પ્રતિનો સાનન્દ સ્વીકાર કરતાં અમો પ્રૉ. જૅકોબીને અન્તઃકરણપૂર્વક ધન્યવાદ આપ્યા વિના રહી શકતા નથી. અમારા અનુમાન પ્રમાણે પ્રૉ. જૅકોબીના સંબન્ધમાં આપણો સમાજ બહુ સારો અભિપ્રાય ધરાવે છે, અને તેવોજ અભિપ્રાય હમેશને માટે સચવાઇ રહે એવો પ્રયત્ન આ વ્યાખ્યાનમાં થયેલો જોઇ, પ્રૉફેસર માટે અમને બહુ સન્તોષ માનવાનું વાસ્તવિક કારણ મલી આવે છે. એક મનુષ્ય-છદ્મસ્થ અવસ્થાનો મનુષ્ય, પછી તે ગમે તેટલો વિદ્વાન્, વિચારશીલ કે પણ્ડિત હોય પણ તેનાથી અવશ્ય ભૂલ થઇ જાય છે. કિન્તુ થયેલી ભૂલને ગોપવવા માટે બીજી અનેક ગંભીર ભૂલોને અવકાશ ન આપતાં; તેનું સંશોધન કરવામાંજ, વિજ્ઞ પુરૂષ પોતાની સહૃદયતા સમજે છે. પ્રૉ. જૅકોબીએ પણ પહેલાં પોતાના જૈન તત્વજ્ઞાનના સમયે, કલ્પસૂત્રમાં કેટલાએક ઉતાવળા અભિપ્રાયો આપ્યા હતા, પરન્તુ અમને હર્ષ થાય છે કે, ઉક્ત વ્યાખ્યાનમાં તે ભૂલોનું સંશોધન કરવાનો, પ્રૉ. જૅકોબીએ પ્રસંગ લીધો છે; અને જેઓને જૈન દર્શનને માટે, પોતાની માફક અવ્યવસ્થિતપણાંનો (unsystematical) શ્રમ હોય તેઓને પણ સંશોધન કરવાનો ઉપદેશ કર્યો છે. વ્યાખ્યાનના અન્તિમ ભાગમાં પણ પ્રૉફેસર સાહેબ પોતાનો દીર્ઘ કાળનો અનુભવ ઘણીજ સૂચક રીતે જાહેર કરે છે કે, જૈનમત એક મૂલ-સ્વતઃ (original) અને સર્વ મતોથી તદ્દન ભિન્ન તથા સ્વતન્ત્ર (quite distinct and independent from all others) હોઇ પ્રાચીન આર્યાવર્ત્તના ધાર્મિક અને તાત્ત્વિક વિચારોનો અભ્યાસ કરનારાઓને અત્યન્ત ઉપયોગી છે. એકન્દર રીતે વ્યાખ્યાન ઉપકારક તથા ન્યાય પુરઃસર છે, એમ કહેવામાં બાધ નથી. પરન્તુ તે સર્વ વિગતવાર આલોચનામાં અત્ર નથી ઉતરતા.

[જૈન પતાકા. ડીસેમ્બર ૧૯૦૮.]

श्री राजगृह प्रशस्ति.

जैन तीर्थ गाइड के तवारिख सुबे विहार में उस्के ग्रंथकर्त्ता लिखते हैं कि मथीयान महल्ला के मंदिर में एक शिलालेख जो अलग रखा हुवा है..... संवत तिथि वगेरा की जगह टुटी हुई पंक्ति [१६] हर्फ उमदा मगर घीस जाने की वजह से कम पढनेमें आता है अखीर की पंक्ति में जहां गच्छ का नाम है वहां किसी ने तोड़ दिया है वज्र शाखा वगैरह नाम बेशक मौजुद है यह पढ़कर मुझे देखने की बहुत अभिलाषा हुई। पत्ता लगाने पर १७ पंक्ति का एक लेख दिवार पर लगा हुवा पाया। किसी २ जगह टूट गया है संवत वगैरह साफ है और दुसरा टुकडा मालुम हुवा। पहिले टुकडे के लिये बहुत परिश्रम करने पर पता लगा और अब वहां के रईस बाबु धन्नुलालजी सुचंतिके यहां रखा गया है।

यह राजगिरि के श्री पार्श्वनाथ स्वामी के मंदिर का प्रशस्ति लेख है। दोनों टुकडे विहार में जो कि राजगिरि से उत्तर १२ मील पर है किसी कारण से आये होंगे और बहूत बर्षोंसे यहां पर है। मुझे बहुत खोज करने पर भी यहां उठा कर लाने का विशेष कारण का पता न लगा इतनाही ज्ञात हुवा है कि वहां के माथियान श्रावक लोग लाये थे।

इस प्रशस्ति के दोनों पाषाण श्याम रंग प्रायः समान माप के हैं, दोनों १० इंच चौडे और पहला टुकडा २ फूट १० इंच और दुसरा २ फूट ८ इंच लंबा है। अक्षर अनुमान आध इंच के हैं पहले टुकडे पर १६ पंक्ति के सिवा २० पखडियों का एक कमल ऊपर वायें तर्फ खुदा हूवा है और दूसरा टुकडा १७ पंक्तिका है और ऊपर और नीचे जहां तहां टूट गया है।

इसका संवत विक्रम १४१२ आषाड वदि इस्वी १३५५ होता है। उस समय वंगविहार प्रांत में बहूत हल चल मची रहती थी दिल्ली के बादशाहों का पूरा जोर न था। प्रशस्ति में जो सुलतान फिरोजशाह का उल्लेख है सो ठीक है परंतु मगध के शासन कर्त्ता मलिक वय का नाम हम वहां के किसी इतिहास में देख नहीं पडा वा उनके अधिनस्थ साह नासर्दुदिन (नसीरुद्दीन) का भी नाम नहीं मिला है। उस प्रदेश में सम्मुद्दीन जिसको हाजी इलियस भी कहते है उस वक्त शासनकर्त्ता थे। बादशाह फिरोजशाह तोघलक का समय इ. १३१५–१३८८ का है।

इस मंदिर के प्रतिष्ठा कर्त्ता मंत्री दलीपवंश के श्रीमान गच्छराज और देवराज है। इस वंशवालों की कराई हुई प्रतिष्ठा आदि के कई लेख मिले हैं और मेरा जैन लेख संग्रह जो शीघ्र प्रकाशित होने वाला है उस्में दी गई है। इस प्रशस्ति में सहजपालसे इनकी वंशावली के नाम वर्त्तमान हैं। सहजपाल के पुत्र तिहुरमापाल उनके पुत्र राह उनके पुत्र ठक्कुर मंडन उनकी स्त्री थिरदेवी उनके पुत्र १ सहदेव २ कामदेव ३ महराज ४ वच्छराज ५ देवराज थे. ४ वच्छराज की दो स्त्री प्रथम रतनी जिनके २ पुत्र पहराज और चोढर और दूसरी वीधी जिनके धनसिंहादि पुत्र लिखे है। ५ देवराज के भी दो स्त्री राजी और पद्मिनी. राजी के तारा नाम्नी कन्या थी और उस तारा के धर्मसिंह और गुणराज यह दो पुत्र हुये और पद्मिनी के षीमराज पद्मसिंह और घडसिंह यह तीन पुत्र और अच्छरी नाम की एक कन्या थी।

आगे खरतरगच्छ की पट्टावली भी लिखी है। वज्रशाखा चंद्रकुल के उद्योतनसूरि से जिनेंद्रसूरि तक है और वर्द्धमान सूरि के पाट पर जिनेश्वर सूरि से खरतर बिरुद का स्पष्ट लेख है जिससे बहूतसे पक्षपातियों का भ्रम दूर होगा। आचार्यों के नाम क्रमवार हैं यह पूर्वदेश की अपूर्व वस्तु है आज तक अप्रकाशित थी। इस्को पांडित्य और पद लालित्य पाठको कों पढनेसेंही ज्ञात होगा॥

कलकत्ता. श्री पुरणचन्द नाहर.

श्रीपार्श्वनाथ मंदिर प्रशस्ति.

(१) प० ॥ ॐ नमः श्रीपार्श्वनाथाय ॥ श्रेयःश्रीविपुलाचलामरगिरिस्थेयः स्थितिस्वीकृतिः पत्रश्रेणिरमाभिरामभुजगाधीशस्फटासंस्थितिः। पादासीनदिवस्पतिः शुभ फलश्रीकीर्त्तिपुष्पोद्गमः श्रीसंधाययददातुवांछितफ-

(२) लं श्रीपार्श्वकल्पद्रुमः ॥ १ यत्र श्रीमुनिसुव्रतस्य सुविभोर्जन्मव्रतं केवलं सम्राजां जयरामलक्ष्मणजरासंधादिभूमीभुजां। जज्ञे चक्रिबलाच्युतप्रतिहरिश्रीशालिनां संभवः प्रापुः श्रेणिकभूधवादि

(३) भविनो वीराच्च जैनीं रमां ॥ २ यत्राभयकुमारश्रीशालिधन्यादिमाघनाः। सर्वार्थसिद्धिसंभोगभुजो जाता द्विधापि हि॥ ३ यत्र श्रीविपुलाभिधोऽवनिधरो वैभार नामापि च श्रीजैनेंद्रविहारभूषणधरौ पूर्वाप

(४) राशास्थितौ । श्रेयो लोकयुगेपि निश्चितमितो लभ्यं ब्रुवाते नृणां तीर्थ राजगृहाभिधानमिह तत्कैः कैर्न संस्तूयते ॥ ४ तत्रच संसारापारपारावारपरपारप्रापणप्रवण महत्तमतीर्थे । श्री राजगृहम

(५) हातीर्थे । गजेंद्राकारमहापोतप्रकारश्रीविपुलगिरिविपुलचूलापीठे सकल महीपालचक्रचूलाऽमाणिक्यमरीचिमंजरीपिंजरितचरणसरोजे । सुरत्राणश्रीसाहि पेरोजे महीमनुशासति । तदीय–

(६) नियोगान्मगधेषु मलिकबयोनाममण्डलेश्वरसमये । तदीयसेवक सहणास दुरदीनसाहाय्येन । यादाय निर्गुण खनिर्गुणि रंग भाजां ॥ पुंमौक्तिकावलि रलंकुरुते सुराज्यं वक्षः श्रुती अपि शिरः

(७) सुतरां सुतारा सोयं विभाति भुवि मंत्रिदलीवं वंशः ॥ ५ वंशेमुत्रपवित्रधीः सहजपालाख्यः सुमुख्यः सतां जज्ञेऽनन्यसमानसद्गुणमणीश्रृंगारितांगः पुरा । तत्सूनुस्तु जनस्तुतस्तिहुणपालेति प्रतीतो भव

(८) ज्ञातस्तस्य कुले सुधांशुधवले राहाभिधानो धनी ॥ ६ तस्यात्मजोजनि च ठक्कुर मंडनाख्यः सद्धर्मकर्मविधिशिष्टजनेषु मुख्यः । निःसीमशीलकमलादिगुणालिधाम जज्ञे गृहेऽस्यः गृहिणी थिरदेवि नाम

(९) ॥ ७ पुत्रास्तयोः समभवन् भुवने विचित्राः पंचात्र संततिभृतः सुगुणैः पवित्राः । तत्रादिमास्त्रय इमे सहदेवकामदेवाभिधाममहराज इति प्रतीताः ॥ तुर्यः पुनर्जयति संप्रति वच्छराजः श्रीमा–

(१०) न् सुबुद्धिलघुबांधवदेवराजः । याभ्यां जडाधिकतया धनपंकपूर्वदेशेपि धर्मरथधुर्यपदं प्रपेदे॥ ९ प्रथममनवमाया वच्छराजस्य जाया समजनि रतनीति स्फीति सन्नीतिरीतिः । प्रभवति पहराजः सद्गु–

(११) णश्रीसमाजः सुत इत इह मुख्यस्तत्परश्चोढराख्य- ॥ १० द्वितीया च प्रिया भाति वीधीरिति विधिप्रिया । धनसिंहादयश्चास्याः सुता बहुरमाश्रिताः ॥ ११ अजनि च दयिताद्या देवराजस्य राजी गुणम–

(१२) णिमय तारा पारशृंगारसारा । स्म भवति तनुजातो धर्मसिंहोत्र धुर्यस्तदनु च गुणराजः सत्कलाकेलिवर्यः ॥ १२ अपरमथ कलत्रं पद्मिनी तस्य गेहे तत उरुगुणजातः षीमराजोंगजातः । प्रथम उदितपद्मः पद्म

(१३) सिंहो द्वितीयस्तदपर घडसिंहः पुत्रिका चाच्छरीति ॥ १३ इतश्च ॥ श्रीवर्द्धमानजिनशासनमूलकंदः पुण्यात्मनां समुपदर्शितमुक्तिमंदः सिद्धांतसूत्ररचकोगणभृत्सुधर्मनामाजनि प्रथमकोऽत्रयुग

(१४) प्रधानः १४ तस्यान्वये समभवदशपूर्विवज्रस्वामी मनोभवमहीधर-भेदवज्रः यस्मात्परं प्रवचने प्रससार वज्रसाखा सुपात्रसुमनःसफलप्रशाखा ॥ १५ तस्यामहर्निश मतीव विकाशवत्यां चांद्रेकु–

(१५) ले विमलसर्वकलाविलासः ॥ उद्योतनो गुरुरभाद्विबुधो यदीये पट्टेऽजनिष्ट सुमनिर्गणिवर्द्धमानः ॥ १६ तदनु भुवनाश्रांतख्यातावदातगुणोत्तरः सुचरणरमाभूरिः सूरिर्बभूव जिनेश्वरः । खरतर इ

(१६) ति ख्यातिं यस्मादवाप गणोप्पयं परिमलकल्पे श्रीष – – – दुगणो वनौ ॥ १७ ततः श्रीजिनचंद्राख्यो बभूव मुनिपुंगवः । संवेगरंगशालां यश्चकार च बभार च ॥ १८ स्तुत्वा मंत्रपदाक्षरै रवनितः श्रीपा–

दुसरा पत्थर ।

(१७) र्श्वचिंतामणिं ताकारिणं । स्थानेनंतसुखोदयं विवरणं चक्रे नवांग्यायकैः । श्रीमंतोऽभयदेवसूरिगुरवस्तेऽतः परं जज्ञिरे ॥ १९ ॥— —

(१८) — — जिनवल्लभ — — शांगनोवल्लभो — – प्रियः यदीय गुण गौरवं श्रुतिपुटेन सौधोपमं निपीय शिरसो धुनापि कुरुते न कस्तांडवं ॥ २०॥ तत्पट्टे जिनदत्तसूरिरभवद्योगींद्रचूडामणिर्मिथ्याध्वां

(१९) तनिरुद्धदर्शन – – – – अंबिकयान्यदोशि सुगुरुः क्षेत्रे त्र सर्वोत्तमः सेव्यः पुण्यवतां सतां सुचरणज्ञानश्रिया सत्तमः ॥ २१ ततः परं श्रीजिनचंद्रसूरिबभूव निःसंग गुणास्तभूरिः ।

(२०) चिंतामणिर्भालतले यदीयेऽध्युवास वासादिव भाग्यलक्ष्म्याः ॥ २२ पक्षे लक्ष्यगते सुसाधनमपि प्रेत्यापि दुःसाधनं दृष्टांतस्थितिबंधबंधुरमपि प्रक्षीणदृष्टांतकं । वादेर्वादिगतप्रमाणमपि यै र्वाक्यं ।

(२१) प्रमाणस्थितं ते वागीश्वरपुंगवा जिनपतिप्रख्या बभूवुस्ततः ॥ २३ अथ जिनेश्वरसूरियतीश्वरा दिनकरा इव गोभरभास्वराः । भुवि विबोधितसत्कमलाकराः समुदिता वियति स्थितिसुन्दराः ॥ २४ जिन प्र–

(२२) बोधा हतमोहयोधा जने विरजुर्जनितप्रबोधाः । ततः पदे पुण्यपदेऽदसीये गणेंद्र चर्या यतिधर्म्मधुर्याः ॥ २५ निरुंधानो गोभिः प्रकृतिजडधीनां विलसितं भ्रमभ्रश्यज्ज्योती रसदशकलाकेलि

(२३) विकलः । उदीतस्तत्पट्टे प्रतिहततमः कुग्रहमति र्नवीनोऽसौ चंद्रो जगति जिनचंद्रो यतिपतिः ॥ २६ प्राकट्यं पंचमारे दधति विधिपथश्रीविलासप्रकारे धर्माधारे सुसारे विपुलगिरिवरे मानतुंगे विहा

(२४) रे कृत्वा संस्थापनां श्रीप्रथमजिनपते र्येन सौवैर्यशोभिश्चित्रं चक्रे जगत्यां जिनकुशलगुरुस्तत्पदे सावशोभि ॥ २७ बाल्येपि यत्र गणनायकलक्ष्मिकांतां केलीविलोक्य सरसा हृदि शारदापि । सौभाग्य–

(२५) तः सरभसं विललास सोयं जातस्ततो मुनिपतिर्जिनपद्मसूरिः ॥ दृष्टापदृष्ट सुविशिष्टनिजान्यशास्त्रव्याख्यानसम्यगवधाननिधानसिद्धिः जज्ञे ततोऽस्त कलिकाल जनासमानज्ञानक्रिया

(२६) ब्धिजिनलब्धियुगप्रधानः ॥ २९ तस्यासने विजयते समसूरिवर्यः सम्बग दृगंगिगणरंजकचारुचर्यः । श्रीजैनशासनविकासनभूरिधामा कामापनोदनमना जिनचंद्रनामां ॥ ३० तत्कोपदेश

(२७) वशतः प्रभुपार्श्वनाथप्रासादमुत्तममची करत – – –। श्रीमद्विहारपुर वस्थिति वच्छराजः श्रीसिद्धये सुमतिसोदरदेवराजः॥ ३१ महेन गुरुणा चात्र वच्छराजः सबांधवः । प्रतिष्ठां कारयामास मंडनान्वय

(२८) मंडनः ॥ ३२ श्रीजिनचंद्रसूरीन्द्रा येषां संयमदायकाः । शास्त्रेष्वध्यापकास्तु श्रीजिनलब्धियतीश्वराः॥ ३३ कर्त्तारोच प्रतिष्ठायास्ते उपाध्यायऽपुङ्गवाः । श्रीमंतोभुवन हिताभिधाना गुरु शासनात् ॥ ३४ न

(२९) यनचंद्रपयोनिधिभूमिते व्रजति विक्रमभूभृदनेहसि । बहुलषष्टि दिने शुचि मासगे महमचीकरदेनमयं सुधीः ॥ ३५ श्रीपार्श्वनाथजिननाथसनाथमध्यः प्रासाद एष कलसध्वजमण्डितो

(३०) ध्वः । निर्मापकोस्य गुरुवोत्र कृतप्रतिष्ठा नंदंतु संघसहिता भुवि सुप्रतिष्ठा ॥ ३६ श्रीमद्भिर्भुवनहिताभिषेकवर्यैः प्रशस्तिरेषात्र । कृत्वा विधिवत्र वृता लिखिता श्रीकीर्त्तिरिव मूर्त्ता ॥ ३७ उत्कीर्णा च सुवर्णा ठक्कुर मा

(३१) ल्हांगजेन पुण्यार्थं। वैज्ञानिकसुश्रावकवरेण वीधाभिधानेन ॥ ३८ इति विक्रम संवत १४१२ आषाढ वदि ६ दिने । श्रीखरतरगच्छशृङ्गारयुगुरुश्रीजिनलब्धिसूरि पट्टालङ्कार श्रीजिनेंद्रसूरिणामुपदे

(३२) शेन श्रीमंत्रिवंशमंडन ठ० मंडननंदनाभ्यां ॥ श्रीभुवनहितोपाध्यायानां पं० हरिप्रभगणि । मोदमूर्त्तिगणि । हर्षमूर्त्तिगणि । पुण्यप्रधानगणि महितानां पूर्व देशविहारश्रीमहातीर्थयात्रासंसूत्र

(३३) णादिमहाप्रभावनया सकलश्रीविधिसंघसमानंदनाभ्यां। ठ० वच्छराज ठ० देवराज सुश्रावकाभ्यां कारितस्य । श्रीपार्श्वनाथप्रसादस्य प्रशस्तिः ॥ शुभं भवतु श्रीसंघस्य ॥ छ ॥ * ॥

જૈનાગમ-તેની ઉત્પત્તિનો ઈતિહાસ.

" જિન પ્રભુએ કાંઇ નિષેધ્યું નથી તેમ અનુમત્યું નથી. " (શ્રી યશોવિજયજી.)

પ્રભુની આજ્ઞા એજ ધર્મ એમ આ લેખક હૃદયપૂર્વક સ્વીકારે છે, અને આ ભવોદધિ તરવાનું જે કોઇ પણ સાધન હોય તો તેજ છે, એમ પણ અનન્ય ભાવે માની અભિવંદે છે. આ અંગત એકરારનું કારણ એજ છે કે જૈનાગમની ઐતિહાસિક તપાસ લેતાં તેને શીરે " નિન્હવ " કિંવા " મિથ્યાત્વી "નો આરોપ ન મુકાય. અત્રે માનનીય ભાવિકોના શ્રદ્ધાનાં બંધનો શિથિલ પાડવાનો મારો લેશમાત્ર આશય નથી, તેમ આગમોને પ્રભુની વાણી માની જેઓ પૂજ્યતાની સામગ્રી અર્પે છે, તેઓની પૂજામાં વિઘ્ન નાંખવાની, આત્માના એક પ્રદેશમાં અયોગ્ય ભાવના પણ નથી. પરન્તુ આપણે અત્યારે જે આગમોને શ્રી તીર્થંકર ભગવાનની યથાવસ્થિત વાણી માનીએ છીએ, અને જે આગમોના અંશભાવી આધારે વિખવાદ કરવામાં આવે છે, તે વસ્તુતઃ શ્રી તીર્થંકર ભગવાનનાજ શબ્દો છે કે નહીં, તે નિરપેક્ષ ભાવે વિચારવું બની આવે તે માટે, દેશકાલની પરિસ્થિતિ તપાસતાં, કાંઇક ઉલ્લેખ કર્ત્તવ્ય માન્યો છે. ઉપર જે મુદ્રાલેખ મુકવામાં આવ્યો છે તેજ આ માર્ગની દિશા બતાવવાને પુરતો છે, છતાં સુસ્પષ્ટતાને માટે તેની વિસ્તૃત આલોચના સ્વીકારવામાં આવી છે. આશા છે કે તેને પણ તેવાજ સ્વરૂપે વિચારમાં લેવાશે.

જૈનાગમોમાં પંચાંગી એ પ્રથમ પદે છે, એટલા માટે પ્રથમ તે વિષે વિચાર કરીએ. વાંચકોએ અનેક વાર વાંચ્યું અને સાંભળ્યું હશે કે શ્રી તીર્થંકર પ્રભુને જ્યારે કેવળજ્ઞાન ઉપજે છે, ત્યારે પ્રથમ સંઘની અને ગણધરોની સ્થાપના કરવામાં આવે છે. ગણધરની સ્થાપના સમયે શ્રી પ્રભુ "ઉપનેવા," "ધ્રુવેવા," અને "વિગવેવા" એમ ત્રિપદી ઉચ્ચારે છે. આ ઉપરથી ગણધર મહારાજાઓ દ્વાદશાંગીની રચના કરે છે.

હાલ જે અગીઆર અંગ મળી આવે છે, તે તરફ દ્રષ્ટિ દેતાં અથવા તે બાંહેના પ્રસંગોનું પૃથક્કરણ કરી જોતાં ખુલ્લું સમજી શકાશે કે ગણધરની સ્થાપના વખતે જે દ્વાદશાંગીની રચના થયેલી તે આ નથી. બલકે આ અગીઆર અંગો શ્રી મહાવીર પછી રચાયેલા સંભવે છે. આ વાતને વધારે સારી રીતે સમજવા પ્રત્યેક અંગની ટુંકામાં નિરાળી તપાસ લેઇએ.

ભગવતી સૂત્રમાં, જુદે જુદે વખતે, જુદા જુદા શહેરોમાં જુદી જુદી બાબતો વિષે શ્રી ગૌતમે, શ્રી મહાવીર પ્રભુને પ્રશ્ન પુછેલા તેના ઉત્તરો મોટા પ્રમાણમાં છે. તે સિવાય કોણ ક્યારે કેવી રીતે પ્રતિબોધ પામી દીક્ષા પામ્યા તેનો પણ ઉલ્લેખ છે. આ વિગેરે બાબતો, અને ગોશાળા સંબંધી વિગતો તેમાં પાછળથી દાખલ થઇ હોય તો તેની ના કહી શકાશે નહીં.

જ્ઞાતા સૂત્રમાં, મેઘકુમારની જે હકીકત આવે છે:તે મહાવીર સ્વામીને કેવળજ્ઞાન થયા પછી ઘણા વખતે બનેલી છે. એ સિવાય બીજા પણ કેટલાંક એવાં દ્રષ્ટાંતો છે કે જેને ઉપરના જેવીજ કક્ષામાં મુકી શકાય.

ઉપાસક દશાંગમાં ૧૦ શ્રાવકની વાત આવે છે. આ દશ શ્રાવકો જુદા જુદા ગામમાં જુદા જુદા વખતે મહાવીર ભગવાન પાસે વ્રતધારી થયા છે. આ અધિકાર પણ પાછળનો જ ગણી શકાય.

વિપાકસૂત્રમાં એવો પ્રસંગ છે કે ગૌતમસ્વામી જુદે જુદે વખતે જુદા જુદા ગામમાં વહોરવા જાય છે ત્યાં તેઓ સુખદુઃખ ભોગવતા અનેક પાત્રો જોવે છે. તે ઉપરથી પોતાની ઇચ્છા ભવ કર્મ સંબંધી જાણવા થતાં મહાવીર સ્વામીને તે વિષે પુછે છે. આ ઉપરથી સમજી શકાશે કે તે સૂત્ર પણ પૂર્વે કહેલી વેળાએ રચાએલ નથી.

સૂયગડાંગમાં આર્દ્ર કુમારની વાત આવે છે. જે પાછળથી બનેલી હોવા વિષે સંશય નથી.

અંતગડ દશાંગમાં જેટલા અંતકૃત કેવલી થયાં તેમની વાત આવે છે. આ સઘળા પ્રસંગો મહાવીર સ્વામીને કેવળજ્ઞાન ઉપજ્યા પછી બનેલા હોવા દરેક સંભવ છે.

અનુત્તરોવવાઇ, આ અંગમાં જેઓ અનુત્તર વિમાને ગયા છે, તેઓની વાર્તાઓ આવે છે, તે પણ શ્રી મહાવીરને કૈવલ્ય થયા પછીનીજ છે.

પ્રત્યેક અંગમાં સમાયેલી વિગતો તપાસતાં આપણે જોયું કે પ્રચલિત દ્વાદશાંગી, એ શ્રી તીર્થંકર પ્રભુની યથાસ્વરૂપ વાણી તો નથી. અહીં એટલું ખાસ સ્મરણમાં રહે કે એમ કહીને એ પવિત્ર કૃતિઓ સામે બળવો ઉઠાવવાની અંશમાત્ર ઇચ્છા નથી, તેમ એને અમાન્ય ઠરાવી વીરપ્રભુના શાસનમાં આતમદ્રોહો પરિવર્તન પણ કરવાનું નથી. લેખમાળા સંપૂર્ણ થતાં સુધી વાંચનાર ધૈર્ય સાચવી રાખશે તો સર્વ આશય ધીમે ધીમે ખુલ્લો થશે. હવે એજ સૂત્રોની બીજી દિશા તરફ વળીએ. દરેક સ્થળે જંબુસ્વામીને સુધર્માસ્વામી કહે છે કે મહાવીર પ્રભુએ આમ કહયું છે. આથી પણ સિદ્ધ થાય છે કે તે સર્વ પાછળથી રચાયેલું હોય. તે ઉપરાંત સૂત્રોનાં જે પ્રમાણો આપવામાં આવ્યા છે, તે અનુસાર હાલમાં પ્રવૃત્તિ થાય છે કે નહીં, એ વિષય ઉપર પણ મનન કરતાં ન્યુનાધિકતા જણાયા વિના રહેશે નહીં. આમ થવાનું કારણ શું ? એનો એજ ઉત્તર આપી શકાય કે પાછળ આવતાં આચાર્યોએ તેમાં દેશકાલ પ્રમાણે જરૂરી તત્ત્વો ઉમેર્યા હોય.

હવે આપણાથી એમ કબુલ કર્યા સિવાય ચાલશે નહીં કે જે વાક્યો ખુદ મહાવીર સ્વામીનાંજ છે, કિંવા તે મહાવીર સ્વામીની સમક્ષ લખાયેલા કે વંચાયેલા છે, એમ કહેવામાં આવે છે તે સર્વથા સત્ય નથી. આ વાત જેમ આપણે ધ્યાનમાં રાખવાની છે, તેમ સ્થાનકવાસી બાઇઓએ પણ પોતાની એ સંબંધી માન્યતાઓ ફેરવવી જોઇએ છે. આટલાં તો મહાવીર સ્વામીનાં જ વચનો અને આટલાં તો આચાર્ય મહારાજાઓના જ શબ્દો, એવા વિભાગો હવે ટકી શકશે નહીં. કારણ કે આપણે ઉપર જોઇ ગયા તેમ શ્રી પ્રભુનાં વચનો માટે કયાંય પ્રમાણ મળી શકતું નથી. બીજા ગ્રંથોમાં પણ આવીજ રચના કરવામાં આવી છે પણ તે સંબંધી હવે પછી વિચાર કરીશું.

ભગવતી આદિ અંગોમાં આવેલી વિગતોનું પૃથક્કરણ કરતાં જે નિર્ણય ઉપર આવી શકાય તેજ પ્રકારના નિર્ણય ઉપર આવવામાં ઉપાંગો પણ મજબુત સહાય આપે છે.

ઉવવાઇમાં કોણીક રાજાની વાત આવે છે. તે પણ મહાવીર સ્વામીને કેવળજ્ઞાન થયા પછી લાંબા અંતરે બનેલી વાત છે.

રાયપશેણીમાં કલ્પાનગરીની તથા સુરીયાતા દેવની વાત આવે છે, તે પણ પાછળથીજ બનેલી હોવા સંભવ છે.

પણવણા તો શ્યામાચાર્યનું રચેલું છે, એટલે તે સંબધે કાંઇ કહેવાનું રહેતું જ નથી.

અંગોપાંગની તપાસ પુરી થઇ. અહીં હવે બે મુખ્ય અને એક પ્રસંગોપાત મહત્વની જણાતી, એમ ત્રણ શંકા ઉત્પન્ન થાય છે.

(૧) ત્યારે ત્રિપદી પામી, ગણુધરો જે દ્વાદશાંગીની રચના કરે છે તે કઇ ?

(૨) ત્રિપદીથી દ્વાદશાંગીની રચના થાય છે તેનો અર્થ શું ?

(૩) જો કોઇપણ સ્થળે એમ લખ્યું હોય કે " ગણુધરો ત્રિપદી પામી, કેવલ અનંતર, દ્વાદશાંગી ગુંથે છે; અને તેમને ગણુધર લબ્ધી ઉત્પન્ન થાય છે તેથી તેમનામાં એટલું જ્ઞાન પ્રકટે છે " તો તે શાસ્ત્ર, શાસ્ત્રસંમત કે શાસ્ત્ર વિરૂદ્ધ કહેવાય ?

હવે. પીસ્તાલીસ આગમો વિષે પણ એજ પદ્ધતિએ વિચારીશું.

× **સુશીલ.**

× આ ટુંક લેખ જૈનના ૨૩–૧૦–૧૯૧૦ ના અંકમાં એક વિદ્વાન મુનિશ્રીની પ્રેરણાથી લખાયેલો પ્રકટ થયો ત્યાર પછી તેના અનુસંધાનમાં કંઇપણ આવ્યું નથી તો તે વિદ્વાન મુનિશ્રીના સમાગમથી ૪૫ આગમ સંબંધીનો ઇતિહાસ બીજા લેખદ્વારા દાખવવા રા. સુશીલ કૃપા કરશે.)

આત્મ દર્શન.

(ગત અંક પૃ. ૨૮૩ થી ચાલુ.)

नारायणा दिनामानि कीर्तितानि बहून्यपि ।
आत्मा तेषां च सर्वेषां रामनाम प्रकाशकः ॥ सरलार्थः

રામ છે એજ પરમપુરૂષોત્તમ રૂપ છે અર્થાત્ રામ એજ શુદ્ધ આત્મા છે.

रामनाम्नः समुत्पन्नः प्रणवो मोक्षदायकः।
रुपंतत्त्वमसेश्चासौ वेदतत्वाधिकारिणः॥

અર્થ:—રામનામથી ઉત્પન્ન થએલ ૐ કાર મોક્ષ દાયક છે વળી વેદનાં અધિકારી એના **तत्वमसि** રૂપ છે. અર્થાત્ આત્મા છે એજ રામ છે.

જેમને સાક્ષાત્કાર થયો છે તેવા કલ્યાણકારી મહાત્મા શંકર છે. આત્મારામના સાક્ષાત્કારથીજ મુક્તિ છે, એ બતાવવા માટે આધ્યાત્મ રામાયણમાં કહેલ છે કે:—

अहो भवन्नाम जपन् कृतार्थो वसामि काश्यामनिशं भवान्या ।
मुमूर्षमाणस्य विमुक्तयेऽहं दिशामि मंत्रं तव रामनाम ॥

અર્થ:-શ્રી મહાદેવજી, શ્રી રામચંદ્રજીને કહે છે કે "હું આપનું નામ જપતો પાર્વતીજી-શ્રદ્ધા—સહિત કાશી-પુર-માં રહું છઉં; અને મરણ પામતાં પ્રાણીને મુક્તિ—માટે તમારા નામનો હું ઉપદેશ કરૂંછઉં. અર્થાત્ આત્મસાક્ષાત્કાર કરાવું છઉં.

આત્મ સાક્ષાત્કારના ઉપાયભૂત શ્રવણ, મનન અને નિદિધ્યાસનમાટે રૂપક તરીકે કાશીખંડમાં કહેલ છે કે—

पेयंपेयं श्रवणपुटवे रामनामाभिरामं ।
ध्येयं ध्येयं मनसिसततं तारकं ब्रह्मरूपं ॥
जल्पन् जल्पन् प्रकृतिविकृतौ प्राणिनां कर्णमूले ।
वीथ्जां वीथ्यामहतिजटिलः कोपि काशीनिवासी ॥

અર્થ:—કોઇ કાશી નિવાસી જટાધારી, પ્રાણીઓના કાનમાં ગલીએ એમ કહેતા ફરે છે કે સુંદર રામનામ વારંવાર સંભાળવું જોઇએ, મનમાં વારમવાર એનું ધ્યાન કરવું જોઇએ; એ તારકમંત્ર સમાન છે અને સાક્ષાત્ બ્રહ્મરૂપ છે.

આત્મારામની, જ્ઞાન પરિસીમારૂપ પરિક્રમા જેમણે કરી છે તે ગણેશ. એ આત્મજ્ઞાની —ગણેશ જ પ્રથમ પૂજ્ય છે. આત્મજ્ઞાનીઓ, પરમપૂજ્યોમાં પરાકાષ્ઠારૂપ છે, માટે જ્ઞાની રૂપ ગણેશજ પ્રથમ પૂજ્ય છે એમ કહેલ છે.

પરમપદ માટે મહેનત કરતી અંતર્ અને બાહ્યવૃત્તિઓ પૈકી, ગણેશ તે અંતર્વૃત્તિ છે, અને કાર્ત્તિકસ્વામી, વગેરે દેવો બાહ્યવૃત્તિરૂપ છે અંતર્વૃત્તિ એ આત્મારામ-વિરાટ જરા પણ દૂર નથી અને બાહ્યદૃષ્ટિએ સકલ વિશ્વને જોવાથી વિરાટ જ્ઞાન થાય છે. ગણપતિએ અંતર્વૃત્તિથી પૃથ્વી પ્રદક્ષિણા પોતાની સમીપમાંજ જોઇ, એનું કારણ અંતર્વૃત્તિરૂપ શુદ્ધમનરૂપ નારદનો એમને ઉપદેશ થયો હતો. બીજા દેવાદિકે તે પરિક્રમા દૂર જોઇને આખી પૃથ્વીની પરિક્રમા કરવાને દોડ્યા. ગણપતિનું વાહન મૂષકરૂપ ધીમી ગતિ છતાં પ્રથમ પદને, આત્મારામના જ્ઞાનથી પામ્યા. બાહ્યવૃત્તિ વાળા ઘણા વેગથી દોડ્યા પણ પ્રથમ કૃતેહ મેળવી શક્યા નહિ. કહેવાનો ભાવાર્થ એવો છે કે આત્મારામને દૂર જોઇને તેનું ઉપાસન કરવા કરતાં, આપે આત્મારામની ઉપાસના કરનાર પ્રથમ કૃતેહ મેળવે છે. બાહ્યવૃતિરૂપી સગુણ ઉપાસનાનો અંતીમ હેતુ તો અંતર્વૃત્તિ કરાવવાનો જ છે; એ સર્વ અધિકારી પરત્વે છે,

સગુણ અને નિર્ગુણ સ્વરૂપનો વાચક, આત્મારામ છે માટે આત્મારામ સર્વોત્કૃષ્ટ છે, જૈમિનિપુરાણમાં વ્યાસજીએ કહ્યું છે કે,—

रामनाम परंब्रह्म सर्वदेव प्रपुजितम् ।
महेश एव जानाति नान्यो जानाति वै मुने ॥

સર્વ દેવ પ્રપૂજિત રામનામ પરંબ્રહ્મ છે, તે મહેશજ જાણે છે અન્ય મુનિઓ જાણતા નથી.

રામ, એ મૂળચૈતન્ય સ્વરૂપનું નામ છે, પણ નામ અને રૂપની કથા અકથ છે, શ્રી તુલસીદાસજી મહાત્મા કહે છે કે—

'नामरुपगति अकथ कहानी, समुझत सुख जनपरति बखानी ॥ ॥

'નામ અને રૂપની ગતિની કથા બની શકતી નથી, સમજતાં સુખ આપે છે. પણ તે સુખનાં વખાણ થઇ શકતાં નથી.'

રામનામના જપરૂપિ આત્મારામમાં વૃતિ રાખવાથી અકથ અનુપમ સુખ મળે છે. તુલસીદાસજી કહે છે કે—

" ब्रह्म सुखहिं अनुभवहिं अनुपा, अकथ अनामय नाम नरुपा "

અંતવૃત્તિદ્વારા વૈરાગ્યવંત પુરૂષ મોહ રાત્રિમાં જાગવાથી, આત્મારામમાં વૃત્તિ રાખવાથી બ્રહ્માનંદનો અનુભવ કરે છે, કે જે ઉપમા રહિત, અકથનીય, રોગરહિત, અને જેમનાં નામ અને રૂપ નથી,

શુદ્ધચૈતન્ય-નિર્ગુણ; રામ—સગુણ;

આત્મારામ, નૃસિંહ રૂપ છે હિરણ્યકશિપુતે કલિકાલ છે, જાપતે પ્રહલાદ છે, કલિકાલ રૂપિ અવિદ્યાનો નાશ, અધ્યાત્મજપ રૂપ, રામનામ રૂપ નૃસિંહજી કરે છે અર્થાત્ આત્મસાક્ષાત્કાર કરનાર-પ્રહલાદજી-અવિદ્યાના ભયથી બચે છે.

શંકર પાર્વતી, કાગભુશુંડિ, યાજ્ઞવલ્કય, ભરદ્વાજ, વાલ્મીકિ, વગેરે શ્રોતાવક્તાઓ સમાન બુદ્ધિવાળા સમદર્શી, તથા આત્મજ્ઞાની હતા. રામાયણનો શુદ્ધ આશય સમજવાની શક્તિ કલિમલ-અવિદ્યા-ગ્રસિત મૂઢજીવોમાં નથી.

અધ્યાત્મ કથનરૂપ રામકથા તે આકાશ ગંગા છે અને ચિત્રકુટને નિર્મળચિત્ત જાણવું અને સુંદર સ્નેહનેજ સીતારામના વિહારનું વન જાણવું સીતારામના વિહાર રૂપી વનને જ્ઞાનદૃષ્ટિએ જોવાથી જ મન પ્રસન્ન થાય છે. સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ રૂપિ ત્રણ દેહને જ્ઞાનદૃષ્ટિરૂપિ ત્રીજા નેત્ર વડે પ્રજાળનાર શંકર ત્રિપુરારિ કહેવાય છે ત્રિપુરારિ એટલે ત્રણપુર રૂપ શરીરથી પર અર્થાત્ તત્ત્વજ્ઞ.

તત્ત્વજ્ઞો, શરીરથી પર હોય છે, છતાં મૂળ પુરૂષો તેમને શરીર ધારક જાણે છે, શ્રી ગીતાજીમાં કહેલ છે કે "

अवजानन्ति मां मूढा मानुषीं तनुमाश्रितम् ॥

અર્થઃ—મૂઢ પ્રાણીઓ મને મનુષ્યદેહને આશ્રિત જાણે છે.

શ્વેતાશ્વતરોપનિષદ્‌ની શ્રુતિ ભગવતિમાં પણ શુદ્ધ સ્વરૂપ માટે કહેલ છે કે—

अपाणिपादो जवनो ग्रहीता पश्यत्यचक्षुः सशृणोत्यकर्णः ।
स वेत्ति वेद्यं न च तस्याति वेत्ता तमाहुरग्र्यं पुरुषं महान्तम् ॥

અર્થઃ—હાથ પગ વિના ગ્રહણ કરે છે અને ચાલે છે. ચક્ષુ વગર જૂએ છે, કાન વગર સાંભળે છે, તે જાણવાયોગ્ય જાણે છે. તેને કહેનાર નથી, તેને અગ્રય મહાન્ત પુરૂષ કહે છે.

શ્રી રામચંદ્રજીએ કૌશલ્યા માતાને વિરાટ્ સ્વરૂપ બતાવ્યું એનો અર્થ એવો છે કે આ પિંડમાં સર્વ રચના છે. બહાર જોવા ગયે કદિ પણ ત્યાં પહોંચાતું નથી, પણ અંતર્દૃષ્ટિએ યોગાદિદ્વારા આ દેહમાં જ આત્મશક્તિ વડે સકલ રચના જોઇ શકાય છે કે જે રચના શ્રીરામે માતા કૌશલ્યાને તથા કાગ ભુશુંડિને બતાવી હતી તથા શ્રી કૃષ્ણે અર્જુનને બતાવી હતી.

શ્રી રામે તૃષ્ણારૂપિ તાડીકા રાક્ષસીને મારી હતી કે જે તાડીકા બધાનું ભક્ષણ કરી જતી હતી જડમતિ રૂપિ અહલ્યાને, શ્રીરામના ચરણારવિંદના સ્પર્શરૂપ સાક્ષાત્કાર થવાથી તે ચૈતન્યમય બની ગઇ અર્થાત્ જડતા ગઇ અને શુદ્ધતા પ્રાપ્ત થઇ.

જનક વિદેહી એટલે શુદ્ધસ્વરૂપની દીકરી બ્રહ્મવિદ્યા–સીતાને શુદ્ધસ્વરૂપ વિવેકી શ્રીરામ પરણ્યા હતા અર્થાત્ ગ્રહણ કરી હતી.

મોહરૂપિ ધનુષ્ય કે જે રાવણાદિક જ્ઞાનીઓથી ન ભાગ્યું તે શુદ્ધજ્ઞાન વિવેક સ્વરૂપ શ્રીરામે ભાંગ્યું. મોહ ભાંગ્યો એટલે બ્રહ્મવિદ્યા આત્મવિદ્યા પ્રાપ્ત થઇ અર્થાત્ સીતાએ વર માળા પહેરાવી. મોહને તો વિરલાજ તોડી શકે છે માટે તે મોહરૂપી ધનુષ્ય બીજાઓથી તો ઉભું પણ થયું નહિ. જ્ઞાન સહવર્તમાન અહંધી–રાવણે તે મોહરૂપી ધનુષ્ય જ્ઞાન બળે ઉભું કર્યું, પણ તેનામાં વિવેક નહિ હોવાથી, તે મોહધનુષ્ય પાછું પડી ગયું એટલે અભિમાનને લીધે તેને પાછો મોહ થયો. છેવટે શ્રીરામે મોહને તોડી નાંખ્યો. મોહ તુટે તોજ અધ્યાત્મવિદ્યા સંપ્રાપ્ત થઇ શકે છે. મોહવાળાને અધ્યાત્મવિદ્યા આપવી જોઇએ નહિ, માટે જનક વિદેહીએ––શુદ્ધઅધ્યાત્મ વક્તાએ અધ્યાત્મવિદ્યા—સીતા—ને, મોહ તોડનાર આત્મારામને આપી.

તામસિ વૃત્તિ કૈકેયીએ અંધકાર કરી—વ્યાપી–ને, દશરથ–દેહને–ને મોહિત મૂર્છિત કર્યો, તામસિ વૃત્તિ માટે કહ્યું છે કે:—

अन्धीकरोति भुवनं बधिरीकरोति धीरं सचेतनमचेतनतां नयेत् क्रुध् ।
कृत्यं न पश्यति नचात्महितं शृणोति धीमान धीतमपि नप्रतिसंदधाति ॥

અર્થ:—ક્રોધરૂપિ તામસિવૃત્તિ લોકોને અંધ કરે છે, પંડિતોને બધિર કરે છે, સચેતનને અચેતન કરે છે. જે મનુષ્યને આવે છે તે કાર્યને નથી દેખતો, હિતને નથી જોતો, અને પંડિતનું જ્ઞાન પંડિતને નથી રહેતું.

એ પ્રમાણે ક્રોધ સ્વરૂપ તામસિવૃત્તિએ દશરથ–દેહ–કે જે વિદ્યામય હતો, તેને ભ્રમમાં નાંખી સાક્ષાત્કાર થએલ આત્મારામનો વિયોગ કરાવવા રૂપિ વનવાસ આપ્યો. વિવેકરૂપિ રામ તથા વૈરાગ્યરૂપિ લક્ષ્મણ તથા અધ્યાત્મ વિદ્યારૂપિ સીતાજી એ સર્વે તામસિવૃત્તિ વ્યાપવાથી વનમાં ગયાં. એ વિયોગથી દશરથ–દેહ મૃત્યુ પામે છે.

ગાદીએ બેસવા રૂપિ સિદ્ધ પદવી મેળવવી મુસ્કેલ છે સિદ્ધપદવી મળવાની તૈયારી થઇ રહી હતી, પણ તામસ વૃત્તિ હતી તેથી તે સિદ્ધપદવી મળી શકી નહિ. તે વૃત્તિનો ભય કરવા માટે પ્રયાગરાજાદિ તિર્થરૂપિ સંતસમાગમમાં સ્નાન કરવાની જરૂર છે, સત્સંગ સિવાય તામસાદિમળ જતા નથી, માટે તે મળ દૂર કરવા વાસ્તે સત્સંગ કરવા આત્મારામ ગયા–સત્સંગ કરતાંજ દશરથ–દેહથી પૃથકત્વ સમજ્યું પણ અભિમાન, ક્રોધ, લોભ, મદ, મત્સર, વગેરે શત્રુઓ પ્રબળ હોય છે ત્યાંસુધી જ્ઞાન થયાં છતાં સિદ્ધદશા પમાતી નથી. એ અભિમાનાદિને જીતવાનો ઉપાય મન છે, કારણ કે મન જ ભમાવે છે. મનને મારવા માટે પ્રથમ પ્રયાગરાજ રૂપિસંત સમાગમ સમીપ ગયા. ત્યાં ગંગા, યમુના અને સરસ્વતિના સંગમરૂપિ ઇડા, પિંગળા અને સુષુમ્ણાના સંયમરૂપ ત્રિકુટીમાં સ્નાન કર્યું, પછી ચિત્તશુદ્ધિ રૂપિ ચિત્રકુટમાં ગયા. એ સર્વ મહામાયાના મોહમાં ન સપડાવા માટે છે. મહામાયાનો મોહ અતિ બળવાન છે. શ્રીમાર્કંડેય પુરાણમાં કહ્યુ છે કે:—

ज्ञानिनामपि चेतांसि देवी भगवती हि सा ॥
बलादाकृष्य मोहाय महामाया प्रयच्छति ॥

ભગવતી, મોટા જ્ઞાનીઓના ચિત્તને પણ બલપૂર્વક ખેંચી મોહિત કરે છે, આ વાક્ય રાવણાદિ જ્ઞાનીને લાગુ પડી શકે તેમ છે.

માયાનામોહથી અટકવામાટે આત્મારામ, ચિત્તશુદ્ધિરૂપિ ચિત્રકુટમાં આવ્યા એ વાત આવી ગઇ છે. જો ચિત્તશુદ્ધિ થયા પછી મન જીતાય અને મહાભિમાન-રાવણ-વગેરેનો અભાવ થાય તો કેવળ સાક્ષાત્કાર થાય, કે જે સાક્ષાત્કારને મન વાણી વર્ણવી શકે નહિ. તૈતરીયોપનિષદ્દમાં શ્રુતિ છે કે—

" यतो वाचो निवर्तन्ते अप्राप्य मनसासह ! "

અર્થ:—જ્યાં વાણી પહોંચી શકતી નથી અને જે મન વડે અપ્રાપ્ય છે ઇ. એ સ્વરૂપનો સાક્ષાત્કાર કરવા અંદરના શત્રુઓને હણવા જોઇએ. જ્યારે શત્રુઓ હણાય ત્યારેજ તે જાગતો પુરૂષ ગણી શકાય છે. કારણકે શ્રી તુલસીદાસજીએ અયોધ્યાકાંડમાં કહેલ છે કે-

" जानिय तबहिं जवजगा, जबसब विषय विलास विरागा "

જ્યારે સકલ વિષય ભોગથી જુદા થવાય ત્યારેજ તે આત્માને સંસારમાં જાગતા પુરૂષ તરીકે જાણવો.

શ્રી ગીતાજીમાં પણ કહ્યું છે કે:—

या निशा सर्वभूतानां तस्यां जागर्ति संयमी ।
यस्यां जाग्रति भूतानि सा निशा पश्यतो मुनेः ॥

અર્થ:—જે મોહરાત્રિમાં સર્વ ભૂતો સૂઈ રહે છે, તેમાં ઇંદ્રિયોને વશમાં રાખવાવાળા જાગે છે, અને જે શબ્દાદિ વિષયરૂપ રાત્રિમાં સર્વ પ્રાણી જાગે છે તે આત્મતત્ત્વ દેખનારા મુનિની રાત્રિરૂપ છે.

કપટ રહિત અર્થાત્ રામ સ્વરૂપ તે ભરત. મહાત્મા તુલસીદાસે ભરતને હંસ કહેલ છે-

भरतहंस रविवंश तडागा, जन्मि कीह्न गुणदोष विभागा । ઇ.

અર્થ:—સૂર્યવંશરૂપી તળાવમાં હંસરૂપિ ભરતે જન્મીને ગુણદોષનું પૃથક્કરણ કર્યું.

પ્રેમસ્વરૂપ ભરતનો જન્મ નહોત તો અચરને સચર અને સચરને અચર કોણ કરત ! મતલબકે પ્રેમથીજ સર્વ બને છે.

શુદ્ધાચત્ત-ચિત્રકુટ-માં સાત્ત્વિકવૃત્તિરૂપી કૌશલ્યાદિ મા તથા પ્રેમસ્વરૂપ શમરૂપી ભરતાદિ ભાઇઓ આવીને પુરમાં પાછા ફરવા બહુ વિજ્ઞપ્તિ કરે છે, તથા તામસિવૃત્તિરૂપ કૈકેયી પણ શાન્ત થાય છે. તથા મહાભિમાનાદિ-રાવણાદિનો નાશ કર્યા સિવાય નિષ્કંટક આત્માનંદ ભોગવી શકાતો નથી એવા ઉદ્દેશથી પાછા ફરતા નથી. ત્યાં દશરથના મૃત્યુરૂપિ દશ ઇંદ્રિયો વિરામ પામી ગયાના સમાચાર પણ મળે છે. અભાવ થએલ દશ ઇંદ્રિયોરૂપિ દશરથ મહારાજની વિશેષ શાન્તિ માટે તે દિવસે નિરાહાર રહે છે. દશરથ સ્વર્ગે ગયા એટલે ઇંદ્રિયો તેમના દેવોમાં વિલિન થઇ ગઇ; એવો ભાવ છે.

ચિત્રકુટમાંથી શ્રીરામ દંડકારણ્યમાં પધાર્યા. મનરૂપિ દંડકારણ્ય, કે જેમાં સુમતિ રૂપિ મહાત્માઓ અને કુમતિરૂપિ રાક્ષસો રહે છે.

મહાભિમાની જીવસ્વરૂપ-અવિદ્યાધીન-રાવણની ભગિની સુર્પનખા-ઇર્ષા-મોહ કરવા આવી. પણ વૈરાગ્યસ્વરૂપી લક્ષ્મણે તે મોહમયી ઇર્ષાનાં નાક કાન કાપ્યાં. જેથી તેણે પોતાના આસુરી સંપત્તિમય ભાઇ કઠુણ હૃદય-ખર-અને દૂષણને ઉશ્કેર્યા, તેમણે આસુરી દલ મોકલ્યું. તેઓએ વિચાર કર્યો કે વિવેકરૂપિ રામ તથા વૈરાગ્યરૂપિ લક્ષ્મણને મારીને તેમની સ્ત્રી અધ્યાત્મવિદ્યા-સીતાને લઇ જઇએ. પણ તેમનું કાંઇ ચાલ્યું નહિ. ઉલટા વિનાશને પામ્યા એટલે સકામળતા અને અદૂષણતા એ ગુણો મજબૂત ટકી રહ્યા.

અવિદ્યાના કાર્યરૂપ ઇર્ષારૂપી સુર્પનખાએ મહા અભિમાન સ્વરૂપ રાવણને ઉશ્કેર્યો. મહા અભિમાન રાવણે, પોતાના મામા મનોવૃત્તિરૂપ મારિચને સાથે લીધો. એટલે મનમાં અભિમાનનો મજબૂત અંકુર ઉગ્યો, તે અંકુરે અધ્યાત્મવિદ્યા-સીતાને હરી જવાનું એટલે વિવેક-રામ-થી અને વૈરાગ્ય-લક્ષ્મણ-થી ભિન્ન કરવાનું મજબૂત રીતે ધાર્યું. મનરૂપિ મારિચ ડોલવા લાગ્યો પણ અહંકારનો અંકુર ઉગવાથી મનોવૃત્તિરૂપ મારિચ પણ તેમાં દોરાયો. મારિચ અર્થાત્ બેમુખો સુવર્ણમૃગ-અંતર્વૃત્તિ અને બહિર્વૃત્તિરૂપી મનમૃગ મારિચને વિવેકરૂપી શ્રીરામે માર્યો અર્થાત્ મનોવૃત્તિને જીતી લીધી. તે મનોવૃત્તિરૂપ મૃગે વિવેકને દોડાવ્યા તેથી અધ્યાત્મવિદ્યામાં ખળભળાટ થયો અને મનોવૃત્તિરૂપ મૃગ માટે વૈરાગ્યને પણ જવું પડ્યું. વિવેક અને વૈરાગ્ય રહિત અધ્યાત્મવિદ્યાનું સ્વરૂપ જે અવિદ્યા-સીતા,-તેને મહાભિમાન-રાવણ હરી ગયો. માર્ગમાં સુબુદ્ધિ જટાયુએ અભિમાનને સમજાવ્યો પણ મદાંધમાં સુવૃત્તિના સૂક્ષ્મ અંકુરનું કશું ચાલ્યું નહિ. એટલે રાવણે જટાયુની પાંખો કાપી નાંખી. સીતાને પોતાની લંકા-જીવના દેહમાં લઇ ગયો. જ્યાં કોઇનો ભય ન રહે તેવી અશોક વાટિકામાં રાક્ષસોની-આસુરી સંપત્તિની ચોકીમાં રાખ્યાં. આ વખતે સીતા અવિદ્યા સ્વરૂપી હતાં. વેદાંતશાસ્ત્ર પ્રમાણે જીવ અવિદ્યાને આધીન છે. મહાભિમાન-રાવણે કે જીવે-અવિદ્યાને અર્થાત્ સીતાને પોતાને તાબે કરવા ઘણી મહેનત કરી પણ જીવ પોતેજ અવિદ્યાને આધિન છે તો તે અજ્ઞાન દશામાં અવિદ્યાને શી રીતે વશ કરી શકે? એ અભિમાન વૃદ્ધિ પામતો ગયો અને અવિદ્યાને આધિન, વિશેષ થતો ગયો.

વિવેક અને વૈરાગ્યયુક્ત વિદ્યા તે અધ્યાત્મવિદ્યા અને દૈવી સંપત્તિ-ઇશ્વર સૃષ્ટિ-માં હોય છે તથા તે દૈવી સંપત્તિને આધિન હોય છે. વિવેક અને વૈરાગ્યરહિત વિદ્યા તે અવિદ્યા અને તે જીવ સૃષ્ટિમાં હોય છે, વળી જીવ, અવિદ્યાને આધિન વરતે છે. અજ્ઞાનદશા છે તેજ જીવપણું છે.

—ગોકુલદાસ નાનજી ગાંધી.

कॉन्फरन्स मिशन.

१ श्री सुकृत भंडार फंड.

(ता. ३०-९-१६थी ता. २६-१०-१६, संवत १९७२ ना आसो सुद ७थी आसो वद३०सुधी)

वसुल आव्या १७९-१२-० गइ साल आखरना बाकी ३४०१-७-०

(१) **उपदेशक भी. वाडीलाल सांकळचंद उत्तर गुजरात.**

धामणवा ४।।। पढारीआ ११।, सांतेज ५।, भेउ १७. कुल ३८—४—०

(२) **उपदेशक भी. अमृतलाल वाडीलाल-सुरत जील्लो.**

कालीआवाडी १५, सीसोदरा २५।।, अस्टगाम २०,
गणुदेवी ४, नेगामा ११. कुल ७५—८—०

उपदेशक भी. पुंजालाल प्रेमचंद—मारवार-रजपुताना:
पीपार ३४।।।, वरलु ३१।.

कुल ६६—०—०

એકંદર કુલ ૩૫૮૧-૩-૦

નોટ--સુકૃતભંડાર ફંડની રસીદ બુકો નંગ ૩ નં. ૩૧૧૫૧-૩૧૨૦૦, ૩૧૪૫૧ થી ૩૧૫૫૦ ની વપરાએલી **ઉપદેશક ભી. પુંજાલાલ પ્રેમચંદ** પાસેથી મુસાફરીમાં કોઇ ગામે રહી ગયાનું જણાય છે. તે કોઇ **જૈન** બંધુની જાણમાં હોય તો **શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ મુંબઈના શીરનામે** મોકલાવી આપવા મહેરબાની કરશો.

२ स्टॅन्डींग कमीटी.

पहेली मीटींग.

स्टॅन्डींग कमीटिनी એક मीटींग ता. २४-४-१६ सं. १९७२ना चैत्र वद ७ सोमवारे બપોરના २ વાગે श्री जैन श्वेतांबर कॉन्फरन्स ओफीसमां मळी हती. ते वखते २८ मेम्બरो हाजर हता. प्रमुख स्थाने शेठ कल्याणचंद शोभागचंद બીરાજ્યા હતા. બાદ નીચે મુજબ કામકાજ થયું હતું:-

૧. સ્ટૅન્ડીંગ કમીટિની બેઠક મુબઇમાં મળે ત્યારે તેના પ્રમુખ તરીકે રેસીડન્ટ જનરલ સેક્રેટરી તથા તેમની ગેરહાજરીમાં હાજર રહેલા સભાસદોમાંથી જે સભાસદને ચુંટી કહાડવામાં આવે તે પ્રમુખ તરીકે બેસે એમ નક્કી થયું.

૨. સ્ટૅન્ડીંગ કમીટિ માટે નીમવામાં આવેલા દરેક સભાસદને તેમની નિમણુંકની ખબર આપવાનો તથા કયા પ્રાંતમાંથી તેમને નીમવામાં આવ્યા છે તે જણાવવાનો તેમજ દરેક પ્રાંત દીઠ નેમવામાં આવેલા સભાસદોમાંથી પ્રાંતિક સેક્રેટરીની નિમણુંક તા. ૧૫ મી જુન સુધીમાં કરવી, અને જો તેમ નહીં કરે તો રેસીડન્ટ જનરલ સેક્રેટરી પ્રાંતિક સેક્રેટરીની નિમણુંક કરશે એમ તેમને લખી જણાવવાનું નક્કી થયું.

૩. પ્રાંતિક સેક્રેટરી નીમાય એટલે તેમના ઉપર કૉન્ફરન્સે કરેલા ઠરાવોની નકલ મોકલી દેવાનો તથા પોત પોતાના પ્રાંતમાં તે ઠરાવોનો અમલ કરવા અને તે સંબંધમાં તેઓ કેવી રીતે કામ કરવા માંગે છે તે પુછાવવા નક્કી થયું.

૪. સુકૃત ભંડાર ફંડની યોજના પ્રાંતિક સેક્રેટરીને લખી જણાવવી અને તેમને પોત પોતાના પ્રાંતમાં સુકૃતભંડાર ફંડની રકમ એકઠી કરી મોકલી આપવા જણાવવું.

૫. જનરલ સેક્રેટરી તથા આસિસ્ટંટ જનરલ સેક્રેટરીઓએ નીચેના વિભાગો સંભાળવાઃ-

જનરલ સેક્રેટરીઓ.

શેઠ કલ્યાણચંદ શોભાગચંદ—મુંબઇ અને ગુજરાત.

રા. રા. ગુલાબચંદ ઢઢ્ઢા—રાજપુતાના, માલવા, સંયુક્તપ્રાંત, અજમેર-મેરવાડા, મારવાડ, મેવાડ, પંજાબ અને મધ્યપ્રાંત.

બાબુ રાયકુમાર સીંહજી— બંગાલ અને બીહાર.

આસિસ્ટંટ જનરલ સેક્રેટરીઓ.

શેઠ કુંવરજી આણંદજી—કાઠીઆવાડ અને કચ્છ.

શેઠ દામોદર બાપુશા—મહારાષ્ટ્ર, ડક્કન તથા નીઝામસ્ટેટ.

બાબુ પુરણચંદજી નાહાર—બર્મા અને દીલ્હી.

જનરલ સેક્રેટરી તથા આસિસ્ટંટ સેક્રેટરીઓ, પ્રાંતિક સેક્રેટરીઓ પોતાના વિભાગમાં સુકૃત ભંડાર ફંડ ઉઘરાવે તેનું ધ્યાન રાખવું તથા જે ગામમાં સુકૃત ભંડાર ફંડ ઉઘરાવવામાં આવતું ન હોય ત્યાં ઉઘરાવવાની તજવીજ કરવી.

૬. કૉન્ફરન્સના ધારા ધોરણ:પ્રમાણે સ્ટેન્ડીંગ કમીટિમાં કેટલાક વધુ સભાસદોને નેમવામાં આવ્યા તેમના નામો નીચે મુજબ—

શેઠ રવજી ખીમરાજ કચ્છ.	શેઠ દામોદર બાપુશા યેવલા.
" અમરચંદ ધેલાભાઇ ભાવનગર.	" બાલચંદ હીરાચંદ માલેગામ
" અમરશી સુજાનમલ હૈદરાબાદ.	" શીવબક્ષજી કોચર બીકાનેર.
બાબુ પુરણચંદજી નાહાર કલકત્તા.	મેતા કીશનસીંહજી જોધપુર.
બાબુ રાયકુમાર સીંહજી "	પરી દલછાભાઇ રામચંદ પાલણપુર.
શેઠ કેશરીચંદ ભગનલાલ:મદ્રાસ.	ઝવેરી મોહનલાલ ભગનભાઇ અમદાવાદ
રા. રા. જગજીવન મુલજી બનીઆ. જામનગર	શા. વેણીચંદ સુરચંદ મેહસાણા.
શેઠ મોતીજી મેઘાજી પુના.	

૭. પ્રાંતિક સેક્રેટરીઓએ પોતપોતાના કામકાજને લગતો પત્રવ્યવહાર પોતપોતાના વિભાગના જનરલ સેક્રેટરી તથા આસિસ્ટંટ જનરલ સેક્રેટરી સાથે ચલાવવો.

૮. આવતી કૉન્ફરન્સ વખતે બંધારણની બીજી કલમમાં એવો વધારો કરાવવો કે " કૉન્ફરન્સ જ્ઞાતના, સંઘના, મહાજન અને પંચના તકરારી વીવાદગ્રસ્ત પ્રશ્નો સીધી રીતે કે આડકતરી રીતે હાથ ધરશે નહીં. "

છેવટે પ્રમુખ સાહેબનો ઉપકાર માનવામાં આવ્યો હતો.

બીજી મીંટીગ.

સ્ટેન્ડીંગ કમીટીના સ્થાનિક મેમ્બરોની એક મીટીંગ તા. ૧૮-૬-૧૬ રવીવારે શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ ઓફીસમાં બપોરના ૪ (સ. ટા.) વાગે મળી હતી. તે વખતે ૮ ગૃહસ્થો હાજર હતા. પ્રમુખસ્થાને શેઠ કલ્યાણચંદ શોભાગચંદ બીરાજ્યા હતા. બાદ નીચે મુજબ કામકાજ થયું હતું:—

૧. પ્રોવીન્સીયલ સેક્રેટરીઓ નીમવા માટે મેમ્બરો તરફથી આવેલા પત્રો ઉપર ધ્યાન આપી નીચે મુજબ પ્રોવીન્સીયલ સેક્રેટરીઓની નીમણુંક કરવામાં આવી.

કચ્છ—નગરશેઠ સાકરચંદ પાનાચંદ	કચ્છભુજ.
સિંધ—મી. ખેતસી વેલસી	કરાંચી.
પૂર્વકાઠીઆવાડ--શા. નાગરદાસ પુરૂષોત્તમ.	રાણપુર.
નીઝામ--શેઠ પુલચંદજી ઝાબક	હૈદરાબાદ.
પશ્ચિમ કાઠીઆવાડ--રા. જગજીવન મુલજી બનીઆ	જામનગર.
બર્મા—શા મણીલાલ રતનચંદ	રંગુન.
મહારાષ્ટ્ર—શા. ચંદુલાલ વીરચંદ કૃષ્ણાજી	પુના.
દક્ષિણ મહારાષ્ટ્ર--શેઠ બાલચંદ હીરાચંદ	માલેગામ.
મધ્યપ્રાંત—શેઠ હીંસીલાલ પાનાચંદ	બાલાપુર.
પૂર્વરજપુતાના—ઢઢા સાહેબને પૂછાવવું.	
બીહાર ઓરીસા-- "	
મારવાડ-- "	
અજમેર-મેરવાડા—શેઠ ધનરાજજી કાંસટીયા	અજમેર.
મેવાડ—શેઠ ચંદનમલજી નાગોરી	છોટીસાદરી.
સંયુક્તપ્રાંત—રાજા સત્યાનંદ પ્રસાદસીંહ	બનારસસીટી.
પંજાબ—લાલા ગંગારામજી બનારસીદાસ	અંબાલા.
ઉત્તર ગુજરાત—શેઠ મોહનલાલ હેમચંદ	અમદાવાદ.
દક્ષિણ ગુજરાત--,, ચુનીલાલ છગનચંદ ઑર	સુરત.
બેંગાલ—બાબુ મોતીચંદજી	કલકત્તા.
માળવા—સેઠ લક્ષ્મિચંદજી ધીયા	પ્રતાપગઢ.
મધ્યહિંદ પૂર્વ વિભાગ—શેઠ બાગમલજી ગુલેચ્છા	ગ્વાલીયર.
મદ્રાસ—શેઠ સાકરચંદ તલકચંદ સુરતી	મદ્રાસ.

૧ મુંબઇ માટે આસિટંટ જનરલ સેક્રેટરીની નિમણુંક કરવા બધાનો મત થયો અને તે માટે બીજી મીટીંગ ઉપર મુલતવી રાખવા નક્કી થયું.

૩ સુકૃત ભંડાર ફંડ કમીટી નીચેના ગૃહસ્થોની નિમવામાં આવી (વધારવાની સત્તાસાથે)

પ્રમુખ—શેઠ મોહનલાલ હેમચંદ

સેક્રેટરી—શેઠ નરોત્તમદાસ ભાણજી શેઠ લાલભાઇ કલ્યાણભાઇ

મેમ્બર—રા. રા. મણીલાલ મહોકમચંદ રા. રા. હાથીભાઇ કલ્યાણજી

રા. રા. દેવચંદ ભગવાનજી રા. રા. ભગવાનજી હેમચંદ,

રા. રા. લલ્લુભાઇ કરમચંદ દલાલ.

કમીટીએ પોતાનું કામ શરૂ કરવું અને મુંબઇમાં પર્યુષણ વખતે ઉપરાવવા પ્રયાસ કરવો.

૪. ઉપદેશકો સંબંધી કામકાજ સુકૃત ભંડાર ફંડ કમીટીએ કરવું.

૫ શિલા લેખોના ઉતારા મેળવવા નિચેના ગૃહસ્થો સાથે પત્ર વ્યવહાર કરવો.

રા. રા. ગુલાબચંદજી ઢઢ્ઢા. (આબુ, રાણકપુર, કલોધી)

શેઠ કુંવરજી આણંદજી (તારંગાજી, પાલીતાણા, ગીરનાર)
બાબુ રાયકુમાર સીંહજી (સમેતશીખરજી તથા નગરીઓ)
તથા રા. રા. કેશવલાલ પ્રેમચંદ મોદીને લખવું.

ત્રીજી મીટીંગ

સ્ટેન્ડીંગ કમીટીના સ્થાનિક મેમ્બરોની એક મીટીંગ તા ૨૩—૬—૧૬ શુક્રવારે રાત્રે ૭॥ વાગે (મું. ટા.) શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ ઓફીસમાં મળી હતી. તે વખતે ૮ મેમ્બરો હાજર હતા પ્રમુખ સ્થાને શેઠ કલ્યાણચંદ શોભાગચંદ બીરાજ્યા હતા. શરૂઆતમાં આગલી મીનીટ વાંચી મંજુર કરવામાં આવી બાદ નીચે મુજબ કામકાજ થયું હતું.

૧. બાબુ પુરણચંદજી નાહર તથા રા. રા. દોલતચંદ પુરૂષોત્તમ બરોડિયા સાથે શીલાલેખો બાબત પત્રવ્યવહાર કરવો.

૨. બનારસથી રાજા સત્યાનંદ પ્રસાદસિંહ તરફથી આવેલ પત્ર તથા તાર વાંચવામાં આવ્યો તે ઉપર વિચાર કરી નીચેના ગૃહસ્થોને બનારસ હીંદુ યુનિવર્સીટીના મેમ્બર તરીકે નીમવામાં આવ્યા અને રાજા સત્યાનંદ પ્રસાદસીંહને આ ખબર તારથી આપ્યા.
૧. રાજા સત્યાનંદ પ્રસાદસીંહ બનારસ. ૨. બાબુ નીહાલચંદજી
૩. રા. રા. મકનજી જુઠાભાઇ મ્હેતા મુંબઇ.

૩. શેઠ મોહનલાલ હેમચંદ તથા શેઠ નરોત્તમદાસ ભાણજીના રાજીનામા રજુ કરવામાં આવ્યાં તેઓને લખી જણાવવું કે—" આપના રાજીનામા મંજુર કરી શકતા નથી આપની કરેલી નીમણુંક સ્વીકારશો અને કાર્ય હાથ ધરશો. "

૪. રા. રા. કેશવલાલ પ્રેમચંદ મોદીનો પત્ર વાંચવામાં આવ્યો. તેમને લખવું કે શીલા લેખો બાબત કાર્ય હાથ ધરવામાં આવેલ છે. ડૉ. ગેરીનોટની બુકોમાંથી યોગ્ય ઉતારા ફ્રેંચમાંથી ઇંગ્રેજીમાં કરાવવા, આપે સૂચના તથા ઓફર કરેલી છે તે માટે આભાર માનવામાં આવ્યો. ઉતારા કરવા, છપાવવા એસ્ટીમેટ વીગેરે નક્કી કરી બીજી મીટીંગમાં રજુ કરવું.

૫. બીલ્ડીંગ ફંડ માટે માંગરોળ જૈન સભાના સેક્રેટરી તરફથી આવેલ પત્ર રજુ કરવામાં આવ્યો. આ બાબત શેઠ કલ્યાણચંદ શોભાગચંદ વિચાર કરી યોગ્ય કરવું.

૬. શ્રી સુકૃત ભંડાર ફંડ કમીટીની મીટીંગ બોલાવવા શેઠ લાલભાઇ કલ્યાણભાઇને પત્ર લખવા.

૭. ડૉક્ટર નાનચંદ કસ્તુરચંદ મોદીને આસિસ્ટંટ સેક્રેટરી તરીકે એક વર્ષ માટે નીમવામાં આવ્યા.

ચોથી મીટીંગ

સ્ટેન્ડીંગ કમીટીના સ્થાનિક મેમ્બરોની એક મીટીંગ તા. ૧૭-૯-૧૬ ના રોજે રાત્રે ૭॥ વાગે (મું. ટા.) શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ ઓફીસમાં મળી હતી. તે વખતે ૧૩ મેમ્બરો હાજર હતા. પ્રમુખસ્થાને શેઠ કલ્યાણચંદ શોભાગચંદ બીરાજ્યા હતા. શરૂઆતમાં આગલી મીટીંગ વાંચી મંજુર કરવામાં આવી બાદ નીચે મુજબ કામકાજ થયું હતું:—

૧. મુનિ શ્રી જીનવિજયજી મહારાજ તરફથી છપાયેલાં ફોર્મો મંગાવી આવતી મીટીંગ વખતે રજુ કરવાં. બુકની કીમત શું રાખવાના છે તે તથા મદદની અપેક્ષા હોય તો પૂછાવવું.

રા.રા, નાનચંદ કસ્તુરચંદ મોદી ડાકટરનો પત્ર રજુ કરવામાં આવ્યો. તેમને આસિસ્ટંટ સેક્રેટરી તરીકે છ માસ માટે નીમવામાં આવ્યા.

૩. શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ હેરૅલ્ડનું નામ ફેરવી "જૈનસમાજ" નામ રાખવા ખુબ ડીસ્કશન થયું. બાદ છેવટે સર્વાનુમતે શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ હેરૅલ્ડ નામ કાયમ રાખવાનું નક્કી થયું.

૪. શ્રી કેસરીઆજી તીર્થના મુનીમ તરફથી આવેલ પોસ્ટ કયાર્ડ વાંચવામાં આવ્યું અને તેનો જવાબ લખવા માટે રા. રા. ગુલાલચંદજી ઢઢ્ઢા પાસે ડ્રાફ્ટ કરાવી પત્ર લખવા નક્કી થયું.

શ્રી સુકૃત ભંડાર ફંડના સેક્રેટરી તરીકે શેઠ મણીલાલ સુરજમલને નીમવામાં આવ્યા અને બીજા જોઇન્ટ સેક્રેટરી તરીકે શેઠ રવજી સોજપાલને મળીને તેમની નિમણુંક કરવી. તેઓ હા પાડે એટલે બન્ને સેક્રેટરીને ઑફીસીયલી પત્ર લખી ખબર આપવી.

---

૩ એજ્યુકેશન બોર્ડની મળેલી મીટીંગો.

પહેલી મીટીંગ.

શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બૉર્ડની એક મીટીંગ તા. ૧૫-૬-૧૬ ગુરૂવારે રાત્રે ૭॥ વાગે (મું. ટા.) શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ ઑફીસમાં મળી હતી. તે વખતે ૯ મેમ્બરો હાજર હતા. પ્રમુખ સ્થાને શેઠ કલ્યાણચંદ શોભાગચંદ બીરાજ્યા હતા. બાદ નીચે મુજબ કામકાજ થયું હતું.—

૧. હોદ્દેદારોની નિમણુંક નીચે મુજબ કરવામાં આવી.

પ્રમુખ—રા રા, મકનજી જુઠાભાઇ મહેતા.
સેક્રેટરી—રા. રા. મોતીચંદ ગીરધરલાલ કાપડીઆ.
" રા. રા. મોહનલાલ દલીચંદ દેશાઇ.

૨. નીચેના ગૃહસ્થોને મેમ્બર તરીકે નીમવામાં આવ્યા.

રા. રા. ચુનીલાલ મુલચંદ કાપડીઆ—મુંબઇ,
" સારાભાઇ મગનભાઇ મોદી— "
શેઠ મોહનલાલ મગનભાઇ — "
" જીવણચંદ ધરમચંદ — "
" શાંતિદાસ આશકરણ — "
પંડિત બહેચરદાસ — "
શેઠ પોપટલાલ લલ્લુભાઇ —અમદાવાદ.
" ભોગીલાલ નગીનદાસ —ખંભાત.
" ઉમરશી માંડણ —મુંબઈ.

૩. નીચેના ગૃહસ્થોને સહાયક મેમ્બર તરીકે નીમવામાં આવ્યા.

શેઠ સોમચંદ ધારશી —મુંબઇ
" હાથીભાઇ કલ્યાણજી — "
" માણેકલાલ પરસોત્તમ — "

" નાથાભાઇ લવજી — કચ્છ અંજાર
" સાકરચંદ કપૂરચંદ — કચ્છ મુંદ્રા
" માણેકચંદ પાનાચંદ — કચ્છ માંડવી.
" સાકરચંદ પાનાચંદ — કચ્છ ભૂજ.

તથા બીજા સહાયક મેમ્બરો વધારવા માટે જુદા જુદા સંભવિત ગૃહસ્થો ઉપર પત્ર વ્યવહાર કરવા બન્ને સેક્રેટરીઓને સત્તા આપવામાં આવી.

૪. પાઠશાળાઓ તથા વિદ્યાર્થીઓને મદદ મોકલવા માટે, તેમના તરફથી માસીક પત્રકો આવે છે તે ભેગાં કરી આવતી મીટીંગમાં રજુ કરવાં. નવી અરજીઓ આવેલ છે તેમના તરફથી પણ પત્રકો મંગાવી આવતી મીટીંગમાં રજુ કરવાં;

૫, અભ્યાસક્રમ તૈયાર કરવા નીચેના ગૃહસ્થોની એક કમીટી નીમવામાં આવી.

રા. રા. મોતીચંદ ગીરધરલાલ કાપડીયા — પંડિત બેહચરદાસ
" મોહનલાલ દલીચંદ દેશાઇ — શેઠ હીરાચંદ વસનજી
" ઉમેદચંદ દોલતચંદ બરોડીઆ — " અમરતચંદ ઘેલાભાઇ
" ચુનીલાલ મુલચંદ કાપડીઆ.

૬. શેઠ જીવણચંદ સાકરચંદ તરફથી આવેલા પત્રો વાંચવામાં આવ્યા, ચાલુ વર્ષ માટે બાઈ રતન–શા ઉત્તમચંદ કેશરીચંદના પત્નિ–સ્ત્રી જૈનધાર્મિક હરીફાઇની પરીક્ષા લઇ ઇનામ માટે રૂા. ૩૦૦ આપવાથી એક વર્ષ પરીક્ષા લંબાવવા નક્કી કર્યું. અને તેમના ઉપર આભાર માનવા પત્ર લખવો.

૭. વીંછીઆ આગળ ગામ સાલાવડાના રહીશ મી. મોહનલાલ રણછોડ તરફથી રા. રા. મકનજી જુઠાભાઇ મ્હેતા માર્ફત આવેલ અરજી વાંચવામાં આવી. તેમને કેટલી મદદની જરૂર છે તે તેમની માર્ફત પુછાવવું અને બોર્ડપર અરજી આવે તો ત્યારબાદ જરૂર જણાયે તેમને રૂા. ૫) માસિક મદદ આપવા નક્કી થયું.

બીજી મીટીંગ

શ્રી જૈનશ્વેતાંબર એજ્યુકેશન બોર્ડની એક મીટીંગ તા ૨–૧૦–૧૬ ની રાત્રે ૭॥ વાગે (મું. ટા.) શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ ઓફીસમાં મળી હતી. તે વખતે ૮ મેમ્બરો હાજર હતા. પ્રમુખસ્થાને શેઠ મોહનલાલ હેમચંદ બીરાજ્યા હતા. શરૂઆતમાં આગલી મીનીટ વાંચી મંજુર કરવામાં આવી હતી. બાદ નીચે મુજબ કામકાજ થયું હતું:–

૧. રા, રા. મકનજી જુઠાભાઇ મ્હેતા તરફથી આવેલ રાજીનામું રજુ કરવામાં આવ્યું. રાજીનામું સ્વીકારવામાં આવ્યું નહીં અને પ્રમુખ તરીકે તેમની નિમણુંક કાયમ રાખવામાં આવી.

૨. પાઠશાળાઓ તથા વિદ્યાર્થીઓ તરફથી આવેલ નવી અરજીઓ ઉપર વિચાર કરવામાં આવ્યો. નીચે જણાવ્યા મુજબ પાઠશાળાઓ તથા વિદ્યાર્થીઓને ચાલુ અકટોબર માસથી તે આવતા માર્ચ માસ સુધી ૭ માસ માટે મદદ આપવા મંજુરી આપવામાં આવી.

ખંભાત—શ્રી તપગચ્છ જૈન કેળવણી ખાતું	માસિક	રૂા. ૧૦
હળવદ—શ્રી હંસવિજયજી જૈનપાઠશાળા	,,	૫
અલાઉ—જૈન પાઠશાળા	,,	૪
ગઢડા— ,,	,,	૩
ભંડારીઆ— ,,	,,	૩
કૈયલ— ,,	,,	૨

વડોદરા કળાભુવનમાં અભ્યાસ કરવા મી. રતીલાલ ત્રીભોવન કરાંચીવાળાને,, ૫

આગ્રા મેડીકલ કોલેજમાં અભ્યાસ કરવા મી મોહનલાલ રણછોડજી વેારાને ,, ૫

નીચેના વિદ્યાર્થિઓની તપાસ કરી સ્કોલરશીપ મંજુર કરવા નક્કી થયું. મી. ચીમનલાલ જે. કુવાડીયા વડોદરા કળાભુવન, મૂર્ત્તિપૂજક હોવાની ખાત્રી કરીને રૂા. ૫ આપવા. મી. ગોવીંદચંદ ઝવેરચંદ શાહ વડોદરા પી.ઇ. બીજેથી મદદ ન મળતી હોય તો રૂા. ૬ આપવા. મી. મોહનલાલ કુરજી હાટીના માળીઆ ફરી જવાબ ઉપર મુલતવી રાખી બીજી મીટીંગમાં જવાબ આવે ત્યારે અરજી રજુ કરવી. બાકીની અરજીઓ રદ કરવામાં આવી.

પાઠશાળાઓ તથા વિદ્યાર્થિઓને ચડેલી મદદ આપવા સંબંધમાં વિચાર કરવામાં આવ્યો. મદદ ન મોકલવાથી સર્વેએ નભાવી લીધેલ છે જેથી ચડેલી મદદ મોકલવાની જરૂર નથી એમ સર્વેનો મત થયો.

૩. બન્ને ધાર્મિક હરીફાઇની પરીક્ષાના પરીક્ષકોની નિમણુંક નીચે મુજબ કરવામાં આવી.

પુરૂષવર્ગની પરીક્ષા માટે.

ધોરણ ૧ લું. વિધિપક્ષ	—	રા. રા. જટાશંકર હેડમાસ્તર	મુંબઇ.
,, તપગચ્છ	—	,, ન્યાલચંદ લક્ષ્મિચંદ સોની	સાદરા.
ધોરણ ૨ જું. અ અને બ	—	,, સુરચંદ પરસોત્તમ બદામી	દહાણું.
ધોરણ ૩ જું.	—	,, સુનીલાલ છગનચંદ ઓઝ	સુરત.
,, ૪ થું.	—	,, કેશવલાલ પ્રેમચંદ મોદી	અમદાવાદ.
,, ૫ મું અ.	—	પંડિત બહેચરદાસ	મુંબઇ.
,, ,, બ	—	શેઠ કુંવરજી આણંદજી	ભાવનગર.
,, ,, ક	—	રા. રા. મોહનલાલ હીમચંદ પાદરાકર	પાદરા.
,, ,, ડ	—	શેઠ કુંવરજી આણંદજી	ભાવનગર
,, ,, ઈ	—	,,	,,
,, ,, એફ	—	પંડિત વ્રજલાલજી	બનારસ.
,, ,, જી	—	પંડિત બહેચરદાસ	મુંબઇ.

બાઇ રતનબાઇ–સ્ત્રી જૈન ધાર્મિક હરીફાઇની પરીક્ષા માટે.

કન્યા ધો. ૧ લું.	—	રા. રા. શંકરલાલ ડાહ્યાભાઇ	અમદાવાદ.
,, ૨ જું	—	,, સુનીલાલ મુલચંદ કાપડીઆ	મુંબઇ.
સ્ત્રીઓનું ધો. ૧ લું	—	શેઠ કેતેચંદ ઝવેરભાઇ	ભાવનગર
,, ૨ જું	—	રા. રા. ચંદુલાલ ગોકળદાસ ઝવેરી	નડીઆદ.
,, ૩ જું	—	,, ઉમેદચંદ દોલતચંદ બરોડીઆ.	મુંબઇ.
,, ૪ થું	—	,, મનસુખલાલ કીરતચંદ મહેતા	મોરબી.

સ્ત્રીઓનું ધોરણ ૫ મું અ — પંડિત અહેચરદાસ મુંબઇ.
„ „ બ — શેઠ કુંવરજી આણંદજી ભાવનગર.
„ „ ક — રા. રા. મોતીચંદ ગીરધરલાલ કાપડીઆ મુંબઇ.
„ „ ડ — „ મોહનલાલ દલીચંદ દેશાઇ „
„ „ ઈ — „ ગોકળભાઇ નાનજીભાઇ ગાંધી રાજકોટ.

૪ સહાયક મેમ્બરો વધારવા પ્રયાસ કરવો.

૫ તીર્થ સ્થળોમાં કેળવણીની કૉલમ પહોંચ બુકોમાં થાય તે માટે પત્રવ્યવહાર કરવો.

ત્યારબાદ પ્રમુખ સાહેબનો ઉપકાર માની સભા વિસર્જન થઇ હતી.

૪ દશમી શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ વખતે ભરેલી રકમ વસુલ આવ્યાની વિગત.

સાંધણ જુન, અકટોબર ૧૯૧૬.

નં.	નામ	ગામ.	કેળવણીફંડ.	નિભાવફંડ.	કુલ રકમ.
૧	શેઠ દલસુખભાઇ વાડીલાલ	મુંબઇ	૫૧	૫૧	૧૦૨
૨	„ કલ્યાણચંદ નગીનભાઇ	„	૨।।	૨।।	૫
					૧૦૭

ઉપદેશક પ્રવાસ.

(દરેક ગામના પત્ર ઉપરથી ટુંક સાર.)

ઉપદેશક મી. વાડીલાલ સાંકળચંદ.

સાબલી—ભાષણની અસરથી શીયળ પાળવા માટે બાઇઓને સારી અસર થઇ છે તેમ બીડીઓ નહીં પીવાની ઘણા ભાઇઓએ બાધા લીધી હતી.

રણાસણ—સંપ, જીવદયા વિષે અસરકારક ભાષણો આપ્યાં હતાં. રા. રા. દિવાન સાહેબ, ભાયાત, મુત્સદીઓ તેમ શ્રી જૈન સંઘ અને અન્ય કોમે હાજરી આપી હતી. માનવંતા ઠાકોર સાહેબે ભાષણ કર્ત્તાની છટાની પ્રસંશા કરી હતી.

સાંગલપુર—ભાષણોની અસર પાટીદાર લોકોને સારી કરી છે. ધર્મ પર શ્રદ્ધા બેસારી છે. મરણ પછવાડે બારમું ન કરવા પાટીદાર લોકોને સમજાવ્યા હતા.

મુણસર—ગામની તમામ કોમ વચ્ચે ધર્મના વિષયો સારી રીતે ચર્ચ્યા હતા. જીવદયાના વિષયથી રજપૂતો વીગેરેએ જીવહિંસા ન કરવી, માંસ ભક્ષણ ન કરવું, દારૂ નહીં પીવો, તેવી પ્રતિજ્ઞાઓ સભા સમક્ષ લેવામાં આવી હતી. સ્ત્રીઓને શિયળ પાળવા સારૂં શિક્ષણ આપ્યું હતું.

ધામણવા—જુદા જુદા વિષયો ઉપર ભાષણો આપ્યાં હતાં. જીવ દયાનો વિષય સાંભળી ઠાકરડા લોકોએ જીવ હિંસા ન કરવી, માંસ ભક્ષણ ન કરવું, દારૂ ન પીવો, તેવી બાધાઓ સભા સમક્ષ લીધી હતી. ઉપદેશકો વખતો વખત આવે તો સારૂં.

શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ હેરલ્ડ.

Jaina Shvetumbara Conference Herald.

પુ. ૧૨. અંક ૧૨. વીરાત્ ૨૪૪૩ માર્ગશીર્ષ, સં. ૧૯૭૩. ડીસેમ્બર, ૧૯૧૬.

કૈસી હો ?

ખેત.

મંજુર ના ફરેબ કલી હો તો ઐસી હો,
ઔરોંકો ઈજા ના લગે ઐસા અપના કામ હો.
અખાસ આદમીકી જો હો તો ઐસી હો,
ખુશામતે ન રાજી ખુશી તમામ હો.
મંજુર ના મહોબત જો હો તો ઐસી હો,
બની રહે સદા ના બદનામ કીસી હો.

હરબાર ના લાજીમ હબસ હો તો ઐસી હો,
અપની રહે ગુલામ ન અપને ગુલામ હો.
ગરચેં ગૈરોંકા સંગ હો ગયા તો ભલે હો,
સિરસ્તે ગૈર ચલતે અપની સલામ હો.
ઇલાહી ઈન્સાનકી ઐસી જીભાન હો,
બૂરે બખ્ત બોલી જૂઠ્ઠેં સચ્ચી મુદ્દામ હો.

પાત્ર કેસરી સ્તોત્ર.

આજ ગમે તેવી સ્થિતિ હોય પણ પ્રાચીન સમયમાં જૈન પંડિતોએ સંસ્કૃત-પ્રાકૃત સાહિત્યની સારી સેવા કરીને ઉત્તમોત્તમ ગ્રન્થો લખ્યા છે-સોમદેવસૂરિનું યશસ્તિલક ચંપુ, ધનંજયની કૃતિઓ, તિલક મંજરી, સુભાષિત સંદોહ, સિંદૂરપ્રકર; જીન સેનાચાર્યનું આદિ-પુરાણ, કાવ્યાલંકાર, સર્વાર્થ સિદ્ધિ, રાજ વાર્તિક, શ્લોક વાર્તિક, ગોમટ્ટસાર, કેટલાં નામ આપિયે ?-સહસ્ત્રો કૃતિઓ વાંચવા લાયક વિચારવા લાયક મનન કરવા જેવી છે. આજ હું એક સ્તોત્રના સંબંધમાં લખીશ—એ લખવા પહેલાં મને એટલું જણાવતાં જરી ખેદ થાય છે કે વર્તમાન જૈન કોમમાં વકીલો, બારીસ્ટરો, સોલીસીટરો, વગેરે ગ્રેજ્યુએટો છે-શેક્સ-પીયર, મિલ્ટન, શૈલી બાયરન, હબર્ટસ્પેન્સર, આદિ કવિઓ તત્ત્વચિંતકોના માસ્ટરો છે. પણ ઇંડિયન કવિઓના સંસ્કૃત-પ્રાકૃતના કવિઓના-દાર્શનિકોના ગંભીર અભ્યાસીઓ નથી,

એ સ્થિતિ શરમાવવા જેવી છે–નહી મળી શકે મારા જેવા વ્યક્તિના હાથથી કોઇ પણ જૈન વકીલ બેરિસ્ટરને જૈન તરીકેનું માન મેલાવડાઓમાં આગલની ખુરસીઓ પર જઈને અંગ્રેજી વેશે બેસવાથી; પણ વધારી લઇ શકું તે વ્યક્તિને કે જે વિદ્યાથી સંસ્કૃત–પ્રાકૃતનો ઉંડો અભ્યાસ કરીને સચોટ વ્યાખ્યા કરી શકશે અને આપણા પ્રાચીન સંસ્કૃત–પ્રાકૃત વિદ્વાનોની વાણીને પશ્ચિમના વિદ્વાનોની વાણી સાથે સરખાવી શકશે,

એટલું કહ્યા પછી મારે કહેવાનું કે પાત્ર કેસરી સ્તોત્ર એક છુપેલું રત્ન છે. પ્રાચીન વિદ્વાન અષ્ટસહસ્રી આદિ ગ્રન્થોના કર્ત્તા વિદ્યાનન્દ સ્વામીનું તે લખેલું છે. આજ સુધી છપાયું નથી. એ સ્તોત્રની જુની પ્રત મને જડતાં એની નકલ કરી લીધી છે—બ્રહ્મચારી શીતલ-પ્રસાજીથી મને એ પ્રત મલી હતી. એના શ્લોકો બહુ જ મજેદાર છે. કર્ત્તાનો પ્રેમ–અનન્ય ભક્તિ કહેવાની ઢબ વખાણવા લાયક છે. એના બે શ્લોકો હેરલ્ડના પાઠકોની સમક્ષ રજુ કરું છું.

(૧)

व्रतेषु परि रज्यसे निरुपमे च सौख्ये स्पृहा
विभेष्यपि च संसृते रसुभृतां वधं द्वेक्ष्यपि
कदाचिददयो दयो विगत चित्तको ऽप्यंजसा
तथापि गुरु रिष्यसे त्रिभुवनैक बन्धुर्जिनः

व्यक्तार्थः—તને રાગ વ્હાલા નથી એવું માણસો કહે છે પણ તુંતો મહારાગી છે તારા જેવો રાગ કોઇમાં પણ નહિં–તે રાગ કોઈ એક વસ્તુ પર હોય એમ પણ નથી તારો રાગ તો વ્રતોમાં (મહાવ્રતોમાં) છે. કોણ કહે છે કે તારામાં સ્પૃહા–આકાંક્ષા નથી ? તારી ઇચ્છા–વાસના સુખમાં છે, તે સુખ પણ સાધારણ નહિં જ પણ અસાધારણ–અનુપમ –બીજા માણસોને ન મળે એવું અને કદી પણ ખુટી ન જાય એવું. અનન્ત ચતુષ્ટય સમાની આ તે કેવી લાલસા ! કહેવાય છે કે તને ભય નથી. પણ એ કેવી હસવા જેવી વાત ! તને ભય નથી ? હું કહું છું કે તારા જેવો ભીરૂ કોઇ પણ ન હોય. કોઇ પણ એવો માણસ નહિ મળે કે જે હરવા–ફરવામાં સંસારના સુંદર દૃશ્યો જોવામાં ભય પામતો હોય પણ તું અરેરે તુંતો સંસારમાં હરવા–ફરવાથી બહુ–બહુ જ ભય પામેછે ! તું દ્વેષ નથી કરતો એમ જે કહેતા હોય તે ભલે કહે પણ મને તો તું મોટો દ્વેષી લાગે છે. પ્રાણીઓના વધનો તું દ્વેષ કરે છે. કદી પણ આ દ્વેષને મૂકતો નથી–તને માણસો પરમદયાલુ તરીકે ચીતરે છે. ભલે એઓ ગમે તેમ ચીતરે પણ હુંતો કહેવા માગું છું કે તું જબરો નિર્દયી છે. ઇન્દ્રિય નિગ્રહ કાળમાં તારી દયાળુતા જોવાય એવી છે ? મને તો છૂટથી કહેવા દે કે તારા ચિત્તનું પણ કંઇ ઠેકાણું નથી (**आमनस्काः-केवलिनः सूत्र**) તોપણ તોપણ તું જીન છે-વિજેતા છે–ત્રણે લોકનો એક માત્ર બંધુ છે. માટે જ તું માનવા લાયક ગુરૂ છે માનવા લાયક આદર્શ છે.

(૨)

सुरेन्द्र परिकल्पितं बृहदनर्घ्य सिंहासनं
तथा तप निवारण–त्रय मथोल्ल सच्चामरम्

वशे च भुवनत्रय निरुपमा च निःसंगता
न संगत मिदं द्वयं त्वयि तथापि संगच्छते

व्यक्तार्थः—દુનિયાના માણસો કુરસીઓપર બેસે છે સિંહાસનોને–મનુષ્યકૃત સિંહાસનોને શોભાવે છે પણ તારૂં સિંહાસન તો કીમત કરી ન શકાય એવું કીમતી, મ્હોટું, માણસનું બનાવેલ નહિ–દેવનું બનાવેલ પણ નહિ—દેવોના દેવ સુરેન્દ્રનું બનાવેલ છે–સંસારી માણસો જરૂર તને વખતે એક છત્રીથી કામ ચલાવી લે છે અને તારાપર તો ત્રણ ત્રણ છત્રો છે. કેવલ છત્રોજ નહિ તેઓની સાથે ચામર પણ ઉડે છે. સંસારના માણસોને બે-ચાર દશ–વીસ સો–બસો હજાર બે હજાર અગર સો પચાસ લાખ કરોડ માણસો આધીન હોય તો ચાલે પણ તારી વક્ષામાં ત્રણ લોક છે સંસારનાં માણસ કે જેના વક્ષામાં એક પણ માણસ હોય તે નિઃસંગી ન કહેવાય પણ ત્રણ લોકને વક્ષા કરનારની તારી નિઃસંગતા નિરૂપમ–ઉપમા ન આપી શકાય એવી કહેવાય છે. નિઃસંગતા અને વક્ષા રાખવું એ પરસ્પર વિરોધી વાતો છે; પણ તારામાં સહુ બની શકે!

(૩)

*** त्वमिन्द्रिय विनिग्रह–प्रवण निष्ठुरं भाषसे**
तपस्यपि च यातय–स्यनघ दुष्करे संश्रितान्
अनन्य परि दृष्टया षड सुकाय संरक्षया
स्वनुग्रह परोऽप्यहो त्रिभुवनात्मनां नापरः

(૪)

*** न चाप्य सदुदीयते न च सदेव वा व्यज्यते**
सुरांग मदव मदव त्तथा शिखिकलापवैचित्र्यवत्
क्वचिन्मृत करं धनार्थ पिठरादि केनेक्ष्यते
कथं क्षितिजला जलादि–संघ गुण इष्यते चेतना

गिरिधर शर्मा.

---

* આ બે શ્લોકોના અર્થ જે જૈન ગ્રેજ્યુએટ કે અંડર ગ્રેજ્યુએટ સ્વયં કરીને (આત્માની સાક્ષીથી સ્વયં કરીને) હેરલ્ડમાં છપાવશે તેઓમાંથી જેના અર્થ ઉત્તમ જણાશે તેને એક ચાંપડી ઈનામ તરીકે મળશે.

શ્રી વાસુપૂજ્યજિનગાથા.

સુરત ગોપીપુરાની મોટી પોલમાં સુરતના જાતે વિશાઓશવાળ શ્રાવક શેઠ રતનચંદે શ્રી વાસપૂજ્યસ્વામીનું મંદિર સં૰ ૧૮૫૦ ના અરસામાં બનાવ્યું. નક્કી સાલ સંવત જાણી શકાયાં નથી. પરંતુ એ મંદિર માટે આણેલી, તથા ભરાવરાવેલી પ્રતિમાઓની અંજન-શલાકા સં૰ ૧૮૪૩ માં કરાવવામાં આવી, તે પરથી સં૰ ૧૮૫૦ નાં અરસામાં બન્યાનું અનુમાન થયું. પ્રતિષ્ઠા શ્રી લક્ષ્મીસાગરસૂરિદ્વારા થઇ હતી. મંદિર બાંધનાર શેઠ રતનચંદ તથા તેમના ભાઇ પ્રેમચંદે પાલીતાણા શત્રુંજય ઉપર પણ બે મંદિરો બનાવ્યા છે, જે અત્યારે મોજુદ છે તથા "શેઠ રતનચંદ-પ્રેમચંદના દહેરાં" એ નામે ઓળખાય છે. મંદિર બનાવનાર મહાનુભાવને વૈરાગ્ય થવાથી કેટલેક સમયે સંસારત્યાગનો સમય પ્રાપ્ત થયો. ત્યારપછી તેઓ પોતેજ ગોરજી-અવસ્થામાં પોતાથી બન્યું ત્યાં સુધી સદરહુ મંદિરનો તમામ વહિવટ કરતા અને પોતા પાછળ વહિવટ ચલાવવા મૃત્યુપત્રદ્વારા પોતાના વિશ્વાસુઓ બનાવી કાળ પામ્યા.

એમ કહેવાય છે કે આ ગાથાઓ, એક સમયે પોતાને ઉલ્લાસ થઇ આવવાથી પોતે બનાવી-રચી, પરંતુ અંતમાં હીરા, એવું નામ સૂચીત હોવાથી શંકા રહે છે. દીક્ષા લેનાર શેઠનું નામ તો **રતનવિજય** ગોર ઉર્ફે **રામવિજય** ગોર એવું હતું. મૃત્યુપત્રમાં પણ રતનવિજય ઉર્ફે રામવિજય આપ્યું છે, જેથી ચોક્કસ કોણે બનાવી તે નિર્ણય ન થવાથી એજ માત્ર શંકા.

સદરહુ ગાથાઓ કેટલીક મહેનત છતાં લેખિત પ્રાપ્ત થઇ શકી નથી. માત્ર બનાવવામાં આવી ત્યારથી તે આજ સુધી-હજુ પણ મુખપરંપરાએ બેસ્તે વર્ષે, પ્રભુના જન્મ અને પ્રતિષ્ઠાના દિવસે તથા અન્ય દિવસે એમ વરસમાં આઠ દશ દિવસોએ તે બોલવામાં આવે છે તે ઉપરથી અત્રે ઉતારી લીધી છે. ગાથાઓનું કર્યું નામ પણ આપવામાં આવેલું મલ્યું નથી. માત્ર "ગાથાઓ" ના નામે ઓળખાતી હોવાથી "શ્રીવાસુપૂજ્યજિનગાથા" એવું નામ મેં આપ્યું છે. જે પ્રમાણે મુખપરંપરાએ બોલવામાં આવે છે તેજ પ્રમાણે ઉતારી ભૂલવાલા જણાતા શબ્દો નીચે ચિન્હ કરી નોટમાં સુધાર્યા છે, છતાં પણ વાંચકો પાસેથી એક આશા રાખવાનો મને હક્ક છે, તે એજ કે રહેલી ભૂલો આજ માસિકદ્વારા વાંચકો સુધારી મોકલવા કૃપા કરશે. એક બીજી પણ શંકા રહે છે પરંતુ તે સ્થાને છે કે અસ્થાને તેનો નિર્ણય હું કરી શકતો નથી. તે શંકા એ છે કે ગાથાઓ લેખિત મળી શકતી ન હોવાથી કયાંતો બે ચાર ગાથા આમાંથી ખંડિત થઇ હોય યા તો એક બે વધી પણ હોય! વધારે સંભવ મને ખંડિત થયાનો જણાય છે.

ગાથારંભ.

*સુરભી ધુ વાસીતં, વસ્ત્ર [૧]જુગ ઉજલં÷;
×પ્રભુતણે મસ્તકે કીજીએ, વાસપુજ્ય તણે અંગેજ કીજીએ. ૧

* ૧૦ માત્રાનું (૨+૧+૨) ૨×૧૦=ઉજલં÷૧૦ ૧૦ ૧૫,

ભગત એનીપેરે કરો, શુદ્ધ સમકિત ધરો;
પૂજતાં ધ્યાન નવ ચૂકીયે, વાસપૂજ્યતણે પૂજતાં ધ્યાન નવ ચૂકીયે. ૨
કુંમકુંમ રસંજુત, ઘસીયે ૩વરચંદન;
સરસ ઘનસારસું+ માંહે ભેલી, વાસ પૂ૦ સ૦ ઘ૦ માંહે ભેલી. ૩
પૂજીએ નવે અંગે, ૧ચરણ ૨જાનું ૩કરિ;૪
૫અંસ નિજ બાહવે, બેરપાયો‡, વાસ પૂ૦ અંસ૦ ૪
૭કંઠનિ લિલાટ શિર, વિરપતા÷ રંગભરે;
પામીએ ભવ તણો:એમ પાર, કરો પૂજા જિનકેરીરે...
શ્રીવાસપૂજ્યકેરીરે. ૫
*સોલમી વસ્તું સહુ મેલ, કુંમકુંમ કેશર વે,
આચારંગે શજતુંએ, કે કુસુમે વાસિતં.
વાસપૂજ્યે અંગ, પામો શિવસુખ કંત;
આવા એ જિનને નમુંએ. ૬
+નહિ જગ જગમાં એ વીતરાગ, ભાવ કરી પૂજીઆ વેઃ
આપણને આપે પદવી, હાંરે ચોથી પૂજા તાલ કેરીરે
આજ ગઇતી ૧જયાદેવીકે આંગણે,
૨ક્ષાલમુનિ ૩જઇયાં ખેલ કરે હો;
આજ ગઇતી જયાદેવી કે આંગણે. ૭
મસ્તકે મુગટ સોહિયે જિનવરતણો,
મુગતાફલકી માળા ગળે હો. આજ ગઇતી જયાદેવીકે આંગણે. ૮
બાહે બાજુબંધ બેરખા બીરાજે;
વાગે ને...પુર ધનુ મધુર કરે હો; આજ ગઇતી જયાદેવીકે આંગણે. ૯
ગોદમેં લે કે દિલમેં માતા, એથે દિલબર હરખ ધરે હો;
એથી મનભર હરખ ધરે હો, આજ ગઇતી જયાદેવીકે આંગણે. ૧૦
ભદ્રાંભાએ ગભર્ષે જિનવરતણો, જિનપૂજે પ્રભુ નજર કરેઃહો-
જિનપૂજે પ્રભુ દ્રષ્ટિ કરે હો, આજ ગઇતી જયાદેવીકે આંગણે. ૧૧
દેવકુમાર સંજમજશ નાયક,
હીરા નિત નિત નમન કરે હો, આજ ગઇતી જયાદેવીકે આંગણે, ૧૨

હુમસ, વિજયબાગ,
તા. ૨૦-૬-૧૫

જીવણચંદ સાકળચંદ ઝવેરી.

† 'સું' વધારાનો ઘુસી ગયેલો લાગે છે. માંહે અને સુ એનું પ્રયોજન દેખાતું નથી-

‡ બેરખાયો અથવા બેરખાયે હોવું જોઈએ:વિરચતા જોઈએ.

અર્થ—૧ યુગલ-બે. ૨ સંયુકત. ૩ ઉતમ. ૪ હાથે, કાંડે, ૫ સ્કન્ધ ખભા-કંઠસુધી સાત અંગોના નામ આવે છે, બાકીના બે અંગો રહી જાય છે, એ ગાથા ખંડિત થયાનું મને લાગે છે.

† આંહીથી રાગમાત્રા બદલાય છે. વે ને સ્થલે ભેલ શબ્દ હોય તો બોલવામાં અને અર્થમાં

આત્મદર્શન.

(ગત અંક પૃષ્ટ ૩૮૮ થી ચાલુ,)

વિવેક સ્વરૂપી શ્રી રામે મનોવૃતિમૃગ માર્યો તે મૃગનું વર્ણન અધ્યાત્મ રામાયણમાં નીચે પ્રમાણે છે.

रत्न शृंगो मणिखुरा निलरत्नविलोचनः ।
विद्युत्प्रभो विमुग्धास्यो विवचार वनान्तरे ॥

અર્થ—જેને રત્નનાં શિંગ, મણિઓના ખુર, નીલરત્નનાં નેત્ર, વિજળીના જેવું ચમકતું શરીર હતાં અર્થાત્ જે અતિમનોહર હતો.

મનોવૃત્તિરૂપ મૃગ મરાઇ ગયા પછી વિવેક અને વૈરાગ્યરૂપિ રામ લક્ષ્મણ ભેગા થયા અને અભિમાન રાવણને તથા તેના કુટુંબી કામ, ક્રોધ, લોભ, મોહાદિરૂપ અહિરાવણ, કુંભકર્ણ, ઇંદ્રજીત વગેરેને હણવાથીજ નિષ્કંટકપણે આત્માનંદ ભોગવી શકાશે, એમ જાણી આગળ વધ્યા. અધ્યાત્મવિદ્યાને અગાઉથી વિવેકે સોંપવી રાખી હતી. રાવણે તો અવિદ્યા હરી હતી.

અતિશોભામાં લોભાવનાર મનમૃગને મારીને વિવેક વૈરાગ્ય આગળ ચાલ્યા ત્યાં અભિમાનથી હણાયલો સુબુદ્ધિ સ્વરૂપ જટાયુ મળ્યો, તેને અભિમાનના મારથી મુકત કર્યો; અર્થાત્ દિવ્ય બનાવ્યો. આગળ જતાં ભોળી શુભવૃતિ શબરી મળી. ત્યાંથી સમાચાર મેળવીને સંતોષ જલસમુહ—પંપાસરોવર કે જ્યાં આત્મસ્વરૂપ–અહિંસા પ્રતિષ્ઠિત્ત સ્વરૂપ–મતંગઋષિ રહેતા હતા ત્યાં ગયા. માર્ગમાં મનોવૃત્તિની શાખારૂપ મૃગલાં બીવાં લાગ્યાં, ત્યારે એક મૃગલીની ઉકિત મહાત્મા તુલસીદાસજી પોતાની રામાયણમાં આપે છે કે—

तुम आनंद करहू मृगजाए, कंचनमृग खोजन ए आए ॥

ભાવાર્થ એવો છે કે એ પુરૂષો, નિરાપરાધિ–દૈવી સંપતિ સ્વરૂપ મૃગને મારનારા નથી એતો કંચનમૃગ શોધવા આવેલા છે.

આગળ જઇ ક્રોધાંશ સ્વરૂપ વાળિને મારીને શાન્ત સ્વરૂપ સુગ્રીવને રાજય આપ્યું. પછી બુદ્ધિબલ બ્રહ્મચર્ય સ્વરૂપ હનુમાન વગેરે દૈવીસંપતિરૂપ નાના પ્રકારનાં અઢાર પદ્મ-

---

સુગમતા લાગે ફરી આંહીથી તાલમાત્રા પલટાય છે. + વે પ્રાચીન સમયમાં તેને સ્થલે વપરાતો. અથવા તો રે હોય + આંહીથી ત્રિપાદી ગાથાઓ છે.

અર્થ—૧ વાસપૂજ્યજીના માતાનું નામ, ૨ રકતવર્ણ હોવાથી વાસપુજ્ય સ્વામીનું અવર નામ ૩ જ્યાં ૪ મોતીની.

'નેપુર'—ઝાંઝર જોઈયે. દેવાંગનાઓના ઝાંઝરના ધનુ–ધ્વની મધુર 'ઝરતો—ઝરાતો થતો તે. ભાએ અને ગભર્ય એ શબ્દો શું છે તે સમઝાતું નથી છતાં ભાએગ અને ભર્ય હોવાનું અનુમાન થાય છે એટલે કે ભદ્રભાગ્ય છતાંપિ ભર્ય તો નથી સમઝાતું

નોટ—દરમી ને અગીઆરમીમાં ત્રણ ત્રણ પાદો છે માત્ર મનભર અને દૃષ્ટિ દિલભર તથા નજરને સ્થળે વધારાના ઉલ્લાસથી બોલાતાં હોવાથી ચાર ચાર પદ થયાં છે.

વાનર સૈન્યવડે વિવેક વૈરાગ્યરૂપ રામ લક્ષ્મણનો પક્ષ મજબુત થયો. અધ્યાત્મ વિદ્યાસ્વરૂપ સીતાની શોધ કરવાની તજવીજમાં બ્રહ્મચર્ય બુદ્ધિબલ સ્વરૂપ હનુમાને માયામય સમુદ્ર ઓળંગી સીતાજી--વિદ્યા—ની શોધ કરી તથા અભિમાન—જીવ—ની દેહરૂપી લંકાનગરી પ્રજાળીને પાછા વિવેક પાસે આવી સર્વ વૃતાંત કહ્યું. સકલ દૈવી સંપતિ કટક ચાલ્યું. માયારૂપિ સમુદ્ર કિનારે આવી કલ્યાણ સ્વરૂપ રામેશ્વરની સ્થાપના કરી. તેવામાં અભિમાનનો ભાઇ ધર્મરૂચિ—વિભીષણ આવી મલ્યો. માયા સમુદ્ર ઉપર સેતુ—ધર્મપાજ બાંધી, દૈવી સંપત્તિ કટક, આસુરી સંપત્તિના ગઢ પાસે ગયું અને અભિમાનને સમજાવ્યો પણ સમજ્યો નહિ, છેવટે દૈવી અને આસુરી સંપતિરૂપ રામ અને રાવણને યુદ્ધ થયું. તેમાં અભિમાન સ્વરૂપ ઇંદ્રજિત, ક્રોધ સ્વરૂપ કુંભકર્ણ, દંભ સ્વરૂપ અહિરાવણાદિને વિવેક તથા વૈરાગ્યે હણ્યા, તેમાં અભિમાન સ્વરૂપ ઇંદ્રજિતને બ્રહ્મચર્યવૃતવંત વૈરાગ્ય સ્વરૂપ લક્ષ્મણે માર્યો. છેવટે વિવેક સ્વરૂપી શ્રી રામે મહા અહંકાર સ્વરૂપ મદાંધ રાવણને માર્યો અને આસુરી સંપતિનો નાશ કરીને દૈવી સંપતિને નિર્ભય કરી અને અધ્યાત્મવિદ્યારૂપ સીતાજીને પાછાં મેળવ્યાં. ધર્મરૂચિ—વિભિષણ—ને લંકાનું રાજ્ય આપ્યું અને નિષ્કંટક આત્માનંદ ભોગવવાને સમર્થ થયા. પાછા અયોધ્યારૂપ અજરામરચક્રમાં આવ્યા, અને સિદ્ધપદરૂપિ ગાદીએ બેસી નિષ્કંટક આત્માનંદનું મહાન સામ્રાજય શ્રીરામે ભોગવ્યું અને છેવટે મૂળ સ્વરૂપે રાજી રહ્યા.

શ્રી રામ આત્માનંદમય હતા. તેમણે દૈવી સંપત્તિને સુખ આપ્યું અને આસુરી સંપત્તિને હણી, તથા ઘણાને અધ્યાત્મવિદ્યાનો ઉપદેશ આપીને સ્વરૂપનો સાક્ષાત્કાર કરાવી તાર્યા. અસુરોને પણ આત્મારામમય બતાવીને તાર્યા. એ :તત્ત્ववેત્તાનો અપાર મહિમા છે.

શ્રી રામચંદ્રજી નીતિનો નમુનો હતા તેથી મર્યાદા પુરૂષોત્તમ કહેવાયા. વળી વિષ્નુ સ્વરૂપે પણ ઇશ્વર રૂપ હતા. ઉપદેશ સ્વરૂપે રઘુકુલનું એકવચનીપણું અર્થાત્ પ્રાણ જાય પણ વચન ન જાય; પિતાનો પુત્ર ઉપર અને પુત્રનો પિતા ઉપર પ્રેમ, ભરતાદિથી ભ્રાતૃભક્તિ, માતૃ વાત્સલ્ય, સત્સંગથી લાભ, અનીતિથી ગેરલાભ, સત્ય વચન, એક પત્નીવ્રત, મહાત્માના સત્સંગથી **પામર પ્રાણીને થતા લાભ,** મદાંધોની અધોગતિ, વગેરે અપાર નીતિમય શ્રી રામાયણ છે.

શ્રી રામનું ચરિત્ર એક પરમાત્મા સ્વરૂપે, મહાત્મા સ્વરૂપે, આત્મા સ્વરૂપે, વિવેક સ્વરૂપે, મુમુક્ષુ સ્વરૂપે, અને એક રાજકુમાર સ્વરૂપે, એમ દરેક સ્વરૂપે ખરે- ખર અનુકરણીયજ છે.

એ નીતિમય અધ્યાત્મ વેત્તાનું પવિત્ર જીવન વૃત્તાંત, વાંચી અગર સાંભળીને કોને અપાર આનંદ નહિ થાય ! ! !

નીતિ અને અનીતિ, એ બંનેનાં જીવનનો અંત આવે છે પણ નીતિમાન વંદ્ય છે અને અનીતિમાન નિંદ્ય છે. શ્રી હનુમાન નાટકમાં કહેલ છે કેઃ—

रामादपि च मर्तव्यं मर्तव्यं रावणादपि ।
उभयोर्यदि मर्तव्यं वरं रामो न रावणः ॥

અર્થઃ—રામ અને રાવણ એ બંને મર્તવ્ય છે તથાપિ રામશ્રેષ્ઠ પણ રાવણ નહિ.

એ પ્રમાણે શ્રી રામના સગુણ સ્વરૂપી ધ્યાન અને ગાનમાં નિર્ગુણ આશય સમાયલો છે.

શ્રીમદ્ ભાગવતાદિ પુરાણોમાં શ્રી કૃષ્ણનું જે સગુણરૂપ વર્ણવેલ છે તેનો આશય પણ કેવળ નિર્ગુણજ છે. પુરાણોમાં જે જે સ્થળે જે જે સગુણ દૃષ્ટાંતો છે તે તે દૃષ્ટાંતો કેવલ નિર્ગુણમયજ છે. સાધારણ અધિકારી પણ સમજી શકે તેટલા માટેજ સગુણ વર્ણન કરેલ છે. પુરાણ કથાઓ પણ ખરેખર વિચારવા યોગ્ય છે, આત્મસ્વરૂપ અવલોકવા માટેજ તેમાં વિવિધ ઉદાહરણો આપેલાં છે. પૌરાણિક દૃષ્ટાંતોનું સંક્ષેપમાં અવલોકન કરતાં નીચે પ્રમાણે હકીકત જણાય છે.

પુરાણ કથા નૈમિશારણ્યમાં ગવાએલી છે. અનિમિષ એટલે દેવ. નૈમિશ એટલે ચિદાકાશ. ગંગા યમુના વચ્ચેના પ્રદેશને—અરણ્યને—નૈમિશ કહે છે. ગંગા અને યમુના રૂપી ઇડા અને પિંગલા વચ્ચેનો પ્રદેશ તે સુષુમ્ણા તે નૈમિશ. શ્રી વાયુ પુરાણમાં નૈમિશારણ્ય માટે એવી કથા છે કે—તપ માટે સારૂ સ્થળ શોધવા દેવતાઓ બ્રહ્મા પાસે ગયા. બ્રહ્માએ મનોમય ચક્ર છોડીને કહ્યું કે જ્યાં આ મનોમય ચક્રની ધારા કુંઠિત થાય તે ઉત્તમ સ્થળ જાણવું. તે ચક્ર જ્યાં અટક્યું તે નૈમિશારણ્ય કહેવાયું. સુષુમ્ણામાં મનોમય ચક્રની-ધારા કુંઠિત થાય છે. માટે તપાદિ ધ્યાન ભજન માટે સુષુમ્ણા ઉત્તમ નૈમિશારણ્ય ક્ષેત્ર ગણાય છે. સુષુમ્ણા રૂપી ક્ષેત્રમાં કામ, ક્રોધાદિ શત્રુઓને નિમેષ માત્રમાં જીતી શકાય છે એવા આશયથીજ શ્રી વારાહ પુરાણમાં શ્રી ભગવાન, ગૌરમુખ નામના બ્રાહ્મણને કહે છે કે—આ સ્થળે અસુરોનો વિનાશ એક પળમાં-નિમેષમાં-કરી નાંખ્યો હતો જેથી આ સ્થળનું નામ નૈમિષ કહેવાય છે.

માન સરોવરમાં હંસ રહે છે તે વિષે જોતાં માન સરોવર તે ચિત્ત શુદ્ધિરૂપી ચિદાકાસ, તેમાં રમનાર હંસ તે આત્મા જાણવો. આત્મા, કે જે સર્વ પ્રપંચથી ભિન્ન છે તેને વિષે સત્ અને અસત્ એવું શરીર અવિદ્યાવડેજ કલ્પાયલું છે.

શ્રીમદ્ ભાગવતના મુખ્ય શ્રોતા રાજા પરીક્ષિત છે. પરીક્ષિત પૂર્વના યોગી હતા. બળવાન જ્ઞાનીને ગર્ભમાં પણ જ્ઞાનનું અનુસંધાન રહે છે તે દર્શાવવા પરીક્ષિતને પણ ગર્ભમાં સહેજ સ્વાત્માનુભવ થયો હતો. ગર્ભમાં જે રૂપ દીઠું તે કોણ ? એમ પરીક્ષા કરનાર તે પરીક્ષિત એટલે પ્રબળ મુમુક્ષુ.

મુમુક્ષુએ ધર્મનું સંરક્ષણ કરવું જોઇએ એ દર્શાવવા ધર્મને ગાયનું રૂપ આપેલ છે. ધર્મરૂપિ ગાયના ચાર પાદ રૂપિ તપ, શૌચ, દયા અને સત્ય જાણવાં. અધર્મના કલિ બળના-અંશરૂપી ગર્વથી તપ, આસક્તિથી શૌચ, અને મદથી દયા નાશ પામેલાં છે. પરીક્ષિતે કલિયુગને પકડ્યો એટલે તપ, શૌચ, દયા અને સત્ય રૂપિ ધર્મનું સંરક્ષણ કર્યું. પરીક્ષિતે કળીયુગને નિવાસ સ્થળ આપ્યાં તે દ્યૂત, પાન, સ્ત્રી, હિંસા અને સુવર્ણ, અર્થાત્ અસત્ય, મદ, કામ, રન્જેગુણ, વૈર, એ રૂપે દ્યૂતાદિમાં કલિ રહેલ છે.

પૃથ્વી, જલ, તેજ, વાયુ, આકાશ, અહંકાર અને મહ તત્ત્વ, એ સાત આવરણો છે એવા અંડકોશ—શરીરમાં જે વિરા—જીવ—આત્મા—પુરૂષ છે તેજ ધારણા કરવા યોગ્ય ભગવાન છે.

પિંડ બ્રહ્માંડના સંબંધમાં—પાતાલ તે પગનાં તલ, રસાતલ તે પગના નળાને ગુંઠણ, પગની ઘુંટીઓ તે મહાતલ, છાતી સ્વર્ગ, ગ્રીવા મહલોંક, મુખ જનલોક, કપાલ તે તપોલોક, મસ્તક તે સત્યલોક, બાહુ તે ઇંદ્રાદિ દેવો, કર્ણો તે દિશા, નાસિકા તે અશ્વિની કુમાર, અગ્નિ તે મુખ, સૂર્ય તે ચક્ષુ, પાંપણો તે રાત્રિ દિવસ, ઉદર તે સમુદ્ર, મન તે ચંદ્રમા.

એ પ્રમાણે જે બ્રહ્માંડમાં છે તે સર્વે પિંડમાં પણ છે, પિંડમાંનું બ્રહ્માંડમાં જણાય છે. આત્માને કૂટસ્થ કહેલ છે. **कूटइव तिष्ठति सः कुटस्थः**—કૂટની પેઠે રહે છે તે કૂટસ્થ, કૂટ એટલે એરણની પેઠે, અનેક ઘાટ ઘડાતાં છતાં નિર્લેપ રહે છે તે કૂટસ્થ વ્યષ્ટિ એટલે એક પિંડ કે વ્યક્તિ અને સમષ્ટિ એટલે વિશ્વરૂપ સમગ્ર બ્રહ્માંડ—વ્યષ્ટિ અને સમષ્ટિની એકતા છે એટલે પિંડ અને બ્રહ્માંડની રચના સમાન છે, પિંડ અને બ્રહ્માંડને વિરાટ પણ કહેવામાં આવે છે. નાના પ્રકારની વસ્તુઓ જેમાં હોય તે વિરાટ્ **वस्तुनि राजन्ते यत्र स विराट्.**

વાસુદેવ, સંકર્ષણ, પ્રદ્યુમ્ન અને અનિરૂદ્ધ રૂપ ચતુષ્ટયનો અર્થ એવો છે કે બુદ્ધિ તે વાસુદેવ, ચિત્ત તે સંકર્ષણ, અહંકાર તે પ્રદ્યુમ્ન, મન તે અનિરૂદ્ધ મળીને અંતઃકરણ ચતુષ્ટય.

સ્વરૂપનું અજ્ઞાન એ જગતનું મૂળ છે. જેવી રીતે સ્વપ્નમાં મસ્તક છેદનાદિ જણાય છે તે જેવાં છે તેવુંજ આ જગત્ છે, જેવી રીતે પાણીમાં ચંદ્રમાના કંપનાદિ મૃષા ગુણો દેખાય છે, તેવી રીતે અનાત્મા-શરીરાદિમાં-આત્માના મૃષા ગુણો અજ્ઞાનથી જણાય છે. આ જગત્થી જેમની બુદ્ધિ પાર ગએલી છે તે તથા જે અત્યંત મૂઢ છે, તે બંને સુખે જીવે છે. બાકીના દુઃખયુક્ત છે—જીવે છે.

શ્રીમદ્ભાગવત પુરાણના તૃતીયસ્કંધના ચૌદમા અધ્યાયમાં ધ્રુવજીના સંબંધમાં કહેલ છે કે "**मृत्योः कृत्वैव मूर्ध्न्यङ्घ्रिमारुरोह हरेः पदम्**" ધ્રુવજી મૃત્યુને માથે પગ દઇને વિમાનમાં બેઠા એટલે તેઓ સ્વરૂપાનંદને પામ્યા અર્થાત્ મૃત્યુ-જન્મમરણુ-ની પેલીપાર ગયા; અજરામર થયા એટલે કે ત્યાં મૃત્યુ ભમજ નથી, માટે તેમણે મૃત્યુ ઉપર પગ મૂક્યો એ અલંકારિક ભાષામાં ભાગવતકારે વર્ણન કરેલ છે. પરાભવ ન પામે તે વૈકુંઠ. જન્મ મૃત્યુ રૂપી યોધાઓ જેને પરાભવ પમાડી શકતા નથી એવું શુદ્ધ સ્વરૂપ તે વૈકુંઠ.

શ્રીમદ્ ભાગવતના ચતુર્થ સ્કંધના પચીશમા અધ્યાયથી પુરંજન આખ્યાન છે તે વિચારવા યોગ્ય છે. પુરંજન તે જીવ ભાવ. સત્ત્વ ગુણ તે સુવર્ણનું શિખર, રજો ગુણ તે રૂપાનું શિખર, તમોગુણ તે લોઢાનું શિખર. સાત ઘર તે મૂળાધાર, સ્વાધિષ્ઠાન, મણિપૂરક, અનાહત, વિશુદ્ધિ, આજ્ઞા, સહસ્ત્રદલ; સ્ત્રી તે બુદ્ધિ. દશ નોકરો તે દશ ઇંદ્રિયો (પાંચજ્ઞાનેંદ્રિય અને પાંચ કર્મેંદ્રિય.) ત્રણ સ્ત્રીઓ તે વૃત્તિઓ. છ ચોરો તે કામ, ક્રોધ, લોભ, મોહ મદ અને મત્સર; વરૂઓ તે સ્ત્રી પુત્રાદિ; પિશાચ તે સુવર્ણાદિ સુખ સંપત્તિ; ધુળ તે રજો ગુણ; વટોળિયો તે સ્ત્રી; દિશાઓ તે રાગ પ્રીતિ મોહ. ઇ.

બ્રહ્માએ શરીર, ત્રણ વખત બદલ બદલ કર્યું એટલે જ્યાં શરીર છોડયું ત્યાં મનોભાવ છોડયો અને જ્યાં શરીર ધારણ કર્યું ત્યાં મનોભાવ ધારણ કર્યો. તેમાંથી અસુરાદિ થયા તેના ભાવાર્થ સારા નરસા મનોભાવ ધારણ કર્યા અને છોડયા એવો અલંકાર છે.

બ્રહ્માના પ્રથમ શરીરમાં, શરીરમાં રહેલી દૈવી તથા આસુરી સંપત્તિરૂપ મોહાદિ તથા ધર્માદિ અને મન, વગેરેની હકીકત ઘટાડેલી છે. જેવી કે, અજ્ઞાન વૃત્તિમાં મોહાદિ સમજવા. અજ્ઞાનવૃત્તિ રૂપ અવિદ્યા, તમ, મોહ, મહામોહ, તામિસ્ર, અંધ તામિસ્ર એમ પાંચ પ્રકારની છે તેજ તમ, મોહાદિને અજ્ઞાન વૃત્તિરૂપે બ્રહ્માના પ્રથમ શરીરના પુત્રો કહેલા છે. માનસ પુત્રોમાં મરિચિ તે મન, અત્રિ ત ચક્ષુ, વસિષ્ઠ તે પ્રાણ, વગેર.

દિશારૂપી બીજા શરીરમાં વેદાદિ તથા આશ્રમાદિના વિભાગ રૂપી દિશા બતાવી છે, તેમાં અજ્ઞાની તે ઝાકળ, અને અંધકાર રૂપ જાણવા. જ્ઞાન તે મુખ સૃષ્ટિથી જેમકે વાનપ્રસ્થમાં વૈખાસન, વાલખિલ્ય, ઔદુંબર, અને કેનપનો સમાવેશ થાય છે. સન્યાસીમાં કૂટીચક, બહૂદોદ, હંસ અને નિષ્ક્રિયનો સમાવેશ થાય છે. આવયવી સૃષ્ટિમાં હૃદય તે પ્રણવ, રોમાદિથી સાત છંદ, જીવ તે સ્પર્શ, દેહ તે સ્વર, ઇંદ્રિય ઉષ્મા, બલ અંતસ્થ, વિહાર તે સપ્તસ્વર, ઇત્યાદિ.

ત્રીજું શરીર કાય શરીરમાં કેવલ ગુણો ગણાવ્યા છે. આકૂતિ તે કામના કે ઇંદ્રિયો રૂચિ તે બુદ્ધિ કે ઇચ્છા—ચિત્તી તેમના ધર્માદિ અને તેમના તોષ, સંતોષાદિ.

બ્રહ્માના માનસ પુત્રો જેતાં મરિચિની સ્ત્રી કલા, આંગિરની સ્ત્રી શ્રદ્ધા વળી ભૃગુને ખ્યાતિથી લક્ષ્મી પુત્રી ધાત, વગેરે; તથા દક્ષને પ્રસૂતિથી શુભ, દયાથી અભય, તિતિક્ષાથી ક્ષેમ, તુષ્ટિથી મુદ, વગેરે પ્રજા પણ દેખાતી આલંકારિકજ છે.

વિશેષ ખુલાસા માટે દક્ષની પ્રજા પૈકી અધર્મજ સ્ત્રીનો પરિવાર જોઇએ.



ઉપરના કોષ્ટકથી મન્વંતરાદિ કથા અલંકારિક છે એ સ્પષ્ટ સમજાય છે.

સ્વાયંભુવ મનુની પ્રજા તરફ દૃષ્ટિ કરતાં સ્વાયંભુવના ઉત્તાનપાદ અને પ્રિયવ્રત. ઉત્તાનપાદને સુનીતિ અને સુરૂચિ સ્ત્રીઓ હતી. સુરૂચિનો ઉત્તમ અને સુનીતિથી ધ્રુવ થયા. એ પણ કેવો સ્પષ્ટ અલંકાર છે! સુનીતિથી ધ્રુવપણુંજ છે. વિવેક સમજવા માટે સ્પષ્ટ વ્યંજના કરી છે.

નાભિરાજાને ત્યાં મરૂદેવીથી ભગવાન ઋષભદેવજી થયા એ હકીકતમાં શુદ્ધ ચૈતન્ય સ્વરૂપનું સ્પષ્ટીકરણ આપેલું છે, તથા શુદ્ધ સ્વરૂપે વર્તનારની દશાનું ભાન કરાવ્યું છે.

દેશકાળાદિને યોગે કદાચ સ્થિતિથી ભ્રષ્ટ થવાય તોપણ જ્ઞાન નાશ પામતું નથી તે દર્શાવવા માટે વૃત્રાસુર, હિરણ્યાક્ષાદિના દૃષ્ટાંતો આપેલાં છે. **પૂર્વનો જ્ઞાની કદાચ પ્રારબ્ધવશાત્ નીચ યોનીમાં જાય તોપણ તેનું જ્ઞાન તો કાયમજ રહે છે, પણ નાશ પામતું નથી.**

હલકા એટલે અજ્ઞાનીઓને ત્યાં પણ મોટા જ્ઞાની પુરૂષોનો જન્મ થાય છે પણ ઉંચ નીચનો મેળ નથી તે દર્શાવવા માટે હિરણ્યકશિપુ પ્રહલાદ બલિ, વગેરેનાં દૃષ્ટાંતો સમજાવેલાં છે. —ગોકુળદાસ નાનજી ગાંધી.

Sheth Gokulbhai Mulchand Hostel for Jaina Students.

શેઠ ગોકળભાઈ મુળચંદ જૈન વિદ્યાર્થી આશ્રમ.

[રીપોર્ટ]

પ્રસ્તાવ.

આ સંસ્થાનું વાસ્તુ તા. ૨૩ મી ડીસેમ્બર ૧૯૦૫ ને દિને કરવામાં આવ્યું હતું. અને તા. ૧૪ મી ફેબ્રુઆરી ૧૯૧૦ ના દિવસે મુંબઇના નામદાર ગવર્નર સર જયોર્જ **સીડનહામ** કલાર્કના મુબારક હસ્તથી તેને ખુલ્લી મુકવાનો ઉત્સવ ભવ્ય મેળાવડા સમક્ષ ઉજવવામાં આવ્યો હતો. તે દિવસે શેઠ **મણિભાઇ** ગોકુળભાઇના તરફથી જે ભાષણ કરવામાં આવ્યું હતું તેમાં શેઠ **મણિભાઇ** નીચે પ્રમાણે જણાવે છે.

"In incurring this large outlay it has been my aim as it was my father's to be serviceable to the members of the Jain community. I trust that the latter on their part will always look upon it as their own institution which deserves to be specially fostered by their conjoint efforts."

અર્થ—આ મોટી રકમ રોકવામાં જેમ મારા પિતાશ્રીની ધારણાહતી તેજ પ્રમાણે મારી નેમ જૈનસમાજને ઉપયોગી નીવડવાની છે. મને વિશ્વાસ છે કે જૈનસમાજ પોતે પણ આ સંસ્થાને પોતાનીજ સંસ્થા તરીકે જોશે. કારણકે તે સંસ્થા ખાસ કરીને સર્વ જૈનોના સંયુકત પ્રયત્નો વડે પુષ્ટિ પામવાયોગ્ય છે.

આ ઉપરથી જણાશે કે મહુમ શેઠ ગોકુળભાઇ મુળચંદ તથા તેમના ચિરંજીવી શેઠ મણિભાઇનો આ સંસ્થા સ્થાપવાનો મુખ્ય ઉદ્દેશ જૈનકોમને તે સંસ્થા ઉપયોગી થઈ પડે તે છે. સંસ્થા ઉપયોગી કરવા માટે શેઠ મણિભાઇ કહે છે તે પ્રમાણે આખી સમસ્ત જૈનકોમ તે સંસ્થાને પોતાની સંસ્થા તરીકે માને અને તેને મદદ કરે એ ખાસ જરૂરનું છે.

મુંબઇમાં વસતી જૈન પ્રજાનું ઉપલી સંસ્થાને જોઇએ તેવી મદદ કરવાનું લક્ષ ખેંચાણું હોય એમ અત્યારસુધીના સંજોગો જોતાં લાગતું નથી, પરંતુ જૈન એસોસીએશન સજીવન થવાથી ઉપલી સંસ્થા તરફ જૈન કોમનું લક્ષ ખેંચવા તે એસોસીએશન પોતાની ફરજ સમજે છે અને તેથી કરી એસોશીએશનની મેનેજીંગ કમીટીએ તા. ૧-૪-૧૫ ના દિવસે ઠરાવ કરી ઉપલી સંસ્થા તપાસી તે પર રીપોર્ટ કરવા અમોને નીમ્યા છે.

તે નીમણુંકને માન આપી અમોએ ઉપલી સંસ્થાની મુલાકાત જુદે જુદે વખતે લીધી. ત્યાં રહેતા વિદ્યર્થીઓ પાસેથી કેટલીક બાબતોનો ખુલાસો મેળવ્યે. અને સંસ્થાના હાલના સુપ્રીન્ટેન્ડેન્ટ સાથે પત્રવ્યવહાર કરી અમોએ જે માહીતી મેળવી છે, તેનો રિપોર્ટ અમારી સૂચના સાથે નીચે પ્રમાણે છે.

મકાન—આ સંસ્થાનું મકાન સુંદર પથ્થરથી બંધાવેલું છે અને તે ઘણુંજ સ્થાયી, ભવ્ય અને મનોહર છે. તેમાં એક લાખ અનેપાંત્રીશ હજાર રૂપીઆનો ખર્ચ કરવામાં આવ્યો છે.

આ બોર્ડીંગની અંદર ૪૮ વિદ્યાર્થીઓ રહી શકે તેટલી સગવડ છે પરંતુ આ હોસ્ટેલનો લાભ લેવા ઘણા વિદ્યાર્થીઓની અરજ હોવાથી દર વર્ષે આશરે ૫૦ થી ૫૫ વિદ્યાર્થીઓની સગવડતા કરી આપવામાં આવે છે.

વિદ્યાર્થીઓની સંખ્યા અભ્યાસ વગેરે.

	કુલ સંખ્યા	પરીક્ષામાં બેઠા	પાસ થયા.
સને ૧૯૧૦	૫૩	૩૬	૨૪ તેમાંથી
			૨ એલ. એલ. બી.
			૧ બી. એ.
			૨ એલ એમ એન્ડ એસ
			૧ બી. એસ. સી
			ગ્રેજ્યુએટ થયા ૬

પરીક્ષા માટે આવેલા ૧૩

નોટ—૧૯૧૧-૧૨ છપાવેલા રીપોર્ટમાં વિદ્યાર્થીઓ સંબંધી હકીકત આપેલી નથી તેમજ સુપીન્ટેન્ડેન્ટ જણાવે છે કે

સને ૧૯૧૩	૫૫		૩૧	૨૬ તેમાંથી
				૩ એલ. એમ. એન્ડ એસ
				૨ બી. એ.
સને ૧૯૧૪	૫૪		૩૨	૨૧ તેમાંથી ગ્રેજ્યુએટ
				૧ બી. એ. થયેલછે.
સને ૧૯૧૫	૪૦	આમાં	૨	સેકન્ડ એલ. એલ. બી. માં ૫ પહેલી

એલ. એલ. બી માં, ૮ સીનીયર બી એ.માં ૧ જુનીયર બી. એ. માં ૧ ઇંટરમાં ૫ કોમર્સમાં અને ટાઇપમાં, ૫ મેડીકલ કોલેજમાં, ૩ પ્રીવિયસમાં, ૧ મેટ્રીક અને બાકીના મેટ્રીકની નીચેના વર્ગમાં છે.

આ ઉપરથી જણાશે કે જૈનકોમની વૃત્તિ ઉંચા અભ્યાસ તરફ પ્રતિવર્ષે વિશેષ ખેંચાતી જાય છે, અને આ સંસ્થામાં વિશેષ વિદ્યાર્થીઓની સગવડ કરવામાં આવે, અથવા આવી બીજી સંસ્થાઓ મુંબઇ, પુના વગેરે સ્થળે ખોલવામાં આવે તો તેનો લાભ લેનાર જૈન વિદ્યાર્થીએ બહાર પડશે.

સરકારી રિપોર્ટપરથી માલમ પડે છે કે હિંદુસ્તાનમાં વસતી જૂદીજૂદી કોમોની અંદર પારસી કોમ કેળવણીની બાબતમાં પ્રથમ પંકિત ધરાવે છે અને ત્યાર પછી જૈન કોમ આવે છે. પારસી કોમ સાથે સરખાવતાં જૈનોનું પ્રમાણ પાંચ અને બે એવા વિભાગમાં છે. જૈનો કેળવણીની અંદર બીજી પંકિતએ આવે છે તેનું કારણ અમારા વિચાર પ્રમાણે નીચે મુજબ છે:-

(૧) જૈન કોમ વેપારી કોમ હોવાથી સ્વાભાવિક રીતે જૈનોના પુરૂષવર્ગમાંથી મોટો ભાગ લખી વાંચી જાણે છે.

(૨) ધાર્મિક બાબતોપર આપણી કોમનું વિશેષ લક્ષ હોવાથી જૈન સ્ત્રી તથા પુરૂષો સામાન્ય રીતે ધર્મનું પ્રાથમિક જ્ઞાન લઇ શકે તેને માટે વાંચતાં લખતાં શીખેલા હોય છે અને આવું શિક્ષણ સ્ત્રી તથા પુરૂષોને મફત મળે તેને માટે ઘણેખરે સ્થળે પાઠશાળાઓ હોય છે.

જો કે જૈનોમાં સામાન્ય પ્રાથમિક કેળવણીનું પ્રમાણ સારૂં છે તે છતાં પણ ઉંચો કેળવણી તરફ જૈન કોમનું લક્ષ માત્ર છેલા દશથી પંદર વર્ષની અંદરજ ખેંચાણું હોય એમ લાગે છે અને તેથી કરીનેજ દશથી પંદર વર્ષ પહેલાંના વખતમાં થયેલા ગ્રેજ્યુએટોની સંખ્યા નામનીજ છે, હાલ દર વર્ષ ગ્રેજ્યુએટોની સંખ્યામાં વધારો થયો છે, પરંતુ વિશેષ વધારાની જરૂર છે. તે માટે આવી અનેક સંસ્થાની જરૂરીઆત આપણને સ્વીકારવી પડશે.

વિદ્યાર્થીઓની સગવડ.

દરેક વિદ્યાર્થીને પલંગ, ખુરશી, ટેબલ તથા લેંપ વાપરવા માટે આપવામાં આવે છે અને તેને માટે તેમજ રહેવાની જગ્યા માટે કંઇ પણ લવાજમ લેવામાં આવતું નથી.

દરેક વિદ્યાર્થીને પોતાની સ્કૂલ તથા કોલેજ પુસ્તકોનું ખર્ચ તથા ખાવાપીવાનું ખર્ચ વગેરે પોતાની ગાંઠમાંથી આપવાનું હોય છે.

પુસ્તકાલય તથા વાંચનાલય.

વિદ્યાર્થીની સગવડ ખાતર શેઠ મણિભાઇએ પુસ્તકાલય અને વાંચનાલય આ સંસ્થાના મકાનમાં નીચેના વચલા દીવાનખાનામાં રાખેલાં છે લાયબ્રેરીમાં કુલ ૧૨૪૫ પુસ્તકો છે જેમાંનો મોટો ભાગ અંગ્રેજીમાં છે. વાંચનાલયમાં નીચેનાં પત્રો આવે છે.

વીકલી ટાઇમ્સ સ્કેચ, ધી ઇલસ્ટ્રેટેડ લંડન ન્યુસ, મુંબઇ સમાચાર, ગુજરાતી, જૈન શાસન, ઇન્ડિયન રિવ્યુ, હિન્દુસ્તાન રિવ્યુ, મોડર્ન રિવ્યુ, ગ્રેટ થોટસ, વસન્ત, સાહિત્ય, સેંટ્રલ હિંદુ કોલેજ મેગેઝીન, માસિક મનોરંજન, બુદ્ધિપ્રભા, જૈન, જૈન શ્વેતાંબર કોન્ફરન્સ હેરેલ્ડ, સમાલોચક, જૈન ધર્મ પ્રકાશ, જૈન ગેઝેટ, ટીચર ઇત્યાદી.

કસરત.

ટેનીસ રમવા માટે ટેનીસ કોર્ટ આ સંસ્થાના કમ્પાઉન્ડમાં આશરે રૂ. ૮૦૦ના ખર્ચે કરવામાં આવ્યો છે, જેનો લાભ વિદ્યાર્થી તરફથી લેવામાં આવે છે.

ધાર્મિક શિક્ષણ.

આ સંસ્થામાં રહેલા વિદ્યાર્થીમાં શ્વેતાંબર જૈનનું ધાર્મિક શિક્ષણ આપવામાં આવે છે. ધાર્મિક શિક્ષણ માટે વિદ્યાર્થીઓના બે ભાગ પાડવામાં આવ્યા છે. સીનીયર (અગ્ર) વર્ગ અને જુનીઅર (પ્રાથમિક) વર્ગ કે જેમાંના દરેકને અઠવાડીઆમાં બે દિવસ અરધો અરધો કલાક તે શિક્ષણ મળે છે. ધાર્મિક શિક્ષણનો વખત માત્ર અરધો કલાક હોવાથી અઠવાડીઆમાં દરેક વિદ્યાર્થીને માત્ર એક કલાક ધાર્મિક શિક્ષણ મળે છે. ધાર્મિક શિક્ષણ માટે ધાર્મિક જ્ઞાન જેને વિશેષ સારી રીતે હોય તેવા ધાર્મિક શિક્ષકની ગોઠવણ કરવામાં આવી નથી, પરંતુ સુપ્રીન્ટેન્ડેન્ટ તેવા ધાર્મિક શિક્ષકની ગરજ સારે યા ન સારે તો પણ તેથી કામ ચલાવી લેવામાં આવે છે. દર વર્ષે ધાર્મિક પરીક્ષા બહારના ગૃહસ્થ પાસે લેવામાં આવે છે. પરંતુ કેટલાક વિદ્યાર્થીઓ આ પરીક્ષામાં બીલકુલ બેસતા નથી, કેટલાક નાપાસ થાય છે. જ્યારે કેટલાક પાસ થાય છે તેને ઇનામ પણ યોગ્યતાના ધોરણે આપવામાં આવે છે.

દેરાસર.

વિદ્યાર્થીઓને માટે આ સંસ્થામાં એક દેરાસરની પણ સગવડતા કરવામાં આવી છે કે જેનો લાભ માત્ર વિદ્યાર્થીઓ નહિ પરંતુ બહારના મારવાડીઓ તથા અન્ય સ્ત્રી પુરૂષો લે છે. વિદ્યાર્થીઓના કહેવા મુજબ બહારનાં સ્ત્રી પુરૂષો આવવાથી તેઓના અભ્યાસમાં ખલલ થાય છે. આ સંસ્થા કે જે માત્ર વિદ્યાર્થીઓની સગવડ માટે ઉઘાડવામાં આવી છે અને જ્યાં વિદ્યાર્થીઓને બ્રહ્મચર્યવ્રત પાળી વિદ્યાભ્યાસ સતત રીતે કરવાનો છે તેવી સંસ્થામાં સ્ત્રીઓ આવે એ ઇચ્છવાજોગ છે કે કેમ તે એક પ્રશ્ન છે. મારવાડી વગેરે બીજા જૈનો હોસ્ટેલના મકાનમાં નહાતા હોવાથી વિદ્યાર્થીઓને ઘણી જાતની અગવડ ખમવી પડે છે એમ વિદ્યાર્થીઓને અનુભવ છે.

સ્કોલરશિપ.

આ સંસ્થાને અંગે નીચે પ્રમાણે જૂદી જૂદી સ્કોલરશિપો જૂદા જૂદા ગૃહસ્થો તરફથી આપવામાં આવે છે.

સને ૧૯૧૩ થી શેઠ મણિભાઇ ગોકળભાઇ તરફથી ગરીબ વિદ્યાર્થી માટે માસિક રૂ. ૩૫)

સને ૧૯૧૩ થી ૧૯૧૬ સુધી શેઠ ગુલાબચંદ દેવચંદ તરફથી ગરીબ વિદ્યાર્થી માટે માસિક રૂ. ૧૦)

સને ૧૯૧૪ માં સર વસનજી ત્રીકમજી તરફથી બી. એ,માં જૈન સાહિત્ય લેનાર વિદ્યાર્થીને માસિક રૂ. ૧૨] એક વર્ષ માટે.

સને ૧૯૧૫ માં ડોકટર મણિલાલ લલ્લુભાઇ તરફથી અમુક વિદ્યાર્થીને રૂ. ૫) ની સ્કોલરશિપ.

આ સિવાય સને ૧૯૧૪માં ૧૨૫ રૂપીઆ શેઠ મણિભાઇ ગોકળભાઇની દુકાનમાંથી ધાર્મિક પરીક્ષામાં પાસ થનારાને પાંચ માસ સુધી આપવાઅર્થે આપ્યા છે.

શેઠ હેમચંદ અમરચંદ બોર્ડરો.

આ સંસ્થાની અંદર મર્હુમ શેઠ હેમચંદ અમરચંદ તરફથી સન ૧૯૧૦ ના જુલાઇ માસથી માંગરોળના ૩ વિદ્યાર્થીઓને રાખવામાં આવ્યા છે, જેમનો ખાધા ખોરાકી વગેરેનો ખર્ચ તેમના તરફથી આપવામાં આવે છે.

હોસ્ટેલની વ્યવસ્થા.

આ હોસ્ટેલની યોગ્ય વ્યવસ્થા કરવા માટે શેઠ મણિલાલ ગોકળભાઇએ સને ૧૯૧૦ ના એપ્રીલ માસમાં ૧૯ સભાસદોની વ્યવસ્થાપક સભા નીમેલી હતી તે સભાસદોના નામ ૧૯૧૦ ના છપાએલા રિપોર્ટના પરિશિષ્ટ એકમાં આપવામાં આવેલાં છે. તેના સ્થાયી પ્રમુખ તરીકે શેઠ મણિલાલ ગોકુળભાઇ અને ઓનરરી સેક્રટરી તરીકે શેઠ મોહનલાલ હેમચંદને નીમવામાં આવ્યા હતા. આ વખતે સુપ્રીન્ટેન્ડેન્ટ મી. ઉમેદચંદ દોલતચંદ બરોડીઆ બી. એ. હતા. સભાસદોનાં નામ નીચે પ્રમાણે છે.—

> શેઠ મણિલાલ ગોકળભાઇ, શેઠ કીલાચંદ દેવચંદ, સંઘવી લહેરચંદ સ્વરૂપચંદ, ઝવેરી કલ્યાણચંદ સૌભાગ્યચંદ, શેઠ ફકીરભાઇ પ્રેમચંદ, ઝવેરી જીવણલાલજી પન્નાલાલજી, ઝવેરી જીવણચંદ ધરમચંદ, ઝવેરી ગુલાબચંદ દેવચંદ, શેઠ ભોગીલાલ તારાચંદ, શેઠ મણિલાલ કેસરીસીંગ, મી. મોતીચંદ ગિ. કાપડીઆ, મી. ગુલાબચંદજી ઢઢા, મી. મકનજી ખુડાભાઇ મહેતા, રાવ સા. હીરાચંદ નેમચંદ, મી. લખમશી હીરજી, શેઠ હેમચંદ અમરચંદ, શેઠ મોહનલાલ પુંજાભાઇ, મી. મોહનલાલ હેમચંદ, મી. ઉમેદચંદ દોલતચંદ બરોડીયા.

મેનેજીંગ કમીટીના નિયમો ઉકત રિપોર્ટના પરિશિષ્ટ જીમાં આપવામાં આવ્યા છે, કે જે ઉપરથી માલૂમ પડે છે કે હોસ્ટેલને લગતી બધી ગોઠવણ મેનેજીંગ કમીટીના હાથમાં સોંપવામાં આવી હતી. ઉકત મેનેજીંગ કમીટીએ મેનેજીંગ કમીટીના નિયમો તથા વિદ્યાર્થીઓને પાળવાના નિયમો ઘડી કાઢયા હતા. આ કમીટી કયારે બંધ થઇ અને શા કારણથી બંધ થઇ તે રિપોર્ટ પરથી જણાતું નથી.

મેનેજીંગ કમીટીના બંધ થયા પછી સઘળી વ્યવસ્થા શેઠ મણિભાઇ ગોકુળભાઇ પોતે સુપ્રીન્ટેન્ડેન્ટ મારફત કરે છે. હાલ સુરત આ હોસ્ટેલ માટે કોઇ પણ જાતની મેનેજીંગ કમીટી અથવા સલાહકારક બોર્ડ અથવા વિઝિટર્સ બોર્ડ યા સેક્રટરી હોય એમ લાગતું નથી.

ફ્રસ્ટહીડ.

તા. ૧૪ મી ફેબ્રુઆરી ૧૯૧૦ ના દિને સંસ્થા ગવર્નર સાહેબના હાથથી ખોલવામાં આવી ત્યારે શેઠ મણિભાઇએ પોતાના ભાષણ દરમ્યાન જણાવ્યું હતું કે

"Steps are being taken to place the institution on a permanent basis by the creation of a trust, I fervently hope that my correligionists will all cordially cooperate to make it completely serviceable to the Jaina students of this Presidency and even of more distant parts and thus to fulfil the earnest hopes of my lamented father."

અર્થ—ટ્રસ્ટડીડ કરીને આ વિદ્યાલયને સ્થાયી પાયાપર મૂકવા માટેનાં પગલા લેવાનું ચાલુ છે. હું તીવ્રતાથી આશા રાખું છું કે મારા સર્વ સ્વધર્મીઓ આ ઇલાકાના તેમજ ઘણા દૂરના સ્થળોના પણ જૈન વિદ્યાર્થીઓને સંપૂર્ણ રીતે આ વિદ્યાલય ઉપયોગી થાય તેમ કરવાને અને આ રીતે મારા સ્વર્ગસ્થ પિતાશ્રીના હૃદયના મનોરથો પૂર્ણ પાડવા ઘણા આનંદપૂર્વક સંયુક્ત પ્રયત્નો કરશે.

૧૯૧૦ ના રિપોર્ટની અંદર સેક્રેટરી જણાવે છે કે

"The hostel is still not put on a firm basis by the execution of a trust-deed of its funds and property but Mr. Manilal is intending to do it as soon as possible."

અર્થ—આ આશ્રમ હજુ સુધી તેના ફંડ અને મિલ્કતનું ટ્રસ્ટડીડ કરી દૃઢ પાયાપર મૂકાયું નથી. પરંતુ શેઠ મણિભાઇ ટ્રસ્ટડીડ જેમ બને તેમ વહેલું કરવા ધરાદો રાખે છે.

શેઠ મણિભાઇના ઉપલા શબ્દોને તેમજ ઉપલા રિપોર્ટના શબ્દો બહાર પડયાને પાંચ વર્ષ થઇ ગયા છે તે છતાં હજી ટ્રસ્ટડીડ કરવામાં આવ્યુ નથી. શા કારણથી ટ્રસ્ટ ડીડ કરવામાં આવ્યું નથી તેથી જૈન કોમ અજ્ઞાત છે. કેટલાકોનું કહેવું એમ છે કે ટ્રસ્ટ ડીડ કરવાનું કામ શેઠ મણિભાઇએ રા. રા. મોતીચંદ ગીરધરલાલ કાપડીઆ સોલીસીટરને સોંપેલુ હતું અને તે સોલીસીટરે તેનો ખરડો તૈયાર કરી શેઠ મણિભાઇને મોકલ્યો પણ હતો. આ ખરડામાં ફેરફાર કરવાની જરૂર જણાતી હોય અથવા નવો ખરડો તેજ અગર બીજા સોલીસીટર મારફત કરાવવાની જરૂર હોય તો તે મુંબઇ શહેરમાં દુંક મુદતમાં બની શકે તેમ છે તે છતાં પણ આટલાં વર્ષ થયાં, આ બાબતમાં પક્કું ટ્રસ્ટડીડ કરવામાં નથી આવ્યું તે આવી એક નમુનેદાર સંસ્થાના હિતને લાભકારી ન ગણાય એમ જૈન કોમનો સમજુ વર્ગ માને છે. કેટલાક અણસમજુ લોક એમ માને છે કે ટ્રસ્ટડીડ કરવાથી ટ્રસ્ટ કરનારની સર્વ સત્તા જતી રહે છે. પરંતુ ટ્રસ્ટ કરનાર પોતે ટ્રસ્ટી થઇ શકે છે તેમજ પોતાના કુટુંબમાંથી અથવા જેઓપર પોતાનો પુરેપુરો ભરોસો હોય તેવા ગૃહસ્થોમાંથી ટ્રસ્ટીઓ નીમવા એવું બંધારણ ટ્રસ્ટડીડમાં કરી શકે છે. તે જોતાં ઉપલી માન્યતા ભૂલ ભરેલી છે અને અમે માનીએ છીએ કે શેઠ મણિભાઇ પોતાના ટ્રસ્ટડીડ સંબંધીના ઉચારેલા ઉદ્‌ગારો જોતાં આવી માન્યતાને કંઇ પણ મચક આપે તેમ નથી.

ખર્ચ.

૧૯૧૦ના રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે શેઠ મણિભાઇ માસિક રૂ. ૧૨૫) સંસ્થાના ખર્ચ માટે આપે છે અને જ્યાં સુધી ટ્રસ્ટડીડ પાકું થઇ રજીસ્ટર થાય ત્યાં સુધી આપવા જણાવ્યું છે. ૧૯૧૩ ના રિપોર્ટપરથી માલૂમ પડે છે કે શેઠ મણિભાઇ

માસિક રુ. ૨૫૦) આ સંસ્થાના ખર્ચ માટે આપે છે. ઉકત બંને રીપોર્ટમાં જે હિસાબ છાપવામાં આવ્યા છે તે જોઇએ તેવા વિગતવાર નથી એટલુંજ નહિ પરંતુ ૧૯૧૦ ના રીપોર્ટની અંદર માત્ર એકજ વર્ષનો હિસાબ આપવામાં આવ્યો છે, જ્યારે ૧૯૧૩ ના રીપોર્ટમાં સંવત ૧૯૬૯ ની સાલનો હિસાબ આપવામાં આવ્યો છે, વચલાં વર્ષોના હિસાબનું શું થયું તેની વીગત કોઇ પણ ઠેકાણેથી મળતી નથી. એ વર્ષોમાં કોઇ પણ જાતની આવક થઇ કે કેમ તેમજ શું શું ખર્ચ થયો ને કેટલો થયો તેની વીગત ૧૯૧૩ ના રીપોર્ટની અંદર છાપવાની ખાસ જરૂર હતી, પરંતુ તે વીગતો છાપવામાં આવી નથી. રૂ. ૧૫૦૮—૭—૦ જેવી રકમ પગાર ખાતે ઉધરવાથી તે બાબતનો વિશેષ ખુલાસો આ સંસ્થા ના સુપ્રીન્ટેન્ડેન્ટ પાસે માંગતાં માલુમ પડે છે કે તેમાંથી રૂા ૧૨૦૦) માસિક રૂ. ૧૦૦ લેખે માત્ર સુપ્રિન્ટેન્ડન્ટના એક વર્ષના પગારનાજ છે.

સુપ્રીન્ટેન્ડેન્ટ. (પર્યવેક્ષક)

આ સંસ્થાની સ્થાપના થઇ ત્યારથી સંસ્થાના સ્થાપકનો વિચાર કોઇ સારા વિદ્વાન સુશિલ સુપ્રીન્ટેન્ડેન્ટ વિદ્યાર્થીઓની દેખરેખ રાખવા માટે તેમજ વિદ્યાર્થીઓની રહેણી કહેણીપર સારી છાપ પાડવા માટે રાખવાનો હતો તેથી સંસ્થા ઉઘડી તે વખતે નામદાર ગવર્નર સાહેબ સર સીડનહામ કલાર્ક પોતાના ભાષણમાં નીચે પ્રમાણે જણાવી હતું:—

"There is also to be a well-qualified superintendent whose duty it will be to exercise personal influence upon the students and endeavour to form their characters.

અર્થ—આ સંસ્થામાં એક સુયોગ્ય સુપ્રીન્ટેન્ડેન્ટ પણ હોવો જોઇએ કે જેની ફરજ વિદ્યાર્થીઓ પર પોતાની અસર કરીને તેઓના ચારિત્ર્યને યોગ્ય સ્વરૂપ આપવામાં પ્રયત્ન કરવાની છે.

શરૂઆતમાં મી. ઉમેદચંદ દોલતચંદ પરીખ બી. એ. ને આ સંસ્થાના સુપ્રીન્ટેન્ડેન્ટ તરીકે નીમવામાં આવ્યા હતા. તેઓએ આ સંસ્થા છોડી તે વખતે શેઠ મણિભાઇએ ગોકુળભાઇને આ સંસ્થા સંબંધમાં જે લેખીત વિચારો દર્શાવ્યા છે તેમાં સુપ્રીન્ટેન્ડેન્ટ સંબંધમાં તેઓએ જે વિચાર દર્શાવ્યા છે તે બહુ ઉપયોગી હોવાથી નીચે ઉતારી લેવામાં આવે છે.

"આ સંસ્થાનો સુપ્રીન્ટેન્ડેન્ટ હમેશાં જૈન ગ્રેજ્યુએટ જોઇએ તદુપરાંત ધાર્મિક બુદ્ધિવાળો પણ જોઇએ પણ તે **સુપ્રીન્ટેન્ડેન્ટે આ સંસ્થા સિવાય બીજે કોઇ જગ્યાએ નોકરી કરવી નહિ જોઇએ.** તેમને છોકરાઓનો અભ્યાસ, ચાલ ચલગત, આચાર વિચાર વગેરે માટે પોતાનો સઘળો ખ્યાલ રાખવો જોઇએ. વિદ્યાર્થિઓમાં જે દુર્ગુણો હોય તેનું તેણે બરાબર નિરીક્ષણ કરી તેનું કેવી રીતે નિવારણ કરવું તે પાઠ તેને સારી રીતે આવડવો જોઇએ. જૈન વિદ્યાર્થીઓને સ્વતંત્ર વિચારના, વીર ધર્મનો વિજય કરવા હમેશાં તૈયાર રહે તેવા સંસ્કારવાળા કરવા તેણે પ્રયાસ કરવો જોઇએ. આ સિવાય તેણે બીજું કોઇ પણ કામ નહિ કરવું. ધાર્મિક શિક્ષક તરીકે પણ કામ કરવા માટે બીજા ગૃહસ્થની નીમણુક કરવી કારણકે બે કામ કરવા જતાં તેથી એકે કામ સારૂં થતું નથી."

મી. બરોડીઆએ ઉપલા પારામાં જે નિયમો સુપ્રીન્ટેન્ડેન્ટ માટે બાંધ્યા તે નિયમો કેટલે દરજ્જે હાલના સુપ્રીન્ટેન્ડેન્ટની નિમણુંક તથા કાર્યથી સચવાય છે અને કેટલે દરજ્જે તે નિયમોનો ભંગ થાય છે તેનો યથાસ્થિત વિચાર શેઠ મણિભાઇ ગોકુળભાઇ કરી શકે. અમોએ જે તપાસ કરી છે તે ઉપરથી અમોને એમ માલૂમ પડે છે કે હાલના સુપ્રીન્ટેન્ડેન્ટ ને માસિક રૂ. ૧૦૦) નો પગાર આપવામાં આવે છે તે છતાં તેઓ માત્ર આ સંસ્થામાં સવારના આઠ વાગ્યા સુધી અને રાત્રિના આઠ વાગ્યા પછી હાજરી આપે છે. એટલે કે સવારના આઠથી તે રાતના આઠ વાગ્યા સુધી આ સંસ્થામાંથી ઘણું ખરૂં ગેરહાજર રહે છે. સંસ્થામાં રહેતા વિદ્યાર્થીઓ ઘણું ખરૂં ગેરહાજર રહે છે. સંસ્થામાં રહેતા વિદ્યાર્થિઓ તરફની ઉપર જણાવેલી ફરજ સુપ્રીન્ટેન્ડેન્ટ કેવી રીતે બજાવે છે તે સમજી શકાતું નથી.

સુપ્રીન્ટેન્ડેન્ટની ફરજ માત્ર સવારના આઠ વાગ્યા પહેલાં અને રાતના આઠ વાગ્યા પછીજ હોય તો જૈન વિદ્યાર્થીઓમાંથી અથવા કોઇ જૈન વિદ્વાનોમાંથી નામનો પગાર લઇ તે કામ કરવા કોઇપણ તૈયાર થશે. અને હાલ મોટો પગાર સુપ્રીન્ટેન્ડેન્ટને આપવામાં આવે છે તેમાંથી જે બચાવ થાય તે ગરીબ વિદ્યાર્થીને સ્કૉલરશિપ આપવામાં તથા આ સંસ્થાની બીજી કોઇ ખોટ પૂરી પાડવામાં વાપરી શકાય. દાખલા તરીકે ધાર્મિક શિક્ષણ માટે કોઇ સારા પંડિત અથવા જૈન ગ્રેજ્યુએટ રાખી હમેશાં એક કલાક ધાર્મિક શિક્ષણ આપવાની ગોઠવણ કરી શકાય તેમ છે.

વિદ્યાર્થીને પાળવાના નિયમો.

સુપ્રીન્ટેન્ડેન્ટ મહાશયની ફરજ છે કે ઉપલા નિયમો વિદ્યાર્થી બરાબર પાળે તે માટે યોગ્ય પ્રબંધ કરવો. અને કોઇ પણ વિદ્યાર્થી તરફથી નિયમનો ભંગ થાય તો તે વિદ્યાર્થી પાસેથી ખુલાસો મેળવી ફરીથી નિયમનું ઉલ્લંઘન ન થાય તે માટે બંદોબસ્ત કરવે.

વિદ્યાર્થીને પાળવાના જે નિયમો છે તેમાંના કેટલાક નિયમોનું પાલન થતું નથી એમ વિદ્યાર્થીઓને પૂછવાથી માલૂમ પડે છે.

જૈનેતર વિદ્યાર્થીઓ.

જૈન વિદ્યાર્થીની કોઇ વખત અરજી સ્થળ સંકોચને લીધે નામંજુર કરવામાં આવે છે. તે દેખાડી આપે છે કે આ સંસ્થામાં જેટલા વિદ્યાર્થીઓની જગ્યા છે તેના કરતાં વિશેષ વિદ્યાર્થીઓ આ સંસ્થાનો લાભ લેવા ઇચ્છે છે. તે છતાં કેટલાક જૈનેતર વિદ્યાર્થીઓને છેલ્લા થોડાક વખત થયાં આ સંસ્થામાં દાખલ કરવામાં આવ્યા છે.

આ સંસ્થા જૈન વિદ્યાર્થીનિજ માટે સ્થાપવામાં આવેલી છે અને વિદ્યાર્થીઓને જે અરજી કરવાનું જે પત્રક છાપવામાં આવેલુ છે તેમાં પણ જૈનોના ત્રણે ફીરકાના નામ આપવામાં આવેલાં છે—શ્વેતાંબર, સ્થાનકવાસી, દિગંબર. જૈનેતર વિદ્યાર્થીઓને શેઠ મણિભાઇએ કે સુપ્રીન્ટેન્ડેન્ટ સાહેબે દાખલ કર્યા તેની ખબર નથી. જૈનેતર વિદ્યાર્થીઓને કોઇ પણ જાતની અરજી કરવી પડે છે કે કેમ, અને જૈન વિદ્યાર્થીઓને પાળવાના જે નિયમો છે. દાખલા તરીકે પૂજા, કંદમૂળ; નહિ ખાવાં, રાત્રિ ભોજન નહિ કરવું તે તેઓને લાગુ પડે છે કે કેમ તેની તપાસ થવાની જરૂર છે.

સૂચનાઓ.

બીજી આવી સંસ્થાઓ સાથે સરખામણી કરતા આ સંસ્થા એકંદરે સારી રીતે ચાલે છે. અને તેનો લાભ ઘણોજ સારો લેવાય છે. પરંતુ આ સંસ્થાને સંગીન પાયાપર

મૂકવા તથા વિશેષ સારી રીતે ચાલે ને સારી વ્યવસ્થા થાય તેને માટે અમે નીચેની સૂચના કરીએ છીએ.

(૧) આ સંસ્થાનું ટ્રસ્ટડીડ કરી રજીસ્ટર કરવાની ખાસ જરૂર છે.

(૨) વિદ્યાર્થીઓનું ચારિત્ર્ય યથાસ્થિત બાંધી શકે અને તેઓનું જીવન ઉચ્ચ કરી શકે એવા સુયોગ્ય સુપ્રીન્ટેન્ડેન્ટની જરૂર છે અને તે સુપ્રીન્ટેન્ડેન્ટે થોડા કલાક નહિ પણ આખો વખત સંસ્થામાં હાજરી આપવી જોઇએ અને સંસ્થામાં રહેતા વિદ્યાર્થીઓનો અભ્યાસ, ચાલચલણ આચાર વિચાર વગેરે માટે પોતાનો સઘળો વખત રોકવો જોઇએ.

(૩) દરેક વિદ્યાર્થી ધાર્મિકવ્યાવહારિક અભ્યાસમાં આગળ વધે છે કે નહિ. ચાલ ચલણ કેવી રાખે છે અને તેની તંદુરસ્તી કેવી છે, સંસ્થામાં કેટલા દિવસ ગેરહાજર રહેલ છે તેનો છ માસિક રીપોર્ટ સુપ્રીન્ટેન્ડેન્ટે કરી સંસ્થાના માલેકને તેમજ વિદ્યાર્થીના પિતાને અથવા વાલીને મોકલવો જોઇએ.

(૪) સંસ્થાને લગતું દરેક કાર્ય કરવા માટે થોડા સભ્યોની વ્યવસ્થાપક કમીટી તેના સેક્રેટરી સાથે નીમવાની જરૂર છે.

(૫) જૈન તથા જૈનેતર યોગ્ય ગૃહસ્થોમાંથી દર વર્ષે ૪ થી ૬ વિઝિટરો નીમવા કે જેઓનું કાર્ય (અગાઉથી ખબર આપ્યા વગર) આ સંસ્થાની મુલાકાત લઇ તે સંબંધે રીપોર્ટ પોતાની સૂચના સાથે સંસ્થાના માલેક સેક્રેટરી કે વ્યવસ્થાપક કમીટીપર પરભાર્યો મોકલે.

(૬) વિદ્યાર્થીઓ માટે રવિવાર સિવાયના દરેક દિવસે એક કલાક ધાર્મિક શિક્ષણનો વર્ગ ચાલુ હોવો જોઇએ.

(૭) ધાર્મિક શિક્ષણ માટે કોઈ સારા પંડિત અથવા જૈન ધર્મના સારા અભ્યાસી વિદ્વાનની નિમણુક કરવી.

(૮) વિદ્યાર્થીઓ માટે ડીબેટીંગ સોસાયટીની જરૂર છે કે જે દર રવિવારે મળે અને મહિનામાં એક વખત બહારના કોઇ વિદ્વાન ગૃહસ્થને પ્રમુખ તરીકે બોલાવે.

(૯) દેરાસરજીને લઇને વિદ્યાર્થીઓને જે અગવડ પડે છે તે દૂર કરવા પ્રયત્ન કરવો.

(૧૦) વિદ્યાર્થીઓની તંદુરસ્તી કેવી રહે છે તેપર સુપ્રીન્ટેન્ડેન્ટે ખાસ ધ્યાન આપવું અને બની શકે તો જૈન ડૉક્ટરોમાંથી કોઇ ડૉક્ટરની ઑનરરી મેડીકલ ઑડવાઇઝર તરીકેની નિમણુક કરવી.

(૧૧) આ સંસ્થાનો જે વિદ્યાર્થીઓ લાભ લેતા હોય તેઓને સ્કુલ ફી તથા કોલેજ ફી ઓછી લેવામાં આવે તે માટે સ્કુલ તથા કોલેજના પ્રિન્સિપાલને પત્ર લખી તેમજ મળી બંદોબસ્ત કરવો જોઇએ.

(૧૨) હાલમાં વિદ્યાર્થીઓજ રસોડું ચલાવે છે અને રસોયાને રાખી તેની બધી વ્યવસ્થા કરે છે. કેટલીક વખત રસોડું બંધ થઇ જાય છે. તેથી ઘણી અગવડ ભોગવવી પડે છે તો રસોડું હમેશાં ચાલુ રહે અને રસોયાને રાખવાની તથા બીજી વ્યવસ્થા સુપ્રીન્ટેન્ડેન્ટની દેખરેખ નીચે રાખવી. બાકી બોરાકીનો જે કાંઇ ખર્ચ

તેઓ આપે છે તે પ્રમાણે તેઓ આપશે. માત્ર રસોયાનો પગાર સંસ્થા તરફથી આપવામાં આવે તો ઘણું સારૂં.

(૧૩) સંસ્થાનો રીપોર્ટ દર વર્ષે અથવા બે વર્ષે છપાવવો જોઇએ અને જો રીપોર્ટ બે વર્ષે છાપવામાં આવે તો બંને વર્ષની ફુલ વિગતો તથા હિસાબ તેમાં છાપવો જોઇએ. હાલ ત્રણ વર્ષે રીપોર્ટ છપાવેલ છે અને તેમાં ત્રણ વર્ષની વિગત નહિ પણ એક વર્ષની વિગત તથા હિસાબ આપેલ છે તેમ ન થાય તે માટે ખાસ ધ્યાન રાખવાની જરૂર છે.

(૧૪) ઉક્ત રીપોર્ટની અંદર હિસાબ વિગતવાર આપાયતો વધારે સારૂં.

(૧૫) આ સંસ્થાના નિભાવ તથા ચાલુ ખર્ચ માટે સ્થાયી ફંડ છે કે નહિ. તે રીપોર્ટ પરથી જણાતું નથી. સ્થાયી ફંડ ન હોય તો તે માટે પ્રબંધ કરવાની ખાસ જરૂરનો.

(૧૬) રીપોર્ટ તૈયાર થયા પછી એક મહિનાની અંદર જાહેર સભા બોલાવી તે રીપોર્ટ રજુ કરવો, અને આવી સભાની અંદર ઠરાવ લાગે તે જૈનેતર ગૃહસ્થોને બોલાવવા.

(૧૭) જે સ્કોલરશિપો હાલમાં આ સંસ્થા તરફથી અપાય છે તે ઓછી છે આ સંસ્થાથી નથી. જેથી શ્રીમંતોએ આવી સંસ્થાઓને સારી સારી રકમો આપવી જોઇએ કે જેના વ્યાજમાંથી જૂદી જૂદી સ્કોલરશિપો આપી શકાય.

છેવટમાં અમે કહેવાની રજા લઇએ છીએ કે સ્વર્ગસ્થ શેઠ ગોકુળભાઇ મુલચંદ તથા શેઠ મણિભાઇ ગોકુળભાઇએ આવી સંસ્થા સ્થાપી અગાસ્ત જૈન કોમ ઉપર અનહદ ઉપકાર કર્યો છે, જૈનોની અંદર ઘણા દાનવીરો થઇ ગયા છે. પરંતુ જૈનોની કેળવણી સંબંધમાં કોઇ પણ જૈન ગૃહસ્થે સારી રકમ ખર્ચી હોય તો તે શેઠ માણેકચંદ પાનાચંદ, બાબુ પનાલાલ પુનમચંદ તથા શેઠ ગોકળભાઇ મુળચંદ છે. જૈનોની અંદર ઉચ્ચ કેળવણીનો હાલ જે વિકાસ માલૂમ પડે છે એ આવી સંસ્થાનો આભારી છે. આ સંસ્થાનો લાભ મુંબઇ ઇલાકાના જૂદે જૂદે સ્થળે વસતા વિદ્યાર્થીઓ લે છે.

આ સંસ્થા દિન પ્રતિદિન પ્રગતિ કરે અને અનેક જૈન વિદ્યાર્થીઓના અભ્યાસમાં ઉપકારી થાય તે માટે ચિરંજીવ રહો અને તેના સ્થાપકનું નામ સદાને માટે અમર રહો એમ ઇચ્છી વિરમીએ છીએ.

* * *

જૈન એસોસીએશન ઑફ ઇંડિયાએ એક ઠરાવ કરી મુંબઇની જૂદી જૂદી જૈન જાહેર સંસ્થાઓની તપાસ લઇ તે સંબંધી સુધારા વગતી સૂચનાઓનો રીપોર્ટ મેળવી તે પર ઘટતું કરવા માટે જૂદા જૂદા ગૃહસ્થોની ઇન્વેસ્ટિગેશન કમીટીઓ નીમી હતી તેમાં ગોકુળભાઇ મુળચંદ જૈન હોસ્ટેલ સંબંધી રીપોર્ટની તપાસ લઇ કરવા માટે રા. મકનજી જુઠાભાઇ મહેતા બી. એ. એલ. એલ. બી. બેરીસ્ટર એટલૉ તથા રા. મોહનલાલ દલીચંદ દેશાઇ બી. એલ એલ. બી. વકીલની એક કમીટી નીમી હતી. તે કમીટીએ રીપોર્ટ કરી તા. ૨૯ મી જુલાઇ ૧૯૧૫ ના રોજ એસોસિએશન ઉપર મોકલી આપ્યો હતો. આ રીપોર્ટ ઘણો મહત્વનો હોવાથી એવી આશા રાખવામાં આવી હતી કે તે રીપોર્ટ એસોસીએશનના કામકાજના વાર્ષિક રિપોર્ટમાં પ્રસિદ્ધ થશે અને વાસ્તવિક રીતે તેમાંની સૂચનાઓનો અમલ કરવા સંબંધે કંઇ પણ કરવામાં આવશે, પરંતુ અત્યાર સુધીમાં જે કંઇ થયું હોય એ જાહેરમાં નથી આવ્યું તો તે જાહેરમાં આવવાની જરૂર છે. તે રીપોર્ટ

જાહેર જૈન પત્રોમાં પણ પ્રસિદ્ધ નથી થયો. તેનાં કેટલાંક અંશો પ્રગટ થયા છે તેથી ગેરસમજુતી ઉભી થઇ હોય તો તે નિવારવા માટે અને રિપોર્ટમાંની સૂચનાઓથી બીજી જાહેર સંસ્થાઓને લાભ થવાનો સંભવ છે તે માટે આખો રિપોર્ટ અત્ર પ્રસિદ્ધ કરવામાં આવે છે. અમોને આશા ભરી ખાત્રી છે કે તેનો લાભ બધી સંસ્થાઓ લેશે. **તંત્રી.**

—:o:—

સ્વીકાર અને સમાલોચના.

ધ્યાન કલ્પતરૂ—(મૂળ હિંદીમાં શ્રીઅમોલખ ઋષિ કૃત પુસ્તકનું ગુજરાતીમાં ભાષાંતર કરનાર રા. પ્રાણજીવન મોરારજી શાહ રાજકોટ. પરમાર પ્રેસ મૂલ્ય આઠ આના પે. ૩૧૦+૧૦+૫+૫) આ લેખના પ્રસિદ્ધ કર્ત્તા પોરબંદરવાળા શાહ હરખચંદ વેલજી પર સ્નેહીઓ તરફથી અભિપ્રાયાર્થે મોકલ્યું છે. ધ્યાન એ વસ્તુને મુખ્ય મુખ્ય બધાં દર્શનોએ આત્મવિકાસમાં એક આવશ્યક અંગ તરીકે સ્વીકારેલ છે અને તેનું ખાસ સ્વરૂપ જૈન દર્શનમાં શું છે તે યથાસ્થિત જાણવા માટે આ પુસ્તક કેટલેક અંશે ઉપયોગી થઇ શકશે એ નિઃસંદેહ છે. અત્યાર સુધીમાં આ સંબંધે યોગદીપક (મુનિ મહારાજશ્રી બુદ્ધિસાગર કૃત) અને જૈન દૃષ્ટિએ યોગ (રા. મોતીચંદ ગિરધર કાપડીઆ કૃત) એ બે પુસ્તકો નીકળ્યાં છે તે અને આ પુસ્તક અવલોકન કરવા યોગ્ય છે, સ્વાધ્યાયનો એક પ્રકાર ધ્યાન છે અને ધ્યાનના ધર્મધ્યાન અને શુક્લધ્યાન એ બે ભેદ છે અને તેના પાછા ઉપભેદાંતર છે. આ ધ્યાનની શૈલી જોતાં અન્ય ધર્મમાં જેને 'રાજયોગ' કહેવામાં આવે છે તે સાથે આ ધ્યાન સમાનતા ધરાવે છે.

મૂળ હિંદી ગ્રંથનું આ ભાષાંતર કરવામાં ભા. કર્ત્તાએ ઘણી સારી મહેનત લીધી છે એવું મૂળ સાથે આને સરખાવી જોતાં માલૂમ પડે છે, એટલું જ નહિ પણ મૂળમાં જે અશુદ્ધતાઓ શ્લોક ગાથાદિ તથા છપાઇમાં રહેલી છે તેને જે ગ્રંથમાં તે ગાથાદિ ઉલ્લેખિત કરેલ હોય તેનો તથા વિદ્વાનોનો આશરો લઇ શુદ્ધ કરી મૂકવામાં પણ સારો શ્રમ લીધો છે. મૂળ ગ્રંથની ગુંથણી સારી છે પણ જુની ઢબની છે. કેટલાંક શતક થયાં હજુ સ્વ. શ્રી વિવેકાનંદ અને રામતીર્થ સ્વામી જેવા પ્રખર વિદ્વાનો જૈન યોગને યથાસ્થિત હાલના સમય, દેશ અને સંજોગોને અનુરૂપ સમજાવી શકે એવા યોગનિષ્ઠ પુરૂષો જૈનકોમમાં વિરલા થયા છે તેવા જૈન કોમમાં થાય ને તેમના તરફથી પુસ્તકો પ્રાપ્ત થાય ત્યાં સુધી આવાં પુસ્તકોપર જ લોકો નિર્ભય રહેશે. આ ગ્રંથમાં કદાચ અનુભવ જ્ઞાન ઓછું હોય પણ ઘણા પુસ્તકોનો આધાર લઇ વિષયને વિસ્તૃત બનાવ્યો છે તેથી વિષયની ગહનતા હોવા છતાં તેમાં ચંચુ પ્રવેશ વિશેષ સારી રીતે કરી શકાશે. ખરી રીતે આવાં પુસ્તકોનો સત્ય અભિપ્રાય અનુભવી જ આપી શકે તેથી અમારો તેવા હોવાનો દાવો ન હોવાથી અમેતો એટલું જ કહીશું કે એ કંદરે ભાષા સરલતા, સ્પષ્ટતા હોવાથી આ ગ્રંથ ઉપયોગી નિવડશે અને ઇચ્છીશું કે તેનો લાભ સામાયિકાદિ ક્રિયા કરવામાં વૈનો સારી રીતે લેશે. કિંમત પુસ્તકના પ્રમાણમાં તેની મૂળ કિંમત કરતાં ઓછી માત્ર આઠ આના રાખી છે તે માટે અને ભાષાંતર કરાવી પુસ્તકોને બહાર પાડયું છે તે માટે પ્રકાશકોને ધન્યવાદ ઘટે છે.

શ્રીમન્નાગપુરીય તપાગચ્છની પટ્ટાવલી (પૃ ૪૮ પ્ર૦ જૈનયુવક મંડળ જ્ઞાનળાની પોળ અમદાવાદ–કીંમત અમૂલ્ય) આ પટ્ટાવલી ખાસ કરી તપાગચ્છની એક શાખા કે જેને લોક ભાષામાં પાયચંદી ગચ્છ કહેવામાં આવે છે તેની છે પરંતુ તેમાં શ્રીમન્ મહાવીર પ્રભુથી આરંભ કરી છેલ્લા અને હમણાજ સ્વર્ગસ્થ થયેલ ભ્રાતૃચંદ્રજી સૂધીના ૭૩ પાટના સૂરિઓનું ટુંક ટિપ્પણ આપેલ છે. પ્રસ્તાવનામાં જણાવ્યું છે કે આ મુનિશ્રી સાગરચંદ્રજીએ નાની મોટી દશ પટ્ટાવલીઓ એકઠી કરી તેમાંથી ટુંક સાર ગ્રહણ કરી લખી આપેલ છે. આ માટે ઉક્ત મુનિનો ઉપકાર માનવો ઘટે છે. પણ તે સાથે અમારે કહેવું જોઇશે કે ખરા આધારથી આ પટ્ટાવલી લખવામાં આવેલ છે તે સિદ્ધ કરવા માટે અને કેટલે અંશે પ્રમાણપૂર્વક છે તે બતાવવા માટે દરેક ગચ્છની પટ્ટાવલી એ રીતે છપાવવા યોગ્ય છે કે મૂલ સંસ્કૃત કે ભાષામાં જેટલી જેટલી હોય તે સંશોધિત કરી તેને નંબર આપી એક ભાગમાં પ્રકટ કરી પછી બીજા ભાગમાં તે સર્વનો સાર તે દરેક નંબરવારના ઉલ્લેખ સાથે પ્રકટ કરવો જોઇએ અને છેવટે દરેક સૂરિ, મુનિ આદિની નામવાર અનુક્રમણિકા પૃષ્ટ સાથે આપવી જોઇએ. આ સાર લખતાં જે જે પૂર્ણ પરંપરાએ સાંભળવામાં આવ્યું હોય, જે દંતકથા હોય, તે સર્વ તે પ્રમાણે મુકવી જોઇએ. આમાં કેટલાક શ્લોકો ઘણાએક પટધર સંબંધી લખતાં મૂક્યા છે તે કયાંથી લીધેલ છે તે નહિ જણાવેલ હોવાથી રખેને હમણાંજ રચેલા હોય એવી કોઇને શંકા થવાનો સંભવ છે. વિશેષમાં આમાં સમકાલીન ઇતિહાસની કવચિત્ હકીકતની નોંધ મૂકેલી છે, તે ઉપયોગી છે. વિસ્તારપૂર્વક પટ્ટાવલિ આપવામાં પ્રબંધ ચિંતામણિ, પ્રભાવક ચરિત્રાદિ ઐતિહાસિક પુસ્તકોના આધાર લઇ તેની સાક્ષીથી ઘણી હકીકતો નોંધવી આવશ્યક છે. અમે આ પુસ્તકને વધાવીએ છીએ કારણકે જે કંઇ ટુંક હકીકતો આપેલી છે તે ઉપયોગી અચુક છે. તે માટે પ્રકાશક મંડળને ધન્યવાદ આપીએ છીએ અને ઇચ્છીશું કે પાયચંદ્ર સૂરિ તથા તેના પટ્ટધરોએ જે જે ગ્રંથો તથા રાસાઓ આદિ રચ્યાં છે તે અનુક્રમે સુંદર અને ઉપયોગમાં આવે તેવા આકારમાં પ્રસિદ્ધ કરવામાં આવશે કે જેથી સમાજઆ ગચ્છથી થયેલ ઉપકાર સમજી શકાય.

૧ નરભવદિંદું તોક્કનય માલા. ૨ મૌનૈકાદશી કથા. ૩ શ્રી જૈન સ્તોત્ર રત્નાવલી– પ્ર૦ દયાવિમલ જૈન ગ્રંથમાલા અમદાવાદ. રત્નસાગર પ્રેસ.) આમાંનો પહેલો ગ્રંથ પ્રાકૃતમાં છે અને તેનું સંસ્કૃતનામ નરભવ દૃષ્ટાંતો પનય માલા છે. રચનાર પ્રસિદ્ધ શ્રી જ્ઞાનવિમલસૂરી છે. તેમનું ટુંક ચરિત્ર પ્રસ્તાવનામાં આવ્યું છે તેથી તેમનો કંઇ વિશેષ પરિચય થઇ શકે છે. મૂલ પટ્ટધર વિજયપ્રભૂસૂરિ સાથે જરા વિખવાદ હોવાથી યશોવિજય ઉપાધ્યાયજીને સૂરિપદ તેમણે ન આપ્યું પણ ઉ. નયવિમલને આપી જ્ઞાનવિમલસૂરી નામ રાખ્યું એવી કેટલાકની કલ્પના છે તે અયોગ્ય છે, કારણ કે યશોવિજયનો સ્વર્ગવાસ સં. ૧૭૪૫ માં થયો જ્યારે જ્ઞાનવિમલસૂરિને સૂરિપદ ૧૭૪૯ માં આપ્યું (જુઓ આનંદ કેવલીના રાસની પ્રશસ્તિ.) પહેલામાં મનુષ્યભવની ઉત્તમતા દૃષ્ટાંતના ઉપનયથી સમજાવવા માટે આ ગ્રંથની રચના છે ગુજરાતી ભાષાંતર શાસ્ત્રી લીપિમાં આપેલ છે તેથી આ ગ્રંથ સહેલાઇથી સમજી શકાય છે પૃ. ૮૦+૨ છે. બીજા ગ્રંથમાં માત્ર મૌન એકાદશીના પર્વ સંબંધી કથા સંસ્કૃતમાં આપેલી છે. તેના રચનાર તપગચ્છ ૫૬ મા પાટધારક આનંદવિમલસૂરિના ઋદ્ધિવિમલ તેના કીર્ત્તિવિમલ અને તેના શિષ્ય હર્ષવિમલ ગણિ છે. પૃ, ૮+૨ છે. આ

બધા 'વિમલશાખા' એ નામથી ઓળખાય છે. અમદાવાદમાં વિમલનો અપાશરો છે. ત્રીજા ગ્રંથમાં વિમલ શાખાના જુદા જુદા પંડિત મુનિઓએ રચેલાં જુદાં જુદાં સ્તોત્ર છે. તેમના એક નામે સંભવનાથસ્તોત્રની ટીકા વિદ્યમાન સૌભાગ્ય વિમલ પંન્યાસના શિષ્ય મુક્તિવિમલ પંન્યાસે સંસ્કૃતમાં રચી છે. આ રીતે વિમલશાખાના પૂર્વ પંડિતો રચિત ગ્રંથો પ્રસિદ્ધ કરવાનો પ્રયત્ન ઘણો આનંદ આપે છે. નાનાંનાનાં પુસ્તકો એકી સાથે છાપવામાં આવે તો વિશેષ યોગ્ય થશે. આજ રીતે જૂદી જૂદી શાખા પોતપોતાના ઉપકારક પૂર્વજોનું ઉત્તમ સ્મરણ રાખવા આનું અનુકરણ કરશે તો સાથે સાથે સમાજપર પણ ઉપકાર થશે. હમણાં જ્ઞાનવિમલસૂરિની સર્વ ગૂજરાતી કૃતિઓ છપાય છે; તેમાં છૂટક છૂટક છંદ સ્તોત્ર સ્તુતિ આદિનો ઘણો મોટો સંગ્રહ છપાયેલો અમે અમદાવાદમાં જોયો એટલેઆનંદ થયો. તે થોડા વખતમાં બહાર પડશે. અમે આ પ્રયત્ન સફલ અને વૃદ્ધિંગત થાઓ એ ભાવીશું.

તિલક વિલાસ—લેખક મુનિ તિલક વિજય. આમાં અમારા એક વિદ્વાન હીંદી મિત્રના કહેવા પ્રમાણે હીંદી પ્રસિદ્ધ કવિ મૈથિલિશરણના વિચારોનું મૂળ યા વિકૃત સ્વરૂપમાં પ્રકટીકરણ છે. જો તેમ હોય તો પોતાના હૃદય રસ પર જ અવલંબન રાખવું ઇષ્ટ છે એટલુંજ કહીશું. કાવ્ય સ્વતઃ તો આદરણીયને મનન શીલ છેજ.

કૉન્ફરન્સ મિશન.

૧ શ્રી પુસ્તક ભંડાર ફંડ.

(તા. ૨૭—૧૦—૧૬ થી તા. ૩૦—૧૨—૧૬, સંવત ૧૯૭૩ ના કારતક સુદ ૧ થી માગસર સુ. ૮ સુધી.)

વસુલ આવ્યા રૂ. ૪૫૫-૦-૦

(૧) **ઉપદેશક મી. વાડીલાલ સાંકળચંદ.—મહીકાંઠા.**

આકોદરા ૧. સેણોલ ૨. ચેખલાનાના ૧.
વીરવાડા ૧, અમોદરા ૦॥, આકોલ ૦॥, આંતરોલી ૨,
ચેખલામોટા ૧, હડીઓળ ૨, પેથાપુર ૧, દાંતા ૫॥,
મોટાહડા ૧, મોરીઆ ૫.

કુલ રૂ. ૨૭-૮-૦

(૨) **ઉપદેશક મી. અમૃતલાલ વાડીલાલ—સુરત જીલ્લો.**

ટાંકલ ૧૮, અમલસાડ ૪૫, બારડોલી ૭॥, અબ્રામા ૫,
પનાર ૨૮, ધમડાછા ૨, કછોલી ૬, કોલવા ૬. કુલ રૂ. ૧૨૦-૮-૦

૩ **ઉપદેશક મી. પુંજાલાલ પ્રેમચંદ—મારવાર, રાજપુતાના;**

અજમેર ૮૦, કીશનગઢ ૯૧, જયપુર ૫૦૧,
મલબર ૧૫. **કુલ રુ. ૧૫૪-૮-૦**

(૪) આગેવાનોએ પોતાની મેળે વસુલ કરી મોકલ્યા:—

શોલાપુર—રા. રા. કલ્યાણભાઇ છગનલાલ મારફત ૨૬,
રંગુન—શેઠ મણીલાલ રતનચંદ મારફત ૭૬૫,
નાગોર—[મારવાર]-**શેઠ મોહનલાલજી છોટગાલાલજી ચોરડીઆ મારફત ૫૭**

કુલ રૂ. ૧૫૨–૮–૦

એકંદર કુલ રૂ. ૪૫૫–૦–૦

નોટ—શ્રી સુકૃત ભંડાર ફંડની ૩ રસીટ બુકો નં. ૩૧૧૫૧—૩૨૦૦, ૩૧૪૫૧—૩૧૫૫૦ સુધીની વાપરેલી **ઉપદેશક મી. પુંજાલાલ પ્રેમચંદ** પાસેથી મુસાફરીમાં કોઇ ગામે રહી ગઇ છે. તે કોઇ બંધુના જાણવામાં આવે તો **શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ મુંબઈ** એ શીરનામે મોકલી આપવા તસ્દી લેશો.

૨ સ્ટેન્ડીંગ કમીટી.

સ્ટેડીંગ કમીટીની એક મીટીંગ તા. ૧૦—૧૧—૧૬ સંવત ૧૯૭૩ના કારતક વ. ૧ શુક્રવારે શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ ઓફીસમાં રાત્રીના ૭॥ વાગે (મું. ટા.) બોલાવવામાં આવી હતી, પણ કૉરમ નહી થવાથી મુલતવી રહેલ છે.

૩ શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડના મેમ્બરોનું આવેલું લવાજમ.

નીચે મુજબ સ્થાનિક અને બહારગામના મેમ્બરો તરફથી સને ૧૯૧૬ ની સાલના લવાજમના દરેકના રૂા. ૫ મુજબ તા. ૧૪–૧૨–૧૬ સુધીમાં વસુલ આવેલ છે:—

શેઠ કલ્યાણચંદ શોભાગચંદ. મુંબઇ.
,, ગુલાબચંદ દેવચંદ ,,
,, રતનચંદ તલકચંદ મારતર ,,
,, દેવકરણ મુલજી ,,
,, મોતીલાલ મુલજી ,,
,, દલસુખભાઇ વાડીલાલ ,,
,, મુલચંદ હીરજી ,,
,, હીરાચંદ વસનજી ,,
,, હીરજી ઘેલાભાઇ દેવરાજ ,,
,, શામજી લધા ,,
,, મણીલાલ સુરજમલ ,,
,, રવજી સોજપાળ ,,
,, અમરચંદ ઘેલાળાઇ ,,
,, શાંતિદાસ આશકરણ ,,
,, ઉમરશી માંડણ ,,
,, સોમચંદ ધારશી ,,

રા. રા. મકનજી જુઠાભાઇ મહેતા. મુંબઇ
,, મોતીચંદ ગીરધરલાલ કાપડીઆ ,,
,, મોહનલાલ દલીચંદ દેસાઇ ,,
,, લલ્લુભાઇ કરમચંદ દલાલ ,,
,, ચુનીલાલ મુળચંદ કાપડીઆ ,,
શેઠ જગાભાઇ દલપતભાઇ અમદાવાદ
,, કેશવલાલ પ્રેમચંદ મોદી ,,
,, કુંવરજી આણંદજી ,,
રા. રા. દયાલચંદ જોહરી આગ્રા.
શેઠ વેણીચંદ સુરચંદ મેહસાણા.
,, પ્રેમચંદ ઝવેરભાઇ ભાવનગર
ડૉક્ટર બાલાભાઇ મગનલાલ વડોદરા.

સહાયક મેમ્બર.

શેઠ ભોગીલાલ નગીનદાસ ખંભાત.
કોઠારી રાયચંદ નાનચંદ નડોદ.

શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડના એજંટોને સૂચના.

—o—

આ બૉર્ડ તરફથી "શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ ધાર્મિક હરીફાઇની પરીક્ષા" તથા "બાઇ રતનબાઇ–શા ઉત્તમચંદ કેશરીચંદના પત્નિ—સ્ત્રી જૈન ધાર્મિક હરીફાઇની પરીક્ષા તા. ૩૧–૧૨–૧૯૧૬ રવીવારે બપોરના ૧ થી ૪ વાગ્યા સુધીના ટાઇમે મુકરર કરેલા સ્થળોએ મુકરર કરેલા એજંટોની દેખરેખ નીચે લેવાની છે. તે માટે બહાર ગામથી આવનાર વિદ્યાર્થીઓને બધી જાતની સગવડ કરી આપવા મહેરબાની કરવી.

બધા ઉમેદવારો માટે શાહીના બરીઆ, હોલ્ડર, એકસસાઇઝ બુક વિગેરે બોર્ડના ખર્ચે પૂરા પાડવા અને તેનું બીલ મોકલી આપવા મહેરબાની કરવી.

મોતીચંદ ગીરધરલાલ કાપડીઆ.
મોહનલાલ દલીચંદ દેસાઇ.
ઑનરરી સેક્રેટરીઓ.
શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બૉર્ડ

---

૪ ઉપદેશક પ્રવાસ.

(આવેલા પત્રનો ટુંક સાર.)

ઉપદેશક મી. વાડીલાલ સાંકળચંદ.

મેઊ—ગામની તમામ કોમ એકઠી કરી જુદા જુદા વિષયો ઉપર ભાષણો આપતાં સારી અસર થઇ હતી. આશરે ૩૦૦ માણસો ભાષણોનો લાભ લેતા હતા. જીવ દયાના વિષયથી રજપૂત તરફ એવી અસર થઇ હતી કે સભા સમક્ષ જૈન સંઘ રૂબરૂ જીવહિંસા ન કરવી, માંસ ભક્ષણ ન કરવું તેમ દારૂ નહીં પીવો તેવી આશરે ૩૦—૪૦ જણે સોગન સાથે પ્રતિજ્ઞાઓ કરી છે. નામની નોંધ અહીંના શ્રી સંઘે વીધી છે. બપોરે ઉપાશ્રયમાં અને રાત્રે જાહેર રસ્તા ઉપર સભા કરી તમામ કોમ સમક્ષ ભાષણો આપ્યાં હતાં.

અનુક્રમણિકા સને ૧૯૧૬.

(શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ હેરલ્ડ પુ૦-૧૨.)

ઐતિહાસિક વિષય.

A Glimpse into the past of Jainism (Mr. Sushil) 260
જૈનાગમ—તેની ઉત્પત્તિનો ઇતિહાસ (સુશીલ) ૩૮૧
પ્રાચીન પત્ર (મુનિશ્રી વિદ્યાવિજય) ૨૨૧
મહમદ પાદશાહનું વર્ણન (પ્રાચીન) ૨૬
શિલાલેખો અને જૈનોએ ખેંચવું જોઇતું ધ્યાન (રા. રમણીકલાલ મગનલાલ માદી) ૧૬૫
શ્રી રાજગૃહ પ્રશસ્તિ (શ્રી પુરણચંદજી નાહર B. A.) ૩૭૬

કૉન્ફરન્સ વર્ત્તમાન-મિશન.

ઉપદેશક પ્રવાસ ૯૫, ૧૭૩, ૩૯૬, ૪૨૩
એજ્યુકેશન બોર્ડની મીટીંગો ૩૯૩
એજ્યુકેશન બોર્ડના મેમ્બરોનું આવેલું લવાજમ. ૪૨૨
દશમી શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ—તેનું થયેલું કામકાજ ૭૮
આનંદોત્સવ-કવિતા (શાસ્ત્રી નર્મદાશંકર) ૧૦૩
ઠરાવોનો ખરડો (Resolutions) ૮૩
ઠરાવો ૧૨૯
પ્રમુખ સાહેબ ડૉ. બાલાભાઇનું ભાષણ ૧૧૩
પુર્ણાહુતિ (તંત્રી) ૯૮
બંધારણનો ખરડો Draft (constitution) ૮૯
બંધુઓને પ્રોત્સાહન-કવિતા (શાસ્ત્રી નર્મદાશંકર) ૧૦૪
ભરેલી રકમની ટીપ ૧૬૯
ભરેલી રકમ આવ્યાની નોંધ ૨૦૫, ૩૬૩
ભરેલી રકમ આવવી બાકીની નોંધ ૨૦૭
મંગળાચરણ—સંસ્કૃત ત્રણ શ્લોક ૧૦૩
રીસેપ્શન કમીટીની મળેલી મીટીંગ ૩૬૪
સ્વાગત કમીટીના પ્રમુખ શેઠ કલ્યાણચંદનું ભાષણ. ૧૦૫
ધાર્મિક હિસાબ તપાસણી ખાતું, ૨૪૧, ૩૬૨, ૩૯૭
શ્રી સુકૃત ભંડાર ૪૦ ૬૪, ૧૭૨, ૨૦૮, ૨૪૧, ૩૬૧, ૩૯૬, ૪૨૧
શેઠ ફકીરચંદ પ્રેમચંદ સ્કોલરશીપો (જનામો) ૨૪૨
સ્ટેન્ડીંગ કમીટીની મીટીંગો. ૩૮૬, ૪૨૧

કાવ્ય.

અમૃત વૃષ્ટિ (રા. કૈવલ્ય) ૨૧૦
કૈસી લીલા (હિંદી કાવ્ય) ૩૬૬
સુબોધ કુદરત (નંદન) ૨૪૩
હૃદય ઉલ્લાસ (તંત્રી) ૬૧
હૃદયના વાતો કોણ જાણે (તંત્રી) ૩૨૮–૩૨૯

ચરિત્ર.

ડૉ. [illegible]ભાઇ મગનલાલ નાણાવટીનું સંક્ષિપ્ત જીવનચરિત્ર. ૧૪૪

તત્ત્વજ્ઞાન.

આત્મજ્ઞાન—એક બ્હેન પ્રત્યે પત્ર (તંત્રી) ૨૪૪
આત્મજ્ઞાન (રા. ગોકુળભાઇ નાનજી ગાંધી) ૨૭૧, ૩૮૩, ૪૦૪
કાલ [illegible] (તંત્રી) ૨૮૩
ન્યાયાવતાર (શ્રીમદ્ સિદ્ધસેન દિવાકર કૃત પ્રાચિન જૈન ન્યાયનો ગ્રંથ) તંત્રી. ૨૮૬
Metaphysics and Ethics of the Jainas (Prof. H. Jacobi) 365
જ્ઞાન [illegible] (રા. ગોકુળભાઇ નાનજી ગાંધી ૭૩, ૧૯૫

તંત્રીનાં નોંધ.

અમારે આવતો અંક ૬૬
આગમ પ્રકાશન અને આગમોદય સમિતિ (તંત્રી) ૬૦
આ પત્રના નામમાં ફેરફાર કરવાનો પ્રયત્ન નિષ્ફળ ગયો. ૩૫૪
ઐક્ય ક્યારે કરીશું ? હમણાંજ ૨૫
અંગ્રેજી ભાષામાં જૈનધર્મનું પુસ્તક ૨૧૨
કાગડાઓને શું શાંતિમાં રહેવાનો હક નથી ? ૩૪૪
કુરલ નામની તામિલ જૈનકૃતિનું અંગ્રેજી ભાષાંતર ૩૪૭
કૉન્ફરન્સનું દશમું અધિવેશન ૬૭
જેસલમેર તથા બીજા જૈન ભંડારો ૨૧૨
જૈન ઇતિહાસની સામગ્રી. ૨૧૧
જૈન પવિત્ર આગમોનું મુદ્રિકરણ ૨૧૫
જૈન ધર્મ ઇતિહાસની પ્રગતિ ૩૪૩
જૈન ભિક્ષુઓનો પર્યુષણનો ખાસ અંક ૩૫૦

જૈન સંબંધી કંઈ કંઈ
કવિતા લખનારને વિજ્ઞપ્તિ ૧૯૪
જૈનધર્મ વિષે અંગ્રેજી પુસ્તક ૧૯૩
પુસ્તક પરીક્ષા. ૧૯૫
પંડિત અર્જુનલાલ શેઠીનો કેસ. ૯૩
શેઠ ખેતશીખીઅશી જે. પી. નીઉદારતા ૧૯૫
સૂત્રોનું ભાષાંતર ૧૯૪
દેગંબર પ્રતિમાઓ ૩૫૩
પવિત્ર તીર્થો સંબંધી ઝઘડા ૩૫૩
પાટણની પ્રભુતા અને જૈનો ૧૯૩
બુદ્ધિપ્રકાશ પત્રમાંની ભુલનો સુધારો ૩૫૩
મુંબઇ બાબુ પનાલાલ પુનમચંદ જૈન સ્કુલના વિદ્યાર્થીઓનું પ્રીતિ સંમેલન ૪૮
રાજભક્તિની અવધિ ૧૬
બાઇસરાયની ધારાસભામાં જૈન પ્રતિનિધિત્વ ૫૦
શું સાધુ સંઘ ઉત્થાપવા યોગ્ય છે? નહિ ૨
સંપ ત્યાં સુખ ૧૬
હિંદુ યુનિવર્સીટીને જૈનોનું પ્રતિનિધિત્વ ૪૬

ધર્મ-નીતિ-ઉપદેશ.

એક આગના તણખાના ભયંકર પ્રલય (રા. વાડીલાલ મો. શાહ) ૩૬
કાર્ય કયારે કરીશું? હમણાંજ (તંત્રી) ૨૫
જૈનોમાંથી ગરીબાઇ અને લાચારી દૂર કરવાની જરૂર (તંત્રી) ૪૭
પરમસહિષ્ણુતા યાને વિશાળ દૃષ્ટિ (રા.મણિલાલ નથુભાઇ દોશી B. A ૬૫
લક્ષ્મી લજપતરાય શું કહે છે? અહિંસા પરમો ધર્મ–સત્ય છે કે ધેલછા! ૩૭
Jain Ahinsa (Ahinsaist.) 25
સત્યાગ્રહ એક સંવાદ (રા. ભગવાન વલભ શાહ) ૧૭
સંવત્સરી પ્રસંગે ભગવાનની આજ્ઞા પાળશો કે? તીર્થ સંબંધી અપીલ (રા. વાડીલાલ મોતીલાલ શાહ) ૯
Plain Speaking to Jains. 97
Indiscriminate Charity. 97
The Present state of the Jainas. Mr. (Kanaiyalal Jaini) 5

ધાર્મિક પરીક્ષાઓ.

અભ્યાસક્રમ 3
અભ્યાસક્રમનો સુધારો ૪
પરીક્ષાના સવાલ પત્રો. ૯
પરિણામ ૦

પ્રકીર્ણ.

ઇતિહાસ સાહિત્ય અંકની સમાલોચના (ગોકુળજીભાઇ નાનજી ગાંધી) ૭૬
શેઠ ગોકળભાઇ મુળચંદ જૈન વિદ્યાર્થી આશ્રમ (રીપોર્ટ) ૫

સ્વીકાર અને સમાલોચના.

અભિનંદન और सुमतिनाथ प्रभुका चरित्र. ૨૨૦
આનંદકાવ્ય મહોદધિ ૨૨૭
જાતિ પ્રબોધક ૩૫૬
જૈન આત્માનંદ સભા ભાવનગરનો રીપોર્ટ ૨૨૦
તત્વાર્થાધિગમ સૂત્ર સરહસ્ય ૩૫૫
તિલક વિલાસ ૪૨૧
ધ્યાન કલ્પતરૂ ૪૧૬
ન્યાયદીપિકા ૨૧૯
પર્યુષણ નિમિત્તનાં ક્ષમાપના પત્રો. ૩૬૧
પરીક્ષા મુખમ્ ૨૧૯
પ્રાણીરક્ષક સંસ્થા ધુળીઆનો રીપોર્ટ ૧૯૧૪–૧૫. ૩૬૦
પાર્શ્વચંદ્ર સૂરિનું જીવન ચરિત્ર ૩૫૭
મહુવા ગૌરક્ષક સભાની પાંજરાપોળનો રીપોર્ટ ૨૨૧
વડોદરા જીવદયા ખાતાનો રીપોર્ટ ૩૬૦
વૈતાલ પંચવીસી ૩૫૮
શ્રીમન્નાગપુરીય તપાગચ્છની પટ્ટાવલી ૪૧૬
સદ્બોધક પ્રાચીન સ્તવન સંગ્રહ ૨૨૦
સ્વામી દયાનંદ और જૈન ધર્મ ૨૧૬
સેવા ધર્મ ૨૧૬
સંસ્કૃત પ્રવેશિની ૨૧૮
સંબોધ સંત્તરિ ૩૫૬
समाधि मरण और मृत्यु महोत्सव ૩૬૦
શ્રાવક કલ્પતરૂ ૩૬૦
હુબળી પાંજરાપોળનો ૧૧–૧૨મો વાર્ષિક રીપોર્ટ ૩૬૦

સાહિત્ય.

આપણી શીલ્પકળા (તંત્રી) ૬૮
જૈનધર્મનો બીજા ધર્મોમાં ઉલ્લેખ. (રા. ગોકુળભાઇ નાનજી ગાંધી) ૧૪૬, ૧૬૬, ૨૨૫, ૩૦૮
પાટણના જૈન ભંડારો (તંત્રી) ૨૮–૫૬
પાત્ર કેસરી સ્તોત્ર (પંડિત ગિરિધરશર્મા) ૩૬૬
શ્રી વાસુપૂજ્ય જિનગાથા (રા. જીવણચંદ સાકરચંદ ઝવેરી) ૪૦૨

શ્રી વાંચન.

દેવ અને ગુરૂની સ્તુતિ કાવ્ય (નિર્મળા બ્હેન) ૩૫
બાંધવ પ્રત્યે—કાવ્ય (નિર્મળા બ્હેન) ૩૬
મારો બ્હાલો—કાવ્ય રા. વિરભક્તિ બી. એ. એલ એલ. બી. ૩૬
મંગલાચરણ—કાવ્ય (તંત્રી) ૬૫
રાજકુમારી પ્રત્યે સખીઓ—કાવ્ય (રા. વીરભક્તિ બી. એ. એલ એલ. બી) ૩૭
વિનતિ—કાવ્ય (તંત્રી) ૬૬
વીરબાળની વિનતિ—કાવ્ય (તંત્રી) ૧
સ્વાગ —કાવ્ય (તંત્રી) ૬૫
સમર્થ ુનને–કાવ્ય (રા. વીરભક્તિ બી. એલ એલ. બી.) ૩૪
સ્નેહા યા–કાવ્ય (રા. કૈવલ્ય) ૨૧૧
સ્ત્રીઓ હાલની સ્થિતિ (બ્હેન) ૪૩
સેવિક ી વિનંતિ. કાવ્ય (રા. વીર-ભક્તિ. એ. એલ. એલ. બી) ૩૪
હૃદય ા. કાવ્ય (તંત્રી) ૬૬
હૃદયન ર્તા. કોણ જાણે (તંત્રી) ૩૨૮
હાલન । શિક્ષણની દશા (સ -ચિત્રમય જગત્) ૩

खास अगत्यनी ूचना.

આ જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ હેરૅલ્ડ સકના વાંચકોને જણાવવામાં આવે છે કે સંવત ૧૯૭૦ના પર્યુષણ પર્વ સમયે માસિકના ખાસ અંક તરીકે શ્રીમન્ મહાવીર સચિત્ર અંક ૨૪૦ પૃષ્ટનો આઠ ાનની કીંમતનો બહાર પાડવામાં આવ્યો હતો. તેમજ તે વર્ષના દીવાળીન ુભ પ્રસંગે શ્રીમન્ મહાવીર સચિત્રનો ઉત્તરાર્ધ ભાગ ૧૯૦ પૃષ્ટનો ૬ છ ૩ ની કીંમતનો પ્રગટ કર્યો હતો. સંવત ૧૯૭૧ના વર્ષમાં પર્યુષણ પર્વ સમયે જૈ તેહાસ–સાહિત્ય, સચિત્ર અંક ૩૬૦ પૃષ્ટનો ખાસ અંક તરીકે બહાર પાડેલ ની કીંમત બાર આના રાખવામાં આવી છે. આવા ઉત્તમ પુસ્તકોની કીમત દરેકના ૦.૫ પાંચ પાંચ રાખવામાં આવી હોત તો પણ ઘણી કમતી છે, તેવાં પુસ્તકો જૈન ંધુઓને પાણીના મૂલ્યે આપવાનું આ સાહસ કામ આપણા માસિકના તંત્રી સાહે થાગ પરિશ્રમે અંકો તૈયાર કર્યાથી અમોએ ઉઠાવ્યું છે. ત્રણે અંકો સામટા મં ાહારને સવા રુપીઆમાં આપવામાં આવશે. પોસ્ટ ખર્ચ માફ. છૂટક અંક ઉપર જ ી કીમતથીજ આપી શકીશું.

પાયધુની મુંબઈ નં. ૩.

આસિસ્ટંટ સેક્રેટરી,
જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.